પંચમ કર્મગ્રંથ

# શતક

રમ્યરેણુ



# ટાઇટલપેજની સમજુતિ

..........................આ ટપકા કર્મદલિક સૂચક છે.



આ ચક્કરમાં જ્ઞાનાવરણીયાદિ ૮ નામો " **પ્રકૃતિબંધ**" સૂચક છે,

આ ચક્કરમાં કર્મપ્રદેશની વહેંચણીમાં બતાવ્યા મુજબના ૮ ભાગો "**પ્રદેશબંધ**" સૂચક છે.



આ ત્રિકોણ "**સ્થિતિબંધ**" સૂચક છે.

આ ત્રિકોણમાં કાળા ટપકાની અંદર રહેલા સફેદ ટપકા "**રસબંધ**" સૂચક છે.

આ ગ્રન્થના વિવેચનમાં A.B.C. વગેરે ટીપ્પણ નંબરો આપ્યા છે. તે ટીપ્પણો માટે જુઓ પૂ. અભયશેખરસૂરિ મહારાજકૃત પરિશિષ્ટ

**(પેજ નં. ૩૭૭ થી ૪૨૪)**

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી ગૌતમસ્વામીને નમઃ
શ્રી ભદ્ર-ૐકારસૂરીશ્વર ગુરુભ્યો નમઃ

પૂ. આચાર્ય શ્રીદેવેન્દ્રસૂરીશ્વર મહારાજા વિરચિત

## પંચમ કર્મગ્રન્થ

# શતક

ગચ્છાધિપતિ સિદ્ધાન્તદિવાકર પરમ પૂજ્ય આચાર્યદેવ
શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજા દ્વારા સંશોધિત
પૂ. અભયશેખરસૂરીશ્વરજી મહારાજા કૃત પરિશિષ્ટ સહ વિવેચના

લેખિકા :-
રમ્યરેણુ

પ્રકાશક :-
જૂનાડીસા શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ તથા
ભૂરિબેન ધુડાલાલ પુનમચંદ હેકડ પરિવાર
આયોજીત ચાતુર્માસ સમિતિ

લેખિકા :
પૂ. સા. શ્રી સુવર્ણાશ્રીજી મ. ના શિષ્યા
પૂ. સા. શ્રી રમ્યગુણાશ્રીજી મ. ના શિષ્યા
પૂ. સા. શ્રી હર્ષગુણાશ્રીજી મ.

આવૃત્તિ
પ્રથમ

વિ.સં. ૨૦૫૮ વૈશાખી પૂનમ તા.૨૬-૫-૨૦૦૨
પૂજ્યપાદ સંઘસ્થવિર દાદા ગુરુદેવ શ્રીમદ્ વિજયભદ્રસૂરીશ્વરજી મહારાજાની દીક્ષા શતાબ્દિ વર્ષ પ્રારંભ

નકલ
૨૦૦૦

પ્રાપ્તિસ્થાન
શ્રી પાર્શ્વ ભક્તિનગર
વિજયભદ્ર ચેરીટેબલ ટ્રસ્ટ
હાઇવે, ભીલડી
ફોન : ૩૩૧૨૯

મૂલ્ય :
રૂા. ૧૦૦-૦૦

પ્રાપ્તિસ્થાન
સેવંતીભાઇ એ. શાહ
શ્રી ૐકારસૂરિ આરાધના ભવન
સુભાષ ચોક, ગોપીપુરા, સુરત-૧.
ફોન : ૪૨૬૫૩૧

પ્રાપ્તિસ્થાન
મનસુખભાઇ એસ. વોરા
૧૦૪, સત્નામ, ઇરાનીવાડી, મથુરદાસ
ક્રોસ રોડ, કાંદીવલી (વેસ્ટ)
મુંબઇ-૬૭. ફોન : ૮૦૭૪૭૬૬

પ્રાપ્તિસ્થાન
સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૧
સુઘોષા કાર્યાલય
શેખનો પાડો, ઝવેરીવાડ સામે, રિલીફ રોડ,
અમદાવાદ-૧. ફોન : ૨૧૩૧૪૧૮

કોમ્પ્યુટર કમ્પોઝ/પ્રિન્ટીંગ/બાઇન્ડીંગ :
ભરત ગ્રાફિક્સ
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧. ફોન : ૨૧૩૪૧૭૬, ૨૧૨૪૭૨૩

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



रम्यास्य-दिव्यदीपस्य, हेमज्योतिः सुहर्षदम् ।
स्यात्सदा भव्यलोकानां, श्रीशङ्खेश्वरपार्श्व ! ते ॥ १ ॥

# વંદના



પૂ. આ. શ્રી ભદ્રસૂરિ મ.



પૂ. આ. શ્રી ૐકારસૂરિ મ.



પૂ. આ. શ્રી અરવિંદસૂરિ મ.



પૂ. આ. શ્રી યશોવિજયસૂરિ મ.



પૂ. શ્રી ચંદ્રયશ વિજય મ.

# સમર્પણ

આપણા યુગના બહુ મોટા

ભક્તિયોગાચાર્ય અને સાધનાચાર્ય

પૂજ્યપાદ દાદા ગુરુદેવ શ્રીમદ્

વિજયભદ્રસૂરીશ્વરજી મહારાજાને

તેઓશ્રીની દીક્ષા શતાબ્દિ વર્ષના

પ્રારંભે સમર્પિત

ગુરુદેવ ! આપનું જ આ બધું

અર્પેલું જ્ઞાન....સાધના,

આપના જ ચરણોમાં

આજે સમર્પિત

## પ્રકાશકીય

જિનશાસનનાં નભોમંડલમાં મૈત્રીનો મહાધ્વજ ફરકાવનાર સંઘૈક્યસૂત્રધાર પરમારાધ્યપાદ **શ્રી ૐકારસૂરીશ્વરજી મહારાજા**ની અમીધારાથી નવપલ્લવિત થયેલી ૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલિનું **૨૧** મું મૌલિકરૂપે આ ગ્રન્થ પ્રકાશિત થતાં હૈયું આનંદથી ઝૂમી ઉઠે છે.

આ પૂર્વે **કર્મવિપાક, કર્મસ્તવ, બંધસ્વામિત્વ** અને **ષડશીતિ** પ્રકાશિત થઇ ગયા છે. હવે જેની કાગડોળે રાહ જેવાઇ રહી છે ચારે બાજુથી માંગણીની વણથંભી વણઝાર ચાલી રહી છે એ **શતકનામ પંચમ કર્મગ્રન્થ**નું વિવેચન સાધ્વીજીશ્રી **રમ્યગુણાશ્રીજી** મ. સા.ના શિષ્યા સાધ્વીજીશ્રી **હર્ષગુણાશ્રીજી** મહારાજે તૈયાર કરેલું છે તે ગ્રન્થનું પ્રકાશન કરતાં અમો ગૌરવ અનુભવીએ છીએ.

આ પુસ્તક પ્રકાશનમાં વિ. સં. ૨૦૫૬માં શ્રી સિદ્ધગિરિરાજની યશસ્વી ચાતુર્માસની સ્મૃતિ નિમિત્તે **ભૂરિબેન ધુડાલાલ પુનમચંદ હેક્કડ પરિવારે, જૈન શ્વે. મૂ. પૂ. જૂનાડીસા સંઘે** પાલનપુરનિવાસી એક સદ્‌ગૃહસ્થે **આર્થિક સહયોગ** આપીને પુસ્તક પ્રકાશનનો લાભ લીધો છે. તેઓશ્રીની અમે ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ. પ્રાન્તે ગુરુભગવંતશ્રીને અંતરની આરઝુ કે આવા ગ્રન્થ પ્રકાશનનાં અવસર આપવા અનુગ્રહ કરે.

લિ. **ૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રન્થાવલી...**

**સેવંતીલાલ એ. મહેતા...**

(તા. ક. આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી તૈયાર થયું હોવાથી ગૃહસ્થોએ મૂલ્ય આપીને જ માલિકી કરવી....)

## સિદ્ધગિરિનાં ચાતુર્માસના સ્નેહભીના સંસ્મરણો...

- સ્વ. પિતાશ્રી **ધુડાભાઈ**ના આત્મશ્રેયાર્થે માતુશ્રી **ભૂરિબેન**ની ઉપસ્થિતિમાં ચાતુર્માસ આયોજન.
- પૂ. આ. ભ. **શ્રી અરવિંદસૂરીશ્વરજી મહારાજા**ની પાવનનિશ્રા....
- અ. સુદ ૧૧ના ૧૭ આચાર્ય ભગવંતોનો ભવ્ય સામૈયા સહ શુભ પ્રવેશ......અને તળેટીમાં થયેલા સામૂહિક પ્રવચનમાં વહેતાં મૈત્રીભાવનો મંગળ સંદેશ...
- અ. સુદ ૧૫ થી કા. સુદ૧૪ સુધી ગજરાજ-બગી-સાજન-માજન સહ તળેટી યાત્રા અને તળેટીએ આવતાં-જતાં અધ્યાત્મયોગી પૂ. આ. ભ. **શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજા** આદિનાં મળતાં વારંવાર દર્શન...
- સવારે-સાંજે **પૂ. યશોવિજયસૂરિ મહારાજ**ની વાચના પ્રસાદીને ઝીલવા પધારતાં અનેક સાધુ-સાધ્વીજી ભગવંતો અને આરાધકોના દર્શન...
- પૂ. **યશોવિજયસૂરિ મહારાજ** દ્વારા **"જ્ઞાનસાર"** વિષય પર અને પૂ. **મુનિચંદ્રસૂરિ મહારાજ** દ્વારા **"જૈન પરંપરાનો ઇતિહાસ"** વિષય પર વહેતી પૂર્વજોની યશોગાથામાં પવિત્ર થવાની પાવન પળો...

- ૧૨ વાગે સાધર્મિક ભક્તિનું, તપસ્વીઓનાં તપના પારણાનું પુણ્યમય પાથેય...
- બપોરે પૂ. **ભાગ્યેશવિજય મ.સા.** દ્વારા થતું **ષોડશક ગ્રન્થ**નું તાત્ત્વિક અમૃતપાન અને પૂ. **ધુરંધરવિજયજી મ. સા.** દ્વારા થતી **"શત્રુંજય માહાત્મ્ય"**ની રસભરી વાતોથી ભાવવિભોર હૈયે ઉછળતાં ગિરિરાજ પ્રત્યેની ભક્તિનાં ફુવારા...
- દર રવિવારે દરેક પૂજ્ય આચાર્ય ભગવંતનું સામૂહિક પ્રવચન...તેમાં ચતુર્વિધ સંઘ-આરાધકોની એક જ સ્થળે ઉપસ્થિતિ...એના દર્શનનો પણ અણમોલ લ્હાવો.
- સાંજે સંધ્યાભક્તિમાં સહુ તલ્લીન...
- તપોયાત્રા...સાંકળી અઠ્ઠમ, સાંકળી અઠ્ઠાઇ, સાંકળી માસક્ષમણ, ભદ્રતપાદિ અનેકવિધ તપશ્ચર્યા. પૂ. **ભાગ્યેશવિજયજી** મ.સા., ૬ સાધ્વીજી મ., ૪ આરાધકો, કુલ **૧૧ માસખમણ...**
- પૂ. ભાગ્યેશવિજયજી મ. સા.ના માસખમણના પારણા દિને પધારેલ ૧૭ આચાર્ય ભગવંતો સહ અનેક સાધુ-સાધ્વીજી ભગવંતો દ્વારા અમારું આંગણું ધન્ય બન્યું. અલૌકિક એ પળો દુર્લભ ઘટના બની...
- વહી જતી ભાવધારામાં વૃદ્ધિ સાથે ઉપધાન તપનાં આયોજનનો લાભ મળ્યો.
- પૂ. ભાગ્યેશવિજયજી મ. સાહેબ વગેરે સાધુ-સાધ્વીજી ભગવંતો અને આરાધકોની તપશ્ચર્યા નિમિત્તે ૬૭ છોડના ઉદ્યાપન સહ પંચાહ્નિકા મહોત્સવ...ચાતુર્માસિક આરાધનાની સમાપ્તિ પ્રસંગે આયોજક પરિવાર તથા આરાધકો તરફથી ૬૮ છોડના ઉજમણા સહ મહોત્સવ તથા ઉપધાનતપની સમાપ્તિ પ્રસંગે માળારોપણ મહોત્સવનો પણ અનોખો લાભ.
- દિવાળીના છઠ્ઠનું મહત્ત્વ સમજાવતાં ૫૧૫ છઠ્ઠ તપનાં આરાધકો...
- કા. સુદ ૧૩ની સાંજે આરાધકો તરફથી ભવ્ય સન્માન સમારોહ...
- કા.વ.૬ના દિને વાવપથક ધર્મશાળા તરફથી વાવપથક સંઘની ઉપસ્થિતિમાં ભવ્ય સન્માન...
- કા. સુદ ૧૫ સમૂહ યાત્રા...ભાવભરી વિદાય...
- સોનાના શિખર પર રત્નના કળશની જેમ આયોજક પરિવારને સિદ્ધગિરિ ઉપર ઘેટીપાગે દરવાજો અને એક કુંડના ચઢાવાનો લાભ મળ્યો.

- ચાતુર્માસમાં આરાધકોની સતત ભક્તિ કરનાર ચાતુર્માસના આયોજક **શ્રી સુમતિભાઇ, શ્રી વિનોદભાઇ, શ્રી કમલેશભાઇ**, અ. સૌ. **મંજૂલાબેન**, અ. સૌ. **હંસાબેન**, અ. સૌ. **મીનાબેન** આદિ પરિવાર.

લિ. : **ભૂરિબેન ધુડાલાલ પુનમચંદ હેક્કડ પરિવાર**
**આયોજીત ચાતુર્માસ આરાધના સમિતિ**

# સંપાદકીય

પૂજ્યપાદશ્રી **દેવેન્દ્રસૂરિ મહારાજા** વિરચિત શતક નામના પાંચમા કર્મગ્રન્થનું વિવેચન પરમાત્મા કૃપાથી અને ગુરુદેવોની કૃપાથી કર્મજિજ્ઞાસુ સમક્ષ મૂકાઇ રહ્યું છે તેમાં અનેક પૂજ્યશ્રી સહાયક બનેલ છે એ ઉપકારીઓના ઉપકારનું સ્મરણ કેમ વિસરાય ?

**ઉર ઉછળે ઉપકાર સ્મૃતિ !! ઉપકારીઓના ચરણે અગણિતનતિ !!!**

- દિવ્યાશિષદાતા યુગમહર્ષિ દાદાગુરુદેવશ્રી **ભદ્રસૂરીશ્વરજી મહારાજા**....
- સંયમના સોનેરી સ્વાંગ પહેરાવનારા પૂ. ગુરુદેવશ્રી **ૐકારસૂરિ મહારાજા**....
- અપ્રમત્તયોગી પૂ. શ્રી **અરવિંદસૂરિ મહારાજા**....
- અધ્યાત્મયોગી-ભક્તિયોગાચાર્ય પૂજ્યશ્રી **યશોવિજયસૂરિ મહારાજા**...
- સંશોધનપ્રેમી સાહિત્યરસિક પૂજ્ય **મુનિચંદ્રસૂરિ મહારાજા**..
- વાંચના-વ્યાખ્યાન-અધ્યાપન-સંશોધનાદિ અનેક કાર્યોની વચ્ચે પણ સંપૂર્ણ મેટરને સૂક્ષ્મદષ્ટિથી તપાસીને ક્ષતિ રહિત કરનારા અને સોનાનાં શિખરે રત્નના કળશની જેમ પંચમ કર્મગ્રન્થ પરનું સ્વચિંતન-મનનને પૂ. ગચ્છાધિપતિ **જયઘોષસૂરીશ્વરજી મ. સા.** પાસે સંશોધિત કરાવીને આ ગ્રન્થમાં પરિશિષ્ટરૂપે આપનારા પરમોપકારી પૂ. **અભયશેખરસૂરિ મહારાજા**.....
- પરમોપકારી પિતા મુનિરાજશ્રી **ચંદ્રયશવિજયજી મ. સા.** તથા લેખન કાર્યમાં-આર્થિક સહયોગાદિમાં તમામ જવાબદારી પોતાના શિરે લઇને આ કાર્યમાં સતત પ્રોત્સાહિત કરનારા બન્ધુમુનિરાજશ્રી **ભાગ્યેશવિજયજી મ. સા.** તથા **મહાયશવિજયજી મ. સા.**..
- અનુપમ આરાધિકા પૂ. દાદીગુરુણીજી **મનકશ્રી મ. સા.** તથા વાત્સલ્યની ગંગોત્રી સમા પૂ. ગુરુણીજી **સુવર્ણાશ્રીજી મ. સા.** તથા પૂ. ગુરુમાતા શ્રી **રમ્યગુણાશ્રીજી મ. સા.**...

**સર્વે પૂજ્યોના પાવન-ચરણમાં ભાવભીની વંદનાવલિ.....**

- પં. શ્રી **ચંદ્રકાન્તભાઇ** તથા ખૂબ જ અહોભાવ-આદરપૂર્વક આંગડીયાની લેવડ-દેવડાદિ કાર્યમાં સંપૂર્ણ સહયોગ આપનારા પાર્શ્વભક્તિનગર-ભીલડીયાજીના ટ્રસ્ટી **સુરેશભાઇ** વગેરે તથા આ પુસ્તકને પોતાનું માનીને જરાય કંટાળ્યા વિના હસતાં હૈયે ઘણીવાર ઘણી ક્ષતિને સુધારીને આર્ટીસ્ટ પાસે-કોમ્પ્યુટરમાં ચિત્રો તૈયાર કરાવીને આ પુસ્તકને સર્વાંગીણ સૌંદર્ય આપનારા **ભરત ગ્રાફિક્સ**ને કેમ ભૂલાય ?
- પુસ્તક લેખનમાં શ્રી વીતરાગદેવની આજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડં...
- અજ્ઞતા અને છદ્મસ્થતાદિને કારણે રહી ગયેલી ક્ષતિઓને વિદ્વાન પૂજ્યોએ સુધારવી એ વિજ્ઞપ્તિ સાથે વિરમું છું....

**કૃપાકાંક્ષી રમ્યરેણુ**

# વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| મંગલાચરણ | ૯ |
| ધ્રુવબંધી-અધ્રુવબંધી પ્રકૃતિ | ૧૫ |
| ધ્રુવોદયી-અધ્રુવોદયી પ્રકૃતિ | ૨૪ |
| ધ્રુવસત્તાક-અધ્રુવસત્તાક પ્રકૃતિ | ૨૮ |
| ગુણઠાણામાં દર્શનસપ્તકની ધ્રુવાધ્રુવસત્તા | ૩૪ |
| ઘાતી-અઘાતી પ્રકૃતિ | ૪૧ |
| પુણ્ય-પાપ પ્રકૃતિ | ૪૬ |
| પરાવર્તમાન-અપરાવર્તમાન પ્રકૃતિ | ૪૮ |
| ક્ષેત્રવિપાકી પ્રકૃતિ | ૫૦ |
| જીવવિપાકી-ભવવિપાકી | ૫૨ |
| પુદ્ગલવિપાકી | ૫૩ |
| **પ્રકૃતિબંધ** | |
| મૂલકર્મોમાં ભૂયસ્કારાદિ બંધ | ૫૭ |
| દર્શનાવરણીયમાં ભૂયસ્કારાદિ બંધ | ૬૦ |
| મોહનીયમાં ભૂયસ્કારાદિ બંધ | ૬૨ |
| નામકર્મમાં ભૂયસ્કારાદિ બંધ | ૬૭ |
| **સ્થિતિબંધ** | |
| મૂલકર્મોનો ઉ૦સ્થિતિબંધ | ૭૬ |
| મૂલકર્મોનો જ૦સ્થિતિબંધ | ૭૮ |
| મૂલકર્મોમાં અબાધાકાળ-નિષેકકાળ | ૭૯ |
| ઉત્તરપ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ | ૮૩ |
| ઉત્તર પ્રકૃતિમાં અબાધાકાળ-નિષેકકાળ | ૮૩ |
| એકે૦યાદિને પરભવાયુનો ઉ૦સ્થિતિબંધ | ૯૨ |
| આયુષ્યમાં અબાધા | ૯૩ |
| ઉત્તરપ્રકૃતિનો જ૦સ્થિતિબંધ | ૯૪ |
| એકેન્દ્રિયાદિને યોગ્ય ઉત્તરપ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ-જ૦સ્થિતિબંધ | ૧૦૧ |
| જ૦સ્થિતિબંધમાં અબાધાકાળ | ૧૧૨ |
| આયુષ્યમાં અબાધાની ચતુર્ભંગી | ૧૧૩ |
| ક્ષુલ્લકભવનું પ્રમાણ | ૧૧૪ |
| સ્થિતિબંધસ્થાનો | ૧૧૭ |
| સ્થિતિબંધનો અધ્યવસાય | ૧૧૮ |
| જિનનામના ઉ૦સ્થિતિબંધના સ્વામી | ૧૧૯ |
| આહા૦દ્વિકના ઉ૦સ્થિતિબંધના સ્વામી | ૧૨૦ |
| દેવાયુના ઉ૦સ્થિતિબંધના સ્વામી | ૧૨૧ |
| વિકલે૦ ૬ના ઉ૦સ્થિતિબંધના સ્વામી | ૧૨૩ |
| વૈક્રિયષટ્કના ઉ૦સ્થિતિબંધના સ્વામી | ૧૨૫ |
| આયુષ્યત્રિકના ઉ૦સ્થિતિબંધના સ્વામી | ૧૨૬ |
| એકે૦ ૩ના ઉ૦સ્થિતિબંધના સ્વામી | ૧૨૭ |
| તિર્યંચ૦ ૬ના ઉ૦સ્થિતિબંધના સ્વામી | ૧૨૯ |
| જ્ઞાના૦-૯૨ના ઉ૦સ્થિતિબંધના સ્વામી | ૧૩૦ |
| જ૦સ્થિતિબંધના સ્વામી | ૧૩૩ |
| ઉ૦સ્થિતિબંધાદિમાં સાદ્યાદિ ભાંગા | ૧૩૬ |
| ગુણઠાણામાં સ્થિતિબંધનું પ્રમાણ | ૧૪૩ |
| જીવસ્થાનોમાં સ્થિતિબંધનું અલ્પબહુત્વ | ૧૪૫ |
| સ્થિતિસ્થાનમાં સ્થિતિબંધના અધ્ય૦ | ૧૫૫ |
| સર્વ સ્થિતિમાં અશુભતા | ૧૫૮ |
| યોગનું સ્વરૂપ | ૧૬૦ |
| જીવસ્થાનકમાં યોગનું અલ્પ-બહુત્વ | ૧૬૫ |
| જીવસ્થાનોમાંસ્થિતિસ્થાનોનુંઅલ્પબહુત્વ | ૧૬૭ |
| અપર્યાપ્તાને પ્રતિસમયે યોગની વૃદ્ધિ | ૧૭૩ |
| યોગસ્થાનકમાં જીવને રહેવાનો કાળ | ૧૭૪ |
| કર્મના સ્થિતિસ્થાનમાં અધ્યવસાયો | ૧૭૭ |
| ઉત્તરપ્રકૃતિનો અબંધકાળ | ૧૭૮ |
| અધ્રુવબંધીનો સતતબંધકાળ | ૧૮૩ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |


**રસબંધ**

રસાણુ, વર્ગણા, સ્પર્ધક, રસસ્થાનક ૧૯૧
રસસ્થાનકમાં જીવોને રહેવાનો કાળ ૧૯૪
રસસ્થાનોમાં છઠ્ઠાણવડિયા ૧૯૬
અશુભપ્રકૃતિમાં રસબંધના અધ્યવ૦ ૧૯૭
શુભપ્રકૃતિમાં રસબંધના અધ્યવસાયો ૧૯૮
શુભાશુભમાં રસબંધની તીવ્ર-મંદતા ૨૦૦
ચતુઃસ્થાનિકાદિ રસબંધ ૨૦૧
શુભાશુભ પ્રકૃતિમાં એકસ્થાનિકાદિ ૨૦૩
એકસ્થાનિકાદિ રસબંધનું સ્વરૂપ ૨૦૪
એકે૦-સ્થાવ૦ના ઉ૦રસબંધના સ્વામી ૨૦૮
આતપના ઉ૦રસબંધના સ્વામી ૨૦૯
વિકલે૦-સૂ૦૩ના ઉ૦રસબંધના સ્વામી ૨૧૦
નારકત્રિકના ઉ૦રસબંધના સ્વામી ૨૧૧
તિર્યંચદ્વિકાદિના ઉ૦રસબંધના સ્વામી ૨૧૨
વૈક્રિયાદિ૩૨ના ઉ૦રસબંધના સ્વામી ૨૧૩
ઉદ્યોતના ઉ૦રસબંધના સ્વામી ૨૧૪
જ્ઞાના૦ ૬૮ના ઉ૦રસબંધના સ્વામી ૨૧૫
મનુષ્ય-૫ના ઉ૦રસબંધના સ્વામી ૨૧૬
દેવાયુના ઉ૦રસબંધના સ્વામી ૨૧૭
થીણદ્ધિ-૧૮ના જ૦રસબંધના સ્વામી ૨૧૮
સૂ૦૩-વિકલે૦ના જ૦રસબંધના સ્વામી ૨૨૨
દેવદ્વિકના જ૦રસબંધના સ્વામી ૨૨૫
વૈક્રિયદ્વિકના જ૦રસબંધના સ્વામી ૨૨૬
નરકદ્વિકના જ૦રસબંધના સ્વામી ૨૨૬
૪ આયુષ્યના જ૦રસબંધના સ્વામી ૨૨૮
ઔદારિકાદિના જ૦રસબંધના સ્વામી ૨૨૮
તિર્યંચદ્વિકાદિના જ૦રસબંધના સ્વામી ૨૩૦
એકે૦-સ્થાવ૦ના જ૦રસબંધના સ્વામી ૨૩૦
જિનનામના જ૦રસબંધના સ્વામી ૨૩૧
આતપના જ૦રસબંધના સ્વામી ૨૩૨
શાતા-અશાતાના જ૦રસબંધના સ્વામી ૨૩૨
સ્થિર-અસ્થિરના જ૦રસબંધના સ્વામી ૨૩૫
ત્રસાદિ-૧૫ના જ૦રસબંધના સ્વામી ૨૩૬
મનુષ્યદ્વિકના જ૦રસબંધના સ્વામી ૨૩૭
સ્ત્રી-નપુંવેદના જ૦રસબંધના સ્વામી ૨૩૮
શુભવિહા૦૯ના જ૦રસબંધના સ્વામી ૨૩૮
દર્શ૦-દર્શ૦ના જ૦ રસબંધના સ્વામી ૨૪૦
ઉત્કૃષ્ટાદિ રસબંધમાં સાદ્યાદિભાંગા ૨૪૪

**પ્રદેશબંધ**

વર્ગણાનું સ્વરૂપ ૨૫૩
સર્વ આત્મપ્રદેશથી કર્મનું ગ્રહણ ૨૬૧
મૂળકર્મમાં કર્મદલિકની વહેંચણી ૨૬૩
ઉત્તરપ્રકૃતિમાં કર્મદલિકની વહેંચણી ૨૬૪
ઉત્કૃષ્ટપદે અલ્પ-બહુત્વ ૨૮૨
જઘન્યપદે અલ્પ-બહુત્વ ૨૯૦
ગુણશ્રેણી ૨૯૪
ગુણસ્થાનોમાં વિરહકાળ ૩૧૧
પલ્યોપમનું સ્વરૂપ ૩૧૫
પુદ્ગલપરાવર્તનું સ્વરૂપ ૩૧૯
મૂળકર્મના ઉ૦પ્રદેશબંધના સ્વામી ૩૨૯
ઉત્તરપ્રકૃતિના ઉ૦પ્રદેશબંધના સ્વામી ૩૩૧
ઉત્તરપ્રકૃતિના જ૦પ્રદેશબંધના સ્વામી ૩૩૯
ઉત્કૃષ્ટાદિ પ્રદેશબંધમાં સાદ્યાદિભાંગા ૩૪૮
યોગસ્થાનકાદિ-૭નું અલ્પ-બહુત્વ ૩૫૩
ઘનીકૃતલોકાદિનું સ્વરૂપ ૩૫૭
ઉપશમશ્રેણી ૩૬૦
ક્ષપકશ્રેણી ૩૭૨
પરિશિષ્ટ ૩૭૭ થી ૪૨૪
મૂળગાથા ૪૨૫ થી ૪૩૨

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી ગૌતમસ્વામિને નમઃ

શ્રી ભદ્ર-ૐકાર ગુરુભ્યો નમઃ

ऐं नमः

# શતકનામપંચમકર્મગ્રંથ

મંગલાચરણ :-

**नमिय जिणं धुवबंधोदयसत्ताघाइपुन्नपरियत्ता ।**
**सेयर चउह विवागा, वुच्छं बंधविह सामी य ॥ १॥**

नत्वा जिनं ध्रुवबन्धोदयसत्ताघातिपुण्यपरिवृत्ताः ।
सेतराश्चतुर्धाविपाका वक्ष्ये बन्धविधान् स्वामिनश्च ॥ १॥

**ગાથાર્થ :- શ્રી જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરીને ધ્રુવબંધી, ધ્રુવોદયી, ધ્રુવસત્તાક, ઘાતી, પુણ્ય અને પરાવર્ત્તમાન પ્રકૃતિઓ પ્રતિપક્ષીપ્રકૃતિ સહિત તથા ચાર પ્રકારે વિપાકી, ચાર પ્રકારે બંધવિધિ, ચાર પ્રકારે બંધસ્વામિત્વ, ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીને કહીશ.**

**વિવેચન :-** ગ્રન્થકાર ભગવંત શ્રીદેવેન્દ્રસૂરિમહારાજા ગ્રન્થની રચનારૂપકાર્ય નિર્વિઘ્નતાથી પૂર્ણ કરવા માટે "**नमिय जिणं**" પદથી શ્રી જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરવાદ્વારા મંગલાચરણ કરી રહ્યા છે.

અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરી રહેલા જીવો કર્મની કઇ કઇ અવસ્થાથી યુક્ત છે અને તે અવસ્થાઓમાંથી કેવી રીતે મુક્ત થવાય? એ જિજ્ઞાસાનું સમાધાન કરતાં ગ્રન્થકાર ભગવંત "**ध्रुवबंधोदयसत्ता**" પદથી ધ્રુવબંધી, અધ્રુવબંધી, ધ્રુવોદયી, અધ્રુવોદયી, ધ્રુવસત્તા, અધ્રુવસત્તા, ઘાતી, અઘાતી વગેરે કર્મની અવસ્થાનું અને તે તે અવસ્થામાંથી મુક્ત કરનારી ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીનું વર્ણન કરી રહ્યાં છે.

(૧) **ધ્રુવબંધી :- જે પ્રકૃતિ પોતાનો બંધહેતુ હોય ત્યાં સુધી સતત બંધાય, તે પ્રકૃતિ ધ્રુવબંધી કહેવાય.** દા૦ત૦ મિથ્યાત્વમોહનીય મિથ્યાત્વબંધહેતુ હોય ત્યાં સુધી સતત બંધાય છે. તેથી મિથ્યાત્વમોહનીય ધ્રુવબંધી કહેવાય.

અથવા... જે પ્રકૃતિ પોતાના બંધવિચ્છેદસ્થાન સુધી સતત બંધાય, તે પ્રકૃતિ ધ્રુવબંધી કહેવાય. દા૦ત૦ મિથ્યાત્વમોહનીય મિથ્યાત્વગુણઠાણા સુધી સતત બંધાય છે. તેથી મિથ્યાત્વમોહનીય ધ્રુવબંધી કહેવાય.

(૨) **અધ્રુવબંધી :- જે પ્રકૃતિ પોતાનો બંધહેતુ હોવા છતાં પણ ક્યારેક બંધાય અને ક્યારેક ન બંધાય, તે પ્રકૃતિ અધ્રુવબંધી કહેવાય.** દા૦ત૦ અશાતાવેદનીય મિથ્યાત્વાદિબંધહેતુની હાજરીમાં પણ ક્યારેક બંધાય છે અને ક્યારેક નથી બંધાતી. તેથી અશાતાવેદનીય અધ્રુવબંધી કહેવાય.

અથવા... જે પ્રકૃતિ પોતાના બંધવિચ્છેદસ્થાન સુધી ક્યારેક બંધાય અને ક્યારેક ન બંધાય, તે પ્રકૃતિ અધ્રુવબંધી કહેવાય. દા૦ત૦ અશાતાવેદનીય પ્રમત્તગુણઠાણા સુધી ક્યારેક બંધાય છે અને ક્યારેક નથી બંધાતી. તેથી અશાતા અધ્રુવબંધી કહેવાય.

(૩) **ધ્રુવોદયી :- જે પ્રકૃતિનો વિપાકોદય પોતાના ઉદયવિચ્છેદ-સ્થાન સુધી દરેક જીવોને સતત હોય, તે પ્રકૃતિ ધ્રુવોદયી કહેવાય.** દા૦ત૦ મિથ્યાત્વમોહનીયનો વિપાકોદય મિથ્યાત્વગુણઠાણા સુધી દરેક મિથ્યાદૃષ્ટિજીવને સતત હોય છે. તેથી મિથ્યાત્વમોહનીય ધ્રુવોદયી કહેવાય.

(૪) **અધ્રુવોદયી :- જે પ્રકૃતિનો વિપાકોદય પોતાના ઉદય-વિચ્છેદસ્થાન સુધી ક્યારેક હોય અને ક્યારેક ન હોય, તે પ્રકૃતિ અધ્રુવોદયી કહેવાય.** દા૦ત૦ અશાતાનો વિપાકોદય ચૌદમાગુણઠાણા સુધી ક્યારેક હોય છે, અને ક્યારેક નથી હોતો. તેથી અશાતા અધ્રુવોદયી કહેવાય.

(૫) **ધ્રુવસત્તાક :- જે પ્રકૃતિની સત્તા સમ્યક્ત્વાદિવિશિષ્ટગુણો પ્રાપ્ત ન કર્યા હોય એવા દરેક જીવોને સતત હોય, તે પ્રકૃતિ ધ્રુવસત્તાક કહેવાય.** દા૦ત૦ મિથ્યાત્વમોહનીયની સત્તા સમ્યક્ત્વાદિ-

વિશિષ્ટગુણ રહિત દરેક જીવોને સતત હોય છે. તેથી મિથ્યાત્વમોહનીય ધ્રુવસત્તાક કહેવાય છે.

**શંકા :- અહીં "સમ્યક્ત્વાદિવિશિષ્ટગુણરહિત" એવું વિશેષણ મૂકવાની શી જરૂર છે?**

**સમાધાન** :- અહીં જો "સમ્યક્ત્વાદિવિશિષ્ટગુણરહિત" એવું વિશેષણ મૂકવામાં ન આવે, તો **"જે પ્રકૃતિની સત્તા સર્વે જીવોને નિરંતર હોય" તે ધ્રુવસત્તાક કહેવાય.** એ વ્યાખ્યાનુસારે અનંતાનુબંધી વગેરે પ્રકૃતિ ધ્રુવસત્તાક નહીં રહે. કારણકે સર્વે સંસારી જીવોમાંથી જે જીવો સમ્યક્ત્વાદિ-વિશિષ્ટગુણરહિત છે. તેઓને અનંતાનુબંધી વગેરે પ્રકૃતિની સત્તા અવશ્ય હોય છે અને જે જીવો સમ્યક્ત્વાદિવિશિષ્ટગુણવાળા છે. તેમાંથી કેટલાકને અનંતાનુબંધી વગેરે પ્રકૃતિની સત્તા નથી હોતી એટલે કેટલાક જીવોને અનંતાનુબંધી વગેરે પ્રકૃતિની સત્તા હોય છે અને કેટલાક જીવોને નથી હોતી. તેથી તે દરેક પ્રકૃતિ અધ્રુવસત્તાક બની જવાની આપત્તિ આવે છે. એ આપત્તિને દૂર કરવા માટે "સમ્યક્ત્વાદિવિશિષ્ટગુણરહિત" વિશેષણ મુકવું જરૂરી છે.

(૬) **અધ્રુવસત્તાક :- જે પ્રકૃતિની સત્તા સમ્યક્ત્વાદિવિશિષ્ટ-ગુણરહિત જીવને ક્યારેક હોય અને ક્યારેક ન હોય, તે પ્રકૃતિ અધ્રુવસત્તાક કહેવાય.** દા૦ત૦ સમ્યક્ત્વમોહનીયની સત્તા સમ્યક્ત્વાદિ-વિશિષ્ટગુણરહિત મિથ્યાદૃષ્ટિને ક્યારેક હોય છે અને ક્યારેક નથી હોતી. તેથી સમ્યક્ત્વમોહનીય અધ્રુવસત્તાક કહેવાય છે.

અથવા... જે પ્રકૃતિની સત્તા સમ્યક્ત્વાદિવિશિષ્ટગુણરહિત જીવોમાંથી કેટલાકને હોય અને કેટલાકને ન હોય, તે પ્રકૃતિ અધ્રુવસત્તાક કહેવાય. દા૦ત૦ સમ્યક્ત્વમોહનીયની સત્તા સમ્યક્ત્વાદિવિશિષ્ટગુણરહિત કેટલાક ભવ્યજીવોને હોય છે અને કેટલાક ભવ્યને નથી હોતી. તેથી સમ્યક્ત્વમોહનીય અધ્રુવસત્તાક કહેવાય છે.

(૭) **ઘાતી :- જે પ્રકૃતિ પોતાનાથી ઢાંકવા યોગ્ય ગુણને સંપૂર્ણ ઢાંકે છે, તે સર્વઘાતી કહેવાય અને જે પ્રકૃતિ પોતાનાથી ઢાંકવા યોગ્ય ગુણને કાંઈક અંશે ઢાંકે છે, તે દેશઘાતી કહેવાય.**

(૮) **અઘાતી :- જે કર્મપ્રકૃતિ જ્ઞાનાદિગુણનો કાંઈક અંશે પણ ઘાત કરતી નથી, તે અઘાતી કહેવાય.** દા૦ત૦ શાતાવેદનીય..

(૯) **પુણ્યપ્રકૃતિ :- જે પ્રકૃતિ જીવને સુખનો અનુભવ કરાવે છે, તે પુણ્યપ્રકૃતિ કહેવાય.** દા૦ત૦ શાતાવેદનીય.

અથવા...બંધ સમયે જે પ્રકૃતિમાં રસ વિશુદ્ધિથી વધે છે, તે પુણ્યપ્રકૃતિ કહેવાય. દા૦ત૦ શાતાવેદનીય.

(૧૦) **પાપપ્રકૃતિ :- જે પ્રકૃતિ જીવને દુઃખનો અનુભવ કરાવે છે, તે પાપપ્રકૃતિ કહેવાય.** દા૦ત૦ અશાતાવેદનીય.

અથવા...બંધસમયે જે પ્રકૃતિમાં રસ સંક્લેશથી વધે છે, તે પાપપ્રકૃતિ કહેવાય દા૦ત૦ અશાતાવેદનીય.

(૧૧) **પરાવર્તમાન :- જે પ્રકૃતિ પોતાના બંધ કે ઉદય અથવા બંધોદય વખતે બીજી સજાતીય પ્રકૃતિના બંધ કે ઉદય અથવા બંધોદયને અટકાવે છે, તે પરાવર્તમાન કહેવાય.** દા૦ત૦ શાતાવેદનીય..

(૧૨) **અપરાવર્તમાન :- જે પ્રકૃતિ પોતાના બંધ કે ઉદય** અથવા **બંધોદય વખતે બીજી સજાતીય પ્રકૃતિના બંધ કે ઉદય** અથવા **બંધોદયને અટકાવતી નથી. તે અપરાવર્તમાન કહેવાય.** દા૦ત૦ મતિજ્ઞાનાવરણીય..

(૧૩) **ક્ષેત્રવિપાકી :- ક્ષેત્ર=આકાશ, વિપાક=ફળ..**

**જે પ્રકૃતિ પોતાનું ફળ આકાશમાં** [વિગ્રહગતિમાં] **બતાવે છે, તે ક્ષેત્રવિપાકી કહેવાય.** દા૦ત૦ આનુપૂર્વી...

(૧૪) **જીવવિપાકી :- જે પ્રકૃતિ પોતાના ફળનો અનુભવ જીવને કરાવે છે, તે જીવવિપાકી કહેવાય..** દા૦ત૦ મતિજ્ઞાનાવરણીય..

(૧૫) **ભવવિપાકી :- જે પ્રકૃતિ પોતાનું ફળ નર-નારકાદિભવમાં જ બતાવે છે, તે ભવવિપાકી કહેવાય.** દા૦ત૦ દેવાયુષ્ય..

(૧૬) **પુદ્ગલવિપાકી :- જે પ્રકૃતિ પોતાનું ફળ શરીરરૂપે પરિણમેલા પુદ્ગલ પરમાણુમાં બતાવે છે, તે પુદ્ગલવિપાકી કહેવાય.** દા૦ત૦ વર્ણાદિ...

(૧૭) **પ્રકૃતિબંધ :-** જીવદ્વારા ગ્રહણ કરાતાં કાર્મણસ્કંધોમાં સુખ-દુ:ખને આપવાનો સ્વભાવ નક્કી થવા પૂર્વક કર્મોનું આત્મપ્રદેશની સાથે એકમેક થવું, તે પ્રકૃતિબંધ કહેવાય.

(૧૮) **સ્થિતિબંધ :-** તે તે કર્મો આત્મા ઉપર કેટલો ટાઈમ ટકી રહેશે? એ નિર્ણય થવા પૂર્વક તે તે કર્મોનું આત્મપ્રદેશોની સાથે એકમેક થવું, તે સ્થિતિબંધ કહેવાય.

(૧૯) **રસબંધ :-** ઓછા-વધતા પ્રમાણમાં શુભાશુભ ફળ આપવાની શક્તિનો નિર્ણય થવા પૂર્વક કર્મોનું આત્મપ્રદેશોની સાથે એકમેક થવું, તે રસબંધ કહેવાય.

(૨૦) **પ્રદેશબંધ :-** જુદા જુદા સ્વભાવવાળા દરેક વિભાગને ચોક્કસ પ્રમાણમાં મળેલા કર્મદલિકના જથ્થાનું આત્મપ્રદેશની સાથે એકમેક થવું, તે પ્રદેશબંધ કહેવાય.

(૨૧) **પ્રકૃતિબંધના સ્વામી :-** જે જીવ જેટલી પ્રકૃતિને બાંધતો હોય, તે જીવ તેટલી પ્રકૃતિબંધનો સ્વામી કહેવાય.

(૨૨) **સ્થિતિબંધના સ્વામી :-** જે જીવ જે કર્મની વધુમાં વધુ સ્થિતિ બાંધતો હોય, તે જીવ તે કર્મની ઉત્કૃષ્ટસ્થિતિબંધનો સ્વામી કહેવાય. અને જે જીવ જે કર્મની ઓછામાં ઓછી સ્થિતિ બાંધતો હોય, તે જીવ તે કર્મની જઘન્યસ્થિતિબંધનો સ્વામી કહેવાય.

(૨૩) **રસબંધના સ્વામી :-** જે જીવ જે કર્મનો વધુમાં વધુ રસબંધ કરતો હોય, તે જીવ તે કર્મનો ઉ૦રસબંધનો સ્વામી કહેવાય અને જે જીવ જે કર્મનો ઓછામાં ઓછો રસબંધ કરતો હોય, તે જીવ તે કર્મનો જઘન્યરસબંધનો સ્વામી કહેવાય.

(૨૪) **પ્રદેશબંધના સ્વામી :-** જે જીવ વધુમાં વધુ કાર્મણસ્કંધોને ગ્રહણ કરતો હોય, તે ઉ૦પ્રદેશબંધનો સ્વામી કહેવાય અને જે જીવ ઓછામાં ઓછા કાર્મણસ્કંધોને ગ્રહણ કરતો હોય, તે જ૦પ્રદેશબંધનો સ્વામી કહેવાય.

મૂળગાથામાં કહેલા **ય=ચ** શબ્દથી ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી લેવી.

(૨૫) **ઉપશમશ્રેણી** :- જેમાં ક્રમશઃ અનંતગુણ વિશુદ્ધ પરિણામની ધારાએ ચઢેલા જીવો ચારિત્રમોહનીયની કર્મપ્રકૃતિને ઉપશમાવે છે, તે **"ઉપશમશ્રેણી"** કહેવાય.

(૨૬) **ક્ષપકશ્રેણી** :- જેમાં ક્રમશઃ અનંતગુણ વિશુદ્ધ પરિણામની ધારાએ ચઢેલા જીવો ઘાતીકર્મોનો સંપૂર્ણ ક્ષય કરે છે, તે **"ક્ષપકશ્રેણી"** કહેવાય.

એ રીતે, ગ્રન્થકારભગવંત કુલ-૨૬ **વિષયો** કહી રહ્યાં છે.

અવસર્પિણીકાળના **પાંચમા આરામાં જીવો અલ્પાયુ** અને **મંદબુદ્ધિવાળા** હોય **છે. તેથી તે જીવોને ધ્રુવબંધી** વગેરે **વિષય**નો બોધ **સહેલાઈથી** કરાવવા માટે **પૂજ્યશ્રી** દેવેન્દ્રસૂરિમહારાજે કમ્મપયડીના બંધનકરણ અને શતકપ્રકરણમાંથી શતક નામના પાંચમા કર્મગ્રન્થની રચના કરી છે એટલે શિષ્ય પરની ઉપકારકબુદ્ધિથી થતી કર્મનિર્જરા વગેરે... **ગ્રન્થકર્તાનું અનંતરપ્રયોજન** છે અને ગ્રન્થ ભણવાથી થતો બોધ વગેરે **શ્રોતાનું અનંતર પ્રયોજન** છે. તથા તે બન્નેનું **પરંપર પ્રયોજન** મોક્ષ છે.

પૂજ્યશ્રી શિવશર્મસૂરિમહારાજે **અગ્રાયણી** નામના બીજાપૂર્વની **ક્ષીણલબ્ધિ**નામની પાંચમી વસ્તુના **કર્મપ્રકૃતિ** નામના ચોથા પ્રાભૃતના **નિબંધ**નામના છઠ્ઠા અનુયોગદ્વારના **બંધવિધાન** નામના ચોથાદ્વારમાંથી **"શતકપ્રકરણ"**ની રચના કરી છે અને તે જ આચાર્યભગવંતે અગ્રાયણી-નામના બીજા પૂર્વની ક્ષીણલબ્ધિનામની પાંચમીવસ્તુના કર્મપ્રકૃતિનામના ચોથા પ્રાભૃતમાંથી **"કમ્મપયડી"**ની રચના કરી છે. તે શતકપ્રકરણમાંથી અને કમ્મપયડીના બંધનકરણમાંથી પૂજ્યશ્રી દેવેન્દ્રસૂરિમહારાજે શતક નામના પાંચમાકર્મગ્રન્થની રચના કરી છે. એટલે ગુરુ પરંપરાથી પ્રાપ્ત થયેલ અર્થની સાથે આ ગ્રન્થનો **"ગુરુપર્વક્રમલક્ષણ"** સંબંધ છે.

જે જીવો ધ્રુવબંધીવગેરે વિષયોને જાણવાની ઇચ્છાવાળા હોય અને તે વિષયોને સમજવાની યોગ્યતાવાળા હોય, તે આ ગ્રન્થ ભણવાના **"અધિકારી"** છે.

એ રીતે, ગ્રન્થની શરૂઆતમાં **અનુબંધચતુષ્ટય** કહ્યું...

ધ્રુવબંધી પ્રકૃતિ :-

**वन्नचउतेयकम्मऽगुरुलहुनिमिणोवघायभयकुच्छा ।**
**मिच्छकषायावरणा, विग्घं धुवबंधि सगचत्ता ॥ २॥**

वर्णचतुष्क-तैजसकार्मणागुरुलघुनिर्माणोपघातभयकुत्साः ।
मिथ्यात्वकषायावरणानि, विघ्नं ध्रुवबन्धिन्यः सप्तचत्वारिंशद् ॥ २॥

**ગાથાર્થ :- વર્ણચતુષ્ક, તૈજસશરીર, કાર્મણશરીર, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, ભય, જુગુપ્સા, મિથ્યાત્વમોહનીય, ૧૬ કષાય, ૫ જ્ઞાનાવરણીય, ૯ દર્શનાવરણીય અને ૫ અંતરાય એમ કુલ-૪૭ પ્રકૃતિ ધ્રુવબંધી છે.**

**વિવેચન :-** બંધમાં જ્ઞાના૦૫+દર્શના૦૯+વેદનીય-૨+મોહનીય-૨૬+ આયુષ્ય-૪+નામ-૬૭+ગોત્ર-૨+અંત૦૫=૧૨૦ પ્રકૃતિ છે. તેમાંથી જ્ઞાના૦૫ + દર્શના૦૯+મોહનીય-૧૯ [મિથ્યાત્વ, ૧૬ કષાય, ભય-જુગુપ્સા]+ નામ-૯ [વર્ણાદિ૪, તૈ૦શ૦-કા૦શ૦, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત]+ અંત૦૫=૪૭ પ્રકૃતિ **ધ્રુવબંધી** છે અને બાકીની ૭૩ પ્રકૃતિ **અધ્રુવબંધી** છે.

મિથ્યાત્વમોહનીય મિથ્યાત્વગુણઠાણા સુધી સતત બંધાય છે. અનંતાનુબંધીચતુષ્ક અને થીણદ્ધિત્રિક સાસ્વાદનગુણઠાણા સુધી સતત બંધાય છે. અપ્રત્યાખ્યાનીયચતુષ્ક ચોથાગુણઠાણા સુધી, પ્રત્યાખ્યાનીય-૪ પાંચમા-ગુણઠાણા સુધી, સં૦ક્રોધાદિ-૪ ક્રમશઃ નવમાગુણઠાણાના બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા ભાગ સુધી, નિદ્રાદ્વિક ૮મા ગુણઠાણાના ૧લા ભાગ સુધી, નામકર્મની ૯ પ્રકૃતિ ૮મા ગુણઠાણાના ૬ઠ્ઠાભાગ સુધી, અને ભય-જુગુપ્સા ૮મા ગુણઠાણા સુધી, જ્ઞાના૦૫, દર્શના૦૪, અંતરાય-૫ ૧૦મા ગુણઠાણા સુધી સતત બંધાય છે. તેથી તે ૪૭ પ્રકૃતિ ધ્રુવબંધી કહેવાય છે.

અધ્રુવબંધી પ્રકૃતિ :-

**तणुवंगाऽऽगिइसंघयणजाइगइखगइपुव्विजिणुसासं ।**
**उज्जोयाऽऽयवपरघातसवीसा गोय वेयणियं ॥ ३॥**

**हासाइजुयलदुगवेयआउ तेवुत्तरी अधुवबंधा ।**
**भंगा अणाइसाई, अणंतसंतुत्तरा चउरो ॥४॥**

तनूपाङ्गाकृतिसंहननजातिगतिखगत्यानुपूर्वीजिनोच्छ्वासम् ।
उद्योताऽऽतपपराघातत्रसविंशतिर्गोत्रं वेदनीयम् ॥ ३॥

हास्यादियुगलद्विकवेदायूंषि, त्रिसप्ततिरध्रुवबन्धिन्यः ।
भङ्गा अनादिसादयोऽनन्तसान्तोत्तराः चत्वारः ॥ ४॥

**ગાથાર્થ :- શરીર-૩, અંગોપાંગ-૩, સંસ્થાન-૬, સંઘયણ-૬, જાતિ-૫, ગતિ-૪, વિહાયોગતિ-૨, આનુપૂર્વી-૪, જિનનામ, શ્વાસોચ્છ્વાસ, ઉદ્યોત, આતપ, પરાઘાત, ત્રસવીસ, ગોત્ર-૨, વેદનીય-૨, હાસ્યાદિયુગલદ્વિક, વેદ-૩ અને આયુષ્ય-૪ એમ કુલ-૭૩ અધ્રુવબંધી પ્રકૃતિ છે. તેમજ અનાદિ અને સાદિ શબ્દની પછી ઉત્તરપદમાં અનંત અને સાંત જોડવાથી ૪ ભાંગા થાય છે.**

**વિવેચન** :- વેદનીય-૨+ મોહનીય-૭ [હાસ્યાદિ-૪, ૩વેદ]+ આયુ૦૪+નામ-૫૮ [ગતિ-૪, જાતિ-૫, ઔ૦દ્વિક, વૈ૦દ્વિક, આહારકદ્વિક, સંસ્થાન-૬, સંઘયણ-૬, આનુપૂર્વી-૪, વિહાયોગતિ-૨, ઉદ્યોત, આતપ, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ, જિનનામ, ત્રસ-૧૦, સ્થાવર-૧૦]+ગોત્ર-૨=૭૩પ્રકૃતિ **અધ્રુવબંધી** છે.

**આતપનામકર્મ** પર્યાપ્તાબાદરપૃથ્વીકાય **પ્રાયોગ્ય કર્મપ્રકૃતિની સાથે** જ બંધાય છે. અન્ય એકેન્દ્રિયાદિ **પ્રાયોગ્ય કર્મપ્રકૃતિની સાથે** બંધાતું નથી. તેથી તે મિથ્યાત્વબંધહેતુની હાજરીમાં પણ ક્યારેક બંધાય છે અને ક્યારેક નથી બંધાતું. માટે આતપનામકર્મ અધ્રુવબંધી છે.

**ઉદ્યોતનામકર્મ** તિર્યંચ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિની સાથે જ બંધાય છે. અન્યગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિની સાથે બંધાતું નથી તેથી તે પોતાના બંધહેતુની હાજરીમાં પણ ક્યારેક બંધાય છે અને ક્યારેક નથી બંધાતું. માટે ઉદ્યોતનામકર્મ અધ્રુવબંધી છે.

**પરાઘાત** અને **ઉચ્છ્વાસ** પર્યાપ્તાએકેન્દ્રિયાદિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિની સાથે જ બંધાય છે. અપર્યાપ્તએકેન્દ્રિયાદિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિની સાથે બંધાતી નથી. તેથી તે બન્ને પ્રકૃતિ પોતાના બંધહેતુની હાજરીમાં પણ ક્યારેક બંધાય છે અને ક્યારેક નથી બંધાતી. માટે ઉચ્છ્વાસ અને પરાઘાત અધ્રુવબંધી છે.

કોઈપણ **સમ્યગ્દષ્ટિ** જીવ જ્યારે "સવિ જીવ કરું શાસન રસી" રૂપ ભાવકરુણામાં ઓતપ્રોત બની જાય છે. ત્યારે જિનનામ કર્મને બાંધી શકે છે. તે સિવાય જિનનામકર્મને બાંધી શકતો નથી. તેથી **જિનનામકર્મ** સમ્યક્ત્વહેતુની હાજરીમાં પણ ક્યારેક બંધાય છે અને ક્યારેક નથી બંધાતું. તેથી તે અધ્રુવબંધી છે.

કોઈપણ અપ્રમત્તસંયમીને જ્યારે શ્રુત અને સંયમ પ્રત્યે વિશિષ્ટરાગ હોય છે. ત્યારે આહારકદ્વિકને બાંધી શકે છે. તે સિવાય આહારકદ્વિકને બાંધી શકતો નથી. તેથી આહારકદ્વિક અપ્રમત્ત-ચારિત્રહેતુની હાજરીમાં પણ ક્યારેક બંધાય છે અને ક્યારેક નથી બંધાતું. તેથી તે અધ્રુવબંધી છે.

કોઈપણ જીવ શાતાને બાંધતો હોય ત્યારે અશાતાને બાંધી શકતો નથી અને અશાતાને બાંધતો હોય ત્યારે શાતાને બાંધી શકતો નથી. તેથી તે બન્ને પ્રકૃતિ સજાતીય સાથે બંધમાં પરસ્પર વિરોધી હોવાથી પોતાના બંધહેતુની હાજરીમાં પણ ક્યારેક બંધાય છે અને ક્યારેક નથી બંધાતી...

એ જ રીતે બાકીની હાસ્ય-રતિ વગેરે ૬૪ પ્રકૃતિ પણ સજાતીય સાથે બંધમાં પરસ્પર વિરોધી હોવાથી પોતાના બંધહેતુની હાજરીમાં ક્યારેક બંધાય છે અને ક્યારેક નથી બંધાતી. તેથી **શાતાદિ-૬૬** પ્રકૃતિ અધ્રુવબંધી છે.

## -: ગુણઠાણામાં ધ્રુવબંધી-અધ્રુવબંધીપ્રકૃતિ[1] :-

| ગુણસ્થાનક | ધ્રુવબંધી | | | | | | અધ્રુવબંધી | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જ્ઞાના૦ | દર્શ૦ | મોહ૦ | નામ | અંત૦ | કુલ | વેદ૦ | મોહ૦ | આયુ૦ | નામ | ગોત્ર | કુલ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૧૯ | ૯ | ૫ | ૪૭ | ૨ | ૭ | ૪ | ૫૫[2] | ૨ | ૭૦ |
| સાસ્વાદન | ૫ | ૯ | ૧૮ | ૯ | ૫ | ૪૬ | ૨ | ૬ | ૩ | ૪૨[3] | ૨ | ૫૫ |
| મિશ્ર | ૫ | ૬ | ૧૪ | ૯ | ૫ | ૩૯ | ૨ | ૫ | | ૨૭[4] | ઉચ્ચ | ૩૫ |
| સમ્યક્ત્વ | ૫ | ૬ | ૧૪ | ૯ | ૫ | ૩૯ | ૨ | ૫ | ૨ | ૨૮ | ૧ | ૩૮ |
| દેશવિરતિ | ૫ | ૬ | ૧૦ | ૯ | ૫ | ૩૫ | ૨ | ૫ | ૧ | ૨૩ | ૧ | ૩૨ |
| પ્રમત્ત | ૫ | ૬ | ૬ | ૯ | ૫ | ૩૧ | ૨ | ૫ | ૧ | ૨૩ | ૧ | ૩૨ |
| અપ્રમત્ત | ૫ | ૬ | ૬ | ૯ | ૫ | ૩૧ | શાતા | ૩ | ૧ | ૨૨ | ૧ | ૨૮ |
| ૮માંનો ૧લો ભાગ | ૫ | ૬ | ૬ | ૯ | ૫ | ૩૧ | ૧ | ૩ | | ૨૨ | ૧ | ૨૭ |
| ૨થી ૬ ભાગ | ૫ | ૪ | ૬ | ૯ | ૫ | ૨૯ | ૧ | ૩ | | ૨૨ | ૧ | ૨૭ |
| ૭મો ભાગ | ૫ | ૪ | ૬ | | ૫ | ૨૦ | ૧ | ૩ | | યશ | ૧ | ૬ |
| ૯માનો ૧લો ભાગ | ૫ | ૪ | ૪ | | ૫ | ૧૮ | ૧ | ૧ | | ૧ | ૧ | ૪ |
| ૨જો ભાગ | ૫ | ૪ | ૪ | | ૫ | ૧૮ | ૧ | | | ૧ | ૧ | ૩ |
| ૩જો ભાગ | ૫ | ૪ | ૩ | | ૫ | ૧૭ | ૧ | | | ૧ | ૧ | ૩ |
| ૪થો ભાગ | ૫ | ૪ | ૨ | | ૫ | ૧૬ | ૧ | | | ૧ | ૧ | ૩ |
| ૫મો ભાગ | ૫ | ૪ | ૧ | | ૫ | ૧૫ | ૧ | | | ૧ | ૧ | ૩ |
| સૂક્ષ્મસંપરાય | ૫ | ૪ | | | ૫ | ૧૪ | ૧ | | | ૧ | ૧ | ૩ |
| ૧૧થી ૧૩ | | | | | | | શાતા | | | | | ૧ |

(૧) અહીં સામાન્યથી ગુણઠાણામાં અધ્રુવબંધીપ્રકૃતિ કહી છે. વિશેષથી તો ઘણી અધ્રુવબંધીપ્રકૃતિ ઉપર-ઉપરના ગુણઠાણે ધ્રુવબંધી બને છે. દા.ત. ત્રીજાગુણઠાણાથી પુ૦વેદ ધ્રુવબંધી બને છે.

(૨) ગતિ-૪+જાતિ-૫+ઔ૦શ૦+વૈ૦શ૦+અંગો૦૨+સં૦૬+સં૦૬+આનુ૦૪+વિહા૦૨+ઉદ્યોત+આતપ+ઉચ્છ્વાસ+પરાઘાત+ત્રસ-૧૦+સ્થા૦૧૦=૫૫

(૩) ગતિ-૩+પંચેન્દ્રિય+ઔ૦શ૦+વૈ૦શ૦+અંગો૦૨+સંઘ૦૫+સંસ્થાન-૫+આનુ૦૩+વિહા૦૨+ઉદ્યોત+ઉચ્છ્વાસ+પરાઘાત+ત્રસ-૧૦+અસ્થિરાદિ-૬=૪૨

(૪) ગતિ-૨+પંચે૦+ઔ૦શ૦+વૈ૦શ૦+અંગો૦૨+પ્રથમસંઘ૦+પ્રથમસંસ્થાન+આનુ૦૨+શુભવિહા૦+ઉચ્છ્વાસ+પરાઘાત+ત્રસ-૧૦+અસ્થિર+અશુભ+અયશ=૨૭

ભાંગાઃ-

(૧) **અનાદિ-અનંત** :- જે પ્રકૃતિનો બંધ અનાદિકાળથી ચાલુ હોય અને અભવ્યની અપેક્ષાએ ભવિષ્યમાં કયારેય બંધવિચ્છેદ થવાનો ન હોય, તે પ્રકૃતિના બંધનો કાળ અનાદિ-અનંત છે. દા૦ત૦ મિથ્યાત્વમોહનીયનો બંધ અનાદિકાળથી ચાલુ છે અને અભવ્ય કે જાતિભવ્યજીવોને સમ્યક્ત્વ પ્રાપ્ત થવાનું ન હોવાથી કયારેય મિથ્યાત્વનો બંધવિચ્છેદ થવાનો નથી. તેથી તે જીવોની અપેક્ષાએ મિથ્યાત્વમોહનીયના બંધનો કાળ અનાદિ-અનંત છે.

(૨) **અનાદિ-સાંત** :- જે પ્રકૃતિનો બંધ અનાદિકાળથી ચાલુ હોય પણ ભવ્યની અપેક્ષાએ ભવિષ્યમાં ક્યારેક બંધવિચ્છેદ થવાનો હોય, તે પ્રકૃતિના બંધનો કાળ અનાદિ-સાંત છે. દા૦ત૦ મિથ્યાત્વનો બંધ અનાદિકાળથી ચાલુ છે. પણ ભવ્યજીવોને ભવિષ્યમાં ક્યારેક સમ્યક્ત્વ પ્રાપ્ત થવાનું હોવાથી મિથ્યાત્વનો બંધવિચ્છેદ થવાનો છે. તેથી ભવ્યજીવોની અપેક્ષાએ મિથ્યાત્વમોહનીયના બંધનો કાળ અનાદિ- સાંત છે.

(૩) **સાદિ-અનંત** :- ધ્રુવબંધીપ્રકૃતિનો કાળ અભવ્યની અપેક્ષાએ અનાદિ-અનંત છે અને ભવ્યની અપેક્ષાએ અનાદિ-સાંત છે. તેમજ સમ્યક્ત્વાદિગુણોથી પડેલા જીવની અપેક્ષાએ સાદિ-સાંત છે. પણ સાદિ-અનંત નથી. કારણકે સમ્યક્ત્વાદિગુણોથી પડેલા જીવો પણ કાલાન્તરે અવશ્ય મોક્ષમાં જવાના હોવાથી જે ધ્રુવબંધીપ્રકૃતિની સાદિ થઈ છે. તે પ્રકૃતિનો બંધ અનંતકાળ રહેવાનો નથી. ભવિષ્યમાં અવશ્ય બંધવિચ્છેદ થવાનો જ છે. તેથી ધ્રુવબંધીપ્રકૃતિનો કાળ સાદિ-અનંત હોતો નથી અને અધ્રુવબંધી પ્રકૃતિનો કાળ સાદિ-સાંત જ હોય છે. તેથી કોઈપણ પ્રકૃતિના બંધનો કાળ સાદિ-અનંત ન હોય.

(૪) **સાદિ-સાંત** :- ધ્રુવબંધીપ્રકૃતિ સમ્યક્ત્વાદિગુણોથી પડેલા જીવની અપેક્ષાએ સાદિ-સાંત હોય છે. કારણકે સમ્યક્ત્વાદિગુણોથી પડતાં મિથ્યાત્વાદિ ધ્રુવબંધી પ્રકૃતિના બંધની સાદિ થાય છે અને ફરીથી સમ્યક્ત્વાદિગુણો પ્રાપ્ત થતાં મિથ્યાત્વાદિ ધ્રુવબંધી પ્રકૃતિનો બંધ સાંત થાય છે. એટલે ધ્રુવબંધી પ્રકૃતિનો બંધ સાદિ-સાંત છે અને અધ્રુવબંધી

પ્રકૃતિનો બંધ જ્યારે શરૂ થાય છે. ત્યારે "સાદિ" થાય છે અને જ્યારે અટકી જાય છે. ત્યારે "સાંત" થાય છે. દા૦ત૦ શાતાનો બંધ જ્યારે શરૂ થાય છે. ત્યારે સાદિ અને જ્યારે અટકી જાય છે ત્યારે "સાંત" છે. એટલે શાતાદિ અધ્રુવબંધી પ્રકૃતિનો બંધ સાદિ-સાંત જ હોય છે.

એ જ પ્રમાણે, **ઉદય** અને **સત્તા**માં પણ ચતુર્ભંગી વિચારવી.

ધ્રુવબંધી-અધ્રુવબંધી અને ધ્રુવોદયી-અધ્રુવોદયીમાં ભાંગા :-

**पढम-बिया धुवउदइसु, धुवबंधिसु तइयवज्ज भंगतिगं ।**
**मिच्छम्मि तिन्नि भंगा, दुहा वि अधुवा तुरियभंगा ॥ ५॥**

प्रथमद्वितीयौ ध्रुवोदयिनीषु ध्रुवबन्धिनीषु तृतीयवर्जं भङ्गत्रिकम् ।
मिथ्यात्वे त्रयः भङ्गा द्विधापि अध्रुवाः तुरीयभङ्गाः ॥ ५॥

ગાથાર્થ :- **ધ્રુવોદયીમાં પહેલો અને બીજો ભાંગો હોય છે. ધ્રુવબંધીમાં ત્રીજા ભાંગા વિના બાકીના ૩ ભાંગા હોય છે. ધ્રુવોદયી મિથ્યાત્વમોહનીયમાં [ત્રીજા વિના] ૩ ભાંગા હોય છે અને બન્ને પ્રકારની અધ્રુવપ્રકૃતિમાં ચોથો ભાંગો હોય છે.**

**વિવેચન** :- ગ્રન્થકાર ભગવંતે સૌ પ્રથમ ધ્રુવબંધી-અધ્રુવબંધી પ્રકૃતિઓ કહી. હવે તે પ્રકૃતિમાં સાદિ-અનાદિ વગેરે ભાંગા કહી રહ્યાં છે. તેની સાથે જ ધ્રુવોદયી-અધ્રુવોદયીપ્રકૃતિમાં પણ ભાંગા કહી રહ્યાં છે.

**શંકા :- ગ્રન્થકાર ભગવંત ધ્રુવોદયી-અધ્રુવોદયી પ્રકૃતિ કહ્યાં વિના જ તેમાં ભાંગા કેમ કહી રહ્યાં છે?**

**સમાધાનઃ**- ગ્રન્થકાર ભગવંતે ધ્રુવોદયી-અધ્રુવોદયી પ્રકૃતિ કહ્યાં પછી તે પ્રકૃતિમાં ભાંગા કહેવા જોઈએ એ વાત સાચી છે. પણ અધ્રુવબંધી અને અધ્રુવોદયીમાં ભાંગા સમાન થતા હોવાના કારણે ગ્રન્થલાઘવતાની દૃષ્ટિથી ગ્રન્થકાર ભગવંતે ધ્રુવબંધી-અધ્રુવબંધીપ્રકૃતિના ભાંગાની સાથે જ ધ્રુવોદયી-અધ્રુવોદયીપ્રકૃતિના પણ ભાંગા કહ્યાં છે.

**જ્ઞાના૦૫+દર્શના૦૪+મિથ્યાત્વ+નામ-૧૨** [તે૦શ૦, કા૦શ૦

વર્ણાદિ-૪, નિર્માણ, અગુરુલઘુ, શુભ-અશુભ, સ્થિર-અસ્થિર]+**અંત૦૫**= **૨૭** પ્રકૃતિ ધ્રુવોદયી છે. તેમાંથી મિથ્યાત્વ વિના બાકીની ૨૬ પ્રકૃતિનો વિપાકોદય અભવ્યની અપેક્ષાએ **અનાદિ-અનંત** છે અને ભવ્યની અપેક્ષા **અનાદિ-સાંત** છે. કારણકે તે પ્રકૃતિનો વિપાકોદય ભવ્યજીવોને અનાદિકાળથી ચાલુ છે. પણ જ્યારે તે જીવ ક્ષપકશ્રેણી માંડે છે. ત્યારે ૧૨માં ગુણઠાણાના ચરમસમયે જ્ઞાના૦૫+દર્શના૦૪+અંત૦૫=૧૪ પ્રકૃતિનો વિપાકોદય નાશ [સાંત] પામે છે. તે વખતે તે પ્રકૃતિનો વિપાકોદય અનાદિ-સાંત થાય છે અને ૧૩માં ગુણઠાણાના ચરમ સમયે નામકર્મની-૧૨ પ્રકૃતિનો વિપાકોદય નાશ (સાંત) પામે છે. તે વખતે તે પ્રકૃતિનો વિપાકોદય **અનાદિ-સાંત** થાય છે.

ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિનો બંધ અભવ્યની અપેક્ષાએ **અનાદિ-અનંત** છે. ભવ્યની અપેક્ષાએ **અનાદિ-સાંત** છે અને સમ્યક્ત્વાદિથી પડેલા જીવની અપેક્ષાએ **સાદિ-સાંત** છે.

**જ્ઞાના૦૫+ દર્શના૦૬+ મોહ૦૬[સં૦૪, ભય-જુગુપ્સા]+નામ-૯+અંત૦૫=૩૧** પ્રકૃતિનો બંધ ભવ્યજીવોને અનાદિકાળથી ચાલુ હોવા છતાં પણ જ્યારે શ્રેણી માંડે છે. ત્યારે પોતપોતાના બંધવિચ્છેદસ્થાને તે તે પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. તે વખતે તે પ્રકૃતિનો બંધ **અનાદિ-સાંત** થાય છે. તેમજ ઉપશમક ૧૧મા ગુણઠાણેથી કાલક્ષયે કે ભવક્ષયે પડીને જ્યારે તે તે પ્રકૃતિનો બંધ શરૂ કરે છે. ત્યારે તે પ્રકૃતિના બંધની સાદિ થાય છે અને ફરીથી જ્યારે શ્રેણી માંડે છે. ત્યારે પોતપોતાના બંધવિચ્છેદસ્થાને તે તે પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. તે વખતે તે પ્રકૃતિનો બંધ **સાદિ-સાંત** થાય છે.

**પ્રત્યાખ્યાનીયચતુષ્ક**નો બંધ ભવ્યજીવોને અનાદિકાળથી ચાલુ હોવા છતાં પણ જ્યારે સર્વવિરતિ પ્રાપ્ત કરે છે. ત્યારે તે પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. તે વખતે તે પ્રકૃતિનો બંધ **અનાદિ-સાંત** થાય છે તેમજ જ્યારે સર્વવિરતિથી પતન થાય છે. ત્યારે તે પ્રકૃતિના બંધની સાદિ થાય છે અને ફરીથી જ્યારે સર્વવિરતિ પ્રાપ્ત કરે છે. ત્યારે તે પ્રકૃતિનો બંધ **સાદિ-સાંત** થાય છે.

**અપ્રત્યાખ્યાનીયચતુષ્ક**નો બંધ ભવ્યજીવોને અનાદિકાળથી ચાલુ હોવા છતાં પણ જ્યારે દેશવિરતિ પ્રાપ્ત થાય છે. ત્યારે તે પ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય છે. તે વખતે અપ્ર૦૪નો બંધ **અનાદિ-સાંત** થાય છે. તેમજ જ્યારે દેશવિરતિથી પતન થાય છે. ત્યારે તે પ્રકૃતિના બંધની સાદિ થાય છે અને જ્યારે ફરીથી દેશવિરતિ પ્રાપ્ત થાય છે ત્યારે તે પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે તે વખતે અપ્ર૦૪નો બંધ **સાદિ-સાંત** થાય છે.

**મિથ્યાત્વ+અનંતાનુબંધી-૪+થીણદ્ધિત્રિક=૮** પ્રકૃતિનો બંધ ભવ્યજીવોને અનાદિકાળથી ચાલુ હોવા છતાં પણ જ્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. ત્યારે તે પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. તે વખતે તે પ્રકૃતિનો બંધ **અનાદિ-સાંત** થાય છે. તેમજ જ્યારે સમ્યક્ત્વેથી પડીને મિથ્યાત્વે આવે છે ત્યારે તે પ્રકૃતિના બંધની સાદિ થાય છે અને ફરીથી જ્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે ત્યારે તે પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. તે વખતે તે પ્રકૃતિનો બંધ **સાદિ-સાંત** થાય છે.

**મિથ્યાત્વનો વિપાકોદય** અભવ્યની અપેક્ષાએ **અનાદિ-અનંત** છે. ભવ્યની અપેક્ષાએ **અનાદિ-સાંત** છે અને સમ્યક્ત્વથી પડેલા જીવની અપેક્ષાએ **સાદિ-સાંત** છે. કારણકે ભવ્યજીવોને મિથ્યાત્વનો ઉદય અનાદિકાળથી ચાલુ હોવા છતાં પણ જ્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે ત્યારે તે પ્રકૃતિનો ઉદયવિચ્છેદ થાય છે તે વખતે મિથ્યાત્વનો ઉદય અનાદિ-સાંત થાય છે અને તે જીવ જ્યારે સમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વે આવે છે ત્યારે મિથ્યાત્વમોહનીયના ઉદયની સાદિ થાય છે અને ફરીથી જ્યારે સમ્યક્ત્વ પામે છે ત્યારે તે પ્રકૃતિનો ઉદય સાદિ-સાંત થાય છે.

**અધ્રુવબંધી** ક્યારેક બંધાય છે. ક્યારેક નથી બંધાતી તેથી તે પ્રકૃતિનો બંધ અનાદિ-અનંત અને અનાદિ-સાંત ન હોય. માત્ર **"સાદિ-સાંત"** જ હોય. કારણકે જ્યારે જે પ્રકૃતિનો બંધ શરૂ થાય છે. ત્યારે તે પ્રકૃતિના બંધની સાદિ થાય છે અને જ્યારે તે પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. ત્યારે તે પ્રકૃતિનો બંધ "સાંત" થાય છે. દા૦ત૦ જ્યારે, શાતાનો બંધ શરૂ થાય છે. ત્યારે શાતાના બંધની સાદિ થાય છે અને

જ્યારે શાતાનો બંધવિચ્છેદ થાય છે. ત્યારે શાતાનો બંધ "સાંત" થાય છે. એટલે શાતાનો બંધ સાદિ-સાંત જ હોય છે.

**અધ્રુવોદયીનો વિપાકોદય** ક્યારેક હોય છે. ક્યારેક નથી હોતો. તેથી તે પ્રકૃતિનો ઉદય અનાદિ-અનંત અને અનાદિ-સાંત ન હોય. માત્ર **"સાદિ-સાંત"** જ હોય. કારણકે જ્યારે જે પ્રકૃતિનો વિપાકોદય શરૂ થાય છે ત્યારે તે પ્રકૃતિના ઉદયની સાદિ થાય છે અને જ્યારે તે પ્રકૃતિનો વિપાકોદય નાશ પામે છે. ત્યારે તે પ્રકૃતિનો ઉદય "સાંત" થાય છે. દા૦ત૦ જ્યારે શાતાનો વિપાકોદય શરૂ થાય છે. ત્યારે શાતાના ઉદયની સાદિ થાય છે અને જ્યારે શાતાનો વિપાકોદય અટકી જાય છે ત્યારે શાતાનો ઉદય "સાંત" થાય છે. એટલે શાતાનો ઉદય સાદિ-સાંત જ હોય છે.

## -: ધ્રુવબંધી-અધ્રુવબંધીમાં ભાંગા :-

| પ્રકૃતિ | અનાદિ-અનંત ↓ | અનાદિ-સાંત ↓ | સાદિ-અનંત ↓ | સાદિ-સાંત ↓ | કુલ ↓ |
|---|---|---|---|---|---|
| ધ્રુવબંધી-૪૭→ | ૪૭ | ૪૭ | | ૪૭ | ૧૪૧ |
| અધ્રુવબંધી-૭૩→ | | | | ૭૩ | +૭૩ |
| કુલ→ | ૪૭ | +૪૭ | | +૧૨૦ | =૨૧૪ |

## -: ધ્રુવોદયી-અધ્રુવોદયીમાં ભાંગા :-

| પ્રકૃતિ | અનાદિ-અનંત ↓ | અનાદિ-સાંત ↓ | સાદિ-અનંત ↓ | સાદિ-સાંત ↓ | કુલ ↓ |
|---|---|---|---|---|---|
| ધ્રુવોદયી-૨૬→ | ૨૬ | ૨૬ | | | ૫૨ |
| ધ્રુવોદયીમિથ્યાત્વ→ | ૧ | ૧ | | ૧ | ૩ |
| અધ્રુવોદયી-૯૫→ | – | – | | ૯૫ | ૯૫ |
| કુલ→ | ૨૭ | +૨૭ | | +૯૬ | =૧૫૦ |

ધ્રુવોદયી પ્રકૃતિ :-

**निमिणथिरअथिरअगुरुय, सुहअसुहं तेयकम्मचउवन्ना ।**
**नाणंतरायदंसणमिच्छं धुवउदय सगवीसा ॥ ६॥**

निर्माणं स्थिरास्थिरमगुरुलघु शुभाशुभं तैजसं कार्मणं चतुर्वर्णम्।
ज्ञानान्तरायदर्शनं, मिथ्यात्वं ध्रुवोदयाः सप्तविंशतिः ॥ ६ ॥

ગાથાર્થ :- **નિર્માણ, સ્થિર-અસ્થિર, અગુરુલઘુ, શુભ-અશુભ, તૈજસશરીર, કાર્મણશરીર, વર્ણાદિ-૪, જ્ઞાનાવરણીય-૫, અંતરાય-૫, દર્શનાવરણીય-૪ અને મિથ્યાત્વ એમ કુલ-૨૭ ધ્રુવોદયી છે.**

**વિવેચન** :- ઉદયમાં જ્ઞાના૦૫+ દર્શના૦૯+ વેદનીય-૨+ મોહનીય-૨૮+ આયુ૦૪ + નામ-૬૭+ ગોત્ર-૨+ અંત૦૫=૧૨૨ પ્રકૃતિ છે. તેમાંથી **જ્ઞાના૦૫+ દર્શના૦૪+ મિથ્યાત્વ+ નામ-૧૨+ અંત૦૫=૨૭** પ્રકૃતિ ધ્રુવોદયી છે અને બાકીની ૯૫ પ્રકૃતિ અધ્રુવોદયી છે.

જ્ઞાના૦૫+ દર્શના૦૪+અંત૦૫=૧૪ પ્રકૃતિનો વિપાકોદય ૧૨મા ગુણઠાણા સુધી સતત હોય છે. નામકર્મની-૧૨ પ્રકૃતિનો વિપાકોદય ૧૩મા ગુણઠાણા સુધી સતત હોય છે અને મિથ્યાત્વ-મોહનીયનો વિપાકોદય મિથ્યાત્વગુણઠાણા સુધી સતત હોય છે તેથી તે ૨૭ પ્રકૃતિ ધ્રુવોદયી છે.

સ્થિર-અસ્થિર અને શુભ-અશુભ બંધમાં પરસ્પર વિરોધી છે. પણ ઉદયમાં પરસ્પર વિરોધી નથી. કારણકે કોઈપણ જીવના શરીરમાં સ્થિરનામકર્મના ઉદયથી હાડકા, દાંતાદિ સ્થિર રહે છે અને અસ્થિર-નામકર્મના ઉદયથી જીભ, લોહી, આંખાદિ અસ્થિર રહે છે. એટલે તે બન્ને કર્મનું ફળ જીવ એકી સાથે ભોગવી શકે છે. તેથી તે બન્ને પ્રકૃતિ ઉદયમાં પરસ્પર વિરોધી નથી. એ જ રીતે, કોઈપણ જીવના શરીરમાં નાભિથી ઉપરના મસ્તકાદિ અવયવો શુભ ગણાય છે અને નાભિથી

નીચેના પગાદિ અવયવો અશુભ ગણાય છે તે બન્ને કર્મનું ફળ જીવ એકી સાથે ભોગવી શકે છે. તેથી તે બન્ને પ્રકૃતિ ઉદયમાં પરસ્પર વિરોધી નથી.

અધ્રુવોદયી પ્રકૃતિ :-

**थिरशुभियर विणु, अधुवबंधी मिच्छविणु मोहधुवबंधी ।**
**निद्दोवघाय मीसं, सम्मं पणनवइ अधुवुदया ॥ ७॥**

स्थिरशुभेतरं विना, अध्रुवबन्धिन्यः मिथ्यात्वं विना मोहध्रुवबन्धिन्यः।
निद्रोपघातं मिश्रं सम्यग् पञ्चनवतिरध्रुवोदयाः ॥ ७॥

**ગાથાર્થ :-અધ્રુવબંધી-૭૩ પ્રકૃતિમાંથી સ્થિર-અસ્થિર અને શુભ-અશુભ વિના ૬૯, મોહનીયકર્મની ધ્રુવબંધી ૧૯માંથી મિથ્યાત્વ વિના ૧૮, નિદ્રા-૫, ઉપઘાત, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય.... એ કુલ-૯૫ પ્રકૃતિ અધ્રુવોદયી છે.**

**વિવેચન** :- વેદનીય-૨+ મોહનીય-૭ [૨યુગલ-૩વેદ] આયુ-૪+નામ-**૫૮** [૪ ગતિ+૫ જાતિ+૩ શરીર+૩ અંગો૦+૬ સંઘયણ+૬ સં૦+૪ આનુ૦+૨ વિહા૦=૩૩+ પ્રત્યેક-૫ [નિર્માણ, અગુરુ૦, ઉપઘાત વિના]+ત્રસ-૧૦+સ્થાવર-૧૦]+ગોત્ર-૨=૭૩ અધ્રુવબંધીપ્રકૃતિમાંથી સ્થિર-અસ્થિર અને શુભ-અશુભ ધ્રુવોદયી છે. બાકીની **૬૯** અધ્રુવોદયી છે.

**આતપ, ઉદ્યોત, ઉચ્છ્વાસ** અને **પરાઘાત**નો ઉદય કોઈપણ જીવને લબ્ધિ-પર્યાપ્તાવસ્થામાં જ હોય છે. લબ્ધિ-અપર્યાપ્તાવસ્થામાં નથી હોતો. તેથી તે પ્રકૃતિનો ઉદય પોતાના ઉદયવિચ્છેદસ્થાન સુધી ક્યારેક હોય છે અને ક્યારેક નથી હોતો. માટે આતપાદિ-૪ અધ્રુવોદયી છે તથા **જિનનામનો ઉદય** તીર્થંકર કેવલી ભગવંતને જ હોય છે. બાકીના જીવોને નથી હોતો. એટલે જિનનામનો ઉદય કોઈક જીવને ક્યારેક જ હોય છે. તેથી તે અધ્રુવોદયી છે.

શાતા-અશાતા, હાસ્ય-રતિ વગેરે ૬૪ પ્રકૃતિ પણ ઉદયમાં

સજાતીયની સાથે પરસ્પર વિરોધી છે. એટલે તે દરેક પ્રકૃતિનો ઉદય પોતપોતાના ઉદયવિચ્છેદસ્થાન સુધી ક્યારેક હોય છે અને ક્યારેક નથી હોતો. તેથી **શાતાદિ-૬૪** પ્રકૃતિ અધ્રુવોદયી છે.

મોહનીયકર્મની મિથ્યાત્વ+૧૬ કષાય+ભય+જુગુપ્સા=૧૯ પ્રકૃતિ ધ્રુવબંધી છે. તેમાંથી મિથ્યાત્વમોહનીય ધ્રુવોદયી છે અને બાકીની ૧૮ પ્રકૃતિ અધ્રુવોદયી છે. તેમાંથી **ભય-જુગુપ્સાનો ઉદય** કોઇપણ જીવને ક્યારેક હોય છે અને ક્યારેક નથી હોતો. તેથી તે અધ્રુવોદયી છે.

**૧૬કષાય+પનિદ્રા=૨૧** પ્રકૃતિ ઉદયમાં સજાતીય સાથે પરસ્પર વિરોધી છે. તેથી તે દરેક પ્રકૃતિનો ઉદય ક્યારેક હોય છે અને ક્યારેક નથી હોતો. તેથી તે અધ્રુવોદયી છે.

**ઉપઘાતનો ઉદય** કોઇપણ જીવને ક્યારેક જ હોય છે તેથી તે અધ્રુવોદયી છે અને **મિશ્રમોહનીયનો ઉદય** દરેક જીવને પોતાના ઉદય-વિચ્છેદસ્થાન સુધી સતત હોતો નથી. તેથી તે અધ્રુવોદયી છે.

**શંકા:- મિશ્રમોહનીયનો ઉદય દરેકજીવોને પોતાના ઉદયવિચ્છેદ-સ્થાન સુધી સતત હોય છે. તેથી ધ્રુવોદયી કેમ ન કહેવાય?**

**સમાધાન :-** મિશ્રમોહનીયનો ઉદય દરેક જીવને મિશ્રગુણઠાણે સતત હોય છે. પણ અનાદિકાળથી માંડીને મિશ્રગુણઠાણા સુધી મિશ્ર-મોહનીયનો ઉદય સતત હોતો નથી. તેથી તે ધ્રુવોદયી નથી.

**સમ્યક્ત્વમોહનીયનો ઉદય** પ્રથમાદિ-૩ ગુણઠાણે હોતો નથી અને કોઇપણ સમ્યગ્દષ્ટિને ક્ષયોપશમસમ્યક્ત્વની હાજરીમાં સ૦મો૦નો ઉદય હોય છે અને ક્ષાયિકસમ્યક્ત્વ કે ઉપશમસમ્યક્ત્વની હાજરીમાં સ૦મો૦નો ઉદય નથી હોતો. એટલે સ૦મો૦નો ઉદય પોતાના ઉદયવિચ્છેદસ્થાન સુધી ક્યારેક હોય છે અને ક્યારેક નથી હોતો. તેથી તે અધ્રુવોદયી છે.

## -: ગુણઠાણામાં ધ્રુવોદયી - અધ્રુવોદયી[૫]પ્રકૃતિ :-

| ગુણસ્થાનક | ધ્રુવોદયી | | | | | | અધ્રુવોદયી | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જ્ઞાના૦ | દર્શ૦ | મોહ૦ | નામ | અંત૦ | કુલ | દર્શ૦ | વેદ૦ | મોહ૦ | આયુ૦ | નામ | ગોત્ર | કુલ |
| મિથ્યાત્વ | ૫ | ૪ | ૧ | ૧૨ | ૫ | ૨૭ | ૫ | ૨ | ૨૫ | ૪ | ૫૨[૬] | ૨ | ૯૦ |
| સાસ્વાદન | ૫ | ૪ | | ૧૨ | ૫ | ૨૬ | ૫ | ૨ | ૨૫ | ૪ | ૪૭ | ૨ | ૮૫ |
| મિશ્ર | ૫ | ૪ | | ૧૨ | ૫ | ૨૬ | ૫ | ૨ | ૨૨ | ૪ | ૩૯ | ૨ | ૭૪ |
| અવિરત | ૫ | ૪ | | ૧૨ | ૫ | ૨૬ | ૫ | ૨ | ૨૨ | ૪ | ૪૩ | ૨ | ૭૮ |
| દેશવિરતિ | ૫ | ૪ | | ૧૨ | ૫ | ૨૬ | ૫ | ૨ | ૧૮ | ૨ | ૩૨ | ૨ | ૬૧ |
| પ્રમત્ત | ૫ | ૪ | | ૧૨ | ૫ | ૨૬ | ૫ | ૨ | ૧૪ | ૧ | ૩૨ | ૧ | ૫૫ |
| અપ્રમત્ત | ૫ | ૪ | | ૧૨ | ૫ | ૨૬ | ૨ | ૨ | ૧૪ | ૧ | ૩૦ | ૧ | ૫૦ |
| અપૂર્વકરણ | ૫ | ૪ | | ૧૨ | ૫ | ૨૬ | ૨ | ૨ | ૧૩ | ૧ | ૨૭ | ૧ | ૪૬ |
| અનિવૃત્તિ | ૫ | ૪ | | ૧૨ | ૫ | ૨૬ | ૨ | ૨ | ૭ | ૧ | ૨૭ | ૧ | ૪૦ |
| સૂક્ષ્મસંપરાય | ૫ | ૪ | | ૧૨ | ૫ | ૨૬ | ૨ | ૨ | ૧ | ૧ | ૨૭ | ૧ | ૩૪ |
| ઉપશાંત | ૫ | ૪ | | ૧૨ | ૫ | ૨૬ | ૨ | ૨ | | ૧ | ૨૭ | ૧ | ૩૩ |
| ક્ષીણમોહ | ૫ | ૪ | | ૧૨ | ૫ | ૨૬ | ૨ | ૨ | | ૧ | ૨૫ | ૧ | ૩૧ |
| ચરમસમયે | ૫ | ૪ | | ૧૨ | ૫ | ૨૬ | | ૨ | | ૧ | ૨૫ | ૧ | ૨૯ |
| સયોગી | | | | ૧૨ | | ૧૨ | | ૨ | | ૧ | ૨૬ | ૧ | ૩૦ |
| અયોગી | | | | | | | | ૧ | | ૧ | ૯ | ૧ | ૧૨ |

(૫) અહીં સામાન્યથી ગુણઠાણામાં અધ્રુવોદયીપ્રકૃતિ કહી છે. વિશેષથી તો કેટલીક અધ્રુવોદયી પ્રકૃતિ ઉપર-ઉપરના ગુણઠાણે ધ્રુવોદયી બને છે. દા૦ત૦ ત્રીજા-ગુણઠાણાથી પંચેન્દ્રિય જાતિ ધ્રુવોદયી બને છે.

(૬) ગતિ-૪+જાતિ-૫+ઔ૦દ્વિક+વૈ૦દ્વિક+સં૦૬+સં૦૬+આનુ૦૪+વિહા૦૨=૩૧+ પ્રત્યેક ૫ [આતપ, ઉદ્યોત, ઉચ્છ્વાસ, પરાઘાત, ઉપઘાત]+ત્રસચતુષ્ક+ સુભગ-ચતુષ્ક+સ્થાવરચતુષ્ક+દુર્ભગચતુષ્ક=૫૨

ध्रुवसत्ताक- अध्रुवसत्ताक प्रकृति :-

**तसवन्नवीससगतेयकम्मधुवबंधिसेसवेयतिगं ।**

**आगिइतिगवेयणियंदुजुयलसगउरलुसासचऊ ॥ ८॥**

**खगई-तिरिदुगनीयं धुवसंता सम्ममीसमणुयदुगं ।**

**विउव्विक्कारजिणाऊ हारसगुच्चा अधुवसंता ॥ ९॥**

त्रसवर्णविंशतिः तैजसकार्मणसप्तकं ध्रुवबन्धिन्यः शेषा वेदत्रिकम् ।

आकृतित्रिकं वेदनीयं द्वियुगलं औदारिकसप्तकमुच्छ्वासचतुष्कम् ॥ ८॥

खगतितिर्यग्द्विकं नीचं ध्रुवसत्ताकाः सम्यग्मिश्रं मनुजद्विकम् ।

वैक्रियैकादशकं जिनायूंषि आहारकसप्तकं उच्चैरध्रुवसत्ताकाः ॥ ९॥

**ગાથાર્થ :- ત્રસાદિ-૨૦, વર્ણાદિ- ૨૦, તેજસ-કાર્મણસપ્તક, બાકીની ધ્રુવબંધી-૪૧, [વર્ણાદિ-૪, તૈ૦શ૦, કા૦શ૦ વિના] વેદત્રિક, આકૃતિત્રિક, વેદનીય-૨, યુગલ-૨, ઔદારિકસપ્તક, ઉચ્છ્વાસચતુષ્ક, વિહાયોગતિદ્વિક, તિર્યગ્દ્વિક અને નીચગોત્ર એ કુલ-૧૩૦ પ્રકૃતિ ધ્રુવસત્તાક છે. તેમજ સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, મનુષ્યદ્વિક, વૈક્રિય-૧૧, જિનનામ, આયુષ્ય-૪, આહારકસપ્તક અને ઉચ્ચગોત્ર એ કુલ-૨૮ પ્રકૃતિ અધ્રુવસત્તાક છે.**

**વિવેચન** :- સત્તામાં જ્ઞાના૦૫+ દર્શના૦૯+વેદનીય-૨+ મોહનીય-૨૮+આયુ૦૪+નામ-૧૦૩+ગોત્ર-૨+ અંત૦૫=૧૫૮ પ્રકૃતિ છે. તેમાંથી જ્ઞાના૦૫+દર્શના૦૯+વેદનીય-૨+મોહનીય-૨૬[મિથ્યાત્વ, ૧૬કષાય, ૯નોકષાય]+નામ-૮૨[તિર્યંચગતિ, જાતિ-૫, શરીર-૩, ઔ૦અં૦, બંધન-૭, સંઘાતન-૩, સં૦૬, સં૦૬, વર્ણ-૫, ગંધ-૨, રસ-૫, સ્પર્શ-૮, તિર્યંચાનુ૦, વિહાયો૦૨, પ્રત્યેક-૭ [જિનનામવિના], ત્રસ-૧૦, સ્થાવર-૧૦]+નીચ-ગોત્ર+ અંત૦૫=૧૩૦ પ્રકૃતિની સત્તા સમ્યક્ત્વાદિવિશિષ્ટગુણો પ્રાપ્ત ન કર્યા હોય એવા દરેક જીવને દરેક સમયે હોય છે. તેથી તે ધ્રુવસત્તાક છે અને બાકીની ૨૮ પ્રકૃતિ અધ્રુવસત્તાક છે.

**શંકા :- ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિ જ્યારે અનંતાનુબંધીની વિસંયોજના કરે છે ત્યારે અનંતાનુબંધીની સત્તાનો નાશ થાય છે અને તે જીવ જ્યારે મિથ્યાત્વે આવે છે. ત્યારે ફરીથી અનંતાનુબંધીની સત્તા પ્રાપ્ત થાય છે. તેથી અનંતાનુબંધી અધ્રુવસત્તાક હોવા છતાં ધ્રુવસત્તાક કેમ કહી છે?**

**સમાધાન :-** જેને સમ્યક્ત્વાદિવિશિષ્ટગુણો પ્રાપ્ત નથી કર્યાં એવા એક પણ જીવને અનંતાનુબંધીની વિસંયોજના થતી નથી. એટલે સમ્યક્-ત્વાદિગુણો પ્રાપ્ત ન કર્યાં હોય એવા દરેક જીવને દરેક સમયે અનંતાનુ-બંધીની સત્તા અવશ્ય હોય છે. તેથી તે ધ્રુવસત્તાક જ છે. તો પણ જો સમ્યક્ત્વાદિગુણ પ્રાપ્ત થવાથી અનંતાનુબંધીની સત્તાનો નાશ થાય છે. તેથી તે અધ્રુવસત્તાક છે એમ માનવામાં આવે, તો માત્ર અનંતાનુબંધી જ નહીં પણ દરેક પ્રકૃતિ અધ્રુવસત્તાક બની જશે કારણકે સમ્યક્ત્વાદિવિશિષ્ટગુણો પ્રાપ્ત થવાથી પોતપોતાના સત્તાવિચ્છેદસ્થાને દરેક પ્રકૃતિની સત્તાનો નાશ થાય છે. તેથી દરેક પ્રકૃતિ અધ્રુવસત્તાક બની જવાથી ધ્રુવસત્તાક ભેદ જ નહીં રહે. એટલે અનંતાનુબંધીને અધ્રુવસત્તાક કહી શકાશે નહીં.

મોહનીય-૨ [સ૦મો૦, મિશ્રમો૦]+આયુ૦૪+ નામ-૨૧ [મનુષ્ય-દ્વિક, દેવદ્વિક, નરકદ્વિક, વૈક્રિયસપ્તક, આહારકસપ્તક, જિનનામ]+ **ઉચ્ચ-ગોત્ર=૨૮** પ્રકૃતિની સત્તા સમ્યક્ત્વાદિવિશિષ્ટગુણરહિતજીવોમાંથી કેટલાકને હોય છે અને કેટલાકને નથી હોતી. તેથી તે અધ્રુવસત્તાક છે.

**સમ્યક્ત્વ**મોહનીયની સત્તા અને **મિશ્ર**મોહનીયની સત્તા અભવ્યોને ન હોય. ભવ્યજીવોમાંથી પણ કેટલાકને જ હોય છે ઘણાને નથી હોતી. તેથી તે બન્ને અધ્રુવસત્તાક છે.

તેઉકાય-વાઉકાય જીવ મનુષ્યદ્વિકને બાંધતો નથી અને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાળે મનુષ્યદ્વિકની સત્તાને સંપૂર્ણ ઉવેલી નાંખે છે. એટલે મનુષ્યદ્વિકની સત્તાનો નાશ થાય છે. તેથી તે જીવોને મનુષ્યદ્વિક સત્તામાં હોતું નથી અને બાકીના જીવોને મનુષ્યદ્વિક સત્તામાં હોય છે. તેથી મનુષ્યદ્વિક અધ્રુવસત્તાક છે.

**દેવદ્વિક+નરકદ્વિક + વૈક્રિયસપ્તક =૧૧** પ્રકૃતિની સત્તા અનાદિ-

એકેન્દ્રિયને [જે અનાદિકાળથી એકેન્દ્રિયમાં જ છે. હજુ સુધી ત્રસપણું પામ્યા નથી એવા જીવને] હોતી નથી અને સાદિએકેન્દ્રિયાદિમાંથી પણ કેટલાકને જ હોય છે. કારણકે તે પ્રકૃતિને પંચેન્દ્રિયજીવ જ બાંધી શકે છે. તેથી દેવદ્વિકાદિ-૧૧ પ્રકૃતિની સત્તા પંચેન્દ્રિયને જ પ્રાપ્ત થાય છે. પછી તે પ્રકૃતિની સત્તાવાળો પંચેન્દ્રિયજીવ વિકલેન્દ્રિય કે એકેન્દ્રિયમાં જઇ શકે છે. તેથી કેટલાક વિકલેન્દ્રિય અને કેટલાક સાદિએકેન્દ્રિયને દેવદ્વિકાદિ-૧૧ પ્રકૃતિની સત્તા હોય છે. પણ જેમ મૂર્ખમાણસ રત્નોને પથ્થર માનીને ફેંકી દે છે. તેમ [A]એકેન્દ્રિયજીવો જાતિસ્વભાવે જ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જેટલો કાળ પ્રસાર થાય ત્યારે દેવદ્વિકને સંપૂર્ણ ઉવેલી નાંખે છે અને પલ્યોપમનો બીજો અસંખ્યાતમો ભાગ જેટલો કાળ પ્રસાર થાય ત્યારે નરકદ્વિક અને વૈક્રિયસપ્તકને સંપૂર્ણ ઉવેલી નાંખે છે. એટલે જે જીવો એકેન્દ્રિયપણામાં ૧૧ પ્રકૃતિની સંપૂર્ણ ઉદ્વલના કર્યા પછી ફરીથી પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થઇને તે પ્રકૃતિને ન બાંધે ત્યાં સુધી તે જીવોને ૧૧ પ્રકૃતિની સત્તા હોતી નથી. એટલે તે પ્રકૃતિની સત્તા સાદિએકેન્દ્રિયાદિમાંથી કેટલાક જીવોને હોય છે. કેટલાક જીવોને નથી હોતી. તેથી તે અધ્રુવસત્તાક છે.

જિનનામને કેટલાક સમ્યગ્દૃષ્ટિજીવો બાંધે છે અને કેટલાક નથી બાંધતા. તેથી જિનનામની સત્તા કેટલાકને હોય છે અને કેટલાકને નથી હોતી. માટે જિનનામ અધ્રુવસત્તાક છે.

કોઇપણ જીવને કોઇપણ કાળે ચારમાંથી કોઇપણ એક અથવા બે જ આયુષ્ય સત્તામાં હોય છે. ચારે આયુષ્ય સત્તામાં હોતા નથી. એટલે એક જીવને ક્યારેક દેવાયુ સત્તામાં હોય અને ક્યારેક ન હોય. તેથી દેવાયુ અધ્રુવસત્તાક છે એ જ રીતે, બાકીના ૩ આયુષ્ય પણ અધ્રુવસત્તાક છે.

દેવાયુષ્યને અને નરકાયુષ્યને પંચેન્દ્રિયજીવો જ બાંધી શકે છે. એકેન્દ્રિય-વિકલેન્દ્રિય બાંધી શકતા નથી. તેથી તે બન્ને આયુષ્યની સત્તા પંચેન્દ્રિયજીવોને હોય છે. એકેન્દ્રિય-વિકલેન્દ્રિયને નથી હોતી. તથા ગ્રૈવેયકાદિ-દેવો તિર્યંચાયુષ્યને બાંધી શકતા નથી. તેથી તે દેવોને તિર્યંચાયુષ્યની સત્તા હોતી નથી. અને બાકીના જે જીવે તિર્યંચાયુષ્ય બાંધ્યું હોય, તે જીવને તિર્યંચાયુષ્યની સત્તા હોય છે. તથા તેઉકાય-વાયુકાય અને સાતમી નરકમાં

રહેલા નારકો મનુષ્યાયુષ્યને બાંધી શકતા નથી. તેથી તે જીવોને મનુષ્યાયુષ્યની સત્તા હોતી નથી અને બાકીના જે જીવે મનુષ્યાયુષ્ય બાંધ્યું હોય, તે જીવને મનુષ્યાયુષ્યની સત્તા હોય છે. એટલે ચારે આયુષ્ય અધ્રુવસત્તાક છે.

કેટલાક અપ્રમત્તસંયમી જ આહારકસપ્તકને બાંધે છે અને આહારકસપ્તકને બાંધ્યા પછી જો તે અવિરતિમાં ચાલ્યા જાય. તો ત્યાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાળે આહારકસપ્તકને સંપૂર્ણ ઉવેલી નાંખે છે. એટલે આહારકસપ્તકની સત્તા કેટલાકને હોય છે અને કેટલાકને નથી હોતી. તેથી તે અધ્રુવસત્તાક છે.

અનાદિએકેન્દ્રિયજીવો ઉચ્ચગોત્રને બાંધતા નથી. તેથી તે જીવોને ક્યારેય ઉચ્ચગોત્રની સત્તા હોતી નથી. અને સાદિએકેન્દ્રિય જીવો ઉચ્ચગોત્રને બાંધીને જો વાયુકાય કે તેઉકાયમાં ઉત્પન્ન થાય, તો ત્યાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાળે ઉચ્ચગોત્રને સંપૂર્ણ ઉવેલી નાંખે છે. એટલે તે જીવોને ઉચ્ચગોત્રની સત્તા હોતી નથી. એટલે ઉચ્ચગોત્રની સત્તા કેટલાક જીવોને હોય છે અને કેટલાકને નથી હોતી. તેથી તે અધ્રુવસત્તાક છે.

**ધ્રુવસત્તાક - અધ્રુવસત્તાકમાં ભાંગા:-**

ધ્રુવસત્તાક ૧૩૦ પ્રકૃતિમાંથી **અનંતાનુબંધી -૪** પ્રકૃતિની સત્તા અભવ્યની અપેક્ષાએ **અનાદિ-અનંત** છે. ભવ્યની અપેક્ષાએ **અનાદિ-સાંત** છે અને અનંતાનુબંધીના વિસંયોજકજીવની અપેક્ષાએ **સાદિ-સાંત** છે. તથા બાકીની **૧૨૬** પ્રકૃતિની સત્તા અભવ્યની અપેક્ષાએ **અનાદિ-અનંત** છે અને ભવ્યની અપેક્ષાએ **અનાદિ-સાંત** છે.

અધ્રુવસત્તાક - **૨૮** પ્રકૃતિ **સાદિ-સાંત** જ હોય છે.

---

(૭) તેઉકાય અને વાઉકાય સૌ પ્રથમ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાળે ઉચ્ચગોત્રને સંપૂર્ણ ઉવેલી નાંખે છે અને પછી પલ્યોપમના બીજા અસંખ્યાતમા ભાગ જેટલા કાળે મનુષ્યદ્વિકને સંપૂર્ણ ઉવેલી નાંખે છે. એટલે સૌ પ્રથમ ઉચ્ચગોત્રની સત્તાનો નાશ થાય છે. પછી મનુષ્યદ્વિકની સત્તાનો નાશ થાય છે.

(૮) **पढमकसाय चउहा तिहा धुवं साइ-अधुवं संत ।**

[પંચસંગ્રહદ્વાર-૫-ગાથાનં૦ ૧૩૩]

## -: ગુણઠાણામાં ધ્રુવસત્તાક પ્રકૃતિ :-

| ગુણસ્થાનક | | જ્ઞાના૦ | દર્શના૦ | વેદનીય | મોહનીય | નામ | ગોત્ર | અંતરાય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧થી ૩ ગુણઠાણે | | ૫ | ૯ | ૨ | ૨૬ | ૮૨ | નીચ | ૫ | ૧૩૦ |
| ૪થી૭ ગુણઠાણે | ઉપ૦સ૦-ક્ષયોપ૦સમ્યક્ત્વી | ૫ | ૯ | ૨ | ૨૬ | ૮૨ | નીચ | ૫ | ૧૩૦ |
| | વિસંયોજક ક્ષયોપ૦સમ્યક્ત્વી | ૫ | ૯ | ૨ | ૨૨ | ૮૨ | નીચ | ૫ | ૧૨૬ |
| | ક્ષાયિકસમ્યક્ત્વીને | ૫ | ૯ | ૨ | ૨૧ | ૮૨ | નીચ | ૫ | ૧૨૫ |
| ઉપ૦શ્રેણિ ૮થી૧૧ગુણ૦ | ઉપશમ સમ્યક્ત્વીને | ૫ | ૯ | ૨ | ૨૨ | ૮૨ | નીચ | ૫ | ૧૨૬ |
| | ક્ષાયિકસમ્યક્ત્વીને | ૫ | ૯ | ૨ | ૨૧ | ૮૨ | નીચ | ૫ | ૧૨૫ |
| ક્ષપકશ્રેણીમાં ૮થી૧૨ ગુણઠાણે | ૮થી ૯માના ૧લા ભાગ સુધી | ૫ | ૯ | ૨ | ૨૧ | ૮૨ | નીચ | ૫ | ૧૨૫ |
| | ૯મા ગુણઠાણાના ૨જા ભાગે | ૫ | ૬ | ૨ | ૨૧ | *૭૧ | નીચ | ૫ | ૧૧૧ |
| | ૯મા ગુણઠાણાના ૩જા ભાગે | ૫ | ૬ | ૨ | ૧૩ | ૭૧ | નીચ | ૫ | ૧૦૩ |
| | ૯મા ગુણઠાણાના ૪થા ભાગે | ૫ | ૬ | ૨ | ૧૨ | ૭૧ | નીચ | ૫ | ૧૦૨ |
| | ૯મા ગુણઠાણાના ૫મા ભાગે | ૫ | ૬ | ૨ | ૧૧ | ૭૧ | નીચ | ૫ | ૧૦૧ |
| | ૯મા ગુણઠાણાના ૬ઠ્ઠા ભાગે | ૫ | ૬ | ૨ | ૫ | ૭૧ | નીચ | ૫ | ૯૫ |
| | ૯મા ગુણઠાણાના ૭મા ભાગે | ૫ | ૬ | ૨ | ૪ | ૭૧ | નીચ | ૫ | ૯૪ |
| | ૯મા ગુણઠાણાના ૮મા ભાગે | ૫ | ૬ | ૨ | ૩ | ૭૧ | નીચ | ૫ | ૯૩ |
| | ૯મા ગુણઠાણાના ૯મા ભાગે | ૫ | ૬ | ૨ | ૨ | ૭૧ | નીચ | ૫ | ૯૨ |
| | સૂક્ષ્મસંપરાયે | ૫ | ૬ | ૨ | ૧ | ૭૧ | નીચ | ૫ | ૯૧ |
| | ક્ષીણમોહનાદ્વિચરમસમય સુધી | ૫ | ૬ | ૨ | | ૭૧ | નીચ | ૫ | ૯૦ |
| | ક્ષીણમોહના ચરમસમયે | ૫ | ૪ | ૨ | | ૭૧ | નીચ | ૫ | ૮૮ |
| ૧૩થી૧૪માનાદ્વિચરમસમય સુધી | | | | ૨ | | ૭૧ | નીચ | | ૭૪ |
| ૧૪મા ગુણઠાણાના ચરમસમયે | | | | ૧ | | ૭ | | | ૮ |

* પંચેન્દ્રિય+શરીર-૩ [ઔ૦શ૦, તૈ૦શ૦, કા૦શ૦]+ઔ૦અંગો૦+બંધન-૭+સંઘાતન-૩+સંઘયણ-૬+સં૦૬+વર્ણાદિ-૨૦, વિહા૦૨+પ્રત્યેક-૫+ત્રસ-૧૦+સ્થાવર-૭ [સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ વિના]=૭૧

## -: ગુણઠાણામાં અધ્રુવસત્તાક પ્રકૃતિ :-

| ગુણસ્થાનક | | મોહ૦ | આયુ૦ | નામ | ગોત્ર | કુલ |
|---|---|---|---|---|---|---|
| મિથ્યાત્વ | | ૨ | ૪ | ૨૧ | ઉચ્ચ | ૨૮ |
| સાસ્વાદન-મિશ્ર | | ૨ | ૪ | જિનનામ વિના-૨૦ | ઉચ્ચ | ૨૭ |
| ૪થી૭ ગુણઠાણે | ઉપશમસ૦-ક્ષયો૦સમ્ય૦ | ૨ | ૪ | ૨૧ | ઉચ્ચ | ૨૮ |
| | ક્ષાયિકસમ્યક્ત્વી | | ૪ | ૨૧ | ઉચ્ચ | ૨૬ |
| ઉપ૦શ્રેણી ૮થી૧૧ | ઉપશમસમ્યક્ત્વીને | ૨ | ૨ | ૨૧ | ઉચ્ચ | ૨૬ |
| | ક્ષાયિકસમ્યક્ત્વીને | | ૨ | ૨૧ | ઉચ્ચ | ૨૪ |
| ક્ષપક શ્રેણી | ૪થી૯માના ૧લા ભાગ સુધી | | મનુ૦ આયુ૦ | ૨૧ | ઉચ્ચ | ૨૩ |
| | બીજા ભાગથી ૧૪માના દ્વિચરમસુધી | | ૧ | નરકદ્વિક વિના-૧૯ | ઉચ્ચ | ૨૧ |
| ૧૪માના છેલ્લા સમયે | | | મ૦ આ૦ | મનુ૦દ્વિક, જિનનામ | ઉચ્ચ | ૫ |

## -: ધ્રુવસત્તાક-અધ્રુવસત્તાકમાં ભાંગા :-

| પ્રકૃતિ | અનાદિ-અનંત ↓ | અનાદિ-સાંત ↓ | સાદિ-અનંત ↓ | સાદિ-સાંત ↓ | કુલ ↓ |
|---|---|---|---|---|---|
| ધ્રુવસત્તાક-અનંતા૦૪→ | ૪ | ૪ | | ૪ | ૧૨ |
| ધ્રુવસત્તાક-૧૨૬→ | ૧૨૬ | ૧૨૬ | | | ૨૫૨ |
| અધ્રુવસત્તાક-૨૮→ | – | – | | ૨૮ | ૨૮ |
| કુલ→ | +૧૩૦ | +૧૩૦ | | +૩૨ | =૨૯૨ |

ગુણઠાણામાં દર્શનસપ્તકની ધ્રુવાધ્રુવસત્તા :-

**पढमतिगुणेसु मिच्छं, नियमा अजयाइअट्ठगे भज्जं ।**
**सासाणे खलु सम्मं, संतं मिच्छाइदसगे वा ॥१०॥**

**सासणमीसेसु धुवं, मीसं मिच्छाइनवसु भयणाए ।**
**आइदुगे अण नियमा, भइया मीसाइनवगंमि ॥ ११॥**

प्रथमत्रिगुणेषु मिथ्यात्वं, नियमादयताद्यष्टके भाज्यम् ।
सास्वादने खलु सम्यग् सद् मिथ्यात्वादिदशके वा ॥ १०॥

सास्वादनमिश्रयोः ध्रुवं, मिश्रं मिथ्यात्वादिनवसु भजनया ।
आद्यद्विके अनन्तानुबन्धिनो नियता, भाज्या मिश्रादिनवके ॥ ११॥

ગાથાર્થ :- **મિથ્યાત્વની સત્તા પહેલા ત્રણ ગુણઠાણામાં નિયમા હોય છે અને અવિરતસમ્યગ્દૃષ્ટિ વગેરે આઠગુણઠાણામાં ભજનીય છે. તથા સમ્યક્ત્વમોહનીયની સત્તા સાસ્વાદનગુણઠાણામાં નિયમા હોય છે અને મિથ્યાત્વાદિ-૧૦ ગુણઠાણામાં વિકલ્પે હોય છે.**

**મિશ્રમોહનીયની સત્તા સાસ્વાદન અને મિશ્રમાં અવશ્ય હોય છે અને મિથ્યાત્વાદિ-૯ ગુણઠાણામાં વિકલ્પે હોય છે. તથા અનંતાનુબંધીની સત્તા પહેલા બે ગુણઠાણામાં નિયમા હોય છે અને મિશ્રાદિ-૯ ગુણઠાણામાં ભજનીય છે.**

**વિવેચન** :- ૧૫૮ પ્રકૃતિમાંથી જ્ઞાના૦૫+ દર્શના૦૬+ સં૦-લોભ+ નામ-**૭૧** [પંચે૦, ઔ૦૭, તૈજસ-કાર્મણ-૭, સં૦૬, સં૦૬, વર્ણાદિ-૨૦, વિહા૦૨, પરાઘાત, ઉપઘાત ઉચ્છ્વાસ, નિર્માણ, અગુરુલઘુ, ત્રસ-૧૦, અપર્યાપ્ત, અસ્થિરાદિ-૬]+ **નીચગોત્ર**+ અંત૦૫=૮૯ પ્રકૃતિની સત્તા પોતપોતાના સત્તાવિચ્છેદસ્થાન સુધીના દરેક ગુણઠાણામાં **ધ્રુવ=નિયમા** હોય છે અને નરકાયુ, દેવાયુ, તિર્યંચાયુ, આહારકસપ્તક, જિનનામ એ **૧૧** પ્રકૃતિની સત્તા પોતપોતાના સત્તાવિચ્છેદસ્થાન સુધીના દરેક ગુણઠાણામાં **અધ્રુવ=વિકલ્પે** હોય છે. બાકીની **૫૮** પ્રકૃતિની સત્તા પોતપોતાના સત્તાવિચ્છેદસ્થાન સુધીના ગુણઠાણામાંથી કોઈક ગુણઠાણે **ધ્રુવ=નિયમા** હોય છે અને કોઈક ગુણઠાણે **અધ્રુવ=વિકલ્પે** હોય છે. એમાંથી દર્શનસપ્તકની સત્તા કેટલા ગુણઠાણે **ધ્રુવ** છે અને કેટલા ગુણઠાણે **અધ્રુવ** છે. એ ગ્રન્થકારભગવંત કહી રહ્યાં છે.

**મિથ્યાત્વાદિ-૩ ગુણઠાણામાં મિથ્યાત્વની ધ્રુવસત્તા :-**

મિથ્યાત્વગુણઠાણે મિથ્યાત્વની સત્તા નિયમા હોય છે. સાસ્વાદન-ગુણઠાણે મોહનીયની ૨૮ પ્રકૃતિની સત્તાવાળો જ આવી શકે છે. તેથી સાસ્વાદને મિથ્યાત્વની સત્તા નિયમા હોય છે સમ્યક્ત્વગુણઠાણેથી મિશ્રગુણઠાણે આવેલા જીવોને ત્રણે પુંજ સત્તામાં હોવાથી મિથ્યાત્વની સત્તા નિયમા હોય છે અને મિથ્યાત્વગુણઠાણેથી મિશ્રગુણઠાણે આવેલા જીવોને પણ ૨૮ કે ૨૭ [સમ્યક્ત્વ વિના] પ્રકૃતિની સત્તા નિયમા હોય છે. તેથી પહેલા ત્રણ ગુણઠાણામાં મિથ્યાત્વની ધ્રુવસત્તા કહી છે.

**૮ ગુણઠાણામાં મિથ્યાત્વની અધ્રુવસત્તા :-**

૪થી ૧૧ સુધીના કુલ ૮ ગુણઠાણામાં ઉપશમસમ્યક્ત્વીને મિથ્યાત્વની સત્તા હોય છે અને ક્ષાયિકસમ્યક્ત્વીને નથી હોતી. તેથી ૮ ગુણઠાણામાં મિથ્યાત્વની અધ્રુવસત્તા કહી છે.

**સાસ્વાદનગુણઠાણામાં સ૦મો૦ની ધ્રુવસત્તા :-**

સાસ્વાદનગુણઠાણે મોહનીયની ૨૮ પ્રકૃતિની સત્તાવાળો જ આવી શકે છે. તેથી ત્યાં સમ્યક્ત્વમોહનીયની સત્તા અવશ્ય હોય છે.

**૧૦ગુણઠાણે સ૦મો૦ની અધ્રુવસત્તા :-**

ચોથાગુણઠાણેથી પહેલા ગુણઠાણે આવેલો જીવ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલા કાળે સ૦મો૦ને સંપૂર્ણ ઉવેલી નાંખે છે. તેથી તે જીવને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાળ સુધી સ૦મો૦ની સત્તા હોય છે. ત્યારપછી સ૦મો૦ની સત્તા હોતી નથી. અને અનાદિમિથ્યાદૃષ્ટિને ક્યારેય સ૦મો૦ની સત્તા હોતી નથી. તેથી મિથ્યાત્વગુણઠાણે સ૦મો૦ની અધ્રુવસત્તા કહી છે.

ચોથાગુણઠાણેથી[૯] ત્રીજાગુણઠાણે આવેલા જીવને ત્રણે પુંજ સત્તામાં

---

(૯) સિદ્ધાંતનાં મતે સંજ્ઞીપર્યાપ્તો પહેલાગુણઠાણેથી ત્રીજાગુણઠાણે આવી શકે છે. પણ ચોથાગુણઠાણેથી ત્રીજાગુણઠાણે આવી શકતો નથી.

હોય છે. તેથી મિશ્રગુણઠાણે સ૦મો૦ની સત્તા અવશ્ય હોય છે. તથા ચોથાગુણઠાણેથી પહેલાગુણઠાણે આવેલા જીવને સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના કરતાં કરતાં જો મિશ્રમોહનીયનો ઉદય થવાથી મિશ્રગુણઠાણું પ્રાપ્ત થઈ જાય, તો તે જીવને મિશ્રગુણઠાણે સ૦મો૦ની સત્તા અવશ્ય હોય છે અને સમ્યક્ત્વમોહનીયની સંપૂર્ણ ઉદ્વલના થઈ ગયા પછી મિશ્રમોહનીયની ઉદ્વલના કરતાં કરતાં જો મિશ્રમોહનીયનો ઉદય થવાથી મિશ્રગુણઠાણું પ્રાપ્ત થઈ જાય, તો તેને મિશ્રગુણઠાણે સ૦મો૦ની સત્તા હોતી નથી. એટલે મિશ્રગુણઠાણે સ૦મો૦ની અધ્રુવસત્તા કહી છે.

૪થી૧૧ ગુણઠાણા સુધી ઉપશમસમ્યક્ત્વીને સ૦મો૦ની સત્તા હોય છે અને ક્ષાયિકસમ્યક્ત્વીને સ૦મો૦ની સત્તા હોતી નથી. તેથી ૪થી૧૧ સુધીના ૮ ગુણઠાણામાં સ૦મો૦ની અધ્રુવસત્તા કહી છે.

**બીજા-ત્રીજાગુણઠાણે મિશ્રમોહનીયની ધ્રુવસત્તા :-**

સાસ્વાદનગુણઠાણે મોહનીયની ૨૮ પ્રકૃતિની સત્તાવાળો જ આવી શકે છે. તેથી સાસ્વાદને મિશ્રમોહનીયની સત્તા અવશ્ય હોય છે અને મિશ્રમોહનીયના ઉદય વિના મિશ્રગુણઠાણું પ્રાપ્ત થતું નથી. એટલે મિશ્રગુણઠાણે મિશ્રમોહનીયની સત્તા અવશ્ય હોય છે. તેથી તે બન્ને ગુણઠાણામાં મિશ્રમોહનીયની ધ્રુવસત્તા કહી છે.

**૯ ગુણઠાણામાં મિશ્રમોહનીયની અધ્રુવસત્તા :-**

સમ્યક્ત્વગુણઠાણાથી પડીને મિથ્યાત્વગુણઠાણે આવેલા જીવો જ્યાં સુધી મિશ્રમોહનીયની સંપૂર્ણ ઉદ્વલના ન કરે ત્યાં સુધી જ મિશ્રમોહનીયની સત્તા હોય છે. ત્યારબાદ મિશ્રમોહનીયની સત્તા હોતી નથી. અને અનાદિમિથ્યાદૃષ્ટિને ક્યારેય મિશ્રમોહનીય સત્તામાં હોતી નથી. તેથી મિથ્યાત્વગુણઠાણામાં મિશ્રમોહનીયની અધ્રુવસત્તા કહી છે. તથા ૪થી૧૧ ગુણઠાણામાં ઉપશમસમ્યક્ત્વીને મિશ્રમોહનીય સત્તામાં હોય છે અને ક્ષાયિકસમ્યક્ત્વીને મિશ્રમોહનીય સત્તામાં હોતી નથી. તેથી ૪થી૧૧ સુધીના કુલ ૮ ગુણઠાણામાં મિશ્રમોહનીયની અધ્રુવસત્તા કહી છે.

**પહેલા-બીજાગુણઠાણામાં અનંતાનુબંધીની ધ્રુવસત્તા :-**

અનંતાનુબંધી ધ્રુવબંધી હોવાથી બીજાગુણઠાણા સુધી નિરંતર બંધાય છે. તેથી બીજા ગુણઠાણા સુધી અનંતાનુબંધીની સત્તા અવશ્ય હોય છે. માટે પહેલા-બીજાગુણઠાણામાં અનંતાનુબંધીની ધ્રુવસત્તા કહી છે.

**૯ગુણઠાણામાં અનંતાનુબંધીની અધ્રુવસત્તા :-**

મિથ્યાત્વગુણઠાણાથી મિશ્રગુણઠાણે આવેલા જીવને અનંતાનુબંધીની સત્તા હોય છે. તથા ઉપશમસમ્યક્ત્વી કે અનંતાનુબંધીની વિસંયોજના ન કરી હોય એવા ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિ જીવો જો સમ્યક્ત્વ-ગુણઠાણાથી મિશ્રગુણઠાણે આવે, તો તેને અનંતાનુબંધીની સત્તા હોય છે અને અનંતાનુબંધીની વિસંયોજના કર્યા પછી સમ્યક્ત્વગુણઠાણાથી મિશ્રગુણઠાણે આવેલા જીવને અનંતાનુબંધીની સત્તા હોતી નથી. માટે મિશ્રગુણઠાણામાં અનંતાનુબંધીની અધ્રુવસત્તા કહી છે.

૪થી૧૧ ગુણઠાણામાં મોહનીયકર્મની ૨૮ પ્રકૃતિની સત્તાવાળા જીવને અનંતાનુબંધીની સત્તા હોય છે અને મોહનીયકર્મની ૨૪ પ્રકૃતિની સત્તાવાળા જીવને કે ક્ષાયિકસમ્યક્ત્વીને અનંતાનુબંધીની સત્તા હોતી નથી. માટે ૪થી૧૧ સુધીના ૮[૧૦] ગુણઠાણામાં અનંતાનુબંધીની અધ્રુવસત્તા કહી છે.

ગુણઠાણામાં આહારકસપ્તક અને જિનનામની અધ્રુવસત્તા :-

**आहारसत्तगं वा, सव्वगुणे बितिगुणे विणा तित्थं ।**
**नोभयसंते मिच्छो, अंतमुहुत्तं भवे तित्थे ॥१२॥**

---

(૧૦) કમ્મપયડીમાં પૂજ્યશ્રી શિવશર્મસૂરિમહારાજે કહ્યું છે કે "संजोयणा उ नियमा, दुसु पंचसु हुंति भइयव्वा" અર્થાત્ અનંતાનુબંધીની બે ગુણઠાણા સુધી ધ્રુવસત્તા છે અને ૩થી૭ સુધીના ૫ ગુણઠાણામાં અધ્રુવસત્તા છે. કારણકે અનંતાનુબંધીની વિસંયોજના કરનારો કે ક્ષય કરનારો જીવ જ શ્રેણી માંડી શકે છે. તેથી ૮થી૧૧ ગુણઠાણા સુધી અનંતાનુબંધીની સત્તા હોતી નથી.

आहारकसप्तकं वा सर्वगुणे द्वितीयतृतीयगुणे विना तीर्थम् ।
नोभयसत्तायां मिथ्यादृष्टिः, अन्तर्मुहूर्तं भवेत्तीर्थम् ॥१२॥

**ગાથાર્થ :- આહારકસપ્તકની સત્તા સર્વે ગુણઠાણામાં વિકલ્પે હોય છે. તીર્થંકર નામકર્મની સત્તા બીજા-ત્રીજાગુણઠાણા વિના બાકીના સર્વે ગુણઠાણામાં વિકલ્પે હોય છે. આહારકસપ્તક અને તીર્થંકરનામકર્મની સત્તાવાળો જીવ મિથ્યાદૃષ્ટિ ન હોય અને મિથ્યાત્વગુણઠાણે જિનનામની સત્તા અંતર્મુહૂર્ત જ હોય છે.**

**વિવેચન :-** કોઇક અપ્રમત્તસંયમી સાતમાગુણઠાણે આહારકદ્વિકને બાંધ્યા પછી ક્ષપકશ્રેણીમાંડીને ૧૪ ગુણઠાણા સુધી જાય છે અને કોઇક અપ્રમત્તસંયમી આહારકદ્વિકને બાંધ્યા પછી ત્યાંથી પડતો પડતો મિથ્યાત્વ-ગુણઠાણે પણ આવી જાય છે. તેથી દરેક ગુણઠાણામાં આહારકસપ્તકની સત્તા હોય છે. તથા જે જીવ આહારકદ્વિકને બાંધ્યા વિના જ ક્ષપકશ્રેણી માંડીને ૧૪ ગુણઠાણા સુધી જાય છે. તે જીવને ૧થી૧૪ ગુણઠાણે આહારકસપ્તકની સત્તા હોતી નથી. તેથી દરેક ગુણઠાણામાં આહારકસપ્તકની અધ્રુવસત્તા કહી છે.

જિનનામની સત્તાવાળો કોઇપણ જીવ તથાસ્વભાવે જ સાસ્વાદન અને મિશ્રગુણઠાણે જઇ શકતો નથી. તેથી બીજા-ત્રીજા ગુણઠાણે જિનનામની સત્તા હોતી નથી.

**૧૨ ગુણઠાણામાં જિનનામની અધ્રુવસત્તા :-**

કોઇક સમ્યગ્દૃષ્ટિ જીવ જિનનામને બાંધ્યા પછી ક્ષપકશ્રેણી માંડીને ૧૪ ગુણઠાણા સુધી જાય છે. તેથી ૪થી૧૪ ગુણઠાણા સુધી જિનનામની સત્તા હોય છે અને જે જીવ નરકાયુષ્ય બાંધ્યા પછી વિશુદ્ધ પરિણામ ઉત્પન્ન થવાથી ક્ષયોપશમસમ્યક્ત્વ પામીને તીર્થંકરનામકર્મને બાંધે છે. તે જીવ પોતાનું આયુષ્ય એક અંતર્મુહૂર્ત બાકી રહે છે. ત્યારે મિથ્યાત્વે ચાલ્યો જાય

છે. પછી મિથ્યાત્વગુણઠાણુ લઈને નરકમાં જાય છે. ત્યાં અંતર્મુહૂર્ત રહ્યાં પછી સમ્યક્ત્વગુણઠાણે આવી જાય છે. એટલે મિથ્યાત્વગુણઠાણામાં પણ અંતર્મુહૂર્તકાળ સુધી જિનનામની સત્તા હોય છે. તથા જે જીવ જિનનામને બાંધ્યા વિના જ ક્ષપકશ્રેણી માંડીને ૧૪ ગુણઠાણા સુધી જાય છે. તે જીવને ૧૪ ગુણઠાણા સુધી જિનનામની સત્તા હોતી નથી એટલે ૧લા અને ૪થી૧૪ સુધીના કુલ-૧૨ ગુણઠાણે જિનનામની અધ્રુવસત્તા કહી છે.

**આહારકસપ્તક + જિનનામ = ૮** પ્રકૃતિની સત્તાવાળો કોઈપણ જીવ તથાસ્વભાવે જ મિથ્યાત્વગુણઠાણે જતો નથી. તેથી મિથ્યાત્વગુણઠાણામાં કોઈપણ એક જીવને આહારકસપ્તક + જિનનામ = ૮ પ્રકૃતિની સત્તા હોતી નથી. એટલે કે મિથ્યાત્વગુણઠાણામાં આહા૦૭ની સત્તા હોય પણ જિનનામની સત્તા ન હોય એવો કોઈક મિથ્યાદૃષ્ટિ હોય છે અને જિનનામની સત્તા હોય પણ આહા૦૭ની સત્તા ન હોય એવો કોઈક મિથ્યાદૃષ્ટિ હોય છે. પણ આહા૦૭ + જિનનામ=૮ પ્રકૃતિની સત્તાવાળો કોઈપણ મિથ્યાદૃષ્ટિ હોતો નથી.

મિથ્યાત્વગુણઠાણે જિનનામની સત્તા અંતર્મુહૂર્ત જ હોય છે. કારણકે જે જીવ નરકાયુષ્ય બાંધ્યા પછી વિશુદ્ધપરિણામ ઉત્પન્ન થવાથી ક્ષયોપશમસમ્યક્ત્વ પામીને તીર્થંકરનામકર્મને બાંધે છે. તે જીવ પોતાનું આયુષ્ય એક અંતર્મુહૂર્ત બાકી રહે છે. ત્યારે મિથ્યાત્વગુણઠાણે ચાલ્યો જાય છે. પછી મિથ્યાત્વગુણઠાણા સહિત નરકમાં ઉત્પન્ન થાય છે. ત્યાં અંતર્મુહૂર્તકાળ જ મિથ્યાત્વગુણઠાણે રહીને સમ્યક્ત્વગુણઠાણે આવી જાય છે. તેથી મિથ્યાત્વગુણઠાણે જિનનામની સત્તા અંતર્મુહૂર્ત જ હોય છે.

એ પ્રમાણે, ૧૫૮ પ્રકૃતિમાંથી આહારકસપ્તક, જિનનામ દેવાયુ, નરકાયુ, તિર્યંચાયુ પોતપોતાના ગુણઠાણે અધ્રુવસત્તાક જ છે, અને જ્ઞાનાવરણીયાદિ-૮૯ પ્રકૃતિ પોતપોતાના ગુણઠાણે ધ્રુવસત્તાક જ છે. બાકીની ૫૮ પ્રકૃતિ કયા ગુણઠાણે ધ્રુવસત્તાક છે અને કયા ગુણઠાણે અધ્રુવસત્તાક છે. તે કોઠામાં બતાવ્યું છે.

## -: ગુણઠાણામાં ૫૮ પ્રકૃતિની ધ્રુવાધ્રુવસત્તા :-

| પ્રકૃતિ ↓ | કયા ગુણઠાણે ધ્રુવસત્તા હોય? | કયા ગુણઠાણે અધ્રુવસત્તા હોય? |
|---|---|---|
| થીણદ્ધિત્રિક | ૧થી૯માના ૧લા ભાગ સુધી..૧૧મે. | ૯માના બીજાભાગથી ૧૦ સુધી[૧૧] |
| શાતા-અશાતા | ૧થી ૧૪માના દ્વિચરમસમય સુધી.. | ચરમસમયે |
| મિથ્યાત્વમો૦ | ૧થી૩ સુધી | ૪થી ૧૧ સુધી |
| મિશ્રમોહનીય | બીજે-ત્રીજે | ૧લે..૪થી૧૧ સુધી |
| સમ્યક્ત્વમોહ૦ | બીજાગુણઠાણે | ૧લે...૩થી૧૧ સુધી |
| અનંતાનુબંધી | પહેલે-બીજે | ૩થી૧૧ સુધી |
| મધ્યમકષાય | ૧થી૯માના બીજાભાગસુધી... ૧૧મે. | ૯માના ત્રીજાભાગથી ૧૦ સુધી |
| સં૦ ક્રોધ | ૧થી૯માના ૭માભાગસુધી... ૧૧મે. | ૯માના ૮માભાગથી ૧૦ સુધી |
| સં૦ માન | ૧થી૯માના ૮માભાગસુધી... ૧૧મે. | ૯માના ૯માભાગથી ૧૦ સુધી |
| સં૦માયા | ૧થી૯સુધી...૧૧મે. | ૧૦ મે. |
| હાસ્યષટ્ક | ૧થી૯માના ૫ માભાગસુધી... ૧૧મે. | ૯માના ૬ઠ્ઠાભાગથી ૧૦ સુધી |
| નપુંસકવેદ | ૧થી૯માના ૩જાભાગસુધી... ૧૧મે. | ૯માના ૪થાભાગથી ૧૦ સુધી |
| સ્ત્રીવેદ | ૧થી૯માના ૪થાભાગસુધી... ૧૧મે. | ૯માના ૫ માભાગથી ૧૦ સુધી |
| પુરુષવેદ | ૧થી૯માના ૬ઠ્ઠાભાગસુધી... ૧૧મે. | ૯માના ૭માભાગથી ૧૦ સુધી |
| મનુષ્યાયુષ્ય | ૬થી૧૪ | ૧થી૫ સુધી... |
| નરકદ્વિક | ૨થી૯માના ૧લાભાગસુધી... ૧૧મે. | ૧લે...૯માના બીજાભાગથી૧૦સુધી |
| તિર્યંચદ્વિક | ૧થી૯માના ૧લાભાગસુધી... ૧૧મે. | ૯માના બીજાભાગથી ૧૦ સુધી |
| મનુષ્યદ્વિક | ૨થી૧૪ સુધી | ૧લે... |
| દેવદ્વિક | ૨થી૧૪માના દ્વિચરમસમય સુધી | ૧લે... |
| એકેન્દ્રિયાદિ-૪ | ૧થી૯માના ૧લાભાગસુધી... ૧૧મે. | ૯માના બીજાભાગથી ૧૦ સુધી |
| વૈક્રિય-૭ | ૨ થી ૧૪માના દ્વિચરમસમય સુધી | ૧લે... |
| આતપ-ઉદ્યોત | ૧થી૯માના ૧લાભાગસુધી... ૧૧મે. | ૯માના બીજાભાગથી ૧૦ સુધી |
| સ્થાવરદ્વિક | ૧થી૯માના ૧લાભાગસુધી... ૧૧મે. | ૯માના બીજાભાગથી ૧૦ સુધી |
| સાધારણ | ૧થી૯માના ૧લાભાગસુધી... ૧૧મે. | ૯માના બીજાભાગથી ૧૦ સુધી |
| ઉચ્ચગોત્ર | ૨થી૧૪ | ૧લે... |

(૧૧) ૯મા ગુણઠાણાના બીજાભાગથી ૧૦મા ગુણઠાણા સુધી ઉપશમકને થીણદ્ધિત્રિકની સત્તા હોય છે અને ક્ષપકને થીણદ્ધિત્રિકની સત્તા નથી હોતી. તેથી તે અધ્રુવસત્તાક જણાવી છે. એ જ રીતે મધ્યમકષાયાદિમાં પણ સમજવું.

ઘાતી- અઘાતી પ્રકૃતિ :-

**केवलजुयलावरणा, पणनिद्दा बारसाइमकसाया ।**
**मिच्छं ति सव्वघाई, चउनाणतिदंसणावरणा ॥१३॥**
**संजलणनोकसाया, विग्घं इय देसघाइ य अघाई ।**
**पत्तेयतणुट्ठाऊ, तसवीसा गोयदुग वन्ना ॥१४॥**

केवलयुगलावरणे पञ्च निद्रा द्वादशादिमकषायाः ।
मिथ्यात्वमिति सर्वघातिन्यः चतुर्ज्ञानत्रिदर्शनावरणम् ॥१३॥
सञ्ज्वलननोकषाया विघ्नमिति देशघातिन्योऽघातिन्यः ।
प्रत्येकतन्वष्टकाऽऽयूंषि त्रसविंशतिः गोत्रद्विकं वर्णाः ॥१४॥

**ગાથાર્થ :- કેવલજ્ઞાનાવરણીય, કેવલદર્શનાવરણીય, નિદ્રા-૫, પહેલા-૧૨ કષાય અને મિથ્યાત્વ એ-૨૦ સર્વઘાતી છે. જ્ઞાનાવરણીય-૪, દર્શનાવરણીય-૩, સંજ્વલનકષાય-૪, નોકષાય-૯, અંતરાય-૫ એ ૨૫ દેશઘાતી છે અને પ્રત્યેક-૮, શરીર-૫, ઉપાંગ-૩, સંસ્થાન-૬, સંઘયણ-૬, જાતિ-૫, ગતિ-૪, વિહાયોગતિ-૨, આનુપૂર્વી-૪, આયુષ્ય-૪, ત્રસાદિ-૨૦, ગોત્ર-૨, વેદનીય-૨, વર્ણાદિ-૪ એ ૭૫ પ્રકૃતિ અઘાતી છે.**

**વિવેચન** :- (૧) જે કર્મ જ્ઞાનાદિગુણનો ઘાત કરે છે, તે **"ઘાતી"** કહેવાય. જેમકે જ્ઞાના૦, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય..

(૨) જે કર્મ જ્ઞાનાદિગુણનો ઘાત કરતા નથી. તે **"અઘાતીકર્મ"** કહેવાય. જેમકે, વેદનીય, આયુષ્ય, ગોત્ર, નામકર્મ...

(૧) **ઘાતીકર્મ**:- તે-૨ પ્રકારે છે. (1) સર્વઘાતી (2) દેશઘાતી.

**(1) સર્વઘાતી** :- જે કર્મ પોતાનાથી ઢાંકવા યોગ્ય ગુણને સંપૂર્ણ ઢાંકે છે, તે **સર્વઘાતી** કહેવાય.

★ કેવલજ્ઞાનાવરણીયકર્મ કેવલજ્ઞાનને સંપૂર્ણ ઢાંકે છે. તેથી કેવલજ્ઞાનાવરણીયકર્મનો ઉદય હોય ત્યાં સુધી અલ્પાંશે પણ કેવળજ્ઞાન પ્રગટ થતું નથી. એટલે **કેવલજ્ઞાનાવરણીયકર્મ** સર્વઘાતી છે.

★ કેવલદર્શનાવરણીયકર્મ કેવલદર્શનને સંપૂર્ણ ઢાંકે છે. તેથી કેવલદર્શનાવરણીયકર્મનો ઉદય હોય ત્યાં સુધી અલ્પાંશે પણ કેવલદર્શન પ્રગટ થતું નથી. તેથી **કેવલદર્શનાવરણીયકર્મ** સર્વઘાતી છે.

★ નિદ્રાનામનું દર્શનાવરણીયકર્મ ક્ષાયોપશમિકદર્શનોપયોગનો ઘાત કરે છે. એટલે નિદ્રાના ઉદય વખતે જોવું, બોલવું, સાંભળવું વગેરે ક્રિયા સર્વથા અટકી જાય છે. તેથી **નિદ્રાપંચક** સર્વઘાતી છે.

**શંકા :- નિદ્રાના ઉદયમાં સ્વપ્ન વગેરે મનનું કાર્ય ચાલુ હોવાથી સર્વથા દર્શનોપયોગ અટકતો નથી. તેથી નિદ્રાને સર્વઘાતી કેમ કહેવાય?**

**સમાધાન :-** જેમ ઘનઘોર વાદળથી સૂર્ય ઢંકાયેલો હોવા છતાં પણ દિવસ-રાત્રીનું સ્પષ્ટજ્ઞાન થઈ શકે એવો અલ્પ પ્રકાશ અવશ્ય ખુલ્લો હોય છે તેમ નિદ્રા નામના ઘનઘાતી દર્શનાવરણીયકર્મના ઉદય વખતે ક્ષાયોપશમિક સ્થૂલ દર્શનોપયોગ સર્વથા અટકી જાય છે. પણ સૂક્ષ્મદર્શનોપયોગ ચાલુ રહે છે. જો સૂક્ષ્મદર્શનોપયોગ અટકી જાય તો જીવ જડ બની જાય. પણ એવું ક્યારેય બનતું નથી. એટલે નિદ્રાનામના ઘનઘાતી દર્શનાવરણીયકર્મના ઉદય વખતે પણ સ્વપ્નાદિ મનનું કાર્ય ચાલુ રહે છે. પણ સ્થૂલદર્શનોપયોગ અટકી જવાથી બોલવું, સાંભળવું, જોવું, વગેરે મોટાભાગની ક્રિયા સર્વથા અટકી જાય છે. તેથી નિદ્રાપંચકને સર્વઘાતી કહ્યું છે.

★ મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધીનો ઉદય હોય ત્યાં સુધી સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી. તેથી **મિથ્યાત્વ** અને **અનંતાનુબંધી** સર્વઘાતી છે.

★ અપ્રત્યાખ્યાનીયકષાયનો ઉદય હોય ત્યાં સુધી જીવ અલ્પ પણ હિંસાદિ-પાપપ્રવૃત્તિનું પચ્ચક્ખાણ કરી શકતો ન હોવાથી અપ્રત્યાખ્યાનીયકર્મ સર્વથા દેશવિરતિનો ઘાત કરે છે. તેથી તે સર્વઘાતી છે.

★ પ્રત્યાખ્યાનીયકષાયનો ઉદય હોય ત્યાં સુધી જીવ દીક્ષા લઈ શકતો ન હોવાથી પ્રત્યાખ્યાનીયકર્મ સર્વવિરતિનો ઘાત કરે છે. તેથી તે સર્વઘાતી છે.

**(2) દેશઘાતી :-** જે કર્મ પોતાનાથી ઢાંકવા યોગ્ય ગુણને કાંઈક અંશે ઢાંકે છે, તે **"દેશઘાતી"** કહેવાય.

★ જેમ સૂર્ય ઘનઘોર વાદળથી ઢંકાયેલો હોવા છતાં પણ દિવસ-રાત્રીનું સ્પષ્ટજ્ઞાન થઈ શકે એવો અલ્પપ્રકાશ અવશ્ય ખુલ્લો હોય છે. તેમ

કેવળજ્ઞાન ઘનઘાતીકર્મો દ્વારા ઢંકાયેલું હોવા છતાં પણ કેવળજ્ઞાનનો અનંતમો ભાગ=સંપૂર્ણ જ્ઞાનનો એક દેશ= આંશિક જ્ઞાન અવશ્ય ખુલ્લું રહી જાય છે. એ આંશિકજ્ઞાન પણ કાર્યની અપેક્ષાએ મતિ-શ્રુત-અવધિ-મન:પર્યવ એ-૪ વિભાગમાં વહેંચાઇ જાય છે. એટલે તે-૪ જ્ઞાન પણ સંપૂર્ણજ્ઞાનના [કેવલજ્ઞાનના] એક દેશરૂપ હોવાથી....

(૧) મતિજ્ઞાનને ઢાંકનાર **મતિજ્ઞાનાવરણીયકર્મ** દેશઘાતી છે.

(૨) શ્રુતજ્ઞાનને ઢાંકનાર **શ્રુતજ્ઞાનાવરણીયકર્મ** દેશઘાતી છે.

(૩) અવધિજ્ઞાનને ઢાંકનાર **અવધિજ્ઞાનાવરણીયકર્મ** દેશઘાતી છે.

(૪) મન:પર્યવજ્ઞાનને ઢાંકનાર **મન:પર્યવજ્ઞાનાવરણીયકર્મ** દેશઘાતી છે.

★ ઘનઘોર વાદળથી ઢંકાયેલા સૂર્યની જેમ કેવલદર્શન ઘનઘાતી-કર્મોથી ઢંકાયેલું હોવા છતાં પણ કેવળદર્શનનો અનંતમો ભાગ=સંપૂર્ણ દર્શનનો એક દેશ=આંશિકદર્શન અવશ્ય ખુલ્લું હોય છે. એ આંશિકદર્શન પણ કાર્યની અપેક્ષાએ ચક્ષુરાદિ-૩ વિભાગમાં વહેંચાઇ જાય છે. એટલે ચક્ષુરાદિ-૩ દર્શન પણ સંપૂર્ણ[કેવળ]દર્શનના એક દેશરૂપ હોવાથી..

(૧) ચક્ષુદર્શનને ઢાંકનાર **ચક્ષુદર્શનાવરણીયકર્મ** દેશઘાતી છે.

(૨) અચક્ષુદર્શનને ઢાંકનાર **અચક્ષુદર્શનાવરણીયકર્મ** દેશઘાતી છે.

(૩) અવધિદર્શનને ઢાંકનાર **અવધિદર્શનાવરણીયકર્મ** દેશઘાતી છે.

★ સંoકષાય અને નોકષાયના ઉદયથી સર્વવિરતિમાં [ક્ષાયોપશમિક ચારિત્રમાં] અતિચાર લાગતા હોવાથી કાંઇક અંશે ચારિત્રનો ઘાત થાય છે. તેથી **સંoકષાય** અને **નોકષાય** દેશઘાતી છે.

લોકમાં રહેલા સંપૂર્ણ પુદ્ગલદ્રવ્યના અનંતમા ભાગ જેટલા જ પુદ્ગલસ્કંધો ગ્રહણ-ધારણ યોગ્ય છે. એટલે સંપૂર્ણ પુદ્ગલદ્રવ્યના **"અનંતાભાગ"** કરવા. તેમાંથી એક અનંતમો ભાગ=એકદેશ જેટલું જ પુદ્ગલદ્રવ્ય લેવા-દેવા કે ભોગવવા યોગ્ય છે. જો કે તે એકભાગ જેટલા પણ પુદ્ગલદ્રવ્યને જીવ **આપી શકતો નથી, મેળવી શકતો નથી કે ભોગવી શકતો નથી.** તેમાંથી પણ થોડુંક જ પુદ્ગલદ્રવ્ય જીવ આપી શકે

છે, મેળવી શકે છે કે ભોગવી શકે છે. એટલે દાન કરવા યોગ્ય પુદ્ગલદ્રવ્ય જ અલ્પ છે. એટલે દાન કરવા યોગ્ય અલ્પપુદ્ગલદ્રવ્યમાં જ દાનાંતરાયકર્મ અંતરાય કરી શકે છે. તેથી તે દેશઘાતી છે. એ જ રીતે, મેળવવા યોગ્ય પુદ્ગલદ્રવ્ય જ અલ્પ છે. એટલે મેળવવા યોગ્ય અલ્પ પુદ્ગલદ્રવ્યમાં જ લાભાંતરાયકર્મ અંતરાય કરી શકે છે તેથી તે દેશઘાતી છે. એ જ રીતે, ભોગ્ય અને ઉપભોગ્ય સામગ્રી જ અલ્પ છે. એટલે ભોગ્ય અને ઉપભોગ્ય અલ્પ સામગ્રીમાં જ ભોગાન્તરાયકર્મ અને ઉપભોગાન્તરાયકર્મ અંતરાય કરી શકે છે. તેથી તે બન્ને કર્મ દેશઘાતી છે.

વીર્યાન્તરાયકર્મ સંપૂર્ણ વીર્યગુણનો ઘાત કરતું નથી. તેથી તે સર્વઘાતી નથી. કારણકે લબ્ધિ-અપર્યાપ્તા સૂક્ષ્મનિગોદીયા જીવો પણ કર્મગ્રહણ, આહાર લેવો, પરિણમાવવો, શરીર બનાવવું, વગેરે ક્રિયા કરી શકે છે. તેથી તે જીવોનો અલ્પ પણ વીર્યગુણ અવશ્ય ખુલ્લો હોય છે. જો તે જીવોનો થોડો પણ વીર્યગુણ ખુલ્લો ન હોય, તો તે જીવો આહાર ગ્રહણાદિ ક્રિયા કરી શકે નહીં. તેથી તે જડની જેમ નિશ્ચેષ્ટ બની જાય પણ એવું બનતું નથી. એ અનુભવ સિદ્ધ છે. એટલે લબ્ધિ અપર્યાપ્તા-સૂક્ષ્મનિગોદીયા જીવથી માંડીને ક્ષીણમોહગુણઠાણા સુધીના દરેક જીવો આહારગ્રહણાદિ અનેક નાની-મોટી ક્રિયાઓ કરી શકે છે તેથી તે દરેક જીવોનો અલ્પાંશે કે અધિકાંશે વીર્યગુણ અવશ્ય ખુલ્લો હોય છે. એટલે વીર્યાંતરાય કર્મો સંપૂર્ણ વીર્યગુણનો ઘાત કરતાં નથી. અલ્પાંશે કે અધિકાંશે જ વીર્યગુણનો ઘાત કરે છે. તેથી તે દેશઘાતી[૧૨] કહેવાય છે.

(૨) **અઘાતી**:- વેદનીય-૨+ આયુષ્ય-૪+ નામ-૬૭ [ગતિ-૪, જાતિ-૫, શરીર-૫, અંગોપાંગ-૩, સંઘ૦૬, સંસ્થાન-૬, વર્ણાદિ-૪, આનુપૂર્વી-૪, વિહાયો૦૨, પ્રત્યેક-૮, ત્રસ-૧૦, સ્થા૦૧૦]+ગોત્ર-**૨**=**૭૫** પ્રકૃતિ **અઘાતી** છે.

---

(૧૨) બંધની અપેક્ષાએ સર્વઘાતી-૨૦ અને દેશઘાતી-૨૫ પ્રકૃતિ કહી છે. પણ ઉદયની અપેક્ષાએ સર્વઘાતી ૨૦+મિશ્રમોહનીય=૨૧ પ્રકૃતિ છે અને દેશઘાતી ૨૫+સમ્યક્ત્વમોહનીય=૨૬ પ્રકૃતિ છે.

## -: ગુણઠાણામાં સર્વઘાતી - દેશઘાતી - અઘાતી :-

| ગુણસ્થાનક | સર્વઘાતી | | | | દેશઘાતી | | | | | અઘાતી | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જ્ઞાના૦ | દર્શ૦ | મોહ૦ | કુલ | જ્ઞાના૦ | દર્શના૦ | મોહ૦ | અંત૦ | કુલ | વેદ૦ | આયુ૦ | નામ | ગોત્ર | કુલ |
| મિથ્યાત્વ | ૧ | ૬ | ૧૩ | ૨૦ | ૪ | ૩ | ૧૩ | ૫ | ૨૫ | ૨ | ૪ | ૬૪ | ૨ | ૭૨ |
| સાસ્વાદન | ૧ | ૬ | ૧૨ | ૧૯ | ૪ | ૩ | ૧૨ | ૫ | ૨૪ | ૨ | ૩ | ૧૩ ૫૧ | ૨ | ૫૮ |
| મિશ્ર | ૧ | ૩ | ૮ | ૧૨ | ૪ | ૩ | ૧૧ | ૫ | ૨૩ | ૨ | | ૩૬ | ૧ | ૩૯ |
| સમ્યક્ત્વ | ૧ | ૩ | ૮ | ૧૨ | ૪ | ૩ | ૧૧ | ૫ | ૨૩ | ૨ | ૨ | ૩૭ | ૧ | ૪૨ |
| દેશવિરતિ | ૧ | ૩ | ૪ | ૮ | ૪ | ૩ | ૧૧ | ૫ | ૨૩ | ૨ | ૧ | ૩૨ | ૧ | ૩૬ |
| પ્રમત્ત | ૧ | ૩ | | ૪ | ૪ | ૩ | ૧૧ | ૫ | ૨૩ | ૨ | ૧ | ૩૨ | ૧ | ૩૬ |
| અપ્રમત્ત | ૧ | ૩ | | ૪ | ૪ | ૩ | ૯ | ૫ | ૨૧ | ૧ | ૧ | ૩૧ | ૧ | ૩૪ |
| અપૂર્વ૦ભાગ-૧ | ૧ | ૩ | | ૪ | ૪ | ૩ | ૯ | ૫ | ૨૧ | ૧ | | ૩૧ | ૧ | ૩૩ |
| ૨થી૬ ભાગ | ૧ | ૧ | | ૨ | ૪ | ૩ | ૯ | ૫ | ૨૧ | ૧ | | ૩૧ | ૧ | ૩૩ |
| ૭મો ભાગ | ૧ | ૧ | | ૨ | ૪ | ૩ | ૯ | ૫ | ૨૧ | ૧ | | ૧ | ૧ | ૩ |
| અનિ૦ભા-૧ | ૧ | ૧ | | ૨ | ૪ | ૩ | ૫ | ૫ | ૧૭ | ૧ | | ૧ | ૧ | ૩ |
| બીજોભાગ | ૧ | ૧ | | ૨ | ૪ | ૩ | ૪ | ૫ | ૧૬ | ૧ | | ૧ | ૧ | ૩ |
| ત્રીજોભાગ | ૧ | ૧ | | ૨ | ૪ | ૩ | ૩ | ૫ | ૧૫ | ૧ | | ૧ | ૧ | ૩ |
| ચોથોભાગ | ૧ | ૧ | | ૨ | ૪ | ૩ | ૨ | ૫ | ૧૪ | ૧ | | ૧ | ૧ | ૩ |
| પાંચમોભાગ | ૧ | ૧ | | ૨ | ૪ | ૩ | ૧ | ૫ | ૧૩ | ૧ | | ૧ | ૧ | ૩ |
| સૂક્ષ્મસંપ૦ | ૧ | ૧ | | ૨ | ૪ | ૩ | | ૫ | ૧૨ | ૧ | | ૧ | ૧ | ૩ |
| ૧૧થી૧૩ | | | | | | | | | | શાતા | | | | ૧ |

(૧૩) ગતિ-૩[નરકગતિ વિના]+પંચે૦+શરીર-૪[આહા૦ વિના]+અંગોપાંગ-૨[આ૦ અં૦ વિના]+સંઘ૦૫[છેવટ્ઠું વિના] સં૦૫[હુંડક વિના]+વર્ણાદિ-૪+આનુ૦૩+ વિહાયો૦૨+પ્રત્યેક-૬ [આતપ, જિનનામ વિના]+ત્રસ-૧૦+અસ્થિરાદિ-૬=૫૧

જેમ ચોરની સાથે રહેલો માણસ ચોર ન હોવા છતાં ચોર ગણાય છે. તેમ સર્વઘાતીની સાથે ભોગવાતી અઘાતીપ્રકૃતિ સર્વઘાતી ન હોવા છતાં પણ સર્વઘાતી જેવી થઇ જાય છે અને દેશઘાતીની સાથે ભોગવાતી અઘાતી પ્રકૃતિ દેશઘાતી ન હોવા છતાં પણ દેશઘાતી જેવી થઇ જાય છે.

પુણ્યપ્રકૃતિ :-

**सुरनरतिगुच्चसायं, तसदसतणुवंगवइरचउरंसं ।**
**परघासग तिरियाऊ, वन्नचऊपणिंदिसुभखगई ॥ १५॥**

सुरनरत्रिकोच्चैःसातं त्रसदशकं तनूपाङ्गवज्रचतुरस्रम् ।
पराघातसप्तकं तिर्यगायुः वर्णचतुष्कं पञ्चेन्द्रियशुभखगती ॥ १५॥

**ગાથાર્થ :- દેવત્રિક, મનુષ્યત્રિક, ઉચ્ચગોત્ર, શાતાવેદનીય, ત્રસાદિ-૧૦, શરીર-૫, અંગોપાંગ-૩, વજ્રઋષભનારાચસંઘયણ, સમચતુરસ્રસંસ્થાન, પરાઘાતસપ્તક, તિર્યંચાયુષ્ય, વર્ણાદિ-૪, પંચેન્દ્રિયજાતિ, શુભવિહાયોગતિ એ-૪૨ પુણ્યપ્રકૃતિ છે.**

**વિવેચનઃ-** પુણ્યપ્રકૃતિઓ શુભ અધ્યવસાયરૂપ શુભકારણથી જન્ય હોવાથી **"શુભ"** કહેવાય છે અને પાપપ્રકૃતિઓ અશુભ અધ્યવસાયરૂપ અશુભકારણથી જન્ય હોવાથી **"અશુભ"** કહેવાય છે.

**શંકા :- બંધમાં ૧૨૦ પ્રકૃતિ છે. તો અહીં પુણ્ય-૪૨+૮૨ પાપ=૧૨૪ પ્રકૃતિ કેમ કહી છે?**

**સમાધાનઃ-** પુણ્યપ્રકૃતિ સુખનો અનુભવ કરાવે છે અને પાપપ્રકૃતિ દુઃખનો અનુભવ કરાવે છે. એટલે ઉદયમાં પુણ્યપ્રકૃતિ અને પાપપ્રકૃતિ પરસ્પર વિરોધી છે. તેથી જે વર્ણચતુષ્ક પુણ્યસ્વરૂપ છે. એ જ વર્ણચતુષ્ક પાપસ્વરૂપ છે. એમ કહેવું યોગ્ય નથી. એટલે પુણ્યપ્રકૃતિમાં શુભવર્ણચતુષ્ક કહ્યું છે અને પાપપ્રકૃતિમાં અશુભવર્ણચતુષ્ક કહ્યું છે. તેથી કુલ-૧૨૪ પ્રકૃતિ કહી છે.

## -: ગુણઠાણામાં પાપ-પુણ્ય પ્રકૃતિ :-

| ગુણસ્થાનક | પુણ્યપ્રકૃતિ | | | | | પાપપ્રકૃતિ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | વેદનીય | આયુ૦ | નામ | ગોત્ર | કુલ | જ્ઞાના૦ | દર્શના૦ | વેદનીય | મોહ૦ | આયુ૦ | નામ | ગોત્ર | અંત૦ | કુલ |
| મિથ્યાત્વ | ૧ | ૩ | ૩૪ | ૧ | ૩૯ | ૫ | ૯ | ૧ | ૨૬ | ૧ | ૩૪ [૧૪] | ૧ | ૫ | ૮૨ |
| સાસ્વાદન | ૧ | ૩ | ૩૩ | ૧ | ૩૮ | ૫ | ૯ | ૧ | ૨૪ | | ૨૨ | ૧ | ૫ | ૬૭ |
| મિશ્ર | ૧ | | ૩૨ | ૧ | ૩૪ | ૫ | ૬ | ૧ | ૧૯ | | ૮ | | ૫ | ૪૪ |
| સમ્યક્ત્વ | ૧ | ૨ | ૩૩ | ૧ | ૩૭ | ૫ | ૬ | ૧ | ૧૯ | | ૮ | | ૫ | ૪૪ |
| દેશવિરતિ | ૧ | ૧ | ૨૮ | ૧ | ૩૧ | ૫ | ૬ | ૧ | ૧૫ | | ૮ | | ૫ | ૪૦ |
| પ્રમત્ત | ૧ | ૧ | ૨૮ | ૧ | ૩૧ | ૫ | ૬ | ૧ | ૧૧ | | ૮ | | ૫ | ૩૬ |
| અપ્રમત્ત | ૧ | ૧ | ૩૦ | ૧ | ૩૩ | ૫ | ૬ | | ૯ | | ૫ | | ૫ | ૩૦ |
| અપૂર્વ૦ ૧ભાગ | ૧ | | ૩૦ | ૧ | ૩૨ | ૫ | ૬ | | ૯ | | ૫ | | ૫ | ૩૦ |
| ૨થી૬ ભાગ | ૧ | | ૩૦ | ૧ | ૩૨ | ૫ | ૪ | | ૯ | | ૫ | | ૫ | ૨૮ |
| ૭મો ભાગ | ૧ | | ૧ | ૧ | ૩ | ૫ | ૪ | | ૯ | | | | ૫ | ૨૩ |
| અનિ૦ ભાગ-૧ | ૧ | | ૧ | ૧ | ૩ | ૫ | ૪ | | ૫ | | | | ૫ | ૧૯ |
| બીજોભાગ | ૧ | | ૧ | ૧ | ૩ | ૫ | ૪ | | ૪ | | | | ૫ | ૧૮ |
| ત્રીજોભાગ | ૧ | | ૧ | ૧ | ૩ | ૫ | ૪ | | ૩ | | | | ૫ | ૧૭ |
| ચોથોભાગ | ૧ | | ૧ | ૧ | ૩ | ૫ | ૪ | | ૨ | | | | ૫ | ૧૬ |
| પાંચમોભાગ | ૧ | | ૧ | ૧ | ૩ | ૫ | ૪ | | ૧ | | | | ૫ | ૧૫ |
| સૂક્ષ્મસંપ૦ | ૧ | | ૧ | ૧ | ૩ | ૫ | ૪ | | | | | | ૫ | ૧૪ |
| ૧૧થી૧૩ | ૧ | | | | ૧ | | | | | | | | | |

(૧૪) નરકદ્વિક+તિર્યંચદ્વિક+એકેન્દ્રિય+વિકલેન્દ્રિય+સંઘયણ-૫+સંસ્થાન-૫+વર્ણાદિ-૪+અશુભવિહાયોગતિ+ઉપઘાત+સ્થાવરાદિ-૧૦=૩૪

પાપપ્રકૃતિ :-

**बायालपुन्नपगई, अपढमसंठाणखगइसंघयणा ।**
**तिरिदुगअसायनीओ-वघायइगविगलनिरयतिगं ॥ १६ ॥**
**थावरदशवन्नचउक्क, घाई पणयाल सहिअ बासीई ।**
**पावपयडित्ति दोसु वि, वन्नाइगहा सुहा असुहा ॥ १७ ॥**

द्विचत्वारिंशत्पुण्यप्रकृतयः अप्रथमसंस्थानखगतिसंहननानि ।
तिर्यग्द्विकमसातं नीचोपघातमेकविकलनरकत्रिकम् ॥ १६ ॥
स्थावरदशकं वर्णचतुष्कं घातिपञ्चचत्वारिंशत्सहिता द्व्यशीतयः ।
पापप्रकृतय इति द्वयोरपि वर्णादिग्रहात् शुभा अशुभाः ॥ १७ ॥

ગાથાર્થઃ- ૪૨ પુણ્યપ્રકૃતિ છે અને પહેલા સિવાયના ૫ સંસ્થાન, અશુભવિહાયોગતિ, પહેલા સિવાયના ૫ સંઘયણ, તિર્યંચદ્વિક, અશાતાવેદનીય, નીચગોત્ર, ઉપઘાત, એકેન્દ્રિયજાતિ, વિકલેન્દ્રિય, નરકત્રિક, સ્થાવરદશક, વર્ણાદિચતુષ્ક અને ઘાતી-૪૫ મળીને ૮૨ પાપ-પ્રકૃતિ છે. પુણ્ય અને પાપ બન્નેમાં વર્ણાદિચતુષ્ક કહેલું હોવાથી પુણ્ય-પ્રકૃતિમાં શુભવર્ણાદિચતુષ્ક અને પાપપ્રકૃતિમાં અશુભવર્ણાદિ-ચતુષ્ક લેવું..

અપરાવર્તમાન પ્રકૃતિઃ-

**नामधुवबंधिनवगं दंसण-पणनाण-विग्घ-परघायं ।**
**भय-कुच्छ-मिच्छ-सासं जिणगुणतीसा अपरियत्ता ॥ १८ ॥**

नामध्रुवबन्धिनवकं दर्शनं पञ्चज्ञान-विघ्नं पराघातम् ।
भयकुत्सामिथ्यात्वोच्छ्वासं जिन एकोनत्रिंशदपरिवृत्ताः ॥ १८ ॥

ગાથાર્થ :- નામકર્મની ધ્રુવબંધી-૯, દર્શનાવરણીય-૪, જ્ઞાનાવરણીય-૫, અંતરાય-૫, પરાઘાત, ભય-જુગુપ્સા, મિથ્યાત્વ, ઉચ્છ્વાસ, અને જિનનામ એ ૨૯ પ્રકૃતિ અપરાવર્તમાન છે.

**વિવેચન** :- જ્ઞાના૦૫+દર્શના૦૪+ મોહનીય-૩ [મિથ્યાત્વ+ ભય-જુગુ૦] નામ-**૧૨** [તૈ૦શ૦, કા૦શ૦, વર્ણાદિ-૪, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્‌વાસ, જિનનામ]+અંત૦**૫=૨૯** પ્રકૃતિ **બંધ** અને **ઉદય** બન્નેમાં **અપરાવર્તમાન** છે.

**૧૬ કષાય+ ૫ નિદ્રા=૨૧ પ્રકૃતિ** પોતાના બંધ વખતે બીજી સજાતીય પ્રકૃતિનો બંધ અટકાવતી નથી. તેથી તે બંધમાં અપરાવર્તમાન છે અને ઉદયમાં પરસ્પર વિરોધી હોવાથી તે બીજી સજાતીય પ્રકૃતિનો ઉદય અટકાવીને પોતે ઉદયમાં આવે છે. તેથી તે ઉદયમાં પરાવર્તમાન છે. એટલે **બંધ**માં કુલ **૨૯+૨૧=૫૦ અપરાવર્તમાન** છે.

સ્થિર-અસ્થિર અને શુભ-અશુભ એ-૪ પ્રકૃતિ બંધમાં પરસ્પર વિરોધી હોવાથી બીજી સજાતીય પ્રકૃતિનો બંધ અટકાવીને પોતાનો બંધ શરૂ કરે છે. તેથી તે બંધમાં પરાવર્તમાન છે અને પોતાના ઉદય વખતે બીજી સજાતીયપ્રકૃતિનો ઉદય અટકાવતી નથી. તેથી તે ઉદયમાં અપરા-વર્તમાન છે. એટલે **ઉદયમાં**- ૨૯+૪=૩૩ પ્રકૃતિ **અપરાવર્તમાન** છે.

પરાવર્તમાન અને ક્ષેત્રવિપાકી પ્રકૃતિ :-

**तणुअट्ठवेयदुजुअल, कसायउज्जोअगोअदुगनिद्दा ।**
**तसवीसाउ परित्ता, खित्तविवागाऽणुपुव्वीओ ॥ १९॥**

तन्वष्टकं वेदा द्वियुगलं कषाया उद्योतगोत्रद्विकं निद्राः ।
त्रसविंशतिरायूंषि परिवृत्ताः, क्षेत्रविपाकानुपूर्व्यः ॥ १९॥

**ગાથાર્થ :- તનુ-અષ્ટક, વેદ-૩, હાસ્યાદિ બેયુગલ, કષાય-૧૬, ઉદ્યોતદ્વિક, ગોત્રદ્વિક [ગોત્ર-૨, વેદનીય-૨], નિદ્રા-૫, ત્રસાદિ-૨૦ અને આયુષ્ય-૪... એ-૯૧ પ્રકૃતિ પરાવર્તમાન છે.**

**વિવેચન** :- નિદ્રા-**૫**+ વેદનીય-**૨**+ મોહનીય-૨૩ [૧૬ કષાય, ૨ યુગલ, ૩વેદ]+આયુ૦૪+નામ-**૫૫** [ગતિ-૪, જાતિ-૫, શરીર-૩, અંગોપાંગ-૩, સંઘ૦૬, સંસ્થાન-૬, આનુ૦૪, વિહા૦૨, આતપ, ઉદ્યોત,

ત્રસ-૧૦, સ્થાવર-૧૦]+ ગોત્ર-૨=૯૧ પ્રકૃતિ પરાવર્તમાન છે. તેમાંથી ૧૬કષાય+ ૫ નિદ્રા+ સ્થિર-અસ્થિર+શુભાશુભ= ૨૫ પ્રકૃતિ કાઢી નાંખતાં બાકીની ૬૬ પ્રકૃતિ બંધ અને ઉદય બન્નેમાં પરાવર્તમાન છે. કારણકે તે દરેક પ્રકૃતિ બંધમાં પરસ્પર વિરોધી હોવાથી અન્ય સજાતીયનો બંધ અટકાવીને પોતાનો બંધ શરૂ કરે છે અને ઉદયમાં પણ પરસ્પર વિરોધી હોવાથી બીજી સજાતીય પ્રકૃતિનો ઉદય અટકાવીને પોતે ઉદયમાં આવે છે તેથી તે **૬૬** પ્રકૃતિ બંધ અને ઉદય બન્નેમાં પરાવર્તમાન છે.

૧૬ કષાય+૫ નિદ્રા=૨૧ પ્રકૃતિ બંધમાં અપરાવર્તમાન છે પણ ઉદયમાં પરાવર્તમાન છે. એટલે **ઉદયમાં** કુલ **૬૬+૨૧=૮૭** પ્રકૃતિ **પરાવર્તમાન** છે.

સ્થિર-અસ્થિર અને શુભ-અશુભ એ ૪ પ્રકૃતિ ઉદયમાં અપરાવર્તમાન છે. પણ બંધમાં પરાવર્તમાન છે એટલે **બંધમાં** કુલ **૬૬+૪=૭૦ પ્રકૃતિ પરાવર્તમાન** છે.

**વિપાક= ફળનો અનુભવ....**

કર્મવિપાકી પ્રકૃતિ કુલ-૪ પ્રકારે કહી છે. (૧) **ક્ષેત્રવિપાકી** (૨) **જીવવિપાકી** (૩) **ભવવિપાકી** (૪) **પુદ્ગલવિપાકી.**

(૧) **ક્ષેત્રવિપાકી :- જે પ્રકૃતિ પોતાનું ફળ પરભવમાં જતાં જીવને વળાંકવાળા ક્ષેત્રમાં જ બતાવે છે, તે "ક્ષેત્રવિપાકી" કહેવાય.** દા૦ત૦ આનુપૂર્વી-૪...

એકભવમાંથી બીજાભવમાં જતી વખતે મરણસ્થાનથી ઉત્પત્તિસ્થાન જો સમશ્રેણીમાં હોય, તો જીવ ઋજુગતિથી ઉત્પત્તિસ્થાને પહોંચી જાય છે. પણ જો મરણસ્થાનથી ઉત્પત્તિસ્થાન વિષમશ્રેણીમાં હોય, તો આનુપૂર્વીનામકર્મ સમશ્રેણી પર ચાલતાં જીવને અટકાવીને કોણી આકારે એક વળાંકમાં અથવા હળ આકારે બે વળાંકમાં અથવા ગોમૂત્રિકા આકારે ત્રણ વળાંકમાં વાળીને ક્રમશઃ બીજા-ત્રીજા-ચોથા સમયે ઉત્પત્તિસ્થાને પહોંચાડી દેવાનું કામ કરે છે. તેથી તે ક્ષેત્રવિપાકી કહેવાય.

## -: ગુણઠાણામાં પરાવર્તમાન - અપરાવર્તમાન પ્રકૃતિ :-

| ગુણસ્થાનક | અપરાવર્તમાન | | | | | | પરાવર્તમાન | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જ્ઞાન૦ | દર્શ૦ | મોહ૦ | નામ | અંત૦ | કુલ | દર્શ૦ | વેદ૦ | મો૦ | આ૦ | નામ | ગોત્ર | કુલ |
| મિથ્યાત્વ | ૫ | ૪ | ૩ | ૧૧ | ૫ | ૨૮ | ૫ | ૨ | ૨૩ | ૪ | ૫૩ | ૨ | ૮૯ |
| સાસ્વાદન | ૫ | ૪ | ૨ | ૧૧ | ૫ | ૨૭ | ૫ | ૨ | ૨૨ | ૩ | ૪૦ | ૨ | ૭૪ |
| મિશ્ર | ૫ | ૪ | ૨ | ૧૧ | ૫ | ૨૭ | ૨ | ૨ | ૧૭ | | ૨૫ | ૧ | ૪૭ |
| સમ્યક્ત્વ | ૫ | ૪ | ૨ | ૧૨ | ૫ | ૨૮ | ૨ | ૨ | ૧૭ | ૨ | ૨૫ | ૧ | ૪૯ |
| દેશવિરતિ | ૫ | ૪ | ૨ | ૧૨ | ૫ | ૨૮ | ૨ | ૨ | ૧૩ | ૧ | ૨૦ | ૧ | ૩૯ |
| પ્રમત્ત | ૫ | ૪ | ૨ | ૧૨ | ૫ | ૨૮ | ૨ | ૨ | ૯ | ૧ | ૨૦ | ૧ | ૩૫ |
| અપ્રમત્ત | ૫ | ૪ | ૨ | ૧૨ | ૫ | ૨૮ | ૨ | ૧ | ૭ | ૧ | ૧૯ | ૧ | ૩૧ |
| અપૂર્વકરણભાગ-૧ | ૫ | ૪ | ૨ | ૧૨ | ૫ | ૨૮ | ૨ | ૧ | ૭ | | ૧૯ | ૧ | ૩૦ |
| ૨થી૬ભાગ | ૫ | ૪ | ૨ | ૧૨ | ૫ | ૨૮ | | ૧ | ૭ | | ૧૯ | ૧ | ૨૮ |
| ૭મો ભાગ | ૫ | ૪ | ૨ | | ૫ | ૧૬ | | ૧ | ૭ | | ૧ | ૧ | ૧૦ |
| અનિવૃત્તિભાગ-૧ | ૫ | ૪ | | | ૫ | ૧૪ | | ૧ | ૫ | | ૧ | ૧ | ૮ |
| બીજોભાગ | ૫ | ૪ | | | ૫ | ૧૪ | | ૧ | ૪ | | ૧ | ૧ | ૭ |
| ત્રીજોભાગે | ૫ | ૪ | | | ૫ | ૧૪ | | ૧ | ૩ | | ૧ | ૧ | ૬ |
| ચોથો ભાગ | ૫ | ૪ | | | ૫ | ૧૪ | | ૧ | ૨ | | ૧ | ૧ | ૫ |
| પાંચમો ભાગ | ૫ | ૪ | | | ૫ | ૧૪ | | ૧ | ૧ | | ૧ | ૧ | ૪ |
| સૂક્ષ્મસંપરાય | ૫ | ૪ | | | ૫ | ૧૪ | | ૧ | | | ૧ | ૧ | ૩ |
| ૧૧થી૧૩ | | | | | | | | શાતા | | | | | ૧ |

(૧૫) અહીં સામાન્યથી ગુણઠાણામાં પરાવર્તમાનપ્રકૃતિ કહી છે. વિશેષથી તો કેટલીક પરાવર્તમાન પ્રકૃતિ ઉપર-ઉપરના ગુણઠાણે અપરાવર્તમાન બને છે. દા[illegible] સાતમા ગુણઠાણાથી શાતાનો બંધ અપરાવર્તમાન બને છે.

જીવવિપાકી અને ભવવિપાકી પ્રકૃતિ :-

**घणघाइदुगोयजिणा तसियरतिग सुभगदुभगचउसासं ।**
**जाइतिग जिय विवागा आऊ चउरो भवविवागा ॥ २०॥**

घनघातिन्यो गोत्रद्विकं जिनः त्रसेतरत्रिकं सुभगदुर्भगचतुष्कमुच्छ्वासम् ।
जातित्रिकं जीवविपाका आयूंषि चत्वारि भवविपाकाः ॥ २०॥

ગાથાર્થ :- **ઘનઘાતી-૪૭, ગોત્ર-૨, વેદનીય-૨, જિનનામ, ત્રસત્રિક, સ્થાવરત્રિક, સુભગ-૪, દુર્ભગ-૪, ઉચ્છ્વાસ, જાતિત્રિક [પાંચજાતિ, ૪ ગતિ, વિહાયોગતિ-૨] એ-૭૮ પ્રકૃતિ જીવવિપાકી છે અને ચાર આયુષ્ય ભવવિપાકી છે.**

**વિવેચન** :- જ્ઞાના૦૫+દર્શના૦૯+વેદનીય-૨+મોહનીય-૨૮+ નામ-૨૭ [ગતિ-૪, જાતિ-૫, વિહા૦૨, જિનનામ, ઉચ્છ્વાસ, ત્રસ-૩, સ્થાવર-૩, સુભગ-૪, દુર્ભગ-૪]+ગોત્ર-૨+અંત૦૫=૭૮ પ્રકૃતિ **જીવવિપાકી** છે.

**જે કર્મપ્રકૃતિ પોતાના ફળનો અનુભવ સીધો જીવને જ કરાવે છે, તે જીવવિપાકી કહેવાય.** જેમ કે, જ્ઞાનાવરણીયકર્મ જીવને અજ્ઞાની બનાવે છે. દર્શનાવરણીયકર્મ જીવને આંધળો, બહેરો, બોબડો બનાવે છે. વેદનીયકર્મ જીવને સુખી-દુઃખી કરે છે. દર્શનમોહનીયકર્મ જીવના ક્ષાયિકસમ્યક્ત્વ ગુણને હણે છે. ચારિત્રમોહનીયકર્મ જીવના ચારિત્રગુણને હણે છે. ગતિનામકર્મ જીવને દેવાદિ-પર્યાયની પ્રાપ્તિ કરાવે છે. જાતિનામકર્મ હીનાધિક ચૈતન્યની પ્રાપ્તિ કરાવે છે. અંતરાયકર્મ જીવને દાનાદિ કરતો અટકાવે છે.

શંકા :- **આયુષ્યકર્મના વિપાકથી જીવને દેવાદિભવમાં ઉત્પન્ન થવું પડે છે. આનુપૂર્વીનામકર્મ પરભવમાં જતાં જીવને વળાંકમાં વાળીને ઉત્પત્તિસ્થાને પહોંચાડે છે. ઔદારિકશરીરનામકર્મથી શરીરને યોગ્ય પુદ્ગલસ્કંધોનું ગ્રહણાદિ કાર્યરૂપ વિપાક જીવમાં થાય છે. તેથી ભવવિપાકી વગેરે પ્રકૃતિઓ પણ પોતાનો વિપાક જીવમાં બતાવતી હોવાથી દરેક પ્રકૃતિને જીવવિપાકી કહેવામાં શું વાંધો છે?**

**સમાધાન** :- દરેક પ્રકૃતિની અસર સાક્ષાત્ કે પરંપરાએ (શરીર

દ્વારા) જીવને જ થાય છે. દરેક કર્મોનો ભોક્તા જીવ જ છે. તો પણ તે તે આયુષ્યકર્મ પોતાનો વિપાક તે તે ભવમાં જ બતાવે છે. આનુપૂર્વી પોતાનો વિપાક વળાંકવાળા ક્ષેત્રમાં જ બતાવે છે. પુદ્ગલ વિપાકી પ્રકૃતિ પોતાનો વિપાક સાક્ષાત્ પુદ્ગલમાં [શરીરમાં] બતાવે છે. તેથી ભવવિપાકી વગેરે પ્રકૃતિમાં ભવાદિની પ્રધાનતા હોવાથી તેને ભવવિપાકી વગેરે કહી છે.

**ભવવિપાકી :- જે કર્મપ્રકૃતિ પોતાનો વિપાક (ફળ) દેવાદિભવમાં જ બતાવે છે તે ભવવિપાકી કહેવાય.** દા૦ત૦ દેવાદિ-૪ આયુષ્ય...

કોઈપણ જીવ ચાલુભવમાં જ પરભવનું આયુષ્ય બાંધે છે પણ જ્યાં સુધી પરભવાયુનો ઉદય થતો નથી ત્યાં સુધી જીવ પરભવમાં જતો નથી. એટલે તે તે આયુનો વિપાક તે તે ભવમાં જ થાય છે. તેથી આયુષ્યકર્મ ભવવિપાકી છે..

**શંકા :- આયુષ્યકર્મની જેમ ગતિનામકર્મ પણ દેવાદિભવમાં જ વિપાક બતાવે છે. તેથી ગતિનામકર્મને પણ ભવવિપાકી કહો ને?**

**સમાધાન :-** આયુષ્યકર્મ વિપાકોદયથી જ ભોગવાય છે. પ્રદેશોદય ભોગવાતું નથી એટલે મનુષ્યભવમાં જ મનુષ્યાયુષ્ય ભોગવાય છે. દેવભવમાં મનુષ્યાયુષ્ય ભોગવાતું નથી. તેથી આયુષ્યકર્મ પોતાના ભવની સાથે અવ્યભિચારી છે. તેથી આયુષ્યકર્મ ભવવિપાકી કહેવાય પણ ગતિનામકર્મ વિપાકોદયથી અને પ્રદેશોદયથી ભોગવાય છે એટલે મનુષ્યભવમાં મનુષ્યગતિનામકર્મ વિપાકોદયથી ભોગવાય છે અને દેવભવમાં મનુષ્યગતિ-નામકર્મ પ્રદેશોદયથી ભોગવાય છે. તેથી ગતિનામકર્મ પોતાના ભવની સાથે વ્યભિચારી છે. એટલે ગતિનામકર્મ ભવવિપાકી ન કહેવાય.

પુદ્ગલવિપાકી પ્રકૃતિ :-

**नामधुवोदय-चउतणु-वघायसाहारणिअरुजोयतिगं ।**
**पुग्गलविवागि बंधो पयइट्ठिइरसपएसत्ति ॥ २१ ॥**

नामधुवोदयास्तनुचतुष्कोपघातसाधारणेतरोद्योतत्रिकम् ।
पुद्गलविपाकिन्यो बन्धः, प्रकृतिस्थितिरसप्रदेशा इति ॥ २१ ॥

**ગાથાર્થ :- નામકર્મની ધ્રુવોદયી-૧૨, શરીરચતુષ્ક [શરીર-૩, અંગોપાંગ-૩, સં૦-૬, સં૦૬] ઉપઘાત, સાધારણ, પ્રત્યેક, ઉદ્યોત, આતપ, પરાઘાત એ-૩૬ પ્રકૃતિ પુદ્ગલવિપાકી છે અને કર્મબંધ-૪ પ્રકારે છે. (૧) પ્રકૃતિબંધ, (૨) સ્થિતિબંધ (૩) રસબંધ (૪) પ્રદેશબંધ..**

**વિવેચન :-** જે કર્મપ્રકૃતિ પોતાનું ફળ શરીરરૂપે પરિણમેલા પુદ્ગલ પરમાણુમાં બતાવે છે, તે **પુદ્ગલવિપાકી** કહેવાય. જેમકે, ઔદારિકાદિ શરીરનામકર્મના ઉદયથી ગ્રહણ કરેલા ઔદારિકાદિ-પુદ્ગલસ્કંધો ઔદારિકાદિ શરીરરૂપે પરિણમે છે. અંગોપાંગનામકર્મના ઉદયથી શરીરરૂપે પરિણમેલા પુદ્ગલોમાંથી અંગોપાંગ તૈયાર થાય છે. સંઘયણ નામકર્મના ઉદયથી શરીરમાં હાડકાની વિશિષ્ટરચના થાય છે. વર્ણાદિનામકર્મના ઉદયથી શરીરરૂપે પરિણમેલા પુદ્ગલસ્કંધોમાં તે તે ચોક્કસ વર્ણાદિ ઉત્પન્ન થાય છે. સંસ્થાનનામકર્મના ઉદયથી શરીરની સમ કે વિષમ આકૃતિ થાય છે. નિર્માણનામકર્મના ઉદયથી ઔદારિકાદિ પુદ્ગલમાંથી તૈયાર થયેલા અંગોપાંગ યોગ્યસ્થાને ગોઠવાઈ જાય છે. સ્થિરનામકર્મ હાડકા, દાંતાદિને સ્થિર રાખે છે. અસ્થિરનામકર્મ જીભ વગેરેને અસ્થિર રાખે છે. ઉપઘાત, ઉદ્યોતાદિ કર્મપ્રકૃતિઓ પણ શરીરરૂપે પરિણમેલા પુદ્ગલોમાં પોતાનો વિપાક બતાવે છે. તેથી તે દરેક પ્રકૃતિ પુદ્ગલવિપાકી છે.

**શંકા :- ઉનાળામાં ચંદનાદિના વિલેપનથી રતિ થાય છે અને કાંટાદિ વાગવાથી અરતિ થાય છે. એટલે રતિ-અરતિનો વિપાક પુદ્ગલને આશ્રયીને થતો હોવાથી રતિ-અરતિને પુદ્ગલવિપાકી કહો ને?**

**સમાધાનઃ-** ચંદનાદિ પુદ્ગલના સંબંધથી જ રતિ-અરતિનો વિપાક થાય છે એવો એકાંતે નિયમ નથી કારણકે પુદ્ગલના સંબંધ વિના પણ રતિ-અરતિનો વિપાક થાય છે. જેમ કે, પ્રિયવ્યક્તિના સ્મરણથી જીવને રતિ થાય છે અને અપ્રિય વ્યક્તિના સ્મરણથી જીવને અરતિ થાય છે. એટલે રતિ-અરતિનો વિપાક પુદ્ગલના સંબંધ વિના પણ થાય છે. તેથી રતિ-અરતિનો વિપાક પુદ્ગલની સાથે વ્યભિચારી છે. માટે રતિ-અરતિને પુદ્ગલ વિપાકી ન કહેવાય.

## -: ગુણઠાણામાં જીવ-ભવ-ક્ષેત્ર-પુદ્ગલવિપાકી પ્રકૃતિ :-

| ગુણસ્થાનક | જીવ-વિપાકી | | | | | | | | ભવ-વિપાકી | ક્ષેત્ર-વિપાકી | પુદ્ગલ-વિપાકી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જ્ઞાના૦ | દર્શ૦ | વેદનીય | મોહ૦ | નામ | ગોત્ર | અંત૦ | કુલ | આયુષ્ય | આનુપૂર્વી | નામકર્મ |
| મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨૬ | ૨ | ૫ | ૭૫ | ૪ | ૪ | ૩૪ |
| સાસ્વાદન | ૫ | ૯ | ૨ | ૨૫ | ૨૪ | ૨ | ૫ | ૭૨ | ૪ | ૪ | ૩૨ |
| મિશ્ર | ૫ | ૯ | ૨ | ૨૨ | ૧૯ | ૨ | ૫ | ૬૪ | ૪ | | ૩૨ |
| સમ્યક્ત્વ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૧૯ | ૨ | ૫ | ૬૪ | ૪ | ૪ | ૩૨ |
| દેશવિરતિ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૧૪ | ૨ | ૫ | ૫૫ | ૨ | | ૩૦ |
| પ્રમત્ત | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧૩ | ૧ | ૫ | ૪૯ | ૧ | | ૩૧ |
| અપ્રમત્ત | ૫ | ૬ | ૨ | ૧૪ | ૧૩ | ૧ | ૫ | ૪૬ | ૧ | | ૨૯ |
| અપૂર્વકરણ | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧૩ | ૧ | ૫ | ૪૫ | ૧ | | ૨૬ |
| અનિવૃત્તિ | ૫ | ૬ | ૨ | ૭ | ૧૩ | ૧ | ૫ | ૩૯ | ૧ | | ૨૬ |
| સૂક્ષ્મસંપરાય | ૫ | ૬ | ૨ | ૧ | ૧૩ | ૧ | ૫ | ૩૩ | ૧ | | ૨૬ |
| ઉપશાંતમોહ | ૫ | ૬ | ૨ | | ૧૩ | ૧ | ૫ | ૩૨ | ૧ | | ૨૬ |
| ક્ષીણમોહ | ૫ | ૬ | ૨ | | ૧૩ | ૧ | ૫ | ૩૨ | ૧ | | ૨૪ |
| ચરમસમય | ૫ | ૪ | ૨ | | ૧૩ | ૧ | ૫ | ૩૦ | ૧ | | ૨૪ |
| સયોગી | | | ૨ | | ૧૪ | ૧ | | ૧૭ | ૧ | | ૨૪ |
| અયોગી | | | ૧ | | ૯ | ૧ | | ૧૧ | ૧ | | |

કર્મવિપાકમાં કહ્યાં મુજબ લાડુના દૃષ્ટાંતથી **પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ** અને **પ્રદેશબંધ** એ-૪ પ્રકારે કર્મબંધ જાણવો.

# પ્રકૃતિબંધ

પ્રકૃતિબંધ-૪ પ્રકારે છે.. (૧) ભૂયસ્કારબંધ (૨) અલ્પતરબંધ (૩) અવસ્થિતબંધ (૪) અવક્તવ્યબંધ.

(૧) **ભૂયસ્કારબંધ** :- ભૂયસ્=ઘણી, વધારે, અધિક...

કોઈપણ જીવ **પહેલા જેટલી પ્રકૃતિને બાંધતો હોય, તેનાથી એકાદિ વધારે પ્રકૃતિને બાંધવાની શરૂઆત કરે છે ત્યારે પ્રથમસમયે જે બંધ થાય છે. તે ભૂયસ્કારબંધ કહેવાય...** દા૦ત૦ કોઈપણ જીવ સાતકર્મને બાંધતો બાંધતો જ્યારે આઠકર્મને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમસમયે જે આઠકર્મનો બંધ થાય છે, તે ભૂયસ્કારબંધ કહેવાય.

(૨) **અલ્પતરબંધ** :- અલ્પ= ઓછી, થોડી, ન્યૂન...

કોઈપણ જીવ **પહેલા જેટલી પ્રકૃતિને બાંધતો હોય, તેનાથી એકાદિ ઓછી પ્રકૃતિને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમસમયે જે બંધ થાય છે તે અલ્પતરબંધ** કહેવાય દા૦ત૦ કોઈપણ જીવ આઠકર્મને બાંધતો બાંધતો જ્યારે સાતકર્મને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમસમયે જે સાતકર્મનો બંધ થાય છે, તે અલ્પતરબંધ કહેવાય.

(૩) **અવસ્થિતબંધ :- પહેલા સમય જેટલી પ્રકૃતિઓ જો બીજાદિ સમયે બંધાય, તો તે અવસ્થિતબંધ કહેવાય.** દા૦ત૦ આઠકર્મના ભૂયસ્કારબંધ પછી બીજાસમયથી માંડીને જ્યાં સુધી આઠકર્મોનો બંધ ચાલુ રહે ત્યાં સુધીના તે બંધને અવસ્થિતબંધ કહે છે.

(૪) **અવક્તવ્યબંધ**:- અ=નહીં..., વક્તવ્ય=કહેવા યોગ્ય... ભૂયસ્કારાદિ ત્રણ બંધમાંથી કોઈપણ પ્રકારે નહીં કહેવા યોગ્ય જે બંધ છે તે અવક્તવ્યબંધ કહેવાય.

**કર્મનો સર્વથા અબંધક થઈને ફરીથી કર્મોને બાંધવાની શરૂઆત કરે ત્યારે પ્રથમસમયે જે બંધ થાય છે, તે અવક્તવ્યબંધ**

**કહેવાય.** દાoતo ઉપશમશ્રેણીમાં ૧૧મા ગુણઠાણે દર્શનાવરણીયકર્મનો અબંધક થઇને ત્યાંથી કાલક્ષયે પડીને ૧૦મા ગુણઠાણે આવ્યા પછી ફરીથી દર્શનાવરણીયચતુષ્કને બાંધે છે ત્યારે પ્રથમસમયે દર્શનાવરણીયનો અવક્તવ્યબંધ થાય છે.

મૂળકર્મોમાં ભૂયસ્કારાદિબંધ :-

**मूलपयडीण अडसत्त-छेगबंधेसु तिन्नि भूगारा ।**
**अप्पतरा तिअ चउरो, अवट्ठिआ न हु अवत्तव्वो ॥२२॥**
**एगादहिगेभूओ, एगाईऊणगम्मि अप्पतरो ।**
**तम्मत्तोऽवट्ठियओ, पढमे समए अवत्तव्वो ॥२३॥**

मूलप्रकृतीनामष्ट-सप्त-षडेकबन्धेषु त्रयो भूयस्काराः ।
अल्पतरास्त्रयश्चत्वारोऽवस्थिता नैवावक्तव्यः ॥२२॥
एकाद्यधिके भूयान्, एकाद्यूनेऽल्पतरः ।
तन्मात्रोऽवस्थितः प्रथमे समयेऽवक्तव्यः ॥२३॥

**ગાથાર્થ :- મૂલપ્રકૃતિના ૮-૭-૬-૧ એ ૪ બંધસ્થાનમાં ૩ ભૂયસ્કાર, ૩ અલ્પતર અને ૪ અવસ્થિતબંધ છે. અવક્તવ્યબંધ હોતો નથી.**

**જ્યારે એકાદિ અધિક પ્રકૃતિ બાંધે છે ત્યારે પહેલા સમયે ભૂયસ્કારબંધ થાય છે. જ્યારે એકાદિ ઓછી પ્રકૃતિ બાંધે છે. ત્યારે પહેલા સમયે અલ્પતરબંધ થાય છે. તેટલી જ [પહેલા સમયે જેટલી બાંધી હોય તેટલી જ] પ્રકૃતિ બાંધે છે. ત્યારે અવસ્થિતબંધ થાય છે અને અબંધક થઇને ફરી બંધ શરૂ કરે છે. ત્યારે પ્રથમ સમયે અવક્તવ્યબંધ થાય છે.**

**વિવેચન :-** એકીસાથે બંધાતા કર્મના સમૂહને **"બંધસ્થાન"** કહે છે. કોઇપણ જીવ ત્રીજાવિના ૧થી૭ ગુણઠાણા સુધી જ્યારે આયુષ્યકર્મને બાંધતો હોય છે ત્યારે એકીસાથે ૮ કર્મો બંધાય છે. તે વખતે **૮નું બંધસ્થાન** હોય છે અને જ્યારે આયુષ્યકર્મ ન બંધાતું હોય ત્યારે જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મો બંધાય છે. તેથી તે વખતે **૭કર્મનું બંધસ્થાન**

હોય છે. ત્રીજા-આઠમા-નવમાગુણઠાણે એકીસાથે આયુષ્ય વિના ૭ કર્મો બંધાય છે. તેથી ત્યાં ૭ કર્મનું જ બંધસ્થાન હોય છે. ૧૦મા ગુણઠાણે એકીસાથે આયુષ્ય અને મોહનીય વિના ૬ કર્મો બંધાય છે. તેથી ત્યાં **૬નું બંધસ્થાન** હોય છે અને ૧૧થી૧૩ ગુણઠાણે એક જ શાતાવેદનીયકર્મ બંધાય છે. તેથી ત્યાં **૧નું બંધસ્થાન** હોય છે. એટલે મૂળકર્મોમાં કુલ ૮-૭-૬-૧ બંધસ્થાન હોય છે.

**મૂળકર્મમાં ૩ ભૂયસ્કારબંધ :-**

ઉપશમશ્રેણીમાં ૧૧મા ગુણઠાણે ૧ પ્રકૃતિને બાંધતો બાંધતો ત્યાંથી પડીને ૧૦મે ગુણઠાણે આવે છે. ત્યારે જ્ઞાના૦, દર્શના૦, નામ, ગોત્ર, અને અંત૦ એ ૫ કર્મ વધારે બંધાય છે. તેથી ૧૦મા ગુણઠાણાના પહેલા સમયે ૬કર્મનો **પહેલો ભૂયસ્કારબંધ** થાય છે. પછી બીજા સમયથી માંડીને જ્યાં સુધી ૬કર્મોનો બંધ ચાલુ રહે છે ત્યાંસુધી ૬નો અવસ્થિતબંધ હોય છે.

૧૦મા ગુણઠાણાથી ૬ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે ૯મા ગુણઠાણે આવે છે ત્યારે મોહનીયકર્મ વધારે બંધાય છે. તેથી ૯માગુણઠાણાના પહેલાસમયે ૭કર્મનો **બીજો ભૂયસ્કારબંધ** થાય છે. ત્યારબાદ બીજાસમયથી માંડીને જ્યાં સુધી આયુષ્યકર્મનો બંધ શરૂ ન થાય ત્યાં સુધી ૭કર્મનો અવસ્થિતબંધ હોય છે.

૯મા ગુણઠાણાથી ૭પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે પ્રમત્તાદિ-ગુણઠાણે આવીને આયુષ્યકર્મને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમસમયે ૮કર્મનો **ત્રીજો ભૂયસ્કારબંધ** થાય છે. ત્યારબાદ બીજાસમયથી માંડીને જ્યાં સુધી આયુષ્ય કર્મ બંધાય છે. ત્યાંસુધી ૮કર્મનો અવસ્થિતબંધ થાય છે.

**મૂળકર્મમાં ૩ અલ્પતરબંધ :-**

કોઇપણ જીવ આયુષ્યકર્મનો બંધ પૂર્ણ થયા પછી જ્યારે સાતકર્મનો બંધ શરૂ કરે છે. ત્યારે પ્રથમસમયે ૭કર્મનો **પહેલો અલ્પતરબંધ** થાય છે. ત્યારબાદ બીજાસમયથી માંડીને પરભવમાં જઇને આયુષ્યનો બંધ શરૂ ન કરે ત્યાં સુધી અથવા શ્રેણીમાં ૧૦મા ગુણઠાણે મોહનીય વિના ૬કર્મોનો બંધ શરૂ ન કરે ત્યાં સુધી ૭કર્મોનો અવસ્થિતબંધ થાય છે.

શ્રેણીમાં ૭કર્મને બાંધતો બાંધતો જીવ ૧૦મા ગુણઠાણે આવીને મોહનીય વિના ૬કર્મનો બંધ શરૂ કરે છે. ત્યારે પ્રથમસમયે ૬કર્મનો **બીજો અલ્પતરબંધ** થાય છે. ત્યારબાદ બીજાસમયથી માંડીને ૧૦મું ગુણઠાણુ પૂર્ણ ન થાય ત્યાંસુધી ૬કર્મનો અવસ્થિતબંધ થાય છે.

શ્રેણીમાં ૧૦મા ગુણઠાણે ૬ કર્મને બાંધતો બાંધતો ઉપશમક જ્યારે ૧૧મા ગુણઠાણે આવીને ૧કર્મનો બંધ શરૂ કરે છે. ત્યારે પ્રથમ-સમયે ૧કર્મનો **ત્રીજો અલ્પતરબંધ** થાય છે. અથવા ૧૦મા ગુણઠાણે ૬કર્મને બાંધતો બાંધતો ક્ષપક જ્યારે ૧૨મા ગુણઠાણે આવીને ૧ કર્મનો બંધ શરૂ કરે છે. ત્યારે પ્રથમસમયે ૧કર્મનો ત્રીજો અલ્પતરબંધ થાય છે. ત્યારબાદ બીજાસમયથી માંડીને ઉપશમકને વધુમાં વધુ અંતર્મુહૂર્ત સુધી અને ક્ષપકને ૧૩મા ગુણઠાણે શાતાનો બંધવિચ્છેદ ન થાય ત્યાં સુધી ૧કર્મનો અવસ્થિતબંધ હોય છે.

**મૂળકર્મમાં ૪ અવસ્થિતબંધ :-**

★ ૮કર્મના ભૂયસ્કારબંધ પછી ૮કર્મનો અવસ્થિતબંધ થાય છે.
★ ૭કર્મના ભૂયસ્કારબંધ પછી ૭કર્મનો અવસ્થિતબંધ થાય છે.
 ૭કર્મના અલ્પતરબંધ પછી ૭કર્મનો અવસ્થિતબંધ થાય છે.
★ ૬કર્મના ભૂયસ્કારબંધ પછી ૬કર્મનો અવસ્થિતબંધ થાય છે.
 ૬કર્મના અલ્પતરબંધ પછી ૬કર્મનો અવસ્થિતબંધ થાય છે.
★ ૧કર્મના અલ્પતરબંધ પછી ૧કર્મનો અવસ્થિતબંધ થાય છે.

કોઇપણ જીવ સર્વથા કર્મનો અબંધક ૧૪મા ગુણઠાણે થાય છે. ત્યાંથી તે જીવ પડતો નથી એટલે ફરીવાર કોઇપણ કર્મનો બંધ થતો નથી. તેથી મૂળકર્મપ્રકૃતિનો અવક્તવ્યબંધ ન હોય.

**ભૂયસ્કારાદિબંધનો કાળ :-**

ભૂયસ્કારબંધનો કાળ- **૧** સમય છે.
અલ્પતરબંધનો કાળ- **૧** સમય છે.
અવસ્થિતબંધનો કાળ- **એક કે અનેક** સમય છે.
અવક્તવ્યબંધનો કાળ- **૧** સમય છે.

દર્શનાવરણીય અને મોહનીયમાં ભૂયસ્કારાદિબંધ :-

**नव छच्चउ दंसे दुदु, ति दु मोहे दु इगवीस सत्तरस ।**
**तेरस नव पण चउ ति दु, इक्को नव अट्ठ दस दुन्नि ॥ २४॥**

नव-षट् चतस्रो दर्शने द्वौ द्वौ त्रयो द्वौ मोहे द्व्येकविंशतिः सप्तदश।
त्रयोदश नव पञ्च चतस्रः तिस्रः द्वे एका नवाष्टौ दश द्वौ ॥ २४॥

ગાથાર્થ :- **દર્શનાવરણીયકર્મમાં ૯-૬-૪ એ ત્રણ બંધસ્થાન છે. તેમાં ૨ ભૂયસ્કારબંધ, ૨ અલ્પતરબંધ, ૩ અવસ્થિતબંધ અને ૨ અવક્તવ્યબંધ છે. તેમજ મોહનીયકર્મમાં ૨૨, ૨૧, ૧૭, ૧૩, ૯, ૫, ૪, ૩, ૨, ૧ એ ૧૦ બંધસ્થાન છે. તેમાં ૯ ભૂયસ્કારબંધ, ૮ અલ્પતરબંધ, ૧૦ અવસ્થિતબંધ અને ૨ અવક્તવ્યબંધ છે.**

**વિવેચન :-** ગ્રન્થકાર ભગવંત મૂલકર્મમાં ભૂયસ્કારાદિબંધ કહ્યાં પછી ઉત્તરકર્મપ્રકૃતિમાં ભૂયસ્કારાદિબંધ કહી રહ્યાં છે. તેમાં સૌ પ્રથમ દર્શનાવરણીયકર્મમાં ભૂયસ્કારાદિબંધ કહી રહ્યાં છે.

**શંકા :- સૌ પ્રથમ જ્ઞાનાવરણીયકર્મમાં ભૂયસ્કારાદિબંધ ન કહેતાં દર્શનાવરણીયકર્મમાં ભૂયસ્કારાદિબંધ કેમ કહે છે?**

**સમાધાન :-** જ્ઞાનાવરણીય, વેદનીય, આયુષ્ય, ગોત્ર અને અંતરાય એ-૫ કર્મમાં ભૂયસ્કારબંધ અને અલ્પતરબંધ હોતો નથી. કારણકે અનાદિ-કાળથી માંડીને પોતાના બંધવિચ્છેદસ્થાન સુધી જ્ઞાનાવરણીયકર્મ અને અંતરાયકર્મની પાંચે પ્રકૃતિ એકીસાથે બંધાય છે. તેથી તે બન્ને કર્મમાં ૫ કર્મપ્રકૃતિનું એક જ બંધસ્થાન હોય છે અને વેદનીયાદિ-ત્રણકર્મની એકસમયે એક જ કર્મપ્રકૃતિ બંધાય છે. તેથી તે ત્રણેકર્મમાં ૧કર્મપ્રકૃતિનું એક જ બંધ-સ્થાન હોય છે. એટલે જ્ઞાનાવરણીયાદિકર્મમાં થોડી પ્રકૃતિને બાંધતો બાંધતો વધારે પ્રકૃતિને બાંધવારૂપ ભૂયસ્કારબંધ કે અધિકપ્રકૃતિને બાંધતો બાંધતો ઓછી પ્રકૃતિને બાંધવારૂપ અલ્પતરબંધ સંભવતો નથી. તેથી ગ્રન્થકાર ભગવંત સૌ પ્રથમ દર્શનાવરણીયકર્મમાં ભૂયસ્કારાદિબંધ કહી રહ્યાં છે.

**દર્શનાવરણીયમાં ૩ બંધસ્થાન :-**

કોઈપણ જીવ દર્શનાવરણીયકર્મની બીજાગુણઠાણાસુધી ૯ પ્રકૃતિને

બાંધે છે. તેથી ત્યાં **૯નું બંધસ્થાન** હોય છે. ત્રીજાગુણઠાણાથી આઠમા-ગુણઠાણાના પહેલા ભાગ સુધી ૬ પ્રકૃતિને બાંધે છે. તેથી ત્યાં **૬નું બંધસ્થાન** હોય છે. આઠમાગુણઠાણાના બીજાભાગથી દશમાગુણઠાણા સુધી-૪ પ્રકૃતિને બાંધે છે. તેથી ત્યાં **૪નું બંધસ્થાન** હોય છે. એટલે દર્શનાવરણીયમાં ૯નું, ૬નું અને ૪નું એ-૩ બંધસ્થાન છે.

**દર્શનાવરણીયમાં ૨ ભૂયસ્કારબંધ :-**

ઉપશમશ્રેણીમાં ૧૧મા ગુણઠાણાથી કાલક્ષયે પડીને ૧૦મા ગુણઠાણે દર્શનાવરણીયચતુષ્કને બાંધતો બાંધતો આઠમાગુણઠાણે આવીને જ્યારે નિદ્રાદ્વિકનો બંધ શરૂ કરે છે. ત્યારે પહેલાસમયે ૬ના બંધનો **પહેલો ભૂયસ્કાર** થાય છે. ત્યારબાદ દ્વિતીયાદિ સમયે ૬નો અવસ્થિતબંધ થાય છે.

૮મા ગુણઠાણાના પહેલાભાગથી ૬પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે બીજાગુણઠાણે કે પહેલાગુણઠાણે આવીને થીણદ્ધિત્રિકને બાંધવાની શરૂ કરે છે. ત્યારે પહેલાસમયે ૯ના બંધનો **બીજો ભૂયસ્કાર** થાય છે. ત્યારપછી દ્વિતીયાદિસમયે ૯નો અવસ્થિતબંધ થાય છે.

**દર્શનાવરણીયમાં ૨ અલ્પતરબંધ :-**

મિથ્યાદૃષ્ટિ જ્યારે મિશ્રગુણઠાણે કે સમ્યક્ત્વગુણઠાણે આવીને થીણદ્ધિત્રિક વિના ૬કર્મપ્રકૃતિને બાંધવાની શરૂ કરે છે. ત્યારે પહેલા-સમયે ૬ના બંધનો **પહેલો અલ્પતર** થાય છે. ત્યારબાદ દ્વિતીયાદિ સમયે ૬નો અવસ્થિતબંધ થાય છે.

શ્રેણીમાં દર્શનાવરણીયકર્મની ૬ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે આઠમાગુણઠાણાના બીજાભાગે આવીને ૪ પ્રકૃતિને બાંધવાની શરૂ કરે છે. ત્યારે પહેલા સમયે ૪ના બંધનો **બીજો અલ્પતર** થાય છે. ત્યારબાદ દ્વિતીયાદિ સમયે ૪નો અવસ્થિતબંધ થાય છે.

**દર્શનાવરણીયમાં ૩ અવસ્થિતબંધ :-**

★ અનાદિકાળથી અથવા ૯ના ભૂયસ્કારબંધ પછી ૯નો અવસ્થિતબંધ થાય છે.

★ ૬નો ભૂયસ્કાર કે ૬નો અલ્પતર પછી ૬નો અવસ્થિતબંધ થાય છે.
૬ના અવક્તવ્યબંધ પછી ૬નો અવસ્થિતબંધ થાય છે.

★ ૪નો અલ્પતર કે અવક્તવ્યબંધ પછી ૪નો અવસ્થિતબંધ થાય છે.

**દર્શનાવરણીયમાં ૨ અવક્તવ્યબંધ :-**

કોઈપણ જીવ ૧૧મા ગુણઠાણે દર્શનાવરણીયકર્મનો સર્વથા અબંધક થયા પછી ત્યાંથી કાલક્ષયે પડીને ૧૦મા ગુણઠાણે આવે છે ત્યારે પ્રથમસમયે જે દર્શનાવરણીયચતુષ્કનો બંધ થાય છે. તે **પહેલો અવક્તવ્યબંધ** કહેવાય. ત્યાર પછી દ્વિતીયાદિસમયે ૪નો અવસ્થિતબંધ થાય છે.

કોઈપણ જીવ ૧૧મા ગુણઠાણે દર્શનાવરણીયકર્મનો સર્વથા અબંધક થયા પછી ત્યાંથી ભવક્ષયે પડીને વૈમાનિકદેવમાં ઉત્પન્ન થાય છે. ત્યારે પ્રથમસમયે જે દર્શનાવરણીયકર્મની-૬ પ્રકૃતિનો બંધ કરે છે તે **બીજો અવક્તવ્યબંધ** કહેવાય. ત્યારપછી દ્વિતીયાદિ .સમયે ૬નો અવસ્થિતબંધ થાય છે.

**-: દર્શનાવરણીયમાં બંધસ્થાનાદિ :-**

| ગુણસ્થાનક | પ્રકૃતિ | બંધસ્થાન | ભૂયસ્કાર | અલ્પતર | અવસ્થિત | અવક્તવ્ય |
|---|---|---|---|---|---|---|
| ૧લું - ૨જું→ | ૯પ્રકૃતિ | ૧લું | ૨ જો.. | ચઢતાં | ૧લો... | |
| ૩થી ૮/૧ સુધી→ | ૬ પ્રકૃતિ | ૨જું | ૧લો... | ↓૧લો.. | ૨ જો... | ભવક્ષયેરજો |
| ૮/૨ થી ૧૦→ | ૪ પ્રકૃતિ | ૩જું | ↑પડતાં.. | ૨ જો.. | ૩જો.. | કાલક્ષયે૧લો. |
| ૧૧મું→ | અબંધ | | | | | ↑ |

**મોહનીયકર્મમાં-૧૦ બંધસ્થાન :-**

બંધમાં મોહનીયકર્મની ૨૬ પ્રકૃતિ છે. તેમાંથી ૨૨ પ્રકૃતિને એકજીવ એકીસાથે બાંધી શકે છે. કારણકે બંધમાં હાસ્ય-રતિ અને શોક-અરતિ એ બે યુગલ પરસ્પર વિરોધી છે. તેથી એકજીવ એકસમયે એ બે યુગલમાંથી કોઈપણ એક જ યુગલને બાંધે છે અને બંધમાં ત્રણવેદ પરસ્પરવિરોધી છે તેથી એકજીવ એકસમયે ત્રણવેદમાંથી કોઈપણ એક જ વેદને બાંધે છે. એટલે ૨૬માંથી ૧યુગલની ૨ પ્રકૃતિ+૨ વેદ=૪ પ્રકૃતિ કાઢી નાંખતા ૨૨ પ્રકૃતિ મિથ્યાદૃષ્ટિ જીવ એકીસાથે બાંધે છે. તેથી મિથ્યાત્વગુણઠાણે **૨૨નું બંધસ્થાન** હોય છે.

બીજાગુણઠાણે એકજીવ એકીસાથે ૨૨માંથી મિથ્યાત્વ વિના ૨૧ પ્રકૃતિને બાંધે છે. તેથી ત્યાં **૨૧નું બંધસ્થાન** હોય છે.

ત્રીજા-ચોથાગુણઠાણે એકજીવ એકીસાથે ૨૧માંથી અનંતાનુબંધી-૪ વિના ૧૭ પ્રકૃતિને બાંધે છે. તેથી ત્યાં **૧૭નું બંધસ્થાન** હોય છે.

પાંચમાગુણઠાણે એકજીવ એકીસાથે ૧૭માંથી અપ્રત્યાખ્યાનીય-ચતુષ્ક વિના ૧૩ પ્રકૃતિને બાંધે છે. તેથી ત્યાં **૧૩નું બંધસ્થાન** હોય છે.

૬થી૮ ગુણઠાણે એકજીવ એકીસાથે ૧૩માંથી પ્રત્યાખ્યાનીય ૪ વિના ૯ પ્રકૃતિને બાંધે છે. તેથી ત્યાં **૯નું બંધસ્થાન** હોય છે.

૯મા ગુણઠાણાના ૧લા ભાગે ૯માંથી હાસ્ય-રતિ અને ભય-જુગુપ્સા વિના ૫ પ્રકૃતિ બંધાય છે. તેથી ત્યાં **૫નું બંધસ્થાન** હોય છે.

૯મા ગુણઠાણાના બીજાભાગે પાંચમાંથી પુ૦વેદ વિના ૪ પ્રકૃતિ બંધાય છે. તેથી ત્યાં **૪નું બંધસ્થાન** હોય છે.

૯મા ગુણઠાણાના ત્રીજાભાગે ૪માંથી સં૦ક્રોધ વિના ૩ પ્રકૃતિ બંધાય છે. તેથી ત્યાં **૩નું બંધસ્થાન** હોય છે.

૯મા ગુણઠાણાના ચોથાભાગે ૩માંથી સં૦માન વિના સં૦માયા અને સં૦લોભ જ બંધાય છે તેથી ત્યાં **૨નું બંધસ્થાન** હોય છે.

૯મા ગુણઠાણાના પાંચમા ભાગે બેમાંથી સં૦માયા વિના સં૦લોભ એક જ બંધાય છે તેથી ત્યાં **૧નું બંધસ્થાન** હોય છે. એટલે મોહનીયકર્મના **૨૨-૨૧-૧૭-૧૩-૯-૫-૪-૩-૨-૧** એ કુલ-**૧૦** બંધસ્થાન છે.

**મોહનીયકર્મમાં- ૯ ભૂયસ્કારબંધ :-**

★ ઉપશમશ્રેણીમાંથી કાલક્ષયે પડી રહેલો જીવ નવમાગુણઠાણે સં૦લોભને બાંધતો બાંધતો જ્યારે સં૦માયાને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમસમયે ૨ના બંધનો **પહેલો ભૂયસ્કાર** થાય છે.

★ ૨ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે સં૦માનને બાંધવાની શરૂ-આત કરે છે. ત્યારે પ્રથમસમયે ૩ના બંધનો **બીજો ભૂયસ્કાર** થાય છે.

★ ૩ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે સં૦ક્રોધને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમસમયે ૪ના બંધનો **ત્રીજો ભૂયસ્કાર** થાય છે.

★ ૪ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે પુ૦વેદને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમસમયે **૫**ના બંધનો **ચોથો ભૂયસ્કાર** થાય છે.

★ ૫ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે ૮મા ગુણઠાણે આવીને હાસ્ય-રતિ અને ભય-જુગુપ્સાને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમસમયે ૯ના બંધનો **પાંચમો ભૂયસ્કાર** થાય છે.

★ ૯ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે પાંચમા ગુણઠાણે આવીને પ્રત્યા૦૪ને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમસમયે **૧૩**ના બંધનો **છઠ્ઠો ભૂયસ્કાર** થાય છે.

★ ૧૩ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે ચોથાગુણઠાણે આવીને અપ્રત્યા૦૪ને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમસમયે **૧૭**ના બંધનો **સાતમો ભૂયસ્કાર** થાય છે.

★ ૧૭ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે બીજાગુણઠાણે આવીને અનંતા૦૪ને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમસમયે **૨૧**ના બંધનો **આઠમો ભૂયસ્કાર** થાય છે.

★ ૨૧ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે પહેલા ગુણઠાણે આવીને મિથ્યાત્વને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમસમયે **૨૨**ના બંધનો **નવમો ભૂયસ્કાર** થાય છે.

દરેક ભૂયસ્કારબંધ પછી દ્વિતીયાદિ સમયે અવસ્થિતબંધ થાય છે.

**મોહનીયકર્મમાં ૮ અલ્પતરબંધ :-**

★ કોઈપણ જીવ મિથ્યાત્વગુણઠાણે ૨૨ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે મિશ્રે કે સમ્યક્ત્વે આવીને **અનંતાનુબંધી-૪ વિના** ૧૭ પ્રકૃતિનો બંધ શરૂ કરે છે. ત્યારે પ્રથમસમયે **૧૭**ના બંધનો **પહેલો અલ્પતર** થાય છે.

★ ૧૭ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે પાંચમા ગુણઠાણે આવીને અપ્રત્યાખ્યાનીય ૪ વિના ૧૩ પ્રકૃતિનો બંધ શરૂ કરે છે. ત્યારે પ્રથમસમયે **૧૩**ના બંધનો **બીજો અલ્પતર** થાય છે.

★ ૧૩ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે છઠ્ઠાગુણઠાણે આવીને પ્રત્યાખ્યાનીય-૪ વિના ૯ પ્રકૃતિનો બંધ શરૂ કરે છે. ત્યારે પ્રથમ સમયે ૯ના બંધનો **ત્રીજો અલ્પતર** થાય છે.

★ ૯ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે નવમાગુણઠાણાના પહેલા-ભાગે આવીને હાસ્ય-રતિ અને ભય-જુગુપ્સા વિના ૫ પ્રકૃતિનો બંધ શરૂ કરે છે. ત્યારે પ્રથમસમયે **૫**ના બંધનો **ચોથો અલ્પતર** થાય છે.

★ ૫ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે નવમાગુણઠાણાના બીજાભાગે આવીને પુ૦વેદ વિના ૪ પ્રકૃતિનો બંધ શરૂ કરે છે. ત્યારે પ્રથમસમયે **૪ના બંધનો પાંચમો અલ્પતર** થાય છે.

★ ૪ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે નવમાગુણઠાણાના ત્રીજાભાગે આવીને સં૦ક્રોધ વિના ૩ પ્રકૃતિનો બંધ શરૂ કરે છે. ત્યારે પ્રથમસમયે ૩ના બંધનો **છઠ્ઠોઅલ્પતર** થાય છે.

★ ૩ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે નવમાગુણઠાણાના ચોથાભાગે આવીને સં૦માન વિના ૨ પ્રકૃતિનો બંધ શરૂ કરે છે. ત્યારે પ્રથમસમયે ૨ના બંધનો **સાતમો અલ્પતર** થાય છે.

★ ૨ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે નવમાગુણઠાણાના પાંચમાભાગે આવીને સં૦માયા વિના એક જ સં૦લોભનો બંધ શરૂ કરે છે. ત્યારે પ્રથમસમયે ૧ના બંધનો **આઠમો અલ્પતર** થાય છે.

દરેક અલ્પતરબંધ પછી દ્વિતીયાદિ સમયે અવસ્થિતબંધ થાય છે.

**મોહનીયકર્મમાં કુલ-૧૦ અવસ્થિતબંધ થાય છે.**

**મોહનીયકર્મમાં ૨ અવક્તવ્યબંધ :-**

ઉપશમશ્રેણીમાં ૧૦મા ગુણઠાણે મોહનીયકર્મનો સર્વથા અબંધક થઈને ૧૧મા ગુણઠાણે ગયા પછી ત્યાંથી કાલક્ષયે પડીને ૯મા ગુણઠાણે આવે છે. ત્યારે પ્રથમસમયે જે એક જ સં૦લોભનો બંધ થાય છે. તે **પહેલો અવક્તવ્યબંધ** કહેવાય. ત્યારપછી દ્વિતીયાદિસમયે ૧નો અવસ્થિતબંધ થાય છે.

ઉપશમશ્રેણીમાં ૧૦મા કે ૧૧મા ગુણઠાણેથી જીવ ભવક્ષયે પડીને વૈમાનિકદેવમાં ઉત્પન્ન થાય છે. ત્યારે પ્રથમસમયે જે ૧૭ પ્રકૃતિને બાંધે છે તે **બીજો અવક્તવ્યબંધ** કહેવાય. ત્યાર પછી દ્વિતીયાદિ સમયે ૧૭નો અવસ્થિતબંધ થાય છે.

## -: મોહનીયકર્મમાં બંધસ્થાનાદિ :-

| ગુણસ્થાનક ↓ | પ્રકૃતિની-સંખ્યા ↓ | બંધસ્થાન ↓ | ભૂયસ્કાર | અલ્પતર | અવસ્થિત ↓ | અવક્તવ્ય |
|---|---|---|---|---|---|---|
| ૧લું→ | ૨૨ | ૧લું | ૯મો. | ↓ ચઢતાં | ૧લો... | |
| ૨જું→ | ૨૧ | ૨જું | ૮મો. | | ૨ જો | |
| ૩જું -૪થું→ | ૧૭ | ૩જું | ૭મો. | ૧લો... | ૩ જો | ૨ જો |
| ૫મું→ | ૧૩ | ૪થું | ૬ઠ્ઠો | ૨જો | ૪ થો | ↑ ભવક્ષયે |
| ૬,૭,૮→ | ૯ | ૫મું | ૫મો | ૩જો | ૫મો | |
| ૯મું ૧લોભાગ→ | ૫ | ૬ઠ્ઠું | ૪થો | ૪થો | ૬ઠ્ઠો | |
| ૨ જો ભાગ→ | ૪ | ૭મું | ૩જો | ૫મો | ૭મો | |
| ૩ જો ભાગ→ | ૩ | ૮મું | ૨ જો | ૬ઠ્ઠો | ૮મો | |
| ૪થો ભાગ→ | ૨ | ૯મું | ૧લો | ૭મો | ૯મો | |
| ૫મો ભાગ→ | ૧ | ૧૦મું | ↑ પડતાં | ૮મો | ૧૦મો | કાલક્ષયે ૧લો |

## -: ૮ કર્મમાં બંધસ્થાનાદિ :-

| કર્મ | બંધસ્થાન | બંધસ્થાનમાં પ્રકૃતિની સંખ્યા | ભૂયસ્કાર | અલ્પતર | અવસ્થિત | અવક્તવ્ય |
|---|---|---|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૧ | ૫ પ્રકૃતિ | | | ૧ | ૧ |
| દર્શનાવરણીય | ૩ | ૯, ૬, ૪ પ્રકૃતિ | ૨ | ૨ | ૩ | ૨ |
| વેદનીય | ૧ | ૧ પ્રકૃતિ | | | ૧ | |
| મોહનીય | ૧૦ | ૨૨, ૨૧, ૧૭, ૧૩, ૯, ૫, ૪, ૩,૨, ૧ | ૯ | ૮ | ૧૦ | ૨ |
| આયુષ્ય | ૧ | ૧ પ્રકૃતિ | | | ૧ | ૧ |
| નામકર્મ | ૮ | ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૧ | ૬ | ૭ | ૮ | ૩ |
| ગોત્રકર્મ | ૧ | ૧ પ્રકૃતિ | | | ૧ | ૧ |
| અંતરાય | ૧ | ૫ પ્રકૃતિ | | | ૧ | ૧ |

**तिपणछअट्ठनवहिआ, वीसा तीसेगतीस इगनामे ।**
**छस्सगअट्ठतिबंधा, सेसेसु य ठाणमिक्किक्कं ॥ २५॥**

त्रि-पञ्चषडष्ट-नवाधिका विंशतिः त्रिंशदेकत्रिंशदेका नामे ।
षट्-सप्ताष्ट-त्रिबन्धाः शेषेषु च स्थानमेकैकम् ॥ २५॥

ગાથાર્થ :- **નામકર્મના ત્રેવીસ, પચ્ચીસ, છવ્વીસ, અઠ્ઠાવીસ, ઓગણત્રીસ, ત્રીસ, એકત્રીસ અને એક એ ૮ બંધસ્થાનો છે. તેમાં ભૂયસ્કારબંધ-૬, અલ્પતરબંધ-૭, અવસ્થિતબંધ-૮ અને અવક્તવ્યબંધ-૩ છે. બાકીના કર્મોમાં એક એક બંધસ્થાન છે.**

**વિવેચન** :- બંધમાં નામકર્મની ૬૭ પ્રકૃતિ છે. તેમાંથી........

(૧) જે પ્રકૃતિઓ નરકગતિની સાથે બંધાય છે, તે **"નરક-પ્રાયોગ્ય"** કહેવાય. (૨) જે પ્રકૃતિઓ દેવગતિની સાથે બંધાય છે, તે **"દેવપ્રાયોગ્ય"** કહેવાય. (૩) જે પ્રકૃતિઓ પર્યાપ્તમનુષ્યગતિની સાથે બંધાય છે, તે **"પર્યાપ્તમનુષ્યપ્રાયોગ્ય"** કહેવાય. (૪) જે પ્રકૃતિઓ અપર્યાપ્ત-મનુષ્યગતિની સાથે બંધાય છે, તે **"અપર્યાપ્તમનુષ્યપ્રાયોગ્ય"** કહેવાય. (૫) જે પ્રકૃતિઓ પર્યાપ્તએકેન્દ્રિયતિર્યંચગતિની સાથે બંધાય છે, તે **"પર્યાપ્ત-એકેન્દ્રિયપ્રાયોગ્ય"** કહેવાય. (૬) જે પ્રકૃતિઓ અપર્યાપ્તએકેન્દ્રિય-તિર્યંચગતિની સાથે બંધાય છે, તે **"અપ૦એકેન્દ્રિયપ્રાયોગ્ય"** કહેવાય. (૭) જે પ્રકૃતિઓ પર્યાપ્તવિકલેન્દ્રિયતિર્યંચગતિની સાથે બંધાય છે, તે **"પર્યાપ્ત-વિકલેન્દ્રિયપ્રાયોગ્ય"** કહેવાય. (૮) જે પ્રકૃતિઓ અપર્યાપ્તવિકલેન્દ્રિય-તિર્યંચગતિની સાથે બંધાય છે, તે **"અપર્યાપ્તવિકલેન્દ્રિયપ્રાયોગ્ય"** કહેવાય. (૯) જે પ્રકૃતિઓ પર્યાપ્તપંચેન્દ્રિયતિર્યંચગતિની સાથે બંધાય છે, તે **"પર્યાપ્ત-તિ૦પંચેન્દ્રિયપ્રાયોગ્ય"** કહેવાય અને (૧૦) જે પ્રકૃતિઓ અપર્યાપ્તપંચેન્દ્રિય-તિર્યંચગતિની સાથે બંધાય છે, તે **"અપ૦તિ૦પંચેન્દ્રિયપ્રાયોગ્ય"** કહેવાય.

એ ૧૦ પ્રકારમાંથી કોઈપણ એક જ ગતિપ્રાયોગ્ય કર્મપ્રકૃતિને એકજીવ એકીસાથે બાંધે છે. સર્વે પ્રકારનો ગતિપ્રાયોગ્યબંધ એકજીવ એકીસાથે કરી શકતો નથી. એટલે જે જીવ જે ગતિપ્રાયોગ્યબંધ કરતી વખતે **એકી સાથે જેટલી પ્રકૃતિને બાંધતો હોય, તે જીવને તેટલી પ્રકૃતિના સમૂહરૂપ નામકર્મનું બંધસ્થાનક** હોય છે.

# -: નામકર્મના ૮ બંધસ્થાન :-

| પ્રકૃતિનું નામ ↓ | ૨૩નું બંધસ્થાન<br>અપ૦ એકે૦ પ્રાયોગ્ય ↓ | ૨૫નું બંધસ્થાન<br>અપ૦ ત્રસ પ્રાયો૦ ↓ | ૨૫નું બંધસ્થાન<br>પર્યાપ્ત એકે૦ પ્રાયોગ્ય ↓ | ૨૬નું<br>પર્યા૦ એકે૦ પ્રાયો૦ ↓ | ૨૮નું બંધસ્થાન<br>નરક પ્રાયોગ્ય ↓ | ૨૮નું બંધસ્થાન<br>દેવ પ્રાયોગ્ય ↓ |
|---|---|---|---|---|---|---|
| ગતિ → | તિર્યંચગતિ | અપર્યાપ્ત એકેન્દ્રિયપ્રાયોગ્ય જેમ ૨૩+ઔ૦અંગો૦+છેવટ્ઠું=૨૫ | તિર્યંચગતિ | બાદર પર્યાપ્ત પ્રત્યેક એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫+આતપ કે ઉદ્યોત=૨૬ | નરકગતિ | દેવગતિ |
| જાતિ → | એકેન્દ્રિય | | એકેન્દ્રિય | | પંચેન્દ્રિય | પંચેન્દ્રિય |
| શરીર → | ઔ૦,તૈ૦,કા૦ | | ઔ૦,તૈ૦,કા૦ | | વૈ૦,તૈ૦,કા૦ | વૈ૦,તૈ૦,કા૦ |
| અંગોપાંગ → | | | | | વૈ૦અંગો૦ | વૈ૦અંગો૦ |
| સંઘયણ → | | | | | | |
| સંસ્થાન → | હુંડક | | હુંડક | | હુંડક | સમચતુ૦ |
| વર્ણાદિ-૪ → | વર્ણાદિ-૪ | | વર્ણાદિ-૪ | | વર્ણાદિ-૪ | વર્ણાદિ-૪ |
| આનુપુર્વી → | તિ૦આનુ૦ | | તિ૦ આનુ૦ | | નરક-આનુ૦ | દેવ-આનુ૦ |
| વિહાયોગતિ → | | | | | અશુભવિહા૦ | શુભવિહા૦ |
| પરાઘાત → | | | પરાઘાત | | પરાઘાત | પરાઘાત |
| ઉચ્છ્વાસ → | | | ઉચ્છ્વાસ | | ઉચ્છ્વાસ | ઉચ્છ્વાસ |
| આતપ કે ઉદ્યોત | | | | | | |
| અગુરુલઘુ → | અગુરુલઘુ | | અગુરુલઘુ | | અગુરુલઘુ | અગુરુલઘુ |
| જિનનામ → | | | | | | |
| નિર્માણ → | નિર્માણ | | નિર્માણ | | નિર્માણ | નિર્માણ |
| ઉપઘાત → | ઉપઘાત | | ઉપઘાત | | ઉપઘાત | ઉપઘાત |
| ત્રસ-સ્થાવર → | સ્થાવર | | સ્થાવર | | ત્રસ | ત્રસ |
| બાદર-સૂક્ષ્મ → | બેમાંથી-૧ | | બેમાંથી-૧ | | બાદર | બાદર |
| પર્યાપ્ત-અપર્યાપ્ત | અપર્યાપ્ત | | પર્યાપ્ત | | પર્યાપ્ત | પર્યાપ્ત |
| પ્રત્યેક-સાધારણ | બેમાંથી-૧ | | બેમાંથી-૧ | | પ્રત્યેક | પ્રત્યેક |
| સ્થિર-અસ્થિર → | અસ્થિર | | બેમાંથી-૧ | | અસ્થિર | બેમાંથી-૧ |
| શુભ-અશુભ → | અશુભ | | બેમાંથી-૧ | | અશુભ | બેમાંથી-૧ |
| સુભગ-દુર્ભગ → | દુર્ભગ | | દુર્ભગ | | દુર્ભગ | સુભગ |
| સુસ્વર-દુઃસ્વર → | | | | | દુઃસ્વર | સુસ્વર |
| આદેય-અનાદેય | અનાદેય | | અનાદેય | | અનાદેય | આદેય |
| યશ-અયશ → | અયશ | | બેમાંથી-૧ | | અયશ | બેમાંથી-૧ |

## -: નામકર્મના ૮ બંધસ્થાન :-

| ૨૯નું બંધસ્થાન | | | | ૩૦નું બંધસ્થાન | | | | ૩૧નું | ૧નું |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ↓ | પંચે૦ તિર્યંચ પ્રાયોગ્ય ↓ | મનુષ્ય પ્રાયોગ્ય ↓ | દેવ પ્રાયો૦ ↓ | વિકલે૦ પ્રાયો૦ ↓ | પંચે૦ તિ૦ પ્રા૦ ↓ | મનુ૦ પ્રા૦ ↓ | દેવ પ્રાયો૦ ↓ | દેવ પ્રાયો૦ ↓ | અ૦ પ્રાયો૦ ↓ |
| તિર્યંચગતિ | તિર્યંચગતિ | મનુષ્યગતિ | દેવપ્રાયોગ્ય ૨૮+જિનનામ=૨૯ | વિકલેન્દ્રિયપ્રાયોગ્ય ૨૯+ઉદ્યોત=૩૦ | પંચેન્દ્રિયતિર્યંચપ્રાયોગ્ય ૨૯+ઉદ્યોત=૩૦ | મનુષ્યપ્રાયોગ્ય ૨૯+જિનનામ=૩૦ | દેવપ્રાયોગ્ય ૨૮+આહારકદ્વિક=૩૦ | દેવપ્રાયોગ્ય ૨૮+આહારકદ્વિક+જિનનામ=૩૧ | યશનામકર્મ-૧ |
| સ્વ.યોગ્ય-૧ | પંચેન્દ્રિય | પંચેન્દ્રિય | | | | | | | |
| ઔ૦,તૈ૦,કા૦ | ઔ૦,તૈ૦,કા૦ | ઔ૦,તૈ૦,કા૦ | | | | | | | |
| ઔ૦અંગો૦ | ઔ૦અંગો૦ | ઔ૦અંગો૦ | | | | | | | |
| છેવટ્ઠું | ૬માંથી-૧ | ૬માંથી-૧ | | | | | | | |
| હુંડક | ૬માંથી-૧ | ૬માંથી-૧ | | | | | | | |
| વર્ણાદિ-૪ | વર્ણાદિ-૪ | વર્ણાદિ-૪ | | | | | | | |
| તિ૦આનુ૦ | તિ૦આનુ૦ | મનુ૦આનુ૦ | | | | | | | |
| અશુભવિહા૦ | બેમાંથી-૧ | બેમાંથી-૧ | | | | | | | |
| પરાઘાત | પરાઘાત | પરાઘાત | | | | | | | |
| ઉચ્છ્વાસ | ઉચ્છ્વાસ | ઉચ્છ્વાસ | | | | | | | |
| | | | | | | | | | |
| અગુરુલઘુ | અગુરુલઘુ | અગુરુલઘુ | | | | | | | |
| | | | | | | | | | |
| નિર્માણ | નિર્માણ | નિર્માણ | | | | | | | |
| ઉપઘાત | ઉપઘાત | ઉપઘાત | | | | | | | |
| ત્રસ | ત્રસ | ત્રસ | | | | | | | |
| બાદર | બાદર | બાદર | | | | | | | |
| પર્યાપ્ત | પર્યાપ્ત | પર્યાપ્ત | | | | | | | |
| પ્રત્યેક | પ્રત્યેક | પ્રત્યેક | | | | | | | |
| બેમાંથી-૧ | બેમાંથી-૧ | બેમાંથી-૧ | | | | | | | |
| બેમાંથી-૧ | બેમાંથી-૧ | બેમાંથી-૧ | | | | | | | |
| દુર્ભગ | બેમાંથી-૧ | બેમાંથી-૧ | | | | | | | |
| દુઃસ્વર | બેમાંથી-૧ | બેમાંથી-૧ | | | | | | | |
| અનાદેય | બેમાંથી-૧ | બેમાંથી-૧ | | | | | | | |
| બેમાંથી-૧ | બેમાંથી-૧ | બેમાંથી-૧ | | | | | [અહીં બધી પ્રકૃતિ શુભ લેવી] | [અહીં બધી પ્રકૃતિ શુભ લેવી] | |

**એકજીવની અપેક્ષાએ એકીસાથે બંધાતી પ્રકૃતિ :-**

★ મિથ્યાદૃષ્ટિ તિર્યંચ કે મનુષ્ય **"અપર્યાપ્તએકેન્દ્રિયપ્રાયોગ્યબંધ"** કરે છે. ત્યારે પેજનં૦ ૬૮માં બતાવ્યા મુજબ એકીસાથે **૨૩** પ્રકૃતિ બંધાય છે અને મિથ્યાદૃષ્ટિતિર્યંચ-મનુષ્ય કે ઈશાન સુધીનો દેવ **"પર્યાપ્ત-એકેન્દ્રિય પ્રાયોગ્યબંધ"** કરે છે. ત્યારે એકીસાથે ૨૩+પરાઘાત+ઉચ્છ્વાસ=**૨૫** અથવા ૨૫+આતપ કે ઉદ્યોત= **૨૬**પ્રકૃતિ બંધાય છે.

★ મિથ્યાદૃષ્ટિ તિર્યંચ કે મનુષ્ય **"અપર્યાપ્તત્રસપ્રાયોગ્યબંધ"** [અપ૦-વિકલે૦પ્રા૦ કે અપ૦પંચે૦તિ૦પ્રા૦ કે અપ૦મનુ૦પ્રા૦ બંધ] કરે છે. ત્યારે પેજનં૦ ૬૮માં બતાવ્યા મુજબ એકીસાથે ૨૩+અંગોપાંગ+છેવટ્ઠું= **૨૫** પ્રકૃતિ બંધાય છે અને **"પર્યાપ્તવિકલેન્દ્રિયપ્રાયોગ્યબંધ"** કરે છે. ત્યારે પેજ નં. ૬૯માં બતાવ્યા મુજબ એકીસાથે **૨૯** પ્રકૃતિ કે ૨૯+ઉદ્યોત=**૩૦** પ્રકૃતિ બંધાય છે. તથા મિથ્યાત્વી કે સાસ્વાદની ચારેગતિના જીવો **"પર્યાપ્ત-પંચેન્દ્રિયતિર્યંચપ્રાયોગ્ય બંધ"** કરે છે. ત્યારે પેજનં૦ ૬૯માં બતાવ્યા મુજબ એકીસાથે **૨૯** કે ૨૯+ઉદ્યોત=**૩૦** પ્રકૃતિ બંધાય છે.

★ મિથ્યાત્વી પર્યાપ્ત પંચેન્દ્રિયતિર્યંચ કે પર્યાપ્ત મનુષ્ય **"નરકપ્રાયોગ્યબંધ"** કરે છે. ત્યારે કોઠામાં બતાવ્યા મુજબ એકીસાથે **૨૮** પ્રકૃતિ બંધાય છે.

★ મિથ્યાત્વી કે સાસ્વાદની ચારેગતિના જીવો **"મનુષ્યપ્રાયોગ્ય-બંધ"** કરે છે. ત્યારે પેજનં૦ ૬૯માં બતાવ્યા મુજબ એકીસાથે **૨૯** પ્રકૃતિ બંધાય છે અને સમ્યગ્દૃષ્ટિદેવ-નારકો જિનનામસહિત મનુષ્યપ્રાયોગ્યબંધ કરે છે. ત્યારે એકીસાથે ૨૯+જિનનામ=**૩૦** પ્રકૃતિ બંધાય છે.

★ ૧થી૮મા ગુણઠાણાના છઠ્ઠાભાગ સુધી તિર્યંચ-મનુષ્યો **"દેવ-પ્રાયોગ્યબંધ"** કરે છે. ત્યારે પેજનં૦ ૬૮માં બતાવ્યા મુજબ એકીસાથે **૨૮** પ્રકૃતિ બંધાય છે અને સમ્યગ્દૃષ્ટિમનુષ્યો જિનનામ સહિત દેવપ્રાયોગ્ય બંધ કરે છે. ત્યારે એકીસાથે **૨૮+જિનનામ=૨૯** પ્રકૃતિ બંધાય છે. તથા અપ્રમત્તસંયમી આહારકદ્વિકસહિત દેવપ્રાયોગ્યબંધ કરે છે. ત્યારે એકીસાથે **૨૮+આહારકદ્વિક=૩૦** પ્રકૃતિ બંધાય છે અને જિનનામસહિત દેવપ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિનો બંધ કરે છે. ત્યારે એકીસાથે **૩૦+જિનનામ=૩૧** પ્રકૃતિ બંધાય છે.

★ આઠમા ગુણઠાણાના છઠ્ઠાભાગે દેવગતિપ્રાયોગ્ય કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ થયા પછી કોઈપણ ગતિપ્રાયોગ્યબંધ થતો નથી. એટલે આઠમા ગુણઠાણાના સાતમાભાગથી દશમાગુણઠાણા સુધી **અપ્રાયોગ્ય એક જ યશનામકર્મ** બંધાય છે.

એ પ્રમાણે કોઈપણ જીવ **એકે૦પ્રાયોગ્ય**બંધ કરતી વખતે **૨૩ / ૨૫ / ૨૬** પ્રકૃતિને બાંધે છે. **વિકલેન્દ્રિયપ્રાયોગ્ય** કે પંચે૦તિ૦પ્રાયોગ્યબંધ કરતી વખતે **૨૫ / ૨૯ / ૩૦**ને બાંધે છે. **મનુષ્યપ્રાયોગ્ય**બંધ કરતી વખતે **૨૫ / ૨૯ / ૩૦** પ્રકૃતિને બાંધે છે. **નરકપ્રાયોગ્ય**બંધ કરતી વખતે **૨૮** પ્રકૃતિને બાંધે છે. **દેવપ્રાયોગ્ય**બંધ કરતી વખતે **૨૮ / ૨૯ / ૩૦ / ૩૧** પ્રકૃતિને બાંધે છે. એટલે એકજીવ એકીસાથે નામકર્મની ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૧ પ્રકૃતિને બાંધી શકે છે. તેથી **નામકર્મના ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૧** એ ૮ બંધસ્થાન છે.

**નામકર્મમાં-૬ ભૂયસ્કારબંધ :-**

★ કોઈક મિથ્યાદષ્ટિતિર્યંચ કે મનુષ્ય અપર્યાપ્તએકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૩ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે પર્યાપ્તા એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૫ કે અપર્યાપ્ત ત્રસપ્રાયોગ્ય ૨૫ પ્રકૃતિને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમસમયે ૨૫ના બંધનો **પહેલો ભૂયસ્કાર** થાય છે.

★ કોઈક મિથ્યાદષ્ટિ તિર્યંચ-મનુષ્ય કે ઈશાન સુધીનો દેવ પર્યાપ્તએકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે બાદરપર્યાપ્તા એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૬ પ્રકૃતિને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમસમયે **૨૬**ના બંધનો **બીજો ભૂયસ્કાર** થાય છે.

★ કોઈક મિથ્યાદષ્ટિ તિર્યંચપંચેન્દ્રિય કે મનુષ્ય એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૬ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે નરકપ્રાયોગ્ય ૨૮ કે દેવપ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમસમયે **૨૮ના** બંધનો **ત્રીજોભૂયસ્કાર** થાય છે.

★ કોઈક મિથ્યાદષ્ટિ તિર્યંચપંચેન્દ્રિય કે મનુષ્ય નરકપ્રાયોગ્ય ૨૮ અથવા દેવપ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે વિકલેન્દ્રિયપ્રાયોગ્ય

૨૯ અથવા પંચેન્દ્રિયતિર્યંચપ્રાયોગ્ય-૨૯ અથવા મનુષ્યપ્રાયોગ્ય-૨૯ પ્રકૃતિને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમસમયે **૨૯**ના બંધનો **ચોથો ભૂયસ્કાર** થાય છે. અથવા સમ્યગ્દષ્ટિમનુષ્ય દેવપ્રાયોગ્ય ૨૮ને બાંધતો બાંધતો જ્યારે દેવપ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમ સમયે ૨૯ના બંધનો ચોથો ભૂયસ્કાર થાય છે.

★ કોઇક મિથ્યાદષ્ટિ તિર્યંચ કે મનુષ્ય વિકલેન્દ્રિયપ્રાયોગ્ય-૨૯ અથવા પંચેન્દ્રિયતિર્યંચપ્રાયોગ્ય-૨૯ અથવા મનુષ્યપ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે વિકલેન્દ્રિયપ્રાયોગ્ય-૩૦ કે પંચેન્દ્રિયતિર્યંચપ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમસમયે **૩૦**ના બંધનો **પાંચમો ભૂયસ્કાર** થાય છે. અથવા અપ્રમત્તસંયમી દેવપ્રાયોગ્ય ૨૮પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે આહારકદ્વિક સહિત ૩૦ પ્રકૃતિને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમ સમયે ૩૦ના બંધનો પાંચમો ભૂયસ્કાર થાય છે. અથવા સમ્યગ્દષ્ટિમનુષ્ય દેવપ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે દેવમાં ઉત્પન્ન થઇને મનુષ્યપ્રાયોગ્ય-૩૦ પ્રકૃતિને બાંધવાની શરૂઆત કરે છે ત્યારે. પ્રથમ સમયે ૩૦ના બંધનો પાંચમો ભૂયસ્કાર થાય છે.

★ કોઇક અપ્રમત્ત સંયમી જિનનામસહિત દેવપ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે આહારકદ્વિક સહિત દેવપ્રાયોગ્ય ૩૧ પ્રકૃતિને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમસમયે **૩૧**ના બંધનો **છઠ્ઠો ભૂયસ્કાર** થાય છે. અથવા કોઇ મનુષ્ય ઉપશમશ્રેણીમાંથી પડતો પડતો ૧૦મા ગુણઠાણે આવીને યશનામકર્મને બાંધતો બાંધતો આઠમા-ગુણઠાણે આવીને જ્યારે દેવપ્રાયોગ્ય ૩૧ પ્રકૃતિને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે પ્રથમસમયે **૩૧**ના બંધનો **છઠ્ઠો ભૂયસ્કાર** થાય છે.

દરેક ભૂયસ્કારબંધ પછી દ્વિતીયાદિસમયે અવસ્થિતબંધ થાય છે.

**નામકર્મમાં ૭ અલ્પતરબંધ :-**

★ અપ્રમત્તસંયમી ૮મા ગુણઠાણાના છઠ્ઠાભાગે દેવપ્રાયોગ્ય ૨૮, ૨૯, ૩૦ કે ૩૧ પ્રકૃતિને બાંધતા બાંધતા જ્યારે ૮માગુણઠાણાના સાતમા ભાગે આવીને એક જ યશનામકર્મને બાંધે છે. ત્યારે પ્રથમસમયે **૧**ના બંધનો **પહેલો અલ્પતર** થાય છે.

★ અપ્રમત્તસંયમી ૩૧ પ્રકૃતિને બાંધતા બાંધતા જ્યારે મરણ

પામીને દેવલોકમાં આવીને મનુષ્યપ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિને બાંધે છે. ત્યારે પ્રથમસમયે ૩૦ના બંધનો **બીજો અલ્પતર** થાય છે.

★ સમ્યગ્દષ્ટિ દેવ જિનનામસહિત મનુષ્યપ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિને બાંધતો બાંધતો ત્યાંથી મરણ પામીને મનુષ્યમાં આવીને દેવપ્રાયોગ્ય-૨૯ પ્રકૃતિને બાંધે છે. ત્યારે પ્રથમસમયે **૨૯**ના બંધનો **ત્રીજોઅલ્પતર** થાય છે.

★ કોઈક મિથ્યાદષ્ટિતિર્યંચ કે મનુષ્ય તિર્યંચપ્રાયોગ્ય ૨૯ અથવા મનુષ્યપ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે દેવપ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિને બાંધે છે. ત્યારે પ્રથમસમયે ૨૮ના બંધનો **ચોથો અલ્પતર** થાય છે.

★ એ જ મિથ્યાદષ્ટિતિર્યંચ કે મનુષ્ય દેવપ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે એકેન્દ્રિયપ્રાયોગ્ય-૨૬ પ્રકૃતિને બાંધે છે ત્યારે પ્રથમસમયે **૨૬**ના બંધનો **પાંચમો અલ્પતર** થાય છે.

★ એ જ મિથ્યાદષ્ટિતિર્યંચ કે મનુષ્ય એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૬ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે એકેન્દ્રિયપ્રાયોગ્ય-૨૫ પ્રકૃતિને બાંધે છે. ત્યારે પ્રથમસમયે **૨૫**ના બંધનો **છઠ્ઠો અલ્પતર** થાય છે.

★ એ જ મિથ્યાદષ્ટિતિર્યંચ કે મનુષ્ય પર્યાપ્ત એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૫ પ્રકૃતિને બાંધતો બાંધતો જ્યારે અપર્યાપ્તએકેન્દ્રિયપ્રાયોગ્ય-૨૩ પ્રકૃતિને બાંધે છે. ત્યારે પ્રથમસમયે **૨૩**ના બંધનો **સાતમો અલ્પતર** થાય છે.

દરેક અલ્પતરબંધ પછી દ્વિતીયાદિસમયે અવસ્થિતબંધ થાય છે.

**નામકર્મમાં કુલ-૮ અવસ્થિતબંધ થાય છે.**

**નામકર્મમાં ૩ અવક્તવ્યબંધ :-**

★ કોઈ મનુષ્ય ૧૧માગુણઠાણે નામકર્મનો સર્વથા અબંધક થયા પછી કાલક્ષયે પડીને ૧૦માગુણઠાણે આવે છે. ત્યારે પ્રથમસમયે જે એક જ યશનામકર્મને બાંધે છે. તે **પહેલો અવક્તવ્યબંધ** કહેવાય.

★ કોઈ મનુષ્ય ૧૧માગુણઠાણેથી ભવક્ષયે પડીને વૈમાનિકદેવમાં ઉત્પન્ન થાય છે. ત્યારે પ્રથમસમયે જે મનુષ્યપ્રાયોગ્ય-૨૯ પ્રકૃતિને બાંધે છે, તે **બીજો અવક્તવ્યબંધ** કહેવાય.

★ કોઈ મનુષ્ય ૧૧માગુણઠાણેથી ભવક્ષયે પડીને વૈમાનિકદેવમાં ઉત્પન્ન થાય છે ત્યારે પ્રથમસમયે જે જિનનામ સહિત મનુષ્યપ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિને બાંધે છે તે **ત્રીજો અવક્તવ્યબંધ** કહેવાય.

## -: નામકર્મમાં બંધસ્થાનાદિ :-

| પ્રકૃતિની સંખ્યા ↓ | એકેન્દ્રિયાદિ પ્રાયોગ્ય ↓ | બંધક જીવો ↓ | બંધ-સ્થાન ↓ | ભૂય-સ્કાર ↓ | અલ્પતર ↓ | અવ૦ ↓ | અવક્તવ્ય ↓ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૩ | અપર્યાપ્તએકે૦પ્રાયોગ્ય | મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્ય | ૧લું | | ૭મો | ૧લો | |
| ૨૫ | અપર્યાપ્તત્રસપ્રાયોગ્ય | મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્ય | ૨જું | ૧લો | ૬ઠ્ઠો | ૨જો | |
| ૨૫ | પર્યાપ્તએકે૦પ્રાયોગ્ય | મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્ય-ઈશાન સુધીનો દેવ | | | | | |
| ૨૬ | પર્યાપ્તએકે૦પ્રાયોગ્ય | મિથ્યાત્વી તિર્યંચ-મનુષ્ય-ઈશાન સુધીનો દેવ | ૩જું | ૨જો | ૫મો | ૩જો | |
| ૨૮ | નરકપ્રાયોગ્ય | મિથ્યાત્વી તિર્યંચ-મનુષ્ય | ૪થું | ૩જો | ૪થો | ૪થો | |
| ૨૮ | દેવપ્રાયોગ્ય | ૧થી૮મા ગુણઠાણાના ૬ઠ્ઠાભાગ સુધીના પંચે૦તિ૦-મનુ૦ | | | | | |
| ૨૯ | પર્યાપ્તવિકલે૦પ્રાયોગ્ય | મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્ય | ૫મું | ૪થો | ૩જો | ૫મો | |
| ૨૯ | પર્યા૦પંચે૦તિ૦પ્રાયોગ્ય | મિથ્યાત્વી-સાસ્વાદની ચારેગતિના જીવો | | | | | |
| ૨૯ | મનુષ્યપ્રાયોગ્ય | મિથ્યાત્વી-સાસ્વાદની તિર્યંચ-મનુષ્યો અને ૧ થી ૪ ગુણઠાણાવાળા દેવ-નારકો | | | | | ભવક્ષયે૩જો |
| ૨૯ | દેવપ્રાયોગ્ય | ૪થી૮મા ગુણઠાણાના ૬ભાગસુધીના મનુષ્યો | | | | | |
| ૩૦ | પર્યાપ્તવિકલે૦પ્રાયોગ્ય | મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્ય | ૬ઠ્ઠું | ૫મો | ૨જો | ૬ઠ્ઠો | |
| ૩૦ | પર્યા૦પંચે૦તિ૦પ્રાયોગ્ય | મિથ્યાત્વી-સાસ્વાદની ચારેગતિના જીવો | | | | | |
| ૩૦ | મનુષ્ય પ્રાયોગ્ય | સમ્યગ્દૃષ્ટિ દેવ-નારકો | | | | | ભવક્ષયે બીજો |
| ૩૦ | દેવપ્રાયોગ્ય | અપ્રમત્ત સંયમી | | | | | |
| ૩૧ | દેવપ્રાયોગ્ય | અપ્રમત્ત સંયમી | ૭મું | ૬ઠ્ઠો | | ૭મો | |
| ૧ | અપ્રાયોગ્ય | ૮મા ગુણઠાણાના ૭મા ભાગથી ૧૦મા ગુણઠાણા સુધી | ૮મું | | ૧લો | ૮મો | કાલક્ષયે૧લો |

**જ્ઞાનાવરણીયાદિમાં બંધસ્થાનાદિ :-**

અનાદિકાળથી માંડીને બંધવિચ્છેદસ્થાન સુધી જ્ઞાનાવરણીયકર્મની પાંચે અને અંતરાયની પાંચે પ્રકૃતિ એકીસાથે જ બંધાય છે. તેથી તે બન્ને કર્મમાં ૫ પ્રકૃતિનું **એક-એક** બંધસ્થાન છે.

એકજીવ એકસમયે વેદનીયકર્મની ૨ પ્રકૃતિમાંથી કોઈપણ એકજ પ્રકૃતિને બાંધે છે. તેથી વેદનીયમાં ૧ પ્રકૃતિનું ૧ બંધસ્થાન છે.

એકજીવ એકભવમાં ૪ આયુષ્યમાંથી કોઈપણ એક જ આયુષ્યને બાંધે છે. તેથી આયુષ્યમાં ૧ પ્રકૃતિનું ૧ બંધસ્થાન છે.

એકજીવ એકસમયે ગોત્રકર્મની ૨ પ્રકૃતિમાંથી કોઈપણ એક જ પ્રકૃતિને બાંધે છે. તેથી ગોત્રકર્મમાં ૧ પ્રકૃતિનું ૧ બંધસ્થાન છે.

જ્ઞાનાવરણીયાદિ-૫ કર્મમાં બંધસ્થાન એક-એક હોવાથી અવસ્થિત-બંધ એક-એક હોય છે. ભૂયસ્કારબંધ કે અલ્પતરબંધ હોતો નથી.

કોઈપણ મનુષ્ય ૧૧મા ગુણઠાણે જ્ઞાનાવરણીય, ગોત્ર, અને અંતરાયકર્મનો સર્વથા અબંધક થઈને કાલક્ષયે પડીને ૧૦મા ગુણઠાણે આવીને ફરીથી જ્ઞાનાવરણીયાદિ-૩ કર્મનો બંધ શરૂ કરે છે, ત્યારે પ્રથમ-સમયે જે બંધ થાય છે. તે અવક્તવ્યબંધ કહેવાય. અથવા ૧૧મા ગુણઠાણેથી ભવક્ષયે પડીને વૈમાનિકદેવમાં ઉત્પન્ન થાય છે, ત્યારે પ્રથમસમયે જે જ્ઞાનાવરણીયાદિ-૩ કર્મનો બંધ કરે છે તે અવક્તવ્યબંધ કહેવાય.

જ્યારે પરભવનું આયુષ્ય બંધાય છે. ત્યારે પહેલાસમયે જે બંધ થાય છે. તે અવક્તવ્યબંધ કહેવાય અને દ્વિતીયાદિસમયે અવસ્થિતબંધ થાય છે.

કોઈપણ મનુષ્ય ૧૪મા ગુણઠાણે જ વેદનીયકર્મનો સર્વથા અબંધક થાય છે. ત્યાંથી પડવાનું હોતું નથી. એટલે વેદનીયકર્મનો અવક્તવ્યબંધ ન હોય. એ રીતે, પ્રકૃતિબંધ-૪ પ્રકારે કહ્યો.

હવે પ્રકૃતિબંધના સ્વામીનું વર્ણન કરવું જોઈએ પરંતુ **બંધસ્વામિત્વ નામના ત્રીજા કર્મગ્રન્થમાં કયો જીવ કેટલી પ્રકૃતિને બાંધી શકે છે?** એ વિસ્તારથી કહેવાઈ ગયું છે. એટલે અહીં પ્રકૃતિબંધના સ્વામી કહ્યાં નથી.

-: પ્રકૃતિબંધ સમાપ્ત :-

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

# સ્થિતિબંધ

મૂલપ્રકૃતિનો ઉત્કૃષ્ટ અને જઘન્યસ્થિતિબંધ :-

**वीसऽयरकोडिकोडी नामे गोए य सत्तरी मोहे ।**
**तीसियर चउसु उदही निरयसुराउम्मि तित्तीसा ॥ २६॥**

**मुत्तुं अकसायठिइं बार मुहुत्ता जहन्न वेयणिए ।**
**अट्ठट्ठ नामगोएसु सेसएसु मुहुत्तंतो ॥२७॥**

विंशतिरतरकोटीकोट्यः नामे गोत्रे च सप्ततिर्मोहे ।
त्रिंशदितरचतुर्षु उदधयः नरकसुरायुषोस्त्रयस्त्रिंशत् ॥ २६॥

मुक्त्वा अकषायस्थितिं द्वादशमुहूर्ता जघन्या वेदनीये ।
अष्टाष्टौ नामगोत्रयोः शेषेषु मुहूर्तान्तः ॥ २७॥

ગાથાર્થ :- **નામકર્મ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ બંધાય છે. મોહનીયકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ બંધાય છે. જ્ઞાનાવરણીયાદિ-૪ કર્મની ઉત્કૃષ્ટસ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ બંધાય છે અને દેવાયુ-નરકાયુની ઉત્કૃષ્ટસ્થિતિ ૩૩ સાગરોપમ બંધાય છે.**

**અકષાયીવેદનીયની સ્થિતિને છોડીને સકષાયી વેદનીયકર્મની જઘન્યસ્થિતિ ૧૨ મુહૂર્ત બંધાય છે. નામ અને ગોત્રકર્મનો જઘન્ય-સ્થિતિબંધ આઠ-આઠ મુહૂર્ત થાય છે અને જ્ઞાનાવરણીયાદિ- ૫ કર્મનો જઘન્યસ્થિતિબંધ અંતર્મુહૂર્ત થાય છે.**

**વિવેચન** :- સ્થિતિબંધનું કારણ કષાયોદય છે. જ્યારે તીવ્રતમ

કષાયોદય હોય ત્યારે ઉત્કૃષ્ટસ્થિતિ બંધાય છે અને મંદતમ કષાયોદય હોય ત્યારે જઘન્યસ્થિતિ બંધાય છે. તેથી સ્થિતિબંધ-૨ પ્રકારે છે. (૧) ઉત્કૃષ્ટસ્થિતિબંધ (૨) જઘન્યસ્થિતિબંધ.

## મૂલકર્મોનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ :-

(૧) જ્ઞાનાવરણીયકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ **૩૦ કો૦કો૦સા૦** બંધાય છે.
(૨) દર્શનાવરણીયકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ **૩૦ કો૦કો૦સા૦** બંધાય છે.
(૩) વેદનીયકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ **૩૦ કો૦કો૦સા૦** બંધાય છે.
(૪) મોહનીયકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ **૭૦ કો૦કો૦સા૦** બંધાય છે.
(૫) આયુષ્યકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ **૩૩ સાગરોપમ** બંધાય છે.
(૬) નામકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ **૨૦ કો૦કો૦સા૦** બંધાય છે.
(૭) ગોત્રકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ **૨૦ કો૦કો૦સા૦** બંધાય છે.
(૮) અંતરાયકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ **૩૦ કો૦કો૦સા૦** બંધાય છે.

સાગરની ઉપમાવાળો જે કાલ છે. તે **"સાગરોપમ"** કહેવાય.

**૧ક્રોડ** ↓ **૧ક્રોડ** ↓ **૧ ક્રોડાક્રોડી** ↓

**૧૦૦૦૦૦૦૦ × ૧૦૦૦૦૦૦૦ = ૧,૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦**
**૭૦ કો૦કો૦સા૦ = ૭૦,૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦ સાગરોપમ** થાય.

એક જ સમયમાં તીવ્રતમ કષાયોદયજન્ય પરિણામથી બંધાયેલું મોહનીયકર્મ વધુમાં વધુ **૭૦,૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦ સાગરોપમ** સુધી આત્મપ્રદેશો ઉપર રહી શકે છે. તેથી મોહનીયકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ **૭૦ કોડાકોડીસાગરોપમ** કહી છે.

એક જ સમયમાં તીવ્રતમ કષાયોદયજન્ય પરિણામથી બંધાયેલા જ્ઞાનાવરણીયાદિ-૪ કર્મ વધુમાં વધુ **૩૦,૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦ સાગરોપમ** સુધી આત્મપ્રદેશો ઉપર રહી શકે છે. તેથી જ્ઞાનાવરણીયાદિ-૪ કર્મની ઉત્કૃષ્ટસ્થિતિ **૩૦ કોડાકોડીસાગરોપમ** કહી છે.

એક જ સમયમાં તીવ્રતમ કષાયોદયજન્ય પરિણામથી બંધાયેલું

નામ-ગોત્રકર્મ વધુમાં વધુ **૨૦,૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦ સાગરોપમ** સુધી આત્મપ્રદેશો ઉપર રહી શકે છે. તેથી નામ-ગોત્રકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ **૨૦ કોડાકોડીસાગરોપમ** કહી છે.

આયુષ્યકર્મ ઘોલના પરિણામથી બંધાતું હોવાથી તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામે નરકાયુની ઉત્કૃષ્ટસ્થિતિ ૩૩ સાગરોપમ બંધાય છે અને તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પરિણામે દેવાયુની ઉત્કૃષ્ટસ્થિતિ ૩૩ સાગરોપમ બંધાય છે.

**શંકા :- આ ગાથામાં મૂલ-૮ કર્મોમાંથી જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મની ઉત્કૃષ્ટસ્થિતિ કહી અને આયુષ્યકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ કેમ ન કહી?**

**સમાધાનઃ-** મૂલઆયુષ્યકર્મની જે ઉત્કૃષ્ટસ્થિતિ છે. તે જ આયુષ્યકર્મના ઉત્તરભેદ દેવાયુ અને નરકાયુની ઉત્કૃષ્ટસ્થિતિ છે. એટલે આયુષ્યકર્મના ઉત્તરભેદની ઉત્કૃષ્ટસ્થિતિ કહેવા દ્વારા જ મૂલઆયુષ્યકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ કહેવાઇ જાય છે. માટે ગ્રન્થગૌરવના ભયથી મૂલઆયુષ્યકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ અલગ ન કહી.

## મૂલકર્મોનો જઘન્યસ્થિતિબંધ :-

(૧) જ્ઞાનાવરણીયકર્મની જઘન્યસ્થિતિ **અંતર્મુહૂર્ત** બંધાય છે.

(૨) દર્શનાવરણીયકર્મની જઘન્યસ્થિતિ **અંતર્મુહૂર્ત** બંધાય છે.

(૩) વેદનીયકર્મની જઘન્યસ્થિતિ **૧૨ મુહૂર્ત** બંધાય છે.

(૪) મોહનીયકર્મની જઘન્યસ્થિતિ **અંતર્મુહૂર્ત** બંધાય છે.

(૫) આયુષ્યકર્મની જઘન્યસ્થિતિ **અંતર્મુહૂર્ત** બંધાય છે.

(૬) નામકર્મની જઘન્યસ્થિતિ **૮ મુહૂર્ત** બંધાય છે.

(૭) ગોત્રકર્મની જઘન્યસ્થિતિ **૮ મુહૂર્ત** બંધાય છે.

(૮) અંતરાયકર્મની જઘન્યસ્થિતિ **અંતર્મુહૂર્ત** બંધાય છે.

જ્ઞાનાવરણીયાદિ-૮ કર્મોમાંથી એક જ વેદનીયકર્મનો બંધ (૧) સકાષાયિક અને (૨) અકાષાયિક છે. કારણકે શાતાવેદનીયકર્મ ૧થી૧૩ ગુણઠાણા સુધી બંધાય છે. તેમાં ૧થી૧૦ ગુણઠાણા સુધી કષાયનો ઉદય હોવાથી ત્યાં સુધી શાતાનો બંધ સકાષાયિક છે અને ૧૧ થી ૧૩

ગુણઠાણા સુધી કષાયનો ઉદય ન હોવાથી તે ત્રણ ગુણઠાણે શાતાનો બંધ અકાષાયિક છે. તે પહેલા સમયે બંધાય છે અને બીજાસમયે નાશ પામે છે. એટલે શાતાનો બંધ ૨ સમયનો જ છે.

**શંકા :- ગ્રન્થકારભગવંતે શાતાનો જ૦સ્થિતિબંધ ૨ સમયનો ન કહેતાં ૧૨ મુહૂર્તનો કેમ કહ્યો છે?**

**સમાધાન** :- સ્થિતિબંધનું કારણ કષાયોદય છે એ કષાયોદય ૧૦મા ગુણઠાણા સુધી જ હોય છે. એટલે કષાયોદયરૂપ કારણથી જન્ય-સ્થિતિબંધરૂપકાર્ય ૧૦મા ગુણઠાણા સુધી થાય છે. તેથી ૧૦માગુણઠાણાના અંતે કષાયોદયજન્ય પરિણામથી જે શાતાનો-૧૨ મુહૂર્ત પ્રમાણ સ્થિતિબંધ થાય છે. તેને જ૦સ્થિતિબંધ કહ્યો છે.

**મૂલકર્મોમાં અબાધાકાલ :-**

**બાધા=પીડા** [ઉદયરૂપપીડા].

**અબાધા= ઉદયરૂપ પીડાનો અભાવ** [અનુદય].

બંધસમયે જે કર્મની જેટલી સ્થિતિમાં તથાસ્વભાવે જ ભોગવવા યોગ્ય કર્મદલિકો ગોઠવાતા નથી તેટલી સ્થિતિને **"અભોગ્યસ્થિતિ"** અથવા **"અબાધાસ્થિતિ"** કહે છે અને અબાધાસ્થિતિની ઉપર જેટલી સ્થિતિમાં ભોગવવા યોગ્ય કર્મદલિકો ગોઠવાય છે. તેટલી સ્થિતિને **"ભોગ્યસ્થિતિ"** અથવા **"નિષેકસ્થિતિ"** કહે છે.

**નિ+સિચ્ચ** ધાતુનો અર્થ **"સ્થાપવું"** થાય છે.

**નિષેક=કર્મદલિકની સ્થાપના...**

બંધસમયે જે કર્મના ભાગમાં જેટલું દલિક આવે છે. તેટલું દલિક ક્રમશઃ ભોગવી શકાય એટલા માટે તે દલિકોની વ્યવસ્થિત રચના થાય છે. તેને **"નિષેકરચના"** કહે છે.

બંધસમયે જે કર્મના ભાગમાં જેટલું કર્મદલિક આવ્યું હોય, તેમાંથી કેટલાક દલિકો અબાધાસ્થિતિની ઉપરના પ્રથમસમયે ભોગવવા યોગ્ય હોય છે, તે અબાધાસ્થિતિની ઉપરના પ્રથમસમયમાં ગોઠવાય છે. તેને **"પ્રથમનિષેક"** કહે છે. તેના કરતાં થોડાં ઓછા કર્મદલિકો બીજાસમયે

ભોગવવા યોગ્ય હોય છે, તે બીજાસમયમાં ગોઠવાય છે. તેને **"બીજોનિષેક"** કહે છે. તેના કરતાં થોડા ઓછા કર્મદલિકો ત્રીજાસમયે ભોગવવા યોગ્ય હોય છે. તે ત્રીજાસમયમાં ગોઠવાય છે. તેને **"ત્રીજોનિષેક"** કહે છે. એ રીતે, તે સમયે બંધાતી સ્થિતિના છેલ્લાસમય સુધી પૂર્વ પૂર્વના સમય કરતાં પછી પછીના સમયે થોડા ઓછા ઓછા દલિકો ગોઠવાય છે. તેને **"નિષેકરચના"** કહે છે. તેમાં અબાધાસ્થિતિની ઉપરના પ્રથમસમયથી માંડીને તે સમયે બંધાતી સ્થિતિના છેલ્લા સમય સુધીના જેટલા સમય થાય છે. તેટલા નિષેક હોય છે.

ગ્રન્થકાર ભગવંત ગાથાનં૦૩૨માં "**एवइआबाह वाससया**" પદથી કહી રહ્યાં છે કે, **"જે ઉત્તરપ્રકૃતિની જેટલા કોડાકોડીસાગરોપમની સ્થિતિ બંધાય છે. તે ઉત્તરપ્રકૃતિમાં તેટલા સો વર્ષની અબાધા હોય છે."** દા૦ત૦ દેવગતિની ૧૦કો૦કો૦સા૦ સ્થિતિબંધાય છે. ત્યારે દેવગતિમાં ૧૦૦૦વર્ષની આબાધા હોય છે.

અસત્કલ્પનાથી **૧૦ કો૦કો૦સા૦ = ૧૦૦ સમય..**

**૧૦૦૦ વર્ષ = ૧૦ સમય** માનવામાં આવે, તો....

**ચિત્રનં૦૧માં** બતાવ્યા મુજબ **अ** નામનો માણસ જે સમયે દેવગતિનામકર્મની ૧૦ કોડાકોડીસાગરોપમ=૧૦૦ સમય પ્રમાણ સ્થિતિ બાંધે છે. તે સમયે તથા સ્વભાવે જ ૧૦૦૦ વર્ષ=૧૦ સમયની સ્થિતિમાં કર્મદલિકો ગોઠવાતા નથી. એટલે ૧૦ સમયની સ્થિતિને અબાધાકાલ કહે છે અને અબાધાકાળની ઉપરના સમયથી માંડીને ૧૦ કો૦કો૦સા૦ના છેલ્લા સમય સુધી=૧૧ સમયથી માંડીને ૧૦૦ સમય સુધી પૂર્વ પૂર્વના સમય કરતાં પછી પછીના સમયે થોડા ઓછા ઓછા કર્મદલિકો ગોઠવાય છે. તેથી ૧૧થી ૧૦૦ સમયને નિષેકકાળ કહે છે. તેમાં ૧૧ થી ૧૦૦ સુધીના કુલ ૯૦ નિષેક હોય છે.

જે ઉત્તરપ્રકૃતિની જેટલા કોડાકોડીસાગરોપમની સ્થિતિ બંધાય છે. તે ઉત્તરપ્રકૃતિમાં તેટલા સો વર્ષની અબાધા હોય છે. એ નિયમાનુસારે મૂલકર્મમાં પણ જે કર્મની જેટલા કોડાકોડીસાગરોપમની સ્થિતિ બંધાય છે. તે કર્મમાં તેટલા સો વર્ષની અબાધા હોય છે.

ચિત્ર નં. ૧

## દેવગતિમાં અબાધાકાળ-નિષેકકાળ



# આયુષ્યકર્મમાં અબાધાકાળ-નિષેકકાળ



જ્ઞાનાવરણીયાદિ-૩ કર્મની ઉત્કૃષ્ટસ્થિતિ **૩૦કો૦કો૦સા૦** બંધાય છે. ત્યારે **૩૦૦૦ વર્ષ** અબાધાકાલ હોય છે અને **૩૦૦૦ વર્ષન્યૂન ૩૦કો૦કો૦સા૦** નિષેકકાળ હોય છે. તથા મોહનીયકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ **૭૦કો૦કો૦સા૦** બંધાય છે. ત્યારે **૭૦૦૦ વર્ષ** અબાધાકાલ હોય છે અને **૭૦૦૦ વર્ષન્યૂન ૭૦કો૦કો૦સા૦** નિષેકકાળ હોય છે.

આયુષ્યકર્મનો એવો સ્વભાવ છે કે, ચાલુભવનું આયુષ્ય પૂર્ણ થયા પછી જ પરભવના આયુષ્યનો ઉદય થાય છે એટલે **પરભવાયુના બંધસમયે ચાલુભવના આયુષ્યની જેટલી સ્થિતિ બાકી હોય તેટલી પરભવાયુની અબાધા હોય છે.** દા૦ત૦ **अ** નામના મનુષ્યનું ચાલુભવનું **૬૦** વર્ષનું આયુષ્ય છે. તેમાંથી ૪૦ વર્ષ ગયા પછી **૨૦** વર્ષનું આયુષ્ય બાકી રહે, ત્યારે પરભવનું **૫૦** વર્ષનું તિર્યંચાયુ બાંધે, તો તિર્યંચાયુની ૨૦ વર્ષની અબાધા હોય.

અસત્કલ્પનાથી મનુષ્યાયુ **૬૦ વર્ષ = ૬૦ સમય**

તિર્યંચાયુ **૫૦ વર્ષ = ૫૦ સમય** માનવામાં આવે, તો....

**ચિત્રનં૦૨માં** બતાવ્યા મુજબ **अ** નામનો માણસ પોતાનું **૪૦વર્ષ=૪૦ સમયનું** આયુષ્ય પૂર્ણ થયા પછી ૪૧થી ૬૦ સુધીના **૨૦વર્ષ=૨૦ સમયનું** આયુષ્ય બાકી રહે છે. ત્યારે **૫૦વર્ષ=૫૦ સમયનું** તિર્યંચાયુ બાંધી રહ્યો છે. તે વખતે તિર્યંચાયુના ભાગમાં જે દલિકો આવે છે. તે મનુષ્યાયુના ૬૦મા [છેલ્લા] નિષેકની ઉપર ૧થી ૫૦ સમયની સ્થિતિમાં ગોઠવાય છે. એટલે જે સમયે મનુષ્યાયુ પૂર્ણ થતાં **अ** નામનો માણસ મરણ પામે છે. તેના પછીના જ સમયે તે જીવને તિર્યંચાયુનો ઉદય શરૂ થઇ જાય છે એટલે તિર્યંચાયુની અબાધા ૨૦ વર્ષ છે

એ જ રીતે, પૂર્વક્રોડવર્ષના પ્રમત્તસંયમી ચાલુભવના આયુષ્યના બે ભાગ ગયા પછી ત્રીજોભાગ બાકી રહે છે. ત્યારે પરભવનું ૩૩ સાગરોપમનું દેવાયુ બાંધે છે. ત્યારે દેવાયુના ભાગમાં જે કર્મદલિકો આવે છે. તેને મનુષ્યાયુના છેલ્લા નિષેકની ઉપર ગોઠવે છે. તે વખતે દેવાયુની ઉ૦અબાધા પૂર્વક્રોડવર્ષનો ત્રીજોભાગ છે અને **નિષેકકાળ ૩૩ સાગરોપમ** છે.

નામ-ગોત્રકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ **૨૦કો૦કો૦સા૦** બંધાય છે. ત્યારે **૨૦૦૦ વર્ષની** અબાધા હોય છે અને **૨૦૦૦ વર્ષન્યૂન ૨૦**

**કો૦કો૦સા૦** નિષેકકાળ હોય છે. તથા અંતરાયકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ **૩૦કો૦કો૦સા૦** બંધાય છે. ત્યારે ૩૦૦૦ વર્ષની અબાધા હોય છે અને **૩૦૦૦ વર્ષન્યૂન ૩૦કો૦કો૦સા૦** નિષેકકાળ હોય છે.

**શંકા :- જેમ જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મના સ્થિતિબંધમાં અબાધાકાલનો સમાવેશ થાય છે. તેમ આયુષ્યકર્મના સ્થિતિબંધમાં અબાધાકાલનો સમાવેશ કેમ નથી થતો?**

**સમાધાનઃ-** જેમ જ્ઞાનાવરણીયાદિ કર્મોમાં ૧ કોડાકોડીસાગરોપમે ૧૦૦ વર્ષનો અબાધાકાલ નક્કી જ છે. તેમ આયુષ્યકર્મમાં સ્થિતિબંધની સાથે અબાધાકાલનું પ્રમાણ નક્કી નથી. કારણકે આયુષ્યકર્મનો એવો સ્વભાવ જ છે કે, ચાલુભવનું આયુષ્ય પૂર્ણ થયા પછી જ પરભવાયુનો ઉદય શરૂ થાય છે. તેથી પરભવાયુના બંધ વખતે ચાલુભવનું જેટલુ આયુષ્ય બાકી રહ્યું હોય તેટલી પરભવાયુની અબાધા હોય છે. તેથી આયુષ્યકર્મના સ્થિતિબંધમાં અબાધાનો સમાવેશ કર્યો નથી.

જેમ મૂલ, છાલ, શાખા, પાંદડા વગેરેના સમૂહરૂપ વૃક્ષ છે. તેમ મતિજ્ઞાનાવરણીયાદિ પાંચેના સમૂહરૂપ જ્ઞાનાવરણીયકર્મ છે. એટલે ઉત્તર-પ્રકૃતિથી મૂળપ્રકૃતિ જુદી નથી. એ જ રીતે, ઉત્તરપ્રકૃતિની ઉ૦સ્થિતિથી મૂલપ્રકૃતિની ઉ૦સ્થિતિ અલગ નથી. પરંતુ જે કર્મની જે ઉત્તરપ્રકૃતિનો સ્થિતિબંધ સૌથી વધારે હોય તે જ મૂલકર્મનો ઉ૦સ્થિતિબંધ છે અને જે કર્મની જે ઉત્તરપ્રકૃતિનો સ્થિતિબંધ સૌથી ઓછો હોય, તે જ મૂલકર્મનો જઘન્યસ્થિતિબંધ છે. દા૦ત૦ મોહનીયકર્મમાં સૌથી વધારે મિથ્યાત્વ-મોહનીયનો ૭૦કો૦કો૦સા૦ સ્થિતિબંધ હોવાથી મોહનીયકર્મનો ૭૦ કો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધ કહ્યો છે. એ જ રીતે, મોહનીયકર્મમાં સૌથી ઓછો સં૦લોભનો સ્થિતિબંધ અંતર્મુહૂર્ત હોવાથી મોહનીયનો જ૦-સ્થિતિબંધ અંતર્મુહૂર્ત કહ્યો છે.

ઉત્તરપ્રકૃતિનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ :-

**विग्घावरणअसाए, तीसं अट्ठारसुहुमविगलतिगे ।**
**पढमागिइसंघयणे, दस दसुवरिमेसु दुगवुड्ढी ॥ २८॥**

**चालीस कसाएसुं मिउलहुनिद्धुण्हसुरहिसिअमहुरे ।**
**दस दोसड्ढसमहिआ, ते हालिद्दंबिलाईणं ॥ २९॥**

विघ्नावरणासाते, त्रिंशदष्टादश सूक्ष्मविकलत्रिके ।
प्रथमाकृतिसंहननयोः दश दशोपरितनेषु द्विकवृद्धिः ॥ २८॥

चत्वारिंशत् कषायेषु मृदु-लघु-स्निग्धोष्ण-सुरभि-सित-मधुरे ।
दश द्विसार्धसमधिकाः, ते हारिद्राम्लादीनाम् ॥ २९॥

**ગાથાર્થ :- અંતરાય-૫, જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૯ અને અશાતાવેદનીયનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ ૩૦ કોડાકોડીસાગરોપમ છે. સૂક્ષ્મત્રિક અને વિકલેન્દ્રિયત્રિકનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ ૧૮ કોડાકોડી સાગરોપમ છે. પહેલાં સંસ્થાન અને પહેલા સંઘયણનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ ૧૦ કોડાકોડી સાગરોપમ છે. તેની ઉપરના બીજા વગેરે સંસ્થાન અને બીજા વગેરે સંઘયણમાં બે બે કોડાકોડીસાગરોપમની વૃદ્ધિ કરવી.**

**૧૬ કષાયનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ ૪૦ કોડાકોડીસાગરોપમ છે. મૃદુ, લઘુ, સ્નિગ્ધ, ઉષ્ણ, સુરભિગંધ, શ્વેતવર્ણ અને મધુરરસનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ ૧૦ કોડાકોડીસાગરોપમ છે. તેમાં ૨॥ કોડાકોડી સાગરોપમ અધિક કરતાં પીળા વગેરે વર્ણનો અને આમ્લાદિ રસનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ થાય છે.**

**વિવેચન** :- દાનાંતરાયાદિ-૫, મતિજ્ઞાનાવરણીયાદિ-૫, દર્શનાવરણીયચતુષ્ક, નિદ્રાપંચક અને અશાતાવેદનીય એ કુલ ૨૦ કર્મપ્રકૃતિની ઉત્કૃષ્ટસ્થિતિ ૩૦ કોડાકોડીસાગરોપમ બંધાય છે. તે દરેક કર્મપ્રકૃતિનો ઉત્કૃષ્ટ અબાધાકાળ **૩૦૦૦વર્ષ** છે અને **નિષેકકાળ ૩૦૦૦ વર્ષન્યૂન ૩૦ કોડાકોડીસાગરોપમ** છે.

સૂક્ષ્મનામકર્મ, અપર્યાપ્તનામકર્મ, સાધારણનામકર્મ, બેઇન્દ્રિયજાતિ, તેઇન્દ્રિયજાતિ અને ચઉરિન્દ્રિયજાતિ એ ૬ કર્મપ્રકૃતિની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૮ કોડાકોડીસાગરોપમ બંધાય છે. તે દરેકનો ઉત્કૃષ્ટ અબાધાકાળ

૧૮૦૦ વર્ષ છે અને નિષેકકાળ **૧૮૦૦ વર્ષન્યૂન ૧૮ કોડા-કોડીસાગરોપમ** છે.

સમચતુરસ્રસંસ્થાન અને વજ્રઋષભનારાચસંઘયણની ઉત્કૃષ્ટસ્થિતિ **૧૦** કોડાકોડીસાગરોપમ બંધાય છે. તે બન્નેનો ઉત્કૃષ્ટ અબાધાકાળ **૧૦૦૦ વર્ષ** અને નિષેકકાળ **૧૦૦૦ વર્ષન્યૂન ૧૦ કોડાકોડી-સાગરોપમ** છે. ન્યગ્રોધસંસ્થાન અને ઋષભનારાચસંઘયણની ઉત્કૃષ્ટસ્થિતિ **૧૨** કોડાકોડીસાગરોપમ બંધાય છે. તે બન્નેનો ઉત્કૃષ્ટ અબાધાકાળ **૧૨૦૦ વર્ષ** છે અને નિષેકકાળ **૧૨૦૦ વર્ષન્યૂન ૧૨કો૦કો૦સા૦** છે. સાદિસંસ્થાન અને નારાચસંઘયણની ઉત્કૃષ્ટસ્થિતિ **૧૪** કોડાકોડીસાગરોપમ બંધાય છે. તે બન્નેનો ઉત્કૃષ્ટઅબાધાકાળ **૧૪૦૦ વર્ષ** છે અને નિષેકકાળ **૧૪૦૦ વર્ષન્યૂન ૧૪કો૦કો૦સા૦** છે. ચોથા કુબ્જસંસ્થાન અને અર્ધનારાચસંઘયણની ઉત્કૃષ્ટસ્થિતિ **૧૬** કોડાકોડીસાગરોપમ બંધાય છે. તે બન્નેનો અબાધાકાળ **૧૬૦૦ વર્ષ** છે અને **નિષેકકાળ ૧૬૦૦ વર્ષન્યૂન ૧૬કો૦કો૦સા૦** છે. પાંચમા વામનસંસ્થાન અને કીલિકા-સંઘયણની ઉત્કૃષ્ટસ્થિતિ **૧૮** કોડાકોડીસાગરોપમ બંધાય છે. તે બન્નેનો અબાધાકાળ-**૧૮૦૦ વર્ષ** છે અને **નિષેકકાળ ૧૮૦૦ વર્ષન્યૂન ૧૮ કો૦કો૦સા૦** છે. છઠ્ઠા હુંડકસંસ્થાન અને છેવટ્ઠાસંઘયણની ઉત્કૃષ્ટસ્થિતિ **૨૦** કોડાકોડીસાગરોપમ બંધાય છે. તે બન્નેનો અબાધાકાળ **૨૦૦૦ વર્ષ** છે અને **નિષેકકાળ ૨૦૦૦ વર્ષન્યૂન ૨૦કો૦કો૦સા૦** છે.

૧૬કષાયની ઉત્કૃષ્ટસ્થિતિ **૪૦** કોડાકોડીસાગરોપમ બંધાય છે. તે દરેકનો અબાધાકાળ **૪૦૦૦ વર્ષ** છે અને નિષેકકાળ **૪૦૦૦ વર્ષન્યૂન ૪૦કો૦કો૦સા૦** છે. મૃદુ, લઘુ, સ્નિગ્ધ, ઉષ્ણ, સુરભિગંધ, શ્વેતવર્ણ, મધુરરસની ઉત્કૃષ્ટસ્થિતિ **૧૦** કોડાકોડીસાગરોપમ બંધાય છે. એ ૭ પ્રકૃતિનો અબાધાકાળ **૧૦૦૦** વર્ષ છે અને નિષેકકાળ **૧૦૦૦ વર્ષન્યૂન ૧૦ કોડાકોડીસાગરોપમ** છે. પીતવર્ણ અને આમ્લરસની ઉત્કૃષ્ટસ્થિતિ **૧૨॥ કોડાકોડીસાગરોપમ બંધાય છે.** તે બન્નેનો અબાધાકાળ **૧૨૫૦ વર્ષ** છે અને નિષેકકાળ **૧૨૫૦ વર્ષન્યૂન ૧૨॥ કો૦કો૦સા૦** છે લાલવર્ણ અને તૂરારસની ઉત્કૃષ્ટસ્થિતિ **૧૫** કોડાકોડીસાગરોપમ બંધાય છે. તે બન્નેનો

અબાધાકાળ **૧૫૦૦ વર્ષ** છે અને **નિષેકકાળ ૧૫૦૦ વર્ષન્યૂન ૧૫ કોડાકોડીસાગરોપમ** છે. નીલવર્ણ અને કડવારસની ઉત્કૃષ્ટસ્થિતિ **૧૭॥** કોડાકોડીસાગરોપમ બંધાય છે. તે બન્નેનો અબાધાકાળ **૧૭૫૦** વર્ષ છે અને નિષેકકાળ **૧૭૫૦ વર્ષન્યૂન ૧૭॥ કો૦કો૦સા૦** છે. કૃષ્ણવર્ણ અને તિક્તરસની ઉત્કૃષ્ટસ્થિતિ **૨૦** કોડાકોડીસાગરોપમ બંધાય છે. તે બન્નેનો અબાધાકાળ **૨૦૦૦ વર્ષ** છે અને નિષેકકાળ **૨૦૦૦ વર્ષન્યૂન ૨૦ કોડાકોડીસાગરોપમ** છે.

ઉત્તરપ્રકૃતિનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ :-

**दस सुहविहगइउच्चे, सुरदुगथिरछक्कपुरिसरइहासे ।**
**मिच्छे सत्तरि मणुदुग, इत्थीसाएसु पन्नरस ॥ ३० ॥**
**भयकुच्छअरइसोए, विउव्वितिरिउरलनरयदुग नीए ।**
**तेयपणअथिरछक्के, तसचउथावरइगपणिंदी ॥ ३१ ॥**
**नपुकुखगइ सासचऊ, गुरुकक्खडरुक्खसीयदुग्गंधे ।**
**वीसं कोडाकोडी, एवइ आबाह वाससया ॥ ३२ ॥**

दश शुभविहायोगत्युच्चैः, सुरद्विकस्थिरषट्कपुरुषरतिहास्ये ।
मिथ्यात्वे सप्ततिः, मनुष्यद्विकस्त्रीसातेषु पञ्चदश ॥ ३० ॥
भयकुत्साऽरतिशोके वैक्रियतिर्यगौदारिकनरकद्विके नीचैः ।
तैजसपञ्चकेऽस्थिरषट्के, त्रसचतुष्के स्थावर एकपञ्चेन्द्रिये ॥ ३१ ॥
नपुंसककुखगता उच्छ्वासचतुष्के गुरु-कर्कश-रूक्ष-शीतदुर्गन्धे ।
विंशतिः कोटीकोट्यः, एतावन्त्यबाधा वर्षशतानि ॥ ३२ ॥

ગાથાર્થ :- **શુભવિહાયોગતિ, ઉચ્ચગોત્ર, દેવદ્વિક, સ્થિરષટ્ક, પુરુષવેદ, હાસ્ય-રતિનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ ૧૦ કોડાકોડીસાગરોપમ થાય છે. મિથ્યાત્વનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ ૭૦ કોડાકોડીસાગરોપમ થાય છે. મનુષ્યદ્વિક, સ્ત્રીવેદ અને શાતાનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ ૧૫ કોડાકોડી-સાગરોપમ થાય છે.**

**ભય-જુગુપ્સા, અરતિ-શોક, વૈક્રિયદ્વિક, તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક**

**નરકદ્વિક, નીચગોત્ર, તૈજસપંચક, અસ્થિરષટ્ક, ત્રસચતુષ્ક, સ્થાવર, એકેન્દ્રિયજાતિ, પંચેન્દ્રિયજાતિ નપુંસકવેદ, અશુભવિહાયોગતિ, ઉચ્છ્વાસ-ચતુષ્ક, ગુરુ, કર્કશ, રૂક્ષ, શીત અને દુર્ગંધનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ ૨૦ કોડાકોડીસાગરોપમ થાય છે અને તે દરેક કર્મોની અબાધા પણ એટલા ૧૦૦ વર્ષની છે.**

**વિવેચન :-** શુભવિહાયોગતિ, ઉચ્ચગોત્ર, દેવદ્વિક, સ્થિરષટ્ક, પુરુષવેદ અને હાસ્ય-રતિ એ-**૧૩**ની ઉત્કૃષ્ટસ્થિતિ **૧૦** કોડાકોડીસાગરોપમ બંધાય છે. તે દરેકનો અબાધાકાળ **૧૦૦૦ વર્ષ** છે અને નિષેકકાળ **૧૦૦૦ વર્ષન્યૂન ૧૦ કોડાકોડીસાગરોપમ** છે. મિથ્યાત્વની ઉત્કૃષ્ટસ્થિતિ ૭૦ કોડાકોડીસાગરોપમ બંધાય છે. તેનો અબાધાકાળ **૭૦૦૦ વર્ષ** છે અને નિષેકકાળ **૭૦૦૦ વર્ષન્યૂન ૭૦ કોડાકોડીસાગરોપમ** છે. મનુષ્યદ્વિક, સ્ત્રીવેદ અને શાતાની ઉત્કૃષ્ટસ્થિતિ **૧૫** કોડાકોડીસાગરોપમ બંધાય છે. તે દરેકનો અબાધાકાળ **૧૫૦૦ વર્ષ** છે અને નિષેકકાળ **૧૫૦૦ વર્ષન્યૂન ૧૫ કો૦કો૦સા૦** છે.

ભય-જુગુપ્સા, અરતિ-શોક, વૈક્રિયદ્વિક, તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, નરકદ્વિક, નીચગોત્ર, તૈજસશરીર, કાર્મણશરીર, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, અસ્થિરષટ્ક, ત્રસચતુષ્ક, સ્થાવર, એકેન્દ્રિયજાતિ, પંચેન્દ્રિયજાતિ, નપુંસકવેદ, અશુભવિહાયોગતિ, ઉચ્છ્વાસ, ઉદ્યોત, આતપ, પરાઘાત, ગુરુ, કર્કશ, રૂક્ષ, શીત, દુર્ગંધ એ-**૪૨ પ્રકૃતિ**ની ઉત્કૃષ્ટસ્થિતિ **૨૦** કોડાકોડી-સાગરોપમ બંધાય છે. તે દરેકનો અબાધાકાળ **૨૦૦૦ વર્ષ** છે અને નિષેકકાળ **૨૦૦૦ વર્ષન્યૂન ૨૦કો૦કો૦સા૦** છે.

ઔદારિકાદિ-૪ શરીરની જેમ ઔદારિકાદિ-૪ બંધન અને ઔદારિકાદિ-૪ સંઘાતનની ઉત્કૃષ્ટસ્થિતિ **૨૦**કો૦કો૦સા૦ બંધાય છે. તે દરેકનો અબાધાકાળ **૨૦૦૦ વર્ષ** છે અને નિષેકકાળ **૨૦૦૦ વર્ષન્યૂન ૨૦કો૦કો૦સા૦** છે.

**શંકા:- ઉત્કૃષ્ટસ્થિતિબંધમાં ઉત્કૃષ્ટઅબાધા અને જઘન્ય-સ્થિતિબંધમાં જઘન્યઅબાધા કહી છે. તો મધ્યમસ્થિતિબંધમાં કેટલી અબાધા હોય ?**

**સમાધાનઃ-** મધ્યમ સ્થિતિબંધ અસંખ્ય પ્રકારે છે. કારણકે સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિબંધ, બે સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિબંધ, ત્રણ-સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિબંધ.....એ રીતે, ઉત્કૃષ્ટસ્થિતિબંધમાંથી એક એક સમય ઓછો કરતાં કરતાં સમયાધિક જઘન્યસ્થિતિબંધ સુધીના જેટલા સમયો થાય તેટલા મધ્યમસ્થિતિબંધ થાય. એ જ રીતે, ઉત્કૃષ્ટ અબાધામાંથી એક એક સમય ઓછો કરતાં કરતાં સમયાધિકજઘન્ય અબાધા સુધીના જેટલા સમયો થાય તેટલી મધ્યમ અબાધા થાય. તેથી મધ્યમ અબાધા પણ અસંખ્ય પ્રકારે છે.

આયુષ્ય વિના કોઈપણ કર્મમાં ઉત્કૃષ્ટસ્થિતિબંધે ઉત્કૃષ્ટઅબાધા હોય છે. સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિબંધમાં પણ ઉત્કૃષ્ટઅબાધા હોય છે. બે સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિબંધમાં પણ ઉત્કૃષ્ટઅબાધા હોય છે. ત્રણ સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિબંધમાં પણ ઉત્કૃષ્ટઅબાધા હોય છે. એ રીતે, જ્યાં સુધી [૧૬] પલ્યોપમનો અસંખ્યાતમોભાગન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિબંધ ન થાય ત્યાં સુધી ઉત્કૃષ્ટઅબાધા હોય છે. જ્યારે પલ્યોપમનો અસંખ્યાતમોભાગ ન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિબંધ થાય ત્યારે એક સમયન્યૂન ઉત્કૃષ્ટઅબાધા હોય છે. સમયાધિકપલ્યોપમનો અસંખ્યાતમોભાગન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિબંધમાં પણ એક સમયન્યૂન ઉત્કૃષ્ટઅબાધા હોય છે. બે સમયાધિકપલ્યોપમનો અસંખ્યાતમોભાગન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિબંધમાં પણ એક સમયન્યૂન ઉત્કૃષ્ટ-અબાધા હોય છે. ત્રણસમયાધિકપલ્યોપમનો અસંખ્યાતમોભાગન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિબંધમાં પણ એક સમયન્યૂન ઉત્કૃષ્ટઅબાધા હોય છે. એ રીતે, જ્યાં સુધી બે પલ્યોપમના અસંખ્યાતમા ભાગન્યૂન ઉ૦સ્થિતિબંધ ન થાય ત્યાં સુધી એક સમયન્યૂન ઉત્કૃષ્ટઅબાધા હોય છે. જ્યારે બે પલ્યોપમના અસંખ્યાતમાભાગન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિબંધ થાય ત્યારે બે સમયન્યૂન ઉત્કૃષ્ટઅબાધા હોય છે.

---

(૧૬) પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ પણ અસંખ્ય પ્રકારે છે. એટલે કર્મોમાં નાનો-મોટો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ લેવો.

એ રીતે, ઉત્કૃષ્ટસ્થિતિબંધમાંથી એક-એક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો થાય છે. તેમ તેમ ઉત્કૃષ્ટઅબાધામાંથી એક એક સમય ઓછો થવાથી જઘન્યસ્થિતિબંધે જઘન્યઅબાધા આવી જાય છે.

અસત્કલ્પનાથી **જઘન્યઅબાધા = ૧૦ સમય..**
**ઉત્કૃષ્ટઅબાધા = ૧૦૦ સમય..**
**પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ = ૧૦૦૦ સમય..**
**અંતઃકોડાકોડીસા૦ પ્રમાણ જઘન્યસ્થિતિબંધ= ૧૦૦૦૦ સમય..**
**ઉત્કૃષ્ટસ્થિતિબંધ = ૧૦૦૦૦૦ સમય..**

માનવામાં આવે, તો.... **૧૦૦૦૦૦** સમયરૂપ ઉત્કૃષ્ટસ્થિતિબંધથી માંડીને ૯૯૦૦૧ સમય સુધીના દરેક સ્થિતિબંધમાં ૧૦૦ સમય પ્રમાણ ઉત્કૃષ્ટઅબાધા હોય છે. પલ્યોપમનો અસંખ્યાતમોભાગન્યૂન ઉ૦સ્થિતિબંધ= ૯૯૦૦૦ સમય પ્રમાણ સ્થિતિબંધથી માંડીને ૯૮૦૦૧ સમયપ્રમાણ સ્થિતિબંધ સુધીના દરેક સ્થિતિબંધમાં એક સમયન્યૂન ઉત્કૃષ્ટઅબાધા=૯૯ સમયની અબાધા હોય છે. બે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન ઉ૦સ્થિતિબંધ=૯૮૦૦૦ સમયથી માંડીને ૯૭૦૦૧ સમય સુધીના દરેક સ્થિતિબંધમાં બે સમયન્યૂન ઉ૦આબાધા=૯૮ સમયની અબાધા હોય છે.

એ જ રીતે, આગળ વધતા વધતા ૧૧૦૦૦ સમય પ્રમાણ સ્થિતિબંધથી માંડીને ૧૦૦૦૧ સમય સુધીના દરેક સ્થિતિબંધમાં સમયાધિક-જઘન્ય અબાધા=૧૧ સમયની અબાધા હોય છે અને ૧૦૦૦૦ સમય પ્રમાણ જઘન્યસ્થિતિબંધમાં ૧૦ સમય પ્રમાણ જઘન્યઅબાધા હોય છે.

તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિકનો ઉ૦સ્થિતિબંધ :-

**गुरु कोडिकोडि अंतो तित्थाहाराण भिन्नमुहुबाहा ।**
**लहु ठिइ संखगुणूणा नरतिरियाणाउ पल्लतिगं ॥ ३३॥**

गुरुः कोटीकोट्यन्तः, तीर्थाहारकाणां भिन्नमुहूर्तमबाधा ।
लघुस्थितिः सङ्ख्यगुणोना नरतिरश्चामायुषोः पल्यत्रिकम् ॥ ३३॥

**ગાથાર્થ :- તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિકનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ**

અંતઃકોડાકોડીસાગરોપમ છે. તેનાથી સંખ્યાતગુણન્યૂન જિનનામાદિ-૩નો જઘન્યસ્થિતિબંધ છે. તથા મનુષ્યાયુ અને તિર્યંચાયુનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ ૩ પલ્યોપમ છે.

**વિવેચન** :- તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિકની ઉત્કૃષ્ટસ્થિતિ અંતઃકોડાકોડીસાગરોપમ બંધાય છે. તે અનિકાચિત હોય છે. તેનો અબાધાકાળ અંતર્મુહૂર્ત છે અને નિષેકકાળ અંતર્મુહૂર્તન્યૂન અંતઃકોડાકોડીસાગરોપમ છે.

જિનનામકર્મનો અબાધાકાળ પૂર્ણ થયા પછી તુરત જ પ્રદેશોદય ચાલુ થઈ જાય છે. તેથી તીર્થંકરનામકર્મના પ્રદેશોદયવાળા જીવને પોતાની સમાન કક્ષાવાળા બીજાજીવો કરતાં ઐશ્વર્ય, સન્માન, પૂજા, સમૃદ્ધિ, લોકપ્રિયતા, ઉદારતા, પરોપકારતા, ગંભીરતા વગેરે ગુણો અધિક હોય છે અને તીર્થંકરના ભવમાં જન્મસમયે ત્રણેલોકમાં પ્રકાશ, જન્માભિષેક, આહાર નિહારની અદશ્યતા વગેરે જન્મસંબંધી અતિશયો હોય છે. તથા કેવળજ્ઞાન પ્રાપ્ત થયાં પછી જિનનામકર્મનો તીવ્રવિપાકોદય થવાથી અષ્ટમહાપ્રાતિહાર્ય, કર્મક્ષયજન્ય ૧૧ અતિશય, સમવસરણની રચના વગેરે હોય છે.

**જિનનામની ગાઢનિકાચિતસ્થિતિ :-**

જે ભવમાં જે મહાત્માને તીર્થંકર થવાનું હોય, તેનાથી પૂર્વેના ત્રીજાભવમાં તે મહાત્મા વીશસ્થાનકતપાદિની આરાધનાથી અંતઃકોડાકોડી સાગરોપમના સંખ્યાતમાં ભાગ જેટલી સ્થિતિને નિકાચિત કરવાનો પ્રારંભ કરે છે તેમાંથી કાંઈક ન્યૂન બે પૂર્વક્રોડવર્ષ અધિક-૩૩ સાગરોપમ પ્રમાણ સ્થિતિસત્તા ગાઢનિકાચિત થાય છે અને બાકીની અલ્પનિકાચિત થાય છે.

જિનનામકર્મની અલ્પનિકાચિત કે અનિકાચિત સ્થિતિમાં અપવર્તનાદિકરણ લાગતા હોવાથી તે સ્થિતિ ટૂંકાઈને ભોગવ્યા વિના નાશ થઈ શકે છે. પણ ગાઢનિકાચિતસ્થિતિમાં અપવર્તનાદિકરણ લાગતું ન હોવાથી તે સ્થિતિમાં કાંઈ જ ફેરફાર થતો નથી. જે રીતે નિષેકો ગોઠવાયેલા હોય, તે જ રીતે ભોગવાય છે. એટલે જિનનામકર્મની ગાઢનિકાચિતસ્થિતિ અવશ્ય ભોગવવી પડે છે. તેથી જિનનામની નિકાચના કરતી વખતે જીવ

ચાલુભવનું બાકી રહેલું આયુષ્ય અને પછીના બે ભવના આયુષ્ય જેટલી જ જિનનામની સ્થિતિને ગાઢનિકાચિત કરે છે.

પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળા જે મહાત્મા તીર્થંકર નામકર્મની નિકાચના કરીને અનુત્તરમાં ઉત્પન્ન થવાના હોય અને ત્યાંથી તીર્થંકરના ભવમાં ચોરાશીલાખ પૂર્વના આયુષ્યવાળા મનુષ્ય થવાના હોય તે મહાત્મા કાંઈકન્યૂન બે પૂર્વક્રોડવર્ષ અધિક ૩૩ સાગરોપમ પ્રમાણ જિનનામકર્મની સ્થિતિને ગાઢનિકાચિત કરે છે. એટલે ઉત્કૃષ્ટથી જિનનામકર્મની ગાઢનિકાચિતસ્થિતિ **કાંઈકન્યૂન બે પૂર્વક્રોડવર્ષ અધિક ૩૩ સાગરોપમ** થાય છે.

જે મહાત્મા જિનનામકર્મની નિકાચના કરીને ૧૦૦૦૦ વર્ષના આયુષ્યવાળી પ્રથમ નારકીમાં ઉત્પન્ન થવાનો હોય અથવા પલ્યોપમના આયુષ્યવાળો સૌધર્મ દેવલોકમાં દેવ થવાનો હોય અને ત્યાંથી તીર્થંકરના ભવમાં ઓછામાં ઓછું ૭૨ વર્ષનું આયુષ્ય હોય, તે મહાત્મા કાંઈકન્યૂન ચાલુભવની આયુષ્યસ્થિતિ અધિક ૧૦૦૭૨ વર્ષ અથવા કાંઈકન્યૂન ચાલુભવની આયુષ્યસ્થિતિ અધિક ૭૨ વર્ષ અને ૧ પલ્યોપમ જેટલી જિનનામકર્મની સ્થિતિને ગાઢનિકાચિત કરે છે એટલે જઘન્યથી જિનનામકર્મની ગાઢનિકાચિત સ્થિતિ **સાધિક ૧૦૦૦૦ વર્ષ** અથવા **સાધિકપલ્યોપમ** થાય છે.

**શંકા :- આગમમાં કહ્યું છે કે, જિનનામકર્મની સત્તા તિર્યંચમાં હોતી નથી. પણ જિનનામકર્મની ઉ૦સ્થિતિ અંતઃકો૦કો૦સા૦ હોવાથી તિર્યંચમાં ગયા વિના પૂર્ણ કેવી રીતે થાય?** કારણકે પંચેન્દ્રિયની સ્વકાયસ્થિતિ એકહજારસાગરોપમ છે. એટલે કોઈપણ જીવ વધુમાં વધુ એકહજારસાગરોપમ સુધી પંચેન્દ્રિયમાં રહી શકે પછી મોક્ષમાં ન જાય તો અવશ્ય એકેન્દ્રિયાદિ તિર્યંચમાં જવું પડે છે. તેથી તિર્યંચમાં ગયા વિના અંતઃકો૦કો૦સા૦ની સ્થિતિ પૂર્ણ કેવી રીતે થાય? અને જો તિર્યંચમાં જાય તો આગમ સાથે વિરોધ આવે છે.

**સમાધાન :-** અનિકાચિત જિનનામની સત્તાવાળો જીવ ચારેગતિમાં

જાય છે. તેથી તિર્યંચગતિમાં અનિકાચિત જિનનામની સત્તા હોય છે. પણ તિર્યંચગતિમાં જિનનામની સત્તા ન હોય એવું જે આગમમાં કહ્યું છે તે નિકાચિત જિનનામની સત્તાની અપેક્ષાએ કહેલું છે. કારણકે નિકાચિત જિનનામની સત્તાવાળો જીવ તિર્યંચગતિમાં જતો નથી. તેથી તિર્યંચગતિમાં નિકાચિત જિનનામની સત્તા હોતી નથી.

અનિકાચિત જિનનામકર્મ ઘણા ભવ પહેલા પણ બંધાય છે અને જે ભવમાં બંધાય તે જ ભવમાં અનિકાચિત જિનનામની સ્થિતિ અપવર્તના-કરણથી ટૂંકાઇને નાશ પામી શકે છે. તેથી તિર્યંચગતિમાં ગયા વિના પણ જિનનામકર્મની અંતઃકો૦કો૦સા૦ની સ્થિતિ પૂર્ણ થઇ શકે છે. એટલે જિનનામકર્મની અંતઃકો૦કો૦સા૦ની સ્થિતિ પૂર્ણ કરવા માટે તિર્યંચગતિમાં જવું જ પડે એવો કોઇ નિયમ નથી.

આહારકદ્વિકનો અબાધાકાળ પૂર્ણ થયા પછી તુરત જ પ્રદેશોદય અથવા વિપાકોદય ચાલુ થાય છે. ક્યારેક દેશોનપૂર્વક્રોડવર્ષે પણ વિપાકોદય થાય છે. કારણકે પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળા કોઇક અપ્રમત્તમુનિ સાધિક ૮ વર્ષની ઉંમરે આહારકદ્વિકને બાંધે છે. પછી પોતાનું આયુષ્ય પૂર્ણ થવાની તૈયારી થાય ત્યારે પણ આહારકશરીર બનાવે છે. તેથી દેશોનપૂર્વક્રોડવર્ષે પણ આહારકશરીરની રચનારૂપવિપાકોદય થાય છે. પણ આહારકશરીર એક અંતર્મુહૂર્ત રહીને નાશ પામી જાય છે. એટલે આહારકદ્વિકનો વિપાકોદય અંતર્મુહૂર્ત જ હોય છે તે સિવાય આહારકદ્વિકનો પ્રદેશોદય જ હોય છે.

આહારકશરીરની જેમ આહારકબંધન અને આહારકસંઘાતનની ઉત્કૃષ્ટસ્થિતિ અંતઃકો૦કો૦સા૦ બંધાય છે તેનાથી સંખ્યાતગુણન્યૂન અંતઃકો૦-કો૦સા૦ જઘન્યસ્થિતિ બંધાય છે.

ગ્રન્થકારભગવંતે જિનનામાદિ-૩ પ્રકૃતિના ઉ૦સ્થિતિબંધની સાથે જ ગ્રન્થગૌરવના ભયથી જ૦સ્થિતિબંધ પણ કહ્યો છે.

તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિકના ઉ૦સ્થિતિબંધ કરતાં સંખ્યાત-ગુણન્યૂન અંતઃકો૦કો૦સા૦ [જિનનામાદિની ઉ૦અંતઃકો૦કો૦સા૦નો સંખ્યા-

તમો ભાગ] જઘન્યસ્થિતિબંધ થાય છે. તે અનિકાચિત છે. તેનો અબાધાકાળ [17]અંતર્મુહૂર્ત છે અને નિષેકકાળ અંતર્મુહૂર્તન્યૂન અંતઃકો૦કો૦સા૦ છે.

ગ્રન્થકાર ભગવંતે ગાથા નં૦૨૬માં નરકાયુ અને દેવાયુનો ઉ૦સ્થિતિબંધ ૩૩ સાગરોપમ કહ્યો છે. તો પણ પૂર્વક્રોડવર્ષના ત્રીજાભાગ અધિક ૩૩ સાગરોપમ સમજવો અને ગાથાનં૦૩૩માં મનુષ્યાયુ અને તિર્યંચાયુનો ઉ૦સ્થિતિબંધ ૩ પલ્યોપમ કહ્યો છે. તો પણ પૂર્વક્રોડવર્ષના ત્રીજાભાગ અધિક ૩ પલ્યોપમ સમજવો.

[18]**શંકા** :- તો પછી મૂળગ્રન્થમાં નરકાયુ-દેવાયુનો પૂર્વક્રોડવર્ષનો ત્રીજોભાગ અધિક ૩૩ સાગરોપમ અને મનુષ્યાયુ-તિર્યંચાયુનો પૂર્વક્રોડવર્ષનો ત્રીજોભાગ અધિક ૩ પલ્યોપમ ઉ૦સ્થિતિબંધ કેમ ન કહ્યો?

**સમાધાન** :- પૂર્વક્રોડવર્ષનો ત્રીજોભાગ અબાધા રૂપે જ ગણાય છે. એટલી સ્થિતિ ઉદયમાં આવતી નથી. એટલે જેટલી આયુષ્યની સ્થિતિ ભોગવાય છે. તેટલી જ આયુષ્યની ઉ૦સ્થિતિ કહી છે. તેથી મૂળગ્રન્થમાં અબાધા રહિત આયુષ્યનો ઉ૦સ્થિતિબંધ કહ્યો છે તેમાં કોઇ દોષ નથી...

એ પ્રમાણે, ઓઘે [એકેન્દ્રિયાદિજીવોની વિવક્ષા કર્યા વિના સામાન્યથી] જ્ઞાના૦૫+દર્શના૦૯+વેદનીય-૨+મોહનીય-૨૬+આયુ૦૪+નામ-૯૩+ગોત્ર-૨+અંત૦૫=૧૪૬ પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કહ્યો. અને દરેક પ્રકૃતિની ઉ૦સ્થિતિબંધે ઉ૦અબાધા કહી...

એકે૦-વિકલે૦-અસંજ્ઞીપંચે૦જીવોને પરભવાયુનો ઉ૦સ્થિતિબંધ અને અબાધાકાળ:-

**इगविगल पुव्वकोडीं पलियासंखंस आउचउ अमणा ।**
**निरुवकमाण छमासा, अबाह सेसाण भवतंसो ॥३४॥**

एकविकलाः पूर्वकोटीं पल्यासङ्ख्यांशमायुश्चतुष्कममनसः ।
निरुपक्रमाणां षण्मासाः, अबाधा शेषाणां भवत्र्यंशः ॥३४॥

---

(૧૭) ઉત્કૃષ્ટસ્થિતિબંધના અબાધાકાળના અંતર્મુહૂર્ત કરતાં જઘન્યસ્થિતિબંધના આબાધાકાળનું અંતર્મુહૂર્ત ઘણું નાનું હોય છે.

(૧૮) સ્વોપજ્ઞટીકા ગાથા નં૦૩૩

**ગાથાર્થ :- એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ-વર્ષનું આયુષ્ય બાંધે છે. અસંજ્ઞીપંચેન્દ્રિયો ઉત્કૃષ્ટથી ચારે આયુષ્ય પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલું બાંધે છે.**

**નિરુપક્રમઆયુષ્યવાળા જીવોને આયુષ્યની અબાધા છમાસ જેટલી હોય છે અને બાકીના જીવોને પોતાના ભવના ત્રીજાભાગ જેટલી હોય છે.**

**વિવેચન :-** એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય મરીને સંખ્યાતવર્ષના આયુષ્યવાળા તિર્યંચ-મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. દેવ-નરકમાં ઉત્પન્ન થતા નથી. અને સંખ્યાતવર્ષના આયુષ્યવાળા તિર્યંચ-મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વક્રોડવર્ષ જ છે. તેથી એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય પરભવાયુનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ પૂર્વક્રોડવર્ષ જ કરી શકે છે.

અસંજ્ઞીપંચેન્દ્રિય મરીને ચારેગતિમાં ઉત્પન્ન થઈ શકે છે. તેથી તે જીવો ચારેગતિનું આયુષ્ય બાંધી શકે છે. પણ તેઓ યુગલિક તિર્યંચ-મનુષ્યમાં ૫૬ અંતર્દ્વીપ સુધી જ જઈ શકે છે. ત્યાં યુગલિકનું આયુષ્ય ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમાભાગ જેટલું જ હોય છે. તેથી તે જીવો તિર્યંચ-મનુષ્યનું આયુષ્ય ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમાભાગ જેટલું જ બાંધી શકે છે અને તે જીવો ભવનપતિ-વ્યંતર કે પહેલી નરકના ત્રીજાપ્રતર સુધી જ જઈ શકે છે. તેથી તે જીવો દેવ-નરકનું આયુષ્ય ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમાભાગ જેટલું જ બાંધી શકે છે.

## આયુષ્યની અબાધા :-

અસંખ્યાતવર્ષના નિરુપક્રમી આયુષ્યવાળા દેવ-નારકો અને યુગલિક તિર્યંચ-મનુષ્યો પોતાનું [૧૯] છમાસનું આયુષ્ય બાકી રહે છે. ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. તેથી તે જીવોને પરભવાયુની અબાધા છમાસની હોય છે.

---

(૧૯) કેટલાક આચાર્યભગવંતનું એવું માનવું છે કે, યુગલિકો પોતાના ચાલુભવનું પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલું આયુષ્ય બાકી રહે છે. ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. તેથી તે જીવોને પરભવાયુની અબાધા પલ્યોપમના અસંખ્યાતમાભાગ જેટલી હોય છે. [પંચસંગ્રહ દ્વાર-૫ ગાથાનં૦૩૯]

સંખ્યાતવર્ષના નિરુપક્રમી આયુષ્યવાળા તિર્યંચ-મનુષ્યો પોતાના આયુષ્યના બે ભાગ ગયા પછી [20]ત્રીજોભાગ બાકી રહે છે. ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે અને સોપક્રમી આયુષ્યવાળા તિર્યંચો-મનુષ્ય પોતાના આયુષ્યના બે ભાગ ગયા પછી ત્રીજોભાગ બાકી રહે ત્યારે અથવા નવમોભાગ, સતાવીશમોભાગ એ રીતે ત્રિગુણા કરતાં કરતાં છેવટે છેલ્લું અંતર્મુહૂર્ત બાકી રહે છે. ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે.

આયુષ્યની અબાધા

- જઘન્યઅબાધા અંતર્મુહૂર્ત
  - [સોપક્રમી-નિરુપક્રમી એકેન્દ્રિયાદિ-તિર્યંચ-મનુષ્યો]
- મધ્યમઅબાધા
  - છમાસ
    - [દેવ-નારક-યુગલિકો]
  - સમયાધિકજઘન્યથી સમયન્યૂનઉ૦ અબાધા
    - [સોપક્રમી-નિરુપક્રમી એકેન્દ્રિયાદિ-તિર્યંચ-મનુષ્યો]
- ઉત્કૃષ્ટઅબાધા પૂર્વક્રોડવર્ષનો ત્રીજાભાગ
  - [સોપક્રમી-નિરુપક્રમી પંચે૦તિ૦-મનુષ્યો]

ઉત્તરપ્રકૃતિનો જ૦સ્થિતિબંધ :-

**लहुठिइबंधो संजलणलोह पणविग्घनाणदंसेसु ।**
**भिन्नमुहुत्तं ते अट्ठ जसुच्चे बारस य साए ॥ ३५॥**
**दो इग मासो पक्खो, संजलणतिगे पुमट्ठवरिसाणि ।**
**सेसाणुक्कोसाओ, मिच्छत्तट्ठिईइ जं लद्धं ॥ ३६॥**

लघुस्थितिबन्धः सञ्ज्वलनलोभे पञ्चविघ्नज्ञानदर्शनेषु ।
भिन्नमुहूर्त्तं ते अष्टौ यश-उच्चैः द्वादश च साते ॥ ३५॥

(૨૦) बंधंति देवनारय असंखनरतिरि छमाससेसाउ ।
परभवियाऊसेसा निरुवक्कमतिभाग सेसाउ ॥ ३०१ ॥ [ચંદ્રસૂરિમહારાજાકૃત સંગ્રહણી]

द्वा एको मासः पक्षः सञ्ज्वलनत्रिके पुंस्यष्टौ वर्षाणि ।
शेषाणामुत्कृष्टात् मिथ्यात्वस्थित्या यद् लब्धं ॥ ३६ ॥

**ગાથાર્થ :-** **સંલોભ, અંતરાય-૫, જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪ એ-૧૫ પ્રકૃતિનો જઘન્યસ્થિતિબંધ અંતર્મુહૂર્ત થાય છે. યશનામ અને ઉચ્ચગોત્રનો જઘન્યસ્થિતિબંધ-૮ મુહૂર્ત થાય છે અને શાતાવેદનીયનો જઘન્યસ્થિતિબંધ ૧૨ મુહૂર્ત થાય છે.**

**સંક્રોધનો જસ્થિતિબંધ ૨ માસ થાય છે. સંમાનનો જસ્થિતિબંધ ૧ માસ થાય છે. સંમાયાનો જસ્થિતિબંધ-૧૫ દિવસ થાય છે અને પુંવેદનો જસ્થિતિબંધ-૮ વર્ષ થાય છે. બાકીની પ્રકૃતિના ઉત્કૃષ્ટ સ્થિતિબંધને મિથ્યાત્વની ઉત્કૃષ્ટસ્થિતિથી ભાગતાં જે પ્રાપ્ત થાય છે. તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો કરવાથી જઘન્યસ્થિતિબંધ આવે છે.**

**વિવેચન :-** ક્ષપકશ્રેણીમાં ૯મા ગુણઠાણાના છેલ્લા સમયે સંલોભનો અંતર્મુહૂર્ત પ્રમાણ જઘન્યસ્થિતિબંધ થાય છે અને ૧૦મા ગુણઠાણાના છેલ્લા સમયે જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, અંતરાય-૫ એ ૧૪ પ્રકૃતિનો અંતર્મુહૂર્ત, યશનામ-ઉચ્ચગોત્રનો ૮ મુહૂર્ત અને શાતાવેદનીયનો ૧૨ મુહૂર્ત પ્રમાણ જઘન્યસ્થિતિબંધ થાય છે. ક્ષપકશ્રેણીમાં ૯મા ગુણઠાણામાં પોતપોતાના બંધવિચ્છેદ સમયે સંક્રોધનો ૨ માસ, સંમાનનો ૧ માસ, સંમાયાનો ૧૫ દિવસ અને પુરુષવેદનો ૮ વર્ષ પ્રમાણ જઘન્યસ્થિતિબંધ થાય છે.

ગાથાનં૦ ૩૩માં જિનનામાદિ- ૩ પ્રકૃતિનો જઘન્યસ્થિતિબંધ કહ્યો.
ગાથાનં૦૩૫માં સંજ્વલન લોભાદિ-૧૮ પ્રકૃતિનો જઘન્યસ્થિતિબંધ કહ્યો.
ગાથાનં૦૩૬માં સંજ્વલન ક્રોધાદિ- ૪ પ્રકૃતિનો જઘન્યસ્થિતિબંધ કહ્યો.
ગાથાનં૦૩૮માં આયુ-૪+વૈ૦ષટ્ક=**૧૦** પ્રકૃતિનો જ૦સ્થિતિબંધ કહેવાના છે.
એ કુલ-**૩૫** પ્રકૃતિ વિના બાકીની
૮૫+૧૬ વર્ણાદિ=**૧૦૧**નો જઘન્યસ્થિતિબંધ નીચેના નિયમ મુજબ જાણવો.

**જે ઉત્તરપ્રકૃતિનો જે ઉત્કૃષ્ટસ્થિતિબંધ કહ્યો છે. તે ઉત્તર પ્રકૃતિના તે ઉત્કૃષ્ટસ્થિતિબંધને મિથ્યાત્વના ઉત્કૃષ્ટસ્થિતિબંધવડે ભાગતાં જે આવે, તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમોભાગન્યૂન કરવાથી જે આવે, તે જ તે પ્રકૃતિનો જઘન્યસ્થિતિબંધ જાણવો.**

દાoતo **મિથ્યાત્વ**ની ઉત્કૃષ્ટસ્થિતિ ૭૦કોoકોoસાoને મિથ્યાત્વની ઉત્કૃષ્ટસ્થિતિ ૭૦ કોoકોoસાoથી ભાગતાં ૧ સાગરોપમ આવે. તેમાંથી પલ્યોoઅસંoભાગ ઓછો કરવાથી મિથ્યાત્વનો જઘન્યસ્થિતિબંધ **પલ્યોપમનો અસંખ્યાતમો ભાગન્યૂન ૧ સાગરોપમ** થાય છે.

એ જ રીતે, **નિદ્રા-૫** અને **અશાતા**ની ઉત્કૃષ્ટસ્થિતિ ૩૦ કોoકોo સાoનો મિથ્યાત્વની ઉત્કૃષ્ટસ્થિતિ ૭૦ કોoકોoસાoથી ભાગાકાર કરવો એટલે કે નીચે બતાવ્યા મુજબ છેદ ઉડાડવો.

$$\frac{\text{૩}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}}{\text{૭}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}} = \frac{\text{૩}}{\text{૭}}$$ સાગરોપમ થાય.

એક સાગરોપમના સાત ભાગ કરવા. તેમાંથી ત્રણભાગ લેવા એ ત્રણભાગમાંથી પલ્યોપમનો અસંખ્યાતમોભાગ ઓછો કરવાથી તે પ્રકૃતિનો જઘન્યસ્થિતિબંધ **પલ્યોoઅસંoભાગન્યૂન સાતીયાત્રણભાગ** થાય છે.

**અનંતાનુબંધી** વગેરે **૧૨** કષાયની ઉoસ્થિતિ ૪૦ કોoકોoસાoને મિથ્યાત્વની ૭૦ કોoકોoસાoથી ભાગતાં $\frac{\text{૪}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}}{\text{૭}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}\not{0}} = \frac{\text{૪}}{\text{૭}}$ સાગરોપમ આવે. એટલે કે ૧ સાગરોપમના સાતભાગ કરવા. તેમાંથી ૪ ભાગ લેવા. તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમોભાગ ઓછો કરવાથી પહેલા ૧૨ કષાયનો જઘન્યસ્થિતિબંધ **પલ્યોપમનો અસંખ્યાતમોભાગ ન્યૂન સાતીયા ચારભાગ** થાય છે.

**સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક, પાંચમુંસંઘયણ, પાંચમુંસંસ્થાન** એ ૮ પ્રકૃતિની ઉoસ્થિતિ ૧૮ કોoકોoસાoને મિથ્યાત્વની ૭૦ કોoકોoસાoથી

ભાગતાં $\dfrac{\cancel{૧૮}^{૯}૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦}{\underset{૩૫}{\cancel{૭૦}}૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦} = \frac{૯}{૩૫}$ સાગરોપમ આવે.

એટલે કે ૧ સાગરોપમના ૩૫ ભાગ કરવા. તેમાંથી ૯ ભાગ લેવા. તેમાંથી પલ્યો૦અસં૦ભાગ ઓછો કરવાથી તે પ્રકૃતિનો જઘન્યસ્થિતિબંધ **પલ્યોપમનો અસંખ્યાતમોભાગન્યૂન પાંત્રીસીયા નવભાગ** થાય છે.

**સ્ત્રીવેદ, મનુષ્યદ્વિક, લાલવર્ણ, તૂરોરસ** એ ૫ પ્રકૃતિની ઉત્કૃષ્ટ-સ્થિતિ ૧૫ કો૦કો૦સા૦ને મિથ્યાત્વની ૭૦ કો૦કો૦સા૦થી ભાગતાં $\dfrac{\cancel{૧૫}^{૩}૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦}{\underset{૧૪}{\cancel{૭૦}}૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦} = \frac{૩}{૧૪}$ સાગરોપમ થાય.

એટલે કે ૧ સાગરોપમના ૧૪ ભાગ કરવા. તેમાંથી ૩ ભાગ લેવા. તેમાંથી પલ્યો૦અસં૦ભાગ ઓછો કરવાથી સ્ત્રીવેદાદિ-૫નો જઘન્ય-સ્થિતિબંધ **પલ્યો૦અસં૦ભાગન્યૂન ચૌદીયા ત્રણભાગ** થાય છે.

**હાસ્ય-રતિ, સ્થિરાદિ-૫, શુભવિહાયોગતિ, સુરભિગંધ, શુક્લ-વર્ણ, મધુરરસ, મૃદુ, લઘુ, સ્નિગ્ધ, ઉષ્ણ, પહેલું સંઘયણ** અને **પહેલું સંસ્થાન** એ-૧૭ પ્રકૃતિની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૦કો૦કો૦સા૦ને મિથ્યાત્વની ૭૦કો૦કો૦સા૦થી ભાગતાં $\frac{૧}{૭}$ સાગરોપમ આવે છે. એટલે હાસ્યાદિ-૧૭નો જઘન્યસ્થિતિબંધ **પલ્યો૦અસં૦ભાગન્યૂન સાતીયો એકભાગ** થાય છે.

**બીજાસંઘયણ** અને **બીજાસંસ્થાનની** ઉ૦સ્થિતિ ૧૨ કો૦કો૦સા૦ને મિથ્યાત્વની૭૦કો૦કો૦સા૦થી ભાગતા $\dfrac{\cancel{૧૨}^{૬}૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦}{\underset{૩૫}{\cancel{૭૦}}૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦} = \frac{૬}{૩૫}$ સાગરોપમ થાય. તેમાંથી પલ્યો૦અસં૦ભાગન્યૂન કરવાથી તે બન્નેનો જઘન્યસ્થિતિબંધ **પલ્યો૦અસં૦ ભાગન્યૂન પાંત્રીસીયા છભાગ** થાય છે.

**ત્રીજાસંઘયણ** અને **ત્રીજાસંસ્થાનની** ઉ૦સ્થિતિ ૧૪ કો૦કો૦સા૦ને

મિથ્યાત્વની ૭૦ કો૦કો૦સા૦થી ભાગતાં ૧૪૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ / ૭૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ = ૧/૫

સાગરોપમ થાય. તેમાંથી પલ્યો૦અસં૦ભાગન્યૂન કરવાથી તે બન્નેનો જઘન્યસ્થિતિબંધ **પલ્યો૦અસં૦ભાગન્યૂન પાંચીયો એકભાગ** થાય છે.

**ચોથાસંઘયણ** અને **ચોથાસંસ્થાનની** ૧૬ કો૦કો૦સા૦ને મિથ્યાત્વની ૭૦ કો૦કો૦સા૦થી ભાગતાં ૧૬૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ / ૭૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ = ૮/૩૫

સાગરોપમ થાય. તેમાંથી પલ્યો૦અસં૦ભાગન્યૂન કરવાથી તે બન્નેનો જઘન્યસ્થિતિબંધ **પલ્યો૦અસં૦ભાગન્યૂન પાંત્રીસીયા આઠભાગ** થાય છે.

**પીતવર્ણ** અને **આમ્લરસની** ઉત્કૃષ્ટસ્થિતિ ૧૨॥ કો૦કો૦સા૦ને મિથ્યાત્વની ૭૦ કો૦કો૦સા૦થી ભાગતાં ૧૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ / ૭૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ = ૫/૨૮

સાગરોપમ થાય. તેમાંથી પલ્યો૦અસં૦ભાગ ઓછો કરવાથી તે બન્નેનો જઘન્યસ્થિતિબંધ **પલ્યો૦અસં૦ભાગન્યૂન અઠ્ઠાવીસીયા પાંચભાગ** થાય છે.

**નીલવર્ણ** અને **કટુરસની** ઉ૦સ્થિતિ ૧૭॥ કો૦કો૦સા૦ને મિથ્યાત્વની ૭૦ કો૦કો૦સા૦થી ભાગતાં ૧૭૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ / ૭૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ = ૧/૪ = ૦।

સાગરોપમ થાય. તેમાંથી પલ્યો૦અસં૦ભાગ ઓછો કરવાથી તે બન્નેનો જઘન્યસ્થિતિબંધ **પલ્યો૦અસં૦ભાગન્યૂન ૦। સાગરોપમ** થાય છે.

**ભય-જુગુપ્સા,** અરતિ-શોક, તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, નીચગોત્ર, તૈજસપંચક [તૈ૦શ૦, કા૦શ૦, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત] અસ્થિરષટ્ક, ત્રસચતુષ્ક, સ્થાવર, એકે૦, પંચેન્દ્રિય, નપું૦વેદ, અશુભવિહાયોગતિ,

ઉચ્છ્વાસચતુષ્ક [ઉચ્છ્વાસ, ઉદ્યોત, આતપ, પરાઘાત] ગુરુ, કર્કશ, રૂક્ષ, શીત, દુર્ગંધ, કાળોવર્ણ, તિક્તરસ, હુંડક, છેવટ્ઠું એ-૪૨ પ્રકૃતિની ઉત્કૃષ્ટસ્થિતિ ૨૦ કો૦કો૦સા૦ને મિથ્યાત્વની ૭૦ કો૦કો૦સા૦થી ભાગતાં $\frac{૨}{૭}$ સાગરોપમ થાય. તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો કરવાથી ભય-જુગુપ્સાદિ-૪૨ પ્રકૃતિનો જઘન્યસ્થિતિબંધ **પલ્યોપમનો અસંખ્યાતમોભાગન્યૂન સાતીયા બેભાગ** થાય છે.

ઔદારિકાદિશરીરની જેમ ઔદારિકાદિબંધન અને ઔદારિકાદિ-સંઘાતનનો જઘન્યસ્થિતિબંધ જાણવો.

ગાથાનં૦૩૮માં કહ્યાં મુજબ **દેવદ્વિક**નો જઘન્યસ્થિતિબંધ **પલ્યોપમનો સંખ્યાતમોભાગન્યૂન ૧૪૨** $\frac{૬}{૭}$ સાગરોપમ થાય છે અને **નરકદ્વિક-વૈક્રિયચતુષ્ક**નો જઘન્યસ્થિતિબંધ **પલ્યોપમનો સંખ્યાતમોભા૦ન્યૂન ૨૮૫** $\frac{૫}{૭}$ સાગરોપમ થાય. તથા મનુષ્યાયુ-તિર્યંચાયુનો જઘન્યસ્થિતિબંધ ક્ષુલ્લકભવ પ્રમાણ અને દેવાયુ-નરકાયુનો જ૦સ્થિતિબંધ **૧૦૦૦૦** વર્ષ પ્રમાણ થાય છે.

એ રીતે, **ઓઘે** [એકેન્દ્રિયાદિ જીવોની વિવક્ષા કર્યા વિના સામાન્યથી] **જ્ઞાના૦૫ + દર્શના૦૯ + વેદ૦૨ + મોહનીય-૨૬ + આયુ-૪ + નામ-૯૩ + ગોત્ર-૨ + અંત૦૫=૧૪૬** પ્રકૃતિનો જઘન્યસ્થિતિબંધ કહ્યો.

## -: ઉત્તરપ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ-જ૦સ્થિતિબંધ :-

| પ્રકૃતિનું નામ | ઉ૦સ્થિતિબંધ | જ૦સ્થિતિબંધ |
|---|---|---|
| જ્ઞાના૦૫, દર્શના૦૪, અંત૦૫ | ૩૦ કો૦કો૦સા૦ | અંતર્મુહૂર્ત |
| નિદ્રા-૫, અશાતા | ૩૦ કો૦કો૦સા૦ | પલ્યો૦અસં૦ન્યૂન $\frac{૩}{૭}$ સા૦ |
| શાતા | ૧૫કો૦કો૦સા૦ | ૧૨ મુહૂર્ત |
| મિથ્યાત્વ | ૭૦કો૦કો૦સા૦ | પલ્યો૦ અસં૦ન્યૂન ૧સા૦ |
| કષાય-૧૨ | ૪૦કો૦કો૦સા૦ | પલ્યો૦અસં૦ન્યૂન $\frac{૪}{૭}$ સા૦ |
| સંo ક્રોધ | ૪૦કો૦કો૦સા૦ | ૨ માસ |

| પ્રકૃતિ | ઉ૦સ્થિતિબંધ | જ૦સ્થિતિબંધ |
|---|---|---|
| સં૦માન | ૪૦કો૦કો૦સા૦ | ૧ માસ |
| સં૦માયા | ૪૦કો૦કો૦સા૦ | ૧૫ દિવસ |
| સં૦લોભ | ૪૦કો૦કો૦સા૦ | અંતર્મુહૂર્ત |
| હાસ્ય-રતિ | ૧૦કો૦કો૦સા૦ | પલ્યો૦અસં૦ન્યૂન ૧/૭ સા૦ |
| શોક-અરતિ, ભય-જુગુ૦, નપું૦ | ૨૦કો૦કો૦સા૦ | પલ્યો૦અસં૦ન્યૂન ૨/૭ સા૦ |
| પુ૦વેદ | ૧૦કો૦કો૦સા૦ | ૮ વર્ષ |
| સ્ત્રીવેદ | ૧૫ કો૦કો૦સા૦ | પલ્યો૦અસં૦ન્યૂન ૩/૧૪ સા૦ |
| દેવાયુ-નરકાયુ | ૩૩ સાગરોપમ | ૧૦૦૦૦ વર્ષ |
| મનુષ્યાયુ-તિર્યંચાયુ | ૩ પલ્યોપમ | ક્ષુલ્લકભવ |
| દેવદ્વિક | ૧૦ કો૦કો૦સા૦ | પલ્યો૦સંખ્યાતમોભાગન્યૂન ૧૪૨ ૬/૭ સાગરોપમ |
| મનુષ્યદ્વિક, લાલવર્ણ, તૂરોરસ | ૧૫ કો૦કો૦સા૦ | પલ્યો૦અસં૦ન્યૂન ૩/૧૪ સા૦ |
| તિર્યંચદ્વિક, એકે૦, પંચે૦, ઔ૦ ચતુષ્ક, તૈ૦ શરીરાદિ-૪ કા૦ શરીરાદિ-૪, હુંડક, છેવટ્ઠું, કાળો-વર્ણ, દુરભિ, તિક્તરસ, અશુભ-૪ સ્પર્શ, અશુભ વિહા૦, પ્રત્યેક-૭, ત્રસચતુષ્ક, સ્થાવર, અસ્થિરષટ્ક | ૨૦ કો૦કો૦સા૦ | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ૨/૭ સાગરોપમ |
| નરકદ્વિક, વૈક્રિયચતુષ્ક, | ૨૦ કો૦કો૦સા૦ | પલ્યો૦સંખ્યાતમો ભાગન્યૂન ૨૮૫ ૫/૭ સાગરોપમ. |
| આહારકચતુષ્ક, જિનનામ | અંતઃકો૦કો૦સા૦ | સંખ્યાતગુણન્યૂન અંતઃકો૦ કો૦સા૦ |

| પ્રકૃતિ | ઉત્કૃષ્ટસ્થિતિ | જઘન્યસ્થિતિ |
|---|---|---|
| પહેલું સંઘ૦, પહેલું સંસ્થાન, શ્વેત, મધુર, સુરભિ, શુભ-૪ સ્પર્શ, શુભવિહા૦, સ્થિરાદિ-૫ | ૧૦કો૦કો૦સા૦ | પલ્યો૦ અસં૦ભાગન્યૂન ૧/૭ સા૦ |
| બીજું સંઘ૦ - બીજું સંસ્થાન | ૧૨કો૦કો૦સા૦ | પલ્યો૦અસં૦ભાગન્યૂન ૬/૩૫ સા૦ |
| ત્રીજું સંઘ૦ - ત્રીજું સંસ્થાન | ૧૪કો૦કો૦સા૦ | પલ્યો૦ અસં૦ભાગન્યૂન ૧/૫ સા૦ |
| ચોથું સંઘયણ - ચોથું સંસ્થાન | ૧૬કો૦કો૦સા૦ | પલ્યો૦અસં૦ભાગન્યૂન ૮/૩૫ સા૦ |
| પાંચમું સંઘ૦ - પાંચમું સંસ્થાન સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક | ૧૮કો૦કો૦સા૦ | પલ્યો૦અસં૦ભાગન્યૂન ૯/૩૫ સા૦ |
| પીતવર્ણ-આમ્લરસ | ૧૨॥ કો૦કો૦સા૦ | પલ્યો૦ અસં૦ન્યૂન ૬/૨૮ સા૦ |
| નીલવર્ણ-કટુરસ | ૧૭॥ કો૦કો૦સા૦ | પલ્યો૦ અસં૦ન્યૂન ૧/૪ સા૦ |
| યશનામ-ઉચ્ચગોત્ર | ૧૦કો૦કો૦સા૦ | ૮ મુહૂર્ત |
| નીચગોત્ર | ૨૦કો૦કો૦સા૦ | પલ્યો૦અસં૦ભાગન્યૂન ૨/૭ સા૦ |

એકેન્દ્રિયાદિને યોગ્ય ઉત્તરપ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ અને જ૦સ્થિતિબંધ :-

**अयमुक्कोसोगिंदिसु, पलियाऽसंखंसहीण लहुबंधो ।**
**कमसो पणवीसाए, पन्ना-सय-सहस्स-संगुणिओ ॥ ३७॥**
**विगल असन्निसु जिट्ठो, कणिट्ठओ पल्लसंखभागूणो ।**
**सुरनिरयाउ समा दस सहस्स सेसाउ खुड्डभवं ॥ ३८॥**

अयमुत्कृष्ट एकेन्द्रियेषु पल्यासङ्ख्यांशहीनो लघुबन्धः ।
क्रमशः पञ्चविंशत्या, पञ्चाशच्छतसहस्रसङ्गुणितः ॥ ३७॥
विकले असंज्ञिषु ज्येष्ठः, कनिष्ठकः पल्यसङ्ख्यभागोनः ।
सुरनारकायुषोः समा दश सहस्राणि शेषायुषोः क्षुल्लकभवः ॥ ३८॥

ગાથાર્થ :- એ જ [પોતપોતાની ઉ૦સ્થિતિને મિથ્યાત્વની ઉ૦સ્થિતિથી ભાગતાં જે આવે, તે] એકેન્દ્રિયજીવોને યોગ્ય ઉ૦સ્થિતિબંધ જાણવો. તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો કરવાથી એકેન્દ્રિયને યોગ્ય જઘન્યસ્થિતિબંધ આવે છે.

એકેન્દ્રિયને યોગ્ય ઉત્કૃષ્ટસ્થિતિબંધને ૨૫-૫૦-૧૦૦ અને ૧૦૦૦ વડે ગુણવાથી ક્રમશઃ વિકલેન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિયને યોગ્ય ઉત્કૃષ્ટસ્થિતિબંધ આવે છે. તેમાંથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ઓછો કરવાથી તે જ જીવોને યોગ્ય જઘન્યસ્થિતિબંધ આવે છે. તથા દેવાયુ અને નરકાયુનો જઘન્યસ્થિતિબંધ ૧૦૦૦૦ વર્ષ છે અને બાકીના આયુષ્યનો જઘન્યસ્થિતિબંધ ક્ષુલ્લકભવ પ્રમાણ છે.

**વિવેચન** :- એકેન્દ્રિયજીવો અને વિકલેન્દ્રિયજીવો પૂર્વે કહ્યા મુજબ ૧૪૬ પ્રકૃતિમાંથી જિનનામ, દેવત્રિક, નરકત્રિક, વૈક્રિયચતુષ્ક, આહારકચતુષ્ક એ ૧૫ વિના **૧૩૧** પ્રકૃતિને બાંધે છે અને અંસજ્ઞી-પંચેન્દ્રિય જીવો ૧૪૬ પ્રકૃતિમાંથી જિનનામ અને આહારકચતુષ્ક...... એ ૫ વિના **૧૪૧** પ્રકૃતિને બાંધે છે.

**એકેન્દ્રિયને યોગ્ય ઉ૦સ્થિતિબંધ અને જ૦સ્થિતિબંધ :-**

એકેન્દ્રિયજીવો ૧૩૧ પ્રકૃતિમાંથી મનુષ્યાયુ અને તિર્યંચાયુનો પૂર્વક્રોડવર્ષપ્રમાણઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે. બાકીની ૧૨૯ પ્રકૃતિમાંથી પોતપોતાની ઉ૦સ્થિતિબંધને મિથ્યાત્વની ઉ૦સ્થિતિથી ભાગતાં જેટલો સ્થિતિબંધ આવે, તેટલો જ તે તે પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કરે છે.

**એકેન્દ્રિયજીવો જ્ઞાના૦૫+દર્શના૦૯+અંત૦૫+અશાતા=૨૦** પ્રકૃતિનો $\frac{૩}{૭}$ સાગરોપમ......**શાતા+સ્ત્રીવેદ+મનુષ્યદ્વિક+લાલવર્ણ+તૂરોરસ=૬** પ્રકૃતિનો $\frac{૩}{૧૪}$ સાગરોપમ......મિથ્યાત્વનો ૧ સાગરોપમ......**૧૬ કષાયનો** $\frac{૪}{૭}$ સાગરોપમ......**હાસ્ય-રતિ+પુ૦વેદ** +પહેલુંસંઘયણ+ પહેલુંસંસ્થાન+ શુક્લવર્ણ + સુરભિગંધ +મધુર+મૃદુ +લઘુ+સ્નિગ્ધ+ઉષ્ણ+શુભવિહાયો-ગતિ +સ્થિરાદિ-૬+ઉચ્ચગોત્ર=૨૦ પ્રકૃતિનો $\frac{૧}{૭}$ સાગરોપમ......**સૂક્ષ્મત્રિક+**

વિકલેન્દ્રિયત્રિક+ કુબ્જ+કિલિકા=૮ પ્રકૃતિનો $\frac{૯}{૩૫}$ સાગરોપમ......**બીજા-સંઘયણ**-બીજાસંસ્થાનનો $\frac{૬}{૩૫}$સાગરોપમ......**ત્રીજાસંઘયણ**-ત્રીજાસંસ્થાનનો $\frac{૭}{૩૫}=\frac{૧}{૫}$ સાગરોપમ....**ચોથાસંઘયણ**-ચોથાસંસ્થાનનો- $\frac{૮}{૩૫}$ સાગરોપમ.....**પીતવર્ણ** અને **આમ્લરસ**નો $\frac{૫}{૨૮}$ સાગરોપમ...... **નીલવર્ણ** અને **કટુરસનો** $\frac{૧}{૪}$ સાગરોપમ...... અને **અરતિ+શોક+ભય**+જુગુપ્સા+ નપું૦વેદ+તિર્યંચદ્વિક+ એકે૦+પંચે૦+ઔ૦દ્વિક+તૈ૦શ૦+કા૦શ૦+ઔદારિકાદિ-૩ બંધન+ ઔદારિકાદિ-૩સંઘાતન+ છેવટ્ઠું + હુંડક + કૃષ્ણ + દુરભિ+તિક્તરસ+ શીતાદિ-૪+ અશુભવિહા૦ + પ્રત્યેક-૭+ ત્રસાદિ-૪+ સ્થાવર + અસ્થિરાદિ-૬+નીચગોત્ર=૪૮ પ્રકૃતિનો $\frac{૨}{૭}$સા૦ ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે.

એ પ્રમાણે, એકેન્દ્રિયજીવો **૧૨૯** પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કરે છે. તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમોભાગ ઓછો કરવાથી જેટલો સ્થિતિબંધ આવે, તેટલો જઘન્યસ્થિતિબંધ કરે છે. દા૦ત૦ **એકેન્દ્રિયજીવો** મિથ્યાત્વનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ **૧ સાગરોપમ** કરે છે અને મિથ્યાત્વનો જઘન્યસ્થિતિબંધ **પલ્યોપમનો અસંખ્યાતમોભાગન્યૂન ૧ સાગરોપમ** કરે છે. તથા મનુષ્યાયુ અને તિર્યંચાયુનો ક્ષુલ્લકભવ જેટલો જ૦સ્થિતિબંધ કરે છે.

## બેઇન્દ્રિયને યોગ્ય ઉ૦સ્થિતિબંધ અને જ૦સ્થિતિબંધ :-

એકેન્દ્રિયજીવો ૧૨૯માંથી જે પ્રકૃતિનો જેટલો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે. તેના કરતાં બેઇન્દ્રિયજીવો તે જ પ્રકૃતિનો **"૨૫ ગુણો"** અધિક ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે.

બેઇન્દ્રિયજીવો **જ્ઞાનાવરણીયાદિ-૨૦** પ્રકૃતિનો $\frac{૩}{૭}\times\frac{૨૫}{૧}=\frac{૭૫}{૭}=૧૦\frac{૫}{૭}$=**૧૦ સાગરોપમ** અધિક **સાતીયા પાંચભાગ...... શાતાદિ-૬** પ્રકૃતિનો $\frac{૩}{૧૪}\times\frac{૨૫}{૧}=\frac{૭૫}{૧૪}=૫\frac{૫}{૧૪}$=**૫ સાગરોપમ** અધિક **ચૌદીયા પાંચભાગ...... મિથ્યાત્વનો ૧×૨૫=૨૫ સાગરોપમ...... ૧૬ કષાયનો** $\frac{૪}{૭}\times\frac{૨૫}{૧}=\frac{૧૦૦}{૭}=૧૪\frac{૨}{૭}$ =**૧૪ સાગરોપમ અધિક સાતીયા બેભાગ......**

**સૂક્ષ્મત્રિકાદિ-૮** પ્રકૃતિનો $\frac{૯}{\cancel{૩૫}_{૭}} \times \frac{\cancel{૨૫}^{૫}}{૧} = \frac{૪૫}{૭} = ૬\frac{૩}{૭}$ = **૬ સાગરોપમ** અધિક **સાતીયા ત્રણભાગ...... બીજાસંઘયણ** અને **બીજાસંસ્થાનનો** $\frac{૬}{\cancel{૩૫}_{૭}} \times \frac{\cancel{૨૫}^{૫}}{૧} = \frac{૩૦}{૭} = ૪\frac{૨}{૭}$ = **૪ સાગરોપમ** અધિક **સાતીયા બેભાગ......** ત્રીજાસંઘયણ અને ત્રીજાસંસ્થાનનો $\frac{૧}{\cancel{૫}} \times \frac{\cancel{૨૫}^{૫}}{૧}$ = **૫ સાગરોપમ...... ચોથાસંઘયણ** અને ચોથાસંસ્થાનનો $\frac{૮}{\cancel{૩૫}_{૭}} \times \frac{\cancel{૨૫}^{૫}}{૧} = \frac{૪૦}{૭} = ૫\frac{૫}{૭}$ = **૫ સાગરોપમ** અધિક **સાતીયા પાંચભાગ...... પીતવર્ણ** અને **આમ્લરસનો** $\frac{૫}{૨૮} \times \frac{૨૫}{૧} = \frac{૧૨૫}{૨૮} = ૪\frac{૧૩}{૨૮}$ = **૪ સાગરોપમ** અધિક **અઠ્ઠાવીસીયા તેરભાગ...... નીલવર્ણનો** અને **કટુરસનો** $\frac{૧}{૪} \times \frac{૨૫}{૧} = \frac{૨૫}{૪} = ૬\frac{૧}{૪}$ = **૬।** [સવા છ] **સાગરોપમ...... હાસ્યાદિ-૨૦** પ્રકૃતિનો $\frac{૧}{૭} \times \frac{૨૫}{૧} = \frac{૨૫}{૭} = ૩\frac{૪}{૭}$ = **૩ સાગરોપમ** અધિક **સાતીયા ચારભાગ** અને **અરતિ-શોકાદિ-૪૮** પ્રકૃતિનો $\frac{૨}{૭} \times \frac{૨૫}{૧} = \frac{૫૦}{૭} = ૭\frac{૧}{૭}$ = **૭ સાગરોપમ** અધિક **સાતીયા એકભાગ** ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે.

એ પ્રમાણે, બેઇન્દ્રિયજીવો ૧૨૯ પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કરે છે તેમાંથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ઓછો કરવાથી જેટલો સ્થિતિબંધ આવે, તેટલો બેઇન્દ્રિયજીવો જઘન્યસ્થિતિબંધ કરે છે. દા૦ત૦ **બેઇન્દ્રિયજીવો મિથ્યાત્વનો જઘન્યસ્થિતિબંધ પલ્યોપમનો સંખ્યાતમો-ભાગન્યૂન ૨૫ સાગરોપમ** કરે છે.

વિકલેન્દ્રિયજીવો મનુષ્યાયુ અને તિર્યંચાયુનો પૂર્વક્રોડવર્ષ પ્રમાણ ઉ૦સ્થિતિબંધ અને ક્ષુલ્લકભવ પ્રમાણ જઘન્યસ્થિતિબંધ કરે છે.

## તેઇન્દ્રિયને યોગ્ય ઉ૦સ્થિતિબંધ અને જ૦સ્થિતિબંધ :-

એકેન્દ્રિયજીવો ૧૨૯માંથી જે પ્રકૃતિનો જેટલો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે. તેનાં કરતા તેઇન્દ્રિયજીવો તે જ પ્રકૃતિનો **"૫૦ ગુણો"** અધિક ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે.

તેઇન્દ્રિયજીવો **જ્ઞાનાવરણીયાદિ-૨૦** પ્રકૃતિનો $\frac{૩}{૭}\times\frac{૫૦}{૧}=\frac{૧૫૦}{૭}=$ ૨૧$\frac{૩}{૭}$=**૨૧ સાગરોપમ** અધિક **સાતીયા ત્રણભાગ...... શાતાદિ-૬** પ્રકૃતિનો $\frac{૩}{૧૪}\times\frac{૫૦}{૧}=\frac{૭૫}{૭}$=૧૦$\frac{૫}{૭}$=**૧૦ સાગરોપમ** અધિક **સાતીયા પાંચભાગ...... મિથ્યાત્વનો ૫૦ સાગરોપમ...... ૧૬ કષાયનો** $\frac{૪}{૭}\times\frac{૫૦}{૧}$ $=\frac{૨૦૦}{૭}$=૨૮$\frac{૪}{૭}$ =**૨૮ સાગરોપમ અધિક સાતીયા ચારભાગ......** **સૂક્ષ્મત્રિકાદિ-૮** પ્રકૃતિનો $\frac{૯}{૩૫}\times\frac{૫૦}{૧}=\frac{૯૦}{૭}$=૧૨$\frac{૬}{૭}$=**૧૨ સાગરોપમ** અધિક **સાતીયા છભાગ......બીજાસંઘયણ** અને **બીજાસંસ્થાનનો** $\frac{૬}{૩૫}\times\frac{૫૦}{૧}=\frac{૬૦}{૭}$ =૮$\frac{૪}{૭}$=**૮ સાગરોપમ** અધિક **સાતીયા ચારભાગ...... ત્રીજાસંઘયણ** અને **ત્રીજાસંસ્થાનનો** $\frac{૧}{૫}\times\frac{૫૦}{૧}$=**૧૦ સાગરોપમ...... ચોથાસંઘયણ** અને **ચોથાસંસ્થાનનો** $\frac{૮}{૩૫}\times\frac{૫૦}{૧}=\frac{૮૦}{૭}$=૧૧$\frac{૩}{૭}$=**૧૧ સાગરોપમ** અધિક **સાતીયા-ત્રણભાગ...... પીળોવર્ણ** અને **ખાટોરસનો** $\frac{૫}{૨૮}\times\frac{૫૦}{૧}=\frac{૧૨૫}{૧૪}$ =૮$\frac{૧૩}{૧૪}$=**૮ સાગરોપમ** અધિક **ચૌદીયા તેરભાગ...... નીલવર્ણનો** અને **કટુરસનો** $\frac{૧}{૪}\times\frac{૫૦}{૧}=\frac{૨૫}{૨}$=**૧૨॥ સાગરોપમ...... હાસ્યાદિ-૨૦** પ્રકૃતિનો $\frac{૧}{૭}\times\frac{૫૦}{૧}=\frac{૫૦}{૭}$ = ૭$\frac{૧}{૭}$=**૭ સાગરોપમ** અધિક **સાતીયો એકભાગ** અને **અરતિ-શોકાદિ-૪૮** પ્રકૃતિનો $\frac{૨}{૭}\times\frac{૫૦}{૧}=\frac{૧૦૦}{૭}=$ ૧૪$\frac{૨}{૭}$=**૧૪ સાગરોપમ** અધિક **સાતીયા બેભાગ** ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે.

એ પ્રમાણે, તેઇન્દ્રિયજીવો ૧૨૯ પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કરે છે. તેમાંથી પલ્યોપમનો સંખ્યાતમોભાગ ઓછો કરવાથી જેટલો સ્થિતિબંધ આવે, તેટલો તેઇન્દ્રિયજીવો જઘન્યસ્થિતિબંધ કરે છે. દા૦ત૦ **તેઇન્દ્રિય-જીવો મિથ્યાત્વનો જઘન્યસ્થિતિબંધ પલ્યોપમનો સંખ્યાતમોભાગન્યૂન ૫૦ સાગરોપમ** કરે છે.

**• ચઉરિન્દ્રિયને યોગ્ય ઉ૦સ્થિતિબંધ અને જ૦સ્થિતિબંધ :-**

એકેન્દ્રિયજીવો ૧૨૯માંથી જે પ્રકૃતિનો જેટલો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે. તેનાં કરતા ચઉરિન્દ્રિયજીવો તે જ પ્રકૃતિનો **"૧૦૦ ગુણો"** અધિક ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે.

ચઉરિન્દ્રિયજીવો **જ્ઞાનાવરણીયાદિ-૨૦** પ્રકૃતિનો $\frac{૩}{૭}\times\frac{૧૦૦}{૧}=\frac{૩૦૦}{૭}=$ ૪૨$\frac{૬}{૭}$=**૪૨ સાગરોપમ** અધિક **સાતીયા છભાગ...... શાતાદિ-૬** પ્રકૃતિનો $\frac{૩}{\cancel{૧૪}_{૭}}\times\frac{\cancel{૧૦૦}^{૫૦}}{૧}=\frac{૧૫૦}{૭}$=૨૧$\frac{૩}{૭}$ = **૨૧ સાગરોપમ** અધિક **સાતીયા ત્રણભાગ...... મિથ્યાત્વનો ૧૦૦ સાગરોપમ...... ૧૬ કષાયનો** $\frac{૪}{૭}\times\frac{૧૦૦}{૧}=\frac{૪૦૦}{૭}$ =૫૭$\frac{૧}{૭}$=**૫૭ સાગરોપમ** અધિક **સાતીયો એકભાગ.....**સૂક્ષ્મત્રિકાદિ-૮નો $\frac{૯}{\cancel{૩૫}_{૭}}\times\frac{\cancel{૧૦૦}^{૨૦}}{૧}=\frac{૧૮૦}{૭}$=૨૫$\frac{૫}{૭}$=**૨૫ સાગરોપમ અધિક સાતીયા પાંચભાગ... બીજાસંઘયણ** અને **બીજાસંસ્થાનનો** $\frac{૬}{\cancel{૩૫}_{૭}}\times\frac{\cancel{૧૦૦}^{૨૦}}{૧}=\frac{૧૨૦}{૭}$=૧૭$\frac{૧}{૭}$=**૧૭ સાગરોપમ** અધિક **સાતીયો એકભાગ......** ત્રીજાસંઘયણ અને **ત્રીજાસંસ્થાનનો** $\frac{૧}{\cancel{૫}}\times\frac{\cancel{૧૦૦}^{૨૦}}{૧}$=**૨૦ સાગરોપમ...... ચોથાસંઘયણ** અને **ચોથાસંસ્થાનનો** $\frac{૮}{\cancel{૩૫}_{૭}}\times\frac{\cancel{૧૦૦}^{૨૦}}{૧}=\frac{૧૬૦}{૭}$=૨૨$\frac{૬}{૭}$=**૨૨ સાગરોપમ** અધિક **સાતીયા છભાગ...... પીળોવર્ણ** અને **ખાટોરસનો** $\frac{૫}{\cancel{૨૮}_{૭}}\times\frac{\cancel{૧૦૦}^{૨૫}}{૧}=\frac{૧૨૫}{૭}$=૧૭$\frac{૬}{૭}$= **૧૭ સાગરોપમ** અધિક **સાતીયા છભાગ......નીલવર્ણનો** અને **કટુરસનો** $\frac{૧}{\cancel{૪}}\times\frac{\cancel{૧૦૦}^{૨૫}}{૧}$= **૨૫ સાગરોપમ...... હાસ્યાદિ-૨૦નો** $\frac{૧}{૭}\times\frac{૧૦૦}{૧}=\frac{૧૦૦}{૭}=$ ૧૪$\frac{૨}{૭}$=**૧૪ સાગરોપમ** અધિક **સાતીયા બેભાગ** અને **અરતિ-શોકાદિ-૪૮** પ્રકૃતિનો $\frac{૨}{૭}\times\frac{૧૦૦}{૧}=\frac{૨૦૦}{૭}$=૨૮$\frac{૪}{૭}$=**૨૮ સાગરોપમ** અધિક **સાતીયા ચારભાગ** ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે.

એ પ્રમાણે, ચઉરિન્દ્રિયજીવો ૧૨૯ પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કરે છે. તેમાંથી પલ્યોપમનો સંખ્યાતમોભાગ ઓછો કરવાથી જેટલો સ્થિતિબંધ આવે, તેટલો ચઉરિન્દ્રિયજીવો જઘન્યસ્થિતિબંધ કરે છે. દા૦ત૦

**ચઉરિન્દ્રિયજીવો મિથ્યાત્વનો જઘન્યસ્થિતિબંધ પલ્યોપમનો સંખ્યાતમો-ભાગન્યૂન ૧૦૦ સાગરોપમ** કરે છે.

**અસંજ્ઞી પંચેન્દ્રિયને યોગ્ય ઉ૦સ્થિતિબંધ અને જ૦સ્થિતિબંધ :-**

એકેન્દ્રિયજીવો જે પ્રકૃતિનો જેટલો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે. તેનાં કરતા અસંજ્ઞીપંચેન્દ્રિયજીવો તે જ પ્રકૃતિનો **"૧૦૦૦ ગુણો"** અધિક ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે.

અસંજ્ઞીપંચેન્દ્રિયજીવો **જ્ઞાનાવરણીયાદિ-૨૦** પ્રકૃતિનો $\frac{૩}{૭}\times\frac{૧૦૦૦}{૧} = \frac{૩૦૦૦}{૭} = ૪૨૮\frac{૪}{૭}$ =**૪૨૮ સાગરોપમ** અધિક **સાતીયા ચારભાગ... શાતાદિ-૬** પ્રકૃતિનો $\frac{૩}{૧૪}\times\frac{૧૦૦૦}{૧} = \frac{૧૫૦૦}{૭} = ૨૧૪\frac{૨}{૭}$ = **૨૧૪ સાગરોપમ** અધિક **સાતીયા બેભાગ...... મિથ્યાત્વનો ૧૦૦૦ સાગરોપમ...... ૧૬ કષાયનો** $\frac{૪}{૭}\times\frac{૧૦૦૦}{૧} = \frac{૪૦૦૦}{૭} = ૫૭૧\frac{૩}{૭}$ =**૫૭૧ સાગરોપમ અધિક સાતીયા ત્રણભાગ... સૂક્ષ્મત્રિકાદિ-૮નો** $\frac{૯}{૩૫}\times\frac{૧૦૦૦}{૧} = \frac{૧૮૦૦}{૭} = ૨૫૭\frac{૧}{૭}$ =**૨૫૭ સાગરોપમ અધિક સાતીયો એકભાગ... બીજાસંઘયણ** અને **બીજાસંસ્થાનનો** $\frac{૬}{૩૫}\times\frac{૧૦૦૦}{૧} = \frac{૧૨૦૦}{૭} = ૧૭૧\frac{૩}{૭}$ = **૧૭૧ સાગરોપમ** અધિક **સાતીયા ત્રણભાગ...... ત્રીજાસંઘયણ** અને **ત્રીજાસંસ્થાનનો** $\frac{૧}{૫}\times\frac{૧૦૦૦}{૧}$ =**૨૦૦ સાગરોપમ...... ચોથાસંઘયણ** અને **ચોથાસંસ્થાનનો** $\frac{૮}{૩૫}\times\frac{૧૦૦૦}{૧} = \frac{૧૬૦૦}{૭} = ૨૨૮\frac{૪}{૭}$ =**૨૨૮ સાગરોપમ** અધિક **સાતીયા. ચારભાગ...... પીળોવર્ણ** અને **ખાટોરસનો** $\frac{૫}{૨૮}\times\frac{૧૦૦૦}{૧} = \frac{૧૨૫૦}{૭} = ૧૭૮\frac{૪}{૭}$ =**૧૭૮ સાગરોપમ** અધિક **સાતીયા ચારભાગ...... નીલવર્ણનો** અને **કટુરસનો......** $\frac{૧}{૪}\times\frac{૧૦૦૦}{૧}$ = **૨૫૦ સાગરોપમ...... હાસ્યાદિ-૨૦+**દેવદ્વિક=૨૨**પ્રકૃતિનો** $\frac{૧}{૭}\times\frac{૧૦૦૦}{૧} = \frac{૧૦૦૦}{૭} = ૧૪૨\frac{૬}{૭}$ = **૧૪૨ સાગરોપમ** અધિક **સાતીયા છભાગ** અને **અરતિ-શોકાદિ-૪૮+**

**વૈક્રિયચતુષ્ક+નરકદ્વિક=૫૪** પ્રકૃતિનો $\frac{૨}{૭} \times \frac{૧૦૦૦}{૧} = \frac{૨૦૦૦}{૭} = ૨૮૫\frac{૫}{૭}$ **=૨૮૫ સાગરોપમ** અધિક **સાતીયા પાંચભાગ** ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે.

એ પ્રમાણે, અસંજ્ઞીપંચેન્દ્રિય ૧૩૭ પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કરે છે તેમાંથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ઓછો કરવાથી જેટલો સ્થિતિબંધ આવે, તેટલો અસંજ્ઞીપંચેન્દ્રિયજીવો જઘન્યસ્થિતિબંધ કરે છે. દા૦ ત૦ **અસંજ્ઞી-પંચેન્દ્રિયજીવો મિથ્યાત્વનો પલ્યોપમનો સંખ્યાતમો-ભાગન્યૂન ૧૦૦૦ સાગરોપમ જઘન્યસ્થિતિબંધ** કરે છે.

અસંજ્ઞીપંચેન્દ્રિય જીવો ચારે પ્રકારના આયુષ્યનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ પલ્યોપમનો અસંખ્યાતમોભાગ કરે છે અને દેવાયુ-નરકાયુનો જઘન્ય-સ્થિતિબંધ ૧૦૦૦૦ વર્ષ પ્રમાણ કરે છે. તથા મનુષ્યાયુ-તિર્યંચાયુનો જઘન્યસ્થિતિબંધ ક્ષુલ્લકભવ પ્રમાણ કરે છે.

સંજ્ઞીજીવો ઓઘે [સામાન્યથી] જે પ્રકૃતિનો જેટલો ઉ૦સ્થિતિબંધ કહ્યો છે, તે પ્રકૃતિનો તેટલો ઉ૦સ્થિતિબંધ કરે છે અને સંજ્ઞીજીવો જ્ઞાના૦૫, દર્શના૦૪, અંત૦૫, યશ, ઉચ્ચગોત્ર, શાતા, સં૦૪, પુરુષવેદ, જિનનામ, આહા૦દ્વિક, ૪-આયુષ્ય એ-૨૯ પ્રકૃતિનો જ૦સ્થિતિબંધ ઓઘમાં કહ્યાં મુજબ કરે છે. બાકીની ૯૧ પ્રકૃતિનો જ૦સ્થિતિબંધ અંતઃકો૦કો૦સા૦ કરે છે.

**પંચસંગ્રહનાં[૨૧] મતે :-**

પંચસંગ્રહકાર ભગવંતનું એવું માનવું છે કે, ઓઘે [સામાન્યથી] જિનનામાદિ ૩૫ પ્રકૃતિ વિના બાકીની નિદ્રાદિ-૮૫ પ્રકૃતિમાંથી **પોતપોતાની ઉ૦સ્થિતિને મિથ્યાત્વની ઉ૦સ્થિતિથી ભાગતાં જે આવે છે. તે જઘન્યસ્થિતિબંધ જાણવો.** દા૦ત૦ મિથ્યાત્વની ઉ૦સ્થિતિ ૭૦ કો૦કો૦-સા૦ને મિથ્યાત્વની ઉ૦સ્થિતિ ૭૦ કો૦કો૦સા૦થી ભાગતાં ૧ સાગરોપમ આવે છે. તે મિથ્યાત્વનો જઘન્યસ્થિતિબંધ જાણવો.

એકેન્દ્રિયજીવો ૧૦૭ પ્રકૃતિમાંથી પોતપોતાની ઉ૦સ્થિતિને મિથ્યાત્વની ઉ૦સ્થિતિથી ભાગતાં જેટલો સ્થિતિબંધ આવે, તેટલો જઘન્યસ્થિતિબંધ કરે છે. તેમાં પલ્યોપમનો અસંખ્યાતમોભાગ ઉમેરવાથી જેટલો સ્થિતિબંધ આવે, તેટલો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે. દા૦ત૦

(૨૧) પંચસંગ્રહદ્વાર-૫ ગાથા નં૦ ૫૪

મિથ્યાત્વની ઉ૦સ્થિતિ ૭૦કો૦કો૦સા૦ને મિથ્યાત્વની ઉ૦સ્થિતિ ૭૦ કો૦કો૦સા૦થી ભાગતાં ૧ સાગરોપમ આવે છે. એટલે એકેન્દ્રિયજીવો મિથ્યાત્વનો જઘન્યસ્થિતિબંધ ૧ સાગરોપમ કરે છે અને મિથ્યાત્વનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક ૧ સાગરોપમ કરે છે.

એકેન્દ્રિયજીવો જે પ્રકૃતિનો જેટલો જઘન્યસ્થિતિબંધ અને ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે, તેના કરતાં બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિય જીવો ક્રમશઃ ૨૫-૫૦-૧૦૦ અને ૧૦૦૦ ગુણો અધિક જઘન્યસ્થિતિબંધ અને ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે.

**કર્મપ્રકૃતિના[22] મતે :-**

સજાતીય પ્રકૃતિના સમૂહને "વર્ગ" કહે છે.

મતિજ્ઞાનાવરણીયાદિ-૫નો જ્ઞાનાવરણીયવર્ગ, ચક્ષુદર્શનાવરણીયાદિ-૯નો દર્શનાવરણીયવર્ગ, શાતા-અશાતાનો વેદનીયવર્ગ, મિથ્યાત્વમોહનીય-કર્મનો દર્શનમોહનીયવર્ગ, ૧૬ કષાયનો કષાયમોહનીયવર્ગ, ૯નોકષાયનો નોકષાયમોહનીયવર્ગ, ૯૩ નામકર્મનો નામવર્ગ, ઉચ્ચ-નીચગોત્રનો ગોત્રવર્ગ, દાનાંતરાયાદિ-૫નો અંતરાયવર્ગ છે.

એ રીતે, કુલ-૯ વર્ગ પાડવામાં આવ્યા છે.

જિનનામાદિ ૩૫ પ્રકૃતિ વિના બાકીની નિદ્રાદિ-૮૫ પ્રકૃતિમાંથી **પોતપોતાના વર્ગની ઉ૦સ્થિતિને મિથ્યાત્વની ઉ૦સ્થિતિથી ભાગતાં જે આવે, તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમોભાગ ઓછો કરવાથી જે આવે, તે જઘન્યસ્થિતિબંધ** જાણવો એ નિયમાનુસારે નિદ્રા-૫નો અને અશાતાનો જ૦સ્થિતિબંધ પલ્યો૦અસં૦મોભાગન્યૂન $\frac{૩}{૭}$ સાગરોપમ થાય છે.

★ મિથ્યાત્વનો જ૦સ્થિતિબંધ પલ્યો૦અસં૦મો ભાગન્યૂન ૧ સા૦ થાય છે.

★ પહેલા-૧૨ કષાયનો જ૦સ્થિતિબંધ પ૦અસં૦ભાગન્યૂન $\frac{૪}{૭}$ સા૦ થાય છે

★ પુ૦વેદ વિના ૮ નોકષાયનો જ૦સ્થિતિબંધ પ૦અસં૦ભાગન્યૂન $\frac{૨}{૭}$ સા૦ થાય છે.

---

(૨૨) કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા નં૦ ૭૯

★ નામકર્મની પ્રકૃતિનો જ૦સ્થિતિબંધ પ૦અસં૦ભાગન્યૂન $\frac{૨}{૭}$ સા૦ થાય છે.

★ નીચગોત્રનો **જ૦સ્થિતિબંધ પ૦અસં૦ભાગન્યૂન** $\frac{૨}{૭}$ સા૦ થાય છે.

**કર્મપ્રકૃતિનાં મતે એક વર્ગમાં રહેલી દરેક ઉત્તરપ્રકૃતિનો ઉ૦-સ્થિતિબંધ જુદો જુદો હોવા છતાં જ૦સ્થિતિબંધ એકસરખો થાય છે.**

એકેન્દ્રિયજીવો પોતપોતાના વર્ગની ઉ૦સ્થિતિને મિથ્યાત્વની ઉ૦સ્થિતિથી ભાગતાં જેટલો સ્થિતિબંધ આવે છે. તેટલો ઉ૦સ્થિતિબંધ કરે છે. તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમોભાગ ઓછો કરવાથી જેટલો સ્થિતિબંધ આવે છે. તેટલો જ૦સ્થિતિબંધ કરે છે. દા૦ત૦ એકેન્દ્રિયજીવો જ્ઞાના૦૫+દર્શના૦૯+વેદ૦૨+અંત૦૫=૨૧ પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ $\frac{૩}{૭}$ સાગરોપમ કરે છે અને જઘન્યસ્થિતિબંધ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગન્યૂન $\frac{૩}{૭}$ સાગરોપમ કરે છે.

એકેન્દ્રિયજીવો જે પ્રકૃતિનો જેટલો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે. તેનાં કરતાં બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિય જીવો ક્રમશઃ ૨૫-૫૦-૧૦૦ અને ૧૦૦૦ ગુણો અધિક ઉ૦સ્થિતિબંધ કરે છે. તેમાંથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ઓછો કરવાથી બેઇન્દ્રિયાદિનો જઘન્ય-સ્થિતિબંધ આવે છે.

**ક્ષુલ્લકભવ= ક્ષુદ્રભવ= નાનામાં નાનો ભવ.**

કોઈપણ જીવનું ક્ષુલ્લકભવથી નાનું [ટૂંકુ] આયુષ્ય હોતું નથી સૌથી ઓછામાં ઓછું આયુષ્ય ક્ષુલ્લકભવ પ્રમાણ અંતર્મુહૂર્ત હોય છે.

લબ્ધિ-અપર્યાપ્ત એકેન્દ્રિય-વિકલેન્દ્રિય[૨૩]-અસંજ્ઞી-સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યનું પણ ક્ષુલ્લકભવ પ્રમાણ આયુષ્ય હોય છે. એટલે લબ્ધિ-અપર્યાપ્તા સૂક્ષ્મનિગોદીયા જીવનું જ ક્ષુલ્લકભવ જેટલું આયુષ્ય હોય છે. એવું ન સમજવું.

આગમમાં મનુષ્યાયુ અને તિર્યંચાયુનો જઘન્યસ્થિતિબંધ અંતર્મુહૂર્ત પ્રમાણ કહ્યો છે અને અહીં ક્ષુલ્લકભવ પ્રમાણ કહ્યો છે. તેમાં કોઇ વિરોધ નથી. કારણકે અંતર્મુહૂર્તના અસંખ્ય પ્રકારો છે. તેમાંથી મનુષ્યાયુ અને તિર્યંચાયુનું ક્ષુલ્લકભવ પ્રમાણ અંતર્મુહૂર્ત લેવું.

(૨૩) આવશ્યકસૂત્રની ટીકા વગેરેમાં ક્ષુલ્લકભવ જેટલું આયુષ્ય વનસ્પતિમાં જ કહ્યું છે.

## -: એકેન્દ્રિયાદિને યોગ્ય ઉ૦સ્થિતિબંધ :-

| પ્રકૃતિ | એકે૦ કેટલો ઉ૦સ્થિતિબંધ કરે? | બેઇ૦ કેટલો ઉ૦સ્થિતિબંધ કરે? | તેઇ૦ કેટલો ઉ૦સ્થિતિબંધ કરે? | ચઉ૦ કેટલો ઉ૦સ્થિતિબંધ કરે? | અસંજ્ઞી પંચ૦ કેટલો ઉ૦સ્થિતિબંધ કરે? |
|---|---|---|---|---|---|
| જ્ઞાના૦૫, દર્શના૦૯, અશાતા | ૩/૭ સા૦ | ૧૦ ૫/૭ સા૦ | ૨૧ ૩/૭ સા૦ | ૪૨ ૬/૭ સા૦ | ૪૨૮ ૪/૭ સા૦ |
| શાતા | ૩/૧૪ સા૦ | ૫ ૫/૧૪ સા૦ | ૧૦ ૫/૭ સા૦ | ૨૧ ૩/૭ સા૦ | ૨૧૪ ૨/૭ સા૦ |
| મિથ્યાત્વ | ૧સા૦ | ૨૫સા૦ | ૫૦સા૦ | ૧૦૦સા૦ | ૧૦૦૦સા૦ |
| ૧૬ કષાય | ૪/૭ સા૦ | ૧૪ ૨/૭ સા૦ | ૨૮ ૪/૭ સા૦ | ૫૭ ૧/૭ સા૦ | ૫૭૧ ૩/૭ સા૦ |
| હાસ્ય-રતિ | ૧/૭ સા૦ | ૩ ૪/૭ સા૦ | ૭ ૧/૭ સા૦ | ૧૪ ૨/૭ સા૦ | ૧૪૨ ૬/૭ સા૦ |
| શોક-અરતિ<br>ભય-જુગુ૦, નપું૦વેદ | ૨/૭ સા૦ | ૭ ૧/૭ સા૦ | ૧૪ ૨/૭ સા૦ | ૨૮ ૪/૭ સા૦ | ૨૮૫ ૫/૭ સા૦ |
| પુ૦વેદ | ૧/૭ સા૦ | ૩ ૪/૭ સા૦ | ૭ ૧/૭ સા૦ | ૧૪ ૨/૭ સા૦ | ૧૪૨ ૬/૭ સા૦ |
| સ્ત્રીવેદ | ૩/૧૪ સા૦ | ૫ ૫/૧૪ સા૦ | ૧૦ ૫/૭ સા૦ | ૨૧ ૩/૭ સા૦ | ૨૧૪ ૨/૭ સા૦ |
| મનુષ્યાયુ-તિર્યંચાયુ | પૂર્વક્રોડવર્ષ | પૂર્વક્રોડવર્ષ | પૂર્વક્રોડવર્ષ | પૂર્વક્રોડવર્ષ | ૫૦અસં૦ભા૦ |
| દેવાયુ-નરકાયુ | | | | | ૫૦અસં૦ભા૦ |
| દેવદ્વિક | | | | | ૧૪૨ ૬/૭ સા૦ |
| મનુષ્યદ્વિક, લાલવર્ણ, તુરોરસ | ૩/૧૪ સા૦ | ૫ ૫/૧૪ સા૦ | ૧૦ ૫/૭ સા૦ | ૨૧ ૩/૭ સા૦ | ૨૧૪ ૨/૭ સા૦ |
| તિર્યંચદ્વિક, એકે૦,પંચે૦,ઔ૦૪, તૈ૦શ૦, તૈ૦બં૦, તૈ૦સં૦, કા૦ શ૦, કા૦બં૦, કા૦સં૦, હુંડક, છેવટ્ઠું કૃષ્ણ, દુરભિ, તિક્ત, અશુભ-૪ સ્પર્શ, અ૦વિહા૦, પ્રત્યેક-૭, ત્રસાદિ-૪,સ્થાવર, અસ્થિરષટ્ક | ૨/૭ સાગરોપમ | ૭ ૧/૭ સાગરોપમ | ૧૪ ૨/૭ સાગરોપમ | ૨૮ ૪/૭ સાગરોપમ | ૨૮૫ ૫/૭ સાગરોપમ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| નરકદ્વિક, વૈ૦ચતુષ્ક | | | | | ૨૮૫$\frac{૫}{૭}$સા૦ |
| પહેલુંસં૦, પહેલુંસં૦<br>શ્વેત, મધુર, સુરભિ<br>શુભ-૪ સ્પર્શ,<br>શુભવિહા૦, સ્થિરાદિ-૬ | $\frac{૧}{૭}$સાગરોપમ | ૩$\frac{૪}{૭}$સાગરોપમ | ૭$\frac{૧}{૭}$સાગરોપમ | ૧૪$\frac{૨}{૭}$સાગરોપમ | ૧૪૨$\frac{૬}{૭}$સાગરોપમ |
| બીજુંસંઘયણ, બીજું સંસ્થાન | $\frac{૬}{૩૫}$સા૦ | ૪$\frac{૨}{૭}$સા૦ | ૮$\frac{૪}{૭}$સા૦ | ૧૭$\frac{૧}{૭}$સા૦ | ૧૭૧$\frac{૩}{૭}$સા૦ |
| ત્રીજુંસંઘયણ, ત્રીજું સંસ્થાન | $\frac{૧}{૫}$સા૦ | ૫સા૦ | ૧૦સા૦ | ૨૦સા૦ | ૨૦૦સાગ૦ |
| ચોથુસંઘયણ, ચોથું સંસ્થાન | $\frac{૮}{૩૫}$સા૦ | ૫$\frac{૫}{૭}$સા૦ | ૧૧$\frac{૩}{૭}$સા૦ | ૨૨$\frac{૬}{૭}$સા૦ | ૨૨૮$\frac{૪}{૭}$સા૦ |
| પાંચમું સંઘયણ, પાંચમું સં૦<br>સૂક્ષ્મત્રિક વિકલેન્દ્રિયત્રિક | $\frac{૯}{૩૫}$સા૦ | ૬$\frac{૩}{૭}$સા૦ | ૧૨$\frac{૬}{૭}$સા૦ | ૨૫$\frac{૫}{૭}$સા૦ | ૨૫૭$\frac{૧}{૭}$સા૦ |
| પીતવર્ણ, આમ્લરસ | $\frac{૫}{૨૮}$સા૦ | ૪$\frac{૧૩}{૨૮}$સા૦ | ૮$\frac{૧૩}{૧૪}$સા૦ | ૧૭$\frac{૬}{૭}$સા૦ | ૧૭૮$\frac{૪}{૭}$સા૦ |
| નીલવર્ણ, કટુરસ | $\frac{૧}{૪}$સા૦ | ૬$\frac{૧}{૪}$સા૦ | ૧૨॥ સા૦ | ૨૫સા૦ | ૨૫૦સા૦ |
| ઉચ્ચગોત્ર | $\frac{૧}{૭}$સા૦ | ૩$\frac{૪}{૭}$સા૦ | ૭$\frac{૧}{૭}$સા૦ | ૧૪$\frac{૨}{૭}$સા૦ | ૧૪૨$\frac{૬}{૭}$સા૦ |
| નીચગોત્ર | $\frac{૨}{૭}$સા૦ | ૭$\frac{૧}{૭}$સા૦ | ૧૪$\frac{૨}{૭}$સા૦ | ૨૮$\frac{૪}{૭}$સા૦ | ૨૮૫$\frac{૫}{૭}$સા૦ |
| અંતરાય-૫ | $\frac{૩}{૭}$સા૦ | ૧૦$\frac{૫}{૭}$સા૦ | ૨૧$\frac{૩}{૭}$સા૦ | ૪૨$\frac{૬}{૭}$સા૦ | ૪૨૮$\frac{૪}{૭}$સા૦ |

જઘન્યઅબાધા અને મતાંતરે જિનનામાદિની જ૦સ્થિતિ :-

**सव्वाण वि लहुबंधे भिन्नमुहू अबाह आउजिट्ठे वि ।**
**केइ सुराउसमं जिणमंतमुहू बिंति आहारं ॥३९॥**

सर्वासामपि लघुबन्धे, भिन्नमुहूर्तमबाधाऽऽयुर्ज्येष्ठेऽपि ।
केचित्सुरायुः समं जिनमन्तर्मुहूर्तंब्रुवत आहारकद्विकम् ॥३९॥

ગાથાર્થ :- સર્વે પણ પ્રકૃતિના જઘન્યસ્થિતિબંધમાં અંતર્મુહૂર્ત અબાધા હોય છે અને આયુષ્યકર્મના ઉત્કૃષ્ટસ્થિતિબંધમાં પણ અંતર્મુહૂર્ત અબાધા હોય છે. તથા કેટલાક આચાર્યભગવંતનાં મતે જિનનામનો

**જઘન્યસ્થિતિબંધ દેવાયુ જેટલો ૧૦૦૦૦ વર્ષ હોય છે અને આહારક-દ્વિકનો જઘન્યસ્થિતિબંધ અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે.**

**વિવેચન :-** દરેક ઉત્તરપ્રકૃતિના જ૦સ્થિતિબંધમાં અંતર્મુહૂર્ત પ્રમાણ જઘન્યઅબાધા હોય છે. દા૦ત૦ મતિજ્ઞાનાવરણીયાદિ-પના અંતર્મુહૂર્ત પ્રમાણ જઘન્યસ્થિતિબંધમાં અંતર્મુહૂર્ત પ્રમાણ જઘન્યઅબાધા હોય છે.

આયુષ્યકર્મના ઉત્કૃષ્ટસ્થિતિબંધમાં ઉત્કૃષ્ટઅબાધા હોય છે અને જઘન્યઅબાધા પણ હોય છે. તથા આયુષ્યના જઘન્યસ્થિતિબંધમાં જઘન્યઅબાધા હોય છે અને ઉત્કૃષ્ટઅબાધા પણ હોય છે.

જેમકે, (૧) પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળો જે પ્રમત્તસંયમી મહાત્મા પોતાના આયુષ્યના બેભાગ ગયા પછી ત્રીજોભાગ બાકી રહે છે. ત્યારે પરભવનું ૩૩ સાગરોપમનું દેવાયુ બાંધે છે. તેને **૩૩ સાગરોપમ ઉ૦સ્થિતિબંધે પૂર્વક્રોડવર્ષના ત્રીજાભાગ પ્રમાણ ઉ૦અબાધા** હોય છે.

(૨) જે તિર્યંચ-મનુષ્ય પોતાનું આયુષ્ય અંતર્મુહૂર્ત જ બાકી રહે છે. ત્યારે પરભવનું ૩૩ સાગરોપમનું નરકાયુ બાંધે છે. તેને **૩૩ સાગરોપમ પ્રમાણ ઉ૦સ્થિતિબંધે અંતર્મુહૂર્તપ્રમાણ જ૦અબાધા** હોય છે.

(૩) પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળો જે તિર્યંચ-મનુષ્ય પોતાના આયુષ્યના બેભાગ ગયા પછી ત્રીજો ભાગ બાકી રહે છે. ત્યારે પરભવનું અંતર્મુહૂર્ત જ આયુષ્ય બાંધે છે. તેને **અંતર્મુહૂર્ત પ્રમાણ જઘન્યસ્થિતિબંધે પૂર્વક્રોડવર્ષના ત્રીજાભાગ** જેટલી **ઉત્કૃષ્ટઅબાધા** હોય છે.

(૪) જે તિર્યંચ-મનુષ્ય પોતાનું અંતર્મુહૂર્ત પ્રમાણ આયુષ્ય બાકી રહે છે ત્યારે પરભવનું અંતર્મુહૂર્ત પ્રમાણ આયુષ્ય બાંધે છે. તેને **અંતર્મુહૂર્ત પ્રમાણ જઘન્યસ્થિતિબંધે અંતર્મુહૂર્તપ્રમાણ જઘન્યઅબાધા** હોય છે. એ રીતે, આયુષ્યકર્મમાં અબાધાની ચતુર્ભંગી થાય છે.

**મતાંતર :-**

પંચસંગ્રહમાં[૨૪] જિનનામની જઘન્યસ્થિતિ ૧૦૦૦૦[૨૫] વર્ષ પ્રમાણ અને આહારકદ્વિકની જઘન્યસ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ કહી છે.

પંચસંગ્રહની મલયગિરિસૂરિમહારાજા કૃત ટીકામાં કહ્યું છે કે, અહીં જે જિનનામની જ૦સ્થિતિ ૧૦૦૦૦ વર્ષ અને આહારકદ્વિકની જ૦સ્થિતિ અંતર્મુહૂર્ત કહી છે. તે મતાંતર લાગે છે.

ક્ષુલ્લકભવનું પ્રમાણ :-

**सत्तरससमहिआ किर, इगाणुपाणुम्मि हुंति खुड्डभवा ।**
**सगतीससयतिहुत्तर, पाणू पुण इगमुहुत्तम्मि ॥ ४० ॥**
**पणसट्ठिसहस पणसय, छत्तीसा इगमुहुत्त खुड्डभवा ।**
**आवलियाणं दो सय, छप्पना एगखुड्डभवे ॥ ४१ ॥**

सप्तदश समधिकाः किल एकाऽऽनप्राणे भवन्ति क्षुल्लकभवाः ।
सप्तत्रिंशच्छतत्रिसप्ततिः प्राणापानाः पुनरेकमुहूर्ते ॥ ४० ॥
पञ्चषष्टिसहस्रपञ्चशतषट्त्रिंशानि एकमुहूर्ते क्षुल्लकभवाः ।
आवलिकानां द्वे शते षट्पञ्चाशदेक क्षुल्लकभवे ॥ ४१ ॥

ગાથાર્થ :- **એક શ્વાસોચ્છ્વાસમાં નિશ્ચયે ૧૭થી અધિક ક્ષુલ્લકભવ થાય છે અને એકમુહૂર્તમાં ૩૭૭૩ શ્વાસોચ્છ્વાસ થાય છે.**

**એક મુહૂર્તમાં ૬૫૫૩૬ ક્ષુલ્લકભવ થાય છે અને એક ક્ષુલ્લકભવમાં ૨૫૬ આવલિકા થાય છે.**

**વિવેચન:-** કેવલીભગવંતની દૃષ્ટિથી પણ જેના બે વિભાગ ન થઇ શકે એવા કાળના છેલ્લામાં છેલ્લા અંશને **"સમય"** કહે છે.

---

(૨૪) सुरनारयाउयाणं दसवाससहस्स लघु सतित्थाणं । (૪૬) |પંચસંગ્રહદ્વાર-૫|
साए बारस हारगविग्घावरणाण किंचूणं । (૪૭) |પંચસંગ્રહદ્વાર-૫|

(૨૫) જે જીવ તીર્થંકર થવાના પૂર્વેના ત્રીજાભવે સાધિક-૧૮૦૦૦ વર્ષ પ્રમાણ જિનનામકર્મ ગાઢનિકાચિત કરીને પહેલી નરકમાં જાય છે. તે જીવની અપેક્ષાએ ૧૦૦૦૦ વર્ષ જિનનામનો જઘન્યસ્થિતિબંધ ઘટી શકે.

અસંખ્ય સમય = ૧ આવલિકા
૨૫૬ આવલિકા = ૧ ક્ષુલ્લકભવ
૧૭ાા ક્ષુલ્લકભવ = ૧ શ્વાસોચ્છ્વાસ
૭ શ્વાસોચ્છ્વાસ = ૧ સ્તોક
૭ સ્તોક = ૧ લવ [૧ લવ=૪૯શ્વાસોચ્છ્વાસ]
૭૭ લવ = ૨ ઘડી [૪૯શ્વાસો૦×૭૭લવ=૩૭૭૩શ્વાસો૦]
૨ ઘડી=૧મુહૂર્ત=૩૭૭૩ શ્વાસોચ્છ્વાસ થાય...

૧ મુહૂર્ત [૪૮ મિનિટ]માં આધિ-વ્યાધિ-ઉપાધિથી રહિત હૃષ્ટ-પુષ્ટ યુવાન પુરુષના ૩૭૭૩ શ્વાસોચ્છ્વાસ થાય છે અને ૧ મુહૂર્તમાં ૬૫૫૩૬ ક્ષુલ્લકભવ થાય છે. એના ઉપરથી ૧શ્વાસોચ્છ્વાસમાં કેટલા ક્ષુલ્લકભવ થાય? એ જાણવું હોય, તો ૬૫૫૩૬ ક્ષુલ્લકભવનો ૩૭૭૩ શ્વાસોચ્છ્વાસથી ભાગાકાર કરવો.

૩૭૭૩) ૬૫૫૩૬ (૧૭ ભવ સંપૂર્ણ..
૩૭૭૩
૨૭૮૦૬
૨૬૪૧૧
૧૩૯૫

૧ શ્વાસોચ્છ્વાસમાં કાંઈક અધિક **૧૭** ક્ષુલ્લકભવ થાય છે.

૧ મુહૂર્તમાં ૬૫૫૩૬ ક્ષુલ્લકભવ થાય છે. તો ૧ મિનિટમાં કેટલા થાય? એ જાણવું હોય, તો ૬૫૫૩૬ ક્ષુલ્લકભવનો ૪૮ મિનિટથી ભાગાકાર કરવો..

૪૮) ૬૫૫૩૬ (૧૩૬૫
૪૮
૧૭૫
૧૪૪
૩૧૩
૨૮૮
૨૫૬
૨૪૦
૧૬

$૧૩૬૫ \frac{૧૬}{૪૮} = ૧૩૬૫ \frac{૧}{૩}$

૧ મિનિટમાં ૧૩૬૫ ક્ષુલ્લકભવ થાય છે.

૧ મિનિટમાં ૧૩૬૫ ક્ષુલ્લકભવ થાય છે. તો ૧ સેકંડમાં કેટલા થાય? એ જાણવું હોય, તો ૧૩૬૫ ક્ષુલ્લકભવનો ૬૦ સેકંડથી ભાગાકાર કરવો.

૬૦) ૧૩૬૫ (૨૨
૧૨૦
૧૬૫
૧૨૦
૪૫

૨૨ ૪૫/૬૦ = ૨૨ ૩/૪

૧ સેંકડમાં સાધિક ૨૨ ક્ષુલ્લકભવ થાય છે.

૧ મુહૂર્તમાં ૬૫૫૩૬ ક્ષુલ્લકભવ થાય છે. અને ૧ ક્ષુલ્લકભવમાં ૨૫૬ આવલિકા થાય છે એના ઉપરથી ૧મુહૂર્તમાં કેટલી આવલિકા થાય? એ જાણવું હોય, તો ૬૫૫૩૬ને ૨૫૬થી ગુણવા...

૧મુહૂર્તમાં ૬૫૫૩૬×૨૫૬=૧,૬૭,૭૭,૨૧૬ આવલિકા થાય. ૧ સેંકન્ડમાં કેટલી આવલિકા થાય? એ જાણવું. હોય તો ૧૬૭૭૭૨૧૬નો ૨૮૮૦ સેકંડથી ભાગાકાર કરવો.

૨૮૮૦) ૧૬૭૭૭૨૧૬ (૫૮૨૫
૧૪૪૦૦
૨૩૭૭૨
૨૩૦૪૦
૭૩૨૧
૫૭૬૦
૧૫૬૧૬
૧૪૪૦૦
૧૨૧૬

૧ સેકંડમાં સાધિક ૫૮૨૫ આવલિકા થાય છે.

જિનનામાદિ-૪ પ્રકૃતિના ઉત્કૃષ્ટસ્થિતિબંધના સ્વામી :-

**अविरयसम्मो तित्थं आहारदुगामराउ य पमत्तो ।**
**मिच्छद्दिट्ठि बंधइ जिट्ठठिई सेसपयडीणं ॥४२॥**

---

(२६) प्रमत्तसंयतोऽप्रमत्तभावान्निवर्तमान इति॥ [સ્વોપજ્ઞટીકા] અપ્રમત્તભાવથી પાછો ફરેલો પ્રમત્તયતિ લેવો.

अविरतसम्यग्दृष्टिस्तीर्थं आहारकद्विकामरायुषश्च प्रमत्तः ।
मिथ्यादृष्टिर्बध्नाति ज्येष्ठस्थितिं शेषप्रकृतीनाम् ॥ ४२॥

**ગાથાર્થ :- અવિરતસમ્યગ્દષ્ટિમનુષ્ય તીર્થંકરનામકર્મનો ઉત્કૃષ્ટ-સ્થિતિબંધ કરે છે. પ્રમત્તસંયતમુનિ આહારકદ્વિક અને દેવાયુનો ઉત્કૃષ્ટ-સ્થિતિબંધ કરે છે. બાકીની પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ મિથ્યાદષ્ટિજીવો કરે છે.**

**વિવેચનઃ-** ગ્રંથકાર ભગવંતે ગાથાનં૦**૫૨**માં કહ્યું છે કે, બંધ-યોગ્ય ૧૨૦ પ્રકૃતિમાંથી **મનુષ્યાયુ, દેવાયુ અને તિર્યંચાયુની ઉ૦સ્થિતિ** તદ્યોગ્ય [તે પ્રકૃતિના ઉ૦સ્થિતિબંધને યોગ્ય] વિશુદ્ધિથી બંધાય છે. અને બાકીની **૧૧૭ પ્રકૃતિની** ઉ૦સ્થિતિ તદ્યોગ્યસંક્લેશથી કે અતિસંક્લેશથી બંધાય છે. એ નિયમાનુસારે જિનનામના ઉ૦સ્થિતિબંધને યોગ્ય સંક્લેશથી અવિરતસમ્યગ્દષ્ટિમનુષ્ય જિનનામનો ઉ૦સ્થિતિબંધ કરે છે અને આહારકદ્વિકના ઉ૦સ્થિતિબંધને યોગ્ય સંક્લેશથી અપ્રમત્તમુનિ આહારક-દ્વિકનો ઉ૦સ્થિતિબંધ કરે છે. તથા દેવાયુના ઉ૦સ્થિતિબંધને યોગ્ય વિશુદ્ધિથી પ્રમત્તસંયમી દેવાયુનો ઉ૦સ્થિતિબંધ કરે છે.

**સ્થિતિબંધસ્થાનો [સ્થિતિસ્થાનો] :-**

**એકસમયે એકીસાથે જેટલી સ્થિતિ બંધાય, તે એક સ્થિતિબંધ-સ્થાન** [સ્થિતિસ્થાન] **કહેવાય.**

પોતપોતાના જઘન્યસ્થિતિબંધથી માંડીને ઉ૦સ્થિતિબંધ સુધીના જેટલા સ્થિતિભેદો થાય તેટલા સ્થિતિબંધસ્થાનો હોય છે.

જેમ કે, મિથ્યાદષ્ટિજીવ અત્યંતતીવ્ર કષાયોદયજન્ય પરિણામથી જ્ઞાનાવરણીયાદિ કર્મોની જે ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે છે, તે સૌથી પ્રથમ **ઉત્કૃષ્ટ-સ્થિતિબંધસ્થાન** કહેવાય. સમયન્યૂન ઉ૦સ્થિતિ બાંધે છે. તે **બીજું સ્થિતિ-બંધસ્થાન** કહેવાય. બે સમયન્યૂન ઉ૦સ્થિતિ બાંધે છે. તે **ત્રીજું સ્થિતિ-બંધસ્થાન** કહેવાય. એ રીતે, એક-એક સમય ઓછો કરતાં કરતાં આગળ વધવાથી સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકના છેલ્લા સમયે અત્યંતમંદકષાયોદયવાળો જીવ જે જઘન્યસ્થિતિ બાંધે છે તે સૌથી છેલ્લું જઘન્યસ્થિતિબંધસ્થાન કહેવાય. એટલે ઉ૦સ્થિતિબંધથી માંડીને જ૦સ્થિતિબંધ સુધીના જેટલા સ્થિતિભેદો થાય છે. તેટલા સ્થિતિબંધસ્થાનો થાય છે. કુલ **"અસંખ્યસ્થિતિબંધસ્થાનો"** છે.

**સ્થિતિબંધમાં વધ-ઘટ :-**

કોઇપણ જીવ નીચેથી ઉપરના ગુણઠાણા તરફ જઇ રહ્યો હોય છે. ત્યારે કષાયોદય મંદ થવાથી સ્થિતિબંધ ઘટતો જાય છે. અને ઉપરથી નીચે આવી રહ્યો હોય છે. ત્યારે કષાયોદય તીવ્ર થવાથી સ્થિતિબંધ વધતો જાય છે.

**ચિત્રનં૦૩માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી....**

ઉ૦સ્થિતિબંધસ્થાનથી જ૦સ્થિતિબંધસ્થાન સુધીના......

**અસંખ્યસ્થિતિબંધસ્થાનો=૬૦ સ્થિતિબંધસ્થાનો** સમજવા...

તેમાં **૧લા** ઉ૦સ્થિતિસ્થાને રહેલો જીવ **૨૦ કો૦કો૦સા૦** ઉ૦સ્થિતિબંધ કરે છે.
**બીજા** સ્થિતિસ્થાને રહેલો જીવ **૧૯ કો૦કો૦સા૦** સ્થિતિબંધ કરે છે.
**૩જા** સ્થિતિસ્થાને રહેલો જીવ **૧૮ કો૦કો૦સા૦** સ્થિતિબંધ કરે છે.

એ રીતે, ઉપર ચઢતી વખતે એક-એક સ્થિતિસ્થાને એક-એક કો૦કો૦સા૦ સ્થિતિબંધ ઘટવાથી **૨૦**મા સ્થિતિસ્થાને રહેલો જીવ **૧કો૦કો૦સા૦** સ્થિતિબંધ કરે છે. ત્યારપછી **૨૧ થી ૫૧** સુધીના સ્થિતિસ્થાને રહેલો જીવ ક્રમશઃ નાની-નાની **અંતઃકો૦કો૦સા૦ સ્થિતિને** બાંધે છે. એ જ રીતે, ઉપરથી નીચે આવતી વખતે **૨૧**મા સ્થિતિસ્થાન સુધી ક્રમશઃ મોટી-મોટી **અંતઃકો૦કો૦સા૦સ્થિતિ**ને બાંધે છે. ત્યારપછી એક-એડ સ્થિતિસ્થાને એક-એક કો૦કો૦સા૦ વધવાથી **૧લા** ઉ૦સ્થિતિસ્થાને **૨૦કો૦કો૦સા૦સ્થિતિને** બાંધે છે. એમ માનવું.

**સ્થિતિબંધનો અધ્યવસાય :-**

સ્થિતિબંધ એ કાર્ય છે. તેનું કારણ **"કષાયોદયજન્યપરિણામ"** છે.

એ કષાયોદયજન્યપરિણામને **"સ્થિતિબંધનો અધ્યવસાય"** કહે છે.

એકજીવને એક સમયે એક જ સ્થિતિબંધનો અધ્યવસાય હોય છે એટલે જ૦સ્થિતિથી માંડીને ઉ૦સ્થિતિ સુધીની કોઇપણ એકસ્થિતિ એકજીવની અપેક્ષાએ એકસમયે એક સ્થિતિબંધના અધ્યવસાયથી બંધાય છે અને ત્રિકાળવર્તી અનેકજીવની અપેક્ષાએ એકસ્થિતિ અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થિતિબંધના અધ્યવસાયોથી બંધાય છે.


ગુણસ્થાનકમાં સ્થિતિસ્થાનો..
વિશુદ્ધિસ્થાનો-સંકલેશસ્થાનો
ચિત્ર નં. 3
સ્થિતિસ્થાનો
વિશુદ્ધિસ્થાનો
સંકલેશસ્થાનો
સ્થિતિસ્થાનો
અંતઃકોડાકોડસાગ
અંતઃકોડાકોડસાગ
સૂક્ષ્મસંપ
અનિવૃત્તિ
અપૂર્વકરણ
અપ્રમત્ત
પ્રમત્ત
દેશવિરતિ
સમ્યક્ત્વ
મિશ્ર
સાસ્વાદન
મિથ્યાત્વગુણસ્થાનક
૧ કોડાકોડસાગ
૨ કોડાકોડસાગ
૩ કોડાકોડસાગ
૪ કોડાકોડસાગ
૫ કોડાકોડસાગ
૬ કોડાકોડસાગ
૭ કોડાકોડસાગ
૮ કોડાકોડસાગ
૯ કોડાકોડસાગ
૧૦ કોડાકોડસાગ
૧૧ કોડાકોડસાગ
૧૨ કોડાકોડસાગ
૧૩ કોડાકોડસાગ
૧૪ કોડાકોડસાગ
૧૫ કોડાકોડસાગ
૧૬ કોડાકોડસાગ
૧૭ કોડાકોડસાગ
૧૮ કોડાકોડસાગ
૧૯ કોડાકોડસાગ
૨૦ કોડાકોડસાગઉત્કૃષ્ટસ્થિતિબંધસ્થાન


જિનનામ-આહારકદ્વિકના
જ૦સ્થિતિબંધના સ્વામી
જિનનામ-આહારકદ્વિકના
ઉ૦રસબંધના સ્વામી
જિનનામ-આહારકદ્વિક-દેવાયુના
ઉ૦સ્થિતિબંધના સ્વામી
જિનનામ-આહારકદ્વિકના
જ૦રસબંધના સ્વામી
જિનનામ-આહારકદ્વિકના જ૦સ્થિતિબંધક
જિનનામ-આહારકદ્વિકના ઉ૦રસબંધક
દેવાયુનો ઉ૦સ્થિતિબંધક
સ્થિતિસ્થાનો
વિશુદ્ધિસ્થાનો
આહારકદ્વિકનો
જ૦રસબંધક
આહારકદ્વિકનો
ઉ૦સ્થિતિબંધક
જિનનામનો ઉ૦સ્થિતિબંધક
જિનનામનો જ૦રસબંધક
સંક્લેશસ્થાનો
સ્થિતિસ્થાનો
સૂક્ષ્મસં૦
અનિવૃત્તિ
અપૂર્વકરણ
અપ્રમત્ત
પ્રમત્ત
દેશવિરતિ
સમ્યક્ત્વ
મિશ્ર
સાસ્વાદન
મિથ્યાત્વગુણસ્થાનક
ચિત્ર નં. ૪

**વિશુદ્ધિસ્થાનો-સંક્લેશસ્થાનો :-**

**ચિત્રનં૦૩**માં બતાવ્યા મુજબ કોઈપણ જીવ તે તે સ્થિતિસ્થાનનો સ્પર્શ કરતો કરતો ઉપર ચઢતો હોય છે. ત્યારે કષાયોદય મંદ થવાથી વિશુદ્ધિ વધતી જવાના કારણે તે તે સ્થિતિસ્થાને રહેલાં જીવનો અધ્યવસાય [કષાયોદયજન્ય પરિણામ] જ **"વિશુદ્ધિસ્થાન"** બની જાય છે અને જ્યારે જીવ નીચે ઉતરી રહ્યો હોય છે. ત્યારે કષાયોદય તીવ્ર થવાથી સંક્લિષ્ટતા વધતી જવાના કારણે તે તે સ્થિતિસ્થાને રહેલાં જીવનો અધ્યવસાય જ **"સંક્લેશસ્થાન"** બની જાય છે. એટલે વિશુદ્ધિસ્થાનો અને સંક્લેશસ્થાનો સાપેક્ષ છે. તેથી ઉપશમકને **ગુણસ્થાનકે ચઢતી વખતે જે સ્થિતિસ્થાને રહેલો જે અધ્યવસાય વિશુદ્ધિસ્થાન બને છે. તે જ સ્થિતિસ્થાને રહેલો તે અધ્યવસાય નીચે ઉતરતી વખતે સંક્લેશસ્થાન બને છે.** અને ક્ષપકને ક્ષપકશ્રેણીમાંથી પડવાનું હોતું નથી એટલે ક્ષપકને ક્ષપકશ્રેણિમાં ચઢતી વખતે *જે અધ્યવસાયો હોય છે. તે અધ્યવસાયો માત્ર વિશુદ્ધિસ્થાનો જ બને છે.* સંક્લેશસ્થાનો બનતા નથી.

**જિનનામના ઉ૦સ્થિતિબંધના સ્વામી :-**

જે મનુષ્યે **"પૂર્વે નરકાયુ બાંધ્યા પછી"** ક્ષયોપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરીને જિનનામ નિકાચિત કર્યું હોય, તે મનુષ્ય નરકમાં[૨૭] જતી વખતે પોતાના ચાલુ ભવનું છેલ્લું એક અંતર્મુહૂર્ત બાકી રહે છે. ત્યારે મિથ્યાત્વની સન્મુખ થયેલો **ચિત્રનં૦૪માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી સમ્યક્ત્વગુણઠાણાના છેલ્લાસમયે=૩૨**મા સ્થિતિસ્થાને** રહેલો અવિરત સમ્યગ્દૃષ્ટિમનુષ્ય જિનનામના ઉ૦સ્થિતિબંધને યોગ્ય સંક્લેશથી **જિન-નામનો અંતઃકો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધ** કરે છે.

જિનનામના બંધને યોગ્ય સૌથી વધુ સંક્લિષ્ટ પરિણામ **૩૨**મા સ્થિતિસ્થાને જ હોય છે. કારણકે ત્યાંથી નીચે આવતા મિથ્યાત્વગુણઠાણે સંક્લિષ્ટતા વધે છે પણ જિનનામનો બંધ હોતો નથી અને **૩૨**મા સ્થિતિ-સ્થાનની ઉપરના ૩૩મા-૩૪મા વગેરે સ્થિતિસ્થાને જિનનામનો બંધ હોય છે

(૨૭) કર્મગ્રન્થનાં મતે કોઈપણ જીવ ક્ષયોપશમસમ્યક્ત્વ લઈને નરકમાં જતો નથી. તેથી ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિજીવ સમ્યક્ત્વ છોડીને મિથ્યાત્વે આવ્યા પછી જ નરકમાં જાય છે.

પણ જિનનામના ઉ૦સ્થિતિબંધને યોગ્ય સંક્લિષ્ટતા હોતી નથી. તેથી ચોથાગુણઠાણાના છેલ્લાસમયે જ જિનનામના ઉ૦સ્થિતિબંધને યોગ્ય સંક્લેશ હોય છે એટલે જિનનામની ઉ૦સ્થિતિને બાંધનારો **"ચોથા-ગુણઠાણાના છેલ્લા સમયે રહેલો અવિરતસમ્યક્ત્વી"** કહ્યો છે.

તિર્યંચો ભવનિમિત્તે જ જિનનામને બાંધતા નથી અને દેવ-નારકો જિનનામને બાંધે છે પણ તે જીવોને સમ્યક્ત્વ છોડીને મિથ્યાત્વે આવવાનું ન હોવાથી મિથ્યાત્વની સન્મુખ થતા નથી એટલે જિનનામના ઉ૦સ્થિતિ-બંધને યોગ્ય સંક્લેશ ન આવવાથી જિનનામની ઉ૦સ્થિતિને બાંધતા નથી. તેથી જિનનામની ઉ૦સ્થિતિને બાંધનારો **"મનુષ્ય"** કહ્યો છે.

શ્રેણીકરાજાની જેમ નરકાયુ બાંધ્યા પછી ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું હોય એવા મનુષ્યને સમ્યક્ત્વ સહિત નરકમાં જવાનું હોવાથી મિથ્યાત્વની સન્મુખ થવાનું હોતું નથી. તેથી તે મનુષ્યને જિનનામના ઉ૦સ્થિતિબંધને યોગ્ય સંક્લેશ ન આવવાથી જિનનામનો ઉ૦સ્થિતિબંધ થતો નથી. તેથી જિનનામની ઉ૦સ્થિતિનો બંધક **"મિથ્યાત્વાભિમુખી"** કહ્યો છે.

કોઈપણ મનુષ્ય નરકાયુને બાંધ્યા પછી કાલાન્તરે જિનનામને બાંધી શકે છે પણ જિનનામને બાંધ્યા પછી નરકાયુને બાંધી શકતો નથી. તેથી જિન-નામકર્મની ઉ૦સ્થિતિનો બંધક **"પૂર્વે નરકાયુને બાંધનારો મનુષ્ય"** કહ્યો છે.

**આહારકદ્વિકના ઉ૦સ્થિતિબંધના સ્વામી :-**

**ચિત્રનં૦૪માં** બતાવ્યા મુજબ ઉપરના ગુણઠાણાથી નીચેના ગુણઠાણા તરફ આવી રહેલા અપ્રમત્તસંયમીને સંક્લિષ્ટતા વધતી જવાના કારણે સ્થિતિબંધ વધતો જાય છે. તેથી પ્રમત્તગુણઠાણાની સન્મુખ થયેલા **ચિત્રનં૦૪માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી અપ્રમત્તગુણઠાણાના છેલ્લા-સમયે=**૪૪મા સ્થિતિસ્થાને** રહેલા અપ્રમત્તમુનિ આહારકદ્વિકના ઉ૦સ્થિતિ-બંધને યોગ્ય સંક્લેશથી **આહારકદ્વિકનો ઉ૦સ્થિતિબંધ** કરે છે.

આહારકદ્વિકના બંધને યોગ્ય સૌથી વધુ સંક્લિષ્ટપરિણામ **૪૪**મા સ્થિતિસ્થાને જ હોય છે. કારણ કે ત્યાંથી નીચે આવતાં સંક્લિષ્ટતા વધે છે. પણ આહારકદ્વિકનો બંધ હોતો નથી. અને **૪૪**મા સ્થિતિસ્થાનની ઉપરના **૪૫**મા વગેરે સ્થિતિસ્થાને આહારકદ્વિકનો બંધ હોય છે. પણ આહારકદ્વિકના

ઉ૦સ્થિતિબંધને યોગ્ય સંક્લિષ્ટતા હોતી નથી. તેથી પ્રમત્તની સન્મુખ થયેલા અપ્રમત્તમુનિને અપ્રમત્તગુણઠાણાના છેલ્લાસમયે જ આહારકદ્વિકના ઉ૦-સ્થિતિબંધને યોગ્ય સંક્લેશ હોય છે. એટલે પ્રમત્તની સન્મુખ થયેલો અપ્રમત્તયતિ જ આહારકદ્વિકનો ઉ૦સ્થિતિબંધ કરે છે.

**દેવાયુના ઉ૦સ્થિતિબંધના સ્વામી :-**

પ્રમત્તગુણઠાણાનું અંતર્મુહૂર્ત બાકી હોય ત્યારે અપ્રમત્તની સન્મુખ થયેલા પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળા પ્રમત્તસંયમીને પોતાના આયુષ્યના બે ભાગ ગયા પછી ત્રીજાભાગના પ્રથમ સમયે **ચિત્રનં૦૬મા** બતાવ્યા મુજબ **અસત્કલ્પનાથી ૪૧મા** સ્થિતિસ્થાને રહેલા પ્રમત્તસંયમી દેવાયુના ઉ૦સ્થિતિબંધને યોગ્ય વિશુદ્ધિથી દેવાયુનો ઉ૦સ્થિતિબંધ કરે છે. પછી તે જીવ દેવાયુને બાંધતો બાંધતો અપ્રમત્તગુણઠાણે પણ જઈ શકે છે. તેથી અપ્રમત્તગુણઠાણે પણ દેવાયુનો બંધ હોય છે.

**શંકા :- જો દેવાયુનો ઉ૦સ્થિતિબંધ ઉત્કૃષ્ટવિશુદ્ધિથી થાય છે. તો અપ્રમત્તગુણઠાણે ઉત્કૃષ્ટવિશુદ્ધિથી ઉ૦સ્થિતિબંધ કેમ ન કહ્યો ?**

**સમાધાન:-** અપ્રમત્તગુણઠાણે તથા સ્વભાવે જ આયુષ્યનો બંધ શરૂ થતો નથી. પણ કોઈક પ્રમત્તસંયમી દેવાયુને બાંધતો બાંધતો અપ્રમત્તે આવી શકે છે. તેથી અપ્રમત્તગુણઠાણે દેવાયુનો બંધ હોય છે. પણ દેવાયુનો ઉ૦-સ્થિતિબંધ થતો નથી. કારણ કે પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળો પ્રમત્તસંયમી પોતાના આયુષ્યના બે ભાગ ગયા પછી ત્રીજાભાગના પ્રથમ સમયે દેવાયુને બાંધવાની શરૂઆત કરે છે. ત્યારે બંધના પ્રથમ સમયે જ દેવાયુનો પૂર્વક્રોડ-વર્ષનો ત્રીજોભાગ અધિક ૩૩સાગરોપમ પ્રમાણ ઉ૦સ્થિતિબંધ થાય છે. પછી બીજા સમયે સમયન્યૂન પૂર્વક્રોડવર્ષનો ત્રીજોભાગ અધિક ૩૩ સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. એ રીતે, બંધના દ્વિતીયાદિ સમયે અબાધામાંથી એક-એક સમય ઓછો થવાથી મધ્યમસ્થિતિબંધ થાય છે. તેથી જે પ્રમત્ત-સંયમી દેવાયુને બાંધતો બાંધતો અપ્રમત્તે જાય છે. તે દેવાયુનો મધ્યમ-સ્થિતિબંધ કરી શકે છે. પણ ઉ૦સ્થિતિબંધ કરી શકતો નથી એટલે અપ્રમત્ત-ગુણઠાણે ઉ૦વિશુદ્ધિ હોવા છતાં પણ દેવાયુનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ થતો નથી.

**શંકાઃ- જેમ દેવાયુને બાંધતી વખતે બંધના પ્રથમ સમયે જ દેવાયુનો ઉ૦સ્થિતિબંધ થાય છે. તેમ જ્ઞાનાવરણીયાદિકર્મોનો ઉત્કૃષ્ટ-સ્થિતિબંધ પણ બંધના પ્રથમસમયે જ થાય કે દ્વિતીયાદિસમયે પણ થાય?**

**સમાધાન :-** જ્ઞાનાવરણીયાદિના ઉ૦સ્થિતિબંધનો કાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે. એટલે જઘન્યથી જ્ઞાનાવરણીયાદિનો ૩૦કોડાકોડીસાગરોપમાદિ ઉ૦સ્થિતિબંધ એક જ સમય થાય છે. દ્વિતીયાદિ સમયે મધ્યમસ્થિતિબંધ થાય છે અને ઉત્કૃષ્ટથી જ્ઞાનાવરણીયાદિનો ૩૦કોડાકોડીસાગરોપમાદિ ઉ૦સ્થિતિબંધ સતત અંતર્મુહૂર્ત સુધી થાય છે. એટલે કે પ્રથમસમયે જ્ઞાનાવરણીયાદિનો ૩૦કો૦કો૦સાગરોપમાદિ ઉ૦સ્થિતિબંધ થાય છે. બીજા સમયે પણ ૩૦કોડાકોડીસાગરોપમાદિ ઉ૦સ્થિતિબંધ થાય છે. ત્રીજા સમયે પણ ૩૦કોડાકોડીસાગરોપમાદિ ઉ૦સ્થિતિબંધ થાય છે. એ રીતે, અંતર્મુહૂર્ત સુધી ૩૦કોડાકોડીસાગરોપમાદિ ઉ૦સ્થિતિ બંધાય છે. તેથી દ્વિતીયાદિ સમયે પણ ઉ૦સ્થિતિબંધ હોય છે.

**શંકાઃ- આયુષ્યનો ઉ૦સ્થિતિબંધ અબાધાસહિત ન કહીએ, તો અંતર્મુહૂર્ત સુધી સતત ૩૩સા૦નો ઉ૦સ્થિતિબંધ કહી શકાય કે નહિ?**

**સમાધાન :-** આયુષ્યનો ઉ૦સ્થિતિબંધ અબાધા સહિત ન કહીએ, તો અંતર્મુહૂર્ત સુધી સતત ૩૩ સાગરોપમનો ઉ૦સ્થિતિબંધ કહી શકાય.

બંધયોગ્ય **૧૪૬** પ્રકૃતિમાંથી જિનનામ, આહારકદ્વિક, દેવાયુ એ-૪ વિના ૧૪૨ પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ પર્યાપ્ત મિથ્યાદષ્ટિસંજ્ઞીજીવો કરે છે. પણ વિશેષથી મનુષ્યાયુ અને તિર્યંચાયુની ઉ૦સ્થિતિ શુભ હોવાથી તદ્યોગ્ય વિશુદ્ધપરિણામી મિથ્યાદષ્ટિ તિર્યંચ-મનુષ્ય તે બન્ને આયુષ્યની ઉ૦સ્થિતિ બાંધે છે અને બાકીની ૧૪૦ પ્રકૃતિની ઉ૦સ્થિતિ સંક્લિષ્ટ-પરિણામી મિથ્યાદષ્ટિજીવો બાંધે છે.

**શંકા :- પહેલા કરતાં ચોથાગુણઠાણે વિશુદ્ધિ વધારે હોય છે. તેથી ચોથાગુણઠાણે મનુષ્યાયુનો ઉ૦સ્થિતિબંધ કેમ નથી કહ્યો ? અને પહેલાં કરતાં બીજાગુણઠાણે વિશુદ્ધિ વધારે હોય છે. તેથી બીજાગુણઠાણે તિર્યંચાયુનો ઉ૦સ્થિતિબંધ કેમ નથી કહ્યો ?**

**સમાધાન :-** પહેલા ગુણઠાણા કરતાં ચોથાગુણઠાણે વિશુદ્ધિ વધારે

હોવા છતાં પણ મનુષ્યાયુનો ઉ૦સ્થિતિબંધ થતો નથી. કારણ કે ચોથા-ગુણઠાણે દેવ-નારકો જ મનુષ્યાયુને બાંધે છે અને દેવ-નારકો મરીને સંખ્યાતવર્ષના આયુષ્યવાળા અયુગલિકમનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. એટલે સમ્યગ્દષ્ટિ દેવ-નારકો સંખ્યાતવર્ષનું મનુષ્યાયુ બાંધે છે. અસંખ્યાતવર્ષનું યુગલિકમનુષ્યાયુને બાંધતા નથી. તેથી ચોથાગુણઠાણે મનુષ્યાયુનો મધ્યમ સ્થિતિબંધ થાય છે. ઉ૦સ્થિતિબંધ થતો નથી.

સાસ્વાદનસમ્યગ્દષ્ટિજીવો મનુષ્યાયુ અને તિર્યંચાયુનો ઉ૦સ્થિતિબંધ કરી શકતા નથી. કારણકે મિથ્યાત્વની સન્મુખ થયેલા સાસ્વાદનસમ્યક્ત્વી કરતાં સમ્યક્ત્વની સન્મુખ થયેલા મિથ્યાદષ્ટિજીવોનો પરિણામ વધારે વિશુદ્ધ હોય છે. તેથી મિથ્યાદષ્ટિજીવો તે આયુષ્યના ઉ૦સ્થિતિબંધને યોગ્ય વિશુદ્ધિથી મનુષ્યાયુ અને તિર્યંચાયુનો ઉ૦સ્થિતિબંધ કરે છે.

વિકલેન્દ્રિયત્રિકાદિ-૧૮પ્રકૃતિના ઉ૦સ્થિતિબંધના સ્વામી :-

**विगलसुहुमाउगतिगं, तिरिमणुआ सुरविउव्विनिरयदुगं ।**
**एगिंदिथावरायव, आईसाणा सुरुक्कोसं ॥ ४३ ॥**

विकलसूक्ष्मायुस्त्रिकं तिर्यङ्-मनुष्याः सुरवैक्रियनरकद्विकम् ।
एकेन्द्रियस्थावरातपस्य, आ ईशानात् सुरा उत्कृष्टाम् ॥४३॥

**ગાથાર્થ :- વિકલેન્દ્રિયત્રિક, સૂક્ષ્મત્રિક, આયુષ્યત્રિક, દેવદ્વિક, વૈક્રિયદ્વિક અને નરકદ્વિક એ-૧૫ પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ તિર્યંચ-મનુષ્યો જ કરે છે અને એકેન્દ્રિય-સ્થાવર-આતપ એ-૩ પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ ઇશાનદેવલોક સુધીના દેવો જ કરે છે.**

**વિવેચન :-** મિથ્યાદષ્ટિ પર્યાપ્તસંજ્ઞીતિર્યંચ-મનુષ્યો વિકલેન્દ્રિયત્રિક અને સૂક્ષ્મત્રિકના ઉ૦સ્થિતિબંધને યોગ્ય સંક્લેશથી વિકલેન્દ્રિયત્રિક અને સૂક્ષ્મત્રિકનો ૧૮ કો૦કો૦સા૦ પ્રમાણ ઉ૦સ્થિતિબંધ કરે છે. કારણ કે દેવ-નારકો મરીને વિકલેન્દ્રિયમાં, સૂક્ષ્મએકેન્દ્રિયમાં, સાધારણવનસ્પતિમાં અને લબ્ધિ-અપર્યાપ્તામાં ઉત્પન્ન થતા નથી. તેથી દેવ-નારકો વિકલેન્દ્રિયત્રિક અને સૂક્ષ્મત્રિકને બાંધતા નથી. એટલે વિકલેન્દ્રિયત્રિક અને સૂક્ષ્મત્રિકના ઉ૦સ્થિતિબંધના સ્વામી **"તિર્યંચ-મનુષ્યો"** કહ્યાં છે.

**મિથ્યાત્વગુણઠાણે સ્થિતિસ્થાનો :-**

**ચિત્રનં૦૫માં** બતાવ્યા મુજબ મિથ્યાત્વગુણઠાણે અસત્કલ્પનાથી **અસંખ્યસ્થિતિબંધસ્થાન=૨૪ સ્થિતિબંધસ્થાન** માનવા...તેમાં

૧લા સ્થિતિસ્થાને રહેલા જીવો **૨૦ કો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધ** કરે છે.
૨જા સ્થિતિસ્થાને રહેલા જીવો **૧૯ કો૦કો૦સા૦ સ્થિતિબંધ** કરે છે.
૩જા સ્થિતિસ્થાને રહેલા જીવો **૧૮ કો૦કો૦સા૦ સ્થિતિબંધ** કરે છે.
૪થા સ્થિતિસ્થાને રહેલા જીવો **૧૭ કો૦કો૦સા૦ સ્થિતિબંધ** કરે છે.
**૫મા** સ્થિતિસ્થાને રહેલા જીવો **૧૬ કો૦કો૦સા૦ સ્થિતિબંધ** કરે છે.
૬ઠ્ઠા સ્થિતિસ્થાને રહેલા જીવો **૧૫ કો૦કો૦સા૦ સ્થિતિબંધ** કરે છે.

એ પ્રમાણે, એક-એક સ્થિતિસ્થાને **એક-એક કો૦કો૦સા૦ સ્થિતિબંધ** ઘટવાથી ૨૦મા સ્થિતિસ્થાને રહેલા જીવો ૧ કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે અને ૨૧થી૨૪ સ્થિતિસ્થાને રહેલા જીવો **અંતઃકો૦કો૦સા૦સ્થિતિબંધ** કરે છે. એમ માનવામાં આવે, તો...

**ચિત્રનં૦૫માં** બતાવ્યા મુજબ **મિથ્યાત્વગુણઠાણામાં** રહેલા **તિર્યંચ-મનુષ્યો** અસત્કલ્પનાથી.....

→ ૨૨થી૨૪ સ્થિતિસ્થાન સુધી **અતિવિશુદ્ધિથી દેવપ્રાયોગ્ય-પ્રકૃતિ**નો અંતઃકો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે.

→ **૨૧થી૧૧** સ્થિતિસ્થાન સુધી સ્વપરિણામાનુસારે **ચારેગતિ-પ્રાયોગ્યપ્રકૃતિ**નો ક્રમશઃ અંતઃકો૦કો૦સા૦થી ૧૦કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે. ત્યારપછીના સ્થિતિસ્થાનોમાં સંક્લિષ્ટતા વધી જવાથી દેવપ્રાયોગ્યપ્રકૃતિ બંધાતી નથી એટલે..

→ **૧૦ થી૬** સ્થિતિસ્થાન સુધી સ્વપરિણામાનુસારે દેવપ્રાયોગ્ય કર્મપ્રકૃતિ વિના **૩ગતિપ્રાયોગ્ય** કર્મપ્રકૃતિનો ક્રમશઃ સમયાધિક ૧૦કો૦કો૦-સા૦થી ૧૫કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે. ત્યારપછીના સ્થિતિસ્થાનમાં સંક્લિષ્ટતા વધી જવાથી મનુષ્યપ્રાયોગ્યબંધ થતો નથી એટલે..

→ **૫** થી૩ સ્થિતિસ્થાન સુધી સ્વપરિણામાનુસારે **તિર્યંચપ્રાયોગ્ય** કે **નરકપ્રાયોગ્ય** પ્રકૃતિનો સમયાધિક ૧૫કો૦કો૦સા૦થી ૧૮કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે. ત્યારપછીના સ્થિતિસ્થાનોમાં રહેલા તિર્યંચ-મનુષ્યોને સંક્લિષ્ટતા વધી તિર્યંચપ્રાયોગ્યપ્રકૃતિ બાંધી શકતા નથી એટલે..

ચિત્ર નં. ૫



વિકલેન્દ્રિય-સૂક્ષ્મત્રિક
વૈક્રિયષટ્કના ઉ૦સ્થિતિબંધના સ્વામી
મિથ્યાત્વ ગુણઠાણે સ્થિતિસ્થાનો
દેવદ્વિકનો ઉ૦સ્થિતિબંધક
વિકલેન્દ્રિય-સૂક્ષ્મત્રિકનો ઉ૦સ્થિતિબંધક
નરકદ્વિક-વૈક્રિયદ્વિકનો ઉ૦સ્થિતિબંધક
મિશ્ર
સાસ્વાદન
મિથ્યાત્વગુણસ્થાનક
૨ગતિપ્રાયોગ્યબંધ
નરકપ્રાયોગ્યબંધ
૧ કોડાકોડી સા૦
૨ કોડાકોડી સા૦
૩ કોડાકોડી સા૦
૪ કોડાકોડી સા૦
૫ કોડાકોડી સા૦
૬ કોડાકોડી સા૦
૭ કોડાકોડી સા૦
૮ કોડાકોડી સા૦
૧૦ કો૦કો૦સા૦સ્થિતિબંધ
૧૧ કો૦કો૦સા૦
૧૨ કો૦કો૦સા૦
૧૩ કો૦કો૦સા૦
૧૪ કો૦કો૦સા૦
૧૫ કો૦કો૦સા૦
૧૬ કો૦કો૦સા૦
૧૭ કો૦કો૦સા૦
૧૮ કો૦કો૦સા૦સ્થિતિબંધસ્થાન
૧૯ કો૦કો૦સા૦


ચિત્ર નં. ૫
વિકલેન્દ્રિય-સૂક્ષ્મત્રિક
વૈક્રિયષટ્કના ઉ૦સ્થિતિબંધના સ્વામી
મિશ્ર
સાસ્વાદન
મિથ્યાત્વ ગુણઠાણે સ્થિતિસ્થાનો
દેવદ્વિકનો
ઉ૦સ્થિતિબંધક
વિકલેન્દ્રિય-સૂક્ષ્મત્રિકનો
ઉ૦સ્થિતિબંધક
નરકદ્વિક-વૈક્રિયદ્વિકનો
ઉ૦સ્થિતિબંધક
૨૪
૨૩
૨૨
૨૧
૨૦
૧ કો૦કો૦સા૦
૧૯
૨ કો૦કો૦સા૦
૧૮
૩ કો૦કો૦સા૦
૧૭
૪ કો૦કો૦સા૦
૧૬
૫ કો૦કો૦સા૦
૧૫
૬ કો૦કો૦સા૦
૧૪
૭ કો૦કો૦સા૦
૧૩
૮ કો૦કો૦સા૦
૧૨
૯ કો૦કો૦સા૦
૧૧
૧૦ કો૦કો૦સા૦સ્થિતિબંધ
૧૦
૧૧ કો૦કો૦સા૦
૯
૧૨ કો૦કો૦સા૦
૮
૧૩ કો૦કો૦સા૦
૭
૧૪ કો૦કો૦સા૦
૬
૧૫ કો૦કો૦સા૦
૫
૧૬ કો૦કો૦સા૦
૪
૧૭ કો૦કો૦સા૦
૩
૧૮ કો૦કો૦સા૦સ્થિતિબંધસ્થાન
૨
૧૯ કો૦કો૦સા૦
૧
૨૦ કો૦કો૦સા૦ઉ૦સ્થિતિબંધસ્થાન
ઉ૦ સંક્લેશસ્થાન
મિથ્યાત્વગુણસ્થાનક
૨ગતિપ્રાયોગ્યબંધ
નરકપ્રાયોગ્યબંધ

→ ૨થી૧ સ્થિતિસ્થાન સુધી **નરકપ્રાયોગ્ય** જ પ્રકૃતિનો સમયાધિક ૧૮કોoકોoસાoથી ૨૦કોoકોoસાo સ્થિતિબંધ કરે છે. એટલે તિર્યંચ-મનુષ્યો ૩જા સ્થિતિસ્થાન સુધી તિર્યંચપ્રાયોગ્ય પ્રકૃતિનો **વધુમાં વધુ ૧૮ કોoકોoસાo સ્થિતિબંધ** કરી શકે છે. ત્યારપછી તિર્યંચ-મનુષ્યને તિર્યંચપ્રાયોગ્ય પ્રકૃતિનો બંધ હોતો નથી. અને ૩જાસ્થિતિસ્થાનની ઉપરના ૪થા-૫મા વગેરે સ્થિતિસ્થાનમાં એકેo-વિકલેન્દ્રિયતિર્યંચ પ્રાયોગ્યબંધ હોય છે. પણ વિકલેન્દ્રિયત્રિક અને સૂક્ષ્મત્રિકના ઉoસ્થિતિબંધને યોગ્યસંકલેશ હોતો નથી. એટલે...

**ચિત્રનંo૫માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી **ત્રીજા સ્થિતિસ્થાનમાં** રહેલા **તિર્યંચ-મનુષ્યો વિકલેન્દ્રિયત્રિક** અને **સૂક્ષ્મત્રિકના ઉoસ્થિતિબંધને યોગ્ય સંક્લેશથી વિકલેન્દ્રિયત્રિક અને સૂક્ષ્મત્રિકનો ૧૮ કોoકોoસાo ઉoસ્થિતિબંધ કરે છે.**

**ચિત્રનંo૫માં** બતાવ્યા મુજબ ૧લા ઉoસ્થિતિસ્થાને રહેલા તિર્યંચ-મનુષ્યો ઉoસંક્લેશથી નરકપ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બાંધે છે. તિર્યંચ પ્રાયોગ્ય પ્રકૃતિઓ બાંધી શકતા નથી. તેથી વિકલેન્દ્રિયત્રિક અને સૂક્ષ્મત્રિકનો ઉoસ્થિતિબંધ **"તદ્યોગ્યસંક્લિષ્ટ પરિણામે"** કહ્યો છે.

**વૈક્રિયષટ્કના ઉoસ્થિતિબંધના સ્વામી :-**

મિથ્યાત્વી પર્યાપ્તસંજ્ઞી તિર્યંચ-મનુષ્યો તદ્યોગ્ય [દેવદ્વિકના ઉoસ્થિતિબંધને યોગ્ય] સંક્લેશથી દેવદ્વિકનો ૧૦ કોoકોoસાo ઉoસ્થિતિબંધ કરે છે અને ઉત્કૃષ્ટસંક્લેશથી નરકદ્વિક તથા વૈક્રિયદ્વિકનો ૨૦ કોoકોoસાo પ્રમાણ ઉoસ્થિતિબંધ કરે છે. કારણ કે દેવ-નારકો મરીને દેવ-નારકમાં ઉત્પન્ન થતા નથી. તેથી તે જીવો વૈક્રિયષટ્કને બાંધતા નથી. એટલે વૈoષટ્કના ઉoસ્થિતિબંધના સ્વામી **"સંજ્ઞીતિર્યંચ-મનુષ્યો"** કહ્યાં છે.

**ચિત્રનંo૫માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી **૨૪ થી ૧૧** સુધીના સ્થિતિસ્થાનમાં રહેલા તિર્યંચ-મનુષ્યો ક્રમશઃ **અંતઃકોoકોoસાoથી ૧૦ કોoકોoસાo** સુધી **દેવપ્રાયોગ્ય** પ્રકૃતિને બાંધી શકે છે. ત્યાર પછીના ૧૨મા વગેરે સ્થિતિસ્થાનમાં સંક્લિષ્ટતા વધી જવાથી દેવપ્રાયોગ્ય કર્મપ્રકૃતિ બંધાતી નથી. અને **૧૧**ની ઉપરના ૧૨મા-૧૩મા વગેરે સ્થિતિસ્થાનમાં દેવપ્રાયોગ્ય પ્રકૃતિ બંધાય છે પણ દેવદ્વિકના ઉoસ્થિતિબંધને યોગ્યસંકલેશ

હોતો નથી. એટલે **ચિત્ર૦૫માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી **૧૧મા સ્થિતિસ્થાને રહેલા તિર્યંચ-મનુષ્યો તદ્યોગ્યસંક્લેશથી દેવદ્વિકનો ૧૦ કો૦કો૦સા૦** પ્રમાણ **ઉ૦સ્થિતિબંધ** કરે છે.

૧લા ઉ૦સ્થિતિસ્થાને રહેલા તિર્યંચ-મનુષ્યો અતિસંક્લિષ્ટ પરિણામથી નરકપ્રયોગ્ય જ પ્રકૃતિ બાંધે છે. અતિસંક્લિષ્ટ પરિણામે દેવપ્રાયોગ્ય પ્રકૃતિ બંધાતી નથી. તેથી દેવદ્વિકનો ઉ૦સ્થિતિબંધ **"તદ્યોગ્ય-સંક્લિષ્ટ પરિણામે"** કહ્યો છે.

**ચિત્રનં૦૫માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી ૧લા ઉ૦સ્થિતિસ્થાને રહેલા તિર્યંચ-મનુષ્યો ઉ૦સંક્લેશથી નરક પ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બાંધે છે. કારણ કે અસત્કલ્પનાથી ત્રીજા સ્થિતિસ્થાને રહેલા તિર્યંચ-મનુષ્ય વધુમાં વધુ તિર્યંચપ્રાયોગ્ય પ્રકૃતિનો ૧૮ કો૦કો૦સા૦સ્થિતિબંધ કરી શકે છે. ત્યારપછીના સ્થિતિસ્થાનોમાં રહેલા તિર્યંચ-મનુષ્યો સંકિલષ્ટતા વધી જવાથી તિર્યંચપ્રાયોગ્ય પ્રકૃતિઓ બાંધી શકતા નથી. એટલે નરકપ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બાંધે છે. અને અતિસંક્લિષ્ટ પરિણામ ૧લા ઉ૦સ્થિતિસ્થાને જ હોય છે. તેનાથી ઉપરના બીજા-ત્રીજા વગેરે સ્થિતિસ્થાને નરકપ્રાયોગ્ય બંધ હોય છે. પણ અતિસંક્લિષ્ટપરિણામ નથી હોતો. તેથી **૧લા ઉ૦સ્થિતિસ્થાને રહેલા તિર્યંચ-મનુષ્યો જ ઉ૦સંક્લેશથી** નરકદ્વિક અને વૈક્રિયદ્વિકનો **ઉ૦સ્થિતિબંધ** કરે છે.

**આયુષ્યત્રિકના ઉ૦સ્થિતિબંધના સ્વામી :-**

પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળા મિથ્યાત્વી પર્યાપ્તસંજ્ઞીતિર્યંચ-મનુષ્યો પોતાના આયુષ્યના બે ભાગ ગયા પછી ત્રીજાભાગના પ્રથમસમયે તદ્યોગ્ય [મનુષ્યાયુ અને તિર્યંચાયુના ઉ૦સ્થિતિબંધને યોગ્ય]વિશુદ્ધ પરિણામથી **મનુષ્યાયુ** અને **તિર્યંચાયુનો પૂર્વક્રોડવર્ષના ત્રીજાભાગ અધિક ૩ પલ્યોપમનો ઉ૦સ્થિતિબંધ** કરે છે.

દેવ-નારકોને યુગલિકમાં ઉત્પન્ન થવાનું ન હોવાથી મનુષ્યાયુ કે તિર્યંચાયુનો સાધિક ૩ પલ્યોપમ પ્રમાણ ઉ૦સ્થિતિબંધ કરતાં નથી. તેથી મુનષ્યાયુ અને તિર્યંચાયુના ઉત્કૃષ્ટસ્થિતિબંધના સ્વામી **"તિર્યંચ-મનુષ્ય"** કહ્યાં છે અને ચાલુભવના આયુષ્યના ત્રીજાભાગના બીજા વગેરે સમયે

અબાધામાંથી એક-એક સમય ઓછો થવાથી મધ્યમસ્થિતિબંધ થાય છે. તેથી **ત્રીજાભાગના પહેલા સમયે** જ ઉત્કૃષ્ટસ્થિતિબંધ કહ્યો છે.

પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળા મિથ્યાત્વી પર્યાપ્તસંજ્ઞીતિર્યંચ-મનુષ્યો પોતાના આયુષ્યના બે ભાગ ગયા પછી ત્રીજાભાગના પ્રથમસમયે તદ્યોગ્યસંક્લિષ્ટ પરિણામથી **નરકાયુનો પૂર્વક્રોડવર્ષના ત્રીજાભાગસહિત-૩૩ સાગરોપમપ્રમાણ ઉ૦સ્થિતિબંધ** કરે છે.

દેવ-નારકો મરીને નારક થતા નથી તેથી દેવ-નારકો નરકાયુને બાંધતા નથી અને યુગલિક તિર્યંચ-મનુષ્ય મરીને દેવમાં જ ઉત્પન્ન થાય છે. તેથી તે દેવાયુને જ બાંધે છે નરકાયુને બાંધતા નથી. તેથી નરકાયુના ઉ૦સ્થિતિબંધના સ્વામી અયુગલિક **"તિર્યંચ-મનુષ્યો"** જ કહ્યાં છે.

આયુષ્યકર્મ ઘોલના પરિણામે જ બંધાય છે. અતિસંકિલષ્ટ કે અતિવિશુદ્ધ પરિણામે બંધાતું નથી. તેથી મનુષ્યાયુ અને તિર્યંચાયુનો ઉ૦સ્થિતિબંધ **"તદ્યોગ્ય વિશુદ્ધ પરિણામે"** અને નરકાયુનો ઉ૦સ્થિતિબંધ **"તદ્યોગ્યસંકિલષ્ટ પરિણામે"** કહ્યો છે.

**એકેન્દ્રિયાદિ-૩ ના ઉ૦સ્થિતિબંધના સ્વામી :-**

મિથ્યાદષ્ટિ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, સૌધર્મ અને ઇશાનદેવો ઉ૦સંક્લેશથી (૧) એકેન્દ્રિય (૨) સ્થાવર અને (૩) આતપનો ૨૦કો૦-કો૦સા૦ પ્રમાણ ઉ૦સ્થિતિબંધ કરે છે. કારણ કે **ચિત્રનં૦૫માં** બતાવ્યા મુજબ તિર્યંચ-મનુષ્યો એકેન્દ્રિયપ્રાયોગ્યપ્રકૃતિનો ૧૮કો૦કો૦સા૦ પ્રમાણ મધ્યમસ્થિતિબંધ કરી શકે છે. ત્યાર પછીના સ્થિતિસ્થાનોમાં રહેલા તિર્યંચ-મનુષ્યો સમયાધિક ૧૮કો૦કો૦સા૦થી ૨૦કો૦કો૦સા૦ સુધી નરકપ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બાંધે છે. તિર્યંચપ્રાયોગ્ય પ્રકૃતિઓ બાંધી શકતા નથી. તેથી એકેન્દ્રિયાદિ-૩ પ્રકૃતિના ઉ૦સ્થિતિબંધના સ્વામી તિર્યંચ-મનુષ્યો નથી.

સનત્કુમારાદિ દેવ-નારકોને એકેન્દ્રિયમાં ઉત્પન્ન થવાનું હોતું નથી. તેથી તે દેવ-નારકો એકેન્દ્રિયપ્રાયોગ્યપ્રકૃતિઓ બાંધતા નથી. એટલે ઇશાન-સુધીના દેવો જ એકેન્દ્રિયપ્રાયોગ્યપ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કરે છે. તેથી એકેન્દ્રિયાદિ-૩ પ્રકૃતિના ઉ૦સ્થિતિબંધના સ્વામી ઇશાનસુધીના દેવો કહ્યાં છે.

**ચિત્રનં૦૬માં** બતાવ્યા મુજબ **મિથ્યાત્વગુણઠાણામાં** રહેલા **ભવનપતિથી ઈશાનસુધીના દેવો** અસત્કલ્પનાથી.....

→ **૨૨થી૨૪** સ્થિતિસ્થાન સુધી અતિવિશુદ્ધિથી **મનુષ્ય-પ્રાયોગ્ય** પ્રકૃતિનો અંતઃકો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે.

→ **૨૧થી૬** સ્થિતિસ્થાન સુધી સ્વપરિણામાનુસારે **એકે૦પ્રાયોગ્ય** કે **સંજ્ઞીતિર્યંચપ્રાયોગ્ય** કે **મનુષ્યપ્રાયોગ્ય**નો ક્રમશઃ અંતઃકો૦કો૦સા૦થી ૧૫કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે. ત્યારપછીના સ્થિતિસ્થાનોમાં સંક્લિષ્ટતા વધી જવાથી મનુષ્યપ્રાયોગ્યપ્રકૃતિ બંધાતી નથી એટલે..

→ **૫** થી૩ સ્થિતિસ્થાન સુધી સ્વપરિણામાનુસારે **એકે૦પ્રાયોગ્ય** કે **સંજ્ઞીતિર્યંચપ્રાયોગ્ય** પ્રકૃતિનો ક્રમશઃ સમયાધિક ૧૫કો૦કો૦સા૦થી ૧૮કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે. ત્યારપછીના સ્થિતિસ્થાનોમાં રહેલા ઈશાનસુધીના દેવોને સંક્લિષ્ટતા વધી જવાથી સંજ્ઞીતિર્યંચપ્રાયોગ્ય પ્રકૃતિ બાંધી શકતા નથી એટલે..

→ **૨** થી**૧**લા સ્થિતિસ્થાન સુધી **એકેન્દ્રિયપ્રાયોગ્ય** પ્રકૃતિનો સમયાધિક ૧૮કો૦કો૦સા૦થી ૨૦કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે. તેમાં પણ અતિસંક્લિષ્ટપરિણામ ૧લા સ્થિતિસ્થાને જ હોય છે. બીજાસ્થિતિસ્થાને ન હોય. એટલે.. **ચિત્રનં૦૬માં** બતાવ્યા મુજબ ૧લા **ઉ૦સ્થિતિસ્થાને રહેલા ઈશાનસુધીના દેવો ઉ૦સંક્લેશથી એકેન્દ્રિય-સ્થાવર-આતપનો ઉ૦સ્થિતિબંધ** કરે છે.

ઉ૦સ્થિતિબંધ અને જ૦સ્થિતિબંધના સ્વામી :-

**तिरिउरलदुगुज्जोयं, छिवट्ठ सुरनिरय सेस चउगइया ।**
**आहारजिणमपुव्वो, नियट्टिसंजलण पुरिस लहुं ॥ ४४॥**

तिर्यगौदारिकोद्योतम्, सेवार्तं सुरनारकाः शेषाणां चतुर्गतिकाः ।
आहारजिनमपूर्वोऽनिवृत्तिः, सञ्ज्वलनपुरुषस्य लघुम् ॥४४॥

ગાથાર્થ :- **તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, ઉદ્યોત, છેવટ્ઠું, એ-૬ પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ દેવ-નારકો જ કરે છે. બાકીની પ્રકૃતિનો ઉ૦-સ્થિતિબંધ ચારેગતિના મિથ્યાદષ્ટિજીવો કરે છે. આહારકદ્વિક અને જિનનામનો જઘન્યસ્થિતિબંધ અપૂર્વકરણગુણઠાણાવાળા જીવો કરે છે અને સંજ્વલનચતુષ્ક તથા પુરુષવેદનો જઘન્યસ્થિતિબંધ અનિવૃત્તિગુણ-ઠાણાવાળા જીવો કરે છે.**

ચિત્ર નં. ૬


એકેન્દ્રિય-સ્થાવર-આતપના ઉ૦સ્થિતિબંધના સ્વામી
મિશ્ર
સાસ્વાદન
ભવનપતિ
ઇશાનદેવ
મિથ્યાત્વ ગુણઠાણે સ્થિતિસ્થાનો
એકે૦-સ્થાવર - આતપનો ઉ૦સ્થિતિબંધક
૨૪
૨૩
અંતઃકો૦કો૦સા૦
૨૨
૨૧ અંતઃકો. કો. સા.
૨૦ ૧ કો. કો. સા.
૧૯ ૨ કો. કો. સા.
૧૮ ૩ કો. કો. સા.
૧૭ ૪કો. કો. સા.
૧૬ ૫કો. કો. સા.
૧૫ ૬કો. કો. સા.
૧૪ ૭કો. કો. સા.
૧૩ ૮કો. કો. સા.
૧૨ ૯કો. કો. સા.
૧૧ ૧૦કો. કો. સા.
૧૦ ૧૧કો. કો. સા.
૯ ૧૨ કો૦કો૦સા૦
૮ ૧૩ કો૦કો૦સા૦
૭ ૧૪ કો૦કો૦સા૦
૬ ૧૫ કો૦કો૦સા૦સ્થિતિબંધ
૫ ૧૬ કો૦કો૦સા૦
૪ ૧૭ કો૦કો૦સા૦
૩ ૧૮ કો૦કો૦સા૦સ્થિતિબંધ
૨ ૧૯ કો૦કો૦સા૦
૧
એકેન્દ્રિય પ્રાયોગ્યનો ૨૦ કો૦કો૦સા૦ઉ૦સ્થિતિબંધ
ઉ૦ સંક્લેશ સ્થાન
એકે૦પ્રાયોગ્ય કે સંજ્ઞીતિર્યંચપ્રા૦બંધ
એકે૦પ્રાયોગ્યબંધ
મિથ્યાત્વગુણસ્થાનક

# તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, ઉદ્યોત, છેવટ્ઠાના ઉ૦સ્થિતિબંધના સ્વામી



**વિવેચન** :- સનત્કુમારથી સહસ્રાર[૨૮] સુધીના દેવો અને નારકો ઉ૦સંક્લેશથી તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, છેવટ્ઠુંસંઘયણ અને ઉદ્યોતનો ઉ૦સ્થિતિબંધ કરે છે. કારણ કે **ચિત્રનં૦૫માં** બતાવ્યા મુજબ તિર્યંચ-મનુષ્યો અસત્કલ્પનાથી ત્રીજા સ્થિતિસ્થાન સુધી વધુમાં વધુ તિર્યંચ-પ્રાયોગ્ય પ્રકૃતિનો ૧૮ કો૦કો૦સા૦ મધ્યમસ્થિતિબંધ કરે છે ત્યારપછીના સ્થિતિસ્થાનમાં રહેલા તિર્યંચ-મનુષ્યો નરક પ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બાંધે છે તિર્યંચપ્રાયોગ્ય પ્રકૃતિઓ બાંધી શકતા નથી. એટલે તિર્યંચદ્વિકાદિના ઉ૦સ્થિતિબંધના સ્વામી તિર્યંચ-મનુષ્યો નથી...

**ચિત્રનં૦૭માં** બતાવ્યા મુજબ **મિથ્યાત્વગુણઠાણામાં રહેલા દેવ-નારકો** *[૧થી૬ નરકના નારકો] અસત્કલ્પનાથી......*

→ **૨૨ થી ૨૪** સ્થિતિસ્થાન સુધી અતિવિશુદ્ધિથી મનુષ્ય-પ્રાયોગ્યપ્રકૃતિનો અંતઃકો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે.

→ **૨૧ થી ૬** સ્થિતિસ્થાન સુધી સ્વપરિણામાનુસારે સંજ્ઞી-તિર્યંચપ્રાયોગ્યપ્રકૃતિનો કે મનુષ્યપ્રાયોગ્યપ્રકૃતિનો ક્રમશઃ અંતઃકો૦કો૦સા૦થી ૧૫કો૦કો૦સા૦સ્થિતિબંધ કરે છે. ત્યારપછીના સ્થિતિસ્થાનોમાં સંક્લિષ્ટતા વધી જવાથી મનુષ્યપ્રાયોગ્ય બંધ થતો નથી. એટલે....

→ **૫થી૧** સ્થિતિસ્થાન સુધી સંજ્ઞીતિર્યંચપ્રાયોગ્ય જ પ્રકૃતિનો ક્રમશઃ સમયાધિક ૧૫કો૦કો૦સા૦થી ૨૦કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે પણ અતિસંક્લિષ્ટપરિણામ ૧લા સ્થિતિસ્થાને જ હોય છે. તેનાથી ઉપરના બીજા - ત્રીજા વગેરે સ્થિતિસ્થાને ન હોય. એટલે........ **૧લા ઉ૦સ્થિતિસ્થાને રહેલા સનત્કુમારાદિ દેવ-નારકો ઉ૦સંક્લેશથી તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, છેવટ્ઠુંસંઘયણ અને ઉદ્યોતનો ૨૦કો૦કો૦સા૦ પ્રમાણ ઉ૦સ્થિતિબંધ કરે છે.**

ઈશાનસુધીના દેવો પણ ૧લા ઉ૦સ્થિતિસ્થાને આવે છે. ત્યારે તિર્યંચદ્વિક, ઔ૦શ૦ અને ઉદ્યોતનો ઉ૦સ્થિતિબંધ કરે છે. પણ ઔદારિક-અંગોપાંગ અને છેવટ્ઠાસંઘયણનો ઉ૦સ્થિતિબંધ કરી શકતા નથી. કારણ કે એકેન્દ્રિયને ઔદારિકઅંગોપાંગ કે છેવટ્ઠુંસંઘયણ હોતું નથી. તેથી ઉ૦સ્થિતિસ્થાને રહેલા ઈશાનસુધીના દેવોને એકેન્દ્રિયપ્રાયોગ્ય પ્રકૃતિની

(૨૮) આનતથી અનુત્તર સુધીના દેવો મરીને મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. તેથી તે દેવો મનુષ્યપ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બાંધે છે.

સાથે ઔ૦અંગો૦ અને છેવટ્ઠું સંઘયણ બંધાતું ન હોવાથી તે બન્ને પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ થતો નથી. તેથી તે પ્રકૃતિના ઉ૦સ્થિતિબંધના સ્વામી ઈશાનસુધીના દેવો નથી એટલે ઔદારિક-અંગોપાંગ અને છેવટ્ઠાના ઉ૦સ્થિતિબંધના સ્વામી સનત્કુમારાદિદેવ-નારકો જ છે.

**જ્ઞાનાવરણીયાદિ ૯૨ પ્રકૃતિના ઉ૦સ્થિતિબંધના સ્વામી :-**

ચારેગતિના મિથ્યાદૃષ્ટિપર્યાપ્ત સંજ્ઞીજીવો ઉ૦સંકલેશથી **જ્ઞાના૦૫+ દર્શના૦૯+અશાતા +મોહનીય-૨૨** [૧૬કષાય, શોક-અરતિ, ભય-જુગુ૦, નપુંસકવેદ, મિથ્યાત્વ]**+નામ-૨૪** [પંચેન્દ્રિય, તૈ૦શ૦, કા૦શ૦, છેલ્લુ-સંસ્થાન, વર્ણાદિ-૪, અશુભવિહા૦, નિર્માણ, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસચતુષ્ક, અસ્થિરાદિ-૬]**+નીચગોત્ર+અંત૦૫=૬૭** પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કરે છે અને ચારેગતિના મિથ્યાદૃષ્ટિપર્યાપ્ત સંજ્ઞી જીવો તદ્યોગ્ય [તે તે પ્રકૃતિના ઉ૦સ્થિતિબંધને યોગ્ય] સંકલેશથી **શાતા+ મોહનીય-૪** [હાસ્ય-રતિ, સ્ત્રીવેદ, પુ૦વેદ]**+નામ-૧૯** [મનુષ્યદ્વિક, સંઘયણ-૫, સંસ્થાન-૫, શુભવિહા૦, સ્થિરાદિ-૬]+**ઉચ્ચગોત્ર**=૨૫ પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કરે છે.

**સામાન્યનિયમ:-**

કોઈપણ જીવને **૧** થી ૮ ગુણઠાણા સુધી **જે સમયે નામકર્મની જેટલી સ્થિતિ બંધાય છે. તે જ સમયે ગોત્રકર્મ અને નોકષાયમોહનીયની લગભગ તેટલી સ્થિતિ બંધાય છે. તે જ સમયે નામકર્મથી દોઢી સ્થિતિ જ્ઞાના૦, દર્શના૦, વેદનીય અને અંતરાયની બંધાય છે. તે જ સમયે નામકર્મથી બમણી સ્થિતિ ચારિત્રમોહનીયની બંધાય છે અને તે જ સમયે નામકર્મથી ૩॥ ગુણીસ્થિતિ મિથ્યાત્વમોહનીયની બંધાય છે.** દા૦ત૦ **અ** નામના જીવને જે સમયે નામકર્મની ૧કો૦કો૦સા૦ સ્થિતિ બંધાય છે.
તે જ સમયે ગોત્ર અને નોકષાયની પણ **૧કો૦કો૦સા૦** સ્થિતિ બંધાય છે.
તે જ સમયે જ્ઞાનાવરણીયાદિ-૪ કર્મની **૧॥ કો૦કો૦સા૦** સ્થિતિ બંધાય છે.
તે જ સમયે કષાયમોહનીયની ૨ **કો૦કો૦સા૦** સ્થિતિ બંધાય છે અને
તે જ સમયે મિથ્યાત્વમોહનીયની ૩॥ **કો૦કો૦સા૦** સ્થિતિ બંધાય છે.

એ નિયમાનુસારે **ચિત્રનં૦૮માં** બતાવ્યા મુજબ **મિથ્યાત્વ-ગુણઠાણામાં રહેલા ચારેગતિના મિથ્યાદૃષ્ટિસંજ્ઞીજીવો** અસત્‌કલ્પનાથી....

**ભય-જુગુપ્સાદિ-૫+પંચેન્દ્રિયાદિ-૨૪+નીચગોત્ર=૩૦** પ્રકૃતિનો....

**૨૦**મા સ્થિતિસ્થાને **૧** કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે.

**૧૯**મા સ્થિતિસ્થાને **૨** કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે.

**૧૮**મા સ્થિતિસ્થાને **૩** કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે.

એ રીતે, એક-એક સ્થિતિસ્થાને **એક-એક** કો૦કો૦સા૦ સ્થિતિ વધવાથી **૧લા ઉ૦સ્થિતિસ્થાને ૨૦કો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધ** કરે છે.

એ જ રીતે, **જ્ઞાના૦૫+દર્શના૦૯+શાતા-અશાતા+અંત૦૫=૨૧ પ્રકૃતિનો..**

**૨૦**મા સ્થિતિસ્થાને **૧॥** કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે.

**૧૯**મા સ્થિતિસ્થાને **૩** કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે.

**૧૮**મા સ્થિતિસ્થાને **૪॥** કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે.

એ રીતે, એક-એક સ્થિતિસ્થાને **દોઢ-દોઢ** કો૦કો૦સા૦ સ્થિતિ વધવાથી **૧લા ઉ૦સ્થિતિસ્થાને ૩૦કો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધ** કરે છે.

એ જ રીતે, **૧૬ કષાયમોહનીયનો.....**

**૨૦**મા સ્થિતિસ્થાને **૨** કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે.

**૧૯**મા સ્થિતિસ્થાને **૪** કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે.

**૧૮**મા સ્થિતિસ્થાને **૬** કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે.

એ રીતે, એક-એક સ્થિતિસ્થાને **બે-બે** કો૦કો૦સા૦ સ્થિતિ વધવાથી **૧લા ઉ૦સ્થિતિસ્થાને ૪૦ કો૦કો૦સા૦ સ્થિતિબંધ** કરે છે.

એ જ રીતે, **મિથ્યાત્વમોહનીયનો...**

**૨૦**મા સ્થિતિસ્થાને **૩॥** કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે.

**૧૯**મા સ્થિતિસ્થાને **૭** કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે.

**૧૮**મા સ્થિતિસ્થાને **૧૦॥** કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે.

એ રીતે, એક-એક સ્થિતિસ્થાને ૩॥–૩॥ કો૦કો૦સા૦ સ્થિતિ વધવાથી **૧લા ઉ૦સ્થિતિસ્થાને ૭૦ કો૦કો૦સા૦ સ્થિતિબંધ** કરે છે.

એમ માનવામાં આવે, તો...

ચિત્રનં૦૮માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી **૧લા ઉ૦સ્થિતિ-સ્થાને રહેલા ચારેગતિના જીવો** ઉ૦સંક્લેશથી **જ્ઞાના૦૫+દર્શના૦૯+અશાતા+અંત૦૫=૨૦** પ્રકૃતિનો **૩૦ કો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધ કરે છે. ૧૬** કષાયનો **૪૦ કો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધ** કરે છે. **મિથ્યાત્વનો ૭૦કો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધ કરે છે** અને **ભય-જુગુપ્સાદિ-૫+પંચેન્દ્રિયાદિ-૨૪+ નીચગોત્ર=૩૦ પ્રકૃતિનો ૨૦ કો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધ** કરે છે.

* ૧૧મા સ્થિતિસ્થાને રહેલા ચારેગતિના મિથ્યાદૃષ્ટિજીવો તદ્યોગ્યસંક્લેશથી શાતાનો ૧૫કો૦કો૦સા૦ અને **હાસ્ય-રતિ, પુ૦વેદ, પ્રથમસંઘયણ, પ્રથમસંસ્થાન, શુભવિહાયોગતિ, સ્થિરાદિ-૬,** ઉચ્ચગોત્રનો ૧૦ **કો૦કો૦સા૦** ઉ૦સ્થિતિબંધ કરે છે.
* ૯મા સ્થિતિસ્થાને રહેલા ચારેગતિના જીવો તદ્યોગ્યસંક્લેશથી બીજા-સંઘયણ અને બીજાસંસ્થાનનો **૧૨ કો૦કો૦સા૦** ઉ૦સ્થિતિબંધ કરે છે.
* ૭મા સ્થિતિસ્થાને રહેલા ચારેગતિના જીવો તદ્યોગ્યસંક્લેશથી ત્રીજા-સંઘયણ અને ત્રીજાસંસ્થાનનો **૧૪ કો૦કો૦સા૦** પ્રમાણ ઉ૦સ્થિતિબંધ કરે છે.
* **૬ઠ્ઠા** સ્થિતિસ્થાને રહેલા ચારેગતિના જીવો તદ્યોગ્યસંક્લેશથી મનુષ્યદ્વિક-સ્ત્રીવેદનો **૧૫ કો૦કો૦સા૦** ઉ૦સ્થિતિબંધ કરે છે.
* **૫**મા સ્થિતિસ્થાને રહેલા ચારેગતિના જીવો તદ્યોગ્યસંક્લેશથી **ચોથા-સંઘયણ** અને **ચોથાસંસ્થાનનો ૧૬ કો૦કો૦સા૦** પ્રમાણ ઉ૦સ્થિતિબંધ કરે છે.
* **ત્રીજા** સ્થિતિસ્થાને રહેલા ચારેગતિના જીવો તદ્યોગ્યસંક્લેશથી **પાંચમાસંઘયણ** અને **પાંચમાસંસ્થાનનો ૧૮ કો૦કો૦સા૦** પ્રમાણ ઉ૦સ્થિતિબંધ કરે છે.

**જિનનામ-આહારકદ્વિકના જઘન્યસ્થિતિબંધના સ્વામી :-**

નીચેથી ઉપરના ગુણઠાણા તરફ જતાં વિશુદ્ધિ વધતી જવાના કારણે સ્થિતિબંધ ઘટતો જાય છે. એ નિયમાનુસારે ક્ષપકશ્રેણીમાં અપૂર્વકરણ-


જ્ઞાનાવરણીયાદિ ૯૨ પ્રકૃતિના ઉ૦સ્થિતિબંધના સ્વામી
મિશ્ર
સાસ્વાદન
અંતઃકો૦કો૦સા૦
૨૪
૨૩
૨૨
૨૧
૨૦
૧ કો૦કો૦સા૦
૧૯
૨ કો૦કો૦સા૦
૧૮
૩ કો૦કો૦સા૦
૧૭
૪ કો૦કો૦સા૦
૧૬
૫ કો૦કો૦સા૦
૧૫
૬ કો૦કો૦સા૦
૧૪
૭ કો૦કો૦સા૦
૧૩
૮ કો૦કો૦સા૦
૧૨
૯ કો૦કો૦સા૦
૧૧
૧૦/૧૫/૨૦/૩૫ કો૦કો૦સા૦
૧૦
૧ કો૦કો૦સા૦
૯
૧૨ કો૦કો૦સા૦
૮
૧૩ કો૦કો૦સા૦
૭
૧૪ કો૦કો૦સા૦
૬
૧૫ કો૦કો૦સા૦
૫
૧૬ કો૦કો૦સા૦
૪
૧૭ કો૦કો૦સા૦
૩
૧૮ કો૦કો૦સા૦સ્થિતિબંધ
૨
૧૯ કો૦કો૦સા૦
૧
૨૦/૩૦/૪૦/૭૦ કો૦કો૦સા૦ઉ૦સ્થિતિબંધસ્થાન
ઉ૦ સંક્લેશ સ્થાન
જ્ઞાનાવરણીયાદિ પ્રકૃતિનો સ્થિતિબંધ
મિથ્યાત્વ ગુણસ્થાનક
મિથ્યાત્વ ગુણઠાણે સ્થિતિસ્થાનો
શાતા-હાસ્ય-રતિ, પુંવેદ,
૧લું સં૦,૧લું સંઘ૦,શુભવિ૦
સ્થિરાદિ-૬, ઉચ્ચગોત્રના
ઉ૦સ્થિતિબંધક
બીજાસં૦-બીજાસં૦ના
ઉ૦સ્થિતિબંધક
ત્રીજાસં૦-ત્રીજાસં૦ના
ઉ૦સ્થિતિબંધક
મનુષ્યદ્વિક-સ્ત્રીવેદના ઉ૦સ્થિતિબંધક
ચોથાસં૦-ચોથાસં૦ના
ઉ૦સ્થિતિબંધક
પાંચમાસં૦-પાંચમાસં૦ના
ઉ૦સ્થિતિબંધક
જ્ઞાના૦૫+દર્શના૦૯+અશાતા+મોહ-૨૨
+નામ-૨૪+નીચગોત્ર+અંત૦૫=૬૭
પ્રકૃતિના ઉ૦સ્થિતિબંધક

ચિત્ર નં. ૮



જિનનામ-આહારકદ્વિકના જ૦સ્થિતિબંધના સ્વામી
જિનનામ-આહારકદ્વિકના ઉ૦રસબંધના સ્વામી
જિનનામ-આહારકદ્વિક-દેવાયુના ઉ૦સ્થિતિબંધના સ્વામી
જિનનામ-આહારકદ્વિકના જ૦રસબંધના સ્વામી
જિનનામ-આહારકદ્વિકના જ૦સ્થિતિબંધક
જિનનામ-આહારકદ્વિકના ઉ૦રસબંધક
દેવાયુનો ઉ૦સ્થિતિબંધક
સ્થિતિસ્થાનો
વિશુદ્ધિસ્થાનો
આહારકદ્વિકનો જ૦રસબંધક
આહારકદ્વિકનો ઉ૦સ્થિતિબંધક
જિનનામનો ઉ૦સ્થિતિબંધક
જિનનામનો જ૦રસબંધક
સંક્લેશસ્થાનો
સ્થિતિસ્થાનો
સૂક્ષ્મસં
અનિવૃત્તિ
અપૂર્વકરણ
અપ્રમત્ત
પ્રમત્ત
દેશવિરતિ
સમ્યક્ત્વ
મિશ્ર
સાસ્વાદન
મિથ્યાત્વગુણસ્થાનક


ચિત્ર નં. ૪

ગુણઠાણાના છઠ્ઠાભાગના છેલ્લાસમયે રહેલા ક્ષપકમહાત્મા તદ્યોગ્ય વિશુદ્ધિથી જિનનામ અને આહારકદ્વિકનો જ૦સ્થિતિબંધ કરે છે.

**ચિત્રનં૦૪માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી ૮મા ગુણઠાણાના છઠ્ઠાભાગના છેલ્લાસમયે=૫૦મા સ્થિતિસ્થાને રહેલા મહાત્મા તદ્યોગ્ય [જિનનામાદિના જ૦સ્થિતિબંધને યોગ્ય] વિશુદ્ધિથી **જિનનામ અને આહારકદ્વિકનો અંતઃકો૦કો૦સા૦** પ્રમાણ **જઘન્યસ્થિતિબંધ** કરે છે.

અનિવૃત્તિગુણઠાણાના પાંચભાગ કરવા. તેમાંથી પહેલાભાગના છેલ્લાસમયે રહેલા ક્ષપકમહાત્મા તદ્યોગ્યવિશુદ્ધિથી **પુ૦વેદનો ૮ વર્ષનો જઘન્યસ્થિતિબંધ** કરે છે. બીજાભાગના છેલ્લાસમયે રહેલા ક્ષપકમહાત્મા તદ્યોગ્યવિશુદ્ધિથી **સંક્રોધનો ૨ માસનો જઘન્યસ્થિતિબંધ** કરે છે. ત્રીજા-ભાગના છેલ્લાસમયે રહેલા ક્ષપકમહાત્મા તદ્યોગ્ય વિશુદ્ધિથી **સં૦માનનો ૧ માસનો જઘન્યસ્થિતિબંધ** કરે છે. ચોથાભાગના છેલ્લાસમયે રહેલા ક્ષપકાત્મા તદ્યોગ્યવિશુદ્ધિથી **સં૦માયાનો ૧૫ દિવસનો જઘન્યસ્થિતિબંધ** કરે છે અને પાંચમાભાગના છેલ્લા સમયે રહેલા ક્ષપકમહાત્મા તદ્યોગ્ય વિશુદ્ધિથી **સં૦લોભનો અંતર્મુહૂર્ત** જેટલો **જઘન્યસ્થિતિબંધ** કરે છે.

જઘન્યસ્થિતિબંધના સ્વામી :-

**साय-जसुच्चावरणा विग्घं सुहुमो विउव्वि छ असन्नी ।**
**सन्नी वि आउ बायरपज्जेगिंदि उ सेसाणं ॥ ४५॥**

सातयश-उच्चैरावरणानि, विघ्नं सूक्ष्मो वैक्रियषट्कमसंज्ञी ।
संज्ञ्यप्यायूंषि, बादरपर्याप्तैकेन्द्रियस्तु शेषाणाम् ॥ ४५॥

**ગાથાર્થ :- સૂક્ષ્મસંપરાયગુણઠાણાવાળા જીવો શાતાવેદનીય, યશઃકીર્તિ, ઉચ્ચગોત્ર, જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, અંતરાય-૫ એ ૧૭ પ્રકૃતિનો જઘન્યસ્થિતિબંધ કરે છે. અસંજ્ઞીપંચેન્દ્રિયજીવો વૈક્રિયષટ્કનો જઘન્યસ્થિતિબંધ કરે છે. સંજ્ઞી અને અસંજ્ઞીપંચેન્દ્રિય ચારે આયુષ્યનો જઘન્યસ્થિતિબંધ કરે છે અને બાદરપર્યાપ્તા એકેન્દ્રિયજીવો બાકીની પ્રકૃતિનો જઘન્યસ્થિતિબંધ કરે છે.**

**વિવેચન** :- સૂક્ષ્મસંપરાયગુણઠાણાના છેલ્લાસમયે રહેલા મહાત્મા ઉ૦વિશુદ્ધિથી **શાતા**નો ૧૨મુહૂર્તનો જઘન્યસ્થિતિબંધ કરે છે. **યશઃકીર્તિ**

અને **ઉચ્ચગોત્રનો** ૮ મુહૂર્તનો જઘન્યસ્થિતિબંધ કરે છે. **જ્ઞાના૦૫, દર્શના૦૪, અંતરાય-૫નો** અંતર્મુહૂર્ત પ્રમાણ **જઘન્યસ્થિતિબંધ** કરે છે.

પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિયજીવો દેવદ્વિકનો પલ્યો૦નો સંખ્યાતમો ભાગન્યૂન ૧૪૨ $\frac{૬}{૭}$ સાગરોપમ અને **વૈક્રિયદ્વિક-નરકદ્વિક**નો પલ્યોપમનો સંખ્યાતમો ભાગન્યૂન **૨૮૫ $\frac{૫}{૭}$ સાગરોપમ જેટલો જઘન્યસ્થિતિબંધ** કરે છે. કારણ કે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય મરીને દેવ-નરકમાં ઉત્પન્ન થતા નથી તેથી તે જીવો વૈક્રિયષટ્કને બાંધતા નથી અને સંજ્ઞીતિર્યંચ-મનુષ્યો ઓછામાં ઓછો વૈક્રિયષટ્કનો અંતઃકો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે. એનાથી ઓછો સ્થિતિબંધ કરતા નથી. એટલે વૈ૦ષટ્કના જઘન્યસ્થિતિબંધના સ્વામી અસંજ્ઞીપંચેન્દ્રિયજીવો કહ્યાં છે.

આયુષ્યકર્મનો જઘન્યસ્થિતિબંધ અસંજ્ઞીજીવો કરે છે અને સંજ્ઞીજીવો પણ કરે છે. તેમાં અસંજ્ઞીપંચેન્દ્રિય અને અયુગલિક સંજ્ઞી તિર્યંચ-મનુષ્યો દેવાયુ અને **નરકાયુનો ૧૦૦૦૦ વર્ષનો જઘન્યસ્થિતિબંધ** કરે છે. તથા એકેન્દ્રિયાદિ તિર્યંચ-મનુષ્યો **મનુષ્યાયુ** અને **તિર્યંચાયુનો ક્ષુલ્લકભવ પ્રમાણ જઘન્યસ્થિતિબંધ** કરે છે.

બાદરપર્યાપ્તા એકેન્દ્રિયજીવો **નિદ્રા-૫+અશાતા+મોહનીય-૨૧** [મિથ્યાત્વ, પહેલા-૧૨ કષાય, હાસ્યાદિ-૬, સ્ત્રીવેદ, નપું૦વેદ]**+નામ-૫૭** [ગતિ-૨, [દેવ-નરકવિના] જાતિ-૫, શરીર-૩[તૈ૦, કા૦, ઔ૦] ઔ૦ અંગો૦, વર્ણાદિ-૪, સં૦૬, સં૦૬, આનુ૦૨, વિહા૦૨, પ્રત્યેક-૭ [જિનનામ વિના], ત્રસ-૯ [યશવિના], સ્થા૦૧૦]**+નીચગોત્ર=૮૫** પ્રકૃતિનો જઘન્યસ્થિતિબંધ કરે છે. કારણ કે **ગાથાનં૦૩૭-૩૮માં** કહ્યા મુજબ નિદ્રાદિ-૮૫ પ્રકૃતિનો સૌથી ઓછામાં ઓછો પલ્યોપમનો અસંખ્યાતમો-ભાગન્યૂન $\frac{૩}{૭}$ સાગરોપમાદિ સ્થિતિબંધ એકેન્દ્રિયજીવો કરે છે. પરંતુ એકે૦જીવો પણ ૪ પ્રકારે છે. (૧) અપર્યાપ્ત સૂક્ષ્મએકે૦, (૨) પર્યાપ્તસૂક્ષ્મએકે૦, (૩) અપર્યાપ્તબાદરએકે૦, અને (૪) પર્યાપ્તબાદરએકે૦... એમાંથી બાદરપર્યાપ્તા એકેન્દ્રિયને સૌથી વધારે વિશુદ્ધિ હોય છે. તેથી તે જીવો બાકીના એકેન્દ્રિય કરતાં સૌથી ઓછામાં ઓછો સ્થિતિબંધ કરે છે. એટલે નિદ્રાપંચકાદિ-૮૫ પ્રકૃતિના જઘન્યસ્થિતિબંધના સ્વામી બાદરપર્યાપ્તા એકેન્દ્રિયજીવો કહ્યાં છે.

## -: ઉત્તરપ્રકૃતિના ઉ૦સ્થિતિબંધના સ્વામી :-

| પ્રકૃતિનું નામ | | ઉ૦સ્થિતિબંધના સ્વામી |
|---|---|---|
| જ્ઞાના૦૫, દર્શના૦૯, અશાતા, મિથ્યાત્વ, ૧૬કષાય, ભય-જુગુ૦, શોક-અરતિ, નપું૦વેદ, પંચે૦, તૈ૦શ૦, કા૦શ૦, હુંડક, વર્ણાદિ-૪, અશુભવિહા૦, નિર્માણ, અગુરુ૦, ઉપઘાત, ઉચ્છ્વાસ, પરાઘાત, ત્રસાદિ-૪, અસ્થિરાદિ-૬, નીચગોત્ર, અંતરાય-૫= | ૬૭ | અતિસંક્લિષ્ટપરિણામી. ચારેગતિના મિથ્યાદૃષ્ટિજીવો. |
| શાતા, હાસ્ય-રતિ, પુ૦વેદ, સ્ત્રીવેદ, મનુ૦દ્વિક, સંઘ૦૫, સં૦૫, શુભવિહા૦, સ્થિરાદિ-૬, ઉચ્ચગોત્ર= | [illegible] | તદ્‌યોગ્ય સંકિલષ્ટપરિણામી ચારેગતિના મિથ્યાદષ્ટિજીવો. |
| દેવાયુ | ૧ | અપ્રમત્તની સન્મુખ થયેલા પ્રમત્તસંયમી. |
| મનુષ્યાયુ-તિર્યંચાયુ | [illegible] | તદ્‌યોગ્ય વિશુદ્ધપરિણામી તિર્યંચ-મનુષ્યો. |
| નરકાયુ | [illegible] | તદ્‌યોગ્ય સંક્લિષ્ટપરિણામી તિર્યંચ-મનુષ્યો. |
| જિનનામ | [illegible] | મિથ્યાત્વની સન્મુખ થયેલો બદ્ધનરકાયુ અવિરતસમ્યગ્દૃષ્ટિ મનુષ્ય. |
| આહારકદ્વિક | [illegible] | પ્રમત્તની સન્મુખ થયેલા અપ્રમત્તયતિ. |
| વિકલેન્દ્રિય, સૂક્ષ્માદિ-૩, દેવદ્વિક | [illegible] | તદ્‌યોગ્યસંક્લિષ્ટપરિણામીતિર્યંચ-મનુષ્યો. |
| વૈ૦દ્વિક, નરકદ્વિક | [illegible] | અતિસંક્લિષ્ટ પરિણામી તિર્યંચ-મનુષ્યો. |
| એકે૦, સ્થાવર, આતપ | [illegible] | અતિસંકિલષ્ટપરિણામી ઈશાનસુધીના દેવો. |
| તિર્યંચદ્વિક, ઔદા૦દ્વિક, ઉદ્યોત, છેવટ્ઠું | [illegible] | અતિસંક્લિષ્ટ પરિણામી દેવ-નારકો. |

## -: ઉત્તરપ્રકૃતિના જ૦સ્થિતિબંધના સ્વામી :-

| પ્રકૃતિનું નામ | જ૦સ્થિતિબંધના સ્વામી |
|---|---|
| જ્ઞાના૦૫, દર્શના૦૪, અંતરાય-૫, શાતા, યશ, ઉચ્ચગોત્ર | અતિવિશુદ્ધપરિણામી ૧૦મા ગુણઠાણાના છેલ્લાસમયે રહેલા ક્ષપકમહાત્મા. |
| પુ૦વેદ, સંજ્વલન-૪ | તદ્યોગ્ય વિશુદ્ધપરિણામી ૯મા ગુણઠાણામાં પોતપોતાના બંધ-વિચ્છેદસ્થાને રહેલા ક્ષપકમહાત્મા |
| જિનનામ-આહારકદ્વિક | ૮મા ગુણઠાણાના છઠ્ઠાભાગના છેલ્લાસમયે રહેલા ક્ષપકમહાત્મા |
| મનુષ્યાયુ-તિર્યંચાયુ | એકેન્દ્રિયાદિ તિર્યંચ-મનુષ્યો. |
| દેવાયુ-નરકાયુ | સંજ્ઞી-અસંજ્ઞીતિર્યંચ-મનુષ્યો. |
| વૈક્રિયષટ્ક | અસંજ્ઞીપંચેન્દ્રિય. |
| નિદ્રા-૫, અશાતા, મિથ્યાત્વ, ૧૨ કષાય, હાસ્યાદિ-૬, સ્ત્રીવેદ, નપું૦વેદ, મનુ૦દ્વિક, તિર્યંચદ્વિક, જાતિ-૫, શ૦૩, ઔ૦અં૦ વર્ણાદિ-૪, સં૦૬, સં૦૬, વિહા૦૨, પ્રત્યેક-૭, ત્રસાદિ- ૯, સ્થા૦૧૦, નીચગોત્ર= | તદ્યોગ્ય વિશુદ્ધપરિણામી બાદરપર્યાપ્તાએકેન્દ્રિયજીવો. |

મૂલકર્મના ઉત્કૃષ્ટાદિસ્થિતિબંધમાં ભાંગા :-

**उक्कोसजहन्नेयर-भंगा साई अणाइ धुव अधुवा ।**
**चउहा सग अजहन्नो, सेसतिगे आउचउसु दुहा ॥ ४६॥**

उत्कृष्टजघन्येतरभङ्गाः, सादिरनादिर्ध्रुवोऽध्रुवः ।
चतुर्धा सप्तानामजघन्यः, शेषत्रिके आयुश्चतुष्के द्विधा ॥ ४६ ॥

**ગાથાર્થ :- ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ, જઘન્ય, અજઘન્ય એ-૪ પ્રકારે**

**સ્થિતિબંધ છે અને સાદિ-અનાદિ- ધ્રુવ-અધ્રુવ એ-૪ પ્રકારે કાળના ભાંગા છે. આયુષ્ય વિના જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મનો અજઘન્યસ્થિતિબંધ-૪ પ્રકારે છે અને બાકીના-૩ સ્થિતિબંધ ૨ પ્રકારે છે. તથા આયુષ્યના ચારેસ્થિતિબંધ- ૨ પ્રકારે છે.**

**વિવેચન** :- સ્થિતિબંધ-૪ પ્રકારે છે. (૧) જઘન્યસ્થિતિબંધ (૨) અજઘન્યસ્થિતિબંધ (૩) ઉત્કૃષ્ટસ્થિતિબંધ (૪) અનુત્કૃષ્ટસ્થિતિબંધ.

કોઈપણ પ્રકૃતિનો સૌથી ઓછામાં ઓછો જે સ્થિતિબંધ થાય છે, તે **"જઘન્યસ્થિતિબંધ"** કહેવાય. તેનાથી એક સમય અધિક, બે સમય અધિક, ત્રણસમય અધિક, એ રીતે, એક-એક સમય અધિક કરતાં કરતાં છેલ્લે ઉ૦સ્થિતિબંધ સુધીના દરેક સ્થિતિબંધને **"અજઘન્યસ્થિતિબંધ"** કહે છે.

કોઈપણ પ્રકૃતિનો સૌથી વધુમાં વધુ જે સ્થિતિબંધ થાય છે. તે **"ઉત્કૃષ્ટસ્થિતિબંધ"** કહેવાય. તેનાથી એક સમય ન્યૂન, બે સમય ન્યૂન, ત્રણ સમય ન્યૂન એ રીતે, એક-એક સમય ન્યૂન કરતાં કરતાં છેલ્લે જઘન્યસ્થિતિબંધ સુધીના દરેક સ્થિતિબંધને **"અનુત્કૃષ્ટસ્થિતિબંધ"** કહે છે.

**સાદ્યાદિ-૪ ભાંગા** :-

(૧) જે બંધની શરૂઆત થાય છે, તે **"સાદિબંધ"** કહેવાય.
(૨) જે બંધ અનાદિકાળથી ચાલુ છે, તે **"અનાદિબંધ"** કહેવાય.
(૩) જે બંધ અનાદિકાળથી ચાલુ છે અને અભવ્યની અપેક્ષાએ ભવિષ્યમાં ક્યારેય પણ નાશ પામવાનો નથી, તે **"ધ્રુવબંધ"** કહેવાય.
(૪) જે બંધ ભવિષ્યકાળમાં અવશ્ય નાશ પામવાનો છે, તે **"અધ્રુવબંધ"** કહેવાય.

**મૂલ-૭ કર્મના અજઘન્યસ્થિતિબંધમાં ભાંગા** :-

ક્ષપકશ્રેણીમાં જ્ઞાનાવરણીયાદિ-૭કર્મોનો પોતપોતાના બંધવિચ્છેદ સમયે જઘન્યસ્થિતિબંધ થાય છે. તે સિવાયના દરેક સ્થિતિબંધો અજઘન્ય છે ઉપશમશ્રેણીમાં પણ જ્ઞાના૦૭કર્મોનો પોતપોતાના બંધવિચ્છેદ સમયે અજઘન્યસ્થિતિબંધ થાય છે. કારણ કે ક્ષપકશ્રેણીમાં જ્ઞાના૦૭કર્મોનો પોતપોતાના બંધવિચ્છેદસમયે જેટલો સ્થિતિબંધ થાય છે. તેના કરતાં

ઉપશમશ્રેણીમાં જ્ઞાના૦૭ કર્મોનો પોતપોતાના બંધવિચ્છેદ સમયે બમણો સ્થિતિબંધ થાય છે અને ઉપશમશ્રેણીથી પડતાં જે સમયે જ્ઞાના૦૭ કર્મોનો બંધ શરૂ થાય છે તે સમયે ક્ષપકથી ચારગુણો સ્થિતિબંધ થાય છે. એટલે ઉપશમશ્રેણીમાં ૧૧મા ગુણઠાણેથી જીવ પડીને ૧૦મા ગુણઠાણે આવે છે. ત્યારે જ્ઞાના૦૬ કર્મોનો અને ૯મા ગુણઠાણે આવે છે. ત્યારે મોહનીયનો અજઘન્યસ્થિતિબંધ શરૂ કરે છે. ત્યારે **અજઘન્યસ્થિતિબંધની સાદિ** થાય છે. જે જીવે જ્ઞાના૦૭ કર્મોનું બંધવિચ્છેદસ્થાન પ્રાપ્ત નથી કર્યું તે જીવની અપેક્ષાએ **અજઘન્યસ્થિતિબંધ અનાદિ** છે. અભવ્યને ક્યારેય જ્ઞાના૦૭ કર્મના અજઘન્યસ્થિતિબંધનો અંત આવવાનો નથી. એટલે અભવ્યની અપેક્ષાએ **અજઘન્યસ્થિતિબંધ ધ્રુવ** [અનંત] છે અને ભવ્યને ભવિષ્યમાં ક્યારેક જ્ઞાના૦૭કર્મોના અજઘન્યસ્થિતિબંધનો અંત આવવાનો છે. એટલે ભવ્યની અપેક્ષાએ **અજઘન્યસ્થિતિબંધ અધ્રુવ [સાંત]** છે.

**મૂલ-૭ કર્મના જઘન્યસ્થિતિબંધમાં ભાંગા :-**

ક્ષપકશ્રેણીમાં ૯મા ગુણઠાણાના છેલ્લાસમયે મોહનીયનો જ૦સ્થિતિબંધ થાય છે અને ૧૦મા ગુણઠાણાના છેલ્લાસમયે જ્ઞાનાવરણીયાદિ-૬ કર્મોનો જઘન્યસ્થિતિબંધ થાય છે. તે તે સમયે જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મોના **જઘન્યસ્થિતિબંધની સાદિ** થાય છે. ત્યાર પછી તે તે કર્મનો સ્થિતિબંધ જ થતો નથી. તેથી **જઘન્યસ્થિતિબંધ અધ્રુવ**[સાંત] છે. એ જઘન્યસ્થિતિબંધ એક જ સમય થતો હોવાથી અનાદિ કે અનંત [ધ્રુવ] ભાંગો ઘટતો નથી.

**મૂલ-૭ કર્મના ઉત્કૃષ્ટસ્થિતિબંધમાં ભાંગા :-**

*મિથ્યાદષ્ટિપર્યાપ્તસંજ્ઞી* જ્યારે ઉ૦સંક્લેશથી જ્ઞાના૦૭ કર્મોનો ઉ૦સ્થિતિબંધ શરૂ કરે છે. ત્યારે જ્ઞાના૦૭ કર્મના **ઉ૦સ્થિતિબંધની સાદિ** થાય છે અને જ્યારે ઉત્કૃષ્ટસ્થિતિબંધ પૂર્ણ થાય છે. ત્યારે જ્ઞાના૦૭નો **ઉ૦સ્થિતિબંધ અધ્રુવ** [સાંત] છે.

ઉ૦સ્થિતિબંધનો કાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે. એટલે કે ઉ૦સ્થિતિબંધ એકસમય, બે સમય........કે વધુમાં

વધુ અંતર્મુહૂર્ત સુધી જ થાય છે. તેથી ઉ૦સ્થિતિબંધમાં અનાદિ કે અનંત [ધ્રુવ] ભાંગો ઘટતો નથી.

**મૂલ-૭ કર્મના અનુત્કૃષ્ટસ્થિતિબંધમાં ભાંગા :-**

જ્ઞાના૦૭કર્મોનો ઉ૦સ્થિતિબંધ અટકી ગયા પછી તે કર્મોનો અનુત્કૃષ્ટસ્થિતિબંધ શરૂ થાય છે. તે વખતે જ્ઞાના૦૭કર્મના **અનુત્કૃષ્ટ-સ્થિતિબંધની સાદિ** થાય છે અને જઘન્યથી અંતર્મુહૂર્ત કે ઉત્કૃષ્ટથી અસંખ્યકાળચક્ર ગયા પછી ફરીથી ઉ૦સ્થિતિબંધ થાય છે. તે વખતે જ્ઞાના૦૭ કર્મોનો **અનુત્કૃષ્ટસ્થિતિબંધ અધ્રુવ** [સાંત] થાય છે. એટલે ઉ૦સ્થિતિબંધ અને અનુ૦સ્થિતિબંધ કાલાન્તરે વારાફરતી બદલાયા કરે છે. તેથી તે બન્નેમાં અનાદિ કે અનંત [ધ્રુવ] ભાંગો હોતો નથી.

**આયુષ્યના જઘન્યાદિ-૪ સ્થિતિબંધમાં ભાંગા:-**

આયુષ્યકર્મ એકભવમાં એક જ વાર[M] બંધાય છે અને સતત અંતર્મુહૂર્તકાળ સુધી જ બંધાય છે. એટલે જ્યારે આયુષ્યનો જઘન્યાદિ-ચારે સ્થિતિબંધ શરૂ થાય છે. ત્યારે આયુષ્યના **જઘન્યાદિસ્થિતિબંધની સાદિ** થાય છે અને જ્યારે આયુષ્યનો જઘન્યાદિસ્થિતિબંધ પૂર્ણ થાય છે. ત્યારે આયુષ્યનો **જઘન્યાદિસ્થિતિબંધ અધ્રુવ**=સાંત થાય છે. એટલે આયુષ્યના જઘન્યાદિ ચારે સ્થિતિબંધમાં સાદિ-અધ્રુવ બે જ ભાંગા ઘટે છે.

**-: મૂલકર્મના ઉત્કૃષ્ટાદિસ્થિતિબંધમાં સાદ્યાદિ ભાંગા :-**

| સ્થિતિબંધ | સાદિ ↓ | અનાદિ ↓ | ધ્રુવ ↓ | અધ્રુવ ↓ | કુલ ↓ |
|---|---|---|---|---|---|
| જ્ઞાના૦૭ કર્મનો અજઘન્યસ્થિતિબંધ→ | ૭ | ૭ | ૭ | ૭ | ૨૮ |
| આયુષ્યનો અજઘન્યસ્થિતિબંધ→ | ૧ | | | ૧ | ૨ |
| જ્ઞાના૦૮ કર્મનો જઘન્યસ્થિતિબંધ→ | ૮ | | | ૮ | ૧૬ |
| જ્ઞાના૦૮ કર્મનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ→ | ૮ | | | ૮ | ૧૬ |
| જ્ઞાના૦૮ કર્મનો અનુત્કૃષ્ટસ્થિતિબંધ→ | ૮ | | | ૮ | ૧૬ |
| કુલ→ | ૩૨ | +૭ | +૭ | +૩૨ | =૭૮ |

**चउभेओ अजहन्नो, संजलणावरणनवगविग्घाणं ।**
**सेसतिगि साइ अधुवो, तह चउहा सेसपयडीणं ॥ ४७॥**

चतुर्भेदोऽजघन्यः सञ्ज्वलनावरणनवकविघ्नानाम् ।
शेषत्रिके सादिरध्रुवः तथा चतुर्धा शेषप्रकृतीनाम् ॥ ४७॥

ગાથાર્થ :- **સંજ્વલનચતુષ્ક, જ્ઞાના૦૫, દર્શના૦૪, અંતરાય-૫ એ ૧૮ પ્રકૃતિનો અજઘન્યસ્થિતિબંધ સાદિ વગેરે ૪ પ્રકારે છે અને એ ૧૮ પ્રકૃતિના જઘન્યાદિ-૩ સ્થિતિબંધ ૨ પ્રકારે છે. તથા બાકીની દરેક પ્રકૃતિના ચારે સ્થિતિબંધ-૨ પ્રકારે છે.**

**વિવેચન:-** કોઈપણ જીવને ઉપશમશ્રેણીમાં ચઢતાં ૯મા ગુણઠાણે **સંજ્વલનચતુષ્ક**નો બંધવિચ્છેદ થાય છે અને ૧૦મા ગુણઠાણાના છેલ્લા સમયે **જ્ઞાના૦૫, દર્શના૦૪, અંત૦૫**નો બંધવિચ્છેદ થાય છે ત્યાર પછી તે જીવ ૧૧મા ગુણઠાણેથી પડીને ૧૦મા ગુણઠાણે આવે છે. ત્યારે જ્ઞાનાવરણીયાદિ-૧૪ પ્રકૃતિનો બંધ શરૂ થઈ જાય છે, તે વખતે **જ્ઞાના૦ ૧૪ પ્રકૃતિના અજઘન્યસ્થિતિબંધની સાદિ** થાય છે અને ૯મા ગુણઠાણે આવે છે, ત્યારે સં૦૪નો બંધ શરૂ થઈ જાય છે. તે વખતે સંજ્વલન-૪ના **અજઘન્યસ્થિતિબંધની સાદિ** થાય છે અને જે જીવે તે તે પ્રકૃતિનું બંધવિચ્છેદસ્થાન પ્રાપ્ત નથી કર્યું તે જીવની અપેક્ષાએ **અજઘન્યસ્થિતિબંધ અનાદિ** છે. અભવ્યને કયારેય તે પ્રકૃતિના અજઘન્યસ્થિતિબંધનો અંત આવવાનો નથી. તેથી **અજઘન્યસ્થિતિબંધ ધ્રુવ** છે. અને ભવ્યને ભવિષ્યમાં તે ૧૮ પ્રકૃતિના અજઘન્યસ્થિતિબંધનો અંત આવવાનો છે. તેથી **અજઘન્ય-સ્થિતિબંધ અધ્રુવ** [સાંત] છે.

ક્ષપકશ્રેણીમાં ૯મા ગુણઠાણાના પાંચભાગમાંથી બીજાભાગના છેલ્લાસમયે **સં૦ક્રોધ**નો, ત્રીજાભાગના છેલ્લાસમયે **સં૦માન**નો, ચોથાભાગના

છેલ્લાસમયે **સં૦માયા**નો અને પાંચમાભાગના છેલ્લાસમયે **સં૦લોભ**નો જઘન્યસ્થિતિબંધ થાય છે અને ક્ષપકશ્રેણીમાં ૧૦મા ગુણઠાણાના છેલ્લાસમયે **જ્ઞાના૦૫, દર્શના૦૪, અંત૦૫**નો જ૦સ્થિતિબંધ થાય છે. તે વખતે તે પ્રકૃતિના **જ૦સ્થિતિબંધની સાદિ** થાય છે ત્યારપછીના સમયે સ્થિતિબંધ જ થતો નથી એટલે **જઘન્યસ્થિતિબંધ અધ્રુવ [સાંત]** છે. તેથી તે પ્રકૃતિનો જ૦સ્થિતિબંધ સાદિ-અધ્રુવ જ છે.

મિથ્યાદૃષ્ટિસંજ્ઞી જ્યારે ઉ૦સંક્લેશથી સંજ્વલનકષાયાદિ-૧૮ પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ શરૂ કરે છે. ત્યારે તે પ્રકૃતિના **ઉ૦સ્થિતિબંધની સાદિ** થાય છે અને જ્યારે ઉ૦સ્થિતિબંધ પૂર્ણ થાય છે. ત્યારે તે પ્રકૃતિનો **ઉ૦સ્થિતિબંધ** અધ્રુવ થાય છે. પછી અનુત્કૃષ્ટસ્થિતિબંધ શરૂ કરે છે. ત્યારે તે પ્રકૃતિના **અનુત્કૃષ્ટસ્થિતિબંધની સાદિ** થાય છે. ફરી-વાર કાલાન્તરે ઉ૦સંક્લેશ આવી જવાથી તે ૧૮ પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ થાય છે. ત્યારે અનુત્કૃષ્ટસ્થિતિબંધનો અંત આવે છે. એટલે **અનુત્કૃષ્ટ-સ્થિતિબંધ અધ્રુવ** થાય છે. એ રીતે, તે બન્ને સ્થિતિબંધ વારાફરતી બદલાયા કરે છે. તેથી તે પ્રકૃતિના તે બન્ને સ્થિતિબંધ સાદિ-અધ્રુવ જ છે.

જ્યારે બાદરપર્યાપ્તાએકેન્દ્રિયજીવો તદ્યોગ્યવિશુદ્ધ પરિણામથી **નિદ્રાપંચક, મિથ્યાત્વ, પહેલા૧૨કષાય, ભય-જુગુપ્સા, તૈજસ, કાર્મણ, વર્ણાદિચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ** એ **૨૯** પ્રકૃતિનો જઘન્ય-સ્થિતિબંધ કરે છે ત્યારે તે પ્રકૃતિના **જ૦સ્થિતિબંધની સાદિ** થાય છે અને જ૦સ્થિતિબંધ પૂર્ણ થાય છે. ત્યારે તે પ્રકૃતિનો **જઘન્યસ્થિતિબંધ અધ્રુવ** થાય છે. પછી અજઘન્યસ્થિતિબંધ શરૂ થાય છે. તે વખતે તે ૨૯ પ્રકૃતિના **અજઘન્યસ્થિતિબંધની સાદિ** થાય છે. ફરીવાર કાલાન્તરે બાદરપર્યાપ્તાએકેન્દ્રિયો તદ્યોગ્યવિશુદ્ધિથી તે ૨૯ પ્રકૃતિનો જ૦સ્થિતિબંધ કરે છે. ત્યારે તે પ્રકૃતિના અજઘન્યસ્થિતિબંધનો અંત આવે છે. એટલે **અજઘન્યસ્થિતિબંધ અધ્રુવ** થાય છે. એ રીતે, ૨૯ પ્રકૃતિના તે બન્ને સ્થિતિબંધ વારાફરતી થતા હોવાથી સાદિ-અધ્રુવ જ છે.

એ જ રીતે, નિદ્રાદિ-૨૯ પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ અને અનુત્કૃષ્ટ-સ્થિતિબંધ વારાફરતી થાય છે. તેથી ૨૯ પ્રકૃતિના તે **બન્ને સ્થિતિબંધ સાદિ-અધ્રુવ** જ છે.

બાકીની ૭૩ પ્રકૃતિ અધ્રુવબંધી હોવાથી ક્યારેક બંધાય છે અને ક્યારેક નથી બંધાતી. તેથી તે પ્રકૃતિના **ઉત્કૃષ્ટાદિ ચારે સ્થિતિબંધો સાદિ-અધ્રુવ** જ છે.

૧૮ પ્રકૃતિનો **અજઘન્ય** × ૪ સાદ્યાદિ = ૭૨
૧૦૨ પ્રકૃતિનો **અજઘન્ય** × ૨ સાદિ-અધ્રુવ =૨૦૪
૧૨૦ પ્રકૃતિનો **જઘન્ય** × ૨ સાદિ-અધ્રુવ =૨૪૦
૧૨૦ પ્રકૃતિનો **ઉત્કૃષ્ટ** × ૨ સાદિ-અધ્રુવ =૨૪૦
૧૨૦ પ્રકૃતિનો **અનુત્કૃષ્ટ** × ૨ સાદિ-અધ્રુવ =૨૪૦

૧૨૦ પ્રકૃતિના કુલ ૯૯૬ ભાંગા થાય છે.

## -: ઉત્તરપ્રકૃતિના ઉત્કૃષ્ટાદિસ્થિતિબંધમાં સાદ્યાદિ ભાંગા :-

| સ્થિતિબંધ | સાદિ ↓ | અનાદિ ↓ | ધ્રુવ ↓ | અધ્રુવ ↓ | કુલ ↓ |
|---|---|---|---|---|---|
| ૧૮ પ્રકૃતિનો અજઘન્યસ્થિતિબંધ→ | ૧૮ | ૧૮ | ૧૮ | ૧૮ | ૭૨ |
| ૧૮ પ્રકૃતિનો જઘન્યસ્થિતિબંધ→ | ૧૮ | | | ૧૮ | ૩૬ |
| ૧૮ પ્રકૃતિનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ→ | ૧૮ | | | ૧૮ | ૩૬ |
| ૧૮ પ્રકૃતિનો અનુત્કૃષ્ટસ્થિતિબંધ→ | ૧૮ | | | ૧૮ | ૩૬ |
| ૧૦૨ પ્રકૃતિનો અજઘન્યસ્થિતિબંધ→ | ૧૦૨ | | | ૧૦૨ | ૨૦૪ |
| ૧૦૨ પ્રકૃતિનો જઘન્યસ્થિતિબંધ→ | ૧૦૨ | | | ૧૦૨ | ૨૦૪ |
| ૧૦૨ પ્રકૃતિનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ→ | ૧૦૨ | | | ૧૦૨ | ૨૦૪ |
| ૧૦૨ પ્રકૃતિનો અનુત્કૃષ્ટસ્થિતિબંધ→ | ૧૦૨ | | | ૧૦૨ | ૨૦૪ |
| કુલ→ | ૪૮૦ | +૧૮ | +૧૮ | +૪૮૦ | =૯૯૬ |

ગુણસ્થાનકમાં સ્થિતિબંધનું પ્રમાણ :-

**साणाइअपुव्वंते, अयरंतो, कोडिकोडिओ न हिगो ।**
**बंधो न हु हीणो न य, मिच्छे भव्वियर सन्निम्मि ॥ ४८॥**

सास्वादनाद्यपूर्वान्ते, अतरान्तः कोटीकोटीतो नाधिकः ।
बन्धो नैव हीनो न च, मिथ्यादृष्टौ भव्येतरसंज्ञिनि ॥ ४८॥

ગાથાર્થ :- **સાસ્વાદનગુણઠાણાથી માંડીને અપૂર્વકરણગુણઠાણા સુધીમાં અંતઃકો૦કો૦સા૦ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. તેનાથી અધિક સ્થિતિબંધ થતો નથી કે તેનાથી ઓછો પણ સ્થિતિબંધ થતો નથી અને મિથ્યાત્વગુણસ્થાનકમાં ભવ્યસંજ્ઞી કે અભવ્યસંજ્ઞીને અંતઃકો૦કો૦સા૦થી ઓછો સ્થિતિબંધ થતો નથી.**

**વિવેચનઃ-** ૧કોડાકોડીસાગરોપમમાંથી ૧સમયન્યૂન, ૨ સમયન્યૂન, ૩સમયન્યૂન.....એ રીતે એક એક સમય ઓછો કરતાં કરતાં સમયાધિક ૧ ક્રોડસાગરોપમ સુધીની સર્વે સ્થિતિ અંતઃકો૦કો૦સા૦ કહેવાય છે. **સમયન્યૂન ૧કોડાકોડીસાગરોપમને ઉત્કૃષ્ટ અંતઃકો૦કો૦સા૦** કહે છે અને **સમયાધિક ૧ક્રોડસાગરોપમને જઘન્ય અંતઃકો૦કો૦સા૦** કહે છે. બાકીની મધ્યમ અંતઃકો૦કો૦સા૦ અસંખ્ય પ્રકારે છે.

સાસ્વાદનગુણઠાણાથી માંડીને અપૂર્વકરણગુણઠાણા સુધી જઘન્યથી પણ અંતઃકોડાકોડીસાગરોપમ સ્થિતિબંધ થાય છે. એનાથી ઓછો સ્થિતિબંધ થતો નથી. અને ઉત્કૃષ્ટથી પણ અંતઃકોડાકોડીસાગરોપમ સ્થિતિબંધ થાય છે. એનાથી અધિકસ્થિતિબંધ થતો નથી પરંતુ **જઘન્ય અંતઃકોડાકોડીસાગરોપમ કરતાં ઉત્કૃષ્ટ અંતઃકોડાકોડીસાગરોપમ સંખ્યાતગુણ** હોય છે.

૮માગુણઠાણે જ૦સ્થિતિબંધ અંતઃકોડાકોડીસાગરોપમ થાય છે. તેનાથી ૮માગુણઠાણે ઉ૦સ્થિતિબંધ સંખ્યાતગુણ અંતઃકો૦કો૦સા૦ થાય. તેનાથી ૬ટ્ઠા-૭માગુણ૦ જ૦સ્થિતિબંધ સંખ્યાતગુણ અંતઃકો૦કો૦સા૦ થાય. તેનાથી ૬ટ્ઠા-૭માગુણ૦ ઉ૦સ્થિતિબંધ સંખ્યાતગુણ અંતઃકો૦કો૦સા૦ થાય.

તેનાથી ૫માગુણઠાણે જ૦સ્થિતિબંધ સંખ્યાતગુણ અંતઃકો૦કો૦સા૦ થાય.
તેનાથી ૫માગુણઠાણે ઉ૦સ્થિતિબંધ સંખ્યાતગુણ અંતઃકો૦કો૦સા૦ થાય.
તેનાથી ૪થાગુણઠાણે જ૦સ્થિતિબંધ સંખ્યાતગુણ અંતઃકો૦કો૦સા૦ થાય.
તેનાથી ૪થાગુણઠાણે ઉ૦સ્થિતિબંધ સંખ્યાતગુણ અંતઃકો૦કો૦સા૦ થાય.
તેનાથી ૧લાગુણઠાણે[૨૯] જ૦સ્થિતિબંધ સંખ્યાતગુણ અંતઃકો૦કો૦સા૦ થાય.

૯માગુણઠાણે અંતઃકોડસાગરોપમ સ્થિતિબંધ થાય છે. ત્યાર પછી ઘટતાં ઘટતાં ઘણા હજાર સાગરોપમ, સો સાગરોપમ, ૫૦ સાગરોપમ, ૨૫ સાગરોપમ....છેવટે અંતર્મુહૂર્તપ્રમાણ સ્થિતિબંધ થાય છે.

૧૦મા ગુણઠાણે જ૦સ્થિતિબંધ અંતર્મુહૂર્ત પ્રમાણ થાય છે.

૧૧ થી ૧૩ ગુણઠાણે સ્થિતિબંધ થતો નથી.

**મિથ્યાત્વગુણઠાણે સ્થિતિબંધનું પ્રમાણ :-**

સાસ્વાદનથી અપૂર્વકરણગુણઠાણા સુધી તો અંતઃકો૦કો૦સા૦-સ્થિતિબંધ કહ્યો પણ મિથ્યાદૃષ્ટિગુણઠાણે કોઈપણ જીવને અંતઃકો૦કો૦-સા૦સ્થિતિબંધ થાય કે નહીં? એ શંકાના સમાધાનમાં ગ્રન્થકારભગવંત કહી રહ્યાં છે કે, મિથ્યાત્વગુણઠાણે ભવ્યસંજ્ઞી અને અભવ્યસંજ્ઞીને અંતઃકો૦કો૦સા૦થી ઓછો સ્થિતિબંધ થતો નથી.

ગ્રન્થિદેશે આવેલા ભવ્ય અને અભવ્યને યથાપ્રવૃત્તકરણનામના અધ્યવસાયથી જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મોનો અંતઃકો૦કો૦સા૦સ્થિતિબંધ થાય છે. પણ ભવ્યજીવો અપૂર્વકરણનામના અધ્યવસાયથી ગ્રન્થિભેદ કરીને અનિવૃત્તિકરણના અંતે જે અંતઃકો૦કો૦સા૦ પ્રમાણ સ્થિતિબંધ કરે છે, તે મિથ્યાત્વગુણઠાણે જઘન્યસ્થિતિબંધ સમજવો.

અહીં **"મિથ્યાદૃષ્ટિભવ્યસંજ્ઞી"**માં મિથ્યાદૃષ્ટિ વિશેષણ મૂકવામાં ન આવે, તો અનિવૃત્તિબાદરાદિગુણઠાણે રહેલા ભવ્યસંજ્ઞીનું પણ ગ્રહણ થઇ જાય છે અને એવા ભવ્યસંજ્ઞી અંતઃકો૦કો૦સા૦થી પણ ઓછો

---

(૨૯) બીજા-ત્રીજાગુણઠાણે જઘન્ય કે ઉત્કૃષ્ટનું અલ્પબહુત્વ શાસ્ત્રમાં દેખાતું નથી. તેથી અહીં કહ્યું નથી.

સ્થિતિબંધ કરે છે તેથી મિથ્યાત્વગુણઠાણે અંતઃકો૦કો૦સા૦થી પણ ઓછો સ્થિતિબંધ થવાની આપત્તિ આવે છે. એ આપત્તિને દૂર કરવા માટે **"મિથ્યાદૃષ્ટિ"** વિશેષણ મૂક્યું છે.

જો **"મિથ્યાદૃષ્ટિભવ્યસંજ્ઞી"**માં સંજ્ઞી વિશેષ્ય મૂકવામાં ન આવે, તો ભવ્યઅસંજ્ઞીનું પણ ગ્રહણ થઇ જાય છે અને ભવ્યઅસંજ્ઞી મિથ્યાત્વનો ૧૦૦૦ સાગરોપમ સ્થિતિબંધ કરે છે. તેથી મિથ્યાત્વગુણઠાણે અંતઃકો૦કો૦સા૦થી પણ ઓછો સ્થિતિબંધ થવાની આપત્તિ આવે છે એ આપત્તિને દૂર કરવા માટે **"मिच्छे भव्वियरसन्निम्मि"** કહ્યું છે.

જીવસ્થાનોમાં સ્થિતિબંધનું અલ્પબહુત્વ :-

**जइ लहुबंधो बायर, पज्ज असंखगुण सुहुमपज्जहिगो ।**
**एसिं अपज्जाण लहू, सुहुमेअरअपज्ज पज्ज गुरू ॥ ४९॥**

यतिलघुबन्धो बादरपर्याप्तस्यासङ्‌ख्यगुणः सूक्ष्मपर्याप्तस्याधिकः।
अनयोरपर्याप्तयोर्लघुः, सुक्ष्मेतरयोरपर्याप्त-पर्याप्तयो गुरुः ॥ ४९॥

**ગાથાર્થ:- સંયમીનો જઘન્યસ્થિતિબંધ સૌથી અલ્પ છે. તેનાથી બાદરપર્યાપ્તા એકેન્દ્રિયનો જઘન્યસ્થિતિબંધ અસંખ્યગુણ છે. તેનાથી સૂક્ષ્મપર્યાપ્ત એકેન્દ્રિયનો જ૦સ્થિતિબંધ વિશેષાધિક છે. તેનાથી બાદર-અપર્યાપ્તાનો જ૦સ્થિતિબંધ વિશેષાધિક છે. તેનાથી સૂક્ષ્મઅપર્યાપ્તાનો જ૦સ્થિતિબંધ વિશેષાધિક છે. તેનાથી સૂક્ષ્મઅપર્યાપ્તાનો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે. તેનાથી બાદરઅપર્યાપ્તાનો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે. તેનાથી સૂક્ષ્મપર્યાપ્તાનો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે. તેનાથી બાદરપર્યાપ્તાનો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે.**

**વિવેચન** :- સૂક્ષ્મસંપરાયગુણઠાણામાં રહેલા સંયમી મહાત્મા સૌથી ઓછામાં ઓછો અંતર્મુહૂર્તાદિક સ્થિતિબંધ કરે છે તે સૌથી અલ્પ-સ્થિતિબંધ છે. તેના કરતાં બાદરપર્યાપ્તા એકેન્દ્રિયનો જઘન્યસ્થિતિબંધ અસંખ્યગુણ છે. કારણ કે તે જીવો જ્ઞાનાવરણીયાદિકર્મોનો પલ્યોપમનો

**અસંખ્યાતમોભાગન્યૂન** ૩/૭ **સાગરોપમાદિ** સ્થિતિબંધ કરે છે, એટલે અંતર્મુહૂર્તથી પલ્યો૦અસં૦ભાગન્યૂન ૩/૭ સાગરોપમ અસંખ્યગુણ છે. તેથી તે સ્થિતિબંધ અસંખ્યગુણ કહ્યો છે.

તેનાથી સૂક્ષ્મપર્યાપ્તા એકેન્દ્રિયનો જ૦સ્થિતિબંધ વિશેષાધિક છે.

તેનાથી બાદરઅપર્યાપ્તા એકેન્દ્રિયનો જ૦સ્થિતિબંધ વિશેષાધિક છે.

તેનાથી સૂક્ષ્મઅપર્યાપ્તા એકેન્દ્રિયનો જ૦સ્થિતિબંધ વિશેષાધિક છે.

તેનાથી સૂક્ષ્મઅપર્યાપ્તા એકેન્દ્રિયનો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે.

તેનાથી બાદરઅપર્યાપ્તા એકેન્દ્રિયનો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે.

તેનાથી સૂક્ષ્મપર્યાપ્તા એકેન્દ્રિયનો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે.

તેનાથી બાદરપર્યાપ્તા એકેન્દ્રિયનો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે.

કારણકે પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં એકેન્દ્રિયના આઠે સ્થિતિબંધો આવી જાય છે. તેથી તે સર્વે વિશેષાધિક છે.

પૂર્વે કહ્યા મુજબ એકેન્દ્રિયજીવો સ્વબંધને યોગ્ય કર્મપ્રકૃતિનો જ૦સ્થિતિબંધ કરતાં ઉ૦સ્થિતિબંધ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક કરે છે. દા૦ત૦ એકેન્દ્રિયજીવો મિથ્યાત્વનો જ૦સ્થિતિબંધ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગન્યૂન ૧ સાગરોપમ કરે છે અને ઉ૦સ્થિતિબંધ ૧ સાગરોપમ કરે છે એટલે જ૦સ્થિતિબંધ અને ઉ૦સ્થિતિબંધ વચ્ચે પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું જ અંતર હોય છે.

અસત્કલ્પનાથી **૧સાગરોપમ=૧૦૦૦૦સમય**

**પલ્યોપમનો અસં૦ભાગન્યૂન ૧સા૦=૯૮૬૬સમય** માનવામાં આવે, તો.....

**ચિત્રમાં** બતાવ્યા મુજબ એકેન્દ્રિયજીવોને મિથ્યાત્વના જ૦-સ્થિતિબંધથી માંડીને ઉ૦સ્થિતિબંધ સુધીનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ=૧૩૫ સમય થાય છે. તેમાં એકેન્દ્રિયના આઠે સ્થિતિબંધનો સમાવેશ થઈ જાય છે.

## એકેન્દ્રિયના-૮ સ્થિતિબંધ

(૮) → બાદરપર્યાપ્તાને મિથ્યાત્વનો૦
૧૦૦૦૦ સમય પ્રમાણ ઉ૦સ્થિતિબંધ

(૭) →સૂક્ષ્મપર્યાપ્તાને મિ૦નો ૯૯૫૫
સમય પ્રમાણ ઉ૦સ્થિતિબંધ

(૬) →બાદરઅપર્યાપ્તાને મિ૦નો ૯૯૪૦
સમય પ્રમાણ ઉ૦સ્થિતિબંધ

(૫) →સૂક્ષ્મઅપર્યાપ્તાને મિ૦નો ૯૯૩૫
સમય પ્રમાણ ઉ૦સ્થિતિબંધ

(૪) →સૂક્ષ્મઅપર્યાપ્તાને મિ૦નો ૯૯૩૧
સમય પ્રમાણ જ૦સ્થિતિબંધ

(૩) →બાદરઅપર્યાપ્તાને મિ૦નો ૯૯૨૬
સમય પ્રમાણ જ૦સ્થિતિબંધ

(૨) →સૂક્ષ્મપર્યાપ્તાને મિ૦નો ૯૯૧૧
સમય પ્રમાણ જ૦સ્થિતિબંધ

(૧) →બાદરપર્યાપ્તાને મિથ્યાત્વનો ૯૮૬૬
સમય પ્રમાણ જ૦સ્થિતિબંધ

એકેન્દ્રિયના-૪ ભેદમાંથી બાદરપર્યાપ્તા એકેન્દ્રિયને સૌથી વધુ સંક્લેશ કે વિશુદ્ધિ હોય છે તેથી તે જીવો બાકીના એકેન્દ્રિય કરતાં સૌથી વધુ સ્વબંધને યોગ્ય કર્મપ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કરે છે અને સૌથી ઓછો જ૦સ્થિતિબંધ કરે છે.

**ચિત્રમાં** બતાવ્યામુજબ અસત્કલ્પનાથી **બાદરપર્યાપ્તા એક૦જીવો મિથ્યાત્વનો ૧ સા૦=૧૦૦૦૦ સમયનો ઉ૦સ્થિતિબંધ** કરે છે અને પલ્યોપમનો **અસંખ્યાતમોભાગન્યૂન ૧ સા૦=૯૮૬૬ સમય** પ્રમાણ જ૦સ્થિતિબંધ કરે છે.

બાદરપર્યાપ્તા એકેન્દ્રિયથી સૂક્ષ્મપર્યાપ્તા એકેન્દ્રિયને સંક્લેશ કે વિશુદ્ધિ ઓછી હોય છે. એટલે વિશુદ્ધિ ઓછી હોવાથી જ૦સ્થિતિબંધ થોડો વધુ થાય છે અને સંક્લિષ્ટતા ઓછી હોવાથી ઉ૦સ્થિતિબંધ થોડો ઓછો થાય છે.

અસત્કલ્પનાથી **સૂક્ષ્મપર્યાપ્તા એકેન્દ્રિયજીવો મિથ્યાત્વનો જ૦-સ્થિતિબંધ ૯૯૧૧ સમય** કરે છે અને **ઉ૦સ્થિતિબંધ ૯૯૫૫ સમય** કરે છે.

સૂક્ષ્મપર્યાપ્તા એકે૦થી બાદરઅપર્યાપ્તા એકે૦ને સંક્લેશ કે વિશુદ્ધિ ઓછી હોય છે. એટલે વિશુદ્ધિ ઓછી હોવાથી જ૦સ્થિતિબંધ થોડો વધુ થાય છે અને સંકિલષ્ટતા ઓછી હોવાથી ઉ૦સ્થિતિબંધ થોડો ઓછો થાય છે.

અસત્કલ્પનાથી **બાદરઅપર્યાપ્તાએકે૦**જીવો મિથ્યાત્વનો **જ૦-સ્થિતિબંધ=૯૯૨૬ સમય** કરે છે અને **ઉ૦સ્થિતિબંધ ૯૯૪૦ સમય** કરે છે.

બાદરઅપર્યાપ્તાથી સૂક્ષ્મઅપર્યાપ્તાને વિશુદ્ધિ ઓછી હોવાથી જ૦સ્થિતિબંધ થોડો વધુ થાય છે અને સંક્લિષ્ટતા ઓછી હોવાથી ઉ૦સ્થિતિબંધ થોડો ઓછો થાય છે.

અસત્કલ્પનાથી **સૂક્ષ્મઅપર્યાપ્તા જીવો** મિથ્યાત્વનો **જ૦સ્થિતિબંધ ૯૯૩૧ સમય** કરે છે અને **ઉ૦સ્થિતિબંધ ૯૯૩૫ સમય** કરે છે. એટલે **ચિત્રમાં** બતાવ્યા મુજબ બાદરપર્યાપ્તાને મિથ્યાત્વના ૯૮૬૬ સમયપ્રમાણ જ૦સ્થિતિબંધથી **૧૦૦૦૦ સમય** પ્રમાણ ઉ૦સ્થિતિબંધ સુધીના

પલ્યોપમના અસં૦ભાગ=**૧૩૫ સમય**માં એકેન્દ્રિયના આઠે સ્થિતિબંધનો સમાવેશ થઇ જાય છે. તેથી પૂર્વ પૂર્વના સ્થિતિબંધ કરતાં પછી પછીનો સ્થિતિબંધ થોડો થોડો વધારે હોવાથી તે દરેક સ્થિતિબંધો વિશેષાધિક કહ્યાં છે.

અહીં ખાસ ધ્યાન રાખવું કે, **પહેલા સ્થિતિબંધથી બીજો સ્થિતિબંધ જો ત્રણગુણો વગેરે હોય, તો પહેલા સ્થિતિબંધ કરતાં બીજો સ્થિતિબંધ સંખ્યાતગુણ કહેવાય છે** અને **પહેલા સ્થિતિબંધ કરતાં બીજો સ્થિતિબંધ જો બમણાથી ન્યૂન હોય તો વિશેષાધિક કહેવાય છે.**

દા૦ત૦ પહેલો સ્થિતિબંધ ૧સાગરોપમ હોય અને બીજો સ્થિતિબંધ ૩ કે ૪ વગેરે સાગરોપમ હોય, તો પહેલા સ્થિતિબંધ કરતાં બીજો સ્થિતિબંધ સંખ્યાતગુણ કહેવાય છે તથા પહેલો સ્થિતિબંધ ૧સાગરોપમ હોય અને બીજો સ્થિતિબંધ જો સમયન્યૂન ૨ સાગરોપમ હોય, તો પહેલા સ્થિતિબંધ કરતાં બીજો સ્થિતિબંધ વિશેષાધિક કહેવાય છે. એ નિયમાનુસારે અહીં પહેલો જ૦સ્થિતિબંધ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ૧ સા૦=૯૮૬૬ સમય પ્રમાણ છે અને બીજો જ૦સ્થિતિબંધ પલ્યોપમનો અસં૦ભાગન્યૂન ૧સાગરોપમ=૯૯૧૧ સમય પ્રમાણ છે. એટલે પહેલા જ૦સ્થિતિબંધ કરતાં બીજો જઘન્યસ્થિતિબંધ થોડો વધારે હોવાથી વિશેષાધિક કહેવાય છે.

વિકલેન્દ્રિય અને અસંજ્ઞીપંચે૦માં સ્થિતિબંધનું અલ્પબહુત્વ :-

**लहुबिय पज्ज अपज्जे, अपजेयर बिय गुरू हिगो एवं ।**
**ति चउ असन्निसु नवरं, संखगुणो बिय अमणपज्जे ॥ ५०॥**

लघुःद्वीन्द्रिये पर्याप्त-अपर्याप्ते, अपर्याप्तेतरद्वीन्द्रिये गुरुरधिक एवम् ।
त्रिचतुरिन्द्रियासंज्ञिषु नवरं सङ्ख्यगुणो द्वीन्द्रियेऽसंज्ञिनि पर्याप्ते ॥ ५०॥

ગાથાર્થ :- **તેનાથી પર્યાપ્તબેઇન્દ્રિયનો જ૦સ્થિતિબંધ સંખ્યાતગુણ છે. તેનાથી અપર્યાપ્તબેઇન્દ્રિયનો જ૦સ્થિતિબંધ વિશેષાધિક છે. તેનાથી અપર્યાપ્તબેઇન્દ્રિયનો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે. તેનાથી પર્યાપ્તબેઇન્દ્રિયનો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે. એ જ પ્રમાણે,**

**તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિયના ચારે સ્થિતિબંધો કહેવા. પરંતુ પર્યાપ્તબેઈન્દ્રિય અને પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિયનો જ૦સ્થિતિબંધ સંખ્યાતગુણ કહેવો.**

**વિવેચનઃ-** બાદરપર્યાપ્ત એકેન્દ્રિયના ઉ૦સ્થિતિબંધથી પર્યાપ્ત-બેઈન્દ્રિયનો જ૦સ્થિતિબંધ સંખ્યાતગુણ છે. કારણ કે બાદરપર્યાપ્ત એકે૦જીવો મિથ્યાત્વનો ઉ૦સ્થિતિબંધ ૧સાગરોપમ કરે છે અને પર્યાપ્ત બેઈન્દ્રિય મિથ્યાત્વનો જ૦સ્થિતિબંધ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન ૨૫ સાગરોપમ કરે છે. એટલે બાદરપર્યાપ્તાના ઉ૦સ્થિતિબંધ કરતાં પર્યાપ્તબેઈન્દ્રિયનો જ૦સ્થિતિબંધ કાંઈક ન્યૂન ૨૫ ગુણો છે. તેથી તે સંખ્યાતગુણ કહેવાય.

તેનાથી અપર્યાપ્ત બેઈન્દ્રિયનો જ૦સ્થિતિબંધ વિશેષાધિક છે.
તેનાથી અપર્યાપ્ત બેઈન્દ્રિયનો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે.
તેનાથી પર્યાપ્ત બેઈન્દ્રિયનો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે. કારણકે બેઈન્દ્રિયજીવો સ્વબંધને યોગ્ય કર્મપ્રકૃતિનો જ૦સ્થિતિબંધથી ઉ૦સ્થિતિબંધ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ વધારે કરે છે. દા૦ત૦ બેઈન્દ્રિયજીવો મિથ્યાત્વનો જ૦સ્થિતિબંધ પલ્યોપમનો સંખ્યાતમોભાગન્યૂન ૨૫ સાગરોપમ કરે છે અને ઉ૦સ્થિતિબંધ ૨૫ સાગરોપમ કરે છે. એટલે જ૦સ્થિતિબંધ અને ઉ૦સ્થિતિબંધ વચ્ચે પલ્યોપમના સંખ્યાતમા ભાગનું જ અંતર હોય છે. તેમાં બેઈન્દ્રિયના ચારે સ્થિતિબંધનો સમાવેશ થઈ જાય છે. એટલે પૂર્વ પૂર્વના સ્થિતિબંધથી પછી પછીનો સ્થિતિબંધ વિશેષાધિક છે.

**ચિત્ર**માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી પર્યાપ્તાબેઈન્દ્રિયજીવો મિથ્યાત્વનો **જ૦સ્થિતિબંધ પલ્યોપમનો સંખ્યાતમો ભાગન્યૂન ૨૫ સા૦=૨૪૯૪૦૧ સમય** અને **મિથ્યાત્વનો ઉ૦સ્થિતિબંધ ૨૫ સા૦=૨૫૦૦૦૦ સમય** કરે છે.

પર્યાપ્તા બેઈન્દ્રિયથી અપર્યાપ્તા બેઈન્દ્રિયને વિશુદ્ધિ ઓછી હોવાથી જ૦સ્થિતિબંધ થોડો વધુ કરે છે અને સંકિલષ્ટતા ઓછી હોવાથી ઉ૦સ્થિતિબંધ થોડો ઓછો કરે છે.

(૪) → પર્યાપ્ત બેઇન્દ્રિયને મિથ્યાત્વનો ૨,૫૦,૦૦૦ સમય પ્રમાણ ઉ૦સ્થિતિબંધ

(૩) → અપર્યાપ્ત બેઇન્દ્રિયને મિથ્યાત્વનો ૨,૪૯,૮૦૦ સમય પ્રમાણઉ૦સ્થિતિબંધ

(૨) → અપર્યાપ્ત બેઇન્દ્રિયને મિથ્યાત્વનો ૨,૪૯,૬૦૧ સમય પ્રમાણ જ૦સ્થિતિબંધ

(૧) → પર્યાપ્તબેઇન્દ્રિયને મિથ્યાત્વનો ૨,૪૯,૪૦૧ સમય પ્રમાણ જ૦સ્થિતિબંધ

અસત્કલ્પનાથી અપ૦બેઇન્દ્રિય મિથ્યાત્વનો **જ૦સ્થિતિબંધ પલ્યોપમનો સંખ્યાતમો ભાગન્યૂન ૨૫સા૦=૨,૪૯,૬૦૧ સમય** અને **ઉ૦સ્થિતિબંધ કાંઈકન્યૂન ૨૫સા૦= ૨,૪૯,૮૦૦ સમય** કરે છે. એટલે ચિત્રમાં બતાવ્યા મુજબ પર્યાપ્ત બેઇન્દ્રિય-જીવોને મિથ્યાત્વનો **૨,૪૯,૪૦૧** સમય પ્રમાણ જઘન્યસ્થિતિ બંધથી માંડીને **૨,૫૦,૦૦૦** સમય પ્રમાણ ઉત્કૃષ્ટ-સ્થિતિબંધ સુધીનો પલ્યોપમનો સંખ્યાતમો ભાગ=**૬૦૦ સમય** છે. તેમાં ચારે સ્થિતિ-બંધનો સમાવેશ થઇ જાય છે. એટલે પૂર્વ પૂર્વના સ્થિતિબંધથી પછી પછીનો સ્થિતિ-બંધ વિશેષાધિક કહ્યો છે.

પર્યાપ્ત બેઇન્દ્રિયના ઉ૦સ્થિતિબંધ કરતાં પર્યાપ્તતેઇન્દ્રિયનો જ૦સ્થિતિબંધ વિશેષાધિક છે. કારણ કે પર્યાપ્તબેઇન્દ્રિયનો ઉ૦સ્થિતિબંધ ૨૫ સાગરોપમ છે અને પર્યાપ્તતેઇન્દ્રિયનો જ૦સ્થિતિબંધ કાંઇક ન્યૂન ૫૦ સાગરોપમ છે. એટલે પર્યાપ્ત બેઇન્દ્રિયના ઉ૦સ્થિતિબંધથી પર્યાપ્ત તેઇન્દ્રિયનો જ૦સ્થિતિબંધ દ્વિગુણથી ન્યૂન છે. તેથી તે વિશેષાધિક છે.

તેનાથી અપર્યાપ્ત તેઇન્દ્રિયનો જ૦સ્થિતિબંધ વિશેષાધિક છે.

તેનાથી અપર્યાપ્ત તેઇન્દ્રિયનો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે.

તેનાથી પર્યાપ્ત તેઇન્દ્રિયનો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે.

કારણકે પૂર્વે કહ્યાં મુજબ પલ્યોપમના સંખ્યાતમા ભાગમાં તેઇન્દ્રિયના ચારે સ્થિતિબંધ આવી જાય છે. તેથી પૂર્વ પૂર્વના સ્થિતિ-બંધથી પછી પછીનો સ્થિતિબંધ વિશેષાધિક છે.

પર્યાપ્ત તેઇન્દ્રિયના ઉ૦સ્થિતિબંધથી પર્યાપ્ત ચઉરિન્દ્રિયનો

જ૦સ્થિતિબંધ વિશેષાધિક છે. કારણ કે પર્યાપ્તા તેઇન્દ્રિયનો ઉ૦સ્થિતિબંધ ૫૦ સા૦ છે અને પર્યાપ્તા ચઉરિન્દ્રિયનો જ૦સ્થિતિબંધ કાંઇક ન્યૂન ૧૦૦ સાગરોપમ છે. એટલે પર્યાપ્તા તેઇન્દ્રિયના ઉ૦સ્થિતિબંધથી પર્યાપ્તા ચઉરિન્દ્રિયનો જ૦સ્થિતિબંધ દ્વિગુણથી ન્યૂન છે. તેથી તે વિશેષાધિક છે.

તેનાથી અપર્યાપ્તચઉરિન્દ્રિયનો જ૦સ્થિતિબંધ વિશેષાધિક છે.

તેનાથી અપર્યાપ્તચઉરિન્દ્રિયનો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે.

તેનાથી પર્યાપ્તચઉરિન્દ્રિયનો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે.

કારણકે પલ્યોપમના સંખ્યાતમા ભાગમાં ચઉરિન્દ્રિયના ચારે સ્થિતિબંધો આવી જાય છે. એટલે પૂર્વ પૂર્વના સ્થિતિબંધથી પછી પછીનો સ્થિતિબંધ વિશેષાધિક છે.

પર્યાપ્તચઉરિન્દ્રિયના ઉ૦સ્થિતિબંધથી પર્યાપ્તઅસંજ્ઞીપંચન્દ્રિયનો જ૦સ્થિતિબંધ સંખ્યાતગુણ છે. કારણકે પર્યાપ્ત ચઉરિન્દ્રિયનો ઉ૦સ્થિતિબંધ ૧૦૦ સા૦ છે અને પર્યાપ્ત અસંજ્ઞીપંચે૦નો જ૦સ્થિતિબંધ કાંઇક ન્યૂન ૧૦૦૦ સા૦ છે. એટલે પર્યાપ્ત ચઉ૦ના ઉ૦સ્થિતિબંધથી પર્યાપ્ત અસંજ્ઞી પંચે૦નો જ૦સ્થિતિબંધ કાંઇક ન્યૂન ૧૦ ગુણો હોવાથી સંખ્યાતગુણ છે.

તેનાથી અપર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિયનો જ૦સ્થિતિબંધ વિશેષાધિક છે.

તેનાથી અપર્યાપ્ત અસંજ્ઞીપંચે૦નો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે.

તેનાથી પર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિયનો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે.

કારણકે પલ્યોપમના સંખ્યાતમા ભાગમાં અસંજ્ઞીપંચેન્દ્રિયના ચારે સ્થિતિબંધો આવી જાય છે. તેથી તે સર્વે વિશેષાધિક છે.

સંજ્ઞીપંચેન્દ્રિયના સ્થિતિબંધમાં અલ્પબહુત્વ :-

**तो जइजिट्ठो बंधो, संखगुणो देसविरय हस्सियरो ।**
**सम्मचउसन्नि चउरो ठिइ बंधाणुकम संखगुणा ॥५१॥**

ततः यतिज्येष्ठबन्धः सङ्ख्यगुणो देशविरतस्य ह्रस्वेतरः ।
सम्यक् चत्वारः संज्ञी चत्वारः स्थितिबन्धानुक्रमेण सङ्ख्यगुणाः ॥५१॥

**ગાથાર્થ :- તેનાથી સંયમીનો ઉ૦સ્થિતિબંધ સંખ્યાતગુણ છે. તેનાથી દેશવિરતિનો જ૦સ્થિતિબંધ સંખ્યાતગુણ છે. તેનાથી દેશવિરતિનો ઉ૦સ્થિતિબંધ સંખ્યાતગુણ છે. તેનાથી સમ્યગ્દષ્ટિના ચારેસ્થિતિબંધ ક્રમશઃ સંખ્યાતગુણ છે. તેનાથી સંજ્ઞીપંચેન્દ્રિયના ચારેસ્થિતિબંધ ક્રમશઃ સંખ્યાતગુણ છે.**

**વિવેચન** :- પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિયના ઉ૦સ્થિતિબંધથી પ્રમત્ત-સંયમીનો ઉ૦સ્થિતિબંધ સંખ્યાતગુણ છે. કારણ કે પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિય જીવો જ્ઞાનાવરણીયનો ઉ૦સ્થિતિબંધ $\frac{૩૦૦૦}{૭}$ સાગરોપમ કરે છે અને પ્રમત્ત સંયમી જ્ઞાનાવરણીયનો ઉ૦સ્થિતિબંધ અંતઃકોડાકોડીસાગરોપમ કરે છે. એટલે $\frac{૩૦૦૦}{૭}$ સાગરોપમથી અંતઃકો૦કો૦સા૦સ્થિતિબંધ સંખ્યાતગુણો થાય છે.

તેનાથી દેશવિરતિધરનો જ૦સ્થિતિબંધ સંખ્યાતગુણો છે.

તેનાથી દેશવિરતિધરનો ઉ૦સ્થિતિબંધ સંખ્યાતગુણો છે.

તેનાથી પર્યાપ્તસમ્યગ્દષ્ટિનો જ૦સ્થિતિબંધ સંખ્યાતગુણો છે.

તેનાથી અપર્યાપ્ત સમ્યગ્દષ્ટિનો જ૦સ્થિતિબંધ સંખ્યાતગુણો છે.

તેનાથી અપર્યાપ્ત સમ્યગ્દષ્ટિનો ઉ૦સ્થિતિબંધ સંખ્યાતગુણો છે.

તેનાથી પર્યાપ્ત સમ્યગ્દષ્ટિનો ઉ૦સ્થિતિબંધ સંખ્યાતગુણો છે.

તેનાથી પર્યાપ્ત મિથ્યાદષ્ટિસંજ્ઞીનો જ૦સ્થિતિબંધ સંખ્યાતગુણો છે.

તેનાથી અપર્યાપ્ત મિથ્યાદષ્ટિસંજ્ઞીનો જ૦સ્થિતિબંધ સંખ્યાતગુણો છે.

તેનાથી અપર્યાપ્ત મિથ્યાદષ્ટિસંજ્ઞીનો ઉ૦સ્થિતિબંધ સંખ્યાતગુણો છે.

તેનાથી પર્યાપ્ત મિથ્યાદષ્ટિસંજ્ઞીનો ઉ૦સ્થિતિબંધ સંખ્યાતગુણો છે. કારણકે ઉ૦સ્થિતિબંધ ૨૦ કોડાકોડીસાગરોપમાદિ છે.

અહીં પ્રમત્તસંયમીના ઉ૦સ્થિતિબંધથી અપર્યાપ્તમિથ્યાદષ્ટિ સંજ્ઞીના ઉ૦સ્થિતિબંધ સુધીના સર્વે સ્થિતિબંધો અંતઃકો૦કો૦સા૦ છે પણ પૂર્વ પૂર્વની અંતઃકો૦કો૦સા૦થી પછી પછીની અંતઃકો૦કો૦સા૦સ્થિતિમાં સંખ્યાતગુણા સાગરોપમ અધિક હોય છે. દા૦ત૦ પ્રમત્તસંયમીનો ઉ૦-

સ્થિતિબંધ ૧૦ કોડસાગરોપમ થાય, તો દેશવિરતિનો જ૦સ્થિતિબંધ ૩૦ કોડસાગરોપમ થાય એ રીતે, પૂર્વ પૂર્વના સ્થિતિબંધથી પછી પછીનો સ્થિતિબંધ ત્રિગુણો કે ત્રિગુણથી અધિક હોય છે. તેથી તે સર્વે સ્થિતિ-બંધો સંખ્યાતગુણા કહ્યાં છે.

સ્થિતિમાં શુભાશુભતા:-

**सव्वाण वि जिट्ठ ठिई, असुहा जं साइसंकिलेसेणं ।**
**इयरा विसोहिओ पुण, मुत्तुं नरअमरतिरियाउं ॥ ५२॥**

सर्वासामपि ज्येष्ठा स्थितिः अशुभा यत् साऽतिसंक्लेशेन ।
इतरा विशोधितः पुनः मुक्त्वा नरामरतिर्यगायुः ॥ ५२॥

**ગાથાર્થ :-મનુષ્યાયુ, દેવાયુ અને તિર્યંચાયુ વિના બાકીની સર્વે પણ પ્રકૃતિની ઉત્કૃષ્ટસ્થિતિ અશુભ ગણાય છે. કારણ કે ઉત્કૃષ્ટસ્થિતિ અતિસંકલેશથી બંધાય છે અને જઘન્યસ્થિતિ વિશુદ્ધિથી બંધાય છે.**

**વિવેચન :-** મનુષ્યાયુષ્ય, દેવાયુષ્ય અને તિર્યંચાયુષ્યની ઉ૦સ્થિતિ તદ્યોગ્યવિશુદ્ધિથી બંધાય છે. અને બાકીની ૧૧૭ પ્રકૃતિની ઉ૦સ્થિતિ અતિસંકિલષ્ટ અધ્યવસાયથી બંધાય છે.

અહીં ૧૧૭ પ્રકૃતિનું ઉત્કૃષ્ટસ્થિતિબંધરૂપ કાર્યનું કારણ અતિ-સંકિલષ્ટ પરિણામ છે. તે અશુભ છે. એટલે **જે કાર્યનું કારણ અશુભ હોય, તે કાર્ય અશુભ ગણાય છે. એ ન્યાયે** અતિસંકિલષ્ટ અધ્યવસાયરૂપ કારણથી જન્ય ઉ૦સ્થિતિબંધરૂપ કાર્ય અશુભ ગણાય છે. અથવા[30]...

શુભપ્રકૃતિમાં સ્થિતિ વધે છે. તેમ શુભ રસ ઘટે છે. એટલે નીકળી ગયેલા રસવાળા શેરડીના સાંઠાની જેમ શુભકર્મો હોય છે. અને અશુભ-પ્રકૃતિમાં સ્થિતિ વધે છે તેમ અશુભ રસ પણ વધે છે તેથી પણ શુભાશુભ કર્મપ્રકૃતિની ઉ૦સ્થિતિ અશુભ કહી છે.

---

(૩૦) यदि वा यथा यथा शुभप्रकृतीनां स्थितिर्वर्धते तथा तथा शुभानुभागस्तत्संबन्धी हीयते परिगालितरसेक्षुयष्टिकल्पानि शुभकर्माणि भवन्तीत्यर्थः । अशुभप्रकृतीनां तु स्थिति-वृद्धावशुभरसोऽपि तत्संबन्धी वर्धत एवेत्यतोऽपि कारणात् स्थितीनामेवाशुभत्वं....
[સ્વોપજ્ઞટીકા]

**સ્થિતિબંધસ્થાનમાં સ્થિતિબંધના અધ્યવસાયો:-**

જઘન્યસ્થિતિ, સમયાધિકજઘન્યસ્થિતિ, દ્વિસમયાધિકજઘન્યસ્થિતિ ત્રિસમયાધિકજઘન્યસ્થિતિ એ રીતે, એક એક સમય વધારતાં વધારતાં ઉ૦સ્થિતિ સુધીના જેટલા સ્થિતિના ભેદો થાય તેટલી સ્થિતિઓ બંધાય છે. એટલે કુલ અસંખ્યસ્થિતિઓ બંધાય છે. તેમાંથી કોઈપણ **એક સ્થિતિ એકજીવની અપેક્ષાએ એકસમયે એક જ સ્થિતિબંધના અધ્યવસાયથી બંધાય છે** અને **ત્રિકાળવર્તી અનેકજીવની અપેક્ષાએ અસંખ્યલોકાકાશ-પ્રદેશપ્રમાણ સ્થિતિબંધના અધ્યવસાયથી બંધાય છે.**

અસત્કલ્પનાથી...

**અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ અધ્યવસાય=૫ અધ્યવસાય...**

માનવામાં આવે, તો...

**अ** નામનો જીવ ૧લા અધ્યવસાયથી જ૦સ્થિતિને બાંધે છે.

**ब** નામનો જીવ ૨જા અધ્યવસાયથી જ૦સ્થિતિને બાંધે છે.

**क** નામનો જીવ ૩જા અધ્યવસાયથી જ૦સ્થિતિને બાંધે છે.

**ड** નામનો જીવ ૪થા અધ્યવસાયથી જ૦સ્થિતિને બાંધે છે.

**य** નામનો જીવ **૫**મા અધ્યવસાયથી જ૦સ્થિતિને બાંધે છે.

એ રીતે, **૫** જીવો **૫** અધ્યવસાયથી જ૦સ્થિતિને બાંધે છે. પણ વાસ્તવિકરીતે, ત્રિકાળવર્તી અનેકજીવની અપેક્ષાએ જઘન્યસ્થિતિ અસંખ્ય-લોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયોથી બંધાય છે.

એ જ પ્રમાણે, સમયાધિક જ૦સ્થિતિથી માંડીને ઉ૦સ્થિતિ સુધીની દરેક સ્થિતિ અનેકજીવની અપેક્ષાએ અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ અધ્યવસાયથી બંધાય છે. તેથી કોઈપણ **સ્થિતિના બંધનું કારણ અસંખ્ય-લોકાકાશપ્રદેશપ્રમાણ સ્થિતિબંધના અધ્યવસાયો છે.** એટલે જઘન્યસ્થિતિ-બંધસ્થાનથી માંડીને ઉ૦સ્થિતિબંધસ્થાન સુધીના **દરેક સ્થિતિબંધસ્થાને અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થિતિબંધના અધ્યવસાય હોય છે.**

**સ્થિતિબંધસ્થાનમાં વિશેષાધિક અધ્યવસાયો :-**

[31]નવમા-દશમા ગુણઠાણામાં ત્રિકાળવર્તી અનેકજીવને એકસરખો જ અધ્યવસાય હોય છે. તેથી એકસ્થિતિસ્થાને એક જ સ્થિતિબંધનો અધ્યવસાય

હોય છે. તે અધ્યવસાયોની આકૃતિ મોતીની માળાની શેર જેવી થાય છે અને ૮મા ગુણઠાણાથી ૧લા ગુણઠાણા સુધી એક-એક સ્થિતિસ્થાને અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થિતિબંધના અધ્યવસાયો હોય છે.

૮મા ગુણઠાણાના છેલ્લાસમયે રહેલા જઘન્યસ્થિતિસ્થાનમાં અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા અધ્યવસાયો હોય છે. તેનાથી સમયાધિક જઘન્યસ્થિતિસ્થાનમાં **"થોડા વધારે"** [વિશેષાધિક] અધ્યવસાયો હોય છે અને **તે બધા નવા** જ અધ્યવસાયો હોય છે. એટલે **જે અધ્યવસાયોથી જઘન્યસ્થિતિબંધાય છે. તેમાંના કોઈપણ અધ્યવસાયથી સમયાધિક જ૦સ્થિતિ બંધાતી નથી.** સમયાધિક જઘન્યસ્થિતિસ્થાનથી દ્વિસમયાધિક જ૦સ્થિતિસ્થાનમાં **"વિશેષાધિક"** અધ્યવસાયો હોય છે અને તે સર્વે નવા જ અધ્યવસાયો હોય છે. એટલે જે સ્થિતિબંધના અધ્યવસાયોથી સમયાધિક જ૦સ્થિતિ બંધાય છે. તેમાંના કોઇપણ અધ્યવસાયથી દ્વિસમયાધિક જ૦સ્થિતિ બંધાતી નથી.

એ રીતે, ઉત્કૃષ્ટસ્થિતિ સુધી પૂર્વ પૂર્વના સ્થિતિસ્થાનથી પછી પછીના સ્થિતિસ્થાનમાં વિશેષાધિક-વિશેષાધિક સ્થિતિબંધના અધ્યવસાયો હોય છે. અને દરેક સ્થિતિસ્થાનમાં સર્વે નવા જ અધ્યવસાયો હોય છે. તે અધ્યવસાયોની આકૃતિ **"વિષમચતુરસ્ત્ર"** થાય છે.

અસત્કલ્પનાથી **અસંખ્યસ્થિતિસ્થાન = ૬૦ સ્થિતિબંધસ્થાન.**
**અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ અધ્યવસાય = ૫ અધ્યવસાય.**
**વિશેષાધિક = ૧ અધ્યવસાય** સમજવા.

**ચિત્રનં૦૯માં** ઉભી લાઈનમાં ક્રમશઃ ૬૦ સ્થિતિબંધસ્થાન બતાવેલા છે. તેમાં **નવમા-દશમા**ગુણઠાણે **૫૨થી૬૦** સુધીના સ્થિતિસ્થાનમાં **એક-એક** સ્થિતિબંધનો અધ્યવસાય હોય છે. અને તે ક્રમશઃ અનંતગુણવિશુદ્ધ હોય છે તેથી તે અધ્યવસાયની આકૃતિ **ચિત્રનં૦૯માં** બતાવ્યા મુજબ ક્રમશઃ મોટા-મોટા મોતીની માળાની શેર જેવી થાય છે.

---

(૩૧) अत्र जघन्यस्थितिबन्धस्थानं तु यथासमयमष्टमगुणस्थानपर्यवसानं यावत् प्राप्यमाणमेव ग्राह्यम्, न पुनर्नवमदशमगुणस्थानप्राप्तमपि यतस्तत्रैकैकाध्यवसायस्यैव भावेनासंख्यलोकप्रमाणस्यैवानुपपत्तेरिति । **बन्धविहाणेउत्तरपयडिरसबन्धो ग्रन्थ.** ભાગ-૨ **પ્રેમપ્રભા ટીકા...**

ચિત્ર નં. ૯

## સ્થિતિસ્થાનમાં સ્થિતિબંધના અધ્યવસાયો



ચિત્ર નં. ૯

## સ્થિતિસ્થાનમાં સ્થિતિબંધના અધ્યવસાયો



**૮મા ગુણઠાણા**ના છેલ્લાસમયે=**૫૧**માં સ્થિતિસ્થાને **૫** સ્થિતિબંધના અધ્યવસાયો હોય છે. **૫૦** મા સ્થિતિસ્થાને ૬ સ્થિતિબંધના અધ્યવસાયો હોય છે. **તે બધા નવા જ** હોય છે. ૪૯મા સ્થિતિસ્થાને ૭ સ્થિતિબંધના અધ્યવસાયો હોય છે. **તે બધા નવા જ** હોય છે. ૪૮મા સ્થિતિસ્થાને ૮ સ્થિતિબંધના અધ્યવસાયો હોય છે. **તે બધા નવા જ** હોય છે.

એ રીતે, એક-એક સ્થિતિસ્થાને એક-એક અધ્યવસાય વધારતાં વધારતાં ૧લા ઉ૦સ્થિતિસ્થાને ૬૦ સ્થિતિબંધના અધ્યવસાયો હોય છે. એટલે સ્થિતિબંધના અધ્યવસાયોની આકૃતિ **"વિષમચતુરસ્ર"** થાય છે.

એ રીતે, જ૦સ્થિતિસ્થાનથી માંડીને ઉ૦સ્થિતિસ્થાન સુધીના કુલ અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા=**૧૫૩૯** સ્થિતિબંધના અધ્યવસાયો હોય છે.

**ચિત્રનં૦૯માં બતાવ્યા મુજબ** છેલ્લા **૧૫૩૯**મા ઉ૦સ્થિતિબંધના અધ્યવસાયથી માંડીને ૧લા જ૦સ્થિતિબંધના અધ્યવસાય તરફ જતાં પૂર્વ પૂર્વના અધ્યવસાયથી પછી પછી ના અધ્યવસાયમાં વિશુદ્ધિ વધતી જવાના કારણે તે સર્વે અધ્યવસાયો **"વિશુદ્ધિસ્થાનો"** બને છે. અને **૧લા** જ૦સ્થિતિબંધના અધ્યવસાયથી માંડીને **છેલ્લા ૧૫૩૯મા ઉ૦ સ્થિતિબંધના** અધ્યવસાય તરફ આવતાં પૂર્વે પૂર્વના અધ્યવસાયથી પછી પછીના અધ્યવસાયમાં સંક્લિષ્ટતા વધતી જાય છે. તેથી ક્ષપકશ્રેણિગતઅધ્યવસાયોને છોડીને બાકીના અધ્યવસાયો **"સંક્લેશસ્થાનો"** બને છે તેમાં **૧લો** અધ્યવસાય એ **"સર્વોત્કૃષ્ટવિશુદ્ધિસ્થાન"** બને છે અને છેલ્લો **૧૫૩૯**મો અધ્યવસાય એ **"સર્વોત્કૃષ્ટસંક્લેશસ્થાન"** બને છે. વચ્ચેના અધ્યવસાયો ચઢતી વખતે વિશુદ્ધિસ્થાનો બને છે અને ઉતરતી વખતે ક્ષપકશ્રેણિગત-અધ્યવસાયો છોડીને બાકીના અધ્યવસાયો સંક્લેશસ્થાનો બને છે. તેથી સંક્લેશસ્થાનો કરતાં વિશુદ્ધિસ્થાનો થોડા વધારે હોય છે.

ઉપશમકની અપેક્ષાએ જેટલા સંક્લેશસ્થાનો છે. તેટલા વિશુદ્ધિસ્થાનો છે અને ક્ષપકને ક્ષપકશ્રેણીમાંથી પડવાનું હોતું નથી તેથી ક્ષપકશ્રેણીમાં રહેલા અધ્યવસાયો વિશુદ્ધિસ્થાનો જ બને છે. સંક્લેશસ્થાનો બનતા નથી.

**સર્વે સ્થિતિમાં અશુભતા:-**

**બૃહત્[32] શતકગ્રંથમાં** કહ્યું છે કે, સંક્લેશ વધે તો સ્થિતિબંધ વધે છે અને સંક્લેશ ઘટે તો સ્થિતિબંધ ઘટે છે. એટલે અન્વયવ્યતિરેકથી ૩ આયુષ્યને છોડીને બાકીની શુભાશુભકર્મપ્રકૃતિની દરેક સ્થિતિઓ સંક્લેશથી જ બંધાય છે. તેથી સર્વે સ્થિતિના બંધનું કારણ કષાયોદયજન્ય સંક્લેશ છે.

એ જ પ્રમાણે, ગ્રન્થકાર ભગવંતે સ્વોપજ્ઞટીકામાં કહ્યું છે કે, જ૦સ્થિતિબંધનું કારણ વિશુદ્ધિ છે એ વિશુદ્ધિ **કષાય[33] ઘટવા** રૂપ લેવી. એટલે કે કષાયોદયની અલ્પતા એ જ વિશુદ્ધિ છે. તેથી જ૦સ્થિતિબંધનું કારણ કષાયની અલ્પતા [મંદસંક્લેશ] છે.

એટલે **અલ્પસંક્લેશથી જ૦સ્થિતિબંધ** થાય છે.

**મધ્યમસંક્લેશથી મધ્યમસ્થિતિબંધ** થાય છે.

અને **અતિસંક્લેશથી ઉત્કૃષ્ટસ્થિતિબંધ** થાય છે.

એટલે સર્વે સ્થિતિઓ સંક્લેશથી બંધાય છે. તેથી **અશુભવૃક્ષથી જન્ય અશુભફળની જેમ અશુભ કારણરૂપ સંક્લેશથી જન્ય સર્વે સ્થિતિઓ "અશુભ" ગણાય છે.**

**શંકા :- શાસ્ત્રવચનથી સ્થિતિબંધ અને રસબંધનું કારણ કષાય છે. એટલે તે બન્નેનો હેતુ સમાન હોવાથી જેમ સ્થિતિઓ અશુભ કહી છે. તેમ રસ પણ અશુભ જ કહો ને? શુભાશુભ કેમ કહો છો?**

**સમાધાન :-** સ્થિતિબંધ અને રસબંધનું કારણ કષાય છે. એ વાત સાચી છે. પણ જ્ઞાનાવરણીયાદિકર્મમાં સંક્લેશ વધે તો સ્થિતિબંધ વધે છે અને સંક્લેશ ઘટે તો સ્થિતિબંધ ઘટે છે. એટલે અન્વયવ્યતિરેકથી સ્થિતિબંધનું કારણ સંક્લેશ જ છે. તેથી સર્વે સ્થિતિઓ અશુભ કહી છે. પણ સંક્લેશ વધે, તો જ્ઞાનાવરણીયાદિ-અશુભપ્રકૃતિનો રસ વધે છે અને શાતાદિ શુભ

---

(૩૨) उक्कोससंकिलेसेणं ईसिं अहमज्झिमेणावि । [બૃહત્શતક]

(૩૩) इतरा जघन्या पुनर्विशोधितो विशुद्धया कषायापचयरूपया बध्यते । [સ્વોપજ્ઞટીકા]

પ્રકૃતિનો રસ ઘટે છે. તેથી અશુભપ્રકૃતિમાં રસની વૃદ્ધિનું કારણ સંક્લેશ છે એટલે સંક્લેશરૂપ અશુભકારણથી જન્યઅશુભપ્રકૃતિનો રસ **"અશુભ"** ગણાય છે અને વિશુદ્ધિ વધે, તો જ્ઞાનાવરણીયાદિ અશુભપ્રકૃતિનો રસ ઘટે છે અને શાતાદિ શુભપ્રકૃતિનો રસવધે છે. તેથી શુભપ્રકૃતિમાં રસની વૃદ્ધિનું કારણ વિશુદ્ધિ છે. એટલે વિશુદ્ધિરૂપ શુભકારણથી જન્ય શુભપ્રકૃતિનો રસ **"શુભ"** ગણાય છે. એટલે રસબંધ શુભ અને અશુભ કહ્યો છે.

મનુષ્યાયુ, દેવાયુ અને તિર્યંચાયુની ઉ૦સ્થિતિ તદ્યોગ્યવિશુદ્ધ અધ્યવસાય રૂપ શુભકારણથી બંધાય છે. તેથી તે આયુષ્યનું ઉ૦સ્થિતિ-બંધરૂપ કાર્ય શુભ ગણાય છે.

[૩૪]અથવા...

મનુષ્યાયુષ્યાદિ-૩ની સ્થિતિ વધે છે. તેમ રસ પણ વધે છે અને તે રસ સુખનો અનુભવ કરાવે છે. તેથી તે આયુષ્યની સ્થિતિ **"શુભ"** કહી છે.

કર્મબંધ પ્રત્યે માત્ર કષાય જ નહીં, યોગ પણ કારણ છે. તેથી ગ્રન્થકાર ભગવંત જીવસ્થાનોમાં યોગનું અલ્પબહુત્વ કહી રહ્યાં છે.

જીવસ્થાનોમાં યોગનું અલ્પબહુત્વઃ-

**सुहुमनिगोयाइखणप्पजोग, बायर य विगलअमणमणा ।**
**अपज्ज लहु पढमदुगुरु, पज्ज हस्सियरो असंखगुणो ॥५३॥**

सूक्ष्मनिगोदादिक्षणेऽल्पयोगः बादरविकलामनस्कमनस्कस्य ।
अपर्याप्तस्य लघुः प्रथमद्विकस्य गुरुः पर्याप्तस्य ह्रस्वेतरः असङ्ख्यगुणः ॥५३॥

**ગાથાર્થ :- સૂક્ષ્મનિગોદીયાજીવોને પ્રથમસમયે અલ્પયોગ હોય છે. તેનાથી અપર્યાપ્તબાદર એકેન્દ્રિયનો જઘન્યયોગ અસંખ્યગુણો હોય છે. તેનાથી અપર્યાપ્ત વિકલેન્દ્રિયત્રિકનો ક્રમશઃ જઘન્યયોગ અસંખ્યગુણો હોય છે. તેનાથી અપર્યાપ્તઅસંજ્ઞીનો જઘન્યયોગ અસંખ્યગુણો હોય છે. તેનાથી અપર્યાપ્તસંજ્ઞીનો જઘન્યયોગ અસંખ્યગુણો હોય છે. તેનાથી અપર્યાપ્તસૂક્ષ્મનિગોદીયાજીવનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણો હોય છે.**

---

(૩૪) अथवा प्रस्तुतायुष्कत्रयस्थितिवृद्धौ रसोऽपि वर्धते स च शुभः सुखजनकत्वात् । इत्यतोऽपि प्रस्तुतायुष्कस्थितेः शुभत्वं,......[સ્વોપજ્ઞટીકા]

તેનાથી અપર્યાપ્તબાદર એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણો હોય છે. તેનાથી પર્યાપ્ત સૂક્ષ્મનિગોદીયાજીવનો જઘન્યયોગ અસંખ્યગુણો છે તેનાથી પર્યાપ્ત બાદર એકેન્દ્રિયનો જઘન્યયોગ અસંખ્યગુણો છે. તેનાથી પર્યાપ્ત-સૂક્ષ્મનિગોદનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણો છે. તેનાથી પર્યાપ્તબાદર એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણો છે.

**વિવેચન** :-આત્મા અનંતવીર્યગુણનો માલિક છે. એ વીર્ય-૩ પ્રકારે છે.

(૧) **આવૃતવીર્ય** (૨) **લબ્ધિવીર્ય** (૩) **કરણવીર્ય** [યોગ].

(૧) કર્મદ્વારા ઢંકાયેલા વીર્યને **"આવૃતવીર્ય"** કહે છે.

(૨) વીર્યાંતરાયકર્મના સંપૂર્ણ ક્ષયથી જે વીર્ય પ્રગટ થાય છે. તે **"ક્ષાયિકભાવનું લબ્ધિવીર્ય"** કહેવાય છે અને વીર્યાંતરાયકર્મના ક્ષયોપશમથી જે વીર્ય પ્રગટ થાય છે. તે **"ક્ષાયોપશમિકભાવનું લબ્ધિવીર્ય"** કહેવાય છે.

(૩) લબ્ધિવીર્યમાંથી મન-વચન-કાયાથી જેટલા અંશે વીર્યનો વ્યાપાર થઇ રહ્યો છે તેટલા વીર્યને **કરણવીર્ય=ઉપયોગવીર્ય=યોગ** કહે છે.

**યોગનું સ્વરૂપ** :-

એક જીવના પ્રદેશો [આત્મપ્રદેશો] અસંખ્ય[૧લોકના આકાશપ્રદેશ જેટલા] છે. તે દરેક આત્મપ્રદેશે લબ્ધિવીર્ય એકસરખું હોય છે. પણ કરણવીર્ય [વીર્યવ્યાપાર] એક સરખું હોતું નથી કારણ કે સાંકળની કડીની જેમ એક જીવના દરેક આત્મપ્રદેશો પરસ્પર જોડાયેલા હોય છે. તેથી જેમ સાંકળની એક કડી હલાવીએ તો બધી જ કડીમાં કંપન થાય છે. પણ જે કડી હલાવીએ તેમાં કંપન વધુ થાય છે અને તેનાથી દૂર દૂર રહેલી કડીઓમાં કંપન ઓછું ઓછું થાય છે તેમ શરીરના અમુક ભાગમાં રહેલા આત્મપ્રદેશો જે કાર્ય કરે છે. તે કાર્યને બાકીના બધા જ આત્મપ્રદેશો કરે છે. પણ જે આત્મપ્રદેશો કાર્યની નજીક હોય છે. તેમાં ચેષ્ટા વધુ હોય છે. તેનાથી જે આત્મપ્રદેશો દૂર દૂર હોય, તેમાં ક્રમશઃ ચેષ્ટા ઓછી ઓછી હોય છે.

દા૦ત૦ કોઇપણ વ્યક્તિ હાથના આંગળાથી ઘડો ઉપાડે છે

ત્યારે તે આંગળાની સાથે કાંડુ, કોણી, ખભો વગેરે ઘડો ઉપાડવાની ક્રિયામાં જોડાયેલા હોય છે. પણ હાથના આંગળામાં રહેલા આત્મ-પ્રદેશોમાં ચેષ્ટા વધુ હોય છે. તેનાથી દૂર દૂર રહેલા મણિબંધ, કોણી, ખભા, માથા વગેરેના આત્મપ્રદેશોમાં ચેષ્ટા થોડી ઓછી ઓછી હોય છે. એટલે હાથના આંગળામાં રહેલા આત્મપ્રદેશોમાં વીર્યવ્યાપાર વધુ હોય છે અને મણિબંધાદિમાં ક્રમશઃ વીર્યવ્યાપાર ઓછો ઓછો હોય છે. એટલે એક જ જીવમાં ઓછા-વધતા વીર્યવ્યાપારવાળા આત્મપ્રદેશો મળી શકે છે. એ ન્યૂનાધિક વીર્યવ્યાપારવાળા આત્મપ્રદેશોની વર્ગણાઓ થાય છે. એ વર્ગણાઓનું સ્પર્દ્ધક થાય છે અને સ્પર્દ્ધકોનું યોગસ્થાનક થાય છે.

**વીર્યાવિભાગ [વીર્યાણુ] :-**

કેવલીભગંવતની બુદ્ધિરૂપ શસ્ત્રથી પણ જેના બે વિભાગ ન થઇ શકે એવા વીર્યના અંશને **"અવિભાગ"** અથવા **"વીર્યાણુ"** અથવા **"યોગાણુ"** કહે છે.

**વર્ગણા:-**

સરખે સરખા વીર્યાણુવાળા આત્મપ્રદેશના સમૂહને **"વર્ગણા"** કહે છે.

સર્વજઘન્ય વીર્યવ્યાપારવાળા લબ્ધિઅપર્યાપ્તા સૂક્ષ્મનિગોદીયા જીવને ભવના પ્રથમ સમયે એક-એક આત્મપ્રદેશ ઉપર ઓછામાં ઓછા અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા વીર્યાણુ હોય છે.

લબ્ધિ-અપર્યાપ્તાસૂક્ષ્મનિગોદીયા જીવના સૌથી ઓછામાં ઓછા વીર્યાણુવાળા આત્મપ્રદેશના સમૂહની **પ્રથમવર્ગણા** થાય છે. તેનાથી એક અધિક વીર્યાણુવાળા પણ પૂર્વથી થોડા ઓછા આત્મપ્રદેશના સમૂહની **બીજીવર્ગણા** થાય છે. તેનાથી એક અધિક વીર્યાણુવાળા પણ પૂર્વથી થોડા ઓછા આત્મપ્રદેશના સમૂહની **ત્રીજીવર્ગણા** થાય છે.

એ રીતે, ચોથી, પાંચમી વગેરે અસંખ્યાતી[૩૫] વર્ગણા થાય છે.

---

(૩૫) ઘનીકૃતલોકની એક આકાશપ્રદેશ જાડી અને ૭ રાજ લાંબી આકાશપ્રદેશની શ્રેણીના અસંખ્યાતમાં ભાગમાં રહેલા આકાશપ્રદેશ જેટલી વર્ગણા, સ્પર્દ્ધકો અને યોગસ્થાનકો થાય છે.

જીવસ્વભાવે જ ઘણા વીર્યાણુવાળા જીવપ્રદેશો ઓછા હોય છે. તેથી વર્ગણામાં જેમ જેમ વીર્યાણુ વધે છે. તેમ તેમ જીવપ્રદેશો ઘટે છે.

**સ્પર્દ્ધક :-**

જેમાં વર્ગણાઓ એક-એક વીર્યાણુની વૃદ્ધિ દ્વારા સ્પર્દ્ધા કરે છે, તે **"સ્પર્દ્ધક"** કહેવાય.

ઉપર કહ્યા મુજબ અસંખ્યવર્ગણાનું એક સ્પર્દ્ધક થાય છે. ત્યારપછી પહેલાસ્પર્દ્ધકની છેલ્લી વર્ગણામાં જેટલા વીર્યાણુ હોય છે. તેનાથી એક વીર્યાણુ અધિક હોય એવા જીવપ્રદેશો હોતા નથી બે-ત્રણ-ચાર-સંખ્યાત કે અસંખ્યાત વીર્યાણુ અધિક હોય એવા જીવપ્રદેશો હોતા નથી પરંતુ અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા વીર્યાણુ અધિક હોય એવા જીવપ્રદેશો હોય છે. તેથી પહેલાસ્પર્દ્ધકની છેલ્લી વર્ગણામાં જેટલા વીર્યાણુ હોય છે. તેનાથી બીજાસ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા વીર્યાણુ અધિક હોય છે. તેથી પહેલા સ્પર્દ્ધકની છેલ્લી વર્ગણામાં રહેલા વીર્યાણુથી અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા અધિક વીર્યાણુવાળા જીવપ્રદેશોના સમૂહની બીજાસ્પર્દ્ધકની પહેલી વર્ગણા થાય છે. તેનાથી એક અધિકવીર્યાણુવાળા પણ પૂર્વથી થોડા ઓછા જીવપ્રદેશોના સમૂહની બીજાસ્પર્દ્ધકની બીજીવર્ગણા થાય છે.

એ રીતે, એક-એક અધિક વીર્યાણુવાળી અને પૂર્વથી થોડા ઓછા ઓછા જીવપ્રદેશોના સમૂહવાળી અસંખ્યાતી વર્ગણાનું બીજુસ્પર્દ્ધક થાય છે.

એ પ્રમાણે, અસંખ્યસ્પર્દ્ધકના સમૂહનું પ્રથમ યોગસ્થાનક થાય છે.

**યોગસ્થાનક :-**

કોઈપણ સયોગી જીવના દરેક આત્મપ્રદેશોમાં એક જ સમયે ઉત્પન્ન થતાં વીર્યવ્યાપારને **"યોગસ્થાનક"** કહે છે. એટલે એક યોગસ્થાનમાં એક જીવના એક સમયના વીર્યવ્યાપારનો સમાવેશ થાય છે.

અસત્કલ્પનાથી **એકજીવના અસંખ્યઆત્મપ્રદેશો=૫૦૦૦** આ૦પ્ર૦

**અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા વીર્યાણુ=૧૦૦૦૦૦ વીર્યાણુ**

**અસંખ્ય=૫**

**વિશેષહીન =૨** માનવામાં આવે, તો...

૧૦૦૦૦૦ વીર્યાણુવાળા ૨૨૪ આ૦પ્ર૦ના સમૂહની **પ્રથમ**વર્ગણા થાય છે.
૧૦૦૦૦૧ વીર્યાણુવાળા ૨૨૨ આ૦પ્ર૦ના સમૂહની **બીજી**વર્ગણા થાય છે.
૧૦૦૦૦૨ વીર્યાણુવાળા ૨૨૦ આ૦પ્ર૦ના સમૂહની **ત્રીજી**વર્ગણા થાય છે.
૧૦૦૦૦૩ વીર્યાણુવાળા ૨૧૮ આ૦પ્ર૦ના સમૂહની **ચોથી**વર્ગણા થાય છે.
૧૦૦૦૦૪ વીર્યાણુવાળા ૨૧૬ આ૦પ્ર૦ના સમૂહની **પાંચમી**વર્ગણા થાય છે.

એ પાંચે વર્ગણાના સમૂહનું **"પ્રથમસ્પર્દ્ધક"** થાય છે.

૨૦૦૦૦૦ વીર્યાણુવાળા ૨૧૪ આ૦પ્ર૦ના સમૂહની **પ્રથમ**વર્ગણા થાય છે.
૨૦૦૦૦૧ વીર્યાણુવાળા ૨૧૨ આ૦પ્ર૦ના સમૂહની **બીજી**વર્ગણા થાય છે.
૨૦૦૦૦૨ વીર્યાણુવાળા ૨૧૦ આ૦પ્ર૦ના સમૂહની **ત્રીજી**વર્ગણા થાય છે.
૨૦૦૦૦૩ વીર્યાણુવાળા ૨૦૮ આ૦પ્ર૦ના સમૂહની **ચોથી**વર્ગણા થાય છે.
૨૦૦૦૦૪ વીર્યાણુવાળા ૨૦૬ આ૦પ્ર૦ના સમૂહની **પાંચમી**વર્ગણા થાય છે.

એ પાંચે વર્ગણાના સમૂહનું **"બીજુંસ્પર્દ્ધક"** થાય છે.

૩૦૦૦૦૦ વીર્યાણુવાળા ૨૦૪ આ૦પ્ર૦ના સમૂહની **પ્રથમ**વર્ગણા થાય છે.
૩૦૦૦૦૧ વીર્યાણુવાળા ૨૦૨ આ૦પ્ર૦ના સમૂહની **બીજી**વર્ગણા થાય છે.
૩૦૦૦૦૨ વીર્યાણુવાળા ૨૦૦ આ૦પ્ર૦ના સમૂહની **ત્રીજી**વર્ગણા થાય છે.
૩૦૦૦૦૩ વીર્યાણુવાળા ૧૯૮ આ૦પ્ર૦ના સમૂહની **ચોથી**વર્ગણા થાય છે.
૩૦૦૦૦૪ વીર્યાણુવાળા ૧૯૬ આ૦પ્ર૦ના સમૂહની **પાંચમી**વર્ગણા થાય છે.

એ પાંચે વર્ગણાના સમૂહનું **"ત્રીજુંસ્પર્દ્ધક"** થાય છે.

૪૦૦૦૦૦ વીર્યાણુવાળા ૧૯૪ આ૦પ્ર૦ના સમૂહની **પ્રથમ**વર્ગણા થાય છે.
૪૦૦૦૦૧ વીર્યાણુવાળા ૧૯૨ આ૦પ્ર૦ના સમૂહની **બીજી**વર્ગણા થાય છે.
૪૦૦૦૦૨ વીર્યાણુવાળા ૧૯૦ આ૦પ્ર૦ના સમૂહની **ત્રીજી**વર્ગણા થાય છે.
૪૦૦૦૦૩ વીર્યાણુવાળા ૧૮૮ આ૦પ્ર૦ના સમૂહની **ચોથી**વર્ગણા થાય છે.
૪૦૦૦૦૪ વીર્યાણુવાળા ૧૮૬ આ૦પ્ર૦ના સમૂહની **પાંચમી**વર્ગણા થાય છે.

એ પાંચે વર્ગણાના સમૂહનું **"ચોથુંસ્પર્દ્ધક"** થાય છે.

**૫૦૦૦૦૦** વીર્યાણુવાળા **૧૮૪** આ૦પ્ર૦ના સમૂહની **પ્રથમ**વર્ગણા થાય છે.

**૫૦૦૦૦૧** વીર્યાણુવાળા **૧૮૨** આ૦પ્ર૦ના સમૂહની **બીજી**વર્ગણા થાય છે.

**૫૦૦૦૦૨** વીર્યાણુવાળા **૧૮૦** આ૦પ્ર૦ના સમૂહની **ત્રીજી**વર્ગણા થાય છે.

**૫૦૦૦૦૩** વીર્યાણુવાળા **૧૭૮** આ૦પ્ર૦ના સમૂહની **ચોથી**વર્ગણા થાય છે.

**૫૦૦૦૦૪** વીર્યાણુવાળા **૧૭૬** આ૦પ્ર૦ના સમૂહની **પાંચમી**વર્ગણા થાય છે.

એ પાંચે વર્ગણાના સમૂહનું **"પાંચમુંસ્પર્દ્ધક"** થાય છે.

એ પાંચે સ્પર્દ્ધકના સમૂહનું **"પ્રથમયોગસ્થાનક"** થાય છે.

એ પ્રમાણે, એકજીવના ૧૧૦૦+૧૦૫૦+૧૦૦૦+૯૫૦+૯૦૦=૫૦૦૦ આત્મપ્રદેશમાં ક્રમશઃ ઓછો-વધતો વીર્યવ્યાપાર હોવાથી વીર્યાણુની અસંખ્ય=૫ વર્ગણાનું એકસ્પર્દ્ધક અને અસંખ્યસ્પર્દ્ધક=૫ સ્પર્દ્ધકનું પ્રથમયોગસ્થાનક થાય છે.

પહેલા યોગસ્થાનકથી બીજાયોગસ્થાનકમાં કાંઈક અધિક સ્પર્દ્ધકો હોય છે. તેનાથી ત્રીજાયોગસ્થાનકમાં કાંઈક અધિક સ્પર્દ્ધકો હોય છે.

**અસત્કલ્પનાથી** પહેલા યોગસ્થાનકમાં **૫** સ્પર્દ્ધકો હોય છે બીજા યોગસ્થાનકમાં **૬** સ્પર્દ્ધકો હોય છે. ત્રીજા યોગસ્થાનકમાં **૭** સ્પર્દ્ધકો હોય છે. એ પ્રમાણે છેલ્લા યોગસ્થાનક સુધી સમજવું..

સર્વજઘન્ય વીર્યવ્યાપારવાળા **લબ્ધિ-અપર્યાપ્તાસૂક્ષ્મનિગોદીયા જીવને ભવના પ્રથમસમયે પ્રથમયોગસ્થાનક** હોય છે. તેનાથી કાંઈક અધિક વીર્યવ્યાપારવાળા બીજા લબ્ધિ-અપર્યાપ્તા સૂક્ષ્મનિગોદીયાજીવને બીજુંયોગસ્થાનક હોય છે.

એ પ્રમાણે કુલ **અસંખ્ય** યોગસ્થાનકો થાય છે.

**યોગનું કાર્યઃ-**

કોઈપણ જીવ યોગથી ઔદારિકાદિશરીરને યોગ્ય પુદ્ગલસ્કંધોને ગ્રહણ કરીને ઔદારિકાદિશરીરરૂપે પરિણમાવે છે અને ભાષાદિ

પુદ્ગલસ્કંધોને ગ્રહણ કરીને ભાષાદિરૂપે પરિણમાવે છે. ત્યારપછી તે જ પુદ્ગલોનું આલંબન લઈને ભાષાદિ પુદ્ગલોને શબ્દાદિ રૂપે છોડી મૂકે છે. એટલે વીર્યનો વ્યાપાર મન-વચન-કાયાની સહાયતાથી થઈ રહ્યો છે. તેથી વીર્યના વ્યાપારનું સહકારી કારણ મન-વચન-કાયા છે. એટલે (૧) જે વીર્યનો વ્યાપાર શરીરને યોગ્ય પુદ્ગલોની સહાયતાથી થઈ રહ્યો છે, તે **"કાયયોગ"** કહેવાય. (૨) જે વીર્યનો વ્યાપાર ભાષાપુદ્ગલોની સહાયતાથી થઈ રહ્યો છે, તે **"વચનયોગ"** કહેવાય. અને (૩) જે વીર્યનો વ્યાપાર મનોદ્રવ્યની સહાયતાથી થઈ રહ્યો છે, તે **"મનોયોગ"** કહેવાય.

એમાંથી એકેન્દ્રિયને કાયયોગ જ હોય છે. વિકલેન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિયને કાયયોગ અને વચનયોગ હોય છે. સંજ્ઞીને ત્રણે યોગ હોય છે. તેથી સર્વોત્કૃષ્ટયોગસ્થાનક મિથ્યાદષ્ટિપર્યાપ્તસંજ્ઞીને હોય છે.

**જીવસ્થાનકમાં યોગનું અલ્પબહુત્વ :-**

સર્વજઘન્ય વીર્યવ્યાપારવાળા **લબ્ધિ-અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિય** જીવને ભવના પ્રથમસમયે સૌથી અલ્પયોગ હોય છે.

તેનાથી **લબ્ધિ-અપર્યાપ્તબાદરએકેન્દ્રિય**નો જઘન્યયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **લબ્ધિ-અપર્યાપ્તબેઈન્દ્રિય**નો જઘન્યયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **લબ્ધિ-અપર્યાપ્તતેઈન્દ્રિય**નો જઘન્યયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **લબ્ધિ-અપર્યાપ્તચઉરિન્દ્રિય**નો જઘન્યયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **લબ્ધિ-અપર્યાપ્તઅસંજ્ઞી પંચેન્દ્રિય**નો જઘન્યયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **લબ્ધિ-અપર્યાપ્તસંજ્ઞી પંચેન્દ્રિય**નો જઘન્યયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **લબ્ધિ-અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિય**નો ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **લબ્ધિ-અપર્યાપ્તબાદરએકેન્દ્રિય**નો ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **પર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિય**નો જઘન્યયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **પર્યાપ્ત બાદરએકેન્દ્રિય**નો જઘન્યયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **પર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિયનો** ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **પર્યાપ્ત બાદરએકેન્દ્રિયનો** ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ છે.

ત્રસજીવસ્થાનકમાં યોગનું અલ્પબહુત્વ :-

**असमत्ततसुक्कोसो, पज्ज जहन्नियरु एव ठिइठाणा ।**
**अपजेयरसंखगुणा, परमपजबिए असंखगुणा ॥ ५४॥**

असमाप्तत्रसोत्कृष्टः पर्याप्तजघन्येतर एवं स्थितिस्थानानि ।
अपर्याप्तेतरस्य सङ्ख्यगुणानि, परम पर्याप्त द्वीन्द्रियस्यासङ्ख्यगुणानि॥ ५४॥

**ગાથાર્થ :- અપર્યાપ્ત ત્રસનો [બેઇન્દ્રિયાદિનો] ઉત્કૃષ્ટયોગ ક્રમશઃ અસંખ્યગુણ છે. તથા પર્યાપ્તબેઇન્દ્રિયાદિનો જઘન્યયોગ અને પર્યાપ્ત બેઇન્દ્રિયાદિનો ઉત્કૃષ્ટયોગ ક્રમશઃ અસંખ્યગુણો છે.**

**એ જ પ્રમાણે, અપર્યાપ્તા અને પર્યાપ્તામાં સ્થિતિસ્થાનો ક્રમશઃ સંખ્યાતગુણા કહેવાં. પરંતુ અપર્યાપ્તા બેઇન્દ્રિયમાં અસંખ્યગુણા સ્થિતિસ્થાનો કહેવાં.**

**વિવેચન** :- પર્યાપ્તાબાદર એકેન્દ્રિયના ઉત્કૃષ્ટયોગથી લબ્ધિ-**અપર્યાપ્તબેઇન્દ્રિયનો** ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **લબ્ધિ-અપર્યાપ્ત તેઇન્દ્રિયનો** ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **લબ્ધિ-અપર્યાપ્ત ચઉરિન્દ્રિયનો** ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **લબ્ધિ-અપર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિયનો** ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **લબ્ધિ-અપર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિયનો** ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **પર્યાપ્તા બેઇન્દ્રિયનો** જઘન્યયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **પર્યાપ્તા તેઇન્દ્રિયનો** જઘન્યયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **પર્યાપ્તા ચઉરિન્દ્રિયનો** જઘન્યયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **પર્યાપ્તા અસંજ્ઞીપંચેન્દ્રિયનો** જઘન્યયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **પર્યાપ્તા સંજ્ઞીપંચેન્દ્રિયનો** જઘન્યયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **પર્યાપ્તા બેઇન્દ્રિયનો** ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **પર્યાપ્તા તેઇન્દ્રિયનો** ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **પર્યાપ્તા ચઉરિન્દ્રિયનો** ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **પર્યાપ્તા અસંજ્ઞીપંચેન્દ્રિયનો**[36] ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **પર્યાપ્તા સંજ્ઞીપંચેન્દ્રિયનો** ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **અનુત્તરવાસી દેવોનો** ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **ગ્રૈવેયકદેવોનો** ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **યુગલિક તિર્યંચ-મનુષ્યનો** ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ છે.

તેનાથી **આહારકશરીરીનો** ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ છે.

તેનાથી બાકી રહેલા **દેવ-નારકો-તિર્યંચ-મનુષ્યોનો ઉ૦યોગ** અસંખ્યગુણ છે.

અહીં પૂર્વપૂર્વના યોગસ્થાનકને સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ગુણાકાર કરતાં પછી પછીના યોગસ્થાનકનું પ્રમાણ આવે છે.

કોઇપણ જીવ જઘન્યયોગથી[37] જઘન્યપ્રદેશબંધ અને જઘન્યસ્થિતિબંધ કરે છે. જેમ યોગ વધે છે. તેમ પ્રદેશબંધ અને સ્થિતિબંધ પણ વધે છે.

**જીવસ્થાનોમાં સ્થિતિસ્થાનોનું અલ્પબહુત્વ :-**

અપર્યાપ્તાસૂક્ષ્મએકેન્દ્રિયને સ્થિતિસ્થાનો સૌથી ઓછા હોય છે. કારણકે પૂર્વે કહ્યા મુજબ એકેન્દ્રિયને કર્મપ્રકૃતિના જ૦સ્થિતિબંધ અને ઉ૦-સ્થિતિબંધ વચ્ચે પલ્યોપમના અસંખ્યાતમાં ભાગનું જ અંતર હોય છે. તેમાં પણ અપર્યાપ્તાસૂક્ષ્મએકેન્દ્રિયને કર્મપ્રકૃતિના જ૦સ્થિતિબંધ અને ઉ૦સ્થિતિ-બંધ વચ્ચેનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ સૌથી નાનો હોય છે.

---

(૩૬) अमणाणुत्तरगेविज्ज....... ॥ १६ ॥ [કર્મપ્રકૃતિમાં બંધનકરણ] ततः पर्याप्त संज्ञ्युत्कृष्ट-योगादनुत्तरोपपातिनामुत्कृष्टो योगोऽसंख्येयगुणः । [સ્વોપજ્ઞટીકા]

(૩૭) जघन्ययोगी जघन्यकर्मप्रदेशग्रहणं जघन्यस्थितिं च विदधाति, योगवृद्धौ च तद्वृद्धिरपीति स्थितमिति । [સ્વોપજ્ઞટીકા]


બાદર પર્યાપ્તને
મિથ્યાત્વનો ૧૦૦૦૦ સમયનો ઉ૦ સ્થિતિબંધ
સૂક્ષ્મપર્યાપ્તને
મિથ્યાત્વનો ૯૯૫૫ સમયનો ઉ૦ સ્થિતિબંધ
બાદર અપર્યાપ્તને
મિથ્યાત્વનો ૯૯૪૦ સમયનો ઉ૦ સ્થિતિબંધ
સૂક્ષ્મઅપર્યાપ્તાને
મિથ્યાત્વનો ૯૯૩૫ સમયનો ઉ૦ સ્થિતિબંધ
સૂક્ષ્મઅપર્યાપ્તાને
મિથ્યાત્વનો ૯૯૩૧ સમયનો જ૦ સ્થિતિબંધ
બાદર અપર્યાપ્તાને
મિથ્યાત્વનો ૯૯૨૬ સમયનો જ૦ સ્થિતિબંધ
સૂક્ષ્મપર્યાપ્તાને
મિથ્યાત્વનો ૯૯૧૧ સમયનો જ૦ સ્થિતિબંધ
બાદર પર્યાપ્તાને
મિથ્યાત્વનો ૯૮૬૬ સમયનો જ૦ સ્થિતિબંધ
પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ = ૧૩૫ સમય
પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ = ૪૫ સમય
પલ્યો. અસં. ભાગ = ૧૫ સમય
પ. અ. ભાગ = ૫ સમય

**ચિત્રમાં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી **અપ૦સૂ૦એકે૦જીવો** મિથ્યાત્વનો **૯૯૩૧** સમયનો જ૦સ્થિતિબંધ કરે છે અને **૯૯૩૫** સમયનો ઉ૦સ્થિતિબંધ કરે છે. એમ માનવામાં આવે, તો... અપર્યાપ્તસૂક્ષ્મ એકેન્દ્રિયને મિથ્યાત્વનો જ૦સ્થિતિબંધથી ઉ૦સ્થિતિબંધ સુધીનો **પલ્યોપમનો અસંખ્યાતમોભાગ=૫ સમય=૫ સ્થિતિસ્થાનો** હોય છે. એટલે બાકીના એકેન્દ્રિયથી અ૦સૂ૦એકે૦ને સ્થિતિસ્થાનો સૌથી ઓછા હોય છે.

અપર્યાપ્તસૂક્ષ્મએકે૦થી અપર્યાપ્તબાદરએકે૦ને કર્મપ્રકૃતિના સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા હોય છે કારણ કે અપર્યાપ્તસૂ૦એકે૦થી અપ૦બાદર-એકે૦ને સંક્લેશ કે વિશુદ્ધિ વધુ હોય છે. એટલે વિશુદ્ધિ વધુ હોવાથી જ૦સ્થિતિબંધ ઓછો કરે છે અને સંક્લેશ વધુ હોવાથી ઉ૦સ્થિતિબંધ વધુ કરે છે એટલે સ્વબંધને યોગ્ય કર્મપ્રકૃતિનો જ૦સ્થિતિબંધથી ઉ૦સ્થિતિબંધ સુધીનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ મોટો હોય છે.

**અસત્કલ્પનાથી અપર્યાપ્તબાદરએકેન્દ્રિયો** મિથ્યાત્વનો **૯૯૨૬** સમય જ૦સ્થિતિબંધ કરે છે અને **૯૯૪૦** સમયનો ઉ૦સ્થિતિબંધ કરે છે. એમ માનવામાં આવે, તો...મિથ્યાત્વનો જ૦સ્થિતિબંધથી ઉ૦સ્થિતિબંધ સુધીનો **પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ=૧૫ સમય=૧૫ સ્થિતિસ્થાનો** હોય છે. એટલે અપ૦સૂ૦એકે૦થી અપ૦બા૦એકે૦ને સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા હોય છે.

અપર્યાપ્તબાદરએકેન્દ્રિયથી પર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયોને સ્વબંધને યોગ્ય કર્મપ્રકૃતિના સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા હોય છે. કારણકે અ૦બા૦એકે૦થી પર્યાપ્તસૂ૦એકે૦ને વિશુદ્ધિ વધુ હોવાથી જ૦સ્થિતિબંધ ઓછો કરે છે અને સંક્લેશ વધુ હોવાથી ઉ૦સ્થિતિબંધ વધુ કરે છે. એટલે સ્વબંધને યોગ્ય કર્મપ્રકૃતિનો જ૦સ્થિતિબંધથી ઉ૦સ્થિતિબંધ સુધીનો પલ્યોપમનો અસંખ્યાતમોભાગ મોટો હોય છે.

**અસત્કલ્પનાથી પર્યાપ્તસૂક્ષ્મએકે૦જીવો** મિથ્યાત્વનો **૯૯૧૧** સમય પ્રમાણ જ૦સ્થિતિબંધ કરે છે અને **૯૯૫૫** સમય પ્રમાણ ઉ૦સ્થિતિબંધ કરે છે. એમ માનવામાં આવે, તો...મિથ્યાત્વનો જ૦સ્થિતિબંધથી ઉ૦સ્થિતિબંધ સુધીનો **પલ્યોપમનો અસંખ્યાતમો**

**ભાગ=૪૫સમય=૪૫ સ્થિતિસ્થાન** હોય છે. તેથી અપ૦બાદરએકે૦થી પર્યાપ્રસૂક્ષ્મએકે૦ને સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા હોય છે.

પર્યાપ્રસૂક્ષ્મએકે૦થી પર્યાપ્રબાદરએકે૦ને કર્મપ્રકૃતિના સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા હોય છે. કારણ કે પર્યાપ્રસૂક્ષ્મએકે૦થી પર્યાપ્રબાદરએકે૦ને વિશુદ્ધિ વધુ હોવાથી જ૦સ્થિતિબંધ ઓછો થાય છે અને સંક્લેશ વધુ હોવાથી ઉ૦સ્થિતિબંધ વધુ થાય છે. તેથી સ્વબંધને યોગ્ય કર્મપ્રકૃતિનો જ૦સ્થિતિબંધથી ઉ૦સ્થિતિબંધ સુધીનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ મોટો હોય છે.

અસત્કલ્પનાથી **બાદરપર્યાપ્રાએકે૦જીવો** મિથ્યાત્વનો ૯૮૬૬ સમય પ્રમાણ જ૦સ્થિતિબંધ કરે છે અને **10000** સમય પ્રમાણ ઉ૦સ્થિતિબંધ કરે છે. એમ માનવામાં આવે, તો...મિથ્યાત્વનો જ૦સ્થિતિ-બંધથી ઉ૦સ્થિતિબંધ સુધીનો **પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ=૧૩૫ સમય=૧૩૫ સ્થિતિસ્થાનો** હોય છે. એટલે પર્યાપ્રસૂ૦એકે૦થી પર્યાપ્ર-બાદરએકે૦ના સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે.

પર્યાપ્રબાદરએકે૦થી અપ૦બેઇન્દ્રિયને કર્મપ્રકૃતિના સ્થિતિસ્થાનો અસંખ્યગુણ છે. કારણ કે પૂર્વે કહ્યાં મુજબ બેઇન્દ્રિયજીવો સ્વબંધને યોગ્ય કર્મપ્રકૃતિનો જ૦સ્થિતિબંધથી ઉ૦સ્થિતિબંધ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ વધુ કરે છે. એટલે બેઇન્દ્રિયને સ્વબંધને યોગ્ય કર્મપ્રકૃતિના જ૦સ્થિતિબંધ અને ઉ૦સ્થિતિબંધ વચ્ચે પલ્યોપમના સંખ્યાતમાં ભાગનું અંતર હોય છે. તે પલ્યોપમનો સંખ્યાતમો ભાગ બાદરપર્યાપ્રાએકે૦ના પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી અસંખ્યગુણ મોટો હોય છે. તેથી પર્યાપ્રાબાદરએકે૦થી અપ૦-બેઇન્દ્રિયને કર્મપ્રકૃતિના સ્થિતિસ્થાનો અસંખ્યગુણા છે.

અપ૦બેઇ૦થી પર્યાપ્રાબેઇન્દ્રિયને કર્મપ્રકૃતિના સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે. કારણકે અપ૦બેઇ૦થી પર્યાપ્રબેઇ૦ને સંક્લેશ કે વિશુદ્ધિ વધુ હોય છે. એટલે વિશુદ્ધિ વધુ હોવાથી જ૦સ્થિતિબંધ ઓછો થાય છે અને સંક્લેશ વધુ હોવાથી ઉ૦સ્થિતિબંધ વધુ થાય છે એટલે અપ૦બેઇ૦થી પર્યાપ્રાબેઇ૦ને કર્મપ્રકૃતિનો જ૦સ્થિતિબંધથી ઉ૦સ્થિતિબંધ સુધીનો પલ્યોપમનો સંખ્યાતમોભાગ સંખ્યાતગુણ મોટો હોય છે.


પર્યાપ્તા બેઇન્દ્રિયને મિથ્યાત્વનો ૨૫૦૦૦૦ સમયનો ઉ૦સ્થિતિબંધ
અપર્યાપ્તા બેઇન્દ્રિયને મિથ્યાત્વનો ૨૪૯૮૦૦ સમયનો ઉ૦સ્થિતિબંધ
પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ૬૦૦ સમય
પલ્યોપમનો સંખ્યાતમો ભાગ=૨૦૦ સમય
અપર્યાપ્તા બેઇન્દ્રિયને ૨૪૯૬૦૧ સમયનો જ૦સ્થિતિબંધ
પર્યાપ્તા બેઇન્દ્રિયને મિથ્યાત્વનો ૨૪૯૪૦૧ સમયનો જ૦સ્થિતિબંધ

**ચિત્રમાં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી પર્યાપ્તાબેઇન્દ્રિયજીવો મિથ્યાત્વનો જ૦સ્થિતિબંધ **પલ્યોપમનો સંખ્યાતમો ભાગન્યૂન ૨૫ સા૦=૨૪૯૪૦૧ સમય** કરે છે અને **મિથ્યાત્વનો ઉ૦સ્થિતિબંધ ૨૫ સાગરોપમ=૨૫૦૦૦૦** સમય કરે છે. એમ માનવામાં આવે, તો... પર્યાપ્તાબેઇન્દ્રિયને મિથ્યાત્વનો જ૦સ્થિતિબંધથી ઉ૦સ્થિતિબંધ સુધીનો **પલ્યોપમનો સંખ્યાતમો ભાગ=૬૦૦ સમય** થાય છે.

પર્યાપ્ત બેઇન્દ્રિયથી અપ૦બેઇ૦ને વિશુદ્ધિ ઓછી હોવાથી જ૦સ્થિતિબંધ વધુ થાય છે અને સંક્લેશ ઓછો હોવાથી ઉ૦સ્થિતિબંધ ઓછો થાય છે. તેથી જ૦સ્થિતિબંધથી ઉ૦સ્થિતિબંધ સુધીનો પલ્યોપમનો સંખ્યાતમો ભાગ નાનો હોય છે.

અસત્કલ્પનાથી **અપ૦બેઇ૦જીવો** મિથ્યાત્વનો જ૦સ્થિતિબંધ **પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન ૨૫ સા૦=૨૪૯૬૦૧ સમય** કરે છે અને **ઉ૦સ્થિતિબંધ કાંઇકન્યૂન ૨૫ સા૦=૨૪૯૮૦૦ સમય** કરે છે. એટલે મિથ્યાત્વનો જ૦સ્થિતિબંધથી ઉ૦સ્થિતિબંધ સુધીનો **પલ્યોપમનો સંખ્યાતમો ભાગ=૨૦૦સમય** થાય છે. અને **પર્યાપ્તબેઇ૦ને મિથ્યાત્વનો** જ૦સ્થિતિબંધથી ઉ૦સ્થિતિબંધ સુધીનો પલ્યોપમ સંખ્યાતમો ભાગ=૬૦૦ સમય થાય છે. એટલે અપ૦બેઇ૦થી પર્યાપ્તાબેઇ૦જીવોને કર્મપ્રકૃતિનો પલ્યોપમનો સંખ્યાતમો ભાગ સંખ્યાતગુણો છે. તેથી અપ૦બેઇ૦થી પર્યાપ્તાબેઇન્દ્રિયને કર્મપ્રકૃતિના સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે.

તેનાથી અપ૦તેઇન્દ્રિયને કર્મપ્રકૃતિના સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે.
તેનાથી પર્યાપ્તતેઇન્દ્રિયને કર્મપ્રકૃતિના સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે.
તેનાથી અપ૦ચઉરિન્દ્રિયને કર્મપ્રકૃતિના સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે.
તેનાથી પર્યાપ્તચઉરિન્દ્રિયને કર્મપ્રકૃતિના સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે.
તેનાથી અપ૦અસંજ્ઞીપંચેન્દ્રિયને કર્મપ્રકૃતિના સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે.
તેનાથી પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિયને કર્મપ્રકૃતિના સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે.

અપર્યાપ્તા તેઇન્દ્રિયથી પર્યાપ્તાઅસંજ્ઞીપંચેન્દ્રિય સુધીના દરેક ભેદમાં જ૦સ્થિતિબંધ અને ઉ૦સ્થિતિબંધ વચ્ચેના પલ્યોપમના સંખ્યાતમાભાગનું

અંતર ક્રમશઃ વધુ વધુ હોય છે. તેથી દરેક ભેદમાં ક્રમશઃ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ સંખ્યાતગુણો લેવાથી પૂર્વ પૂર્વથી પછી પછીના જીવભેદમાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા થાય છે.

પર્યાપ્તાઅસંજ્ઞીથી અપ૦સંજ્ઞીના સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા હોય છે. કારણ કે પર્યાપ્તાઅસંજ્ઞીને પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલા જ સ્થિતિસ્થાનો હોય છે અને અપર્યાપ્તસંજ્ઞીનો જ૦સ્થિતિબંધ અંતઃકોડાકોડીસા૦ છે અને ઉ૦સ્થિતિબંધ પણ અંતઃકો૦કો૦સા૦ છે. પરંતુ જઘન્ય અંતઃકો૦કો૦સા૦થી ઉત્કૃષ્ટ અંતઃકો૦કો૦સા૦ સંખ્યાતગુણ હોય છે. એટલે પર્યાપ્તઅસંજ્ઞીથી અપર્યાપ્તસંજ્ઞીને સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે.

અપર્યાપ્તસંજ્ઞીથી પર્યાપ્તસંજ્ઞીને સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા હોય છે. કારણ કે પર્યાપ્તસંજ્ઞીને અંતર્મુહૂર્તાદિક જઘન્યસ્થિતિબંધથી ૨૦કો૦કો૦સા૦ વગેરે ઉ૦સ્થિતિબંધ સુધીના જેટલા સમય થાય. તેટલા સ્થિતિસ્થાનો હોય છે. એટલે અપ૦સંજ્ઞીથી પર્યાપ્તસંજ્ઞીને સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે.

અપ૦જીવોમાં પ્રતિસમયે યોગની વૃદ્ધિ અને સ્થિતિસ્થાને અધ્યવસાયો :-

**पइखणमसंखगुणविरिय, अपजपइठिइमसंखलोगसमा ।**
**अज्झवसाया, अहिया सत्तसु आउसु असंखगुणा ॥ ५५ ॥**

प्रतिक्षणमसङ्ख्यगुणवीर्या अपर्याप्तानां प्रतिस्थित्यसङ्ख्यलोकसमाः ।
अध्यवसाया अधिकाः सप्तस्वायुःष्वसङ्ख्यगुणाः ॥ ५५ ॥

ગાથાર્થ :- **અપર્યાપ્તજીવો પ્રતિસમયે અસંખ્યગુણ વીર્યવ્યાપારવાળા [યોગવાળા] હોય છે અને દરેક સ્થિતિસ્થાને અસંખ્યલોકાકાશ જેટલા અધ્યવસાયો હોય છે. તેમાં પણ સાતકર્મમાં દરેક સ્થિતિસ્થાને અધિક અધિક અધ્યવસાયો હોય છે અને આયુષ્યકર્મમાં દરેક** ***સ્થિતિસ્થાને ક્રમશઃ અસંખ્યગુણા અધ્યવસાયો હોય છે.***

**વિવેચન** :-અપર્યાપ્તાજીવોને ભવના પ્રથમ સમય કરતાં બીજાસમયે અસંખ્યગુણ અધિક વીર્યવ્યાપાર[યોગ] હોય છે. તેનાથી ત્રીજાસમયે અસંખ્યગુણ અધિક યોગ હોય છે. એ પ્રમાણે, અપર્યાપ્તા અવસ્થા પૂર્ણ ન

થાય ત્યાં સુધી [અંતર્મુહૂર્ત સુધી] પૂર્વ પૂર્વના સમયથી પછી પછીના સમયે અસંખ્યગુણ અધિક યોગ હોય છે. તેથી અપર્યાપ્તજીવો પોતાને યોગ્ય યોગસ્થાનકમાં એક જ સમય રહે છે. બીજાસમયે અસંખ્યગુણવૃદ્ધિવાળા અન્ય યોગસ્થાનકમાં ચાલ્યા જાય છે અને પર્યાપ્તાજીવો પોતાને યોગ્ય યોગસ્થાનકમાં વધુ સમય પણ રહી શકે છે.

**યોગસ્થાનકમાં જીવને રહેવાનો કાળઃ-**

અપર્યાપ્તાવસ્થાને યોગ્ય અસંખ્યયોગસ્થાનકો છે. તેમાંથી પોતાને યોગ્ય યોગસ્થાનકે અપર્યાપ્તોજીવ **જઘન્યથી** કે **ઉત્કૃષ્ટથી "એક જ સમય"** રહે છે.

પર્યાપ્તાવસ્થાને યોગ્ય અસંખ્ય યોગસ્થાનકો છે. તેમાંથી.... **ચિત્રનં૦૧૦માં** બતાવ્યા મુજબ શરૂઆતના અસંખ્ય યોગસ્થાનકોમાંથી જીવ પોતાને યોગ્ય યોગસ્થાનકમાં વધુમાં વધુ **૪** સમય રહી શકે છે.
પછીના અસંખ્યયોગસ્થાનકોમાં જીવ વધુમાં વધુ **૫** સમય રહી શકે છે.
પછીના અસંખ્યયોગસ્થાનકોમાં જીવ વધુમાં વધુ **૬** સમય રહી શકે છે.
પછીના અસંખ્યયોગસ્થાનકોમાં જીવ વધુમાં વધુ **૭** સમય રહી શકે છે.
પછીના અસંખ્યયોગસ્થાનકોમાં જીવ વધુમાં વધુ **૮** સમય રહી શકે છે.
પછીના અસંખ્યયોગસ્થાનકોમાં જીવ વધુમાં વધુ **૭** સમય રહી શકે છે.
પછીના અસંખ્યયોગસ્થાનકોમાં જીવ વધુમાં વધુ **૬** સમય રહી શકે છે.
પછીના અસંખ્યયોગસ્થાનકોમાં જીવ વધુમાં વધુ **૫** સમય રહી શકે છે.
પછીના અસંખ્યયોગસ્થાનકોમાં જીવ વધુમાં વધુ **૪** સમય રહી શકે છે.
પછીના અસંખ્યયોગસ્થાનકોમાં જીવ વધુમાં વધુ **૩** સમય રહી શકે છે.
પછીના અસંખ્યયોગસ્થાનકોમાં જીવ વધુમાં વધુ **૨** સમય રહી શકે છે.
*એટલે યોગસ્થાનકમાં જીવને રહેવાના કાળની અપેક્ષાએ "યવ"ની* આકૃતિ થાય છે. યવાકૃતિમાં બતાવ્યા મુજબ પર્યાપ્તોજીવ પોતાને યોગ્ય યોગસ્થાનકમાં **ઉત્કૃષ્ટથી ૪, ૫, ૬, ૭, ૮, ૭, ૬, ૫, ૪, ૩, ૨,** સમય રહે છે અને **જઘન્યથી ૧સમય** જ રહે છે.

ચિત્ર નં. ૧૦

**યોગસ્થાનમાં જીવને રહેવાના કાળની અપેક્ષાએ યવાકૃતિ**
**અલ્પબહુત્વની અપેક્ષાએ ડમરૂ આકૃતિ**



યોગસ્થાનમાં જીવને રહેવાના કાળની અપેક્ષાએ **યવાકૃતિ**
અલ્પબહુત્વની અપેક્ષાએ **ડમરૂ** આકૃતિ



**ચિત્રનં૦૧૦માં** બતાવ્યા મુજબ જે યોગસ્થાનકમાં જીવ ૮ સમય સુધી રહી શકે છે. તે યોગસ્થાનકો સૌથી થોડા [અસંખ્ય] છે. તેનાથી તેની બન્ને બાજુના ૭સમયવાળા અસંખ્યગુણ છે. [પરસ્પર સરખા છે.] તેનાથી તેની બન્ને બાજુના ૬સમયવાળા અસં૦ગુણ છે. [પરસ્પર સરખા છે.] તેનાથી તેની બન્ને બાજુના ૫ સમયવાળા અસં૦ગુણ છે. [પરસ્પર સરખા છે.] તેનાથી તેની બન્ને બાજુના ૪સમયવાળા અસં૦ગુણ છે. [પરસ્પર સરખા છે.] તેનાથી ૩સમયવાળા અસંખ્યગુણ છે. તેનાથી ૨સમયવાળા અસંખ્યગુણ છે.

આ અલ્પબહુત્વની અપેક્ષાએ **"ડમરૂ"**ની આકૃતિ થાય છે.

**યોગની હાનિ-વૃદ્ધિ :-**

વીર્યાંતરાયકર્મના ક્ષયોપશમમાં વધ-ઘટ થવાથી વીર્યવ્યાપારમાં [યોગમાં] પણ વધ-ઘટ થયા કરે છે. કોઈક સમયે વીર્યાંતરાયકર્મના ક્ષયોપશમમાં વધ-ઘટ ન થાય, તો યોગમાં પણ વધ-ઘટ [હાનિ-વૃદ્ધિ] થતી નથી.

અપર્યાપ્તા જીવો જ્યાં સુધી અપર્યાપ્તા અવસ્થા પૂર્ણ ન થાય ત્યાં સુધી પ્રતિસમયે અસંખ્યગુણાધિક વીર્યવ્યાપારવાળા યોગસ્થાનકમાં જાય છે.

પર્યાપ્તો જીવ જે યોગસ્થાનકમાં રહેલો હોય, તેના બીજા સમયે જો વધતા વીર્યવ્યાપારવાળો હોય, તો **"અસંખ્યાતભાગ અધિક" "સંખ્યાતભાગ અધિક" "સંખ્યાતગુણ અધિક" "અસંખ્યાતગુણ અધિક"....** એ-૪ પ્રકારની વૃદ્ધિમાંથી જે વૃદ્ધિવાળો વીર્યવ્યાપાર હોય, તે વૃદ્ધિવાળા યોગસ્થાનકમાં જીવ જાય છે.

અથવા....

પર્યાપ્તો જીવ જે યોગસ્થાનકમાં રહેલો હોય, તેના બીજાસમયે જો ઘટતા વીર્યવ્યાપારવાળો હોય, તો **"અસંખ્યાતભાગહીન" "સંખ્યાતભાગહીન" "સંખ્યાતગુણહીન" "અસંખ્યાતગુણહીન"....** એ-૪ પ્રકારની હાનિમાંથી જે હાનિવાળો વીર્યવ્યાપાર હોય, તે હાનિવાળા યોગસ્થાનકમાં જીવ જાય છે.

એ પ્રમાણે, યોગસ્થાનકમાં ૪ પ્રકારે વૃદ્ધિ અને ૪ પ્રકારે હાનિ થાય છે તે તે યોગસ્થાનકમાં ઉત્કૃષ્ટથી પણ સૂચિશ્રેણીના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ સ્પર્દ્ધકો કે અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ જ વીર્યાણુ હોય છે તેથી અનંતભાગવૃદ્ધિ કે અનંતગુણવૃદ્ધિ અને અનંતભાગહાનિ કે અનંતગુણહાનિ થતી નથી.

**યોગની હાનિ-વૃદ્ધિનો કાળ :-**

ગ્રન્થકાર ભગવંતે કહ્યાં મુજબ અપર્યાપ્તા જીવને પ્રતિસમયે અંતર્મુહૂર્ત સુધી [અપર્યાપ્તા અવસ્થા પૂર્ણ ન થાય ત્યાં સુધી] અસંખ્ય-ગુણવૃદ્ધિવાળો યોગ હોય છે.

એ જ રીતે, પર્યાપ્તો જીવ પણ વીર્યાન્તરાયકર્મનો ક્ષયોપશમ તીવ્ર, તીવ્રતર કે તીવ્રતમ થવાથી ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધી દરેક સમયે અસંખ્યગુણાધિક યોગવાળો હોઇ શકે છે.

અસત્કલ્પનાથી **અંતમુહૂર્ત=૪ સમય** માનવામાં આવે, તો...

**अ** નામના પર્યાપ્તા જીવને પ્રથમસમયે અસંખ્યગુણ અધિક યોગ હોય છે.
તેનાથી બીજાસમયે અસંખ્યગુણ અધિક યોગ હોય છે.
તેનાથી ત્રીજાસમયે અસંખ્યગુણ અધિક યોગ હોય છે.
તેનાથી ચોથાસમયે અસંખ્યગુણ અધિક યોગ હોય છે.

એ રીતે, અંતર્મુહૂર્ત=૪ સમય સુધી દરેક સમયે અસંખ્યગુણ-વૃદ્ધિવાળો યોગ હોય છે. એટલે કે પર્યાપ્તો જીવ **ચિત્ર નં૦૧૦માં** બતાવ્યા મુજબ નીચેથી ઉપરના પોતાને યોગ્ય અસંખ્યગુણવૃદ્ધિવાળા યોગસ્થાનકમાં ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધી નિરંતર જઇ શકે છે. પછી તે જીવ અવશ્ય બીજી કોઇ પણ વૃદ્ધિ કે હાનિવાળા યોગસ્થાનકમાં જાય છે.

એ જ રીતે, પર્યાપ્તો જીવ વીર્યાંતરાયકર્મનો ક્ષયોપશમ મંદ, મંદતર, કે મંદતમ થવાથી **ચિત્રનં૦૧૦માં** બતાવ્યા મુજબ ઉપરથી નીચેના પોતાને યોગ્ય અસંખ્યગુણહાનિવાળા યોગસ્થાનકમાં ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત

સુધી નિરંતર આવી શકે છે. પછી તે જીવ અવશ્ય બીજી કોઈ પણ વૃદ્ધિ કે હાનિવાળા યોગસ્થાનકમાં જાય છે. તેથી યોગમાં **અસંખ્યગુણવૃદ્ધિ** અને **અસંખ્ય-ગુણહાનિનો કાળ ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત** છે.

પર્યાપ્તો જીવ નીચેથી ઉપરના પોતાને યોગ્ય અસંખ્યભાગવૃદ્ધિવાળા યોગસ્થાનકમાં ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા સમય સુધી નિરંતર જઈ શકે છે. પછી તે જીવ અવશ્ય બીજી કોઈપણ વૃદ્ધિ કે હાનિવાળા યોગસ્થાનકમાં જાય છે.

એ જ રીતે, પર્યાપ્તો જીવ ઉપરથી નીચેના પોતાને યોગ્ય અસંખ્યાતભાગહાનિવાળા યોગસ્થાનકમાં ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમાભાગ જેટલા સમય સુધી નિરંતર આવી શકે છે. પછી તે જીવ અવશ્ય અન્ય હાનિ કે વૃદ્ધિવાળા યોગસ્થાનકમાં જાય છે. તેથી **અસંખ્યાતભાગવૃદ્ધિ** અને **અસંખ્યાતભાગહાનિનો કાળ ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યાતમો** ભાગ છે.

એ જ, રીતે, બાકીની **૨ પ્રકારની વૃદ્ધિ** અને **૨ પ્રકારની હાનિનો કાળ ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યાતમો** ભાગ છે.

ચાર પ્રકારની વૃદ્ધિ કે ચારપ્રકારની હાનિમાંથી કોઈપણ વૃદ્ધિ કે હાનિનો કાળ **જઘન્યથી એક** અથવા **બે સમય** છે.

**૭ કર્મના સ્થિતિસ્થાનમાં અધ્યવસાયો :-**

**ચિત્રનં૦૯માં** બતાવ્યા મુજબ જ્ઞાનાવરણીયાદિ-૭કર્મના જઘન્ય-સ્થિતિબંધસ્થાનમાં [૮મા ગુણઠાણાના છેલ્લાસમયમાં] સૌથી થોડા=૫ [અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ] સ્થિતિબંધના અધ્યવસાયો હોય છે. તેનાથી સમયાધિક જઘન્યસ્થિતિસ્થાનમાં વિશેષાધિક=૬ સ્થિતિબંધના અધ્યવસાયો હોય છે. તેનાથી બે સમયાધિક જઘન્યસ્થિતિસ્થાનમાં વિશેષાધિક=૭ સ્થિતિબંધના અધ્યવસાયો હોય છે.

એ પ્રમાણે, ચોથા વગેરે સ્થિતિસ્થાનથી માંડીને પોતપોતાના ઉ૦સ્થિતિસ્થાન સુધીના દરેક સ્થિતિસ્થાનમાં વિશેષાધિક-વિશેષાધિક સ્થિતિબંધના અધ્યવસાયો હોય છે.

**આયુષ્યકર્મના સ્થિતિસ્થાનમાં અધ્યવસાયો :-**

આયુષ્યકર્મના જઘન્યસ્થિતિબંધસ્થાનમાં સૌથી થોડા [અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ] સ્થિતિબંધના અધ્યવસાયો હોય છે. તેનાથી સમયાધિક જઘન્યસ્થિતિસ્થાનમાં અસંખ્યગુણા સ્થિતિબંધના અધ્યવસાયો હોય છે. તેનાથી બે સમયાધિક જઘન્યસ્થિતિસ્થાનમાં અસંખ્યગુણા સ્થિતિબંધના અધ્યવસાયો હોય છે. એ પ્રમાણે, ચોથા વગેરે સ્થિતિસ્થાનથી માંડીને છેલ્લા ૩૩ સાગરોપમ પ્રમાણ ઉ૦સ્થિતિબંધસ્થાન સુધીના દરેક સ્થિતિસ્થાનમાં ક્રમશઃ અસંખ્યગુણા સ્થિતિબંધના અધ્યવસાયો હોય છે.

તિર્યંચત્રિકાદિનો અબંધકાળ :-

**तिरिनिरयतिजोयाणं, नरभवजुय सचउपल्ल तेसट्ठं ।**
**थावरचउइगविगलायवेसु, पणसीइसयमयरा ॥ ५६ ॥**
**अपढमसंघयणागिइखगई अणमिच्छदुभगथीणतिगं ।**
**नियनपुइत्थिदुतीसं पणिंदिसु अबन्धठिइ परमा ॥५७॥**

तिर्यङ्-नरकत्रिकोद्योतानां नरभवयुतं सचतुःपल्यं त्रिषष्टिः ।
स्थावरचतुष्कमेकविकलातपेषु पञ्चाशीतिशतमतराणाम् ॥ ५६ ॥
अप्रथमसंहननाकृतिखगतयोऽनन्तानुबन्धिमिथ्यात्वदुर्भगस्त्यानर्द्धित्रिकम् ।
नीचैर्नपुंसकस्त्रियः द्वात्रिंशत् पञ्चेन्द्रियेष्वबन्धस्थितिः परमा ॥५७॥

**ગાથાર્થ :-સંજ્ઞી પંચેન્દ્રિયની અપેક્ષાએ તિર્યંચત્રિક, નરકત્રિક અને ઉદ્યોતનો ઉત્કૃષ્ટ અબંધકાળ મનુષ્યભવયુક્ત ૪ પલ્યોપમ સહિત ૧૬૩ સાગરોપમ છે. તથા સ્થાવરચતુષ્ક, એકેન્દ્રિય, વિકલેન્દ્રિયત્રિક અને આતપનો ઉત્કૃષ્ટ અબંધકાળ ૧૮૫ સાગરોપમ છે.**

***અપ્રથમસંઘયણ*** *[પહેલા સિવાયના ૫ સંઘયણ]*, ***અપ્રથમ-સંસ્થાન*** [પહેલા સિવાયના ૫ સંસ્થાન], **અપ્રથમવિહાયોગતિ** [અશુભવિહાયોગતિ], **અનંતાનુબંધી-૪, મિથ્યાત્વ, દુર્ભગત્રિક, થીણદ્ધિત્રિક, નીચગોત્ર, નપુંસકવેદ અને સ્ત્રીવેદનો ઉત્કૃષ્ટ અબંધકાળ ૧૩૨ સાગરોપમ છે.**

**વિવેચન :-** તિર્યંચત્રિકાદિ-૪૧ પ્રકૃતિમાંથી નરકત્રિક, જાતિચતુષ્ક,

સ્થાવરચતુષ્ક, હુંડક, આતપ, છેવટ્ઠુસંઘયણ, નપુંસક, મિથ્યાત્વ એ-**૧૬** પ્રકૃતિ પહેલાગુણઠાણા સુધી જ બંધાય છે અને તિર્યંચત્રિક, ઉદ્યોત, મધ્યમ-૪ સંઘયણ, મધ્યમ-૪ સંસ્થાન, અશુભવિહાયોગતિ, અનંતાનુબંધી-૪, દુર્ભગત્રિક, થીણદ્ધિત્રિક, નીચગોત્ર અને સ્ત્રીવેદ એ-**૨૫** પ્રકૃતિ બીજાગુણઠાણા સુધી જ બંધાય છે. મિશ્રાદિગુણઠાણે બંધાતી નથી અને એકેન્દ્રિય, વિકલેન્દ્રિય કે અસંજ્ઞીપંચેન્દ્રિયને પહેલા બે ગુણઠાણા જ હોય છે. મિશ્રાદિગુણઠાણા હોતા નથી. તેથી એકેન્દ્રિયાદિને તિર્યંચત્રિકાદિ-૪૧ પ્રકૃતિનો અબંધકાળ-[બંધવિરહ] હોતો નથી. એટલે સંજ્ઞીપંચેન્દ્રિયની અપેક્ષાએ તિર્યંચત્રિકાદિ-૪૧ પ્રકૃતિનો અબંધકાળ કહ્યો છે.

**તિર્યંચગત્યાદિ-૭નો અબંધકાળ :-**

જે જીવ ત્રણ પલ્યોપમના આયુષ્યવાળો યુગલિક તિર્યંચ કે મનુષ્ય થાય છે. તે જીવ ત્યાંથી મરીને દેવલોકમાં ઉત્પન્ન થવાનો હોવાથી ૩પલ્યોપમ સુધી દેવપ્રાયોગ્ય જ બંધ કરે છે. તિર્યંચપ્રાયોગ્ય કે નરકપ્રાયોગ્ય પ્રકૃતિ બાંધતો નથી. અને તે જીવ યુગલિકભવના અંતે સમ્યક્ત્વ પામીને સમ્યક્ત્વસહિત દેવલોકમાં એક પલ્યોપમના આયુષ્યવાળો દેવ થાય છે. ત્યાં સમ્યગ્દૃષ્ટિદેવ મનુષ્યપ્રાયોગ્ય જ પ્રકૃતિ બાંધે છે. તિર્યંચપ્રાયોગ્ય પ્રકૃતિ બાંધતો નથી. પછી તે જીવ ત્યાંથી સમ્યક્ત્વ સહિત મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. ત્યાં સમ્યગ્દૃષ્ટિમનુષ્ય દેવપ્રાયોગ્ય જ પ્રકૃતિ બાંધે છે. તિર્યંચપ્રાયોગ્ય કે નરકપ્રાયોગ્ય પ્રકૃતિ બાંધતો નથી. પછી તે જીવ સંયમનું પાલન કરીને ૩૧ સાગરોપમના આયુષ્યવાળો નવમા ગ્રૈવેયકમાં દેવ થાય છે. ત્યાં અંતર્મુહૂર્ત પછી સમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વે આવે છે પણ ગ્રૈવેયકદેવને મરીને મનુષ્યમાં જ ઉત્પન્ન થવાનું હોવાથી તે જીવ ૩૧ સાગરોપમ સુધી મનુષ્યપ્રાયોગ્ય જ પ્રકૃતિ બાંધે છે. પછી તે દેવ છેલ્લું એક અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે છે. ત્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને સમ્યક્ત્વસહિત મનુષ્યમાં ઉત્પન્ન થાય છે.

તે સમ્યગ્દૃષ્ટિમનુષ્ય દીક્ષા લઈને વિજયાદિ-૪ અનુત્તરમાંથી કોઈપણ એક અનુત્તરમાં ૩૩ સાગરોપમના આયુષ્યવાળો દેવ થાય છે. પછી તે દેવ સમ્યક્ત્વસહિત મનુષ્યમાં ઉત્પન્ન થાય છે ત્યાં દીક્ષા લઈને ફરીથી

વિજયાદિ-૪ અનુત્તરમાંથી કોઇપણ એક અનુત્તરવિમાનમાં ૩૩ સાગરોપમના આયુષ્યવાળો દેવ થાય છે. પછી ત્યાંથી મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. ત્યાં ક્ષયોપશમસમ્યક્ત્વનો ઉત્કૃષ્ટથી ૬૬ સાગરોપમ જેટલો કાળ પૂર્ણ થયા પછી મનુષ્યભવમાં અંતર્મુહૂર્ત મિશ્રદૃષ્ટિ થઇને ફરીથી ક્ષયોપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. પછી દેશવિરતિ કે સર્વવિરતિચારિત્રનું પાલન કરીને ૨૨ સાગરોપમના આયુષ્યવાળો અચ્યુતદેવ થાય છે. ત્યાંથી મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. ત્યાં દેશવિરતિ કે સર્વવિરતિનું પાલન કરીને ફરીથી ૨૨ સાગરોપમના આયુષ્યવાળો અચ્યુતદેવ થાય છે. પછી મનુષ્યમાં ઉત્પન્ન થઇને દેશવિરતિ કે સર્વવિરતિનું પાલન કરીને ફરીથી ૨૨ સાગરોપમના આયુષ્યવાળો અચ્યુતદેવ થાય છે. તે જીવ સમ્યગ્દૃષ્ટિ હોવાથી દેવના દરેક ભવમાં મનુષ્યપ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બાંધે છે અને મનુષ્યના દરેક ભવમાં દેવપ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બાંધે છે. એટલે તે જીવને મનુષ્યના ૭ ભવ યુક્ત ૪ પલ્યોપમસહિત [૩૧+૬૬+૬૬=] ૧૬૩ સાગરોપમ સુધી તિર્યંચપ્રાયોગ્ય કે નરકપ્રાયોગ્ય પ્રકૃતિનો બંધ હોતો નથી. ત્યારપછી તે જીવ મિથ્યાત્વે જઇને તિર્યંચપ્રાયોગ્ય કે નરકપ્રાયોગ્ય પ્રકૃતિને બાંધે છે અથવા અબંધક થઇને મોક્ષમાં જાય છે. એટલે સંજ્ઞીપંચેન્દ્રિયની અપેક્ષાએ તિર્યંચત્રિક, નરકત્રિક અને ઉદ્યોતનો અબંધકાળ ઉત્કૃષ્ટથી મનુષ્યના ૭ ભવ યુક્ત ૪ પલ્યોપમસહિત ૧૬૩ સાગરોપમ કહ્યો છે.

**સ્થાવરાદિ-૯ પ્રકૃતિનો અબંધકાળ :-**

કોઇક જીવ છઠ્ઠીનરકમાં ૨૨ સાગરોપમના આયુષ્યવાળો નરક થાય છે. તેને ત્યાં ભવનિમિત્તે જ એકેન્દ્રિયપ્રાયોગ્ય કે વિકલેન્દ્રિય પ્રાયોગ્યબંધ હોતો નથી. પછી તે જીવ તે ભવના અંતે સમ્યક્ત્વ પામે છે અને સમ્યક્ત્વસહિત મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. ત્યાં સમ્યગ્દૃષ્ટિમનુષ્ય દેવપ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બાંધે છે. ત્યાંથી તે જીવ ૪ પલ્યોપમના આયુષ્યવાળો સૌધર્મદેવ થાય છે. ત્યાં સમ્યગ્દૃષ્ટિદેવ મનુષ્યપ્રાયોગ્ય જ પ્રકૃતિ બાંધે છે. પછી તે જીવ ત્યાંથી સમ્યક્ત્વસહિત મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. ત્યાં સંયમનું પાલન કરીને ૩૧સાગરોપમના આયુષ્યવાળો નવમાગ્રૈવેયકમાં દેવ થાય છે. ત્યાં અંતર્મુહૂર્ત પછી સમ્યક્ત્વથી મિથ્યાત્વે આવે છે. પણ ત્યાં ભવનિમિત્તે જ

મનુષ્યપ્રાયોગ્ય પ્રકૃતિઓ બંધાય છે. પછી તે જીવ છેલ્લું એક અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે છે. ત્યારે સમ્યક્ત્વ પામે છે અને સમ્યક્ત્વસહિત મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. ત્યાં સંયમનું પાલન કરીને પૂર્વે કહ્યા મુજબ બે વાર વિજયાદિમાં અને ત્રણવાર અચ્યુતમાં જાય છે. ત્યાં દેવના દરેક ભવમાં મનુષ્યપ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બંધાય છે અને મનુષ્યના દરેક ભવમાં દેવપ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બંધાય છે. એટલે તે જીવ મનુષ્યના-૮ ભવયુક્ત ૪ પલ્યોપમસહિત [૨૨+૩૧+૬૬+૬૬=] ૧૮૫ સાગરોપમ સુધી એકેન્દ્રિયાદિ તિર્યંચપ્રાયોગ્ય પ્રકૃતિ બાંધતો નથી. ત્યારપછી તે જીવ મિથ્યાત્વે જઈને એકેન્દ્રિયપ્રાયોગ્ય કે વિકલેન્દ્રિયપ્રાયોગ્ય પ્રકૃતિને બાંધે છે. અથવા અબંધક થઈને મોક્ષમાં જાય છે. એટલે સંજ્ઞીપંચેન્દ્રિયની અપેક્ષાએ સ્થાવરચતુષ્ક, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને આતપનો અબંધકાળ ઉત્કૃષ્ટથી મનુષ્યભવયુક્ત ૪ પલ્યોપમસહિત ૧૮૫ સાગરોપમ કહ્યો છે.

**ઋષભનારાચાદિ-૨૫ પ્રકૃતિનો અબંધકાળ :-**

ઋષભનારાચાદિ-૨૫ પ્રકૃતિમાંથી છેવટ્ઠું, હુંડક, નપુંસક અને મિથ્યાત્વ પહેલા ગુણઠાણા સુધી જ બંધાય છે. બાકીની ૨૧ પ્રકૃતિ બીજા ગુણઠાણા સુધી જ બંધાય છે અને જે જીવ સંયમનું પાલન કરીને પૂર્વે કહ્યા મુજબ બેવાર વિજયાદિમાં અને ત્રણવાર અચ્યુતમાં જાય છે. તે જીવને ૧૩૨ સાગરોપમ સુધી પહેલુ-બીજું ગુણઠાણું હોતું નથી, તેથી તે જીવને ૧૩૨ સાગરોપમ સુધી તે-૨૫ પ્રકૃતિનો બંધ હોતો નથી. ત્યારપછી તે જીવ મિથ્યાત્વે જઈને તે પ્રકૃતિને બાંધે છે અથવા અબંધક થઈને મોક્ષમાં જાય છે. એટલે સંજ્ઞીપંચેન્દ્રિયની અપેક્ષાએ ઋષભનારાચાદિ-૨૫ પ્રકૃતિનો અબંધકાળ ઉત્કૃષ્ટથી મનુષ્ય ભવસહિત-૧૩૨ સાગરોપમ કહ્યો છે.

એ પ્રમાણે ૭+૯+૨૫=૪૧ પ્રકૃતિનો અબંધકાળ કહ્યો.

**૭૯ પ્રકૃતિનો અબંધકાળ :-**

દેશવિરતિધરને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વક્રોડવર્ષ સુધી અપ્ર૦-૪નો બંધ હોતો નથી. અને સર્વવિરતિધરને દેશોનપૂર્વક્રોડવર્ષ સુધી પ્રત્યા૦૪નો બંધ હોતો નથી. તેથી અપ્ર૦૪ અને પ્રત્યા૦૪નો અબંધકાળ ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વક્રોડવર્ષ છે.

ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા યુગલિકતિર્યંચ-મનુષ્યને ૩ પલ્યોપમ સુધી મનુષ્યત્રિક, ઔદારિકદ્વિક અને પ્રથમસંઘયણનો બંધ હોતો નથી. તેથી તે ૬ પ્રકૃતિનો અબંધકાળ ઉત્કૃષ્ટથી ૩ પલ્યોપમ છે.

અનુત્તરદેવોને દેવદ્વિક, વૈક્રિયદ્વિક અને આહારકદ્વિકનો બંધ ૩૩ સાગરોપમ સુધી હોતો નથી. તેથી દેવદ્વિક, વૈક્રિયદ્વિક અને આહારકદ્વિકનો અબંધકાળ ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ છે અને દેવાયુનો અબંધકાળ ઉત્કૃષ્ટથી સાધિક ૩૩ સાગરોપમ છે.

કોઇપણ જીવને ઉપશમશ્રેણીમાં ધ્રુવબંધી ૩૧ [પહેલા-૧૨ કષાય, મિથ્યાત્વ, થિણદ્ધિત્રિક વિના] પ્રકૃતિનો પોતપોતાના બંધવિચ્છેદસ્થાને બંધવિચ્છેદ થયા પછી અબંધક થઇને ૧૧મા ગુણઠાણે ગયા પછી ત્યાંથી કાલક્ષયે પડીને પોતપોતાના બંધવિચ્છેદસ્થાને આવે ત્યાં સુધીના અંતર્મુહૂર્તકાળમાં તે દરેક પ્રકૃતિનો બંધ હોતો નથી. તેથી તે પ્રકૃતિનો અબંધકાળ ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે. [૩૮]બાકીની ૨૭ પ્રકૃતિ અધ્રુવબંધી હોવાથી અંતર્મુહૂર્ત પછી પોતાની વિરોધી પ્રકૃતિનો બંધ શરૂ થઇ જવાથી તે પ્રકૃતિનો બંધ અટકી જાય છે. તેથી તે પ્રકૃતિનો અબંધકાળ ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે.

## -: ઉત્તર પ્રકૃતિનો અબંધકાળ :-

| પ્રકૃતિનું નામ | અબંધકાળ |
|---|---|
| જ્ઞાના૦૫, દર્શના૦૬, વેદનીય-૨, સં૦૪, હાસ્યાદિ-૬, પુ૦વેદ, પંચે૦, તૈ૦શ૦, કા૦શ૦, ૧લું સં૦, વર્ણાદિ-૪, શુભવિહા૦, પ્રત્યેક-૬, ત્રસાદિ-૧૦, અસ્થિર, અશુભ, અયશ, ઉચ્ચગોત્ર, અંત૦૫ | અંતર્મુહૂર્ત... |
| થીણદ્ધિત્રિક, મિથ્યાત્વ, અનં૦૪, સ્ત્રીવેદ, નપું૦વેદ, પસંઘ૦, પસં૦, અશુભવિહા૦, દુર્ભગત્રિક નીચગોત્ર | મનુષ્યભવ સહિત ૧૩૨ સાગરોપમ |

(૩૮) વેદનીય-૨+મોહ૦૫[હાસ્યાદિ-૪, પુ૦વેદ]+નામ-૧૯[પંચે૦, પ્રથમસંસ્થાન, શુભવિહા૦, પ્રત્યેક-૩, ત્રસ-૧૦, અસ્થિર, અશુભ, અયશ]+ઉચ્ચગોત્ર=૨૭

| પ્રકૃતિનું નામ | અબંધકાળ |
|---|---|
| અપ્ર૦૪, પ્રત્યા૦૪ | દેશોનપૂર્વક્રોડવર્ષ.. |
| મનુષ્યત્રિક, ઔ૦દ્વિક, ૧લું સંઘ૦ | ૩ પલ્યોપમ.. |
| દેવત્રિક વૈ૦દ્વિક, આહા૦દ્વિક | ૩૩ સાગરોપમ... |
| નરકત્રિક, તિર્યંચત્રિક, ઉદ્યોત | મનુષ્યભવયુક્ત ૪ પલ્યોપમ-સહિત ૧૬૩ સાગરોપમ |
| એકે૦, આતપ, વિક્લે૦૩ સ્થાવરાદિ-૪ | મનુષ્યભવયુક્ત ૪ પલ્યોપમ-સહિત ૧૮૫ સાગરોપમ |

સુરદ્વિક અને વૈ૦દ્વિકનો સતતબંધકાળ :-

**विजयाइसु गेविज्जे, तमाइ दहिसय दुतीस तेसट्ठं ।**
**पणसीइ सययबंधो पल्लतिगं सुरविउव्विदुगे ॥ ५८॥**

विजयादिषु ग्रैवेयके तमःप्रभायामुदधिशतं द्वात्रिंशं त्रिषष्टिः ।
पञ्चाशीति सततबन्धः पल्यत्रिकं सुरवैक्रियद्विके ॥ ५८॥

**ગાથાર્થ :- પૂર્વે કહ્યા મુજબ વિજયાદિક અનુત્તરમાં ગયેલાને** [૨૫ પ્રકૃતિનો અબંધકાળ] **૧૩૨ સાગરોપમ હોય છે. ગ્રૈવેયકમાં ગયેલા જીવને** [૭ પ્રકૃતિનો અબંધકાળ] **૧૬૩ સાગરોપમ હોય છે. તમઃપ્રભા નામની છઠ્ઠીનારકીમાં ગયેલા જીવને** [૯ પ્રકૃતિનો અબંધકાળ] **૧૮૫ સાગરોપમ હોય છે.**

**દેવદ્વિક અને વૈક્રિયદ્વિકનો સતતબંધકાળ ૩ પલ્યોપમ છે.**

**વિવેચન** :- બંધયોગ્ય ૧૨૦ પ્રકૃતિમાંથી ધ્રુવબંધી-૪૭ પ્રકૃતિ અનાદિકાળથી માંડીને પોતપોતાના બંધવિચ્છેદસ્થાન સુધી નિરંતર બંધાય છે તેથી તે પ્રકૃતિનો સતતબંધકાળ કહેવાની જરૂર નથી. બાકીની અધ્રુવબંધી-૭૩ પ્રકૃતિનો સતતબંધકાળ ગ્રન્થકાર ભગવંત કહી રહ્યા છે.

**દેવદ્વિક અને વૈક્રિયદ્વિકનો સતતબંધકાળ:-**

યુગલિકનું આયુષ્ય ઉત્કૃષ્ટથી ૩ પલ્યોપમ હોય છે અને યુગલિકો

મરીને દેવમાં જ ઉત્પન્ન થવાના હોવાથી ૩ પલ્યોપમ સુધી સતત દેવપ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બાંધે છે. એટલે ઉત્કૃષ્ટથી દેવદ્વિક અને વૈક્રિયદ્વિકનો સતતબંધકાળ ૩ પલ્યોપમ છે અને તે પ્રકૃતિઓ પરાવર્તમાન હોવાથી જઘન્યથી બંધકાળ ૧ સમય છે.

તિર્યંચગત્યાદિ-૯ પ્રકૃતિનો સતતબંધકાળ :-

**समयादसंखकालं तिरिदुगनीएसु आउ अंतमुहू ।**
**उरलि असंख परट्टा, सायठिई पुव्वकोडूणा ॥ ५९॥**

समयादसङ्ख्यकालं तिर्यग्द्विकनीचैरायुःष्वन्तर्मुहूर्तम् ।
औदारिकेऽसंङ्ख्यपरावर्ताः सातस्थितिः पूर्वकोटिरूना ॥ ५९॥

ગાથાર્થ :- **તિર્યંચદ્વિક અને નીચગોત્રનો સતતબંધકાળ એકસમયથી માંડીને અસંખ્યકાળ છે. આયુષ્યકર્મનો સતતબંધકાળ અંતર્મુહૂર્ત છે. ઔદારિકશરીરનો સતતબંધકાળ અસંખ્યપુદ્‌ગલ પરાવર્ત [અનંતકાળ] છે અને શાતાવેદનીયનો સતતબંધકાળ દેશોનપૂર્વક્રોડવર્ષ છે.**

**વિવેચન** :-તિર્યંચદ્વિક અને નીચગોત્ર જઘન્યથી એક જ સમય બંધાય છે અને ઉત્કૃષ્ટથી ક્ષેત્રની અપેક્ષાએ અસંખ્યલોકના આકાશપ્રદેશ જેટલા સમય સુધી સતત બંધાય છે અને કાળની અપેક્ષાએ અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી સતત બંધાય છે. કારણ કે તેઉકાય અને વાઉકાય ભવસ્વભાવે જ તિર્યંચપ્રાયોગ્ય પ્રકૃતિઓ બાંધે છે અને તે બન્નેની સ્વકાયસ્થિતિ અસંખ્યઉત્સર્પિણી-અવસર્પિણી છે. એટલે કે વાયુકાયમાંથી નીકળેલો જીવ ફરી ફરીને વાયુકાયમાં અસંખ્યઉત્સર્પિણી-અવસર્પિણી સુધી જન્મે છે અને તેઉકાયમાંથી નીકળેલો જીવ ફરી ફરીને તેઉકાયમાં અસંખ્યઉત્સર્પિણી-અવસર્પિણી સુધી જન્મે છે. તેથી તે જીવો ઉત્કૃષ્ટથી અસંખ્યઉત્સર્પિણી-અવસર્પિણી સુધી તિર્યંચપ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બાંધે છે. એટલે તિર્યંચદ્વિક અને નીચગોત્રનો સતતબંધકાળ ઉત્કૃષ્ટથી અસંખ્યકાળચક્ર કહ્યો છે.

**આયુષ્યનો સતતબંધકાળ :-**

આયુષ્યકર્મ એકભવમાં એક જ વાર જઘન્યથી કે ઉત્કૃષ્ટથી

સતત અંતર્મુહૂર્ત સુધી બંધાય છે. તેથી ચારે આયુષ્યનો સતતબંધકાળ જઘન્યથી કે ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે.

**ઔદારિકશરીરનામકર્મનો સતતબંધકાળઃ-**

ઔદારિકશરીરનામકર્મ જઘન્યથી એક જ સમય બંધાય છે અને ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગના જેટલા સમયો છે તેટલા પુદ્ગલપરાવર્તકાળ સુધી સતત બંધાય છે. કારણ કે[39] વ્યવહાર-રાશિમાં આવેલા ત્રસ જીવો ફરીથી એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય તો સ્થાવરકાયની સ્વકાયસ્થિતિ અસંખ્યપુદ્ગલપરાવર્ત હોવાથી તે જીવો સ્થાવરકાયમાં ફરી ફરીને અસંખ્યપુદ્ગલપરાવર્તકાળ સુધી જન્મ-મરણ કર્યા કરે છે. ત્યાં તે જીવો ઔ૦શરીરનામકર્મને જ સતત બાંધે છે. વૈ૦શરીર કે આહારક-શરીરનામકર્મનો બંધ હોતો નથી. તેથી ઔ૦શરીરનામકર્મનો સતતબંધકાળ અસંખ્યપુદ્ગલપરાવર્ત કહ્યો છે.

**શાતાનો સતતબંધકાળ :-**

શાતાવેદનીય જઘન્યથી એક સમય બંધાય છે અને ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડવર્ષ સુધી સતત બંધાય છે. કારણ કે કોઈક પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળો મનુષ્ય ૮વર્ષની ઉંમરે દીક્ષા લઈને નવમા વર્ષે કેવળજ્ઞાન પામે છે. તે જીવ દેશોનપૂર્વક્રોડવર્ષ સુધી સતત શાતાવેદનીયને જ બાંધે છે. તેથી શાતાનો સતતબંધકાળ દેશોનપૂર્વક્રોડવર્ષ છે.

પરાઘાતાદિ-૧૪ પ્રકૃતિનો સતતબંધકાળ :-

**जलहिसयं पणसीयं परघुस्सासे पणिंदि तसचउगे ।**
**बतीसं सुहविहगइ पुमसुभगतिगुच्चचउरंसे ॥६०॥**

जलधिशतं पञ्चाशीतिं पराघातोच्छ्वासे पञ्चेन्द्रिये त्रसचतुष्के ।
द्वात्रिंशत् शुभविहायोगतिपुंसुभगत्रिकोच्चैश्चतुरस्रम् ॥६०॥

---

(૩૯) જે જીવો અવ્યવહારરાશિમાંથી ક્યારેય વ્યવહારરાશિમાં આવવાના નથી તે જીવોને ઔ૦શ૦નામકર્મનો સતતબંધકાળ અનાદિ-અનંત છે અને જે જીવો ભવિષ્યમાં ક્યારેક અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં અવશ્ય આવવાના છે તે જીવોને ઔ૦શ૦ નામકર્મનો સતતબંધકાળ અનાદિ-સાંત છે.

**ગાથાર્થ :-પરાઘાત, ઉચ્છ્વાસ, પંચેન્દ્રિય અને ત્રસચતુષ્કનો સતતબંધકાળ ૧૮૫ સાગરોપમ છે. તથા શુભવિહાયોગતિ, પુરુષવેદ, સુભગત્રિક, ઉચ્ચગોત્ર અને સમચતુરસ્રસંસ્થાનનો સતતબંધકાળ ૧૩૨ સાગરોપમ છે.**

**વિવેચન :-** પરાઘાત અને ઉચ્છ્વાસ જઘન્યથી એક જ સમય બંધાય છે અને ઉત્કૃષ્ટથી સાધિક ૧૮૫ સાગરોપમ સુધી સતત બંધાય છે. કારણ કે ગાથાનં૦૫૬માં કહ્યાં મુજબ સાધિક ૧૮૫ સાગરોપમ સુધી દેવ-નારકો અને મનુષ્યો પર્યાપ્તપ્રાયોગ્ય જ પ્રકૃતિ બાંધે છે અને પર્યાપ્તપ્રાયોગ્ય પ્રકૃતિની સાથે જ પરાઘાત અને ઉચ્છ્વાસ બંધાય છે. તેથી તે બન્ને પ્રકૃતિનો સતતબંધકાળ ઉત્કૃષ્ટથી સાધિક ૧૮૫ સાગરોપમ કહ્યો છે.

પંચેન્દ્રિય અને ત્રસચતુષ્ક જઘન્યથી એક જ સમય બંધાય છે અને ઉત્કૃષ્ટથી સાધિક ૧૮૫ સાગરોપમ સુધી નિરંતર બંધાય છે. કારણ કે પંચેન્દ્રિયનું વિરોધી જાતિચતુષ્ક છે. તેથી જ્યાં સુધી જાતિચતુષ્ક ન બંધાય ત્યાં સુધી સતત પંચેન્દ્રિયજાતિ બંધાય છે અને ત્રસચતુષ્કનું વિરોધી સ્થાવરચતુષ્ક છે. તેથી જ્યાં સુધી સ્થાવરચતુષ્ક ન બંધાય ત્યાં સુધી સતત ત્રસચતુષ્ક બંધાય છે. એ નિયમાનુસારે ગાથાનં૦૫૬માં કહ્યા મુજબ સાધિક ૧૮૫ સાગરોપમ સુધી જાતિચતુષ્ક અને સ્થાવરચતુષ્ક બંધાતું ન હોવાથી પંચેન્દ્રિયજાતિ અને ત્રસચતુષ્ક નિરંતર બંધાય છે. તેથી તે પ્રકૃતિનો સતતબંધકાળ ઉત્કૃષ્ટથી સાધિક ૧૮૫ સાગરોપમ કહ્યો છે.

**શુભવિહાયોગત્યાદિનો સતતબંધકાળ:-**

શુભવિહાયોગતિ વગેરે-૭ પ્રકૃતિ જઘન્યથી એક જ સમય બંધાય છે અને ઉત્કૃષ્ટથી સાધિક ૧૩૨ સાગરોપમ સુધી બંધાય છે. કારણ કે શુભવિહાયોગતિની વિરોધી અશુભવિહાયોગતિ છે. પુરુષવેદની વિરોધી સ્ત્રીવેદ કે નપુંસકવેદ છે. સુભગત્રિકની વિરોધી દુર્ભગત્રિક છે. ઉચ્ચગોત્રની વિરોધી નીચગોત્ર છે. સમચતુરસ્રની વિરોધી બાકીના પાંચસંસ્થાન છે. તેથી જ્યાં સુધી અશુભવિહાયોગતિ વગેરે-૭ પ્રકૃતિ ન બંધાય ત્યાં સુધી

સતત શુભવિહાયોગતિ વગેરે ૭ પ્રકૃતિ બંધાય છે. એ નિયમાનુસારે ગાથાનં૦૫૭માં કહ્યાં મુજબ સાધિક ૧૩૨ સાગરોપમ સુધી અશુભવિહાયોગતિ વગેરે ૭ પ્રકૃતિ બંધાતી ન હોવાથી તેની વિરોધી શુભવિહાયોગતિ વગેરે ૭ પ્રકૃતિ નિરંતર બંધાય છે. તેથી તે પ્રકૃતિનો સતતબંધકાળ ઉત્કૃષ્ટથી ૧૩૨ સાગરોપમ કહ્યો છે.

અશુભવિહાયોગતિ વગેરે ૪૬ પ્રકૃતિનો સતતબંધકાળ :-

**असुखगइजाइआगिइ-संघयणाहारनरयजोयदुगं ।**
**थिरसुभजसथावरदस-नपुइत्थीदुजुयलमसायं ॥ ६१ ॥**
**समयादंतमुहूत्तं मणुदुगजिणवइरउरलुवंगेसु ।**
**तित्तीसयरा परमो, अंतमुहु लहु वि आउजिणे ॥६२॥**

असुखगतिजात्याकृतिसंहननाहारकनरकोद्योतद्विकम् ।
स्थिरशुभयशःस्थावरदशकनपुंसकस्त्रीद्वियुगलमसातम् ॥ ६१ ॥
समयादन्तर्मुहूर्तं मनुजद्विकजिनवज्रौदारिकाङ्गोपाङ्गेषु ।
त्रयस्त्रिंशदतराणि परमः, अन्तर्मुहूर्तं लघुरपि आयुर्जिने ॥६२॥

**ગાથાર્થ :- અશુભવિહાયોગતિ, અશુભજાતિ-૪, અશુભ આકૃતિ-૫, અશુભસંઘયણ-૫, આહારકદ્વિક, નરકદ્વિક, ઉદ્યોતદ્વિક, સ્થિર, શુભ, યશ, સ્થાવરદશક, નપુંસકવેદ, સ્ત્રીવેદ, ૨ યુગલ અને અશાતાનો સતતબંધકાળ એક સમયથી માંડીને અંતર્મુહૂર્ત સુધી છે.**

**મનુષ્યદ્વિક, જિનનામ, વજ્રઋષભનારાચસંઘયણ અને ઔદારિક અંગોપાંગનો સતતબંધકાળ ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ છે. તથા આયુષ્ય-૪ અને જિનનામનો સતતબંધકાળ જઘન્યથી અંતર્મુહૂર્ત છે.**

**વિવેચન** :- અશાતા+મોહનીય-૬[હાસ્ય-રતિ, શોક-અરતિ, સ્ત્રીવેદ, નપું૦વેદ]+નામ-૩૪ [નરકદ્વિક, જાતિચતુષ્ક, આહારકદ્વિક, સંઘયણ-૫, સંસ્થાન-૫, અશુભવિહાયોગતિ, ઉદ્યોત-આતપ, ત્રસ-૩[સ્થિર-

શુભ-યશ]સ્થાવરદશક]=૪૧ પ્રકૃતિ અધ્રુવબંધી હોવાથી જઘન્યથી એક જ સમય બંધાય છે અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધી સતત બંધાય છે. કારણ કે અંતર્મુહૂર્ત પછી પોતાની વિરોધી બીજી પ્રકૃતિનો બંધ શરૂ થઈ જવાથી પોતાનો બંધ અટકી જાય છે. અથવા પોતાની વિરોધી પ્રકૃતિ ન હોય તો પણ અંતર્મુહૂર્ત પછી પોતાનો બંધ અવશ્ય અટકી જાય છે. તેથી તે દરેક પ્રકૃતિનો સતતબંધકાળ અંતર્મુહૂર્ત જ કહ્યો છે.

**મનુષ્યદ્વિકાદિનો સતતબંધકાળ :-**

જે મનુષ્ય જિનનામકર્મ નિકાચિત કરીને ૩૩ સાગરોપમના આયુષ્યવાળો અનુત્તરદેવ થાય છે. તે સાધિક ૩૩ સાગરોપમ સુધી સતત જિનનામને બાંધે છે અને તે દેવ ૩૩ સાગરોપમ સુધી મનુષ્યપ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બાંધે છે. તેથી મનુષ્યદ્વિક, ઔદારિક અંગોપાંગ અને વજ્રઋષભ-નારાચસંઘયણનો સતતબંધકાળ ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ કહ્યો છે.

અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિમાંથી આયુષ્ય-૪ અને જિનનામનો સતત-બંધકાળ જઘન્યથી પણ અંતર્મુહૂર્ત છે. બાકીની દરેક પ્રકૃતિનો બંધકાળ જઘન્યથી એક જ સમય છે.

**જિનનામનો જઘન્યબંધકાળ :-**

જે મનુષ્ય જિનનામકર્મને નિકાચિત કરીને ઉપશમશ્રેણી માંડે છે. તે ૮મા ગુણઠાણાના છઠ્ઠાભાગ સુધી સતત જિનનામને બાંધે છે. ત્યારપછી ૮મા ગુણઠાણાના સાતમાભાગથી ૧૧મા ગુણઠાણા સુધી જિનનામનો બંધ હોતો નથી. ત્યાંથી તે જીવ કાલક્ષયે પડીને ૮મા ગુણઠાણાના છઠ્ઠાભાગે આવે છે. ત્યારે જિનનામનો બંધ શરૂ થાય છે. ત્યારપછી અંતર્મુહૂર્તબાદ ફરીથી ઉપશમશ્રેણી માંડીને ૮મા ગુણઠાણાના છઠ્ઠાભાગના છેલ્લા સમયે આવે છે. ત્યારે જિનનામનો બંધવિચ્છેદ થાય છે. એટલે પહેલીવાર ઉપશમશ્રેણીથી પડતાં આઠમાગુણઠાણાના છઠ્ઠાભાગે જિનનામનો બંધ શરૂ કરીને બીજીવાર ઉપશમશ્રેણીમાં ચઢતાં ૮મા ગુણઠાણાના છઠ્ઠાભાગના છેલ્લા સમયે આવીને જિનનામનો બંધવિચ્છેદ કરે છે. ત્યાં સુધીના અંતર્મુહૂર્તકાળમાં જિનનામનો બંધ નિરંતર ચાલુ રહે છે. એટલે જિનનામનો સતતબંધકાળ જઘન્યથી અંતર્મુહૂર્ત પ્રમાણ કહ્યો છે.

## -: અધ્રુવબંધી-૭૩ પ્રકૃતિનો સતતબંધકાળ :-

| પ્રકૃતિનું નામ | સતતબંધકાળ |
|---|---|
| શાતા | દેશોનપૂર્વક્રોડ વર્ષ |
| અશાતા | અંતર્મુહૂર્ત |
| હાસ્યાદિ-૪, સ્ત્રીવેદ, નપુંoવેદ | અંતર્મુહૂર્ત |
| પુoવેદ | સાધિક ૧૩૨ સાગરોપમ |
| આયુષ્ય-૪, નરકદ્વિક | અંતર્મુહૂર્ત |
| તિર્યંચદ્વિક, નીચગોત્ર | અસંખ્યકાળ ચક્ર |
| મનુષ્યદ્વિક, ઔoઅંo, ૧લુસંઘo, જિનનામ | ૩૩ સાગરોપમ |
| દેવદ્વિક, વૈક્રિયદ્વિક | ૩ પલ્યોપમ |
| આહારકદ્વિક | અંતર્મુહૂર્ત |
| ઔoશરીર | અસંખ્યપુદ્ગલપરાવર્ત |
| ૧લું સંસ્થાન, શુભવિહાo, સુભગત્રિક | સાધિક ૧૩૨ સાગરોપમ |
| ઉચ્ચગોત્ર, જાતિ-૪, સંઘo૫, સંo૫, અશુભવિo, ઉદ્યોત-આતપ, સ્થિર, શુભ, યશ, સ્થાવર દશક | અંતર્મુહૂર્ત |
| પંચેo, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસાદિ-૪ | સાધિક ૧૮૫ સાગરોપમ |

**-: સ્થિતિબંધ સમાપ્ત :-**

# રસબંધ

શુભાશુભપ્રકૃતિમાં રસબંધના હેતુ :-

**तिव्वो असुहसुहाणं संकेसविसोहिओ विवज्जयओ ।**
**मंदरसो गिरिमहिरय-जलरेहासरिसकसाएहिं ॥ ६३॥**

**चउठाणाई असुहा सुहन्नहा विग्घदेशघाइ आवरणा ।**
**पुमसंजलणिगदुतिचउठाणरसा सेस दुगमाई ॥ ६४॥**

तीव्रोऽशुभशुभानां संक्लेशविशुद्धितो विपर्ययतः ।
मन्दरसो गिरि-मही-रजोजलरेखासदृशकषायैः ॥ ६३ ॥

चतुःस्थानादिरशुभानां शुभानामन्यथा विघ्नदेशघात्यावरणाः ।
पुंसञ्ज्वलनैकद्वि-त्रि-चतुःस्थानरसाः शेषा द्विस्थानादयः ॥६४॥

ગાથાર્થ :-**અશુભપ્રકૃતિનો તીવ્રરસ સંક્લેશથી બંધાય છે અને શુભપ્રકૃતિનો તીવ્રરસ વિશુદ્ધિથી બંધાય છે. તેનાં કરતા વિપરીત પરિણામથી મંદરસ બંધાય છે તથા પર્વતની રેખા, પૃથ્વીની રેખા, રેતીની રેખા અને જલની રેખાસમાન કષાયોથી ક્રમશઃ અશુભ પ્રકૃતિનો ચતુઃસ્થાનિકાદિરસબંધ થાય છે. તેનાથી વિપરીત ક્રમે શુભપ્રકૃતિનો ચતુઃસ્થાનિકાદિરસબંધ થાય છે.**

**અંતરાય-૫, દેશઘાતી આવરણ, પુ૦વેદ, સંજ્વલન-૪નો રસબંધ એકસ્થાનિક, દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક અને ચતુઃસ્થાનિક થાય છે. બાકીની ૧૦૩ પ્રકૃતિનો રસબંધ દ્વિસ્થાનિકાદિ થાય છે.**

**વિવેચન** :- કષાયોદય સહિત લેશ્યાજન્ય પરિણામને **"રસબંધનો અધ્યવસાય"** કહે છે. તે અધ્યવસાયથી કર્મપુદ્ગલોમાં ઓછા-વધતા પ્રમાણમાં શુભાશુભ ફળ આપવાની જે શક્તિ ઉત્પન્ન થાય છે, તે **"રસ"** કહેવાય છે.

**રસાવિભાગ [રસાણુ] :-**

કેવલીભગવંતની બુદ્ધિરૂપ શસ્ત્રથી પણ જેના બે વિભાગ ન થઇ શકે એવા રસના સૂક્ષ્મઅંશને **રસાવિભાગ, રસાણુ, કે રસપલિચ્છેદ** કહે છે.

કષાયોદયવાળો કોઇપણ જીવ એક જ સમયે અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધરાશિના અનંતમાભાગ જેટલા પરમાણુઓથી બનેલા અનંતા કાર્મણસ્કંધોને ગ્રહણ કરે છે. તે દરેક કાર્મણસ્કંધોમાં રસ ઓછો-વધતો ઉત્પન્ન થાય છે. તેથી રસાણુની વર્ગણા અને વર્ગણાનું સ્પર્દ્ધક થાય છે.

**રસવર્ગણા :-**

**સરખે-સરખા રસાણુવાળા પુદ્‌ગલોના સમૂહને "વર્ગણા" કહે છે.**

એક જ કર્મપુદ્‌ગલમાં ઓછામાં ઓછા સર્વજીવરાશિથી અનંતગુણ રસાણુ હોય છે. એટલે સર્વજીવરાશિથી અનંતગુણરસાણુવાળા કર્મપુદ્‌ગલના સમૂહની **"પ્રથમવર્ગણા"** થાય છે. તેનાથી એક અધિક રસાણુવાળા પુદ્‌ગલના સમૂહની **"બીજીવર્ગણા"** થાય છે. તેનાથી એક અધિક રસાણુવાળા પુદ્‌ગલના સમૂહની **"ત્રીજીવર્ગણા"** થાય છે. એ રીતે, એક-એક અધિક રસાણુવાળા પુદ્‌ગલના સમૂહની ચોથી, પાંચમી વગેરે અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધરાશિના અનંતમા ભાગ જેટલી વર્ગણાઓ થાય છે.

**રસસ્પર્દ્ધક :-**

જેમાં વર્ગણાઓ એક-એક રસાણુની વૃદ્ધિ દ્વારા સ્પર્ધા કરતી હોય, તે **"રસસ્પર્દ્ધક"** કહેવાય.

ઉપર કહ્યાં મુજબ અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધરાશિના અનંતમાભાગ જેટલી વર્ગણાના સમૂહને **"પ્રથમ રસસ્પર્દ્ધક"** કહે છે. ત્યાર પછી પહેલા રસસ્પર્દ્ધકની છેલ્લી વર્ગણામાં જેટલા રસાણુ હોય, તેનાથી એક, બે, ત્રણ, ચાર, સંખ્યાત કે અસંખ્યાત અધિક રસાણુવાળા કર્મપુદ્‌ગલો હોતા નથી. પરંતુ સર્વજીવરાશિથી અનંતગુણ અધિક રસાણુવાળા પુદ્‌ગલો હોય છે, તેથી પહેલા રસસ્પર્દ્ધકની છેલ્લી વર્ગણામાં જેટલા રસાણુ હોય. તેનાથી સર્વજીવરાશિથી અનંતગુણ અધિક રસાણુવાળા પુદ્‌ગલોના સમૂહની **બીજા સ્પર્દ્ધકની પહેલી વર્ગણા** થાય છે. તેનાથી

એક વધારે રસાણુવાળા પુદ્ગલના સમૂહની **બીજીવર્ગણા** થાય છે. તેનાથી એક વધારે રસાણુવાળા પુદ્ગલના સમૂહની **ત્રીજીવર્ગણા** થાય છે.

એ રીતે, એક-એક અધિક રસાણુવાળા પુદ્ગલના સમૂહની અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધરાશિથી અનંતમાભાગ જેટલી વર્ગણાના સમૂહનું **"બીજું રસસ્પર્દ્ધક"** થાય છે.

એ રીતે, અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધરાશિથી અનંતમાભાગ જેટલા સ્પર્દ્ધકોનું **"પ્રથમ [સર્વજઘન્ય] રસસ્થાનક"** થાય છે.

**રસસ્થાનક :-**

કોઈપણ જીવે એક જ સમયે ગ્રહણ કરેલા કર્મપુદ્ગલોમાં જેટલા રસાણુ હોય છે. તેટલા રસાણુના સમૂહને **"એક રસસ્થાનક"** કહે છે.

અસત્કલ્પનાથી **સર્વજીવરાશિથી અનંતગુણ=૧૦૦**

**અભવ્યથી અનંતગુણ=૫** માનવામાં આવે, તો...

**૧૦૦** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **પ્રથમવર્ગણા** થાય છે.
**૧૦૧** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **બીજીવર્ગણા** થાય છે.
**૧૦૨** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **ત્રીજીવર્ગણા** થાય છે.
**૧૦૩** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **ચોથીવર્ગણા** થાય છે.
**૧૦૪** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **પાંચમીવર્ગણા** થાય છે.

એ પાંચે વર્ગણાના સમૂહનું **"પ્રથમ રસસ્પર્દ્ધક"** થાય છે.

પ્રથમ રસસ્પર્દ્ધકમાં કુલ ૫૧૦ રસાણુ હોય છે.

૧૦૪+૯૬ [સર્વજીવરાશિથી અનંતગુણ]=**૨૦૦** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **બીજા સ્પર્દ્ધકની પ્રથમવર્ગણા** થાય છે.

**૨૦૧** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **બીજીવર્ગણા** થાય છે.
**૨૦૨** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **ત્રીજીવર્ગણા** થાય છે.
**૨૦૩** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **ચોથીવર્ગણા** થાય છે.
**૨૦૪** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **પાંચમીવર્ગણા** થાય છે.

એ પાંચે વર્ગણાના સમૂહનું **"બીજું રસસ્પર્દ્ધક"** થાય છે.

બીજા રસસ્પર્દ્ધકમાં કુલ ૧૦૧૦ રસાણુ હોય છે.

૨૦૪+૯૬[સર્વજીવરાશિથી અનંતગુણ]=**૩૦૦** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **ત્રીજાસ્પર્દ્ધકની પ્રથમવર્ગણા** થાય છે.

**૩૦૧** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **બીજીવર્ગણા** થાય છે.

**૩૦૨** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **ત્રીજીવર્ગણા** થાય છે.

**૩૦૩** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **ચોથીવર્ગણા** થાય છે.

**૩૦૪** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **પાંચમીવર્ગણા** થાય છે.

એ પાંચે વર્ગણાના સમૂહનું **"ત્રીજું રસસ્પર્દ્ધક"** થાય છે.

ત્રીજા રસસ્પર્દ્ધકમાં કુલ ૧૫૧૦ રસાણુ હોય છે.

૩૦૪+૯૬ [સર્વજીવરાશિથી અનંતગુણ]=**૪૦૦** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **ચોથા સ્પર્દ્ધકની પ્રથમવર્ગણા** થાય છે.

**૪૦૧** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **બીજીવર્ગણા** થાય છે.

**૪૦૨** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **ત્રીજીવર્ગણા** થાય છે.

**૪૦૩** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **ચોથીવર્ગણા** થાય છે.

**૪૦૪** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **પાંચમીવર્ગણા** થાય છે.

એ પાંચે વર્ગણાના સમૂહનું **"ચોથું રસસ્પર્દ્ધક"** થાય છે.

ચોથા રસસ્પર્દ્ધકમાં કુલ ૨૦૧૦ રસાણુ હોય છે.

૪૦૪+૯૬[સર્વજીવરાશિથી અનંતગુણ]=**૫૦૦** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **પાંચમા સ્પર્દ્ધકની પ્રથમવર્ગણા** થાય છે.

**૫૦૧** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **બીજીવર્ગણા** થાય છે.

**૫૦૨** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **ત્રીજીવર્ગણા** થાય છે.

**૫૦૩** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **ચોથીવર્ગણા** થાય છે.

**૫૦૪** રસાણુવાળા પુદ્ગલના સમૂહની **પાંચમીવર્ગણા** થાય છે.

એ પાંચે વર્ગણાના સમૂહનું **"પાંચમું રસસ્પર્દ્ધક"** થાય છે. પાંચમા રસસ્પર્દ્ધકમાં કુલ ૨૫૧૦ રસાણુ હોય છે.

એ પાંચે રસસ્પર્દ્ધકના સમૂહનું **"પ્રથમ રસસ્થાનક"** થાય છે.

એ પ્રમાણે, એકજીવે એકસમયે ગ્રહણ કરેલાં કાર્મણસ્કંધોમાં **૫૧૦+૧૦૧૦+૧૫૧૦+૨૦૧૦+૨૫૧૦ = ૭૫૫૦** રસાણુ હોય છે. એટલે **એકજીવ એકસમયે ૭૫૫૦ રસાણુવાળું જઘન્યરસસ્થાનક બાંધે છે.**

એકજીવની અપેક્ષાએ એકસમયે એક જ રસસ્થાનક બંધાય છે અને ત્રિકાળવર્તી અનેકજીવની અપેક્ષાએ અસંખ્યલોકના આકાશપ્રદેશ જેટલા રસસ્થાનકો બંધાય છે...તેમાં પ્રથમરસસ્થાનકથી બીજારસસ્થાનકમાં સ્પર્દ્ધકો વધારે હોય છે તેનાથી ત્રીજારસસ્થાનકમાં સ્પર્દ્ધકો વધારે હોય છે એ રીતે, છેલ્લા રસસ્થાનક સુધી સમજવું...

અસત્કલ્પનાથી ૫ સ્પર્દ્ધકોનું કુલ ૭૫૫૦ રસાણુવાળું પ્રથમ રસસ્થાનક બંધાય છે. એ જ રીતે, ૬ સ્પર્દ્ધકોનું કુલ ૨૫૫૬૦ રસાણુવાળુ બીજું રસસ્થાનક બંધાય છે. એ જ રીતે, ૭ સ્પર્દ્ધકોનું કુલ ૫૨૫૭૦ રસાણુવાળુ ત્રીજું રસસ્થાનક બંધાય છે. એ રીતે, અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા રસસ્થાનક બંધાય છે.

**રસસ્થાનકમાં જીવને રહેવાનો કાળ:-**

**ચિત્રમાં બતાવ્યા મુજબ**...૪૦ રસસ્થાનકથી માંડીને ૯૦રસસ્થાનક તરફ જતાં..
શરૂઆતના અસંખ્ય રસસ્થાનકોમાં જીવ વધુમાં વધુ ૪સમય રહી શકે છે.
પછીના અસંખ્ય રસસ્થાનકમાં જીવ વધુમાં વધુ ૫ સમય રહી શકે છે.
પછીના અસંખ્ય રસસ્થાનકમાં જીવ વધુમાં વધુ ૬ સમય રહી શકે છે.
પછીના અસંખ્ય રસસ્થાનકમાં જીવ વધુમાં વધુ ૭ સમય રહી શકે છે.
પછીના અસંખ્ય રસસ્થાનકમાં જીવ વધુમાં વધુ ૮ સમય રહી શકે છે.
પછીના અસંખ્ય રસસ્થાનકમાં જીવ વધુમાં વધુ ૭ સમય રહી શકે છે.
પછીના અસંખ્ય રસસ્થાનકમાં જીવ વધુમાં વધુ ૬ સમય રહી શકે છે.
પછીના અસંખ્ય રસસ્થાનકમાં જીવ વધુમાં વધુ ૫ સમય રહી શકે છે.
પછીના અસંખ્ય રસસ્થાનકમાં જીવ વધુમાં વધુ ૪ સમય રહી શકે છે.
પછીના અસંખ્ય રસસ્થાનકમાં જીવ વધુમાં વધુ ૩ સમય રહી શકે છે.
પછીના અસંખ્ય રસસ્થાનકમાં જીવ વધુમાં વધુ ૨ સમય રહી શકે છે.

એ રીતે, કોઈપણ જીવ પોતાને યોગ્ય રસસ્થાનકમાં ઉત્કૃષ્ટથી ૪, ૫, ૬, ૭, ૮, ૭, ૬, ૫, ૪, ૩, ૨ સમય સુધી રહે છે અને જઘન્યથી એક જ સમય રહે છે. એટલે રસસ્થાનકમાં જીવને રહેવાના કાળની અપેક્ષાએ **"યવાકૃતિ"** થાય છે.

### રસસ્થાનમાં જીવને રહેવાના કાળની અપેક્ષાએ યવાકૃતિ
### અલ્પબહુત્વની અપેક્ષાએ ડમરૂ આકૃતિ



ચિત્રમાં બતાવ્યા મુજબ જઘન્યરસસ્થાનકથી માંડીને શરૂઆતના અસંખ્ય રસસ્થાનકમાંથી કોઈપણ રસસ્થાનમાં રહેલા જીવને ઉત્કૃષ્ટથી સતત ૪સમય સુધી જ૦રસબંધનો અધ્યવસાય હોય છે. તેથી ગાથાનં૦૭૪માં કહ્યા મુજબ પરાવર્તમાનમધ્યમપરિણામી જીવો વધુમાં વધુ ૪સમય સુધી જ૦રસબંધ કરી શકે છે અને છેલ્લા અસંખ્ય રસસ્થાનકમાંથી કોઈપણ રસસ્થાનમાં રહેલા જીવને વધુમાં વધુ ૨ સમય સુધી ઉ૦રસબંધનો અધ્યવસાય હોય છે તેથી તે જીવ વધુમાં વધુ ૨ સમય સુધી ઉ૦રસબંધ કરી શકે છે.

**ચિત્રમાં બતાવ્યા મુજબ.....**

જે રસસ્થાનોમાં જીવ ૮સમય સુધી રહી શકે છે. તે રસસ્થાનકો થોડા છે.
તેનાથી તેની બન્ને બાજુના **૭** સમયવાળા અસંખ્યગુણ છે. [પરસ્પર તુલ્ય છે.]
તેનાથી તેની બન્ને બાજુના **૬** સમયવાળા અસંખ્યગુણ છે. [પરસ્પર તુલ્ય છે.]
તેનાથી તેની બન્ને બાજુના **૫** સમયવાળા અસંખ્યગુણ છે. [પરસ્પર તુલ્ય છે.]
તેનાથી તેની બન્ને બાજુના **૪** સમયવાળા અસંખ્યગુણ છે. [પરસ્પર તુલ્ય છે.]
તેનાથી **૩** સમયવાળા અસંખ્યગુણ છે. તેનાથી **૨** સમયવાળા અસંખ્યગુણ છે.
એટલે અલ્પબહુત્વની અપેક્ષાએ **"ડમરૂ"**ની આકૃતિ થાય છે.

**રસસ્થાનોમાં છઠાણવડિયા :-**

ચિત્રમાં બતાવ્યા મુજબ સર્વજઘન્યરસસ્થાનથી સર્વોત્કૃષ્ટરસસ્થાન તરફ જઈએ, તો.......સર્વજઘન્યરસસ્થાનની અપેક્ષાએ............
કેટલાક રસસ્થાનોમાં **અનંતભાગ અધિક** રસસ્પર્દ્ધકો હોય છે.
કેટલાક રસસ્થાનોમાં **અસંખ્યાતભાગ અધિક** રસસ્પર્દ્ધકો હોય છે.
કેટલાક રસસ્થાનોમાં **સંખ્યાતભાગ અધિક** રસસ્પર્દ્ધકો હોય છે.
કેટલાક રસસ્થાનોમાં **સંખ્યાતગુણ અધિક** રસસ્પર્દ્ધકો હોય છે.
કેટલાક રસસ્થાનોમાં **અસંખ્યાતગુણ અધિક** રસસ્પર્દ્ધકો હોય છે.
કેટલાક રસસ્થાનોમાં **અનંતગુણ અધિક** રસસ્પર્દ્ધકો હોય છે.

ઉ૦રસસ્થાનથી જ૦રસસ્થાન તરફ આવીએ, તો...ઉ૦રસસ્થાનની અપેક્ષાએ..
કેટલાક રસસ્થાનોમાં **અનંતભાગહીન** રસસ્પર્દ્ધકો હોય છે.

કેટલાક રસસ્થાનોમાં **અસંખ્યાતભાગહીન** રસસ્પર્દ્ધકો હોય છે.
કેટલાક રસસ્થાનોમાં **સંખ્યાતભાગહીન** રસસ્પર્દ્ધકો હોય છે.
કેટલાક રસસ્થાનોમાં **સંખ્યાતગુણહીન** રસસ્પર્દ્ધકો હોય છે.
કેટલાક રસસ્થાનોમાં **અસંખ્યાતગુણહીન** રસસ્પર્દ્ધકો હોય છે.
કેટલાક રસસ્થાનોમાં **અનંતગુણહીન** રસસ્પર્દ્ધકો હોય છે. એટલે કર્મપુદ્ગલોમાં રસની વૃદ્ધિ અનંતભાગાદિ-૬ પ્રકારે થાય છે અને રસની હાનિ પણ અનંતભાગાદિ-૬ પ્રકારે થાય છે. એ-૬ પ્રકારની હાનિ-વૃદ્ધિને શાસ્ત્રમાં છઠાણવડિયા [ષટ્સ્થાનપતિત] કહે છે. એટલે રસસ્થાનો **"ષટ્સ્થાનપતિત"** છે.

રસસ્થાનક એ કાર્ય છે તેનું કારણ રસબંધનો અધ્યવસાય છે. એકજીવને એકસમયે એક જ રસબંધનો અધ્યવસાય હોય છે. પરંતુ ત્રિકાળવર્તી અનેકજીવની અપેક્ષાએ એકસ્થિતિસ્થાને અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા રસબંધના અધ્યવસાય હોય છે.

**સ્થિતિસ્થાનમાં રસબંધના અધ્યવસાયો :-**

નવમા-દશમા ગુણઠાણામાં કોઈપણ સ્થિતિસ્થાને ત્રિકાળવર્તી અનેકજીવોને એકસરખો જ પરિણામ હોય છે. તેથી એક-એક સ્થિતિસ્થાને એક-એક જ રસબંધનો અધ્યવસાય હોય છે.

**૮મા**ગુણઠાણાથી **પહેલા**ગુણઠાણા સુધી દરેક સ્થિતિસ્થાને અનેકજીવની અપેક્ષાએ અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા રસબંધના અધ્યવસાયો હોય છે. કારણકે એક જ લેશ્યા તીવ્ર-મંદાદિ તરતમતાના કારણે અસંખ્યપ્રકારે હોય છે. તેથી એકસ્થિતિસ્થાને રહેલા દરેક જીવને રસબંધનો અધ્યવસાય જુદો જુદો પણ હોય છે. દા૦ત૦ ૮માગુણઠાણાના છેલ્લા સ્થિતિસ્થાને રહેલા ૧૦ જીવો શુક્લલેશ્યાવાળા હોવા છતાં પણ તે દરેક જીવને શુક્લલેશ્યા તરતમતાવાળી હોવાથી દરેકને રસબંધનો અધ્યવસાય જુદો જુદો હોય છે.

અશુભપ્રકૃતિમાં ૮મા ગુણઠાણાના છેલ્લા સ્થિતિસ્થાનથી

ઉ૦સ્થિતિસ્થાન સુધી પૂર્વ પૂર્વના સ્થિતિસ્થાનથી પછી પછીના સ્થિતિસ્થાને ક્રમશઃ વિશેષાધિક-વિશેષાધિક રસબંધના અધ્યવસાયો હોય છે.

**ચિત્રનં૦૧૧**માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી... **જ૦સ્થિતિસ્થાનથી ઉ૦સ્થિતિસ્થાન સુધીના અસંખ્યસ્થિતિસ્થાનો = ૬૦ સ્થિતિસ્થાન. અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા રસબંધના અધ્યવસાયો=૧૦ અધ્યવસાય.**

**વિશેષાધિક=૧** માનવામાં આવે, તો...

૬૦મા જ૦સ્થિતિસ્થાનથી **૫૨**મા સ્થિતિસ્થાન સુધીના એક-એક સ્થિતિસ્થાને એક-એક જ રસબંધનો અધ્યવસાય હોય છે. એટલે **૬૦થી૫૨** સુધીના કુલ- ૯ સ્થિતિસ્થાને **૯ રસબંધના અધ્યવસાય** હોય છે. તે ક્રમશઃ અનંતગુણવિશુદ્ધ હોય છે. તેથી તે અધ્યવસાયોની આકૃતિ **ચિત્રનં૦૧૧માં** બતાવ્યા મુજબ ક્રમશઃ મોટા મોટા. **"મોતીની માળાની શેર"** જેવી થાય છે. ત્યારબાદ ૮મા ગુણઠાણાના છેલ્લા= **૫૧**મા સ્થિતિસ્થાને અસંખ્યલોકાકાશ-પ્રદેશ=**૧૦થી૧૯** સુધીના **૧૦** રસબંધના અધ્યવસાય હોય છે.

**૫૦**મા સ્થિતિસ્થાને **૨૦થી૩૦** સુધીના **૧૧** રસબંધના અધ્યવસાય હોય છે.
**૪૯**મા સ્થિતિસ્થાને **૩૧થી૪૨** સુધીના **૧૨** રસબંધના અધ્યવસાય હોય છે.
**૪૮**મા સ્થિતિસ્થાને **૪૩થી૫૫** સુધીના **૧૩** રસબંધના અધ્યવસાય હોય છે.

એ રીતે, એક એક સ્થિતિસ્થાને **વિશેષાધિક=૧** રસબંધનો અધ્યવસાય વધવાથી **૧લા ઉ૦સ્થિતિસ્થાને ૧૭૩૫ થી ૧૭૯૪** સુધીના કુલ **૬૦ રસબંધના અધ્યવસાય** હોય છે. તેથી તે અધ્યવસાયોની આકૃતિ **ચિત્રનં૦૧૧માં** બતાવ્યા મુજબ **"વિષમચતુરસ્ર"** થાય છે.

**શુભપ્રકૃતિ**માં ઉ૦સ્થિતિસ્થાને થોડા [અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા] રસબંધના અધ્યવસાયો હોય છે. તેનાથી સમયન્યૂન ઉ૦સ્થિતિ-સ્થાનમાં વિશેષાધિક હોય છે. તેનાથી બે સમયન્યૂન ઉ૦સ્થિતિસ્થાનમાં વિશેષાધિક હોય છે.

એ રીતે, ઉ૦સ્થિતિસ્થાનથી જઘન્યસ્થિતિસ્થાન તરફ જતાં પૂર્વ પૂર્વના સ્થિતિસ્થાનથી પછી પછીના સ્થિતિસ્થાને ક્રમશઃ વિશેષાધિક-વિશેષાધિક રસબંધના અધ્યવસાયો હોય છે.

ચિત્ર નં. ૧૧

# અશુભ પ્રકૃતિના સ્થિતિસ્થાનમાં રસબંધના અધ્યવસાયો



## શુભ પ્રકૃતિના સ્થિતિસ્થાનમાં રસબંધના અધ્યવસાયો

ચિત્ર નં. ૧૨



**ચિત્રનં૦૧૨માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી....
**શુભપ્રકૃતિમાં** ૧લા ઉ૦સ્થિતિસ્થાને **૧૦** રસબંધના અધ્યવસાય હોય છે.
**બીજા** સ્થિતિસ્થાને **૧૧** થી **૨૧** સુધીના **૧૧** રસબંધના અધ્યવસાય હોય છે.
૩જા સ્થિતિસ્થાને **૨૨** થી **૩૩** સુધીના **૧૨** રસબંધના અધ્યવસાય હોય છે.

એ રીતે, એક-એક સ્થિતિસ્થાને વિશેષાધિક=૧ રસબંધનો અધ્યવસાય વધવાથી **૮મા ગુણઠાણાના છેલ્લા=૫૧મા સ્થિતિસ્થાને ૧૭૨૬થી૧૭૮૫** સુધીના કુલ **૬૦ રસબંધના અધ્યવસાયો** હોય છે તેથી તે અધ્યવસાયોની આકૃતિ **"વિષમચતુરસ્ર"** થાય છે. અને **નવમા-દશમા** ગુણઠાણામાં **૫૨ થી ૬૦** સુધીના **સ્થિતિસ્થાને એક-એક જ રસબંધનો અધ્યવસાય** હોય છે તે ક્રમશઃ અનંતગુણવિશુદ્ધ હોય છે. તેથી તે અધ્યવસાયોની આકૃતિ ક્રમશઃ મોટા મોટા **"મોતીની માળાની શેર"** જેવી થાય છે. શુભપ્રકૃતિના કુલ **૧૭૮૫+૯=૧૭૯૪** રસબંધના અધ્યવસાયો છે.

**સંક્લેશસ્થાનો-વિશુદ્ધિસ્થાનો :-**

અશુભપ્રકૃતિમાં જઘન્યરસબંધના અધ્યવસાયથી ઉત્કૃષ્ટરસબંધના અધ્યવસાય સુધીના ૧૭૯૪ રસબંધના અધ્યવસાયો છે અને શુભપ્રકૃતિમાં પણ જઘન્યરસબંધના અધ્યવસાયથી ઉત્કૃષ્ટરસબંધના અધ્યવસાય સુધીના ૧૭૯૪ રસબંધના અધ્યવસાયો છે. પણ તે અશુભથી ઉલ્ટા ક્રમે છે. એટલે **ચિત્રનં૦૧૨માં બતાવ્યા મુજબ શુભપ્રકૃતિમાં ૧લા જ૦રસબંધના અધ્યવસાયથી છેલ્લા ૧૭૯૪મા ઉ૦રસબંધના અધ્યવસાય તરફ જતાં પૂર્વ પૂર્વના રસબંધના અધ્યવસાયથી પછી પછીના રસબંધના અધ્યવસાયમાં વિશુદ્ધિ વધતી જાય છે** અને **ચિત્રનં૦૧૧માં** બતાવ્યા **મુજબ અશુભપ્રકૃતિમાં છેલ્લા ૧૭૯૪મા રસબંધના અધ્યવસાયથી ૧લા જ૦રસબંધના અધ્યવસાય તરફ જતાં પૂર્વ પૂર્વના રસબંધના અધ્યવસાયથી પછી પછીના રસબંધના અધ્યવસાયમાં વિશુદ્ધિ વધતી જાય છે.** તેથી એ રસબંધના અધ્યવસાયો જ **"વિશુદ્ધિસ્થાનો"** બની જાય છે. પરંતુ બીજું ગુણઠાણું પડતી વખતે જ હોય છે. ચઢતી વખતે હોતું નથી.

તેથી બીજાગુણઠાણામાં રહેલા રસબંધના અધ્યવસાયો સંક્લેશસ્થાનો જ બને છે. વિશુદ્ધિસ્થાનો બનતા નથી.

**એ જ રીતે, ચિત્રનં૦૧૨માં બતાવ્યા મુજબ શુભપ્રકૃતિના છેલ્લા ૧૭૯૪મા રસબંધના અધ્યવસાયથી ૧લા જ૦રસબંધના અધ્યવસાય તરફ આવતાં પૂર્વ પૂર્વના રસબંધના અધ્યવસાયથી પછી પછીના રસબંધના અધ્યવસાયમાં સંક્લિષ્ટતા વધતી જાય છે.** અને **ચિત્રનં૦૧૧માં બતાવ્યા મુજબ અશુભપ્રકૃતિના ૧લા જ૦રસબંધના અધ્યવસાયથી છેલ્લા ૧૭૯૪મા ઉ૦રસબંધના અધ્યવસાય તરફ આવતાં પૂર્વ પૂર્વથી પછી પછીના રસબંધના અધ્યવસાયમાં સંકિલષ્ટતા વધતી જાય છે.** તેથી એ રસબંધના અધ્યવસાયો જ **"સંક્લેશસ્થાનો"** બને છે. પરંતુ ક્ષપકને ક્ષપકશ્રેણીમાંથી પડવાનું હોતું નથી તેથી ક્ષપકશ્રેણી-ગતઅધ્યવસાયો માત્ર વિશુદ્ધિસ્થાનો જ બને છે. સંકલેશસ્થાનો બનતાં નથી તેથી સંક્લેશસ્થાનો કરતાં વિશુદ્ધિસ્થાનો થોડા વધારે હોય છે.

### શુભાશુભકર્મપ્રકૃતિમાં રસબંધની તીવ્ર-મંદતાઃ-

**ચિત્રનં૦૧૩માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી...**અ** નામનો માણસ નીચેથી ઉપરના ગુણઠાણે જતી વખતે તે તે સ્થિતિસ્થાનનો સ્પર્શ કરતો કરતો ઉપર ચઢતો હોય છે. ત્યારે કષાયોદય મંદ થવાથી વિશુદ્ધિ વધતી જવાના કારણે અશુભપ્રકૃતિમાં રસ ઓછો-ઓછો બંધાય છે અને શુભપ્રકૃતિમાં રસ વધારે-વધારે બંધાય છે અને ઉપરથી તે તે સ્થિતિસ્થાનનો સ્પર્શ કરતો કરતો જીવ નીચેના ગુણઠાણે આવી રહ્યો હોય છે. ત્યારે કષાયોદયતીવ્ર થવાથી સંક્લેશ વધતો જવાના કારણે અશુભપ્રકૃતિમાં રસ વધારે-વધારે બંધાય છે અને શુભપ્રકૃતિમાં રસ ઓછો-ઓછો બંધાય છે. એટલે **૧૦મા ગુણઠાણાના છેલ્લા સમયે=૬૦મા સ્થિતિસ્થાને રહેલા મહાત્મા અતિવિશુદ્ધિથી અશુભપ્રકૃતિનો જ૦રસબંધ કરે છે અને શુભપ્રકૃતિનો ઉ૦રસબંધ કરે છે. તથા ૧લા ઉ૦સ્થિતિસ્થાને રહેલો માણસ અતિસંક્લેશથી અશુભપ્રકૃતિનો ઉ૦રસબંધ કરે છે અને શુભ-પ્રકૃતિનો જ૦રસબંધ કરે છે.**

# શુભ-અશુભ પ્રકૃતિમાં રસબંધની તીવ્ર-મંદતા





ચતુઃસ્થાનિકાદિ રસબંધ





**ચતુ:સ્થાનિકાદિરસબંધ:-**

**પર્વતની રેખાસમાન** અનંતાનુબંધીના ઉદયથી અશુભપ્રકૃતિમાં **ચતુ:સ્થાનિકરસ** અને શુભપ્રકૃતિમાં **દ્વિસ્થાનિકરસ** બંધાય છે. **પૃથ્વીની રેખાસમાન** અપ્રત્યાખ્યાનીયના ઉદયથી શુભ અને અશુભપ્રકૃતિમાં **ત્રિસ્થાનિકરસ** બંધાય છે. **રેતીમાં પડેલી રેખાસમાન** પ્રત્યાખ્યાનીયના ઉદયથી અશુભપ્રકૃતિમાં **દ્વિસ્થાનિકરસ** અને શુભપ્રકૃતિમાં **ચતુ:સ્થાનિકરસ** બંધાય છે અને **પાણીમાં પડેલી રેખાસમાન** સંજ્વલનકષાયના ઉદયથી અશુભપ્રકૃતિમાં **એકસ્થાનિકરસ** અને શુભપ્રકૃતિમાં **તીવ્રચતુ:સ્થાનિકરસ** બંધાય છે.

**ચિત્રનં૦૧૪માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી....

★ પહેલા-બીજાગુણઠાણામાં અનંતાનુબંધીના ઉદયથી **૧ થી ૨૭** સુધીના સ્થિતિસ્થાનમાં **અશુભપ્રકૃતિનો ચતુ:સ્થાનિક** અને **શુભપ્રકૃતિનો દ્વિસ્થાનિકરસ** બંધાય છે.

★ ત્રીજા-ચોથાગુણઠાણામાં અપ્રત્યાખ્યાનીયના ઉદયથી **૨૮ થી ૩૫** સુધીના સ્થિતિસ્થાનમાં **અશુભપ્રકૃતિનો ત્રિસ્થાનિક** અને **શુભપ્રકૃતિનો** પણ **ત્રિસ્થાનિકરસ** બંધાય છે.

★ પાંચમા ગુણઠાણામાં પ્રત્યાખ્યાનીયના ઉદયથી **૩૬ થી ૩૯** સુધીના સ્થિતિસ્થાનમાં **અશુભપ્રકૃતિનો દ્વિસ્થાનિકરસ** અને **શુભપ્રકૃતિનો ચતુ:સ્થાનિકરસ** બંધાય છે.

★ છઠ્ઠાગુણઠાણાથી નવમા ગુણઠાણાનો છેલ્લો સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યાં સુધીના **૪૦ થી ૫૫** સ્થિતિસ્થાનમાં સંજ્વલનના ઉદયથી **અશુભપ્રકૃતિનો મંદદ્વિસ્થાનક** અને **શુભપ્રકૃતિનો ચતુ:સ્થાનિકરસ** બંધાય છે.

★ નવમાગુણઠાણાના છેલ્લા સંખ્યાતમાભાગથી ૧૦મા ગુણઠાણા સુધીના **૫૬ થી ૬૦** સ્થિતિસ્થાનમાં સંજ્વલનના ઉદયથી **અશુભપ્રકૃતિનો એકસ્થાનિકરસ** અને **શુભપ્રકૃતિનો ચતુ:સ્થાનિકરસ** બંધાય છે.

એ પ્રમાણે, સામાન્યથી અનંતાનુબંધી વગેરે કષાયની અપેક્ષાએ ચતુઃસ્થાનિકાદિરસનો વિચાર કર્યો. પણ વિશેષથી વિચારીએ, તો.... **તીવ્રઅનંતાનુબંધી** કષાયના ઉદયથી અશુભપ્રકૃતિનો **ચારઠાણિયોરસ** અને શુભપ્રકૃતિનો **બેઠાણિયોરસ** બંધાય છે. **મધ્યમઅનંતાનુબંધી** કષાયના ઉદયથી શુભ અને અશુભપ્રકૃતિનો **ત્રણઠાણિયોરસ** બંધાય છે. **મંદઅનંતાનુબંધી** કષાયના ઉદયથી અશુભપ્રકૃતિનો **બેઠાણિયોરસ** અને શુભપ્રકૃતિનો **ચારઠાણિયોરસ** બંધાય છે.

મંદઅનંતાનુબંધીકષાયના ઉદયવાળા મિથ્યાદષ્ટિજીવો ઉપશમ-સમ્યક્ત્વને પ્રાપ્ત કરતી વખતે યથાપ્રવૃત્તાદિકરણની પૂર્વેના અંતર્મુહૂર્તથી અશુભપ્રકૃતિનો બેઠાણિયો અને શુભપ્રકૃતિનો ચારઠાણિયોરસ બાંધે છે.

**અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય** કષાયના ઉદયથી અશુભપ્રકૃતિનો **બેઠાણિયો** અને શુભપ્રકૃતિનો **બે-ત્રણ-ચારઠાણિયો** રસ બંધાય છે. પરંતુ વિશિષ્ટગુણની પ્રાપ્તિ વખતે મંદ અપ્રત્યાખ્યાનીય કે મંદપ્રત્યાખ્યાનીયના ઉદયથી અશુભપ્રકૃતિનો બેઠાણિયો અને શુભપ્રકૃતિનો ચારઠાણિયો રસ બંધાય છે.

**સંજ્વલન**કષાયના ઉદયથી અશુભપ્રકૃતિનો **બેઠાણિયો** અને શુભપ્રકૃતિનો **બે-ત્રણ-ચારઠાણિયોરસ** બંધાય છે. પરંતુ વિશિષ્ટગુણની પ્રાપ્તિ વખતે અને શ્રેણીમાં નવમાગુણઠાણાનો છેલ્લો એક સંખ્યાતમોભાગ બાકી રહે ત્યાં સુધી અશુભપ્રકૃતિનો બેઠાણિયો અને શુભપ્રકૃતિનો ચારઠાણિયો જ રસ બંધાય છે. ત્યાર પછીથી ૧૦મા ગુણઠાણાના છેલ્લાસમય સુધી **૧૭** અશુભપ્રકૃતિનો **એકઠાણિયો** અને કેવલદ્વિકનો બેઠાણિયોરસ બંધાય છે અને શુભપ્રકૃતિનો ચારઠાણિયોરસ બંધાય છે.

**એકસ્થાનિકાદિ રસબંધમાં તીવ્ર-મંદતાઃ-**

જેમ લીંબડો પીલવાથી જે સાહજિકરસ નીકળે છે. તેમાં ૧[૪૦]ગ્રામ,

(૪૦) तथैतेषामेव पिचुमन्दादीनां क्षीरादीनां च द्रव्याणां संबन्धी सहजरसो जललवबिन्दु-अर्धचुलुकचुलुकप्रसृत्यञ्जलिकरककुम्भद्रोणादिसंबन्धाद्यथा बहुभेदं मन्दमन्दतरादित्वं प्रतिपद्यते तथाऽर्धावर्तादयोऽपि रसा यथा जललवादिसंबन्धान्मन्दमन्दतरमन्दतमादित्वं प्रतिपद्यन्ते तथैवाशुभप्रकृतीनां शुभप्रकृतीनां च रसास्तादृशतादृशकषायवशात्तीव्रत्वं मन्दत्वं चानुविदधतीति । [સ્વોપજ્ઞટીકા ગાથાનં૦૬૩]

૨૦ગ્રામ, ૩૦ગ્રામ, ૪૦ગ્રામાદિ વધુને વધુ પાણી નાંખવાથી તે રસમાં કડવાશ મંદ-મંદતરાદિ થતી જાય છે. એટલે કડવાશની તરતમતાના કારણે લીંબડાનો એકઠાણિયોરસ પણ અનેક પ્રકારે થાય છે. તેમ નવમાગુણઠાણાના છેલ્લા સંખ્યાતમાભાગથી ૧૦મા ગુણઠાણા સુધી સં૦કષાયનો ઉદય મંદ-મંદ થતો જાય છે. એટલે સં૦કષાયોદયની તરતમતાના કારણે ૧૭ અશુભપ્રકૃતિનો એકઠાણિયોરસ પણ મંદ-મંદતરાદિ અનેક પ્રકારે થાય છે.

એ જ રીતે, લીંબડાના બે-ત્રણ-ચારઠાણિયા રસમાં પણ ૧૦ગ્રામ, ૨૦ગ્રામ, ૩૦ગ્રામ, ૪૦ગ્રામ, વગેરે વધુને વધુ પાણી નાંખવાથી તે તે રસમાં કડવાશ ઓછી-ઓછી થતી જાય છે. એટલે કડવાશની તરતમતાના કારણે લીંબડાનો બે-ત્રણ-ચારઠાણિયોરસ પણ અનેકપ્રકારે થાય છે. તેમ પ્રત્યાખ્યાનીયાદિકષાયનો ઉદય મંદ-મંદ થતો જવાના કારણે અશુભપ્રકૃતિનો બે-ત્રણ-ચારઠાણિયોરસ પણ મંદ-મંદતરાદિ અનેકપ્રકારે થાય છે.

એ જ રીતે, શેરડીના ચાર-ત્રણ-બેઠાણિયારસમાં ૧૦ગ્રામ, ૨૦ગ્રામ, ૩૦ગ્રામ, ૪૦ગ્રામાદિ વધુને વધુ પાણી નાંખવાથી તે રસમાં મીઠાશ ઓછી-ઓછી થતી જાય છે. એટલે મીઠાશની તરતમતાના કારણે શેરડીનો ચાર-ત્રણ-બેઠાણિયોરસ અનેકપ્રકારે થાય છે. તેમ સંજ્વલનાદિ કષાયનો ઉદય તીવ્ર-તીવ્રતરાદિ થતો જવાના કારણે શુભપ્રકૃતિનો ચાર-ત્રણ-બેઠાણિયો રસ પણ મંદ-મંદતરાદિ અનેક પ્રકારે થાય છે.

**શુભાશુભપ્રકૃતિમાં એકસ્થાનિકાદિ રસબંધ :-**

બંધયોગ્ય ૧૨૦ પ્રકૃતિમાંથી મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યવજ્ઞાનાવરણીય, ચક્ષુદર્શનાવરણીય, અચક્ષુ-દર્શનાવરણીય, અવધિદર્શનાવરણીય, સંજ્વલનકષાય-૪, પુ૦વેદ, અંતરાય-૫ એ-૧૭ પ્રકૃતિમાં એકસ્થાનિક, દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક, ચતુઃસ્થાનિકરસ બંધાય છે. બાકીની ૧૦૩ પ્રકૃતિમાં દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક અને

**ચતુ:**સ્થાનિકરસ બંધાય છે. કારણ કે શુભપ્રકૃતિમાં અને સર્વઘાતીપ્રકૃતિમાં તથાસ્વભાવે જ એકસ્થાનિકરસ બંધાતો નથી. અને અશુભપ્રકૃતિમાં પણ નવમાગુણઠાણાના છેલ્લા સંખ્યાતમા ભાગે અત્યંતવિશુદ્ધિથી એકસ્થાનિક રસબંધ થાય છે. તે વખતે જ્ઞાના૦૫, દર્શના૦૪, સં૦૪, પુ૦વેદ, અંત૦૫ એ-૧૯ અશુભપ્રકૃતિ બંધાય છે. તેમાંથી કેવલજ્ઞાનાવરણીય અને કેવલદર્શનાવરણીય સર્વઘાતી છે તેથી તેમાં દ્વિસ્થાનિકરસ બંધાય છે. એટલે ૧૭ અશુભપ્રકૃતિમાં જ એકસ્થાનિક રસબંધ થાય છે.

**શંકા:- શુભપ્રકૃતિમાં એકસ્થાનિકરસબંધ કેમ ન થાય?**

**સમાધાન:-** મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો નરકપ્રાયોગ્યપ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે શુભપ્રકૃતિનો અત્યંતમંદરસબંધ કરે છે. તે વખતે શુભપ્રકૃતિના એકસ્થાનિક રસબંધનો સંભવ છે. પણ તે વખતે અતિસંક્લિષ્ટપરિણામ હોવાથી શુભપ્રકૃતિનો બંધ હોતો નથી. અને મધ્યમપરિણામે શુભપ્રકૃતિમાં દ્વિસ્થાનિકરસ બંધાય છે. જો કે અતિસંકલેશથી નરકપ્રાયોગ્ય પ્રકૃતિનો બંધ કરતી વખતે વૈક્રિયદ્વિક, તૈ૦શરીર, કા૦શરીર, પંચેન્દ્રિયજાતિ વગેરે બંધાય છે. પણ તે શુભપ્રકૃતિમાં તથાસ્વભાવે જ બેઠાણિયો રસ બંધાય છે. એકસ્થાનિક રસ બંધાતો નથી. એટલે કોઈપણ શુભપ્રકૃતિમાં એકસ્થાનિક રસબંધ થતો નથી.

**એકસ્થાનિકાદિ રસનું અલ્પબહુત્વ :-**

એકસ્થાનિક રસથી દ્વિસ્થાનિકરસ અનંતગુણ છે.
તેનાથી ત્રિસ્થાનિકરસ અનંતગુણ છે
તેનાથી ચતુ:સ્થાનિકરસ અનંતગુણ છે.

એકસ્થાનિકાદિ રસબંધનું સ્વરૂપ:-

**निंबुच्छुरसो सहजो, दुतिचउभागकड्ढिइक्कभागंतो ।**
**इगठाणाइ असुहो, असुहाण सुहो सुहाणं तु ॥ ६५॥**

निम्बेक्षुरसः सहजः द्वि-त्रि-चतुर्भागक्वथितैकभागान्तः ।
एकस्थानिकादिरशुभः, अशुभानां शुभः शुभानां तु ॥ ६५॥

**ગાથાર્થ :- લીંબડાનો અને શેરડીનો જે સ્વાભાવિકરસ છે. તે એકસ્થાનિક કહેવાય. બેભાગ ઉકાળીને એકભાગ રાખ્યો હોય, તે દ્વિસ્થાનિક કહેવાય. ત્રણભાગ ઉકાળીને એકભાગ રાખ્યો હોય, તે ત્રિસ્થાનિક કહેવાય અને ચારભાગ ઉકાળીને એકભાગ રાખ્યો હોય, તે ચતુઃસ્થાનિક કહેવાય. તથા અશુભપ્રકૃતિનો રસ અશુભ હોય છે અને શુભપ્રકૃતિનો રસ શુભ હોય છે.**

**વિવેચન :-** અશુભપ્રકૃતિનો રસ લીંબડા જેવો છે. જેમ લીંબડાનો રસ કડવો હોય છે. તેમ અશુભપ્રકૃતિનો રસ કડવાવિપાકવાળો [દુઃખદાયક] છે. શુભપ્રકૃતિનો રસ શેરડી જેવો છે. જેમ શેરડીનો રસ પીવાથી આનંદનો અનુભવ થાય છે. તેમ શુભપ્રકૃતિના રસવિપાકથી સુખનો અનુભવ થાય છે.

લીંબડાને કે શેરડીને પીલવાથી જે સ્વાભાવિકરસ નીકળે છે તે એકસ્થાનિકરસ કહેવાય છે. દા૦ત૦ લીંબડાને કે શેરડીને પીલવાથી નીકળતો સ્વાભાવિકરસ **૬૦૦ ગ્રામ** છે. તે **"એકસ્થાનિક"** કહેવાય.

લીંબડાનો કે શેરડીનો બેભાગ પ્રમાણ સ્વાભાવિકરસને ઉકાળીને એકભાગ જેટલો રસ રાખવામાં આવે છે. ત્યારે તેમાં કડવાશ કે મીઠાશ બમણી થઇ જાય છે, તેથી તે દ્વિસ્થાનિકરસ કહેવાય છે. દા૦ત૦ લીંબડાનો કે શેરડીનો સ્વાભાવિક ૬૦૦ ગ્રામ રસ ઉકાળવાથી એકભાગ=૩૦૦ ગ્રામ પાણી બળી જવાથી ફક્ત **એકભાગ=૩૦૦ ગ્રામ** રસ બાકી રહે છે ત્યારે તેમાં કડવાશ કે મીઠાશ બમણી થઇ જાય છે. તેથી તે **દ્વિસ્થાનિકરસ** કહેવાય છે.

લીંબડાનો કે શેરડીનો ત્રણભાગ પ્રમાણ સ્વાભાવિકરસને ખૂબ ઉકાળીને એકભાગ જેટલો રસ રાખવામાં આવે છે. ત્યારે તેમાં કડવાશ કે મીઠાશ ત્રણગુણી થઇ જાય છે. તેથી તે ત્રિસ્થાનિકરસ કહેવાય છે. દા૦ત૦ લીંબડાનો કે શેરડીનો સ્વાભાવિક ૬૦૦ ગ્રામ રસને ખૂબ ઉકાળવાથી બેભાગ=૪૦૦ ગ્રામ પાણી બળી જવાથી ફક્ત એકભાગ= **૨૦૦ ગ્રામ** રસ બાકી રહે છે. ત્યારે તેમાં ત્રણગુણી કડવાશ કે મીઠાશ થઇ જાય છે. તેથી તે **ત્રિસ્થાનિકરસ** કહેવાય છે.

લીંબડાનો કે શેરડીનો ચારભાગ પ્રમાણ સ્વાભાવિકરસને ખૂબ ઉકાળીને એકભાગ જેટલો રસ રાખવામાં આવે છે. ત્યારે તેમાં કડવાશ કે મીઠાશ ચારગુણી થઇ જાય છે. તેથી તે ચતુઃસ્થાનિકરસ કહેવાય છે. દાoતo લીંબડાનો કે શેરડીનો **૬૦૦** ગ્રામ રસ ખૂબ જ ઉકાળવાથી ત્રણભાગ=**૪૫૦** ગ્રામ પાણી બળી જવાથી ફક્ત એકભાગ=**૧૫૦ ગ્રામ** રસ બાકી રહે છે. ત્યારે તેમાં કડવાશ કે મીઠાશ ચારગુણી થઇ જાય છે. તેથી તે **ચતુઃસ્થાનિકરસ** કહેવાય છે.

જેમ લીંબડાનો કે શેરડીનો સ્વાભાવિકરસ વધુને વધુ ઉકાળવાથી તીવ્ર [દ્વિસ્થાનિક], તીવ્રતર [ત્રિસ્થાનિક] અને તીવ્રતમ [ચતુઃસ્થાનિક] થતો જાય છે. તેમ વિશુદ્ધિ વધતી જવાના કારણે શુભપ્રકૃતિમાં તીવ્ર, [દ્વિસ્થાનિક] તીવ્રતર [ત્રિસ્થાનિક] તીવ્રતમ [ચતુઃસ્થાનિક] રસબંધ થાય છે અને અશુભપ્રકૃતિમાં મંદ [ચતુઃસ્થાનિક], મંદતર [ત્રિસ્થાનિક] મંદતમ [દ્વિસ્થાનિક] અને અત્યંતમંદ [એકસ્થાનિક] રસબંધ થાય છે.

**સર્વઘાતી પ્રકૃતિનો રસ સર્વઘાતી :-**

સર્વઘાતી પ્રકૃતિમાં ચતુઃસ્થાનિક, ત્રિસ્થાનિક, દ્વિસ્થાનિકરસ જ બંધાય છે. તથાસ્વભાવે જ એકસ્થાનિક રસ બંધાતો નથી. અને સર્વઘાતી પ્રકૃતિમાં ચતુઃસ્થાનિકરસસ્પર્દ્ધકો, ત્રિસ્થાનિકરસસ્પર્દ્ધકો, દ્વિસ્થાનિકરસસ્પર્દ્ધકો સર્વઘાતી જ હોય છે. એટલે સર્વઘાત્તી પ્રકૃતિનો રસ સર્વઘાતી છે.

**દેશઘાતીપ્રકૃતિનો રસ સર્વઘાતી - દેશઘાતી :-**

દેશઘાતીપ્રકૃતિમાં ચતુઃસ્થાનિક, ત્રિસ્થાનિક, દ્વિસ્થાનિક, એક-સ્થાનિક રસ બંધાય છે. તથા દેશઘાતીપ્રકૃતિમાં ચતુઃસ્થાનિકરસસ્પર્દ્ધકો અને ત્રિસ્થાનિકરસસ્પર્દ્ધકો સર્વઘાતી જ હોય છે અને દ્વિસ્થાનિક-રસસ્પર્દ્ધકોમાંથી તીવ્રદ્વિસ્થાનિક સર્વઘાતી હોય છે અને મંદદ્વિસ્થાનિક દેશઘાતી હોય છે. તથા એકસ્થાનિક રસસ્પર્દ્ધકો દેશઘાતી જ હોય છે. એટલે દેશઘાતીપ્રકૃતિનો રસ સર્વઘાતી છે. અને દેશઘાતી પણ છે.

**સર્વઘાતી - દેશઘાતીરસસ્પર્દ્ધકનું સ્વરૂપ :-**

સર્વઘાતીરસસ્પર્દ્ધકો તાંબાના વાસણની જેમ છિદ્રરહિત, ઘીની

જેમ અતિશય ચીકણા, દ્રાક્ષની જેમ પતલા પ્રદેશવાળા અને સ્ફટિકના ઘરની જેમ નિબિડ [ગાઢ] હોય છે.

દેશઘાતીરસસ્પર્દ્ધકો અનેકપ્રકારના છિદ્રવાળા હોય છે. કેટલાક સાદડીની જેમ અનેક મોટા કાણાવાળા હોય છે. કેટલાક કાંબળીની જેમ મધ્યમકાણાવાળા હોય છે. કેટલાક વસ્ત્રની જેમ અત્યંત સૂક્ષ્મકાણાના સમૂહવાળા હોય છે. સ્હેજ ચીકણા હોય છે.

**રસમાં શુભાશુભતા :-**

"**જે કાર્યનું કારણ અશુભ હોય, તે કાર્ય અશુભ ગણાય.**" એ ન્યાયે અશુભપ્રકૃતિના રસનું સંક્લિષ્ટઅધ્યવસાયરૂપ કારણ અશુભ હોવાથી રસરૂપ કાર્ય અશુભ ગણાય છે. તથા **જે કાર્યનું કારણ શુભ હોય, તે કાર્ય શુભ ગણાય.** એ ન્યાયે શુભપ્રકૃતિના રસનું વિશુદ્ધઅધ્યવસાયરૂપ કારણ શુભ હોવાથી રસરૂપ કાર્ય શુભ ગણાય છે. એટલે ગ્રન્થકારભગવંતે અશુભપ્રકૃતિનો રસ અશુભ અને શુભપ્રકૃતિનો રસ શુભ કહ્યો છે.

એકેન્દ્રિયાદિ-૧૭ પ્રકૃતિના ઉ૦રસબંધના સ્વામી :-

**तिव्वमिगथावरायव, सुरमिच्छा विगलसुहुमनिरयतिगं ।**
**तिरिमणुआउ तिरिनरा, तिरिदुग छेवट्ठ सुरनिरया ॥ ६६॥**

तीव्रमेकस्थावरातपस्य सुरमिथ्यादृष्टयः विकलसूक्ष्मनरकत्रिकम् ।
तिर्यग्मनुजायुस्तिर्यग्नरास्तिर्यग्द्विकच्छेदपृष्ठस्य सुरनारकाः ॥ ६६ ॥

ગાથાર્થ :- **એકેન્દ્રિય, સ્થાવર, આતપનો ઉત્કૃષ્ટરસ મિથ્યાદૃષ્ટિ-દેવો જ બાંધે છે. વિકલેન્દ્રિયત્રિક, સૂક્ષ્મત્રિક, નરકત્રિક, તિર્યંચાયુ અને મનુષ્યાયુનો ઉત્કૃષ્ટરસ તિર્યંચ-મનુષ્યો જ બાંધે છે. તથા તિર્યંચદ્વિક અને છેવટ્ઠાસંઘયણનો ઉત્કૃષ્ટરસ દેવ-નારકો જ બાંધે છે.**

**વિવેચન** :- સામાન્યથી અશુભપ્રકૃતિનો **ઉ૦સ્થિતિબંધ કરતી વખતે ઉ૦રસબંધ** થાય છે અને ૩ આયુ વિના શુભપ્રકૃતિનો સંજ્ઞીને યોગ્ય **જ૦સ્થિતિબંધ કરતી વખતે ઉ૦રસબંધ** થાય છે.

વિશેષથી વિચારીએ, તો....જેમ જ૦સ્થિતિસ્થાનથી માંડીને ઉ૦સ્થિતિસ્થાન સુધીનું કોઇપણ એક સ્થિતિસ્થાન અનેકજીવની અપેક્ષાએ અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા સ્થિતિબંધના અધ્યવસાયોથી બંધાય છે. તેમ જ૦રસસ્થાનથી માંડીને ઉ૦રસસ્થાન સુધીનું કોઇપણ એક રસસ્થાન અનેકજીવની અપેક્ષાએ બે-ચાર-સંખ્યાત કે અસંખ્યાત રસબંધના અધ્યવસાયોથી બંધાતું નથી પરંતુ **એક રસસ્થાન એક જ રસબંધના અધ્યવસાયથી બંધાય છે.** એટલે ઉ૦સ્થિતિસ્થાને રહેલા અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા રસબંધના અધ્યવસાયમાંથી છેલ્લા એક જ ઉ૦રસબંધના અધ્યવસાયથી અશુભપ્રકૃતિનો ઉ૦રસબંધ થાય છે.

જેમકે, **ચિત્રનં૦૯માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી,........ **૧લા ઉ૦સ્થિતિસ્થાને** રહેલા **૫૫** સ્થિતિબંધના અધ્યવસાયોમાંથી કોઇપણ સ્થિતિબંધના અધ્યવસાયથી જ્ઞાનાવરણીયાદિનો ઉ૦સ્થિતિબંધ થાય છે અને જિનનામાદિને યોગ્ય **૫૦**મા **જ૦સ્થિતિસ્થાને** રહેલા **૬** સ્થિતિબંધના અધ્યવસાયોમાંથી કોઇપણ અધ્યવસાયથી જિનનામાદિનો જ૦સ્થિતિબંધ થાય છે. પરંતુ **ચિત્રનં૦૧૧માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી **૧લા ઉ૦સ્થિતિસ્થાને** રહેલા **૬૦** રસબંધના અધ્યવસાયોમાંથી છેલ્લા એક જ ઉ૦રસબંધના અધ્યવસાયથી જ્ઞાનાવરણીયાદિ અશુભપ્રકૃતિનો ઉ૦રસબંધ થાય છે અને **ચિત્રનં૦૧૨માં** બતાવ્યા મુજબ જિનનામાદિને યોગ્ય **૫૦**મા **જ૦સ્થિતિસ્થાને** રહેલા **૫૯** રસબંધના અધ્યવસાયોમાંથી છેલ્લા એક જ ઉ૦રસબંધના અધ્યવસાયથી જિનનામાદિ શુભપ્રકૃતિનો ઉ૦રસબંધ થાય છે.

એ જ રીતે, જે[૪૧] **સ્થિતિસ્થાને જે અશુભપ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ થતો હોય, તે સ્થિતિસ્થાને રહેલા ઉ૦રસબંધના અધ્યવસાયથી તે અશુભપ્રકૃતિનો ઉ૦રસબંધ થાય છે** અને **જે સ્થિતિસ્થાને જે શુભપ્રકૃતિનો જ૦સ્થિતિબંધ થતો હોય, તે સ્થિતિસ્થાને રહેલા ઉ૦રસબંધના અધ્યવસાયથી તે શુભપ્રકૃતિનો ઉ૦રસબંધ થાય છે.**

**એકેન્દ્રિય-સ્થાવરના ઉ૦રસબંધના સ્વામી :-**

જે સ્થિતિસ્થાને એકેન્દ્રિય-સ્થાવરનો ઉ૦સ્થિતિબંધ થતો હોય, તે

(૪૧) बंधविहाणेउत्तरपयडिरसबन्धो ગ્રન્થમાં ગાથાનં૦૨૯ પ્રેમપ્રભાટીકા...

સ્થિતિસ્થાને રહેલા ઉ૦રસબંધના અધ્યવસાયથી એકે૦-સ્થાવરનો ઉ૦રસબંધ થાય... એ નિયમાનુસારે **ચિત્રનં૦૬માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી..... ૧લા ઉ૦સ્થિતિસ્થાને એકેન્દ્રિય-સ્થાવરનો ઉ૦સ્થિતિબંધ થતો હોવાથી તે જ ૧લા ઉ૦સ્થિતિસ્થાનમાં રહેલા છેલ્લા ઉ૦રસબંધના અધ્યવસાયથી એકે૦-સ્થાવરનો ઉ૦રસબંધ થાય છે. એટલે **ચિત્રનં૦૧૫માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી **૧લા ઉ૦સ્થિતિસ્થાનમાં સર્વોત્કૃષ્ટસંકલેશસ્થાને** [ઉ૦રસબંધના અધ્યવસાયસ્થાને] **રહેલા ઈશાનસુધીના દેવો અતિસંકલેશથી એકેન્દ્રિય-સ્થાવરનો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે ઉ૦રસબંધ કરે છે.**

**ચિત્રનં૦૫માં** બતાવ્યા મુજબ તિર્યંચ-મનુષ્યો એકેન્દ્રિયપ્રાયોગ્ય પ્રકૃતિનો વધુમાં વધુ ૧૮ કો૦કો૦સા૦ મધ્યમસ્થિતિબંધ કરી શકે છે. ત્યાર પછીના સ્થિતિસ્થાનોમાં રહેલા તિર્યંચ-મનુષ્યો અતિસંકિલષ્ટ પરિણામે નરકપ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બાંધે છે. તિર્યંચપ્રાયોગ્ય પ્રકૃતિઓ બાંધી શકતા નથી એટલે અતિસંકિલષ્ટપરિણામી તિર્યંચ-મનુષ્યો એકેન્દ્રિય-સ્થાવરનો પ્રકૃતિબંધ જ કરી શકતા ન હોવાથી રસબંધ કેવી રીતે કરે? એટલે એકેન્દ્રિય-સ્થાવરના ઉ૦રસબંધના સ્વામી તિર્યંચ-મનુષ્યો નથી. અને સનત્કુમારાદિ દેવ-નારકો ભવનિમિત્તે જ એકેન્દ્રિયપ્રાયોગ્ય પ્રકૃતિ બાંધતા નથી અને પ્રકૃતિબંધ વિના રસબંધ થતો નથી. તેથી એકે૦-સ્થાવરના ઉ૦રસબંધના સ્વામી સનત્કુમારાદિ દેવ-નારકો નથી. એટલે તે બન્ને પ્રકૃતિના ઉ૦રસબંધના સ્વામી અતિસંકિલષ્ટ પરિણામી ઈશાનસુધીના મિથ્યાદૃષ્ટિ દેવો જ છે.

**આતપના ઉ૦રસબંધના સ્વામી :-**

મિથ્યાત્વગુણઠાણામાં એકેન્દ્રિયપ્રાયોગ્યપ્રકૃતિના બંધવિચ્છેદ સમયે આતપનો અંતઃકો૦કો૦સા૦ જ૦સ્થિતિબંધ થાય છે. એટલે **ચિત્રનં૦૬માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી ૨૧મા સ્થિતિસ્થાને રહેલા ઈશાનસુધીના દેવો એકેન્દ્રિયપ્રાયોગ્યબંધ કરતી વખતે આતપનો અંતઃકો૦કો૦સા૦ જ૦સ્થિતિબંધ કરે છે. કારણ કે ૨૨મા વગેરે સ્થિતિસ્થાનમાં રહેલા

જીવોને એકેન્દ્રિયપ્રાયોગ્યબંધ હોતો નથી અને ૨૧થી નીચેના ૨૦મા ૧૯મા વગેરે સ્થિતિસ્થાનમાં રહેલા જીવોને એકે૦પ્રાયોગ્યબંધ હોય છે. પણ આતપના અંતઃકો૦કો૦સા૦ જ૦સ્થિતિબંધને યોગ્ય વિશુદ્ધિ હોતી નથી તેથી ૨૧મા સ્થિતિસ્થાને આતપનો જ૦સ્થિતિબંધ થાય છે.

જે સ્થિતિસ્થાને આતપનો જ૦સ્થિતિબંધ થતો હોય, તે સ્થિતિસ્થાને રહેલા ઉ૦રસબંધના અધ્યવસાયથી આતપનો ઉ૦રસબંધ થાય... એ નિયમાનુસારે **ચિત્રનં૦૧૫માં બતાવ્યા મુજબ આતપના જ૦સ્થિતિબંધને યોગ્ય ૨૧મા સ્થિતિસ્થાનમાં ઉ૦રસબંધના અધ્યવસાયસ્થાને રહેલા ઈશાનસુધીના દેવો તદ્યોગ્યવિશુદ્ધિથી આતપનો ઉ૦રસબંધ કરે છે.**

સનત્કુમારાદિ દેવ-નારકો આતપને બાંધતા જ નથી અને તિર્યંચ-મનુષ્યો આતપને બાંધે છે. પણ જે વિશુદ્ધિસ્થાને [૨૧મા સ્થિતિસ્થાનમાં ઉ૦રસબંધના અધ્યવસાયસ્થાને] રહેલા ઈશાનસુધીના દેવો આતપનો ઉ૦રસબંધ કરે છે. તે જ વિશુદ્ધિસ્થાને [૨૧મા સ્થિતિસ્થાનમાં ઉ૦રસબંધના અધ્યવસાયસ્થાને] રહેલા તિર્યંચ-મનુષ્યો પંચેન્દ્રિયતિર્યંચાદિ[૪૨] પ્રાયોગ્યપ્રકૃતિઓ બાંધે છે પણ એકેન્દ્રિયપ્રાયોગ્ય બંધ કરી શકતા નથી. તેથી આતપના ઉ૦રસબંધને યોગ્ય વિશુદ્ધિસ્થાને [૨૧મા સ્થિતિસ્થાનમાં ઉ૦રસબંધના અધ્યવસાયસ્થાને] રહેલા તિર્યંચ-મનુષ્યને આતપનો પ્રકૃતિબંધ જ ન હોવાથી રસબંધ કેવી રીતે થાય? એટલે આતપનો ઉ૦રસબંધ ઈશાનસુધીના દેવો જ કરે છે.

**વિકલેન્દ્રિયત્રિક અને સૂક્ષ્મત્રિકના ઉ૦રસબંધના સ્વામી :-**

જે સ્થિતિસ્થાને વિકલેન્દ્રિયત્રિક અને સૂક્ષ્મત્રિકનો ઉ૦સ્થિતિબંધ થતો હોય, તે જ સ્થિતિસ્થાને રહેલા ઉ૦રસબંધના અધ્યવસાયથી વિકલેન્દ્રિયત્રિક અને સૂક્ષ્મત્રિકનો ઉ૦રસબંધ થાય....એ નિયમાનુસારે **ચિત્રનં૦૫માં**

(૪૨) तिर्यङ्मनुष्यस्तु यावत्यां विशुद्धौ वर्तमानः अयमातपमुत्कृष्टं रसं करोति तावत्यां विशुद्धौ वर्तमानः पञ्चेन्द्रियतिर्यगादिप्रायोग्यमन्यत्किञ्चित्शुभतरमुपरचयेयुः,

[સ્વોપજ્ઞટીકા ગાથાનં૦૬૬]


ચિત્ર નં. ૧૫
એકેન્દ્રિય-સ્થાવર-આતપનો ઉ૦રસબંધનો સ્વામી
આતપનો જ૦રસબંધનો સ્વામી
મિશ્ર
સાસ્વાદન
આતપનો ઉ૦રસબંધક
તદ્યોગ્ય વિશુદ્ધિસ્થાન
સ્થિતિસ્થાનો
વિશુદ્ધિસ્થાનો (રસબંધના અધ્યવસાયો)
ઇશાનદેવ
મનુષ્ય પ્રા૦ બંધ
તિર્યંચ પ્રાયોગ્ય કે મનુષ્ય પ્રાયોગ્ય બંધ
મિથ્યાત્વ ગુણઠાણે સ્થિતિસ્થાનો
રસબંધના અધ્યવસાયો
એકે૦-સ્થાવરનો ઉ૦રસબંધક
આતપનો જ૦રસબંધક
એકે૦પ્રાયોગ્ય કે સંજ્ઞીતિર્યંચપ્રા૦બંધ
એકે૦પ્રાયોગ્યબંધ
મિથ્યાત્વ ગુણસ્થાનક
ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનમાં રસબંધના અધ્યવસાયો
ઉ૦ સંક્લેશસ્થાન
૨૦ કો૦કો૦સા૦ઉ૦સ્થિતિબંધ



વૈક્રિયદ્વિકના જ૦રસબંધના સ્વામી
વિકલેન્દ્રિય-સૂક્ષ્મત્રિક-નરકદ્વિકના ઉ૦રસબંધના સ્વામી
મિશ્ર
સાસ્વાદન
મિથ્યાત્વ ગુણઠાણે સ્થિતિસ્થાનો
રસબંધના અધ્યવસાય સ્થાનો
અંતઃકોડાકોડી સાગરોપમ
૧ કો૦કો૦સા૦
૨ કો૦કો૦સા૦
૩ કો૦કો૦સા૦
૪ કો૦કો૦સા૦
૫ કો૦કો૦સા૦
૬ કો૦કો૦સા૦
૭ કો૦કો૦સા૦
૮ કો૦કો૦સા૦
૯ કો૦કો૦સા૦
૧૦ કો૦કો૦સા૦સ્થિતિબંધ
૧૧ કો૦કો૦સા૦
૧૨ કો૦કો૦સા૦
૧૩ કો૦કો૦સા૦
૧૪ કો૦કો૦સા૦
૧૫ કો૦કો૦સા૦
૧૬ કો૦કો૦સા૦
૧૭ કો૦કો૦સા૦
૧૮ કો૦કો૦સા૦સ્થિતિબંધ
૧૯ કો૦કો૦સા૦
૨૦ કો૦કો૦સા૦ઉ૦સ્થિતિબંધસ્થાન
૩ ગતિ પ્રાયોગ્ય બંધ
મિથ્યાત્વગુણસ્થાનક
૨ગતિપ્રાયોગ્યબંધ
નરકપ્રાયોગ્યબંધ
સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિકના ઉ૦રસબંધક
નરકદ્વિકના ઉ૦રસબંધક
વૈ૦દ્વિકના જ૦રસબંધક
ઉ૦રસબંધનો અધ્યવસાય
ઉ૦સ્થિતિસ્થાનમાં રસબંધના અધ્યવસાયો
ઉ૦ સંક્લેશસ્થાન

બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી ત્રીજાસ્થિતિસ્થાને વિકલેન્દ્રિયત્રિક અને સૂક્ષ્મત્રિકનો ઉ૦સ્થિતિબંધ થતો હોવાથી તે જ ત્રીજાસ્થિતિસ્થાનમાં રહેલા ઉ૦રસબંધના અધ્યવસાયથી વિકલેન્દ્રિયત્રિક અને સૂક્ષ્મત્રિકનો ઉ૦રસબંધ થાય છે. તેથી **ચિત્રનં૦૧૬માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી ત્રીજાસ્થિતિસ્થાનમાં છેલ્લા ઉ૦રસબંધના અધ્યવસાયસ્થાને રહેલા તિર્યંચ-મનુષ્યો તદ્યોગ્યસંકલેશથી વિકલેન્દ્રિયત્રિક અને સૂક્ષ્મત્રિકનો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે ઉ૦રસબંધ કરે છે.**

દેવ-નારકો વિકલેન્દ્રિયત્રિક અને સૂક્ષ્મત્રિકને બાંધતા નથી. તેથી દેવ-નારકોને તે પ્રકૃતિનો ઉ૦રસબંધ હોતો નથી. એટલે વિકલેન્દ્રિયત્રિક અને સૂક્ષ્મત્રિકના ઉ૦રસબંધના સ્વામી તિર્યંચ-મનુષ્યો જ છે.

**નરકત્રિકના ઉ૦રસબંધના સ્વામી :-**

**ચિત્રનં૦૫માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી ૧લા ઉ૦સ્થિતિ-સ્થાને નરકદ્વિકનો ઉ૦સ્થિતિબંધ થતો હોવાથી તે જ ૧લા ઉ૦સ્થિતિ-સ્થાનમાં રહેલા છેલ્લા ઉ૦રસબંધના અધ્યવસાયથી નરકદ્વિકનો ઉ૦રસબંધ થાય છે. એટલે **ચિત્રનં૦૧૬માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી ૧લા ઉ૦સ્થિતિસ્થાનમાં સર્વોત્કૃષ્ટસંકલેશસ્થાને [ઉ૦રસબંધના અધ્યવસાય-સ્થાને] રહેલા તિર્યંચ-મનુષ્યો અતિસંકલેશથી નરકદ્વિકનો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે ઉ૦રસબંધ કરે છે.** કારણ કે દેવ-નારકો ભવનિમિત્તે જ નરકપ્રાયોગ્ય પ્રકૃતિઓ બાંધતા નથી. તેથી દેવ-નારકોને નરકદ્વિકના ઉ૦રસબંધનો સંભવ જ નથી અને તિર્યંચ-મનુષ્યો તિર્યંચપ્રાયોગ્ય પ્રકૃતિનો વધુમાં વધુ ૧૮કો૦કો૦સા૦ મધ્યમસ્થિતિબંધ કરી શકે છે. ત્યારપછી નરકપ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બાંધે છે. તેથી નરકદ્વિકના ઉ૦રસબંધના સ્વામી અતિસંકિલષ્ટ પરિણામી તિર્યંચ-મનુષ્યો જ છે.

**નરકાયુ** અશુભપ્રકૃતિ છે. તેથી તે પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે ઉ૦રસબંધ તદ્યોગ્યસંકિલષ્ટ પરિણામી **તિર્યંચ-મનુષ્યો** જ કરે છે.

**તિર્યંચાયુ અને મનુષ્યાયુના ઉ૦રસબંધના સ્વામી :-**

તિર્યંચાયુ અને મનુષ્યાયુ શુભપ્રકૃતિ છે અને તેનો ઉ૦સ્થિતિબંધ પણ શુભ છે. તેથી તે બન્ને પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે ઉ૦રસબંધ તદ્યોગ્ય વિશુદ્ધપરિણામી તિર્યંચ-મનુષ્યો કરે છે. કારણ કે દેવ-નારકો સંખ્યાતવર્ષનું જ મનુષ્યાયુ કે તિર્યંચાયુ બાંધે છે. તેને યુગલિકમાં ઉત્પન્ન થવાનું ન હોવાથી ૩ પલ્યોપમનું યુગલિક તિર્યંચાયુ કે યુગલિકમનુષ્યાયુ બાંધતા નથી. તેથી દેવ-નારકો તિર્યંચાયુ અને મનુષ્યાયુનો ઉ૦સ્થિતિબંધ કરી શકતા ન હોવાથી ઉ૦રસબંધ કરી શકતા નથી. એટલે તે બન્ને આયુષ્યના ઉ૦રસબંધના સ્વામી તિર્યંચ-મનુષ્યો કહ્યાં છે.

**તિર્યંચદ્વિકાદિ-૩ના ઉ૦રસબંધના સ્વામી :-**

જે સ્થિતિસ્થાને તિર્યંચદ્વિક-છેવટ્ઠાનો ઉ૦સ્થિતિબંધ થતો હોય, તે સ્થિતિસ્થાનમાં રહેલા ઉ૦રસબંધના અધ્યવસાયથી તિર્યંચદ્વિક-છેવટ્ઠાનો ઉ૦રસબંધ થાય.... એ નિયમાનુસારે **ચિત્રનં૦૭માં** બતાવ્યા મુજબ અસત્-કલ્પનાથી ૧લા ઉ૦સ્થિતિસ્થાને તિર્યંચદ્વિક અને છેવટ્ઠાસંઘયણનો ઉ૦સ્થિતિબંધ થતો હોવાથી તે જ ૧લા ઉ૦સ્થિતિસ્થાનમાં રહેલા ઉ૦રસબંધના અધ્યવસાયથી તે પ્રકૃતિનો ઉ૦રસબંધ થાય છે. એટલે **ચિત્રનં૦૧૭માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી ૧લા ઉ૦સ્થિતિસ્થાનમાં સર્વોત્કૃષ્ટસંક્લેશસ્થાને રહેલા દેવ-નારકો અતિસંક્લેશથી તિર્યંચદ્વિક અને છેવટ્ઠાસંઘયણનો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે ઉ૦રસબંધ કરે છે.**

તિર્યંચ-મનુષ્યો ચિત્રનં૦૫માં બતાવ્યા મુજબ તિર્યંચપ્રાયોગ્ય-પ્રકૃતિનો વધુમાં વધુ ૧૮ કો૦કો૦સા૦ પ્રમાણ મધ્યમસ્થિતિબંધ કરી શકે છે. ત્યારપછી અતિસંક્લિષ્ટપરિણામથી નરકપ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બાંધે છે. એટલે ૧લા ઉ૦સ્થિતિસ્થાને રહેલા તિર્યંચ્-મનુષ્યો તિર્યંચદ્વિક અને છેવટ્ઠાસંઘયણને બાંધી શકતા ન હોવાથી તે પ્રકૃતિનો ઉ૦રસબંધ કરી શકતા નથી. તેથી તિર્યંચદ્વિક અને છેવટ્ઠાસંઘયણના ઉ૦રસબંધના સ્વામી દેવ-નારકો કહ્યાં છે.

વિશેષથી ૧લા ઉ૦સ્થિતિસ્થાને રહેલા ઇશાનસુધીના દેવો એકેન્દ્રિયપ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બાંધતા હોવાથી છેવઠ્ઠુંસંઘયણ બંધાતું નથી તેથી ઇશાનસુધીના દેવોને છેવઠ્ઠાસંઘયણનો ઉ૦રસબંધ થતો નથી એટલે છેવઠ્ઠાસંઘયણના ઉ૦રસબંધના સ્વામી સનત્કુમારાદિદેવ-નારક જ છે. અને તિર્યંચદ્વિકના ઉ૦રસબંધના સ્વામી ભવનપતિથી સહસ્રાર સુધીના દેવો છે.

વૈક્રિયદ્વિકાદિ-૩૨ પ્રકૃતિના ઉ૦રસબંધના સ્વામી :-

**विउव्विसुराहारदुगं, सुखगइवन्नचउतेयजिणसायं ।**
**समचउपरघातसदस, पणिंदि सासुच्च खवगाउ ॥ ६७॥**

वैक्रियसुराहारकद्विकं, सुखगतिवर्णचतुष्कतैजसजिनसातम् ।
समचतुरस्रपराघातत्रसदशकं, पञ्चेन्द्रियोच्छ्वासोच्चैः क्षपको तु ॥६७॥

ગાથાર્થ :- **વૈક્રિયદ્વિક, દેવદ્વિક, આહારકદ્વિક, શુભવિહાયોગતિ, વર્ણાદિ-૪, તૈજસાદિ-૪, જિનનામ, શાતા, સમચતુરસ્ર, પરાઘાત, ત્રસાદિ-૧૦, પંચેન્દ્રિય, ઉચ્છ્વાસ, અને ઉચ્ચગોત્ર એ-૩૨ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ-રસબંધ ક્ષપકશ્રેણીવાળા જીવો કરે છે.**

**વિવેચન :-** જે સ્થિતિસ્થાને વૈક્રિયદ્વિકાદિનો જ૦સ્થિતિબંધ થતો હોય, તે સ્થિતિસ્થાનમાં રહેલા ઉ૦રસબંધના અધ્યવસાયથી વૈક્રિયદ્વિકાદિનો ઉ૦રસબંધ થાય..... એ નિયમાનુસારે ૮મા ગુણઠાણાના ૬ઠ્ઠાભાગના છેલ્લા સમયે=૫૦મા સ્થિતિસ્થાને વૈક્રિયદ્વિકાદિ-૨૯નો ઉ૦સ્થિતિબંધ થતો હોવાથી, તે જ ૫૦મા સ્થિતિસ્થાનમાં રહેલા ઉ૦રસબંધના અધ્યવસાયથી વૈક્રિય-દ્વિકાદિ-૨૯નો ઉ૦રસબંધ થાય છે. એટલે **ચિત્રનં૦૧૩માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી ૮મા ગુણઠાણાના છઠ્ઠાભાગના છેલ્લાસમયે=૫૦મા સ્થિતિસ્થાનમાં ઉ૦રસબંધના અધ્યવસાયસ્થાને રહેલા ક્ષપકમહાત્મા તદ્યોગ્યવિશુદ્ધિથી વૈક્રિયદ્વિકાદિ-૨૯નો [શાતા-યશ-ઉચ્ચગોત્ર વિના] ઉ૦રસબંધ કરે છે અને ૧૦મા ગુણઠાણાના છેલ્લાસમયે=૬૦મા સ્થિતિસ્થાનમાં સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિસ્થાને રહેલા ક્ષપકમહાત્મા અતિવિશુદ્ધિથી શાતા-યશ અને ઉચ્ચગોત્રનો ઉ૦રસબંધ કરે છે.**

ઉદ્યોતાદિ-૭૫ પ્રકૃતિના ઉ૦રસબંધના સ્વામી :-

**तमतमगा उज्जोयं, सम्मसुरा मणुय उरलदुगवइरं ।**
**अपमत्तो अमराउं, चउगइमिच्छा उ सेसाणं ॥ ६८॥**

तमस्तमा उद्योतस्य सम्यक्सुराः मनुजौदारिकद्विकवज्राणाम् ।
अप्रमत्तः अमरायुषः चतुर्गतिमिथ्यादृष्टयस्तु शेषाणाम् ॥ ६८॥

ગાથાર્થ :- **તમઃતમા નામની સાતમી નરકમાં રહેલા નારકો ઉદ્યોતનો ઉ૦રસબંધ કરે છે. સમ્યગ્દષ્ટિદેવો મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક અને વજ્રઋષભનારાચસંઘયણનો ઉ૦રસબંધ કરે છે અને અપ્રમત્તમુનિ-દેવાયુનો ઉ૦રસબંધ કરે છે. બાકીની પ્રકૃતિનો ઉ૦રસબંધ ચારેગતિના મિથ્યાદષ્ટિ જીવો કરે છે.**

**વિવેચન** :- ઉપશમસમ્યક્ત્વની સન્મુખ થયેલા સાતમી નરકના નારકો અનિવૃત્તિકરણના છેલ્લા સમયે ઉદ્યોતનો જ૦સ્થિતિબંધ કરે છે. કારણકે મનુષ્યપ્રાયોગ્ય કર્મપ્રકૃતિ જે વિશુદ્ધ અધ્યવસાયથી બંધાય છે. એવો વિશુદ્ધ અધ્યવસાય સાતમી નરકમાં રહેલા નારકોને પહેલા-બીજા-ગુણઠાણે આવતો નથી. તેથી તે જીવો પહેલા-બીજાગુણઠાણે મનુષ્યપ્રાયોગ્યપ્રકૃતિ બાંધી શકતા નથી. એટલે તે જીવો પહેલા-બીજાગુણઠાણે તિર્યંચપ્રાયોગ્ય જ પ્રકૃતિ બાંધે છે. તેથી ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે યથાપ્રવૃત્તાદિ-૩ કરણમાં પણ તિર્યંચપ્રાયોગ્ય જ પ્રકૃતિ બંધાય છે તેની સાથે કેટલાક સાતમીનરકના નારકો ઉદ્યોતનામકર્મને પણ બાંધે છે અને મિથ્યાત્વની સન્મુખ થયેલા સાસ્વાદની કરતાં ઉપશમસમ્યક્ત્વની સન્મુખ થયેલા મિથ્યાદષ્ટિને વિશુદ્ધિ ઘણી હોય છે. તેથી અનિવૃત્તિકરણના છેલ્લાસમયે સાતમી નરકના નારકો ઉદ્યોતનામકર્મનો જ૦સ્થિતિબંધ કરે છે. એટલે **ચિત્રનં૦૧૭માં બતાવ્યા મુજબ અસત્ કલ્પનાથી અનિવૃત્તિકરણના છેલ્લાસમયે=૨૪મા સ્થિતિસ્થાનમાં ઉ૦રસબંધના અધ્યવસાયસ્થાને રહેલો સાતમી નરકનો નારક તદ્યોગ્યવિશુદ્ધિથી ઉદ્યોતનો ઉ૦રસબંધ** કરે છે.

૧થી૬ નરકના નારકો અને દેવો અનિવૃત્તિકરણના છેલ્લાસમયે

ચિત્ર નં. ૧૭



તિર્યંચદ્વિક-નીચગોત્ર
ઔદારિકદ્વિક-ઉદ્યોતના
જ૦રસબંધના સ્વામી
ઉદ્યોતનો ઉ૦રસબંધક
સાતમી નરકનો નારક
તિર્યંચદ્વિક નીચગોત્રનો
જ૦ રસબંધક
તિર્યંચદ્વિક-છેવટ્ઠાના
ઉ૦રસબંધના સ્વામી
મિશ્ર
સાસ્વાદન
સ્થિતિસ્થાનો
વિશુદ્ધિસ્થાનો
(રસબંધના અધ્યવસાયસ્થાનો)
તદ્યોગ્યવિશુદ્ધિસ્થાન
રસબંધના અધ્યવસાય સ્થાનો
સનત્કુમારદેવ
પ્રથમ નરકનો નારક
મનુષ્યપ્રા૦ બંધ
તિર્યંચ પ્રાયોગ્ય કે મનુષ્ય પ્રાયોગ્ય બંધ
ઔદારિકદ્વિક-ઉદ્યોતનો
જ૦રસબંધક
તિર્યંચદ્વિક-છેવટ્ઠાના
ઉ૦રસબંધક
સંજ્ઞી તિર્યંચ પ્રા૦ બંધ
મિથ્યાત્વ ગુણસ્થાનક
અંતઃકો૦કો૦સા૦
૧કો૦
૨કો૦
૩કો૦
૪કો૦
૫કો૦
૬કો૦
૭કો૦
૮કો૦
૯ કો૦
૧૦ કો૦
૧૧કો૦કો૦સા૦
૧૨કો૦કો૦સા૦
૧૩ કો૦કો૦સા૦
૧૪ કો૦કો૦સા૦
૧૫ કો૦કો૦સા૦
૧૬ કો૦કો૦સા૦
૧૭ કો૦કો૦સા૦
૧૮ કો૦કો૦સા૦
૧૯ કો૦કો૦સા૦
૨૦ કો૦કો૦સા૦ઉ૦સ્થિતિબંધ


ચિત્ર નં. ૧૮
જ્ઞાનાવરણીયાદિ ૬૮ પ્રકૃતિના ઉ૦રસબંધના સ્વામી
ત્રસાદિ-૧૫ પ્રકૃતિના જ૦રસબંધના સ્વામી
મિશ્ર
સાસ્વાદન
મિથ્યાત્વ ગુણસ્થાનક
હાસ્ય-રતિ, પુંવેદના ઉ૦રસબંધક
ઉ૦ રસબંધનો અધ્યવસાય
બીજાસં-બીજાસંના ઉ૦રસબંધક
ત્રીજાસં-ત્રીજાસંના ઉ૦રસબંધક
સ્ત્રીવેદનો ઉ૦રસબંધક
ચોથાસં-ચોથાસંના ઉ૦રસબંધક
પાંચમાસં-પાંચમાસંના ઉ૦રસબંધક
જ્ઞાના૦૫+દર્શના૦૯+અશાતા +મોહ-૨૨+નામ-૧૩+નીચગોત્ર +અંત૦૫=૫૮પ્રકૃતિના ઉ૦રસબંધક
ત્રસાદિ-૪ + વર્ણાદિ-૪ + તૈજસાદિ-૪ + પંચે૦ + પરાઘાત + ઉચ્છ્વાસ = ૧૫ પ્રકૃતિના જ૦રસબંધક
મિથ્યાત્વ ગુણઠાણે સ્થિતિસ્થાનો
ઉ૦ સંક્લેશસ્થાન
ઉ૦સ્થિતિસ્થાનમાં રસબંધના અધ્યવસાયો
૨૦/૩૦/૪૦/૭૦ કોડાકોડીસાગરોપમ ઉ૦સ્થિતિબંધસ્થાન
અંત:કોડાકોડીસાગ૦

મનુષ્યપ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બાંધે છે તથા તિર્યંચ-મનુષ્યો અનિવૃત્તિકરણના છેલ્લાસમયે દેવપ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બાંધે છે. અને મનુષ્યપ્રાયોગ્ય કે દેવપ્રાયોગ્ય પ્રકૃતિની સાથે ઉદ્યોતનામકર્મ બંધાતું જ નથી. તેથી તે જીવોને અનિવૃત્તિકરણના છેલ્લાસમયે ઉદ્યોતનો પ્રકૃતિબંધ ન હોવાથી ઉદ્યોતનો ઉ૦રસબંધ હોતો નથી. એટલે અનિવૃત્તિકરણના છેલ્લાસમયે રહેલા સાતમી નરકના નારકો જ ઉદ્યોતના ઉ૦રસબંધના સ્વામી છે.

**૬૮ પ્રકૃતિના ઉ૦રસબંધના સ્વામી :-**

**ચિત્રનં૦૮માં** અસત્કલ્પનાથી...જે સ્થિતિસ્થાને જ્ઞાના૦૫+દર્શના૦૯+અશાતા+મોહનીય-૨૬+નામ-૨૧+નીચગોત્ર+અંત૦૫=૬૮ પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કહ્યો છે. તે જ સ્થિતિસ્થાનમાં રહેલા ઉ૦રસબંધના અધ્યવસાયથી જ્ઞાનાવરણીયાદિનો ઉ૦રસબંધ થાય છે. એટલે....

**ચિત્રનં૦૧૮માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી **૧૧**મા સ્થિતિસ્થાનમાં ઉ૦રસબંધના અધ્યવસાયસ્થાને રહેલા **ચારેગતિના મિથ્યાદૃષ્ટિજીવો** તદ્યોગ્યસંક્લેશથી **હાસ્ય-રતિ અને પુ૦વેદનો** ઉ૦સ્થિતિબંધ કરતી વખતે **ઉ૦રસબંધ** કરે છે.

★ ૯મા સ્થિતિસ્થાનમાં ઉ૦રસબંધના અધ્યવસાયસ્થાને રહેલા **ચારેગતિના મિથ્યાદૃષ્ટિજીવો** તદ્યોગ્યસંક્લેશથી **બીજાસંઘયણ** અને **બીજાસંસ્થાન**નો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે **ઉ૦રસબંધ** કરે છે.

★ ૭મા સ્થિતિસ્થાનમાં ઉ૦રસબંધના અધ્યવસાયસ્થાને રહેલા **ચારેગતિના મિથ્યાદૃષ્ટિજીવો** તદ્યોગ્યસંક્લેશથી **ત્રીજાસંઘયણ** અને **ત્રીજાસંસ્થાન**નો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે **ઉ૦રસબંધ** કરે છે.

★ **૬**ઠ્ઠા સ્થિતિસ્થાનમાં ઉ૦રસબંધના અધ્યવસાયસ્થાને રહેલા **ચારેગતિના મિથ્યાદૃષ્ટિજીવો** તદ્યોગ્યસંક્લેશથી **સ્ત્રીવેદ**નો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે **ઉ૦રસબંધ** કરે છે.

★ **૫**મા સ્થિતિસ્થાનમાં ઉ૦રસબંધના અધ્યવસાયસ્થાને રહેલા **ચારેગતિના** મિથ્યાદૃષ્ટિજીવો તદ્યોગ્યસંક્લેશથી **ચોથાસંઘયણ** અને **ચોથાસંસ્થાન**નો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે **ઉ૦રસબંધ** કરે છે

★ ૩ જાસ્થિતિસ્થાનમાં ઉ૦રસબંધના અધ્યવસાયસ્થાને રહેલા **ચારેગતિના મિથ્યાદૃષ્ટિજીવો** તદ્યોગ્યસંક્લેશથી **પાંચમાસંઘયણ** અને **પાંચમાસંસ્થાન**નો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે **ઉ૦રસબંધ** કરે છે.

★ ૧લા ઉ૦સ્થિતિસ્થાનમાં સર્વોત્કૃષ્ટસંક્લેશસ્થાને રહેલા **ચારેગતિના મિથ્યાદૃષ્ટિજીવો** અતિસંક્લેશથી **જ્ઞાના૦૫+ દર્શના૦૯+ અશાતા+ મોહનીય-૨૨** [મિથ્યાત્વ, ૧૬કષાય, શોક-અરતિ, ભય-જુગુપ્સા, નપું૦વેદ]+ **નામ-૧૩** [અશુભવર્ણાદિ-૪ ઉપઘાત, હુંડક, અશુભવિહા૦, અસ્થિરાદિ-૬]+ **નીચગોત્ર+અંતરાય-૫=૫૬**અશુભપ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે **ઉ૦રસબંધ** કરે છે.

**મનુષ્યદ્વિકાદિ-૫ના ઉ૦રસબંધના સ્વામી :-**

મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક, વજ્રઋષભનારાચસંઘયણ એ-૫ પ્રકૃતિ શુભ હોવાથી સમ્યગ્દૃષ્ટિદેવો તે પ્રકૃતિનો જ૦સ્થિતિબંધ કરતી વખતે ઉ૦રસબંધ કરે છે. કારણકે મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો મનુષ્યપ્રાયોગ્ય પ્રકૃતિ બાંધે છે. પણ તે જીવોને ઉ૦વિશુદ્ધિ હોતી નથી. અને સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યોને ઉ૦વિશુદ્ધિ હોય છે. પણ તે જીવો દેવપ્રાયોગ્ય જ પ્રકૃતિને બાંધે છે. મનુષ્યપ્રાયોગ્ય પ્રકૃતિ બાંધતા ન હોવાથી મનુષ્યદ્વિકાદિ-૫નો ઉ૦રસબંધ કરતા નથી. અને સમ્યગ્દૃષ્ટિનારકો મનુષ્યપ્રાયોગ્ય પ્રકૃતિ બાંધે છે પણ તેના કરતાં સમ્યગ્દૃષ્ટિદેવોને વિશુદ્ધિ ઘણી હોય છે. કારણકે સમ્યગ્દૃષ્ટિદેવોને તીર્થંકર ભગવંતની સમૃદ્ધિ, પરિવાર, દેશના વગેરેના દર્શન-શ્રવણથી કે નંદીશ્વરદ્વીપમાં શાશ્વત જિનાલયના દર્શનાદિથી જે વિશુદ્ધ પરિણામ આવે છે. એવા વિશુદ્ધપરિણામ નારકોને આવતા નથી. તેથી તદ્યોગ્યવિશુદ્ધપરિણામવાળા સમ્યગ્દૃષ્ટિદેવો જ **મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક** અને **વજ્રઋષભનારાચસંઘયણનો** ૧ કે ૨ સમય સુધી **ઉ૦રસબંધ** કરે છે.

**પેજનં૦૧૯૬માં** કહ્યા મુજબ ૨ સમયવાળા ઉ૦રસબંધના અધ્યવસાયસ્થાને રહેલા જીવને વધુમાં વધુ ૨ સમય સુધી ઉ૦રસબંધનો અધ્યવસાય હોય છે. તેથી તે જીવ વધુમાં વધુ ૨ સમય સુધી મનુષ્યદ્વિકાદિ-૫નો ઉ૦રસબંધ કરી શકે છે.

**દેવાયુના ઉ૦રસબંધના સ્વામી :-**

દેવાયુ શુભપ્રકૃતિ છે અને તેનો ઉ૦સ્થિતિબંધ પણ શુભ છે. તેથી જે પ્રમત્તસંયમી ૩૩ સાગરોપમ પ્રમાણ દેવાયુનો બંધ શરૂ કરીને અપ્રમત્તગુણઠાણે આવે છે. તે અપ્રમત્તસંયમી અપ્રમત્તગુણઠાણે ૩૩ સાગરોપમ પ્રમાણ દેવાયુને બાંધતી વખતે તદ્યોગ્ય વિશુદ્ધિથી દેવાયુનો ઉ૦રસબંધ કરે છે. જો કે પ્રમત્તસંયમી પણ દેવાયુનો ૩૩ સાગરોપમનો ઉ૦સ્થિતિબંધ કરે છે. પણ પ્રમત્તસંયમી કરતાં અપ્રમત્તસંયમીને વિશુદ્ધિ ઘણી હોય છે. તેથી અપ્રમત્તસંયમી જ દેવાયુનો ઉ૦રસબંધ કરે છે.

## -: અશુભપ્રકૃતિના ઉ૦રસબંધના સ્વામી :-

| અશુભપ્રકૃતિનું નામ | ઉ૦રસબંધના સ્વામી |
|---|---|
| જ્ઞાના૦૫, દર્શના૦૯, અશાતા, મિથ્યા૦, ૧૬ કષાય, શોક-અરતિ, ભય-જુગુપ્સા, નપું૦વેદ, અશુભવર્ણાદિ-૪, ઉપઘાત, હુંડક, અશુભવિહા૦, અસ્થિરષટ્ક, નીચગોત્ર, અંત૦ ૫ ૫૬ | અતિસંક્લિષ્ટ પરિણામી ચારેગતિના મિથ્યાદષ્ટિજીવો... |
| હાસ્ય-રતિ, પુ૦વેદ, સ્ત્રીવેદ, મધ્યમ સંઘ૦૪, મધ્યમસંસ્થાન-૪ ૧૨ | તદ્યોગ્ય સંક્લિષ્ટપરિણામી ચારેગતિના મિથ્યાદષ્ટિજીવો... |
| એકેન્દ્રિય-સ્થાવર ૨ | અતિસંક્લિષ્ટપરિણામી ઇશાનસુધીના દેવો |
| સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિય... ૬ | તદ્યોગ્ય સંક્લિષ્ટપરિણામી તિર્યંચ-મનુષ્ય |
| નરકદ્વિક ૨ | અતિસંક્લિષ્ટપરિણામી તિર્યંચ-મનુષ્યો |
| નરકાયુ ૧ | તદ્યોગ્ય સંક્લિષ્ટપરિણામી સંજ્ઞી તિર્યંચ-મનુષ્ય |
| તિર્યંચદ્વિક-છેવઠ્ઠું ૩ | અતિસંક્લિષ્ટપરિણામી દેવ-નારકો |

## -: શુભપ્રકૃતિના ઉ૦રસબંધના સ્વામી :-

| શુભપ્રકૃતિનું નામ | ઉ૦રસબંધના સ્વામી |
|---|---|
| આતપ **૧** | તદ્યોગ્ય વિશુદ્ધપરિણામી ઈશાનસુધીના દેવો.. |
| તિર્યંચાયુ-મનુષ્યાયુ... **૨** | તદ્યોગ્ય વિશુદ્ધપરિણામી અયુગલિક તિર્યંચ-મનુષ્યો |
| વૈ૦દ્વિક, દેવદ્વિક, આહા૦દ્વિક, શુભવિહા૦, વર્ણાદિ-૪, તૈજસાદિ ૪, જિનનામ, સમચતુરસ્ર, પરાઘાત, ત્રસાદિ-૯, પંચે૦, ઉચ્છ્વાસ **૨૯** | તદ્યોગ્ય વિશુદ્ધપરિણામી ૮મા ગુણઠાણાના ૬ઠ્ઠા ભાગના છેલ્લાસમયે રહેલા ક્ષપકમહાત્મા... |
| શાતા-યશ-ઉચ્ચગોત્ર **૩** | અતિવિશુદ્ધપરિણામી ૧૦મા ગુણઠાણાના છેલ્લાસમયે રહેલા ક્ષપકમહાત્મા |
| ઉદ્યોત **૧** | અનિવૃત્તિકરણના છેલ્લાસમયે રહેલો મિથ્યાદૃષ્ટિ સાતમી નરકનો નારક.. |
| મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક, ૧લું સંઘયણ **૫** | તદ્યોગ્ય વિશુદ્ધિપરિણામી સમ્યગ્દષ્ટિ દેવો... |
| દેવાયુ **૧** | તદ્યોગ્ય વિશુદ્ધપરિણામી અપ્રમત્તસંયમી |

નિદ્રાનિદ્રાદિ-૧૮ પ્રકૃતિના જ૦રસબંધના સ્વામી :-

**थीणतिगं अणमिच्छं मंदरसं संजमुम्मुहो मिच्छो ।**
**बियतियकसाय अविरय, देस पमत्तो अरइसोए ॥ ६९॥**

स्त्यानर्द्धित्रिकमनन्तानुबन्धिमिथ्यात्वं मंदरसं संयमोन्मुखो मिथ्यादृष्टिः।
द्वितीयतृतीयकषायस्याविरतो देशः प्रमत्तोऽरतिशोके ॥ ६९॥

**ગાથાર્થ :-સંયમની સન્મુખ થયેલો મિથ્યાદષ્ટિ જીવ થીણદ્ધિત્રિક, અનંતાનુબંધી અને મિથ્યાત્વનો જઘન્યરસબંધ કરે છે. અવિરતસમ્યગ્દષ્ટિ**

**બીજા [અપ્રત્યાખ્યાનીય] કષાયનો જઘન્યરસબંધ કરે છે. દેશવિરતિ ત્રીજા [પ્રત્યાખ્યાનીય] કષાયનો જઘન્યરસબંધ કરે છે અને પ્રમત્તસંયમી અરતિ-શોકનો જઘન્યરસબંધ કરે છે.**

**વિવેચન** :- ઘાતીકર્મપ્રકૃતિનો જ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ થાય છે. અઘાતીકર્મપ્રકૃતિમાંથી **શાતા, દેવદ્વિક, મનુષ્યદ્વિક, ૧લું સંઘયણ, ૧લુંસંસ્થાન, શુભવિહાયોગતિ, સ્થિરષટ્ક, ઉચ્ચગોત્ર** એ-**૧૫** પરાવર્તમાન શુભપ્રકૃતિનો જ૦રસબંધ પરાવર્તમાનમધ્યમપરિણામે થાય છે. અને **અશાતા, નરકદ્વિક, જાતિચતુષ્ક, ૫ સંઘયણ, ૫ સંસ્થાન, અશુભ-વિહાયોગતિ, સ્થાવરાદિ-૧૦,** એ ૨૮ પરાવર્તમાન અશુભપ્રકૃતિનો જ૦રસબંધ પરાવર્તમાનમધ્યમપરિણામે થાય છે. બાકીની શુભપ્રકૃતિનો જ૦રસબંધ ઉ૦સ્થિતિબંધ કરતી વખતે થાય છે અને અશુભપ્રકૃતિનો જ૦રસબંધ જ૦સ્થિતિબંધ કરતી વખતે થાય છે.

**સંયમ = અપ્રમત્તસંયમ**[૪૩]

સમ્યક્ત્વ અને અપ્રમત્તસંયમને એકીસાથે પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા મિથ્યાદષ્ટિમનુષ્ય મિથ્યાત્વગુણઠાણાના છેલ્લાસમયે તદ્યોગ્ય વિશુદ્ધિથી **નિદ્રાનિદ્રા, પ્રચલા-પ્રચલા, થીણદ્ધિ, અનંતાનુબંધી-૪** અને **મિથ્યાત્વમોહનીય**નો અંતઃકો૦કો૦સા૦ જ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ કરે છે.

સામાન્યથી અશુભપ્રકૃતિનો પોતપોતાના બંધવિચ્છેદસ્થાને જ૦સ્થિતિબંધ થાય છે. પરંતુ થીણદ્ધિત્રિક અને અનંતાનુબંધી-૪નો બીજા-ગુણઠાણે બંધવિચ્છેદસમયે જ૦સ્થિતિબંધ થતો નથી. કારણ કે મિથ્યાત્વની સન્મુખ થયેલા સાસ્વાદની કરતાં ઉપશમસમ્યક્ત્વની સન્મુખ થયેલા મિથ્યાદષ્ટિને અનિવૃત્તિકરણના છેલ્લાસમયે વિશુદ્ધિ ઘણી હોય છે. તેથી તે પ્રકૃતિનો જ૦સ્થિતિબંધ અનિવૃત્તિકરણના છેલ્લાસમયે થાય છે.

---

(૪૩) थीणद्धितिगमिच्छत्ताणंताणुबंधीणं एतेसिं अट्ठण्हं कम्माणं चरिमसमयमिच्छद्दिट्ठी से काले समत्तं संजमं च जुगवं पडिवज्जिउकामो जहन्नाणुभागं करेइ। [શતકચૂર્ણિ]

અપ્રમત્ત[44]સંયમની સન્મુખ થયેલો અવિરતસમ્યગ્દષ્ટિ મનુષ્ય-સમ્યક્ત્વગુણઠાણાના છેલ્લાસમયે તદ્યોગ્યવિશુદ્ધિથી **અપ્રત્યાખ્યાનીય-૪**નો જ૦સ્થિતિબંધ કરતી વખતે **જ૦રસબંધ** કરે છે.

અપ્રમત્ત[45]સંયમની સન્મુખ થયેલો દેશવિરતિધર મનુષ્ય દેશવિરતિ-ગુણઠાણાના છેલ્લાસમયે તદ્યોગ્યવિશુદ્ધિથી **પ્રત્યાખ્યાનીય-૪**નો જ૦સ્થિતિબંધ કરતી વખતે **જ૦રસબંધ** કરે છે.

અપ્રમત્તસંયમની સન્મુખ થયેલો પ્રમત્તસંયમી તદ્યોગ્યવિશુદ્ધિથી **શોક-અરતિ**નો જ૦રસબંધ કરે છે.

આહારકદ્વિકાદિ-૧૮પ્રકૃતિના જ૦રસબંધના સ્વામી :-

**अपमाइ हारगदुगं दुनिद्दअसुवन्नहासरईकुच्छा ।**
**भयमुवघायमपुव्वो, अनियट्टी पुरिससंजलणे ॥ ७० ॥**

अप्रमादी आहारकद्विकं दुनिद्राऽशुभवर्णहास्यरतिकुत्सानाम् ।
भयमुपघातमपूर्वोऽनिवृत्तिः पुरुषसञ्ज्वलने ॥ ७० ॥

ગાથાર્થ :- **અપ્રમત્તસંયમી આહારકદ્વિકનો જઘન્યરસબંધ કરે છે. અપૂર્વકરણગુણઠાણાવાળા જીવો નિદ્રાદ્વિક, અશુભવર્ણાદિ-૪, હાસ્ય-રતિ, ભય-જુગુપ્સા, ઉપઘાતનો જઘન્યરસબંધ કરે છે. અનિવૃત્તિગુણઠાણા-વાળા જીવો પુરુષવેદ અને સંજ્વલનચતુષ્કનો જઘન્યરસબંધ કરે છે.**

**વિવેચન** :- આહારકદ્વિક શુભપ્રકૃતિ હોવાથી તેનો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ થાય છે. એટલે પ્રમત્તની સન્મુખ થયેલા **ચિત્રનં૦૪માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી અપ્રમત્તગુણઠાણાના છેલ્લાસમયે=૪૪મા સ્થિતિસ્થાને રહેલા અપ્રમત્તસંયમી મહાત્મા તદ્યોગ્ય [આહારકદ્વિકના જ૦રસબંધને યોગ્ય] સંક્લેશથી **આહારકદ્વિક**નો જ૦રસબંધ કરે છે.

---

(૪૪) अप्पच्चक्खाणावरणाणं असंजयसम्मदिट्ठी से काले संजमं पडिवज्जिउकामो जहन्नं करेइ । [શતકચૂર્ણિ]

(૪૫) पच्चक्खाणावरणाणं देसविरयस्स से काले संजमं पडिवज्जिउकामस्स जहन्नं भवति । [શતકચૂર્ણિ]

નિદ્રાદ્વિક, ઉપઘાત, અશુભવર્ણાદિ-૪, હાસ્ય-રતિ, ભય-જુગુપ્સા એ-૧૧ પ્રકૃતિ અશુભ હોવાથી પોતપોતાના બંધવિચ્છેદસમયે જ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ થાય છે. એટલે ક્ષપકશ્રેણીમાં ૮મા ગુણઠાણાના પહેલાભાગના છેલ્લાસમયે રહેલા ક્ષપકમહાત્મા તદ્યોગ્યવિશુદ્ધિથી **નિદ્રાદ્વિકનો જ૦રસબંધ** કરે છે. ૮મા ગુણઠાણાના છઠ્ઠાભાગના છેલ્લાસમયે રહેલા ક્ષપકમહાત્મા તદ્યોગ્યવિશુદ્ધિથી **અશુભવર્ણાદિ-૪** અને **ઉપઘાત**નો જ૦રસબંધ કરે છે અને ૮મા ગુણઠાણાના છેલ્લાસમયે રહેલા ક્ષપકમહાત્મા તદ્યોગ્યવિશુદ્ધિથી **હાસ્ય-રતિ** અને **ભય-જુગુપ્સાનો જ૦રસબંધ** કરે છે.

ક્ષપકશ્રેણીમાં નવમાગુણઠાણાના પાંચભાગ કરવા. તેમાં પહેલા-ભાગના છેલ્લાસમયે રહેલા ક્ષપકમહાત્મા **પુ૦વેદ**નો જ૦સ્થિતિબંધ કરતી વખતે **જ૦રસબંધ** કરે છે. બીજાભાગના છેલ્લાસમયે રહેલા ક્ષપક-મહાત્મા **સં૦ક્રોધનો** જ૦સ્થિતિબંધ કરતી વખતે **જ૦રસબંધ** કરે છે. ત્રીજાભાગના છેલ્લાસમયે રહેલા ક્ષપકમહાત્મા **સં૦માન**નો જ૦સ્થિતિબંધ કરતી વખતે **જ૦રસબંધ** કરે છે. ચોથાભાગના છેલ્લાસમયે રહેલા ક્ષપકમહાત્મા **સં૦માયા**નો જ૦સ્થિતિબંધ કરતી વખતે **જ૦રસબંધ** કરે છે અને પાંચમાભાગના છેલ્લાસમયે રહેલા ક્ષપકમહાત્મા **સં૦લોભ**નો જ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ કરે છે.

દાનાંતરાયાદિ-૩૩ પ્રકૃતિના જઘન્યરસબંધના સ્વામી :-

**विग्घावरणे सुहुमो, मणुतिरिया सुहुमविगलतिगआउ ।**
**वेऊव्विछक्कममरा, निरया उज्जोयउरलदुगं ॥ ७१ ॥**

विघ्नावरणानां सूक्ष्मःमनुष्य-तिर्यञ्चः सूक्ष्मविकलत्रिकायूंषि ।
वैक्रियषट्कममरा नारका उद्योतौदारिकद्विकम् ॥ ७१ ॥

**ગાથાર્થ :- સૂક્ષ્મસંપરાયગુણઠાણાવાળા જીવો અંતરાય-૫, જ્ઞાના૦૫, દર્શના૦૪નો જઘન્યરસબંધ કરે છે. તિર્યંચ-મનુષ્યો સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક, આયુષ્ય-૪, વૈક્રિયષટ્કનો જઘન્યરસબંધ કરે છે. દેવ-નારકો ઉદ્યોત અને ઔદારિકદ્વિકનો જઘન્યરસબંધ કરે છે.**

**વિવેચન :-** જ્ઞાના૦૫, દર્શના૦૪ અને અંત૦૫ એ-૧૪ પ્રકૃતિ અશુભ હોવાથી પોતાના બંધવિચ્છેદસમયે જ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ થાય છે. એટલે **ચિત્રનં૦૧૩માં** બતાવ્યા મુજબ અસત્-કલ્પનાથી ૧૦મા ગુણઠાણાના છેલ્લાસમયે=૬૦મા સ્થિતિસ્થાને રહેલા ક્ષપકમહાત્મા અતિવિશુદ્ધિથી જ્ઞાનાવરણીયાદિ-૧૪ પ્રકૃતિનો જ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ કરે છે.

### સૂક્ષ્મત્રિક-વિકલેન્દ્રિયત્રિકના જ૦રસબંધના સ્વામી :-

મિથ્યાદષ્ટિ તિર્યંચ-મનુષ્યો **"પરાવર્તમાનમધ્યમપરિણામથી"** સૂક્ષ્મત્રિક અને વિકલેન્દ્રિયત્રિકનો જ૦રસબંધ કરે છે. કારણ કે દેવ-નારકો ભવસ્વભાવે જ સૂક્ષ્મત્રિક અને વિકલેન્દ્રિયત્રિકને બાંધતા નથી. તેથી તે પ્રકૃતિના જ૦રસબંધના સ્વામી દેવ-નારકો નથી. એટલે સૂક્ષ્મત્રિક અને વિકલેન્દ્રિયત્રિકના જ૦રસબંધના સ્વામી તિર્યંચ-મનુષ્યો કહ્યાં છે.

---

(૪૬) नरकद्विकस्याऽशुभप्रकृतित्वाज्जघन्यस्थितिबन्धकाले तद्बन्धकेषु सर्वविशुद्धा एते जघन्यानुभागं विदधति । देवद्विकस्य शुभप्रकृतित्वादात्मीयोत्कृष्टस्थितिबन्धकाले तत्प्रायोग्य-संक्लिष्टा अमी जघन्यानुभागं बध्नन्ति । विकलत्रिकसूक्ष्मत्रिकयोस्त्व-शुभप्रकृति-त्वात्तत्प्रायोग्यविशुद्धा अमी सर्वजघन्यमनुभागं बध्नन्ति । [સ્વોપજ્ઞટીકા ગાથાનં૦૭૧]

परियत्तमाणमज्झिमपरिणामो होइ मिछद्दिट्ठीयो ।
तिरियो व मणुस्सो वा सुहुमाईण दसपयडीणं ॥१७३॥

[बन्धविहाणेउत्तरपयडिरसबन्धो ગાથાનં૦૧૭૩]

સ્વોપજ્ઞટીકાદિગ્રંથોમાં નરકદ્વિક, સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિકના જઘન્યરસબંધના સ્વામી તદ્યોગ્યવિશુદ્ધપરિણામી તિર્યંચ-મનુષ્યો કહ્યાં છે અને દેવદ્વિકના જઘન્યરસબંધના સ્વામી તદ્યોગ્યસંક્લિષ્ટપરિણામી તિર્યંચ-મનુષ્યો કહ્યાં છે તથા **बन्धविहाणे उत्तर-पयडिरसबन्धो** ગ્રન્થમાં ગાથાનં૦૧૭૩માં નરકદ્વિકાદિ-૧૦ પ્રકૃતિના જ૦રસબંધના સ્વામી પરાવર્તમાનમધ્યમપરિણામી તિર્યંચ-મનુષ્યો કહ્યાં છે. એટલે અભ્યાસુવર્ગને પ્રશ્ન થાય કે સ્વોપજ્ઞટીકાદિ ગ્રન્થમાં કહ્યાં મુજબ અહીં નરકદ્વિકાદિના જ૦રસબંધના સ્વામી કેમ ન કહ્યાં? એના પ્રત્યુત્તર માટે बन्धविहाणेउत्तरपयडिरसबन्धो ગાથાનં૦૧૭૩ની પ્રેમપ્રભાટીકા અવશ્ય જોવી. અને પરિશિષ્ટમાં ટીપ્પણનં Q અવશ્ય જોવી....

**શાતાદિ-૧૫** પરાવર્તમાન શુભપ્રકૃતિ અતિસંકિલષ્ટપરિણામે બંધાતી નથી અને **અશાતાદિ-૨૮** પરાવર્તમાન અશુભપ્રકૃતિ અતિવિશુદ્ધપરિણામે બંધાતી નથી. તેથી શાતા-અશાતાદિ શુભાશુભપ્રકૃતિનો જ૦રસબંધ અતિસંક્લિષ્ટ કે અતિવિશુદ્ધપરિણામે થતો નથી એટલે તે પ્રકૃતિનો જ૦રસબંધ મધ્યમપરિણામે જ થાય છે. મધ્યમપરિણામ પણ-૨ પ્રકારે છે. (1) પરાવર્તમાનમધ્યમપરિણામ અને (2) અપરાવર્તમાનમધ્યમપરિણામ...

(1) જે મધ્યમપરિણામથી પ્રથમઅંતર્મુહૂર્તમાં શાતા બંધાય, બીજા અંતર્મુહૂર્તમાં અશાતા બંધાય, ત્રીજા અંતર્મુહૂર્તમાં શાતા બંધાય. એ રીતે, એક-એક અંતર્મુહૂર્તે શાતા-અશાતા વારાફરતી બંધાય છે, તે **પરાવર્તમાનમધ્યમપરિણામ** કહેવાય.

(2) જે મધ્યમપરિણામથી પ્રથમ અંતર્મુહૂર્તમાં શાતા બંધાય અને બીજા અંતર્મુહૂર્તમાં પણ શાતા જ બંધાય છે, તે અવસ્થિતમધ્યમપરિણામ અથવા **અપરાવર્તમાનમધ્યમપરિણામ** કહેવાય.

અપરાવર્તમાનમધ્યમપરિણામે શાતા-અશાતાદિનો જ૦રસબંધ થતો નથી. કારણ કે શુભ અપરાવર્તમાનમધ્યમપરિણામમાં વિશુદ્ધિ ઘણી હોવાથી શાતાદિશુભપ્રકૃતિના જ૦રસબંધને યોગ્ય સંક્લેશ હોતો નથી અને અશુભ અપરાવર્તમાનમધ્યમપરિણામમાં સંક્લિષ્ટતા ઘણી હોવાથી અશુભપ્રકૃતિના જ૦રસબંધને યોગ્ય વિશુદ્ધિ હોતી નથી તેથી અપરાવર્તમાનમધ્યમપરિણામે શાતા-અશાતાદિનો જ૦રસબંધ થતો નથી. એટલે શાતા-અશાતાદિનો જ૦રસબંધ પરાવર્તમાનમધ્યમપરિણામે કહ્યો છે.

**ચિત્રનં૦૩માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી...

**૮માગુણઠાણા સુધીના અસંખ્યસ્થિતિસ્થાનો=૫૧ સ્થિતિસ્થાન સમજવા...** તેમાં ૧લા સ્થિતિસ્થાને રહેલા જીવો ૨૦કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે. પછી ઉપર ચઢતી વખતે એક-એક સ્થિતિસ્થાને એક-એક કો૦કો૦સા૦ સ્થિતિબંધ ઘટવાથી ૨૦મા સ્થિતિસ્થાને રહેલા જીવો ૧કો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે અને ૨૧ થી ૫૧ સુધીના સ્થિતિસ્થાને રહેલા જીવો અંતઃકો૦કો૦સા૦ સ્થિતિબંધ કરે છે. એમ માનવામાં આવે, તો...

**ચિત્રનં૦૧૯માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી....**

મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો **૨૧**મા સ્થિતિસ્થાને સૂક્ષ્મત્રિકનો અંતઃકો૦કો૦સા૦ જઘન્યસ્થિતિબંધ કરે છે. ત્યારપછી અંતર્મુહૂર્ત સુધી બાદરત્રિકને બાંધે છે. ત્યારપછી અંતર્મુહૂર્ત સુધી સૂક્ષ્મત્રિકને બાંધે છે. એ રીતે, **અંતઃકો૦કો૦સા૦થી ૧૮ કો૦કો૦સા૦** સુધીના સ્થિતિસ્થાનમાં= **૨૧થી૩** સુધીના સ્થિતિસ્થાનમાં બાદરત્રિકની સાથે સૂક્ષ્મત્રિક એક-એક અંતર્મુહૂર્ત વારાફરતી બંધાય છે. તેથી તે **"પરાવર્તમાનબંધ"** છે.

**સમયાધિક ૧૮ કો૦કો૦સા૦થી ૨૦ કો૦કો૦સા૦** સુધીના સ્થિતિસ્થાનમાં=**પહેલા-બીજા** સ્થિતિસ્થાનમાં બાદરત્રિક જ બંધાય છે. તેથી તે **"અપરાવર્તમાનબંધ"** છે.

સૂક્ષ્મત્રિકનું અંતઃકો૦કો૦સા૦ જ૦સ્થિતિબંધસ્થાન=૨૧મા સ્થિતિસ્થાનની ઉપરના **૨૨થી૫૦** [૮મા ગુણઠાણાના ૬ભાગ સુધીના] સ્થિતિસ્થાનોમાં બાદરત્રિક જ બંધાય છે. તેથી તે **"અપરાવર્તમાનબંધ"** છે.

એ રીતે, કુલ-૩ વિભાગ થયા. તેમાંથી પહેલાવિભાગમાં અને ત્રીજાવિભાગમાં સૂક્ષ્મત્રિક બંધાતું જ ન હોવાથી ત્યાં તેનો જ૦રસબંધ ન થાય.

બીજાવિભાગમાં **૨૧થી૩** સ્થિતિસ્થાનમાં રહેલા તિર્યંચ-મનુષ્યો બાદરત્રિકની સાથે સૂક્ષ્મત્રિકને પરાવર્તમાનમધ્યમપરિણામથી બાંધે છે. એટલે **ચિત્રનં૦૧૯માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી ૨૧થી૩** સુધીના **સ્થિતિસ્થાનમાંથી કોઈપણ સ્થિતિસ્થાનમાં રહેલા તિર્યંચ-મનુષ્યો સૂક્ષ્મત્રિકનો બંધ અટકાવીને બાદરત્રિકનો બંધ શરૂ કરવા જતી વખતે**[૪૭] **સૂક્ષ્મત્રિકના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી સૂક્ષ્મત્રિકનો જ૦રસબંધ કરે છે.**

એ જ રીતે, બીજાવિભાગમાં **૨૧થી૩ સુધીના સ્થિતિસ્થાનમાંથી**

---

(૪૭) एतेषु हि सम्यग्दृष्टि--मिथ्यादृष्टिप्रायोग्येषु स्थितिस्थानेषु प्रकृतेः प्रकृत्यन्तरसंक्रमे मन्दः परिणामो जघन्यानुभागबन्धयोग्यो लभ्यते नान्यत्र।[સ્વોપજ્ઞટીકા-ગાથાનં૦૭૨] પરાવર્તમાનમધ્યમપરિણામી જીવને એક પ્રકૃતિથી બીજીપ્રકૃતિમાં સંક્રમતી વખતે જ જ૦રસબંધને યોગ્ય મંદપરિણામ હોય છે.

# સૂક્ષ્મત્રિકના જ૦રસબંધના સ્વામી





ચિત્ર નં. ૨૦
દેવદ્વિકના જ૦રસબંધના સ્વામી
દેવદ્વિકનું અંતઃકો૦કો૦સા૦ જ૦ સ્થિતિબંધસ્થાન
૧ થી ૮મા ગુણઠાણાના ૬ઠ્ઠા ભાગ સુધીના ૧ થી ૫૦ સ્થિતિસ્થાનો
ત્રીજો વિભાગ દેવદ્વિકનો અપરાવર્તમાનબંધ
દેવદ્વિકના રસબંધના અધ્યવસાયો
તિર્યંચદ્વિકનું સ્વયોગ્યઅંતઃકો૦કો૦સા૦ જ૦ સ્થિતિબંધસ્થાન
બીજો વિભાગ દેવદ્વિકનો પરાવર્તમાનબંધ
દેવદ્વિકના જ૦ રસબંધના સ્વામી
દેવદ્વિકનું ૧૦ કો૦કો૦સા૦ ઉ૦ સ્થિતિબંધસ્થાન
તિર્યંચદ્વિકના રસબંધના અધ્યવસાયો
બીજો વિભાગ તિર્યંચદ્વિકનો પરાવર્તમાનબંધ
પ્રથમ વિભાગ
તિર્યંચદ્વિકનું ૨૦ કો૦કો૦સા૦ ઉ૦ સ્થિતિબંધસ્થાન

**કોઇપણ સ્થિતિસ્થાનમાં રહેલા તિર્યંચ-મનુષ્યો વિકલેન્દ્રિયત્રિકનો બંધ અટકાવીને પંચેન્દ્રિયનો બંધ શરૂ કરવા જતી વખતે વિકલેન્દ્રિયત્રિકના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી વિકલેન્દ્રિયત્રિકનો જ૦રસબંધ કરે છે.** એટલે બીજાવિભાગમાં રહેલા પરાવર્તમાનમધ્યમપરિણામી તિર્યંચ-મનુષ્યો જ સૂક્ષ્મત્રિક અને વિકલેન્દ્રિયત્રિકના જ૦રસબંધના સ્વામી છે.

**દેવદ્વિકના જ૦રસબંધના સ્વામી :-**

મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો **પરાવર્તમાનમધ્યમપરિણામથી** દેવદ્વિકનો જ૦રસબંધ કરે છે. કારણ કે દેવ-નારકો ભવનિમિત્તે જ દેવદ્વિકને બાંધતા નથી. તેથી દેવદ્વિકના જ૦રસબંધના સ્વામી દેવ-નારકો નથી. એટલે દેવદ્વિકના જ૦રસબંધના સ્વામી **"તિર્યંચ-મનુષ્યો"** કહ્યાં છે.

**ચિત્રનં૦૨૦માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી...**

**બીજાવિભાગમાં** દેવદ્વિકના **૧૦કો૦કો૦સા૦** ઉ૦સ્થિતિબંધથી તિર્યંચદ્વિકના સ્વયોગ્ય **અંત:કો૦કો૦સા૦** જ૦સ્થિતિબંધસ્થાન સુધીના સ્થિતિસ્થાનોમાં=**૧૧** થી **૨૧** સુધીના સ્થિતિસ્થાનમાં તિર્યંચદ્વિકાદિની સાથે દેવદ્વિક પરાવર્તમાનમધ્યમપરિણામે બંધાય છે. એટલે **૧૧થી૨૧ સ્થિતિસ્થાનમાંથી કોઇપણ સ્થિતિસ્થાનમાં રહેલા તિર્યંચ-મનુષ્યો દેવદ્વિકનો બંધ અટકાવીને તિર્યંચદ્વિકાદિનો બંધ શરૂ કરવા જતી વખતે દેવદ્વિકના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી દેવદ્વિકનો જ૦રસબંધ કરે છે.**

**ત્રીજાવિભાગમાં** ૨૨ થી ૫૦ [૮માગુણઠાણાના ૬ઠ્ઠાભાગ સુધીના] સ્થિતિસ્થાનોમાં દેવદ્વિક બંધાય છે પણ તેનો જ૦રસબંધ થતો નથી કારણકે ૫૦મા સ્થિતિસ્થાનમાં રહેલા ઉ૦રસબંધના અધ્યવસાયથી દેવદ્વિકનો ઉ૦રસબંધ થાય છે અને બાકીના અપરાવર્તમાનમધ્યમ-પરિણામમાં દેવદ્વિકના જ૦રસબંધને યોગ્ય સંક્લેશ હોતો નથી. તેથી ત્યાં દેવદ્વિકનો જ૦રસબંધ થતો નથી.

**પહેલાવિભાગમાં** ૨૦ કો૦કો૦સા૦થી સમયાધિક ૧૮કો૦કો૦-સા૦=૧લા-બીજાસ્થિતિસ્થાનમાં અને બીજાવિભાગમાં ૧૮કો૦કો૦સા૦થી

સમયાધિક ૧૦કો૦કો૦સા૦=૩થી૧૦ સ્થિતિસ્થાનમાં દેવદ્વિક બંધાતું જ નથી તેથી તે સ્થિતિસ્થાનોમાં દેવદ્વિકનો જ૦રસબંધ ન થાય. એટલે **બીજા-વિભાગમાં ૧૧થી ૨૧ સ્થિતિસ્થાનોમાં રહેલા પરાવર્તમાનમધ્યમપરિણામી તિર્યંચ-મનુષ્યો જ દેવદ્વિકના જ૦રસબંધના સ્વામી છે.**

**વૈક્રિયદ્વિકના જ૦રસબંધના સ્વામી :-**

વૈક્રિયદ્વિક શુભપ્રકૃતિ હોવાથી ઉ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ થાય છે. એટલે **ચિત્રનં૦૧૬માં બતાવ્યા મુજબ અસત્-કલ્પનાથી ૧લા ઉ૦સ્થિતિસ્થાનમાં સર્વોત્કૃષ્ટસંક્લેશસ્થાને રહેલા તિર્યંચ-મનુષ્યો અતિસંક્લેશથી નરકપ્રાયોગ્યપ્રકૃતિની સાથે વૈક્રિયદ્વિકનો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ કરે છે.**

**નરકદ્વિકના જ૦રસબંધના સ્વામી :-**

મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો **પરાવર્તમાનમધ્યમપરિણામથી** નરકદ્વિકનો જ૦રસબંધ કરે છે. કારણ કે દેવ-નારકો ભવનિમિત્તે જ નરકદ્વિકને બાંધતા નથી. તેથી તેના જ૦રસબંધના સ્વામી દેવ-નારકો નથી. એટલે નરકદ્વિકના જ૦રસબંધના સ્વામી **"તિર્યંચ-મનુષ્યો"** કહ્યાં છે.

**ચિત્રનં૦૨૧માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી....**

નરકદ્વિકના **અંતઃકો૦કો૦સા૦** જ૦સ્થિતિબંધસ્થાનથી મનુષ્યદ્વિકના **૧૫ કો૦કો૦સા૦** ઉ૦સ્થિતિબંધસ્થાન સુધીના સ્થિતિસ્થાનોમાં=**૨૧થી૬** સ્થિતિસ્થાનોમાં મનુષ્યદ્વિકાદિની સાથે નરકદ્વિક પરાવર્તમાનપણે બંધાય છે. ત્યારપછી **સમયાધિક ૧૫કો૦કો૦સા૦થી ૧૮કો૦કો૦સા૦** સુધીના સ્થિતિસ્થાનોમાં=**૫ થી** ૩ સ્થિતિસ્થાનોમાં તિર્યંચદ્વિકની સાથે નરકદ્વિક **પરાવર્તમાનપણે** બંધાય છે.

સમયાધિક ૧૮કો૦કો૦સા૦થી ૨૦ કો૦કો૦સા૦=બીજા-૧લા સ્થિતિસ્થાનમાં રહેલા તિર્યંચ-મનુષ્યો નરકપ્રાયોગ્ય જ પ્રકૃતિને બાંધે છે. અને દેવ-નારકો તિર્યંચપ્રાયોગ્ય જ પ્રકૃતિને બાંધે છે. એટલે તે સ્થિતિ-સ્થાનોમાં નરકદ્વિક અને તિર્યંચદ્વિક બન્ને બંધાય છે. પણ ત્યાં તે બન્નેના

ચિત્ર નં. ૧૬


વૈક્રિયદ્વિકના જ૦રસબંધના સ્વામી
વિકલેન્દ્રિય-સૂક્ષ્મત્રિક-નરકદ્વિકના ઉ૦રસબંધના સ્વામી
મિશ્ર
સાસ્વાદન
મિથ્યાત્વ ગુણઠાણે સ્થિતિસ્થાનો
રસબંધના અધ્યવસાય સ્થાનો
સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિકના ઉ૦રસબંધક
નરકદ્વિકના ઉ૦રસબંધક
વૈ૦દ્વિકના જ૦રસબંધક
ઉ૦રસબંધનો અધ્યવસાય
મિથ્યાત્વગુણસ્થાનક
૨ગતિપ્રાયોગ્યબંધ
નરકપ્રાયોગ્યબંધ
૩ ગતિ પ્રાયોગ્ય બંધ
૨૪
૨૩
૨૨
૨૧
૨૦
૧ કો૦કો૦સા૦
૧૯
૨ કો૦કો૦સા૦
૧૮
૩ કો૦કો૦સા૦
૧૭
૪ કો૦કો૦સા૦
૧૬
૫ કો૦કો૦સા૦
૧૫
૬ કો૦કો૦સા૦
૧૪
૭ કો૦કો૦સા૦
૧૩
૮ કો૦કો૦સા૦
૧૨
૯ કો૦કો૦સા૦
૧૧
૧૦ કો૦કો૦સા૦સ્થિતિબંધ
૧૦
૧૧ કો૦કો૦સા૦
૯
૧૨ કો૦કો૦સા૦
૮
૧૩ કો૦કો૦સા૦
૭
૧૪ કો૦કો૦સા૦
૬
૧૫ કો૦કો૦સા૦
૫
૧૬ કો૦કો૦સા૦
૪
૧૭ કો૦કો૦સા૦
૩
૧૮ કો૦કો૦સા૦સ્થિતિબંધ
૨
૧૯ કો૦કો૦સા૦
૧
૨૦ કો૦કો૦સા૦ઉ૦સ્થિતિબંધસ્થાન
ઉ૦સ્થિતિસ્થાનમાં રસબંધના અધ્યવસાયો
ઉ૦ સંક્લેશસ્થાન

# નરકદ્વિકના જ૦રસબંધના સ્વામી



બંધક જુદા જુદા હોવાથી નરકદ્વિક અને તિર્યંચદ્વિકનો **"અપરાવર્તમાનબંધ"** હોય છે.

નરકદ્વિકના અંતઃકોoકોoસાo જoસ્થિતિબંધસ્થાનની ઉપરના ૨૨થી ૩૫ સ્થિતિસ્થાનોમાં નરકદ્વિક બંધાતું જ નથી. મનુષ્યદ્વિક અને દેવદ્વિક બંધાય છે પણ તિર્યંચ-મનુષ્યો દેવપ્રાયોગ્યપ્રકૃતિને બાંધે છે અને દેવ-નારકો મનુષ્યપ્રાયોગ્યપ્રકૃતિને બાંધે છે તેથી ત્યાં મનુષ્યદ્વિક અને દેવદ્વિકના બંધક જુદા-જુદા હોવાથી તે બન્ને દ્વિકનો **"અપરાવર્તમાનબંધ"** હોય છે.

એ રીતે કુલ-૩ વિભાગ થયા. તેમાંથી ત્રીજાવિભાગમાં નરકદ્વિક બંધાતું જ નથી. તેથી ત્યાં નરકદ્વિકનો જoરસબંધ ન થાય.

**બીજાવિભાગમાં અંતઃકોoકોoસાoથી ૧૫કોoકોoસાo=૨૧થી૬ સુધીના સ્થિતિસ્થાનોમાં રહેલા તિર્યંચ-મનુષ્યો નરકદ્વિકનો બંધ અટકાવીને મનુષ્યદ્વિકનો બંધ શરૂ કરવા જતી વખતે નરકદ્વિકના જoરસબંધને યોગ્ય અધ્યવસાયથી નરકદ્વિકનો જoરસબંધ કરે છે. ત્યારપછી સમયાધિક ૧૫કોoકોoસાoથી ૧૮કોoકોoસાo=૫થી૩ સ્થિતિસ્થાનમાં રહેલા તિર્યંચ-મનુષ્યો નરકદ્વિકનો બંધ અટકાવીને તિર્યંચદ્વિકનો★ બંધ શરૂ કરવા જતી વખતે નરકદ્વિકનો જoરસબંધ કરે છે.**

---

★ सर्वत्र शुभपरावर्तमानानां मध्यमपरिणामोऽशुभप्रकृतिबन्धाभिमुखः, अशुभानां शुभप्रकृतिबन्धाभिमुखः । [પંચસંગ્રહ દ્વાર-૫ ગાથાનંo૭૪ સ્વોપજ્ઞટીકા]

સામાન્યથી અઘાતીપ્રકૃતિમાં શુભની સાથે અશુભની અને અશુભની સાથે શુભની પરાવર્તમાનતા હોય છે. એટલે શુભની સન્મુખ થયેલો અશુભનો અને અશુભની સન્મુખ થયેલો શુભનો જoરસબંધ કરે છે. એમ સ્વોપજ્ઞટીકાકાર ભગવંતે સામાન્યથી કહ્યું છે.

વિશેષથી શતકચૂર્ણિમાં હુંડક-સેવાર્ત્તનો ૧૮કોoકોoસાo સુધી જoરસબંધ કહ્યો છે. ता हि प्रकृतयो यदा प्रतिपक्षप्रकृतिभिः सह परावृत्य परावृत्य बध्यन्ते, तदा जघन्यानुभागबन्धमादधाति । [પંચસંગ્રહ દ્વાર-૫ ગાથાનંo૭૪ મલયગિરિસૂરિમoકૃત ટીકા] અહીં પણ "प्रतिपक्षप्रकृतिभिः" લખ્યું છે. शुभप्रकृतिबन्धाभिमुखः કે अशुभप्रकृतिबन्धाभिमुखः નથી લખ્યું. આના ઉપરથી એવો નિર્ણય થઇ શકે છે કે જઘન્યરસબંધના સ્વામી પ્રતિપક્ષપ્રકૃતિબન્ધાભિમુખી લેવા. એટલે નરકદ્વિકનો ૧૮કોoકોoસાo સુધી જoરસબંધ સંભવે છે.

**પ્રથમવિભાગમાં** નરકદ્વિક બંધાય છે. પણ તેનો જ૦રસબંધ થતો નથી. કારણકે ઉ૦સ્થિતિસ્થાનમાં ઉ૦સંક્લેશસ્થાને નરકદ્વિકનો ઉ૦રસબંધ થાય છે. અને બાકીના અપરાવર્તમાનમધ્યમપરિણામમાં નરકદ્વિકના જ૦રસબંધને યોગ્ય વિશુદ્ધિ હોતી નથી. તેથી ત્યાં નરકદ્વિકનો જ૦રસબંધ થતો નથી. **એટલે બીજાવિભાગમાં ૨૧થીડ સુધીના સ્થિતિસ્થાનમાં રહેલા પરાવર્તમાનમધ્યમપરિણામી તિર્યંચ-મનુષ્યો જ નરકદ્વિકના જ૦રસબંધના સ્વામી છે.**

**૪ આયુષ્યના જ૦રસબંધના સ્વામી :-**

દેવાયુ, મનુષ્યાયુ, તિર્યંચાયુ શુભપ્રકૃતિ છે. તેનો જ૦સ્થિતિબંધ કરતી વખતે તદ્યોગ્ય સંક્લેશથી જ૦રસબંધ થાય છે. એટલે મિથ્યાદષ્ટિ તિર્યંચ-મનુષ્યો તદ્યોગ્યસંક્લેશથી **તિર્યંચાયુ** અને **મનુષ્યાયુ**નો ક્ષુલ્લકભવ પ્રમાણ જ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ કરે છે. અને **દેવાયુ**નો ૧૦૦૦૦ વર્ષ પ્રમાણ જ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ કરે છે. કારણ કે દેવ-નારકોને લબ્ધિ-અપર્યાપ્ત તિર્યંચ-મનુષ્યમાં ઉત્પન્ન થવાનું ન હોવાથી ક્ષુલ્લકભવ પ્રમાણ તિર્યંચાયુ અને મનુષ્યાયુને બાંધતા નથી અને દેવાયુને પણ ભવસ્વભાવે જ બાંધી શકતા નથી. તેથી એ ત્રણે આયુષ્યના જ૦રસબંધના સ્વામી દેવ-નારકો નથી. એટલે એ ત્રણે આયુષ્યના જ૦રસબંધના સ્વામી તિર્યંચ-મનુષ્યો કહ્યાં છે.

નરકાયુ અશુભપ્રકૃતિ હોવાથી જ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ થાય છે. એટલે તિર્યંચ-મનુષ્યો તદ્યોગ્યવિશુદ્ધિથી **નરકાયુ**નો ૧૦૦૦૦ વર્ષ પ્રમાણ જ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ કરે છે.

**ઔદારિકદ્વિક-છેવટ્ઠાના જ૦રસબંધના સ્વામી :-**

ઔદારિકદ્વિક અને ઉદ્યોત શુભપ્રકૃતિ હોવાથી તેનો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ થાય છે. એટલે **ચિત્રનં૦૧૭માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી ૧લા ઉ૦સ્થિતિસ્થાનમાં સર્વોત્કૃષ્ટસંક્લેશસ્થાને રહેલા સનત્કુમારાદિદેવ-નારકો અતિસંક્લેશથી ઔદારિકદ્વિક અને ઉદ્યોતનો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ કરે છે.**

તિર્યંચ-મનુષ્યો અતિસંક્લિષ્ટપરિણામે નરકપ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બાંધે છે. અને અતિસંક્લિષ્ટપરિણામી ઈશાનસુધીના દેવો એકે૦પ્રાયોગ્ય જ પ્રકૃતિ બાંધે છે તેથી તે જીવોને ઔ૦અંગો૦ અને છેવઠ્ઠું બંધાતું ન હોવાથી ઔદારિક-અંગોપાંગ અને છેવઠ્ઠાનો જ૦રસબંધ કરી શકતા નથી અને આનતાદિ દેવો મનુષ્યપ્રાયોગ્યપ્રકૃતિની સાથે ઔદારિકદ્વિકને બાંધે છે પણ તે દેવોને તીવ્રસંક્લેશ ન હોવાથી અંતઃકો૦કો૦સા૦થી વધુ સ્થિતિબંધ કરી શકતા નથી. તેથી તે દેવો ઔદારિકદ્વિકનો જ૦રસબંધ કરી શકતા નથી. એટલે ઔદા૦અંગો૦ અને છેવઠ્ઠાના જ૦રસબંધના સ્વામી સનત્કુમારથી સહસ્રાર સુધીના દેવ-નારકો જ છે. ઔ૦શ૦ના જ૦રસબંધના સ્વામી ભવનપત્યાદિ છે.

તિર્યંચદ્વિકાદિ-૧૫ પ્રકૃતિના જ૦રસબંધના સ્વામી :-

**तिरिदुगनिअं तमतमा जिणमविरयनिरयविणिगथावरयं ।**
**आसुहुमायवसम्मो, व सायथिरसुभजसासिअरा ॥ ७२ ॥**

तिर्यग्द्विकनीचैस्तमस्तमाः जिनमविरतः विनैकस्थावरकम् ।
आसौधर्मः आतपं सम्यग् वा सातस्थिरशुभयशांसिसेतराणि ॥ ७२ ॥

**ગાથાર્થ :- તમસ્તમઃપ્રભાનામની સાતમી નરકમાં રહેલા નારકો તિર્યંચદ્વિક અને નીચગોત્રનો જ૦રસબંધ કરે છે. અવિરતસમ્યગ્દષ્ટિ જિનનામનો જ૦રસબંધ કરે છે. નારક સિવાયના ત્રણેગતિના જીવો એકેન્દ્રિય અને સ્થાવરનો જ૦રસબંધ કરે છે. સૌધર્મ-ઈશાનસુધીના દેવો આતપનો જ૦રસબંધ કરે છે. તથા સમ્યગ્દષ્ટિ અથવા મિથ્યાદષ્ટિ જીવો શાતા-અશાતા, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, અને યશ-અયશનો જ૦રસબંધ કરે છે.**

**વિવેચન** :- અનિવૃત્તિકરણના છેલ્લાસમયે રહેલા સાતમી નરકના નારકો તિર્યંચદ્વિક અને નીચગોત્રનો જ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ કરે છે. કારણકે સાતમી નરકમાં રહેલા નારકો પૂર્વે કહ્યાં મુજબ ઉપશમ-સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે યથાપ્રવૃત્તાદિ-૩ કરણ કરે છે ત્યારે પણ

તિર્યંચપ્રાયોગ્ય જ પ્રકૃતિ બાંધે છે. તેની સાથે નીચગોત્ર જ બંધાય છે. તેથી અનિવૃત્તિકરણના છેલ્લાસમયે પણ તિર્યંચદ્વિક અને નીચગોત્ર જ બંધાય છે. એટલે **ચિત્રનં૦૧૭માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી અનિવૃત્તિકરણના છેલ્લાસમયે=૨૪મા સ્થિતિસ્થાનમાં તદ્યોગ્યવિશુદ્ધિસ્થાને રહેલો સાતમીનરકનો નારક તિર્યંચદ્વિક અને નીચગોત્રનો જ૦રસબંધ કરે છે.**

૧થી૬ નરકના નારકો અને દેવો અનિવૃત્તિકરણના છેલ્લાસમયે મનુષ્યપ્રાયોગ્ય પ્રકૃતિ બાંધે છે તે વખતે ઉચ્ચગોત્ર જ બંધાય છે અને તિર્યંચ-મનુષ્યો અનિવૃત્તિકરણના છેલ્લાસમયે દેવપ્રાયોગ્ય પ્રકૃતિ બાંધે છે તેની સાથે ઉચ્ચગોત્ર જ બંધાય છે. એટલે તે જીવોને અનિવૃત્તિકરણના છેલ્લાસમયે તિર્યંચદ્વિક અને નીચગોત્રનો પ્રકૃતિબંધ ન હોવાથી રસબંધ થતો નથી. તેથી તિર્યંચદ્વિક અને નીચગોત્રના જ૦રસબંધના સ્વામી સાતમી નરકના નારકો કહ્યાં છે.

**એકેન્દ્રિય-સ્થાવરના જ૦રસબંધના સ્વામી :-**

ઈશાનસુધીનો દેવ અને તિર્યંચ-મનુષ્યો **પરાવર્તમાનમધ્યમ-પરિણામથી** એકેન્દ્રિય અને સ્થાવરનો જ૦રસબંધ કરે છે. કારણકે નારકો ભવસ્વભાવે જ એકેન્દ્રિયપ્રાયોગ્યપ્રકૃતિને બાંધતા નથી. તેથી એકેન્દ્રિય-સ્થાવરનો જ૦રસબંધ નરકગતિ વિના બાકીની **"૩ ગતિવાળા જીવો"** જ કરે છે.

**ચિત્રનં૦૨૨માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી...**

મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો અને ઈશાનસુધીના દેવો એકેન્દ્રિય-સ્થાવરના **અંતઃકો૦કો૦સા૦** જ૦સ્થિતિસ્થાનથી **૧૮ કો૦કો૦સા૦** ઉ૦સ્થિતિબંધસ્થાન સુધીના સ્થિતિસ્થાનોમાં=**૨૧** થી ૩ સ્થિતિસ્થાનમાં પંચેન્દ્રિયની સાથે એકેન્દ્રિયને અને ત્રસની સાથે સ્થાવરને એક-એક અંતર્મુહૂર્તે વારાફરતી બાંધે છે. તેથી તે **"પરાવર્તમાનબંધ"** છે.

સમયાધિક ૧૮કો૦કો૦સા૦થી ૨૦કો૦કો૦સા૦ સુધીના સ્થિતિસ્થાનોમાં=૧લા-બીજાસ્થિતિસ્થાનમાં રહેલા ઈશાનસુધીના દેવો એકેન્દ્રિય-સ્થાવરને જ બાંધે છે. તેથી ત્યાં એકેન્દ્રિય-સ્થાવરનો **"અપરાવર્તમાનબંધ"** છે.



ચિત્ર નં. ૧૭
તિર્યંચદ્વિક-નીચગોત્ર
ઔદારિકદ્વિક-ઉદ્યોતના
જ૦રસબંધના સ્વામી
તિર્યંચદ્વિક-છેવટ્ઠાના
ઉ૦રસબંધના સ્વામી
ઉદ્યોતનો ઉ૦રસબંધક
સાતમી નરકનો નારક
તિર્યંચદ્વિક નીચગોત્રનો
જ૦ રસબંધક
મિશ્ર
સાસ્વાદન
સ્થિતિસ્થાનો
વિશુદ્ધિસ્થાનો
(રસબંધના અધ્યવસાયસ્થાનો)
તદ્યોગ્યવિશુદ્ધિસ્થાન
સનત્કુમારદેવ
પ્રથમ નરકનો નારક
મનુષ્યપ્રા૦બંધ
તિર્યંચપ્રાયોગ્ય કે મનુષ્યપ્રાયોગ્ય બંધ
સંજ્ઞી તિર્યંચ પ્રા૦ બંધ
રસબંધના અધ્યવસાય સ્થાનો
સ્થિતિસ્થાનો
ઔદારિકદ્વિક-ઉદ્યોતનો જ૦રસબંધક
તિર્યંચદ્વિક-છેવટ્ઠાનો ઉ૦રસબંધક
મિથ્યાત્વ ગુણસ્થાનક
૨૦ કો૦કો૦સા૦ઉ૦સ્થિતિબંધ
ઉ૦સ્થિતિસ્થાનમાં રસબંધના અધ્યવસાયસ્થાનો
ઉ૦સંક્લેશસ્થાન

ચિત્ર નં. ૨૨


એકેન્દ્રિય-સ્થાવરના જ૦ રસબંધના સ્વામી
ત્રસ-પંચેન્દ્રિયનું અંતઃકો૦કો૦સા૦ જ૦ સ્થિતિબંધસ્થાન
એકેન્દ્રિય-સ્થાવરનું અંતઃકો૦કો૦સા૦ જ૦ સ્થિતિબંધસ્થાન
એકેન્દ્રિય-સ્થાવરના જ૦રસબંધના સ્વામી
૧ થી ૮મા ગુણઠાણાના ૬ઠ્ઠા ભાગ સુધીના ૧ થી ૫૦ સ્થિતિસ્થાનો
ત્રીજે વિભાગે ત્રસ-પંચેન્દ્રિયનો અપરાવર્તમાનબંધ
બીજે વિભાગે ત્રસ-પંચેન્દ્રિયનો પરાવર્તમાનબંધ
ત્રસ-પંચેન્દ્રિયના રસબંધના અધ્યવસાયો
એકેન્દ્રિય-સ્થાવરના રસબંધના અધ્યવસાયો
બીજે વિભાગે એકેન્દ્રિય-સ્થાવરનો પરાવર્તમાનબંધ
પ્રથમ વિભાગ
એકે૦-પંચે૦નું ૨૦ કો૦કો૦સા૦ ઉ૦ સ્થિતિબંધસ્થાન
૫૦ ૪૯ ૪૮ ૪૭ ૪૬ ૪૫ ૪૪ ૪૩ ૪૨ ૪૧ ૪૦ ૩૯ ૩૮ ૩૭ ૩૬ ૩૫ ૩૪ ૩૩ ૩૨ ૩૧ ૩૦ ૨૯ ૨૮ ૨૭ ૨૬ ૨૫ ૨૪ ૨૩ ૨૨ ૨૧ ૨૦ ૧૯ ૧૮ ૧૭ ૧૬ ૧૫ ૧૪ ૧૩ ૧૨ ૧૧ ૧૦ ૯ ૮ ૭ ૬ ૫ ૪ ૩ ૨ ૧

એકેન્દ્રિય-સ્થાવરના અંતઃકો૦કો૦સા૦ જ૦સ્થિતિસ્થાનની ઉપરના ૨૨થી૫૦ [૮મા ગુણઠાણાના છઠ્ઠાભાગ સુધીના] સ્થિતિસ્થાનમાં એકેન્દ્રિય-સ્થાવરનામકર્મ બંધાતું જ નથી. ત્રસ-પંચેન્દ્રિય જ બંધાય છે. તેથી ત્યાં ત્રસ-પંચેન્દ્રિયનો **"અપરાવર્તમાનબંધ"** છે.

એ રીતે કુલ-૩ વિભાગ થયા. તેમાંથી ત્રીજાવિભાગમાં એકે૦-સ્થાવર બંધાતુ જ નથી. તેથી ત્યાં તે પ્રકૃતિનો જ૦રસબંધ થતો નથી.

બીજાવિભાગમાં **૨૧થી૩ સુધીના સ્થિતિસ્થાનમાંથી કોઈપણ સ્થિતિસ્થાનમાં રહેલા ઈશાનસુધીના દેવો અને તિર્યંચ-મનુષ્યો એકેન્દ્રિય-સ્થાવરનો બંધ અટકાવીને પંચેન્દ્રિય-ત્રસનો બંધ શરૂ કરવા જતી વખતે એકે૦-સ્થાવરના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી એકેન્દ્રિય-સ્થાવરનો જ૦રસબંધ કરે છે.**

પ્રથમ વિભાગમાં એકેન્દ્રિય-સ્થાવર બંધાય છે પણ તેનો જ૦રસબંધ થતો નથી. કારણકે ૧લા ઉ૦સ્થિતિસ્થાનમાં ઉ૦સંક્લેશસ્થાને રહેલો ઈશાનસુધીનો દેવ અતિસંક્લેશથી એકેન્દ્રિય અને સ્થાવરનો ઉ૦રસબંધ કરે છે અને બાકીના અપરાવર્તમાનમધ્યમ પરિણામમાં સંક્લિષ્ટતા વધુ હોવાથી એકેન્દ્રિય-સ્થાવરનો જ૦રસબંધ કરી શકતો નથી. એટલે **બીજાવિભાગમાં રહેલા પરાવર્તમાનમધ્યમપરિણામી તિર્યંચ-મનુષ્યો અને ઈશાન સુધીના દેવો જ એકેન્દ્રિય-સ્થાવરના જ૦રસબંધના સ્વામી છે.**

**જિનનામના જ૦રસબંધના સ્વામી :-**

જેને પૂર્વે નરકાયુ બાંધેલુ છે એવો અવિરતક્ષયોપશમસમ્યગ્દષ્ટિ મનુષ્ય જિનનામને નિકાચિત કરીને નરકમાં જતી વખતે પોતાના ચાલુ-ભવનું છેલ્લું એક અંતર્મુહૂર્ત બાકી રહે છે. ત્યારે મિથ્યાત્વની સન્મુખ થયેલો **ચિત્રનં૦૪માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી સમ્યક્ત્વ-ગુણઠાણાના છેલ્લાસમયે=૩૨મા સ્થિતિસ્થાને રહેલો અવિરતસમ્યક્ત્વી મનુષ્ય તદ્યોગ્યસંક્લેશથી જિનનામનો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ કરે છે.**

તિર્યંચો ભવનિમિત્તે જ જિનનામને બાંધતા નથી અને દેવ-

નારકો જિનનામને બાંધે છે પણ તે જીવોને સમ્યક્ત્વ છોડીને મિથ્યાત્વે આવવાનું ન હોવાથી મિથ્યાત્વની સન્મુખ થતા નથી. તેથી જિનનામના જ૦રસબંધને યોગ્ય સંક્લેશ ન આવવાથી જિનનામનો જ૦રસબંધ કરી શકતા નથી. એટલે જિનનામના જ૦રસબંધનો સ્વામી અવિરતસમ્યગ્દૃષ્ટિ **"મનુષ્ય"** જ કહ્યો છે.

શ્રેણીકરાજાની જેમ નરકાયુ બાંધ્યા પછી ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું હોય એવા જિનનામને બાંધનારા મનુષ્યને સમ્યક્ત્વ સહિત જ નરકમાં જવાનું હોવાથી મિથ્યાત્વની સન્મુખ થવાનું હોતું નથી. તેથી તે મનુષ્યને જિનનામના જ૦રસબંધને યોગ્ય સંક્લેશ ન આવવાથી જિનનામનો જ૦રસબંધ કરી શકતો નથી. એટલે જિનનામના જ૦રસબંધનો સ્વામી **"મિથ્યાત્વાભિમુખી"** કહ્યો છે.

**આતપના જ૦રસબંધના સ્વામી :-**

આતપ શુભપ્રકૃતિ હોવાથી ઉ૦સ્થિતિબંધ કરતી વખતે અતિ-સંક્લેશથી જ૦રસબંધ થાય છે. એટલે **ચિત્રનં૦૧૫માં** બતાવ્યા મુજબ **૧લા ઉ૦સ્થિતિસ્થાનમાં સર્વોત્કૃષ્ટ સંક્લેશસ્થાને રહેલા ઈશાનસુધીના દેવો અતિસંક્લિષ્ટપરિણામથી આતપનો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ** કરે છે. કારણ કે તિર્યંચ-મનુષ્યો અતિસંક્લેશથી નરકપ્રાયોગ્ય જ બંધ કરે છે અને સનત્કુમારાદિદેવ-નારકો ભવસ્વભાવે જ આતપને બાંધતા નથી. તેથી તે જીવોને આતપના જ૦રસબંધનો સંભવ જ નથી. તેથી આતપના જ૦રસબંધના સ્વામી ઈશાનસુધીના દેવો કહ્યાં છે.

**શાતા-અશાતાના જ૦રસબંધના સ્વામી :-**

**ચિત્રનં૦૨૩માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી....**

અશાતાના **અંતઃકો૦કો૦સા૦** જ૦સ્થિતિસ્થાનથી **શાતાના ૧૫ કો૦કો૦સા૦** સુધીના સ્થિતિસ્થાનોમાં=**૪૩થી૧૧** સ્થિતિસ્થાનોમાં શાતાની સાથે અશાતા પરાવર્તમાનપણે બંધાય છે અને શાતાના **૧૫ કો૦કો૦ સા૦**થી અશાતાના અંતઃકો૦કો૦સા૦ સુધીના સ્થિતિસ્થાનોમાં=**૧૧થી૪૩**

સ્થિતિસ્થાનોમાં અશાતાની સાથે શાતા **"પરાવર્તમાનપણે"** બંધાય છે.

**સમયાધિક ૧૫કો૦કો૦સા૦થી ૩૦કો૦કો૦સા૦** સુધીના સ્થિતિસ્થાનોમાં=૧૦ થી૧ સ્થિતિસ્થાનોમાં અશાતા જ બંધાય છે. તેથી ત્યાં અશાતાનો **"અપરાવર્તમાનબંધ"** છે.

**૭મા**ગુણઠાણાથી **૧૦મા**ગુણઠાણા સુધીના સ્થિતિસ્થાનોમાં=૪૪ થી ૬૦ સ્થિતિસ્થાનોમાં શાતા જ બંધાય છે. તેથી ત્યાં શાતાનો **"અપરાવર્તમાનબંધ"** છે.

એ રીતે, કુલ-૩ વિભાગ થયા. તેમાંથી **ત્રીજાવિભાગમાં ૧૦મા** ગુણઠાણાથી **૭મા**ગુણઠાણા સુધીના સ્થિતિસ્થાનોમાં=૬૦ થી ૪૪ સ્થિતિસ્થાનોમાં અશાતા બંધાતી જ નથી અને શાતા બંધાય છે. પણ તેનો જ૦રસબંધ થતો નથી કારણકે ૬૦મા સ્થિતિસ્થાનમાં અતિવિશુદ્ધ અધ્યવસાયસ્થાને રહેલા ક્ષપકમહાત્મા શાતાનો ઉ૦રસબંધ કરે છે અને બાકીના રસબંધના અધ્યવસાયસ્થાને રહેલા મહાત્મા અપરાવર્તમાનમધ્યમ-પરિણામમાં વિશુદ્ધિ ઘણી હોવાથી શાતાનો જ૦રસબંધ કરી શકતા નથી.

[૪૮]**બીજાવિભાગમાં** ૪૩ થી ૪૦ સ્થિતિસ્થાનોમાં રહેલા **પ્રમત્તસંયમી**

---

(૪૮) અશાતાના જ૦સ્થિતિસ્થાનમાં જે જ૦રસબંધના અધ્યવસાયો હોય છે. તે બધા જ [तानि] સમયાધિકજ૦સ્થિતિસ્થાનમાં હોય છે અને થોડા નવા [अन्यानि] પણ હોય છે. એ રીતે, ૧૫ કો૦કો૦સા૦ સુધીના દરેક સ્થિતિસ્થાનમાં અશાતાના જ૦સ્થિતિ-સ્થાનમાં રહેલા બધા જ જ૦રસબંધના અધ્યવસાયો હોય છે અને દરેક સ્થિતિસ્થાનમાં થોડા નવા-નવા પણ રસબંધના અધ્યવસાયો હોય છે.

એ જ રીતે, શાતાના ઉ૦સ્થિતિસ્થાનમાં જે જ૦રસબંધના અધ્યવસાયો હોય છે. તે બધા જ [तानि] સમયન્યૂન ઉ૦સ્થિતિસ્થાનમાં [બીજાસ્થિતિસ્થાનમાં] હોય છે અને થોડા નવા [अन्यानि] પણ હોય છે. એ રીતે, છઠ્ઠાગુણઠાણાના છેલ્લાસમય સુધીના દરેક સ્થિતિસ્થાનમાં શાતાના ઉ૦સ્થિતિસ્થાનમાં રહેલા બધા જ જ૦રસબંધના અધ્યવસાયો હોય છે અને થોડા નવા-નવા પણ હોય છે. એને तानि अन्यानि અનુકૃષ્ટિ કહે છે.

એટલે બીજાવિભાગમાં દરેક સ્થિતિસ્થાને જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયો હોય છે. તેથી બીજા વિભાગમાં રહેલા પરાવર્તમાનમધ્યમપરિણામી જીવો શાતા-અશાતાદિ શુભાશુભપરાવર્તમાન પ્રકૃતિનો જ૦રસબંધ કરી શકે છે.

અશાતાનો બંધ અટકાવીને શાતાનો બંધ શરૂ કરવા જતી વખતે અશાતાના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી **અશાતાનો જ૦રસબંધ** કરે છે.

★ ૩૯થી૩૬ સ્થિતિસ્થાનોમાં રહેલા **દેશવિરતિ તિર્યંચ-મનુષ્યો** અશાતાનો બંધ અટકાવીને શાતાનો બંધ શરૂ કરવા જતી વખતે અશાતાના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી અશાતાનો જ૦રસબંધ કરે છે.

★ ૩૫થી૩૨ સ્થિતિસ્થાનોમાં રહેલા **ચારેગતિના સમ્યગ્દષ્ટિ-જીવો** અશાતાનો બંધ અટકાવીને શાતાનો બંધ શરૂ કરવા જતી વખતે અશાતાના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી **અશાતાનો જ૦રસબંધ** કરે છે.

★ ૩૧થી૨૮ સ્થિતિસ્થાનોમાં રહેલા **ચારેગતિના મિશ્રદષ્ટિજીવો** અશાતાનો બંધ અટકાવીને શાતાનો બંધ શરૂ કરવા જતી વખતે અશાતાના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી **અશાતાનો જ૦રસબંધ** કરે છે.

★ ૨૭થી૨૫ સ્થિતિસ્થાનોમાં રહેલાં **ચારેગતિના સાસ્વાદન-સમ્યગ્દષ્ટિજીવો** અશાતાનો બંધ અટકાવીને શાતાનો બંધ શરૂ કરવા જતી વખતે અશાતાના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી **અશાતાનો જ૦રસબંધ** કરે છે.

★ ૨૪થી૧૧ સ્થિતિસ્થાનોમાં રહેલા **ચારેગતિના મિથ્યાદષ્ટિજીવો** અશાતાનો બંધ અટકાવીને શાતાનો બંધ શરૂ કરવા જતી વખતે અશાતાના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી **અશાતાનો જ૦રસબંધ** કરે છે.

એ જ રીતે, **બીજાવિભાગમાં ૧૧થી૨૪, ૨૫થી૨૭, ૨૮થી૩૧, ૩૨થી૩૫, ૩૬થી૩૯, ૪૦થી૪૩** સ્થિતિસ્થાનોમાં રહેલા ક્રમશઃ **મિથ્યા-દૃષ્ટિ, સાસ્વાદની, મિશ્રદષ્ટિ, સમ્યક્ત્વી, દેશવિરતિ** અને **પ્રમત્તસંયમી** મહાત્માઓ શાતાનો બંધ અટકાવીને અશાતાનો બંધ શરૂ કરવા જતી વખતે શાતાના જ૦રસબંધને યોગ્યઅધ્યવસાયથી **શાતાનો જ૦રસબંધ** કરે છે.

**પ્રથમવિભાગ**માં શાતા બંધાતી જ નથી અને અશાતા બંધાય છે. પણ અશાતાનો જ૦રસબંધ થતો નથી કારણકે ઉ૦સંક્લેશસ્થાને અશાતાનો ઉ૦રસબંધ થાય છે અને બાકીના અપરાવર્તમાનમધ્યમપરિણામમાં સંક્લિષ્ટતા ઘણી હોવાથી અશાતાનો જ૦રસબંધ થતો નથી.


શાતા-અશાતાના જ૦રસબંધના સ્વામી
શાતાનું ૧૨મુહૂર્ત જ૦સ્થિતિબંધસ્થાન
ત્રીજો વિભાગ
અશાતાનું અંતઃકો૦કો૦સા૦ જ૦સ્થિતિબંધસ્થાન
શાતાના રસબંધના અધ્યવસાયો
શાતાના જ૦રસબંધક પ્રમત્તસંયમી
અશાતાના જ૦રસબંધક પ્રમત્તસંયમી
શાતાના જ૦રસબંધક દેશવિરતી
અશાતાના જ૦રસબંધક દેશવિરતી
શાતાના જ૦રસબંધક સમ્યગ્દૃષ્ટિ
અશાતાના જ૦રસબંધક સમ્યગ્દૃષ્ટિ
શાતાના જ૦રસબંધક મિશ્રદૃષ્ટિ
અશાતાના જ૦રસબંધક મિશ્રદૃષ્ટિ
શાતાના જ૦રસબંધક સાસ્વાદની
અશાતાના જ૦રસબંધક સાસ્વાદની
શાતાના જ૦રસબંધક મિથ્યાદૃષ્ટિ
અશાતાના જ૦રસબંધક મિથ્યાદૃષ્ટિ
૧ થી ૧૦ ગુણઠાણા સુધીના ૧ થી ૬૦ સ્થિતિસ્થાનો
બીજો વિભાગ શાતાનો પરાવર્તમાનબંધ
બીજો વિભાગ અશાતાનો પરાવર્તમાનબંધ
અશાતાના રસબંધના અધ્યવસાયો
શાતાનું ૧૫ કો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધસ્થાન
પ્રથમ વિભાગ
અશાતાનું ૩૦ કો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધસ્થાન



સ્થિર-અસ્થિરના જ૦રસબંધના સ્વામી
સ્થિરનું અંતઃ કો૦કો૦સા૦ ૪૦ સ્થિતિબંધસ્થાન
અસ્થિરનું અંતઃકો૦કો૦સા૦ ૪૦ સ્થિતિબંધસ્થાન
૫૦ ૪૯ ૪૮ ૪૭ ૪૬ ૪૫ ૪૪ ૪૩ ૪૨ ૪૧ ૪૦ ૩૯ ૩૮ ૩૭ ૩૬ ૩૫ ૩૪ ૩૩ ૩૨ ૩૧ ૩૦ ૨૯ ૨૮ ૨૭ ૨૬ ૨૫ ૨૪ ૨૩ ૨૨ ૨૧ ૨૦ ૧૯ ૧૮ ૧૭ ૧૬ ૧૫ ૧૪ ૧૩ ૧૨ ૧૧ ૧૦ ૯ ૮ ૭ ૬ ૫ ૪ ૩ ૨ ૧
૧ થી ૮મા ગુણઠાણાના ૬ઠ્ઠા ભાગ સુધીના ૧ થી ૫૦ સ્થિતિસ્થાનો
ત્રીજો વિભાગ
સ્થિરના જ૦રસબંધક
બીજો વિભાગ સ્થિરનો પરાવર્તમાનબંધ
સ્થિરના જ૦રસબંધક પ્રમત્તસંયમી
સ્થિરના જ૦રસબંધક દેશવિરતી
સ્થિરના જ૦રસબંધક સમ્યગ્દૃષ્ટિ
સ્થિરના જ૦રસબંધક મિશ્રદૃષ્ટિ
સ્થિરના જ૦રસબંધક સાસ્વાદની
સ્થિરના જ૦રસબંધક મિથ્યાદૃષ્ટિ
સ્થિરના રસબંધના અધ્યવસાયો
અસ્થિરના રસબંધના અધ્યવસાયો
અસ્થિરના જ૦રસબંધક પ્રમત્તસંયમી
અસ્થિરના જ૦રસબંધક દેશવિરતી
અસ્થિરના જ૦રસબંધક સમ્યગ્દૃષ્ટિ
અસ્થિરના જ૦રસબંધક મિશ્રદૃષ્ટિ
અસ્થિરના જ૦રસબંધક સાસ્વાદની
અસ્થિરના જ૦રસબંધક મિથ્યાદૃષ્ટિ
બીજો વિભાગ અસ્થિરનો પરાવર્તમાનબંધ
પ્રથમ વિભાગ
સ્થિરનું ૧૦ કો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધસ્થાન
અસ્થિરનું ૨૦ કો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધસ્થાન

ચિત્ર નં. ૨૪

એ જ રીતે, બીજાવિભાગમાં રહેલા પરાવર્તમાનમધ્યમપરિણામી ૧થી૬ ગુણઠાણાવાળા જીવો **યશ-અયશનો જ૦રસબંધ** કરે છે.

**સ્થિર-અસ્થિરના જઘન્યરસબંધના સ્વામી :-**

**ચિત્રનં૦૨૪માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી.....**

અસ્થિરના અંતઃકો૦કો૦સા૦ જ૦સ્થિતિસ્થાનથી સ્થિરના **૧૦ કો૦કો૦સા૦** ઉ૦સ્થિતિસ્થાન સુધીના સ્થિતિસ્થાનોમાં=**૪૩થી૧૧** સ્થિતિસ્થાનોમાં સ્થિરની સાથે અસ્થિર પરાવર્તમાનપણે બંધાય છે. અને સ્થિરના **૧૦કો૦કો૦સા૦** ઉ૦સ્થિતિસ્થાનથી અસ્થિરના **અંતઃકો૦કો૦સા૦** જ૦સ્થિતિસ્થાન સુધીના=**૧૧થી૪૩** સ્થિતિસ્થાનોમાં અસ્થિરની સાથે સ્થિર **"પરાવર્તમાનપણે"** બંધાય છે.

સમયાધિક ૧૦ કો૦કો૦સા૦થી ૨૦ કો૦કો૦સા૦ સુધીના સ્થિતિસ્થાનોમાં=૧૦થી૧ સ્થિતિસ્થાનમાં અસ્થિર જ બંધાય છે. તેથી ત્યાં અસ્થિરનો **"અપરાવર્તમાનબંધ"** છે.

**૭મા**ગુણઠાણાથી **૮મા**ગુણઠાણાના **છઠ્ઠા** ભાગ સુધીના સ્થિતિ-સ્થાનોમાં=**૪૪થી ૫૦** સ્થિતિસ્થાનોમાં સ્થિર જ બંધાય છે. તેથી ત્યાં સ્થિરનો **"અપરાવર્તમાનબંધ"** છે.

એ રીતે, કુલ-૩ વિભાગ થયા. તેમાંથી **બીજાવિભાગમાં ૪૩થી૪૦, ૩૯થી૩૬, ૩૫થી૩૨, ૩૧થી૨૮, ૨૭થી૨૫, ૨૪થી૧૧** સ્થિતિસ્થાનમાં રહેલા ક્રમશઃ **પ્રમત્તસંયમી, દેશવિરતિ, સમ્યક્ત્વી, મિશ્રદૃષ્ટિ, સાસ્વાદની** અને **મિથ્યાત્વી**જીવો અસ્થિરનો બંધ અટકાવીને સ્થિરનો બંધ શરૂ કરવા જતી વખતે અસ્થિરના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી **અસ્થિરનો જ૦રસબંધ** કરે છે.

એ જ રીતે, **બીજાવિભાગમાં ૧૧થી૨૪, ૨૫થી૨૭, ૨૮થી૩૧, ૩૨થી૩૫, ૩૬થી૩૯, ૪૦થી૪૩** સ્થિતિસ્થાનમાં રહેલા ક્રમશઃ **મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદની, મિશ્રદૃષ્ટિ, સમ્યક્ત્વી, દેશવિરતિ** અને **પ્રમત્તસંયમી** મહાત્માઓ સ્થિરનો બંધ અટકાવીને અસ્થિરનો બંધ શરૂ કરવા જતી વખતે સ્થિરના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી **સ્થિરનો જ૦રસબંધ** કરે છે.

ત્રીજાવિભાગમાં **૮મા** ગુણઠાણાના **૬ઠ્ઠા** ભાગથી **૭મા**ગુણઠાણા સુધીના **૫૦થી૪૪** સ્થિતિસ્થાનોમાં અસ્થિર બંધાતું જ નથી અને સ્થિર બંધાય છે પણ તેનો જ૦રસબંધ થતો નથી કારણકે ૫૦મા સ્થિતિસ્થાનમાં રહેલા ઉ૦રસબંધના અધ્યવસાયથી સ્થિરનો ઉ૦રસબંધ થાય છે અને બાકીના અપરાવર્તમાનમધ્યમપરિણામમાં વિશુદ્ધિ ઘણી હોવાથી સ્થિરનો જ૦રસબંધ થતો નથી.

પ્રથમવિભાગમાં **૧થી૧૦** સ્થિતિસ્થાનોમાં સ્થિર બંધાતું જ નથી અને અસ્થિરનો અપરાવર્તમાનબંધ હોવાથી જ૦રસબંધ થતો નથી.

એ જ રીતે, બીજાવિભાગમાં રહેલા પરાવર્તમાનમધ્યમપરિણામી ૧થી૬ ગુણઠાણાવાળા જીવો **શુભ-અશુભનો જ૦રસબંધ** કરે છે.

ત્રસાદિ-૪૦ પ્રકૃતિના જ૦રસબંધના સ્વામી :-

**तसवन्नतेयचउमणु-खगइदुगपणिंदिसासपरघुच्चं ।**
**संघयणागिइनपुथी-सुभगियरति मिच्छ चउगइया ॥ ७३॥**

त्रसवर्णतैजसचतुष्कमनुजखगतिद्विकपञ्चेन्द्रियोच्छ्वासपराघातोच्चैः ।
संहननाकृतिनपुंस्त्रीसुभगेतरत्रिकं मिथ्यादृष्टयश्चतुर्गतिकाः ॥७३॥

ગાથાર્થ :- **ત્રસચતુષ્ક, વર્ણચતુષ્ક, તૈજસચતુષ્ક, મનુષ્યદ્વિક, વિહાયોગતિદ્વિક, પંચેન્દ્રિય, ઉચ્છ્વાસ, પરાઘાત, ઉચ્ચગોત્ર, ૬સંઘયણ, ૬સંસ્થાન, નપુંસકવેદ, સ્ત્રીવેદ, સુભગત્રિક-દુર્ભગત્રિક એ-૪૦ પ્રકૃતિનો જ૦રસબંધ ચારેગતિના મિથ્યાદૃષ્ટિજીવો કરે છે.**

**વિવેચન** :- ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, શુભવર્ણાદિ-૪, તૈજસ-શરીર, કાર્મણશરીર, અગુરુલઘુ, નિર્માણ, પરાઘાત, ઉચ્છ્વાસ, અને પંચેન્દ્રિયજાતિ એ ૧૫ શુભપ્રકૃતિ હોવાથી અતિસંક્લેશથી ઉ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ થાય છે. એટલે **ચિત્રનં૦૧૮માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી **૧લા ઉ૦સ્થિતિસ્થાનમાં ઉ૦સંક્લેશસ્થાને રહેલા ચારેગતિના મિથ્યાદૃષ્ટિજીવો અતિસંક્લેશથી ત્રસાદિ-૧૫ પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ કરે છે.** તેમાં પણ ૧લા

ચિત્ર નં. ૧૮



જ્ઞાનાવરણીયાદિ ૬૮ પ્રકૃતિના ઉ૦રસબંધના સ્વામી
ત્રસાદિ-૧૫ પ્રકૃતિના જ૦રસબંધના સ્વામી
મિશ્ર
સાસ્વાદન
મિથ્યાત્વ ગુણસ્થાનક
અંતઃકોડાકોડી
જ્ઞાનાવરણીયાદિ ૬૮ પ્રકૃતિના ઉ૦સ્થિતિબંધ
૨૪
૨૩
૨૨
૨૧
૨૦
૧ કો૦કો૦સા૦
૧૯
૨ કો૦કો૦સા૦
૧૮
૩ કો૦કો૦સા૦
૧૭
૪ કો૦કો૦સા૦
૧૬
૫ કો૦કો૦સા૦
૧૫
૬ કો૦કો૦સા૦
૧૪
૭ કો૦કો૦સા૦
૧૩
૮ કો૦કો૦સા૦
૧૨
૯ કો૦કો૦સા૦
૧૦ કો૦કો૦સા૦
૧૧
૧૦
૧૧ કો૦કો૦સા૦
૯
૧૨ કો૦કો૦સા૦
૮
૧૩ કો૦કો૦સા૦
૭
૧૪ કો૦કો૦સા૦
૬
૧૫ કો૦કો૦સા૦
૫
૧૬ કો૦કો૦સા૦
૪
૧૭ કો૦કો૦સા૦
3
૧૮ કો૦કો૦સા૦
૨
૧૯ કો૦કો૦સા૦
૧
૨૦/૩૦/૪૦/૭૦ કો૦કો૦સા૦ઉ૦સ્થિતિબંધસ્થાન
ઉ૦ રસબંધનો અધ્યવસાય
ઉ૦ રસબંધનો અધ્યવસાય
ઉ૦ રસબંધનો અધ્યવસાય
ઉ૦ રસબંધનો અધ્યવસાય
ઉ૦ રસબંધનો અધ્યવસાય
ઉ૦ રસબંધનો અધ્યવસાય
હાસ્ય-રતિ, પુંવેદના ઉ૦રસબંધક
બીજાસં૦-બીજાસં૦ના ઉ૦રસબંધક
ત્રીજાસં૦-ત્રીજાસં૦ના ઉ૦રસબંધક
સ્ત્રીવેદનો ઉ૦રસબંધક
ચોથાસં૦-ચોથાસં૦ના ઉ૦રસબંધક
પાંચમાસં૦-પાંચમાસં૦ના ઉ૦રસબંધક
જ્ઞાના૦૫+દર્શના૦૯+અશાતા
+મોહ-૨૨+નામ-૧૩+નીચગોત્ર
+અંત૦૫=૫૬પ્રકૃતિના ઉ૦રસબંધક
ત્રસાદિ-૪ + વર્ણાદિ-૪ + તૈજસાદિ-૪
+ પંચે૦ + પરાઘાત + ઉચ્છ્વાસ = ૧૫
પ્રકૃતિના જ૦રસબંધક
મિથ્યાત્વ ગુણઠાણે સ્થિતિસ્થાનો
ઉ૦સ્થિતિસ્થાનમાં રસબંધના અધ્યવસાયો
ઉ૦ સંક્લેશસ્થાન

# મનુષ્યદ્વિકના જ૦રસબંધના સ્વામી



ઉ૦સ્થિતિબંધસ્થાનમાં ઉ૦સંક્લેશસ્થાને રહેલા તિર્યંચ-મનુષ્યો નરકપ્રાયોગ્ય પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે ત્રસાદિ-૧૫નો જ૦રસબંધ કરે છે. સનતકુમારાદિ દેવ-નારકો સંજ્ઞીતિર્યંચપ્રાયોગ્ય પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે ત્રસાદિ-૧૫નો જ૦રસબંધ કરે છે અને ઈશાનસુધીના દેવો એકેન્દ્રિયપ્રાયોગ્યપ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે ત્રસ અને પંચેન્દ્રિય વિના ૧૩ પ્રકૃતિનો જ૦રસબંધ કરે છે.

**મનુષ્યદ્વિકના જ૦રસબંધના સ્વામી :-**

**ચિત્રનં૦૨૫માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી...**

ચારેગતિના મિથ્યાદૃષ્ટિ જીવો મનુષ્યદ્વિકના **૧૫ કો૦કો૦સા૦** ઉ૦સ્થિતિસ્થાનથી નરકદ્વિકના **અંતઃકો૦કો૦સા૦** જ૦સ્થિતિસ્થાન સુધીના સ્થિતિસ્થાનોમાં=**૬થી૨૧** સ્થિતિસ્થાનોમાં નરકદ્વિકાદિની સાથે મનુષ્યદ્વિકને પરાવર્તમાનમધ્યમપરિણામે બાંધે છે એટલે

**બીજાવિભાગમાં ૬થી૨૧ સ્થિતિસ્થાનમાં રહેલા તિર્યંચ-મનુષ્યો મનુષ્યદ્વિકનો બંધ અટકાવીને નરકદ્વિકાદિનો અને દેવ-નારકો મનુષ્ય-દ્વિકનો બંધ અટકાવીને તિર્યંચદ્વિકનો બંધ શરૂ કરવા જતી વખતે** મનુષ્ય-દ્વિકના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી મનુષ્યદ્વિકનો જ૦રસબંધ કરે છે.

પ્રથમ વિભાગમાં ૨૦ કો૦કો૦સા૦થી સમયાધિક ૧૮કો૦કો૦ સા૦=૧લા-બીજાસ્થિતિસ્થાનમાં અને બીજા વિભાગમાં ૧૮ કો૦કો૦સા૦થી સમયાધિક ૧૫ કો૦કો૦સા૦ સુધી મનુષ્યદ્વિક બંધાતું જ નથી. તેથી ત્યાં મનુષ્યદ્વિકનો જ૦રસબંધ થતો નથી.

**ત્રીજાવિભાગમાં ૨૨થી૩૫** [ચોથાગુણઠાણા સુધીના] સ્થિતિ-સ્થાનોમાં રહેલા અપરાવર્તમાનમધ્યમપરિણામમાં મનુષ્યદ્વિકના જ૦રસબંધને યોગ્ય સંકલેશ હોતો નથી. તેથી ત્યાં મનુષ્યદ્વિકનો જ૦રસબંધ થતો નથી. એટલે **બીજાવિભાગમાં ૬થી૨૧ સ્થિતિસ્થાનોમાં રહેલા પરાવર્તમાન-મધ્યમપરિણામી ચારેગતિના મિથ્યાદૃષ્ટિજીવો જ મનુષ્યદ્વિકના જ૦રસબંધના સ્વામી છે.**

ચારેગતિના **પરાવર્તમાનમધ્યમપરિણામી** મિથ્યાદૃષ્ટિજીવો જ

મનુષ્યદ્વિકનો જ૦રસબંધ કરે છે. કારણકે સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો દેવદ્વિકને જ બાંધે છે. મનુષ્યદ્વિકને બાંધતા નથી. અને સમ્યગ્દૃષ્ટિ દેવ-નારકો મનુષ્યદ્વિકને જ બાંધે છે. દેવદ્વિકને બાંધતા નથી. તેથી સમ્યગ્દૃષ્ટિ દેવ-નારકને મનુષ્યદ્વિકનો અપરાવર્તમાનબંધ જ હોય છે. તે અપરાવર્તમાન-મધ્યમપરિણામમાં વિશુદ્ધિ ઘણી હોવાથી સમ્યગ્દૃષ્ટિ જીવો મનુષ્યદ્વિકનો જ૦રસબંધ કરી શકતા નથી. તેથી મનુષ્યદ્વિકના જ૦રસબંધના સ્વામી મિથ્યાદૃષ્ટિજીવો કહ્યાં છે.

**સ્ત્રીવેદ-નપુંસકવેદના જ૦રસબંધના સ્વામી :-**

સ્ત્રીવેદ અને નપુંસકવેદ અશુભપ્રકૃતિ હોવાથી **ચારેગતિના મિથ્યાદૃષ્ટિજીવો** તદ્‌યોગ્યવિશુદ્ધિથી **સ્ત્રીવેદ** અને **નપુંસકવેદનો જ૦રસબંધ** કરે છે. કારણ કે સમ્યગ્‌દૃષ્ટિજીવોને સ્ત્રીવેદ-નપુંસકવેદનો બંધ જ ન હોવાથી તે બન્નેનો જ૦રસબંધ હોતો નથી. એટલે સ્ત્રીવેદ-નપુંસકવેદના જ૦રસબંધના સ્વામી મિથ્યાદૃષ્ટિજીવો કહ્યાં છે.

ચારેગતિના મિથ્યાદૃષ્ટિજીવો અતિવિશુદ્ધપરિણામે યથાપ્રવૃત્તાદિ-૩ કરણની પૂર્વેના અંતર્મુહૂર્તથી માંડીને અનિવૃત્તિકરણના છેલ્લાસમય સુધી પુ૦વેદ જ બાંધે છે. એટલે અતિવિશુદ્ધપરિણામે સ્ત્રીવેદ કે નપુંસકવેદ બંધાતા ન હોવાથી જ૦રસબંધ થતો નથી. તેથી તે બન્નેનો જ૦રસબંધ **"તદ્‌યોગ્ય-વિશુદ્ધપરિણામે"** કહ્યો છે.

સામાન્યથી સ્ત્રીવેદ-નપુંસકવેદનો જ૦રસબંધક તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પરિણામી કહ્યો છે. પણ વિશેષથી નપુંસકવેદના જ૦રસબંધકથી સ્ત્રીવેદનો જ૦રસબંધક વિશુદ્ધતર પરિણામી હોય છે.

**શુભવિહાયોગત્યાદિ ૯ના જ૦રસબંધના સ્વામી :-**

ચારેગતિના મિથ્યાદૃષ્ટિજીવો પરાવર્તમાનમધ્યમપરિણામથી **શુભા-શુભવિહાયોગતિ, સુભગ-દુર્ભગ, સુસ્વર-દુઃસ્વર, આદેય-અનાદેય, ૬ સંઘયણ-૬સંસ્થાન** અને **ઉચ્ચગોત્ર**નો જ૦રસબંધ કરે છે. કારણકે સમ્યગ્‌દૃષ્ટિજીવો શુભવિહાયોગતિ, સુભગત્રિક, ૧લું સંઘયણ, ૧લું સંસ્થાન અને ઉચ્ચગોત્રને જ બાંધે છે. તેની પ્રતિપક્ષી અશુભવિહાયોગતિ, દુર્ગભત્રિક,

૫ સંઘયણ, ૫ સંસ્થાન અને નીચગોત્રનો બંધ સમ્યગ્દૃષ્ટિજીવોને હોતો નથી. તેથી શુભાશુભવિહાયોગતિ વગેરે-૨૧ પ્રકૃતિના જ૦રસબંધના સ્વામી ચારેગતિના મિથ્યાદૃષ્ટિ જીવો કહ્યાં છે.

**શુભ-અશુભવિહાયોગતિના જ૦રસબંધના સ્વામી :-**

**ચિત્રનં૦૨૬માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી....**

અશુભવિહાયોગતિના **અંતઃકો૦કો૦સા૦** જ૦સ્થિતિબંધથી શુભવિહાયોગતિના **૧૦કો૦કો૦સા૦** ઉ૦સ્થિતિબંધ સુધીના સ્થિતિસ્થાનમાં=**૨૧થી૧૧** સ્થિતિસ્થાનોમાં શુભવિહાયોગતિની સાથે અશુભવિહાયોગતિ પરાવર્તમાનપણે બંધાય છે. અને શુભવિહાયોગતિના **૧૦કો૦ કો૦સા૦** ઉ૦સ્થિતિબંધથી અશુભવિહાયોગતિના **અંતઃકો૦કો૦સા૦** જ૦સ્થિતિબંધ સુધીના સ્થિતિસ્થાનોમાં=**૧૧થી૨૧** સ્થિતિસ્થાનોમાં અશુભવિહાયોગતિની સાથે શુભવિહાયોગતિ **"પરાવર્તમાનપણે"** બંધાય છે.

સમયાધિક **૧૦ કો૦કો૦સા૦થી ૨૦ કો૦કો૦સા૦** સુધીના સ્થિતિસ્થાનોમાં= **૧૦થી૧** સ્થિતિસ્થાનોમાં અશુભવિહાયોગતિ જ બંધાય છે. તેથી ત્યાં અશુભવિહાયોગતિનો **"અપરાવર્તમાનબંધ"** છે.

અશુભવિહાયોગતિના અંતઃકો૦કો૦સા૦ જ૦સ્થિતિસ્થાનની ઉપરના **૨૨થી૫૦** [૮માગુણઠાણાના ૬ઠ્ઠા ભાગ સુધીના] સ્થિતિસ્થાનોમાં શુભવિહાયોગતિનો **"અપરાવર્તમાનબંધ"** છે.

એ રીતે, કુલ-૩ વિભાગ થયા. તેમાંથી ત્રીજાવિભાગમાં ૫૦મા સ્થિતિસ્થાને રહેલા ઉ૦રસબંધના અધ્યવસાયથી શુભવિહાયોગતિનો ઉ૦રસબંધ થાય છે અને બાકીના અપરાવર્તમાનમધ્યમપરિણામમાં શુભવિહાયોગતિના જ૦રસબંધને યોગ્ય સંક્લેશ ન હોવાથી શુભવિહાયોગતિનો જ૦રસબંધ થતો નથી.

પ્રથમવિભાગમાં શુભવિહાયોગતિ બંધાતી જ નથી અને અશુભવિહાયોગતિ બંધાય છે. પણ તેનો જ૦રસબંધ થતો નથી કારણકે ઉ૦સંક્લેશસ્થાને અશુભવિહાયોગતિનો ઉ૦રસબંધ થાય છે અને બાકીના અપરાવર્તમાનમધ્યમપરિણામમાં સંક્લિષ્ટતા ઘણી હોવાથી અશુભવિહાયોગતિનો જ૦રસબંધ થતો નથી.

**બીજાવિભાગમાં ૨૧થી૧૧ સ્થિતિસ્થાનમાંથી કોઈપણ સ્થિતિસ્થાનમાં રહેલા ચારેગતિના મિથ્યાદૃષ્ટિજીવો અશુભવિહાયોગતિનો બંધ અટકાવીને શુભવિહાયોગતિનો બંધ શરૂ કરવા જતી વખતે અશુભવિહાયોગતિના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી અશુભવિહાયોગતિનો જ૦રસબંધ કરે છે.**

એ જ રીતે, **બીજાવિભાગમાં ૧૧થી૨૧ સ્થિતિસ્થાનમાંથી કોઈપણ સ્થિતિસ્થાનમાં રહેલા ચારેગતિના મિથ્યાદૃષ્ટિજીવો શુભવિહાયોગતિનો બંધ અટકાવીને અશુભવિહાયોગતિનો બંધ શરૂ કરવા જતી વખતે શુભવિહાયોગતિના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી શુભવિહાયોગતિનો જ૦રસબંધ કરે છે.**

એ જ રીતે, બીજાવિભાગમાં ૨૧ થી ૧૧ સુધીના સ્થિતિસ્થાનમાં રહેલા **ચારેગતિના પરાવર્તમાન-મધ્યમપરિણામી મિથ્યાદૃષ્ટિજીવો અને દુર્ભગત્રિકનો જ૦રસબંધ કરે છે.** અને **૧૧** થી **૨૧** સુધીના સ્થિતિસ્થાનમાં રહેલા **ચારે ગતિના પરાવર્તમાનમધ્યમ પરિણામી મિથ્યાદૃષ્ટિજીવો સુભગત્રિકનો જ૦રસબંધ** કરે છે.

બીજાવિભાગમાં ઉચ્ચગોત્રના ૧૦કો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધથી નીચગોત્રના અંતઃકો૦કો૦સા૦ જ૦સ્થિતિબંધ સુધીના સ્થિતિસ્થાનોમાં= ૧૧થી૨૧ સ્થિતિસ્થાનમાં રહેલા ચારેગતિના મિથ્યાદૃષ્ટિજીવો ઉચ્ચગોત્રનો બંધ અટકાવીને નીચગોત્રનો બંધ શરૂ કરવા જતી વખતે ઉચ્ચગોત્રના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી **ઉચ્ચગોત્રનો જ૦રસબંધ** કરે છે.

**૬સંઘયણના જ૦રસબંધના સ્વામી :-**

**ચિત્રનં૦૨૭માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી.....**

૧લા સંઘયણના **૧૦કો૦કો૦સા૦** ઉ૦સ્થિતિબંધથી બીજાસંઘયણના ***અંતઃકો૦કો૦સા૦*** *જ૦સ્થિતિબંધ સુધીના સ્થિતિસ્થાનોમાં*=**૧૧થી૨૧** સ્થિતિસ્થાનોમાં **૧લું સંઘયણ** બીજાદિ-સંઘયણની સાથે **પરાવર્તમાનપણે** બંધાય છે. અને **અંતઃકો૦કો૦સા૦થી ૧૨ કો૦કો૦સા૦=૨૧ થી ૯** સ્થિતિસ્થાન સુધી **બીજું સંઘયણ** અન્ય સંઘયણની સાથે **પરાવર્તમાનપણે** બંધાય છે. **અંતઃકો૦કો૦સા૦ થી ૧૪ કો૦કો૦સા૦=૨૧ થી ૭**

ચિત્ર નં. ૨૬



શુભ-અશુભ વિહાયોગતિના જ૦રસબંધના સ્વામી
શુભવિહાયોગતિનું અંતઃકો૦કો૦સા૦ જ૦સ્થિતિબંધસ્થાન
અશુભવિહાયોગતિનું અંતઃકો૦કો૦સા૦ જ૦સ્થિતિબંધસ્થાન
અશુભવિહાયોગતિના જ૦રસબંધના સ્વામી
શુભવિહાયોગતિના જ૦રસબંધના સ્વામી
શુભવિહા૦નું ૧૦ કો૦કો૦સા૦ ઉ૦ સ્થિતિબંધસ્થાન
અશુભવિહા૦નું ૨૦ કો૦કો૦સા૦ ઉ૦ સ્થિતિબંધસ્થાન
૧ થી ૮મા ગુણઠાણાના ૬ઠ્ઠા ભાગ સુધીના ૧ થી ૫૦ સ્થિતિસ્થાનો
બીજો વિભાગ શુભવિહાયોગનો પરાવર્તમાનબંધ
ત્રીજો વિભાગ શુભવિહાયોગતિનો અપરાવર્તમાનબંધ
શુભવિહાયોગતિના રસબંધના અધ્યવસાયો
બીજો વિભાગ અશુભવિહાયોગનો પરાવર્તમાનબંધ
પ્રથમવિભાગ
અશુભવિહાયોગતિના રસબંધના અધ્યવસાયો

ચિત્ર નં. ૨૭


૬ સંઘયણના જ૦રસબંધના સ્વામી
૧લા સંઘયણનું અંતઃકો૦કો૦સા૦ જ૦સ્થિતિબંધસ્થાન
શુભ સંઘયણના રસબંધના અધ્યવસાયો
ત્રીજો વિભાગ ૧લા સંઘયણનો અપરાવર્તમાનબંધ
૧ થી ૮મા ગુણઠાણાના ૬ઠ્ઠા ભાગ સુધીના ૧ થી ૫૦ સ્થિતિસ્થાન
૬ઠ્ઠા સંઘયણનું અંતઃકો૦કો૦સા૦ જ૦સ્થિતિબંધસ્થાન
૨ થી ૬ સંઘયણના જ૦રસબંધના સ્વામી
બીજો વિભાગ શુભ સંઘયણનો પરાવર્તમાનબંધ
૧લા સંઘયણના જ૦રસબંધના સ્વામી
અશુભ સંઘયણના રસબંધના અધ્યવસાયો
બીજો વિભાગ અશુભ સંઘયણનો પરાવર્તમાનબંધ
૧લા સંઘયણનું ૧૦ કો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધસ્થાન
બીજા સંઘયણનું ૧૨ કો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધસ્થાન
૩જા સંઘયણનું ૧૪ કો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધસ્થાન
૪થા સંઘયણનું ૧૬ કો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધસ્થાન
૫મા સંઘયણનું ૧૮ કો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધસ્થાન
૬ઠ્ઠા સંઘયણનું ૨૦ કો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધસ્થાન
પ્રથમવિભાગ

સ્થિતિસ્થાન સુધી **ત્રીજું સંઘયણ** અન્ય સંઘયણની સાથે **પરાવર્તમાનપણે** બંધાય છે. **અંતઃકો૦કો૦સા૦થી ૧૬ કો૦કો૦સા૦=૨૧ થી ૫** સ્થિતિસ્થાન સુધી **ચોથું સંઘયણ** અન્ય સંઘયણની સાથે **પરાવર્તમાનપણે** બંધાય છે. **અંતઃકો૦કો૦સા૦ થી ૧૮ કો૦કો૦સા૦=૨૧ થી ૩** સ્થિતિસ્થાન સુધી **પાંચમું-છઠ્ઠું સંઘયણ** અન્ય સંઘયણની સાથે **પરાવર્તમાનપણે** બંધાય છે એટલે અંતઃકો૦કો૦સા૦ થી ૧૮ કો૦કો૦સા૦=૨૧ થી ૩ સ્થિતિસ્થાન સુધી ૨ થી ૬ સંઘયણ પરાવર્તમાનપણે બંધાય છે.

સમયાધિક ૧૮કો૦કો૦સા૦થી ૨૦કો૦કો૦સા૦ સુધીના સ્થિતિ-સ્થાનમાં=૧લા-બીજા સ્થિતિસ્થાનમાં છેવઠ્ઠું સંઘયણ જ બંધાય છે. તેથી ત્યાં ૬ઠ્ઠાસંઘયણનો **"અપરાવર્તમાનબંધ"** છે.

બીજાસંઘયણના અંતઃકો૦કો૦સા૦ જ૦સ્થિતિસ્થાનથી ઉપરના ૨૨થી૫૦ સ્થિતિસ્થાનમાં ૧લાસંઘયણનો **"અપરાવર્તમાનબંધ"** હોય છે.

એ રીતે, કુલ-૩ વિભાગ થયા. તેમાંથી **બીજાવિભાગમાં ૧૧થી૨૧ સ્થિતિસ્થાનમાંથી કોઈપણ સ્થિતિસ્થાનમાં રહેલા ચારેગતિના મિથ્યાદષ્ટિજીવો ૧લા-સંઘયણનો બંધ અટકાવીને બીજાદિસંઘયણનો બંધ શરૂ કરવા જતી વખતે ૧લા-સંઘયણના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી ૧લા-સંઘયણનો જ૦રસબંધ કરે છે.**

એ જ રીતે, **બીજાવિભાગમાં ૧૨કો૦કો૦સા૦થી અંતઃકો૦કો૦ સા૦=૯થી૨૧** સુધીના સ્થિતિસ્થાનમાં રહેલા **ચારેગતિના મિથ્યાદષ્ટિજીવો** બીજા-સંઘયણનો બંધ અટકાવીને અન્ય સંઘયણનો બંધ શરૂ કરવા **જતી** વખતે બીજાસંઘયણના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી **બીજાસંઘયણનો જ૦રસબંધ** કરે છે.

★ **૧૪કો૦કો૦સા૦થી અંતઃકો૦કો૦સા૦=૭થી૨૧** સુધીના સ્થિતિસ્થાનમાં રહેલા **ચારેગતિના મિથ્યાદષ્ટિજીવો** ત્રીજાસંઘયણનો બંધ અટકાવીને અન્યસંઘયણનો બંધ શરૂ કરવા જતી વખતે ત્રીજાસંઘયણના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી **ત્રીજાસંઘયણનો જ૦રસબંધ** કરે છે.

★ **૧૬કો૦કો૦સા૦થી અંતઃકો૦કો૦સા૦=૫થી૨૧** સુધીના

સ્થિતિસ્થાનમાં રહેલા **ચારેગતિના મિથ્યાદષ્ટિજીવો** ચોથાસંઘયણનો બંધ અટકાવીને અન્યસંઘયણનો બંધ શરૂ કરવા જતી વખતે ચોથાસંઘયણના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી **ચોથાસંઘયણનો જ૦રસબંધ** કરે છે.

**★ ૧૮કો૦કો૦સા૦થી અંતઃકો૦કો૦સા૦=૩થી૨૧** સુધીના સ્થિતિસ્થાનમાં રહેલા **ચારેગતિના મિથ્યાદષ્ટિજીવો** પાંચમા-છટ્ઠાસંઘયણનો બંધ અટકાવીને અન્યસંઘયણનો બંધ શરૂ કરવા જતી વખતે પાંચમા-છટ્ઠાસંઘયણના જ૦રસબંધને યોગ્ય અધ્યવસાયથી **પાંચમા*-છટ્ઠાસંઘયણનો જ૦રસબંધ** કરે છે.

**ત્રીજાવિભાગમાં ૫૦**મા સ્થિતિસ્થાનમાં રહેલા ઉ૦રસબંધના અધ્યવસાયથી ૧લાસંઘયણનો ઉ૦રસબંધ થાય છે. બાકીના અપરાવર્તમાન-મધ્યમપરિણામમાં ૧લા સંઘયણના જ૦રસબંધને યોગ્ય સંક્લેશ ન હોવાથી ૧લા સંઘયણનો જ૦રસબંધ થતો નથી.

**પહેલાવિભાગ**માં ૧લા-બીજા સ્થિતિસ્થાનમાં ૧થી૫ સંઘયણ બંધાતા જ નથી અને છેવટ્ઠુંસંઘયણ બંધાય છે. પણ તેનો જ૦રસબંધ થતો નથી કારણકે ઉ૦સંક્લેશસ્થાને છટ્ઠાસંઘયણનો ઉ૦રસબંધ થાય છે અને બાકીના અપરાવર્તમાનમધ્યમપરિણામમાં સંક્લિષ્ટતા ઘણી હોવાથી છટ્ઠાસંઘયણનો જ૦રસબંધ થતો નથી. એટલે **બીજાવિભાગમાં રહેલા ચારેગતિના પરાવર્તમાનમધ્યમપરિણામી મિથ્યાદષ્ટિજીવો ૧થી૬ સંઘયણના જ૦રસબંધના સ્વામી છે.**

એ જ રીતે, **બીજાવિભાગ**માં **૧૧થી૨૧** સ્થિતિસ્થાનમાંથી કોઈપણ સ્થિતિસ્થાનમાં રહેલા ચારેગતિના પરાવર્તમાનમધ્યમપરિણામી મિથ્યા-દષ્ટિજીવો **૧લા સંસ્થાનનો જ૦રસબંધ** કરે છે અને ૩થી૨૧ સ્થિતિ-સ્થાનમાં રહેલા ચારેગતિના પરાવર્તમાનમધ્યમપરિણામી મિથ્યાદષ્ટિજીવો યથાયોગ્ય ૨થી૬ **સંસ્થાનનો** જ૦રસબંધ કરે છે.

---

★ छसंठाण छसंघयणाणंपि हुंडासंपत्तवज्जाणं अप्पप्पणो जहनिया ठिति त्ति एत्थंतरे सव्वजहन्नाणुभागो लब्भति । हुंडासंपत्ताणं वामणखीलियसंठाणसंघयणाणं उक्कोसप्पमिति जाव अप्पप्पणो जहन्नगो ठितिबन्धो ताव एतेसु ठितिठाणेसु जहन्नगं लब्भति । समचउरंसवज्जरिसभाणं अप्पप्पणो उक्कोसठितीओ जाव निग्गोहं रिसभनारायं जहन्निया ठिती ताव एतेसु ठितिठाणेसु जहन्नगं लब्भइ, हेट्ठओ विपक्खाभावात् विशुद्धत्वाच्च जहन्नाणुभोगो ण लब्भति,......(શતકચૂર્ણિ)

## -: અશુભપ્રકૃતિના જ૦રસબંધના સ્વામી :-

| અશુભપ્રકૃતિનું નામ | જ૦રસબંધના સ્વામી |
|---|---|
| જ્ઞાના૦૫, દર્શના૦૪, અંત૦૫, | અતિવિશુદ્ધ પરિણામી ૧૦મા ગુણઠાણાના છેલ્લા સમયે રહેલા ક્ષપકમહાત્મા... |
| પુ૦વેદ, સંજ્વલન-૪ | ૯મા ગુણઠાણામાં તે તે પ્રકૃતિના બંધવિચ્છેદસ્થાને રહેલા ક્ષપકમહાત્મા.... |
| નિદ્રાદ્વિક, અશુભવર્ણાદિ-૪, ઉપઘાત, હાસ્ય-રતિ, ભય-જુગુપ્સા | ૮મા ગુણઠાણામાં તે તે પ્રકૃતિના બંધવિચ્છેદસ્થાને રહેલા ક્ષપક મહાત્મા.... |
| અરતિ-શોક | અપ્રમત્તની સન્મુખ થયેલા પ્રમત્તસંયમી |
| પ્રત્યાખ્યાનીય-૪ | અપ્રમત્તની સન્મુખ થયેલો દેશવિરતિધર |
| અપ્રત્યાખ્યાનીય-૪ | અપ્રમત્તની સન્મુખ થયેલો અવિરતસમ્યક્ત્વી |
| અનંતા૦૪, મિથ્યાત્વ, થીણદ્ધિત્રિક | અપ્રમત્તની સન્મુખ થયેલો મિથ્યાદષ્ટિ |
| સ્ત્રીવેદ, નપુંસકવેદ | તદ્યોગ્ય વિશુદ્ધપરિણામી ચારેગતિના મિથ્યાદષ્ટિજીવો. |
| નરકાયુ | તદ્યોગ્ય વિશુદ્ધપરિણામી તિર્યંચ-મનુષ્યો. |
| તિર્યંચદ્વિક-નીચગોત્ર | અનિવૃત્તિકરણના છેલ્લાસમયે રહેલો સાતમી નરકનો મિથ્યાદષ્ટિ નારક. |
| એકેન્દ્રિય-સ્થાવર | પરાવર્તમાનમધ્યમપરિણામી ૩ગતિના મિથ્યા૦જીવો. |
| અશાતા-અસ્થિર અશુભ-અયશ | પરાવર્તમાનમધ્યમપરિણામી ૧થી૬ ગુણઠાણાવાળા જીવો. |
| ૫ સંઘયણ, ૫ સંસ્થાન અશુભવિહાયોગતિ, દુર્ભગત્રિક. | પરાવર્તમાન મધ્યમપરિણામી ચારેગતિના મિથ્યાદષ્ટિજીવો... |
| સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક નરકદ્વિક | પરાવર્તમાનમધ્યમપરિણામી તિર્યંચ-મનુષ્યો |

## -: શુભપ્રકૃતિના જ૦રસબંધના સ્વામી :-

| શુભપ્રકૃતિનું નામ | જ૦રસબંધના સ્વામી |
|---|---|
| દેવદ્વિક | પરાવર્તમાનમધ્યમપરિણામી મિ૦ તિર્યંચ-મનુષ્યો. |
| વૈક્રિયદ્વિક | અતિસંક્લિષ્ટપરિણામી તિર્યંચ-મનુષ્યો. |
| આહારકદ્વિક. | પ્રમત્તની સન્મુખ થયેલો અપ્રમત્તયતિ. |
| ઔદારિકદ્વિક, ઉદ્યોત | અતિસંકિલષ્ટપરિણામી દેવ-નારકો. |
| જિનનામ | મિથ્યાત્વની સન્મુખ થયેલો બદ્ધનરકાયુ અવિરતસમ્યગ્દષ્ટિ. |
| આતપ | અતિસંક્લિષ્ટપરિણામી ઇશાનસુધીનો દેવ. |
| ત્રસાદિ-૪, શુભવર્ણાદિ-૪ તૈજસાદિ-૪, પરાઘાત, ઉચ્છ્વાસ, પંચે૦જાતિ | અતિસંક્લિષ્ટપરિણામી ચારેગતિના મિથ્યાદષ્ટિજીવો. |
| ૩આયુષ્ય | તદ્યોગ્યસંક્લિષ્ટપરિણામી મિથ્યાદષ્ટિ તિર્યંચ-મનુષ્યો. |
| શાતા, સ્થિરાદિ-૩, | પરાવર્તમાનમધ્યમપરિણામી ૧થી૬ ગુણઠાણાવાળા જીવો. |
| શુભ વિ૦, મનુ૦દ્વિક, ૧લું સં૦, ૧લું સં૦, સુભગત્રિક, ઉચ્ચગોત્ર | પરાવર્તમાનમધ્યમપરિણામી, ચારેગતિના મિથ્યાદષ્ટિ જીવો. |

જઘન્યાદિરસબંધમાં સાદ્યાદિભાંગા :-

**चउतेय-वन्न-वेयणिय-नामणुक्कोसु सेसधुवबंधी ।**
**घाईणं अजहन्नो गोएदुविहो इमो चउहा ॥७४॥**

तैजसवर्णचतुष्कं वेदनीयनाम्नोरनुत्कृष्टः शेषध्रुवबन्धीनाम् ।
घातिनामजघन्यो गोत्रे द्विविधोऽयं चतुर्धा ॥ ७४ ॥

ગાથાર્થ :- **તૈજસચતુષ્ક, વર્ણચતુષ્ક, વેદનીય અને નામ [મૂળકર્મ]નો અનુત્કૃષ્ટરસબંધ સાદિવગેરે ૪ પ્રકારે છે. બાકીની ધ્રુવબંધી અને ઘાતીકર્મો [જ્ઞાનાવરણીયાદિ મૂળકર્મો]નો અજઘન્યરસબંધ સાદિ વગેરે ૪ પ્રકારે છે. ગોત્રકર્મનો અનુત્કૃષ્ટરસબંધ અને અજઘન્યરસબંધ સાદિ વગેરે ૪ પ્રકારે છે.**

**सेसम्मिदुहा=** **ઉપર કહેલી પ્રકૃતિના બાકી રહેલા જઘન્યાદિ-રસબંધ અને બાકીની અધ્રુવબંધી પ્રકૃતિના જઘન્યાદિ-૪ રસબંધ સાદિ-અધ્રુવ બે પ્રકારે છે.**

**વિવેચન** :- રસબંધ-૪ પ્રકારે થાય છે. (૧) **જઘન્યરસબંધ** (૨) **અજઘન્યરસબંધ** (૩) **ઉત્કૃષ્ટરસબંધ** (૪) **અનુત્કૃષ્ટરસબંધ.**

કોઈપણ કર્મમાં સૌથી ઓછામાં ઓછો જે રસબંધ થાય છે, તે **"જઘન્યરસબંધ"** કહેવાય. તેનાથી એક રસાણુ અધિક, બે રસાણુ અધિક, ત્રણ રસાણુ અધિક...એ રીતે, એક-એક રસાણુ અધિક કરતાં કરતાં છેલ્લે ઉ૦રસબંધ સુધીના સર્વે રસબંધને **'અજઘન્યરસબંધ"** કહે છે.

કોઈપણ કર્મમાં સૌથી વધુમાં વધુ જે રસબંધ થાય છે તે **"ઉત્કૃષ્ટરસબંધ"** કહેવાય. તેનાથી એક રસાણુ ન્યૂન, બે રસાણુ ન્યૂન, ત્રણરસાણુ ન્યૂન....એ રીતે, એક એક રસાણુ ઓછો કરતાં કરતાં છેલ્લે જ૦રસબંધ સુધીના સર્વે રસબંધને **"અનુત્કૃષ્ટરસબંધ"** કહે છે.

જઘન્યરસબંધ અને ઉ૦રસબંધ એક જ પ્રકારે છે.

અજઘન્યરસબંધ અને અનુત્કૃષ્ટરસબંધ અનંત પ્રકારે છે.

## શુભધ્રુવબંધી પ્રકૃતિના જઘન્યાદિરસબંધમાં ભાંગા :-

ક્ષપકશ્રેણીમાં ૮મા ગુણઠાણાના છઠ્ઠાભાગના છેલ્લાસમયે તદ્‌યોગ્ય વિશુદ્ધિથી **તૈ૦શ૦, કા૦શ૦, અગુરુલઘુ, નિર્માણ** અને **શુભવર્ણાદિ-૪**નો ઉત્કૃષ્ટરસબંધ થાય છે. તે સિવાયના સર્વ કાળે તૈજસાદિનો અનુત્કૃષ્ટરસબંધ થાય છે. એટલે ઉપશમશ્રેણીમાં ઉપશમક ૮મા ગુણઠાણાના છઠ્ઠાભાગના છેલ્લા સમયે તૈજસાદિનો અનુત્કૃષ્ટરસબંધ કર્યા પછી અબંધક થઈને ૧૧મા ગુણઠાણાથી પડીને ૮મા ગુણઠાણાના દ્દઠ્ઠા ભાગે આવીને ફરીથી તૈજસાદિનો અનુત્કૃષ્ટરસબંધ કરે છે. તે વખતે **અનુત્કૃષ્ટરસબંધની સાદિ** થાય છે અને જે જીવ ૮મા ગુણઠાણાના છઠ્ઠાભાગ સુધી નથી આવ્યો, તે જીવને તૈજસશરીરાદિ-૮ પ્રકૃતિનો અનુત્કૃષ્ટરસબંધ અનાદિકાળથી ચાલુ છે, તેથી તે જીવની અપેક્ષાએ તૈજસાદિનો **અનુત્કૃષ્ટરસબંધ અનાદિ** છે અને

ભવ્યજીવને કાલાન્તરે શ્રેણીમાં અવશ્ય તૈજસાદિના અનુત્કૃષ્ટરસબંધનો અંત થવાનો છે. તેથી ભવ્યની અપેક્ષાએ **અનુત્કૃષ્ટરસબંધ અધ્રુવ** છે અને અભવ્યજીવ ક્યારેય શ્રેણી માંડવાનો નથી. તેથી તૈજસાદિના અનુત્કૃષ્ટ-રસબંધનો અંત આવવાનો નથી. એટલે અભવ્યની અપેક્ષાએ **અનુત્કૃષ્ટ-રસબંધ ધ્રુવ** છે.

ક્ષપકશ્રેણીમાં ૮મા ગુણઠાણાના છઠ્ઠાભાગના છેલ્લાસમયે **તૈજસાદિના ઉ૦રસબંધની સાદિ** થાય છે અને તે ઉ૦રસબંધ એક જ સમય થતો હોવાથી ત્યારપછીના સમયે **ઉ૦રસબંધ અધ્રુવ** થાય છે. તે ઉ૦રસબંધ એક જ સમય થતો હોવાથી અનાદિ-ધ્રુવ ભાંગો હોતો નથી.

ચારેગતિના મિથ્યાદૃષ્ટિજીવો અતિસંક્લેશથી તૈજસાદિ-૮ પ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે જ૦રસબંધ કરે છે. તે વખતે તે પ્રકૃતિના **જ૦રસબંધની સાદિ** થાય છે. તે જઘન્યરસબંધ ૧ કે ૨ સમય સુધી જ થાય છે. એટલે ૧ કે ૨ સમય પછી **જ૦રસબંધ અધ્રુવ** થાય છે અને **અજઘન્યરસબંધની સાદિ** થાય છે. ફરી કાલાન્તરે તે જીવ અતિસંક્લેશથી તૈજસાદિનો જ૦રસબંધ કરે છે તે વખતે તૈજસાદિનો **અજઘન્યરસબંધ અધ્રુવ** થાય છે. એ રીતે, તૈજસાદિનો જઘન્યરસબંધ અને અજઘન્યરસબંધ વારંવાર થતો હોવાથી સાદિ-અધ્રુવ જ છે. અનાદિ-ધ્રુવ નથી.

## મૂળકર્મના જઘન્યાદિરસબંધમાં ભાંગા :-

ક્ષપકશ્રેણીમાં ૧૦મા ગુણઠાણાના છેલ્લાસમયે વેદનીય [શાતા], નામકર્મ [યશ] અને ગોત્ર [ઉચ્ચગોત્ર]કર્મના **ઉ૦રસબંધની સાદિ** થાય છે. અને તે ઉ૦રસબંધ એક જ સમય થતો હોવાથી ત્યારપછીના સમયે વેદનીયાદિનો **ઉ૦રસબંધ અધ્રુવ** થાય છે. તે ઉ૦રસબંધ એક જ સમય થતો હોવાથી અનાદિ-ધ્રુવ નથી.

ઉપશમશ્રેણીમાં ૧૦મા ગુણઠાણાના છેલ્લાસમયે વેદનીયાદિ-૩નો અનુત્કૃષ્ટરસબંધનો નાશ થાય છે. પછી ૧૧મા ગુણઠાણે રસબંધ થતો નથી. ૧૧મા ગુણઠાણેથી પડીને જીવ ૧૦મા ગુણઠાણે આવે છે. ત્યારે વેદનીયાદિ-૩ મૂળકર્મના **અનુત્કૃષ્ટરસબંધની સાદિ** થાય છે. શ્રેણીમાં ૧૦મા ગુણઠાણે કયારેય નહીં આવેલા જીવની અપેક્ષાએ વેદનીયાદિ-૩

કર્મનો **અનુત્કૃષ્ટરસબંધ અનાદિ** છે. ભવ્યની અપેક્ષાએ વેદનીયાદિ-૩ કર્મનો **અનુત્કૃષ્ટરસબંધ અધ્રુવ** છે. અભવ્યની અપેક્ષાએ વેદનીયાદિ-૩ કર્મનો **અનુત્કૃષ્ટરસબંધ ધ્રુવ** છે.

પરાવર્તમાનમધ્યમપરિણામી ૧થી૬ ગુણઠાણાવાળા જીવો વેદનીય અને નામકર્મનો જ૦રસબંધ ઉત્કૃષ્ટથી ૪સમય સુધી કરે છે. ત્યારપછી અવશ્ય અજઘન્યરસબંધ કરે છે. અંતર્મુહૂર્ત પછી ફરીથી તે કર્મોનો વધુમાં વધુ ૪સમય સુધી જ૦રસબંધ કરીને અજઘન્યરસબંધ કરે છે. એ રીતે, વેદનીય અને નામકર્મનો જઘન્યરસબંધ અને અજઘન્યરસબંધ વારંવાર થતો હોવાથી વેદનીય અને નામકર્મના તે બન્ને રસબંધ **સાદિ-અધ્રુવ** જ છે. અનાદિ-ધ્રુવ નથી.

સાતમીનરકનો નારક ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ માટે યથાપ્રવૃત્તાદિ-૩ કરણ કરે છે. ત્યારે અનિવૃત્તિકરણના છેલ્લાસમયે નીચગોત્રનો જ૦રસબંધ થાય છે. તે વખતે નીચગોત્રની અપેક્ષાએ **મૂળગોત્રકર્મના જ૦રસબંધની સાદિ** થાય છે. ત્યાર બાદ ઉપશમસમ્યક્ત્વના પ્રથમસમયે જીવ ઉચ્ચગોત્રનો અજઘન્યરસબંધ કરે છે. તે વખતે મૂળગોત્રકર્મનો **જઘન્યરસબંધ અધ્રુવ** થાય છે અને ગોત્રકર્મના **અજઘન્યરસબંધની સાદિ** થાય છે. તથા ઉપશમસમ્યક્ત્વ નહીં પામેલા અનાદિમિથ્યાદૃષ્ટિજીવની અપેક્ષાએ ગોત્રકર્મનો **અજઘન્યરસબંધ અનાદિ** છે. ભવ્યની અપેક્ષાએ ગોત્રકર્મનો **અજઘન્યરસબંધ અધ્રુવ** છે અને અભવ્યની અપેક્ષાએ ગોત્રકર્મનો **અજઘન્યરસબંધ ધ્રુવ** છે.

ક્ષપકશ્રેણીમાં ૧૦મા ગુણઠાણાના છેલ્લાસમયે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયનો જ૦રસબંધ થાય છે. તે સિવાયના સર્વ કાળે ઘાતીકર્મોનો અજઘન્યરસબંધ થાય છે. તથા ક્ષપકશ્રેણીમાં ૯માગુણઠાણાના છેલ્લાસમયે મોહનીયનો જ૦રસબંધ થાય છે. તે સિવાય ૧થી૯ગુણઠાણા સુધી મોહનીયનો અજઘન્યરસબંધ થાય છે. એટલે ઉપશમશ્રેણીમાં ૧૦મા ગુણઠાણાના છેલ્લાસમયે જ્ઞાનાવરણીયાદિ-૩નો અને ૯મા ગુણઠાણાના છેલ્લાસમયે મોહનીયકર્મનો અજઘન્યરસબંધનો નાશ થયા પછી જીવ અબંધક થઈને ૧૧મા ગુણઠાણેથી પડીને ફરીથી ૧૦મા ગુણઠાણે આવે છે. ત્યારે જ્ઞાનાવરણીયાદિ-૩ કર્મનો અજઘન્યરસબંધ શરૂ કરે છે. તે વખતે

જ્ઞાનાવરણીયાદિ-૩ કર્મના **અજઘન્યરસબંધની સાદિ** થાય છે અને ૯મા ગુણઠાણે આવે છે. ત્યારે મોહનીયકર્મનો અજઘન્યરસબંધ શરૂ કરે છે તે વખતે મોહનીયકર્મના **અજઘન્યરસબંધની સાદિ** થાય છે અને જે જીવ નવમા-દશમાગુણઠાણે આવ્યા નથી તે જીવની અપેક્ષાએ ઘાતીકર્મનો **અજઘન્યરસબંધ અનાદિ** છે. તથા ભવ્યની અપેક્ષાએ ઘાતીકર્મનો **અજઘન્યરસબંધ અધ્રુવ** છે અને અભવ્યની અપેક્ષાએ ઘાતીકર્મોનો **અજઘન્યરસબંધ ધ્રુવ** છે.

ક્ષપકશ્રેણીમાં ૧૦મા ગુણઠાણાના છેલ્લાસમયે જ્ઞાનાવરણીયાદિ-૩ મૂળકર્મના **જઘન્યરસબંધની સાદિ** થાય છે અને તે જ૦રસબંધ એક જ સમય થતો હોવાથી ત્યાર પછીના સમયે તે કર્મનો **જઘન્યરસબંધ અધ્રુવ** થાય છે અને ક્ષપકશ્રેણીમાં ૯મા ગુણઠાણાના છેલ્લાસમયે મોહનીયકર્મના **જ૦રસબંધની સાદિ** થાય છે. તે જઘન્યરસબંધ એક જ સમય થતો હોવાથી ત્યારપછીના સમયે તે કર્મનો **જઘન્યરસબંધ અધ્રુવ** થાય છે અને તે જઘન્યરસબંધ એક જ સમય થતો હોવાથી સાદિ-અધ્રુવ જ છે. અનાદિ-ધ્રુવ નથી.

ચારેગતિના મિથ્યાદૃષ્ટિપર્યાપ્ત સંજ્ઞીજીવો અતિસંકલેશથી /ઘાતીકર્મનો ઉ૦સ્થિતિબંધ કરતી વખતે ઉ૦રસબંધ કરે છે. તે વખતે ઘાતીકર્મના **ઉ૦રસબંધની સાદિ** થાય છે. તે ઉત્કૃષ્ટરસબંધ ૧થી૨ સમય સુધી જ થતો હોવાથી ત્યારપછીના સમયે ઘાતીકર્મનો અનુત્કૃષ્ટરસબંધ કરે છે. ત્યારે ઘાતીકર્મનો **ઉ૦રસબંધ અધ્રુવ** થાય છે અને ઘાતીકર્મના **અનુત્કૃષ્ટરસબંધની સાદિ** થાય છે. કાલાન્તરે ફરીવાર તે જીવ ઘાતીકર્મનો ઉ૦રસબંધ કરે છે ત્યારે ઘાતીકર્મનો **અનુત્કૃષ્ટરસબંધ અધ્રુવ** થાય છે. એ રીતે, ઘાતીકર્મનો ઉત્કૃષ્ટરસબંધ અને અનુત્કૃષ્ટરસબંધ વારંવાર થતો હોવાથી સાદિ-અધ્રુવ જ છે. અનાદિ-ધ્રુવ નથી.

**सेसम्मिदुहा** પદથી ગ્રન્થકાર ભગવંતે આયુષ્યકર્મના જઘન્યાદિ ચારે પ્રકારના રસબંધમાં સાદિ-અધ્રુવ ભાંગા કહ્યાં છે. કારણકે આયુષ્યકર્મ અધ્રુવબંધી છે. તેથી આયુષ્યકર્મનો બંધ સાદિ-અધ્રુવ હોવાથી આયુષ્યકર્મના ચારેપ્રકારનો રસબંધ પણ સાદિ-અધ્રુવ જ થાય છે.

| | | | | |
|---|---|---|---|---|
| અઘાતીકર્મ- | ૩ × ૧ [અનુ૦રસબંધ] | × ૪ [સાદ્યાદિ] | = | ૧૨ |
| અઘાતીકર્મ- | ૩ × ૨ [જઘ૦, ઉત્કૃ૦] | × ૨ [સાદિ-અધ્રુવ] | = | ૧૨ |
| નામ-વેદનીય- | ૨ × ૧ [અજ૦રસબંધ] | × ૨ [સાદિ-અધ્રુવ] | = | ૪ |
| ગોત્ર- | ૧ × ૧ [અજ૦રસબંધ] | × ૪ [સાદ્યાદિ] | = | ૪ |
| ઘાતીકર્મ- | ૪ × ૧ [અજ૦રસબંધ] | × ૪ [સાદ્યાદિ] | = | ૧૬ |
| ઘાતીકર્મ- | ૪ × ૩ [જઘ૦,અનુ૦, ઉ૦] | × ૨ [સાદિ-અધ્રુવ] | = | ૨૪ |
| આયુષ્યકર્મ- | ૧ × ૪ [જઘન્યાદિ-૪] | × ૨ [સાદિ-અધ્રુવ] | = | ૮ |
| | | ૮ મૂળકર્મના કુલ ભાંગા. | | ૮૦ |

## -: મૂળકર્મના જઘન્યાદિરસબંધમાં ભાંગા :-

| મૂળકર્મોનો જઘન્યાદિ રસબંધ | સાદિ- ↓ | અનાદિ- ↓ | ધ્રુવ- ↓ | અધ્રુવ- ↓ | કુલ ↓ |
|---|---|---|---|---|---|
| ૮ મૂળકર્મોનો જઘન્યરસબંધ→ | ૮ | | | ૮ | ૧૬ |
| ૮ મૂળકર્મોનો ઉત્કૃષ્ટરસબંધ→ | ૮ | | | ૮ | ૧૬ |
| ૪ ઘાતીકર્મોનો અજઘન્યરસબંધ→ | ૪ | ૪ | ૪ | ૪ | ૧૬ |
| ગોત્રકર્મોનો અજઘન્યરસબંધ→ | ૧ | ૧ | ૧ | ૧ | ૪ |
| ૩ અઘાતીકર્મોનો અજઘન્યરસબંધ→ | ૩ | | | ૩ | ૬ |
| ૪ ઘાતીકર્મોનો અનુત્કૃષ્ટરસબંધ→ | ૪ | | | ૪ | ૮ |
| ૩ અઘાતીકર્મનો અનુ૦રસબંધ→ | ૩ | ૩ | ૩ | ૩ | ૧૨ |
| આયુષ્યનો અનુ૦રસબંધ→ | ૧ | | | ૧ | ૨ |
| કુલ→ | ૩૨ | ૮ | ૮ | ૩૨ | ૮૦ |

**અશુભધ્રુવબંધી પ્રકૃતિના જઘન્યાદિરસબંધમાં ભાંગા:-**

ક્ષપકશ્રેણીમાં ૧૦મા ગુણઠાણાના છેલ્લાસમયે **જ્ઞાના૦-૫, દર્શના૦૪, અંત૦૫** એ ૧૪ પ્રકૃતિનો જ૦રસબંધ થાય છે. તે સિવાયના સર્વકાળે અજઘન્યરસબંધ થાય છે. એટલે ઉપશમશ્રેણીમાં ઉપશમક ૧૦મા ગુણઠાણાના છેલ્લાસમયે તે-૧૪ પ્રકૃતિનો અજઘન્યરસબંધનો નાશ કરીને ૧૧માં ગુણઠાણે અબંધક થયા પછી ત્યાંથી પડીને ૧૦મા ગુણઠાણે આવે છે. ત્યારે ફરીથી તે ૧૪ પ્રકૃતિનો અજઘન્યરસબંધ શરૂ કરે છે. તે વખતે

**જ્ઞાનાવરણીયાદિ-૧૪ પ્રકૃતિના અજઘન્યરસબંધની સાદિ** થાય છે. શ્રેણીમાં ૧૦મા ગુણઠાણે નહીં આવેલા જીવોની અપેક્ષાએ તે પ્રકૃતિનો **અજઘન્યરસબંધ અનાદિ** છે. ભવ્યની અપેક્ષાએ **અધ્રુવ** છે અને અભવ્યની અપેક્ષાએ **ધ્રુવ** છે.

ક્ષપકશ્રેણીમાં ૯મા ગુણઠાણે પોતપોતાના બંધવિચ્છેદસમયે **સંજ્વલનચતુષ્ક**નો જઘન્યરસબંધ થાય છે. તે સિવાય ૧થી૯ ગુણઠાણે સંજ્વલનચતુષ્કનો અજઘન્યરસબંધ થાય છે. એટલે ઉપશમશ્રેણીમાં ૯મા ગુણઠાણે સં૦૪ના અજઘન્યરસબંધનો નાશ થયા પછી ઉપશમક ૧૧મા ગુણઠાણેથી પડતો પડતો ૯માગુણઠાણે આવે છે. ત્યારે સં૦૪નો અજઘન્યરસબંધ શરૂ થાય છે. તે વખતે સં૦૪ના **અજઘન્યરસબંધની સાદિ** થાય છે. શ્રેણીમાં ૯માગુણઠાણે નહીં આવેલા જીવોની અપેક્ષાએ સં૦૪નો **અજઘન્યરસબંધ અનાદિ** છે. ભવ્યની અપેક્ષાએ **અધ્રુવ** છે અને અભવ્યની અપેક્ષાએ **ધ્રુવ** છે.

ક્ષપકશ્રેણીમાં ૮મા ગુણઠાણે **નિદ્રાદ્વિક, અશુભવર્ણાદિ-૪, ઉપઘાત** અને **ભય-જુગુપ્સા**નો પોતપોતાના બંધવિચ્છેદ સમયે જઘન્યરસબંધ થાય છે. તે સિવાય ૧થી૮ગુણઠાણે અજઘન્યરસબંધ થાય છે. એટલે ઉપશમશ્રેણીમાં ૮મા ગુણઠાણે તે પ્રકૃતિના અજઘન્યરસબંધનો નાશ થતાં તે જીવ અબંધક થઈને ૧૧મા ગુણઠાણા સુધી ગયા પછી ત્યાંથી કાલક્ષયે પડતો પડતો ૮મા ગુણઠાણે આવીને તે તે પ્રકૃતિનો અજઘન્યરસબંધ શરૂ કરે છે. ત્યારે તે તે પ્રકૃતિના **અજઘન્યરસબંધની સાદિ** થાય છે. શ્રેણીમાં ૮મા ગુણઠાણે નહીં આવેલા જીવની અપેક્ષાએ નિદ્રાદિ-૯ પ્રકૃતિનો **અજઘન્યરસબંધ અનાદિ** છે. ભવ્યની અપેક્ષાએ **અધ્રુવ** છે અને અભવ્યની અપેક્ષાએ **ધ્રુવ** છે.

ક્ષાયિકસમ્યક્ત્વ અને સર્વવિરતિને એકીસાથે પ્રાપ્ત કરતો દેશ-વિરતિધર શ્રાવક દેશવિરતિગુણઠાણાના છેલ્લાસમયે **પ્રત્યાખ્યાનીય-૪**નો જ૦રસબંધ કરે છે. તે સિવાય ૧થી૫ ગુણઠાણા સુધી પ્રત્યાખ્યાનીય-૪નો અજઘન્યરસબંધ થાય છે. એટલે જ્યારે તે જીવ સર્વવિરતિગુણઠાણાથી પડીને દેશવિરતિગુણઠાણે આવે છે. ત્યારે પ્રત્યાખ્યાનીય-૪ના **અજઘન્યરસબંધની સાદિ** થાય છે. દેશવિરતિગુણઠાણે નહીં આવેલા જીવની અપેક્ષાએ

**અજઘન્યરસબંધ અનાદિ** છે. ભવ્યની અપેક્ષાએ **અધ્રુવ** છે અને **અભવ્યની અપેક્ષાએ ધ્રુવ** છે.

**ક્ષાયિકસમ્યક્ત્વ** અને સર્વવિરતિને એકી સાથે પ્રાપ્ત કરતો અવિરતસમ્યગ્દષ્ટિજીવ સમ્યક્ત્વગુણઠાણાના છેલ્લાસમયે **અપ્રત્યાખ્યાનીય-૪**નો જ૦રસબંધ કરે છે. તે સિવાય ૧થી૪ ગુણઠાણા સુધી અપ્ર૦૪નો અજઘન્યરસબંધ થાય છે. એટલે જ્યારે તે જીવ પડતો પડતો સમ્યક્ત્વ-ગુણઠાણે આવે છે. ત્યારે અપ્ર૦૪ના **અજઘન્યરસબંધની સાદિ** થાય છે. સમ્યક્ત્વગુણઠાણે નહીં આવેલા જીવની અપેક્ષાએ **અજઘન્યરસબંધ અનાદિ** છે. ભવ્યને **અધ્રુવ** છે અને અભવ્યને **ધ્રુવ** છે.

સમ્યક્ત્વ અને સર્વવિરતિચારિત્રને એકી સાથે પ્રાપ્ત કરતો મિથ્યાદષ્ટિજીવ મિથ્યાત્વગુણઠાણાના છેલ્લા સમયે **અનંતાનુબંધી-૪, થીણદ્ધિત્રિક** અને **મિથ્યાત્વ**નો જ૦રસબંધ કરે છે. તે સિવાય મિથ્યાત્વ-ગુણઠાણાના દ્વિચરિમસમય સુધી તે પ્રકૃતિનો અજઘન્યરસબંધ થાય છે. એટલે તે જીવ જ્યારે સમ્યક્ત્વેથી પડીને મિથ્યાત્વે આવે છે. ત્યારે તે પ્રકૃતિના **અજઘન્યરસબંધની સાદિ** થાય છે. મિથ્યાત્વગુણઠાણાના છેલ્લા સમયે નહીં આવેલા જીવની અપેક્ષાએ **અજઘન્યરસબંધ અનાદિ** છે. ભવ્યની અપેક્ષાએ **અધ્રુવ** છે અને અભવ્યની અપેક્ષાએ **ધ્રુવ** છે.

**અશુભધ્રુવબંધી** ૪૩ પ્રકૃતિનો જઘન્યરસબંધ ઉપર કહ્યાં મુજબ પોતપોતાના બંધવિચ્છેદસ્થાને એક જ સમય થતો હોવાથી **સાદિ-અધ્રુવ** જ છે. અનાદિ-ધ્રુવ નથી.

મિથ્યાદષ્ટિ પર્યાપ્તસંજ્ઞી અતિસંક્લેશથી અશુભધ્રુવબંધી ૪૩ પ્રકૃતિનો ૧ કે ૨ સમય સુધી ઉ૦રસબંધ કરીને અનુત્કૃષ્ટરસબંધ કરે છે. ફરી કાલાન્તરે તે પ્રકૃતિનો ૧ કે ૨ સમય સુધી ઉ૦રસબંધ કરીને અનુત્કૃષ્ટરસબંધ કરે છે. એ રીતે, **ઉ૦રસબંધ અને અનુત્કૃષ્ટરસબંધ** વારંવાર થતો હોવાથી **સાદિ-અધ્રુવ** જ છે. અનાદિ-ધ્રુવ નથી.

**सेसम्मि दुहा** પદથી ગ્રન્થકારભગવંતે **અધ્રુવબંધી ૭૩** પ્રકૃતિના **ચારેપ્રકારના** રસબંધમાં **સાદિ-અધ્રુવ** ભાંગા કહ્યાં છે. કારણ કે તે પ્રકૃતિનો બંધ સાદિ-અધ્રુવ હોવાથી જઘન્યાદિરસબંધ પણ સાદિ-અધ્રુવ જ થાય છે.

શુભધ્રુવબંધી- ૮ × ૧ [અજ૦રસબંધ] × ૪ [સાદ્યાદિ] = ૩૨ ભાંગા.
શુભધ્રુવબંધી- ૮ × ૩ [જઘન્યાદિ-૩] × ૨ [સાદિ-અધ્રુવ] = ૪૮ ભાંગા.
અશુભધ્રુવબંધી- ૪૩ × ૧ [અજ૦રસબંધ] × ૪ [સાદ્યાદિ] = ૧૭૨ ભાંગા.
અશુભધ્રુવબંધી- ૪૩ × ૩ [જઘન્યાદિ-૩] × ૨ [સાદિ-અધ્રુવ] = ૨૫૮ ભાંગા.
અધ્રુવબંધી- ૭૩ × ૪ [જઘન્યાદિ-૪] × ૨ [સાદિ-અધ્રુવ] = <u>૫૮૪</u> ભાંગા.
ઉત્તરપ્રકૃતિના કુલ- ૧૦૯૪ ભાંગા.

## -: ઉત્તરપ્રકૃતિના જઘન્યાદિરસબંધમાં ભાંગા :-

| ઉ૦પ્રકૃતિનો જઘન્યાદિરસબંધ | સાદિ ↓ | અનાદિ ↓ | ધ્રુવ ↓ | અધ્રુવ ↓ | કુલ ↓ |
|---|---|---|---|---|---|
| શુભધ્રુવબંધી-૮નો જઘન્યરસબંધ→ | ૮ | | | ૮ | ૧૬ |
| શુભધ્રુવબંધી-૮નો અજઘ૦રસબંધ→ | ૮ | | | ૮ | ૧૬ |
| શુભધ્રુવબંધી-૮નો ઉ૦રસબંધ→ | ૮ | | | ૮ | ૧૬ |
| શુભધ્રુવબંધી-૮નો અનુ૦રસબંધ→ | ૮ | ૮ | ૮ | ૮ | ૩૨ |
| અશુભધ્રુવબંધી-૪૩નો જ૦રસબંધ→ | ૪૩ | | | ૪૩ | ૮૬ |
| અશુભધ્રુવબંધી-૪૩નો અજઘ૦રસબંધ→ | ૪૩ | ૪૩ | ૪૩ | ૪૩ | ૧૭૨ |
| અશુભધ્રુવબંધી-૪૩નો ઉ૦રસબંધ→ | ૪૩ | | | ૪૩ | ૮૬ |
| અશુભધ્રુવબંધી-૪૩નો અનુ૦રસબંધ→ | ૪૩ | | | ૪૩ | ૮૬ |
| અધ્રુવબંધી-૭૩નો જ૦રસબંધ→ | ૭૩ | | | ૭૩ | ૧૪૬ |
| અધ્રુવબંધી-૭૩નો અજઘન્યરસબંધ→ | ૭૩ | | | ૭૩ | ૧૪૬ |
| અધ્રુવબંધી-૭૩નો ઉ૦રસબંધ→ | ૭૩ | | | ૭૩ | ૧૪૬ |
| અધ્રુવબંધી-૭૩નો અનુ૦રસબંધ→ | ૭૩ | | | ૭૩ | ૧૪૬ |
| કુલ→ | ૪૯૬ | +૫૧ | +૫૧ | +૪૯૬ | =૧૦૯૪ |

**-: રસબંધ સમાપ્ત :-**

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

# પ્રદેશબંધ

ગ્રાહ્ય-અગ્રાહ્યવર્ગણા :-

**सेसम्मि दुहा इग दुग-णुगाइ जा अभवणंतगुणियाणू ।**
**खंधा उरलोचिय वग्गणाउ तह अगहणंतरिया ॥ ७५ ॥**

**एमेव विउव्वाहार-तेयभासाणुपाणमणकम्मे ।**
**सुहुमा कमावगाहो उणूणंगुल असंखंसो ॥ ७६ ॥**

**इक्किक्कहिया सिद्धाणंतंसा अंतरेसु अग्गहणा ।**
**सव्वत्थ जहन्नुचिया, नियणंतंसाहिया जिट्ठा ॥ ७७ ॥**

शेषे द्विधैकद्व्यणुकादयः यावदभव्यानन्तगुणिताणवः ।
स्कन्धा औदारिकोचितवर्गणास्तु तथाऽग्रहणान्तरिताः ॥ ७५ ॥

एवमेव वैक्रियाऽऽहारक-तैजस-भाषा-ऽऽनापान-मनः कर्मणः ।
सूक्ष्माः क्रमादवगाहः ऊनोनाङ्गुलासङ्ख्येयांशः ॥ ७६ ॥

एकैकधिकाः सिद्धानन्तांशा अन्तरेष्वग्रहणाः ।
सर्वत्र जघन्योचिता निजानन्तांशाधिका ज्येष्ठा ॥ ७७ ॥

ગાથાર્થ :- પૂર્વે કહેલી પ્રકૃતિના બાકી રહેલા જઘન્યાદિ-રસબંધનાં ભાંગા અને અધ્રુવબંધી પ્રકૃતિના જઘન્યાદિ-૪ રસબંધના ભાંગા સાદિ-અધ્રુવ બે પ્રકારે છે.

એકાણુક, દ્વ્યણુકાદિથી માંડીને યાવત્ અભવ્યથી અનંતગુણ પરમાણુના બનેલા સ્કંધો છે, તે ઔદારિકશરીરને યોગ્ય વર્ગણા છે. તથા ગ્રહણયોગ્ય વર્ગણાની મધ્યમાં અગ્રહણયોગ્યવર્ગણા છે.

એ જ પ્રમાણે, વૈક્રિયવર્ગણા, આહારકવર્ગણા, તૈજસવર્ગણા, ભાષાવર્ગણા, શ્વાસોચ્છ્વાસવર્ગણા, મનોવર્ગણા, કાર્મણવર્ગણા છે. એ વર્ગણા ક્રમશઃ સૂક્ષ્મ-સૂક્ષ્મ હોય છે. અને તેનું અવગાહક્ષેત્ર ક્રમશઃ નાનો- નાનો અંગુલનો અસંખ્યાતમો ભાગ છે.

[ગ્રહણયોગ્ય ઉ૦વર્ગણાની ઉપર] એક-એક પરમાણુ વધારે હોય એવી અગ્રહણયોગ્ય વર્ગણા સિદ્ધરાશિના અનંતમાભાગ પ્રમાણ હોય છે અને તે ઔદારિકાદિવર્ગણાની મધ્યમાં રહેલી છે. સર્વઠેકાણે જઘન્યગ્રહણયોગ્ય વર્ગણામાં પોતાનો અનંતમોભાગ અધિક કરતાં ઉત્કૃષ્ટગ્રહણયોગ્ય વર્ગણા થાય છે.

**વિવેચન** :- કાજળની ડબ્બીમાં કાજળના કણીયાં ઠાંસી ઠાંસીને ભરેલા હોય છે. તેમ સંપૂર્ણલોકમાં પુદ્ગલદ્રવ્ય ઠાંસી ઠાંસીને ભરેલું છે.

પુદ્ગલદ્રવ્ય-૨ પ્રકારે છે. (૧) **પરમાણુ** (૨) **સ્કંધ**..

**પરમાણુ** :- **પરમ+અણુ=પરમાણુ**

**પરમ=અંતિમ** [છેલ્લામાં છેલ્લો], **અણુ=અંશ.....**

કેવલીભગવંતની બુદ્ધિરૂપ શસ્ત્રથી પણ જેના બે વિભાગ ન થઇ શકે એવો પુદ્ગલદ્રવ્યનો છેલ્લામાં છેલ્લો જે અંશ[વિભાગ] હોય, તે પરમાણુ કહેવાય.

**સ્કંધ**:- **સ્કંધ=પરમાણુનો જથ્થો..**

બે પરમાણુના પરસ્પર જોડાઇને બનેલા જથ્થાને **દ્વિપ્રદેશીસ્કંધ** કહે છે. ત્રણ પરમાણુના પરસ્પર જોડાઇને બનેલા જથ્થાને **ત્રિપ્રદેશીસ્કંધ** કહે છે. ચાર પરમાણુના પરસ્પર જોડાઇને બનેલા જથ્થાને **ચતુર્પ્રદેશીસ્કંધ** કહે છે. સંખ્યાતા પરમાણુના પરસ્પર જોડાઇને બનેલા જથ્થાને **સંખ્યાતપ્રદેશીસ્કંધ** કહે છે. અસંખ્યપરમાણુના પરસ્પર જોડાઇને બનેલા જથ્થાને **અસંખ્યપ્રદેશીસ્કંધ** કહે છે. અને અનંતપરમાણુના પરસ્પર જોડાઇને બનેલા જથ્થાને **અનંત-પ્રદેશીસ્કંધ** કહે છે.

**વર્ગણા** :- **સરખી સંખ્યાવાળા સ્કંધના સમૂહને વર્ગણા કહે છે.**

લોકમાં એક-એક છૂટા પરમાણુઓ અનંત છે. તે અનંતા છૂટા પરમાણુના સમૂહને **પ્રથમવર્ગણા** કહે છે.

લોકમાં રહેલા દ્વિપ્રદેશી સ્કંધના સમૂહને **બીજીવર્ગણા** કહે છે.
લોકમાં રહેલા ત્રિપ્રદેશીસ્કંધના સમૂહને **ત્રીજીવર્ગણા** કહે છે.
લોકમાં રહેલા ચતુર્પ્રદેશીસ્કંધના સમૂહને **ચોથીવર્ગણા** કહે છે.

એ રીતે, સંખ્યાતપ્રદેશીસ્કંધના સમૂહની **સંખ્યાતમીવર્ગણા** હોય છે. અસંખ્યાતપ્રદેશીસ્કંધના સમૂહની **અસંખ્યાતીવર્ગણા** હોય છે. અને અનંતપ્રદેશીસ્કંધના સમૂહની **અનંતમીવર્ગણા** હોય છે.

પહેલીવર્ગણાથી માંડીને છેલ્લી અનંતમીવર્ગણા સુધીની અનંતવર્ગણામાં રહેલા સ્કંધો અલ્પ પરમાણુવાળા અને સ્થૂલપરિણામવાળા હોય છે. તેથી તે પુદ્ગલસ્કંધોથી જીવ ઔદારિકશરીર બનાવી શકતો ન હોવાથી તે પુદ્ગલસ્કંધોને જીવ ગ્રહણ કરતો નથી એટલે તે અનંતવર્ગણાનો એકવિભાગમાં સમાવેશ કરીને તેને **અગ્રહણયોગ્ય પ્રથમવર્ગણા** કહે છે.

**(૨) ઔદારિક ગ્રહણયોગ્યવર્ગણા :-**

પ્રથમવર્ગણામાં રહેલી પેટાવર્ગણાઓમાંથી છેલ્લી ઉ૦વર્ગણામાં રહેલા સ્કંધમાં એક પરમાણુ ઉમેરવાથી અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધરાશિના અનંતમા ભાગ જેટલા પરમાણુ થાય છે. તેટલા પરમાણુના બનેલા સ્કંધના સમૂહને **પ્રથમજઘન્યવર્ગણા** કહે છે. તેનાથી એક પરમાણુ અધિક હોય એવા સ્કંધના સમૂહને **બીજીવર્ગણા** કહે છે. તેનાથી એક પરમાણુ અધિક હોય એવા સ્કંધના સમૂહને **ત્રીજીવર્ગણા** કહે છે.

એ રીતે, એક-એક પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની ચોથી-પાંચમી વગેરે અનંતવર્ગણાઓ હોય છે તે અનંતવર્ગણામાં રહેલા સ્કંધોથી જીવ ઔદારિકશરીર બનાવી શકે છે. તેથી તે અનંતવર્ગણાના એકવિભાગને **ઔદારિકશરીરને માટે ગ્રહણયોગ્ય બીજીવર્ગણા** કહે છે.

ઔદારિકગ્રહણયોગ્ય જઘન્યવર્ગણાના એકસ્કંધમાં જેટલા પરમાણુ હોય છે તેનાથી તેનો અનંતમોભાગ પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની ઉ૦વર્ગણા થાય છે. એ અનંતમાભાગમાં પણ અનંત પરમાણુ હોય છે. એટલે જઘન્યવર્ગણાથી માંડીને ઉ૦વર્ગણા સુધીની અનંતવર્ગણાઓ થાય છે.

અસત્કલ્પાનાથી......**અભવ્યથી અનંતગુણ** અથવા
**સિદ્ધરાશિનો અનંતમોભાગ=૧૦૦૦**

**અનંત=૧૦૦** માનવામાં આવે, તો..

**જઘન્યવર્ગણાના એકસ્કંધમાં રહેલા પરમાણુને અનંત=૧૦૦થી ભાગાકાર કરતાં જે સંખ્યા આવે, તે સંખ્યાજઘન્યવર્ગણામાં રહેલા પરમાણુનો અનંતમોભાગ કહેવાય.**

અહીં જઘન્યવર્ગણાના એક સ્કંધમાં રહેલા અભવ્યથી અનંતગુણ= ૧૦૦૦ પરમાણુને અનંત=૧૦૦થી ભાગાકાર કરતાં ૧૦ આવે છે. એટલે જઘન્યવર્ગણાના એકસ્કંધમાં રહેલા ૧૦૦૦ પરમાણુનો **અનંતમોભાગ=૧૦ પરમાણુ** છે.

**પ્રથમ અગ્રહણયોગ્ય** ઉત્કૃષ્ટવર્ગણાનાં એક-એક સ્કંધમાં **અભવ્યથી અનંતગુણા–૧=૧૦૦૦–૧=૯૯૯** પરમાણુ હોય છે. અને ઔદારિકગ્રહણયોગ્ય જઘન્યવર્ગણાના એક-એક સ્કંધમાં અભવ્યથી અનંતગુણ=**૧૦૦૦** પરમાણુ હોય છે.

**બીજીવર્ગણા**ના એક-એક સ્કંધમાં **૧૦૦૧** પરમાણુ હોય છે.

**ત્રીજીવર્ગણા**ના એક-એક સ્કંધમાં **૧૦૦૨** પરમાણુ હોય છે.

**ચોથીવર્ગણા**ના એક-એક સ્કંધમાં **૧૦૦૩** પરમાણુ હોય છે.

એ રીતે, પાંચમી વગેરે વર્ગણાના સ્કંધમાં એક-એક પરમાણુ વધવાથી છેલ્લી ઉ૦વર્ગણા=**૧૧**મી વર્ગણાના એક-એક સ્કંધમાં **૧૦૧૦** પરમાણુ હોય છે. એટલે કે **ઉ૦વર્ગણાના** એક-એક સ્કંધમાં **૧૦૦૦+૧૦** [અભવ્યથી અનંતગુણ+અનંતમોભાગ]=**૧૦૧૦** પરમાણુ હોય છે.

**(૩) ઔદારિક અગ્રહણયોગ્યવર્ગણા :-**

ઔદારિકશરીરને માટે ગ્રહણયોગ્ય ઉ૦વર્ગણાના સ્કંધમાં રહેલા પરમાણુથી એક-એક પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની પહેલી [**જઘન્ય**], બીજી, ત્રીજી વગેરે અભવ્યથી અનંતગુણી વર્ગણા હોય છે. એ વર્ગણામાં રહેલા સ્કંધો જીવને ઔદારિકશરીર બનાવવા માટે ઘણા પરમાણુવાળા અને સૂક્ષ્મ પડે છે અને વૈક્રિયશરીર બનાવવા માટે થોડા

પરમાણુવાળા અને સ્થૂલ પડે છે. એટલે તે સ્કંધોથી જીવ ઔદારિકશરીર કે વૈક્રિયશરીર બનાવી શકતો ન હોવાથી તે સ્કંધોને જીવ ગ્રહણ કરતો નથી. એટલે તે અનંતીવર્ગણાનો એકવિભાગમાં સમાવેશ કરીને તે વિભાગને **ઔદારિકશરીરને માટે અગ્રહણયોગ્ય ત્રીજીવર્ગણા** કહે છે.

ઔદારિક અગ્રહણયોગ્ય જ૦વર્ગણાના એકસ્કંધમાં રહેલા પરમાણુને અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધરાશિના અનંતમાભાગથી ગુણતાં જેટલા પરમાણુ આવે છે. તેટલી અગ્રહણયોગ્યવર્ગણા હોય છે. એટલે અભવ્યથી અનંતગુણી અગ્રહણયોગ્ય વર્ગણા છે.

અસત્કલ્પનાથી...

ઔદારિકગ્રહણયોગ્ય ઉ૦વર્ગણાના એક સ્કંધમાં **૧૦૧૦** પરમાણુ હોય છે. ઔદારિક અગ્રહણયોગ્ય જ૦વર્ગણાના એક સ્કંધમાં ૧૦૧૦+૧=**૧૦૧૧** પરમાણુ હોય છે અને ઉ૦વર્ગણાના એક સ્કંધમાં ૧૦૧૧×૧૦૦૦ [અભવ્યથી અનંતગુણ]=**૧૦૧૧૦૦૦** પરમાણુ હોય છે.

## (૪) વૈક્રિય ગ્રહણયોગ્યવર્ગણા :-

ઔદારિક અગ્રાહ્ય ઉ૦વર્ગણાના સ્કંધમાં રહેલા પરમાણુથી એક-એક પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની પહેલી, [**જઘન્ય**], બીજી, ત્રીજી વગેરે અનંતવર્ગણાઓ થાય છે. એ વર્ગણામાં રહેલા સ્કંધો જીવને વૈક્રિયશરીર બનાવવા માટે ઉપયોગી બને છે. તેથી તે અનંતવર્ગણાના એકવિભાગને **વૈક્રિયશરીરને માટે ગ્રહણયોગ્ય ચોથીવર્ગણા** કહે છે.

વૈ૦ગ્રહણયોગ્ય જ૦વર્ગણાના એક સ્કંધમાં જેટલા પરમાણુ હોય છે. તેનાથી તેનો અનંતમોભાગ પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની ઉ૦વર્ગણા થાય છે. એ અનંતમાભાગમાં અનંતપરમાણુ હોવાથી જ૦વર્ગણાથી માંડીને ઉ૦વર્ગણા સુધીની અનંતવર્ગણા થાય છે.

અસત્કલ્પનાથી....

વૈક્રિયગ્રાહ્ય જ૦વર્ગણાના એક સ્કંધમાં ૧૦૧૧૦૦૦+૧= **૧૦૧૧૦૦૧** પરમાણુ હોય છે અને જ૦વર્ગણાના એક સ્કંધમાં રહેલા ૧૦૧૧૦૦૧ પરમાણુને અનંત=૧૦૦થી ભાગાકાર કરતાં ૧૦૧૧૦ આવે



૧૭

છે. એટલે વૈક્રિયગ્રાહ્ય જ૦વર્ગણાના એક સ્કંધમાં રહેલા પરમાણુનો **અનંતમોભાગ=૧૦૧૧૦ પરમાણુ** છે. એટલે ૧૦૧૧૦૦૧+૧૦૧૧૦= **૧૦૨૧૧૧૧** પરમાણુ ઉ૦વર્ગણાના એક સ્કંધમાં હોય છે.

**(૫) વૈક્રિય અગ્રહણયોગ્યવર્ગણાઃ-**

વૈક્રિયગ્રાહ્ય ઉ૦વર્ગણાના એક સ્કંધમાં રહેલા પરમાણુથી એક-એક પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની પહેલી, [જઘન્ય], બીજી, ત્રીજી, વગેરે અભવ્યથી અનંતગુણીવર્ગણા હોય છે. તે વર્ગણામાં રહેલા સ્કંધોજીવને વૈક્રિયશરીર બનાવવા માટે ઘણા પરમાણુવાળા અને સૂક્ષ્મ પડે છે. અને આહારકશરીર બનાવવા માટે ઓછા પરમાણુવાળા અને સ્થૂલ પડે છે. તેથી તે સ્કંધોથી જીવ વૈક્રિયશરીર કે આહારકશરીર બનાવી શકતો ન. હોવાથી તે સ્કંધોને જીવ ગ્રહણ કરતો નથી. એટલે તે અનંતવર્ગણાના એકવિભાગને **વૈક્રિયશરીરને માટે અગ્રહણયોગ્ય પાંચમીવર્ગણા** કહે છે.

વૈક્રિય અગ્રહણયોગ્ય જ૦વર્ગણાના એકસ્કંધમાં રહેલા પરમાણુને અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધરાશિના અનંતમાભાગથી ગુણતાં જેટલા પરમાણુ આવે છે તેટલી અગ્રહણયોગ્યવર્ગણા હોય છે. એટલે અગ્રહણયોગ્યવર્ગણા અભવ્યથી અનંતગુણી હોય છે.

અસત્કલ્પનાથી....

**વૈક્રિય** અગ્રાહ્ય જ૦વર્ગણાના એક સ્કંધમાં ૧૦૨૧૧૧૧+૧= **૧૦૨૧૧૧૨** પરમાણુ હોય છે. અને ઉ૦વર્ગણાના એક સ્કંધમાં ૧૦૨૧૧૧૨×૧૦૦૦=**૧૦૨૧૧૧૨૦૦૦** પરમાણુ હોય છે.

**(૬) આહારક ગ્રહણયોગ્યવર્ગણાઃ-**

વૈક્રિય અગ્રહણયોગ્ય ઉ૦વર્ગણાના એક સ્કંધમાં રહેલા પરમાણુથી એક-એક પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની પહેલી, [જઘન્ય], બીજી, ત્રીજી વગેરે અનંતવર્ગણા થાય છે. તે વર્ગણામાં રહેલા સ્કંધોથી જીવ આહારકશરીર બનાવી શકે છે. તેથી તે અનંતવર્ગણાના એકવિભાગને **આહારકશરીરને માટે ગ્રહણયોગ્ય છટ્ઠીવર્ગણા** કહે છે.

આહારકગ્રહણયોગ્ય જ૦વર્ગણાના એક સ્કંધમાં જેટલા પરમાણુ હોય છે. તેનાથી તેનો અનંતમોભાગ પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની ઉ૦વર્ગણા થાય છે. એ અનંતમાભાગમાં અનંતપરમાણુ હોવાથી જ૦વર્ગણાથી માંડીને ઉ૦વર્ગણા સુધીની અનંતવર્ગણા થાય છે.

અસત્કલ્પનાથી.....

આહારકગ્રાહ્ય જ૦વર્ગણાના એક સ્કંધમાં ૧૦૨૧૧૧૨૦૦૦+૧= **૧૦૨૧૧૧૨૦૦૧** પરમાણુ હોય છે અને જ૦વર્ગણાના એક સ્કંધમાં રહેલા ૧૦૨૧૧૧૨૦૦૧ પરમાણુને અનંત=૧૦૦થી ભાગાકાર કરતાં ૧૦૨૧૧૧૨૦ આવે છે. એટલે આહારકગ્રાહ્ય જઘન્યવર્ગણાના એક સ્કંધમાં રહેલા પરમાણુનો **અનંતમોભાગ=૧૦૨૧૧૧૨૦** પરમાણુ છે. એટલે ૧૦૨૧૧૧૨૦૦૧+૧૦૨૧૧૧૨૦=**૧૦૩૧૩૨૩૧૨૧** પરમાણુ ઉ૦વર્ગણાના એક સ્કંધમાં હોય છે.

**(૭) આહારક અગ્રહણયોગ્યવર્ગણા :-**

આહારક ગ્રહણયોગ્ય ઉ૦વર્ગણાના એક સ્કંધમાં રહેલા પરમાણુથી એક-એક પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની પહેલી, [**જઘન્ય**], બીજી, ત્રીજી વગેરે અભવ્યથી અનંતગુણીવર્ગણા થાય છે. તે વર્ગણામાં રહેલા સ્કંધો જીવને આહારકશરીર બનાવવા માટે સૂક્ષ્મ પડે છે અને તૈજસશરીર બનાવવા માટે સ્થૂલ પડે છે. તેથી તે સ્કંધોને જીવ ગ્રહણ કરતો નથી. એટલે તે અનંતીવર્ગણાના એકવિભાગને **આહારકશરીરને માટે અગ્રહણયોગ્ય સાતમીવર્ગણા** કહી છે.

આહારક અગ્રહણયોગ્ય જ૦વર્ગણાના એક સ્કંધમાં રહેલા પરમાણુને અભવ્યથી અનંતગુણરાશિથી ગુણતા જેટલા પરમાણુ થાય છે. તેટલી અગ્રહણયોગ્યવર્ગણા હોય છે. એટલે અભવ્યથી અનંતગુણી અગ્રહણયોગ્યવર્ગણા થાય છે.

અસત્કલ્પનાથી....

આહા૦અગ્રાહ્ય જ૦વર્ગણાના એક સ્કંધમાં ૧૦૩૧૩૨૩૧૨૧+ ૧=**૧૦૩૧૩૨૩૧૨૨** પરમાણુ હોય છે અને ઉ૦વર્ગણાના એક સ્કંધમાં **૧૦૩૧૩૨૩૧૨૨×૧૦૦૦=૧૦૩૧૩૨૩૧૨૨૦૦૦** પરમાણુ હોય છે.

(૮) **તૈજસ ગ્રહણયોગ્યવર્ગણા :-**

આહારક અગ્રહણયોગ્ય ઉ૦વર્ગણાના એક સ્કંધમાં રહેલા પરમાણુથી એક-એક પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની પહેલી, [**જઘન્ય**], બીજી, ત્રીજી વગેરે અનંતવર્ગણા થાય છે. તે વર્ગણામાં રહેલા સ્કંધોથી જીવ તૈજસશરીર બનાવી શકે છે. તેથી તે અનંતવર્ગણાના એકવિભાગને **તૈજસશરીરને માટે ગ્રહણયોગ્ય આઠમીવર્ગણા** કહે છે.

તૈજસગ્રહણયોગ્ય જ૦વર્ગણાના એક સ્કંધમાં જેટલા પરમાણુ હોય છે. તેનાથી તેનો અનંતમોભાગ પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની ઉ૦વર્ગણા થાય છે. એ અનંતમાભાગમાં અનંતપરમાણુઓ હોવાથી જ૦વર્ગણાથી માંડીને ઉ૦વર્ગણા સુધીની અનંતવર્ગણાઓ થાય છે.

અસત્કલ્પનાથી....

તૈજસગ્રાહ્ય જ૦વર્ગણાના એક સ્કંધમાં ૧૦૩૧૩૨૩૧૨૨૦૦૦+૧= **૧૦૩૧૩૨૩૧૨૨૦૦૧** પરમાણુ હોય છે. એ ૧૦૩૧૩૨૩૧૨૨૦૦૧ પરમાણુને અનંત=૧૦૦થી ભાગાકાર કરતાં ૧૦૩૧૩૨૩૧૨૨૦ આવે છે. એટલે તૈજસગ્રાહ્ય જઘન્યવર્ગણાના એક સ્કંધમાં રહેલા પરમાણુનો **અનંતમો ભાગ=૧૦૩૧૩૨૩૧૨૨૦** પરમાણુ છે. એટલે ૧૦૩૧૩૨૩૧૨૨૦૦૧+ ૧૦૩૧૩૨૩૧૨૨૦=**૧૦૪૧૬૩૬૩૫૩૨૨૧** પરમાણુ ઉ૦વર્ગણાના એક સ્કંધમાં હોય છે.

(૯) **તૈજસ અગ્રહણયોગ્યવર્ગણા :-**

તૈજસગ્રહણયોગ્ય ઉ૦વર્ગણાના એક સ્કંધમાં રહેલા પરમાણુથી એક-એક પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની પહેલી, [**જઘન્ય**], બીજી, ત્રીજી વગેરે અભવ્યથી અનંતગુણી વર્ગણા થાય છે. તે વર્ગણામાં રહેલા સ્કંધો જીવને તૈજસશરીર બનાવવા માટે સ્થૂલ પડે છે. અને ભાષાને માટે સૂક્ષ્મ પડે છે. તેથી તે સ્કંધોને જીવ ગ્રહણ કરતો નથી. એટલે તે અનંતીવર્ગણાના એકવિભાગને **તૈજસશરીરને માટે અગ્રહણયોગ્ય નવમીવર્ગણા** કહી છે.

તૈજસ-અગ્રહણયોગ્ય જ૦વર્ગણાના એક સ્કંધમાં રહેલા પરમાણુને અભવ્યથી અનંતગુણરાશિથી ગુણતાં જેટલા પરમાણુ આવે છે. તેટલી વર્ગણા હોય છે એટલે અભવ્યથી અનંતગુણી અગ્રહણયોગ્યવર્ગણા છે.

(૧૦) **ભાષાગ્રહણયોગ્યવર્ગણા :-**

તૈજસઅગ્રહણયોગ્યઉ૦વર્ગણાના એક સ્કંધમાં રહેલા પરમાણુથી એક-એક પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની પહેલી, [**જઘન્ય**], બીજી, ત્રીજી વગેરે અનંતવર્ગણા થાય છે. તે વર્ગણામાં રહેલા સ્કંધોથી જીવ બોલવાની ક્રિયા કરી શકતો હોવાથી તે અનંતીવર્ગણાના એકવિભાગને **ભાષાને માટે ગ્રહણયોગ્ય દસમીવર્ગણા** કહી છે.

ભાષાગ્રહણયોગ્યજ૦વર્ગણાના એક સ્કંધમાં જેટલા પરમાણુ હોય છે. તેનાથી તેનો અનંતમોભાગ પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની ઉ૦વર્ગણા થાય છે. એ અનંતમાભાગમાં અનંત પરમાણુઓ હોવાથી જ૦વર્ગણાથી ઉ૦વર્ગણા સુધીની અનંતવર્ગણા થાય છે.

(૧૧) **ભાષા અગ્રહણયોગ્યવર્ગણા :-**

ભાષાગ્રહણયોગ્યઉ૦વર્ગણાના એક સ્કંધમાં રહેલા પરમાણુથી એક-એક પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની પહેલી, [**જઘન્ય**], બીજી, ત્રીજી વગેરે અભવ્યથી અનંતગુણીવર્ગણા હોય છે. તે વર્ગણામાં રહેલા સ્કંધો જીવને ભાષાને માટે સૂક્ષ્મ પડે છે અને શ્વાસોચ્છ્વાસને માટે સ્થૂલ પડે છે. તેથી તે સ્કંધોને જીવ ગ્રહણ કરતો નથી. એટલે તે અનંતવર્ગણાના એકવિભાગને **ભાષાને માટે અગ્રહણયોગ્ય અગ્યારમીવર્ગણા** કહી છે.

ભાષાઅગ્રહણયોગ્યજ૦વર્ગણાના એક સ્કંધમાં જેટલા પરમાણુ હોય છે. તેને અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધના અનંતમાભાગ પ્રમાણ રાશિથી ગુણતાં જેટલા પરમાણુ આવે તેટલી વર્ગણા હોય છે. એટલે અગ્રહણયોગ્યવર્ગણા અભવ્યથી અનંતગુણી છે.

(૧૨) **શ્વાસોચ્છ્વાસગ્રહણયોગ્યવર્ગણા :-**

ભાષાઅગ્રહણયોગ્યઉ૦વર્ગણાના એક સ્કંધમાં રહેલા પરમાણુથી એક-એક પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની પહેલી, [**જઘન્ય**], બીજી, ત્રીજી વગેરે અનંતવર્ગણા હોય છે. તે વર્ગણામાં રહેલા સ્કંધોથી જીવ શ્વાસ લેવા-મૂકવાની ક્રિયા કરી શકતો હોવાથી એ અનંતવર્ગણાના એકવિભાગને **શ્વાસોચ્છ્વાસને માટે ગ્રહણયોગ્ય બારમીવર્ગણા** કહી છે.

શ્વાસોચ્છ્વાસગ્રહણયોગ્યજ૦વર્ગણાના એકસ્કંધમાં જેટલા પરમાણુ હોય છે. તેનાથી તેનો અનંતમોભાગ પરમાણુ વધારે હોય એવા સ્કંધોના સમૂહની ઉ૦વર્ગણા થાય છે. એ અનંતમાભાગમાં અનંતા પરમાણુઓ હોવાથી જ૦વર્ગણાથી માંડીને ઉ૦વર્ગણા સુધીની અનંતવર્ગણાઓ થાય છે.

**(૧૩) શ્વાસોચ્છ્વાસ અગ્રહણયોગ્યવર્ગણા :-**

શ્વાસોચ્છ્વાસગ્રહણયોગ્યઉ૦વર્ગણાના એક સ્કંધમાં રહેલા પરમાણુથી એક-એક પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની પહેલી, [**જઘન્ય**], બીજી, ત્રીજી વગેરે અભવ્યથી અનંતગુણીવર્ગણા હોય છે. તે વર્ગણામાં રહેલા સ્કંધોજીવને શ્વાસ લેવા-મૂકવા માટે સૂક્ષ્મ પડે છે. અને ચિંતન-મનન કરવા માટે સ્થૂલ પડે છે તેથી તે સ્કંધો જીવને ભાષા અને મનને માટે ઉપયોગી બનતા નથી. એટલે તે અનંતવર્ગણાના એકવિભાગને **શ્વાસોચ્છ્વાસને માટે અગ્રહણયોગ્ય તેરમીવર્ગણા** કહી છે.

શ્વાસોચ્છ્વાસ અગ્રહણયોગ્ય જ૦વર્ગણાના એકસ્કંધમાં રહેલા પરમાણુને અભવ્યથી અનંતગુણરાશિથી ગુણતાં જેટલા પરમાણુ આવે છે તેટલી વર્ગણા હોય છે. એટલે અભવ્યથી અનંતગુણી અગ્રહણયોગ્યવર્ગણા છે.

**(૧૪) મનોગ્રહણયોગ્યવર્ગણા:-**

શ્વાસોચ્છ્વાસ અગ્રાહ્ય ઉ૦વર્ગણાના એક સ્કંધમાં રહેલા પરમાણુથી એક-એક પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની પહેલી, [**જઘન્ય**], બીજી, ત્રીજી વગેરે અનંતવર્ગણા થાય છે. તે વર્ગણામાં રહેલા સ્કંધોથી જીવ ચિંતન-મનન કરી શકતો હોવાથી એ અનંતવર્ગણાના એકવિભાગને **મનને માટે ગ્રહણયોગ્ય ચૌદમીવર્ગણા** કહી છે.

મનોગ્રહણયોગ્યજ૦વર્ગણાના એકસ્કંધમાં જેટલા પરમાણુ હોય છે તેનાથી તેનો અનંતમોભાગ પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની ઉ૦વર્ગણા થાયં છે એ અનંતભાગમાં અનંતા પરમાણુઓ હોવાથી જ૦વર્ગણાથી માંડીને ઉ૦વર્ગણા સુધીની અનંતવર્ગણા થાય છે.

**(૧૫) મન અગ્રહણયોગ્યવર્ગણા :-**

મનોગ્રહણયોગ્યઉ૦વર્ગણાના એક સ્કંધમાં રહેલા પરમાણુથી એક-એક પરમાણુ વધારે હોય એવા સ્કંધોના સમૂહની પહેલી, [**જઘન્ય**], બીજી, ત્રીજી વગેરે અભવ્ય**થી** **અનંત**ગુણી વર્ગણા હોય છે. એ વર્ગણામાં રહેલા સ્કંધો જીવને ચિંતન-મનન કરવા માટે સૂક્ષ્મ પડે અને કર્મને માટે સ્થૂલ પડે છે. તેથી તે સ્કંધોને જીવ ગ્રહણ કરતો નથી. એટલે તે અનંતવર્ગણાના એકવિભાગને **મનને માટે અગ્રહણયોગ્ય પંદરમીવર્ગણા** કહે છે.

મનઅગ્રહણયોગ્ય જ૦વર્ગણાના એક સ્કંધમાં જેટલા પરમાણુ હોય છે. તેને અભવ્યથી અનંતગુણરાશિથી ગુણતાં જેટલા પરમાણુ આવે છે. તેટલી વર્ગણા હોય છે એટલે અભવ્યથી અનંતગુણી અગ્રહણયોગ્ય વર્ગણા છે.

**કાર્મણગ્રહણયોગ્યવર્ગણા:-**

મનઅગ્રહણયોગ્ય ઉ૦વર્ગણાના એક સ્કંધમાં રહેલા પરમાણુથી એક પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની જઘન્યવર્ગણા થાય છે. તેનાથી એક-એક પરમાણુ વધારે હોય એવા સ્કંધના સમૂહની બીજી, ત્રીજી વગેરે અનંતવર્ગણા થાય છે. તે વર્ગણામાં રહેલા અનંતાસ્કંધોને જીવ પ્રતિસમયે ગ્રહણ કરીને જ્ઞાનાવરણીયાદિકર્મરૂપે પરિણમાવતો હોવાથી એ અનંત-વર્ગણાના એકવિભાગને **કાર્મણગ્રાહ્ય [કર્મને માટે ગ્રહણયોગ્ય] સોળમી-વર્ગણા** કહે છે.

કાર્મણગ્રહણયોગ્યજ૦વર્ગણાના એકસ્કંધમાં જેટલા પરમાણુ હોય છે. તેનાથી તેનો અનંતમોભાગ પરમાણુ વધારે હોય એવા કાર્મણસ્કંધના સમૂહની ઉ૦વર્ગણા થાય છે. એ અનંતમાભાગમાં અનંત પરમાણુ હોવાથી જ૦વર્ગણાથી માંડીને ઉ૦વર્ગણા સુધીની અનંતવર્ગણા થાય છે.

એ રીતે, પુદ્ગલદ્રવ્ય ઔદારિકશરીરાદિ કાર્યની અપેક્ષાએ ૧૬ વિભાગમાં વહેંચાયેલું હોવાથી કુલ-**૧૬ વર્ગણા** કહી છે. [S]

## —: જઘન્ય ઉત્કૃષ્ટવર્ગણામાં રહેલા સ્કંધના પરમાણુની સંખ્યાઃ—

| વર્ગણા નં૦ | વર્ગણાનું નામ | જ૦વર્ગણામાં રહેલા સ્કંધના પરમાણુની સંખ્યા | ઉ૦વર્ગણામાં રહેલા સ્કંધના પરમાણુની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અગ્રાહ્ય | ૧ પરમાણુ | અભવ્યથી અનંતગુણ—૧ પરમાણુ |
| ૨ | ઔ૦ગ્રાહ્ય | અભવ્યથી અનંતગુણ | સ્વજ૦વર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ+તેનો અનંતમોભાગ પરમાણુ |
| ૩ | ઔ૦અગ્રાહ્ય | ઔ૦ગ્રાહ્ય ઉત્કૃષ્ટવર્ગણામાં રહેલા ૧સ્કંધના પરમાણુ+૧ પરમાણુ | સ્વજ૦વર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ×અભવ્યથી અનંતગુણ |
| ૪ | વૈ૦ગ્રાહ્ય | ઔ૦અગ્રાહ્ય ઉત્કૃષ્ટવર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ+૧ પરમાણુ | સ્વજ૦વર્ગણામાં રહેલા ૧સ્કંધના પરમાણુ+તેનો અનંતમોભાગ પરમાણુ |
| ૫ | વૈ૦અગ્રાહ્ય | વૈ૦ગ્રાહ્ય ઉત્કૃષ્ટવર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ+૧ પરમાણુ | સ્વજ૦વર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ× અભવ્યથી અનંતગુણ |
| ૬ | આહા૦ગ્રાહ્ય | વૈ૦અગ્રાહ્ય ઉત્કૃષ્ટવર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ+૧ પરમાણુ | સ્વજ૦વર્ગણામાં રહેલા ૧સ્કંધના પરમાણુ+ તેનો અનંતમોભાગ પરમાણુ |
| ૭ | આહારક-અગ્રાહ્ય | આહા૦ગ્રાહ્ય ઉત્કૃષ્ટવર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ+૧ પરમાણુ | સ્વજ૦વર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ× અભવ્યથી અનંતગુણ |
| ૮ | તૈજસગ્રાહ્ય | આહા૦અગ્રાહ્ય ઉ૦વર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ+૧ પરમાણુ | સ્વજ૦વર્ગણામાં રહેલા ૧સ્કંધના પરમાણુ+ તેનો અનંતમોભાગ પરમાણુ |
| ૯ | તૈજસઅગ્રાહ્ય | તૈ૦ગ્રાહ્ય ઉત્કૃષ્ટવર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ+૧ પરમાણુ | સ્વજ૦વર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ× અભવ્યથી અનંતગુણ |
| ૧૦ | ભાષાગ્રાહ્ય | તૈ૦અગ્રાહ્ય ઉત્કૃષ્ટવર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ+૧ પરમાણુ | સ્વજ૦વર્ગણામાં રહેલા ૧સ્કંધના પરમાણુ+ તેનો અનંતમોભાગ પરમાણુ |
| ૧૧ | ભાષાઅગ્રાહ્ય | ભાષાગ્રાહ્ય ઉત્કૃષ્ટવર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ+૧ પરમાણુ | સ્વજ૦વર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ× અભવ્યથી અનંતગુણ |
| ૧૨ | શ્વાસો૦ગ્રાહ્ય | ભાષાઅગ્રાહ્ય ઉત્કૃષ્ટવર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ+૧ પરમાણુ | સ્વજ૦વર્ગણામાં રહેલા ૧સ્કંધના પરમાણુ+ તેનો અનંતમોભાગ પરમાણુ |
| ૧૩ | શ્વાસોચ્છ્વાસ અગ્રાહ્ય | શ્વાસો૦ગ્રાહ્ય ઉત્કૃષ્ટવર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ+૧ પરમાણુ | સ્વજ૦વર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ× અભવ્યથી અનંતગુણ |
| ૧૪ | મનોગ્રાહ્ય | શ્વાસો૦અગ્રાહ્ય ઉત્કૃષ્ટવર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ+૧ પરમાણુ | સ્વજ૦વર્ગણામાં રહેલા ૧સ્કંધના પરમાણુ+ તેનો અનંતમોભાગ પરમાણુ |
| ૧૫ | મનઅગ્રાહ્ય | મનોગ્રાહ્ય ઉત્કૃષ્ટવર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ+૧ પરમાણુ | સ્વજ૦વર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ× અભવ્યથી અનંતગુણ |
| ૧૬ | કાર્મણગ્રાહ્ય | મનઅગ્રાહ્ય ઉત્કૃષ્ટવર્ગણામાં રહેલા ૧ સ્કંધના પરમાણુ+૧ પરમાણુ | સ્વજ૦વર્ગણામાં રહેલા ૧સ્કંધના પરમાણુ+ તેનો અનંતમોભાગ પરમાણુ |

કર્મપ્રકૃતિ વગેરે ગ્રન્થમાં કાર્મણવર્ગણા પછી ધ્રુવાચિત્ત વગેરે વર્ગણાઓ કહી છે. પણ અહીં તે વર્ગણા અનુપયોગી હોવાથી કહી નથી.

**લોકમાં સર્વત્ર સર્વે વર્ગણાના સ્કંધો :-**

૧ પરમાણુ એક આકાશપ્રદેશમાં રહે છે. ૧ દ્વયણુક ૧ કે ૨ આકાશપ્રદેશમાં રહી શકે છે. તેનાથી વધુ આકાશપ્રદેશમાં રહી શકતો નથી. ૧ ત્ર્યણુક ૧....૨....૩ આકાશપ્રદેશમાં રહી શકે છે. પણ તેનાથી વધુ આકાશપ્રદેશમાં રહી શકતો નથી.

એ રીતે, સંખ્યાતપ્રદેશી સ્કંધ ૧...૨...૩.... વધુમાં વધુ જે સ્કંધમાં જેટલા પરમાણુ હોય, તે સ્કંધ તેટલા જ આકાશપ્રદેશમાં રહી શકે છે. તેનાથી વધુ આકાશપ્રદેશમાં રહી શકતો નથી. અસંખ્યપ્રદેશીસ્કંધ ૧....૨....૩... વધુમાં વધુ અસંખ્ય આકાશપ્રદેશમાં રહી શકે છે. અને અનંતપ્રદેશી સ્કંધ ૧...૨...૩... વધુમાં વધુ અસંખ્ય આકાશપ્રદેશમાં રહી શકે છે. પણ તેનાથી વધુ આ૦પ્ર૦માં રહી શકતો નથી.

એ રીતે, ૧ આકાશપ્રદેશમાં ૧ પરમાણુથી માંડીને અનંતપ્રદેશી-સ્કંધ પણ રહી શકે છે. કારણ કે જેમ અગ્નિનો બાળવાનો સ્વભાવ છે અને ઘાસનો બળવાનો સ્વભાવ છે. તેમ પુદ્‌ગલનો સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ થવાનો સ્વભાવ છે. અને આકાશનો એવી રીતે જગ્યા આપવાનો સ્વભાવ છે. એટલે જેમ એક રૂમમાં હજારો દીવા મૂકવામાં આવે તો એ રૂમની અંદર એક-એક આકાશપ્રદેશમાં તેજના હજારો પુદ્‌ગલો રહે છે. તેમ એક-એક આકાશપ્રદેશમાં અનંતપ્રદેશીસ્કંધો અનંતા રહી શકે છે. એટલે લોકમાં કોઈપણ જગ્યા એવી નથી કે જ્યાં પહેલી પરમાણુ વર્ગણાથી માંડીને છેલ્લી કાર્મણવર્ગણા સુધીની કોઈપણ વર્ગણાના અનંતાનંત સ્કંધો ન હોય? એટલે કે લોકમાં સર્વઠેકાણે દરેક વર્ગણાના અનંતાનંતસ્કંધો હોય છે.

**ગ્રાહ્ય-અગ્રાહ્યવર્ગણાનું અલ્પબહુત્વ :-**

ઔદારિકગ્રાહ્યવર્ગણાથી વૈક્રિયગ્રાહ્યવર્ગણા અનંતગુણી[49] છે. તેનાથી

(૪૯) શતકનામા પંચમકર્મગ્રન્થ ભાષાન્તર-ગાથાનં૦૭૫ [સંપાદક પૂ. યશોદેવસૂરિ મ.સા.]

આહારકગ્રાહ્યવર્ગણા અનંતગુણ છે. તેનાથી તૈજસગ્રાહ્યવર્ગણા અનંતગુણ છે. તેનાથી ભાષાગ્રાહ્યવર્ગણા અનંતગુણ છે. તેનાથી શ્વાસોચ્છ્વાસગ્રાહ્ય વર્ગણા અનંતગુણ છે. તેનાથી મનોગ્રાહ્યવર્ગણા અનંતગુણ છે તેનાથી કાર્મણગ્રાહ્યવર્ગણા અનંતગુણ છે.

અસત્કલ્પનાથી....ઔદારિકગ્રાહ્યવર્ગણા-૧૧ છે. અને વૈક્રિયગ્રાહ્યવર્ગણા ૧૦૧૧૧ છે. એટલે ઔદારિકગ્રાહ્યવર્ગણાથી વૈક્રિયગ્રાહ્યવર્ગણા અનંતગુણ છે. એ રીતે દરેક ગ્રાહ્યવર્ગણામાં સમજવું.

પ્રથમ અગ્રાહ્યવર્ગણાથી ઔદારિક અગ્રાહ્યવર્ગણા અનંતગુણ છે. તેનાથી વૈક્રિય અગ્રાહ્યવર્ગણા અનંતગુણ છે તેનાથી આહારક અગ્રાહ્યવર્ગણા અનંતગુણ છે તેનાથી તૈજસઅગ્રાહ્યવર્ગણા અનંતગુણ છે. તેનાથી ભાષાઅગ્રાહ્યવર્ગણા અનંતગુણ છે. તેનાથી શ્વાસોચ્છ્વાસ અગ્રાહ્યવર્ગણા અનંતગુણ છે. તેનાથી મન અગ્રાહ્યવર્ગણા અનંતગુણ છે.

**ઔદારિકાદિ સ્કંધમાં પરમાણુ વધારે અને કદ સૂક્ષ્મ :-**

પુદ્ગલદ્રવ્યનો એવો સ્વભાવ છે કે, જેમ જેમ સ્કંધમાં પરમાણુ વધતા જાય છે. તેમ તેમ સ્કંધનું કદ [લંબાઈ-પહોળાઈ] સૂક્ષ્મ-સૂક્ષ્મતર[૫૦] [નાનું-નાનુ] થતું જાય છે. જેમ રૂની ગાંસડીમાં કપાસીયા થોડા અને કદ સ્થૂલ [મોટુ] હોય છે. તેનાથી કપાસની ગાંસડીમાં કપાસીયા વધારે અને કદ સૂક્ષ્મ હોય છે. તેમ અગ્રહણયોગ્ય પ્રથમ વર્ગણામાં રહેલા અનંતપ્રદેશી સ્કંધમાં પરમાણુ ઓછા અને તેનું કદ સ્થૂલ [મોટું] હોય છે.

તેનાથી ઔદારિકગ્રાહ્ય સ્કંધોમાં પરમાણુ વધારે અને કદ સૂક્ષ્મ હોય છે.

તેનાથી ઔદારિકઅગ્રાહ્ય સ્કંધોમાં પરમાણુ વધારે અને કદ સૂક્ષ્મ હોય છે.

તેનાથી વૈક્રિયગ્રાહ્ય સ્કંધોમાં પરમાણુ વધારે અને કદ સૂક્ષ્મ હોય છે.

તેનાથી વૈક્રિયઅગ્રાહ્ય સ્કંધોમાં પરમાણુ વધારે અને કદ સૂક્ષ્મ હોય છે.

---

(૫૦) पुद्गलद्रव्याणां हि यथा प्रभूतपरमाणुनिचयः सम्पद्यते तथा तथा सूक्ष्मः सूक्ष्मतरः परिणामः सञ्जायते । [સ્વોપજ્ઞટીકા]

તેનાથી આહારકગ્રાહ્ય સ્કંધોમાં પરમાણુ વધારે અને કદ સૂક્ષ્મ હોય છે.
તેનાથી આહારકઅગ્રાહ્ય સ્કંધોમાં પરમાણુ વધારે અને કદ સૂક્ષ્મ હોય છે.
તેનાથી તૈજસગ્રાહ્ય સ્કંધોમાં પરમાણુ વધારે અને કદ સૂક્ષ્મ હોય છે.
તેનાથી તૈજસઅગ્રાહ્ય સ્કંધોમાં પરમાણુ વધારે અને કદ સૂક્ષ્મ હોય છે.
તેનાથી ભાષાગ્રાહ્ય સ્કંધોમાં પરમાણુ વધારે અને કદ સૂક્ષ્મ હોય છે.
તેનાથી ભાષાઅગ્રાહ્ય સ્કંધોમાં પરમાણુ વધારે અને કદ સૂક્ષ્મ હોય છે.
તેનાથી શ્વાસોચ્છ્વાસગ્રાહ્ય સ્કંધોમાં પરમાણુ વધારે અને કદ સૂક્ષ્મ હોય છે.
તેનાથી શ્વાસોચ્છ્વાસઅગ્રાહ્ય સ્કંધોમાં પરમાણુ વધારે અને કદ સૂક્ષ્મ હોય છે.
તેનાથી મનોગ્રાહ્ય સ્કંધોમાં પરમાણુ વધારે અને કદ સૂક્ષ્મ હોય છે.
તેનાથી મનઅગ્રાહ્ય સ્કંધોમાં પરમાણુ વધારે અને કદ સૂક્ષ્મ હોય છે.
તેનાથી કાર્મણગ્રાહ્ય સ્કંધોમાં પરમાણુ વધારે અને કદ સૂક્ષ્મ હોય છે.

**ઔદારિકાદિસ્કંધનું અવગાહક્ષેત્રઃ-**

સામાન્યથી ઔદારિકાદિસ્કંધની અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. પણ જેમ જેમ સ્કંધમાં પરમાણુ વધતા જાય છે. તેમ તેમ સ્કંધની અવગાહના ઓછી ઓછી થવાથી અવગાહક્ષેત્ર પણ ન્યૂન-ન્યૂન અંગુલનો અસંખ્યાતમો ભાગ થતું જાય છે. એટલે ઔદારિકગ્રાહ્યસ્કંધ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી જગ્યામાં રહી શકે છે. તેનાથી ન્યૂન અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી જગ્યામાં ઔદારિકઅગ્રાહ્યસ્કંધ રહી શકે છે. તેનાથી ન્યૂન અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી જગ્યામાં વૈક્રિયગ્રાહ્યસ્કંધ રહી શકે છે. તેનાથી ન્યૂન અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી જગ્યામાં વૈક્રિય-અગ્રાહ્યસ્કંધ રહી શકે છે.

એ જ રીતે, આહારકગ્રાહ્ય, આહારકઅગ્રાહ્ય, તૈજસગ્રાહ્ય, તૈજસ-અગ્રાહ્ય, ભાષાગ્રાહ્ય, ભાષાઅગ્રાહ્ય, શ્વાસોચ્છ્વાસગ્રાહ્ય, શ્વાસોચ્છ્વાસ અગ્રાહ્ય, મનોગ્રાહ્ય, મનઅગ્રાહ્ય અને કાર્મણગ્રાહ્ય સ્કંધો ક્રમશઃ ન્યૂન-ન્યૂન અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી જગ્યામાં રહી શકે છે.

**પુદ્ગલદ્રવ્યમાં વર્ણાદિ :-**

પરમાણુમાં પાંચવર્ણમાંથી કોઈપણ એક વર્ણ, ૨ ગંધમાંથી

કોઈપણ ૧ગંધ, ૫ રસમાંથી કોઈપણ ૧ રસ અને છેલ્લા ૪ સ્પર્શ[શીત-ઉષ્ણ, સ્નિગ્ધ-રૂક્ષ]માંથી કોઈપણ અવિરૂદ્ધ ૨ સ્પર્શ[શીત-સ્નિગ્ધ, શીત-રૂક્ષ, ઉષ્ણ-સ્નિગ્ધ, ઉષ્ણ-રૂક્ષ...એમાંથી કોઈપણ ૧ જોડકું] હોય છે. એટલે પરમાણુ **૧વર્ણ+૧ગંધ+૧ રસ+૨ સ્પર્શ=૫ ગુણવાળો** અને **દ્વિસ્પર્શી** કહેવાય છે.

પરમાણુમાં મૃદુ,-કઠિન, ગુરુ-લઘુ સ્પર્શ હોતા નથી પણ સ્કંધમાં સંયોગના કારણે મૃદુ વગેરે-૪ સ્પર્શ ઉત્પન્ન થાય છે.

ઔદારિક, વૈક્રિય, આહારક[૫૧]વર્ગણાના કોઈપણ સ્કંધમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, **૮ સ્પર્શ** હોય છે. અને બાકીની તૈજસાદિ-૫ વર્ગણાના સ્કંધમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને **૪સ્પર્શ** હોય છે.

કોઈપણ જીવ ઔદારિકસ્કંધો, વૈક્રિયસ્કંધો, આહારકસ્કંધો ૮સ્પર્શવાળા જ ગ્રહણ કરે છે તથા કાર્મણસ્કંધો અને તૈજસાદિ[૫૨] સ્કંધો ૪ સ્પર્શવાળા જ ગ્રહણ કરે છે.

**વર્ગણાનો કાળ :-**

પ્રથમપરમાણુ વર્ગણાથી માંડીને છેલ્લી કાર્મણગ્રાહ્યવર્ગણા સુધીની કોઈપણ વર્ગણામાં રહેલા એક સ્કંધનો કાળ **જઘન્યથી ૧ સમય** અને **ઉત્કૃષ્ટથી અસંખ્યકાળચક્ર** છે. એટલે કે લોકમાં પરમાણુ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્યકાળચક્ર સુધી સ્વતંત્ર રહી શકે છે. ત્યાર પછી અવશ્ય બે વગેરે પરમાણુ ભેગા થઈને દ્વિપ્રદેશી વગેરે સ્કંધ બને છે. અથવા તે પરમાણુ બીજા વગેરે કોઈક સ્કંધમાં જોડાઈ જાય છે. દ્વિપ્રદેશીસ્કંધાદિ પણ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્યકાળચક્ર સુધી દ્વિપ્રદેશીસ્કંધાદિ રૂપે રહે છે. ત્યારપછી દ્વિપ્રદેશીસ્કંધાદિમાંથી પરમાણુ છૂટા પડી જાય છે. અથવા તે સ્કંધો અન્યસ્કંધ અથવા પરમાણુમાં જોડાઈ જાય છે.

---

(૫૧) पंचरस पंचवन्नेहिं परिणया अट्ठफास दोगंधा ।
जीवाहारगजोगा चउफासविसेसिया उवरिं ॥ १८ ॥ [પંચસંગ્રહ-બંધનકરણ]

(૫૨) ભગવતી સૂત્રમાં તૈજસસ્કંધમાં ૮ સ્પર્શ કહ્યાં છે.

કાર્મણસ્કંધનું સ્વરૂપ :-

**अंतिम चउफासदुगंध-पंचवन्नरसकम्मखंधदलं ।**
**सव्वजियणंतगुणरस मणुजुत्तमणंतय पएसं ॥७८॥**

अंतिमचतुःस्पर्शद्विगन्ध पञ्चवर्णरसकर्मस्कन्धदलं ।
सर्वजीवानन्तगुणरसाणुयुक्तमनन्तप्रदेशम् ॥७८॥

**ગાથાર્થ :- કર્મસ્કંધદલ [કર્મસ્કંધદ્રવ્ય] છેલ્લા ૪ સ્પર્શવાળુ, ૨ ગંધવાળુ, ૫ વર્ણવાળુ, ૫ રસવાળુ, સર્વજીવરાશિથી અનંતગુણ રસવાળુ અને અનંતપ્રદેશવાળુ હોય છે.**

**વિવેચન :-** કોઇપણ **કાર્મણસ્કંધ ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, શીત-ઉષ્ણ અને સ્નિગ્ધ-રૂક્ષ** એ-૪ **સ્પર્શવાળો** હોય છે.

**બૃહત્‌શતકટીકામાં** કહ્યું છે કે, કાર્મણસ્કંધમાં **મૃદુ-લઘુ** સ્પર્શ અવશ્ય હોય છે અને શીત-સ્નિગ્ધ, શીત-રૂક્ષ, ઉષ્ણ-સ્નિગ્ધ, ઉષ્ણ-રૂક્ષ એમાંથી કોઇપણ બે અવિરૂદ્ધ સ્પર્શ હોય છે એ રીતે, કુલ-૪ સ્પર્શવાળા કાર્મણસ્કંધ હોય છે.

સામાન્યથી દરેક કર્મપરમાણુમાં સર્વજીવરાશિથી અનંતગુણ રસાણુ હોય છે. જો કે કર્મપરમાણુમાં જઘન્યથી **સર્વજીવરાશિથી અનંતગુણ** રસાણુ હોય છે અને ઉત્કૃષ્ટથી પણ સર્વજીવરાશિથી અનંતગુણ રસાણુ હોય છે. તો પણ જઘન્યથી ઉત્કૃષ્ટમાં સર્વજીવથી અનંતગુણરાશિ મોટી લેવી..

જીવ પ્રતિસમયે અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધરાશિથી અનંતગુણહીન કાર્મણસ્કંધોને ગ્રહણ કરીને જ્ઞાનાવરણીયાદિ કર્મરૂપે પરિણમાવે છે. એ દરેક કાર્મણસ્કંધો જઘન્યથી અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધરાશિથી અનંતગુણહીન પરમાણુઓથી બનેલા છે. જઘન્યકાર્મણવર્ગણાના એકસ્કંધમાં જેટલા પરમાણુઓ હોય છે તેનાથી ઉત્કૃષ્ટકાર્મણવર્ગણાના એકસ્કંધમાં વિશેષાધિક [સ્વજઘન્યવર્ગણાના એકસ્કંધમાં રહેલા પરમાણુનો અનંતમોભાગ અધિક] પરમાણુ હોય છે. એટલે સામાન્યથી દરેક કાર્મણસ્કંધ **અનંતપ્રદેશવાળો** હોય છે.

જીવ કયા સ્થાને રહેલા કાર્મણસ્કંધોને ગ્રહણ કરે છે? કેટલા આત્મપ્રદેશોથી કાર્મણસ્કંધોને ગ્રહણ કરે છે? અને મૂળકર્મમાં પ્રદેશની વહેંચણીઃ-

**एगपएसोगाढं नियसव्वपएसओ गहेइ जिओ ।**
**थोवो आउ तदंसो, नामे गोए समो अहिओ ॥७९॥**
**विग्घावरणे मोहे सव्वोवरि वेयणीये जेणप्पे ।**
**तस्स फुडत्तं न हवइ ठिईविसेसेण सेसाणं ॥८०॥**

एकप्रदेशावगाढं निजसर्वप्रदेशतो गृह्णाति जीवः ।
स्तोक आयुषि तदंशो नाम्नि-गोत्रे समोऽधिकाः ॥७९॥
विघ्नावरणे मोहे सर्वोपरि वेदनीये येनाल्पे ।
तस्य स्फुटत्वं न भवति स्थितिविशेषेण शेषाणाम् ॥८०॥

**ગાથાર્થ :- જીવ એકપ્રદેશમાં અવગાહેલા [જીવ જે ક્ષેત્રમાં રહેલો હોય, તે જ ક્ષેત્રમાં રહેલા] કર્મદલિકને પોતાના સર્વ આત્મપ્રદેશથી ગ્રહણ કરે છે. તેમાંથી થોડો ભાગ બંધાતા આયુષ્યને મળે છે. તેનાથી વધારે ભાગ નામ-ગોત્રને મળે છે અને તે બન્નેને પરસ્પર સરખો ભાગ મળે છે. તેનાથી વધારે ભાગ અંતરાય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીયને મળે છે અને તે ત્રણેને પરસ્પર સરખો ભાગ મળે છે તેનાથી વધારે ભાગ મોહનીયને મળે છે. તેનાથી વધારે ભાગ વેદનીયને મળે છે. કારણ કે વેદનીયને થોડા કર્મદલિકો મળે, તો જીવને સુખ-દુઃખનો સ્પષ્ટ અનુભવ થાય નહી. બાકીના ૭કર્મોને પોતપોતાની હીનાધિક સ્થિતિ અનુસારે કર્મદલિકનો ભાગ મળે છે.**

**વિવેચન :- એક પ્રદેશ=સમાનપ્રદેશ...**

જીવ જે આકાશપ્રદેશમાં રહેલો હોય, તે જ આકાશપ્રદેશમાં રહેલા કાર્મણસ્કંધોને ગ્રહણ કરે છે. અન્ય આકાશપ્રદેશમાં રહેલા કાર્મણસ્કંધોને ગ્રહણ કરતો નથી. જેમ અગ્નિ પોતાના ક્ષેત્રમાં રહેલા બળી શકે એવા ઘાસાદિ પુદ્ગલોને અગ્નિરૂપે પરિણમાવે છે. અન્યક્ષેત્રમાં રહેલા ઘાસાદિ પુદ્ગલોને અગ્નિરૂપે પરિણમાવતો નથી. એટલે કે ચૂલાનો અગ્નિ ચૂલામાં

રહેલા લાકડાને અગ્નિરૂપે પરિણમાવે છે. પણ ચૂલાની બહાર રહેલા લાકડાને અગ્નિરૂપે પરિણમાવતો નથી. તેમ જીવ જે આકાશપ્રદેશમાં રહેલો છે. તે જ આકાશપ્રદેશમાં રહેલા કર્મને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને કર્મરૂપે પરિણમાવે છે. અન્ય આકાશપ્રદેશમાં રહેલા કાર્મણસ્કંધોને ગ્રહણ કરતો નથી.

એ જ પ્રમાણે, જીવ જે આકાશપ્રદેશમાં રહેલો છે. તે જ આકાશ-પ્રદેશમાં રહેલા ઔદારિકાદિ પુદ્ગલસ્કંધોને ગ્રહણ કરીને ઔદારિક-શરીરાદિરૂપે પરિણમાવે છે. અન્ય આકાશપ્રદેશમાં રહેલા ઔદારિકાદિસ્કંધોને ગ્રહણ કરતો નથી.

**સર્વે આત્મપ્રદેશથી કર્મનું ગ્રહણ :-**

એક જીવના આત્મપ્રદેશો **૧ લોકના આકાશપ્રદેશ જેટલા** હોય છે. તે સર્વે આત્મપ્રદેશો સાંકળના અવયવોની જેમ પરસ્પર જોડાયેલા હોય છે. એટલે જેમ હાથના આંગળાથી ઘડો ઉપાડેલો હોવા છતાં પણ તે ઘડાને ઉપાડવાની ક્રિયામાં કાંડુ, કોણી, ખભો વગેરે અનંતર કે પરંપરાથી જોડાયેલા હોય છે. તેમ કોઈપણ જીવપ્રદેશ પોતે જે આકાશપ્રદેશમાં રહેલા છે. તે જ આકાશપ્રદેશમાં રહેલા જે કાર્મણસ્કંધોને ગ્રહણ કરે છે. તે કાર્મણસ્કંધોની ગ્રહણક્રિયામાં બાકીના દરેક આત્મપ્રદેશો અનંતર કે પરંપરાથી જોડાયેલા હોય છે. એટલે તે કાર્મણસ્કંધો સર્વે આત્મપ્રદેશથી ગ્રહણ કરાય છે.

જેમ તપાવેલા લોખંડના ગોળાને પાણીમાં નાંખો, તો તે ગોળો ચારેબાજુથી પાણીને ખેંચે છે. તેમ સર્વે આત્મપ્રદેશો પોતે જે આકાશમાં રહેલા હોય, તે જ આકાશપ્રદેશમાંથી ગ્રાહ્ય કર્મદ્રવ્યને ગ્રહણ કરે છે. પરંતુ જેમ ઘડો ઉપાડવાની ક્રિયામાં જોડાયેલા આંગળાદિમાંથી આંગળામાં વધુ ચેષ્ટા હોય છે. તેનાથી દૂર રહેલા કાંડુ, કોણી, ખભાદિમાં ક્રમશઃ ઓછી-ઓછી ચેષ્ટા હોય છે. તેમ તે તે આત્મપ્રદેશો પોતપોતાનાથી ગ્રહણ કરાતાં કાર્મણસ્કંધોમાં વધુ પ્રયત્નવાળા હોય છે. અને અન્ય આત્મપ્રદેશથી ગ્રહણ કરાતાં કાર્મણસ્કંધોમાં હીન-હીન પ્રયત્નવાળા હોય છે.

**વિચિત્રતાગર્ભ અધ્યવસાય:-**

જે અધ્યવસાયમાં અનેક કાર્ય કરવાની વિચિત્રશક્તિ રહેલી છે. તે વિચિત્રતાગર્ભ અધ્યવસાય કહેવાય છે.

જેમ ગાય એક જાતનું ઘાસ ખાય છે. તે ઘાસ ગાયની પાચનશક્તિથી લોહીમાંસાદિ સાતધાતુ અને દૂધરૂપે પરિણમે છે. તેમ જીવ એક જ જાતના કાર્મણસ્કંધોને ગ્રહણ કરે છે. તે કાર્મણસ્કંધો જીવના વિચિત્રતાગર્ભ અધ્યવસાયથી જ્ઞાનાવરણીયાદિ-૮ કર્મરૂપે પરિણમે છે.

જો અધ્યવસાયમાં અનેક કાર્ય કરવાની વિચિત્રશક્તિ ન હોય, તો એક જ અધ્યવસાયથી ગ્રહણ કરાતાં કાર્મણસ્કંધોમાં એક જ સરખો સ્વભાવ પ્રગટ થવો જોઇએ. પરંતુ એવુ બનતું નથી એ અનુભવસિદ્ધ છે. કારણ કે પ્રતિસમયે જીવ દ્વારા ગ્રહણ કરાતા કાર્મણસ્કંધોમાં જ્ઞાનાવરણીયાદિ જુદા જુદા સ્વભાવોનું પ્રગટ થવું, તે કર્મદલિકમાં ઓછી-વધતી સ્થિતિ અને ઓછો-વધતો રસ ઉત્પન્ન થવો વગેરે અનેક કાર્યો થાય છે. તેનું કારણ અધ્યવસાયમાં રહેલી વિચિત્રશક્તિ છે. તેથી તે અધ્યવસાયને વિચિત્રતાગર્ભ અધ્યવસાય કહ્યો છે. એ અધ્યવસાયથી ગ્રહણ કરાતાં કાર્મણસ્કંધો આઠ-સાતાદિ વિભાગમાં વહેંચાઇ જાય છે.

**મૂળકર્મના ૮-૭-૬-૧ વિભાગ :-**

જે સમયે જેટલા કર્મો બંધાય છે. તે સમયે જીવદ્વારા ગ્રહણ કરાતાં કાર્મણસ્કંધો તેટલા વિભાગમાં વહેંચાઇ જાય છે.

★ ૩જા વિના ૧ થી ૭ ગુણઠાણા સુધી જીવ દ્વારા ગ્રહણ કરાતાં કાર્મણસ્કંધો આયુષ્યબંધકાલે ૮ વિભાગમાં વહેંચાઇ જાય છે અને આયુષ્ય ન બંધાતુ હોય ત્યારે ૭ વિભાગમાં વહેંચાઇ જાય છે. ૩....૮....૯ ગુણઠાણે આયુષ્ય બંધાતુ ન હોવાથી જીવદ્વારા ગ્રહણ કરાતા કાર્મણસ્કંધો ૭ વિભાગમાં વહેંચાઇ જાય છે.

★ ૧૦મા ગુણઠાણે મોહનીય અને આયુષ્ય બંધાતું નથી. તેથી તે ગુણઠાણે જીવ દ્વારા ગ્રહણ કરાતાં કાર્મણસ્કંધો ૬વિભાગમાં વહેંચાઇ જાય છે.

★ ૧૧થી૧૩ ગુણઠાણે જીવદ્વારાગ્રહણ કરાતાં કાર્મણસ્કંધો એક જ વેદનીયકર્મરૂપે પરિણમે છે.

T

**મૂળકર્મોમાં પ્રદેશની વહેંચણી :-**

**સામાન્યનિયમ:-** પ્રતિસમયે જીવદ્વારા ગ્રહણ કરાતાં કાર્મણ-સ્કંધોમાંથી સૌથી વધુ કાર્મણસ્કંધો વેદનીયરૂપે પરિણમે છે. બાકીના કાર્મણ-સ્કંધોમાં જે કર્મની સ્થિતિ નાની હોય, તેને નાનો ભાગ મળે છે અને જે કર્મની સ્થિતિ મોટી હોય, તેને મોટો ભાગ મળે છે. એ નિયમાનુસારે........

★ સૌથી ઓછા કર્મદલિકો આયુષ્યકર્મરૂપે પરિણમે છે. કારણ કે આયુષ્યકર્મની સ્થિતિ ૩૩ સાગરોપમ બંધાય છે.

★ તેનાથી વિશેષાધિક કર્મદલિકો નામ-ગોત્રરૂપે પરિણમે છે. કારણ કે તે બન્ને કર્મની સ્થિતિ ૨૦કો૦કો૦સા૦ બંધાય છે અને તે બન્ને કર્મની સ્થિતિ સરખી હોવાથી તે બન્નેને પરસ્પર સરખો ભાગ મળે છે.

★ તેનાથી વિશેષાધિક કર્મદલિકો જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-અંતરાય-રૂપે પરિણમે છે. કારણ કે તે ત્રણે કર્મની સ્થિતિ ૩૦કો૦કો૦સા૦ બંધાય છે અને તે ત્રણે કર્મની સ્થિતિ સમાન હોવાથી તે ત્રણેને પરસ્પર સરખો ભાગ મળે છે.

★ તેનાથી વિશેષાધિક કર્મદલિકો મોહનીયરૂપે પરિણમે છે. કારણ કે મોહનીયની સ્થિતિ ૭૦કો૦કો૦સા૦ છે.

★ તેનાથી વિશેષાધિક કર્મદલિકો વેદનીયરૂપે પરિણમે છે. કારણ કે જેમ ઝેર થોડું હોય તો પણ મરણાદિ કાર્યને કરી શકે છે. અને માટીના ઢેફા ઘણા હોય, તો મરણાદિકાર્યને કરી શકે છે. તેમ વેદનીયરૂપે પરિણમેલા કર્મદલિકો ઘણા હોય, તો જ તે કર્મો પોતાનું સુખ-દુઃખરૂપ કાર્યનો સ્પષ્ટ અનુભવ કરાવી શકે છે અને બાકીના કર્મોમાં પુદ્ગલો થોડા હોય, તો પણ તે પોતપોતાનું કાર્ય કરી શકે છે. એટલે બાકીના કર્મોથી વેદનીયને સૌથી મોટો ભાગ મળે છે.

**શંકા :- આયુષ્યથી નામ-ગોત્રની સ્થિતિ સંખ્યાતગુણી છે. તેથી આયુષ્ય કરતાં નામ-ગોત્રને સંખ્યાતગુણા કર્મદલિકો કેમ ન મળે?**

**સમાધાન :-** દરેક કર્મના ઉદયનું મૂળકારણ આયુષ્યકર્મ છે. આયુષ્યનો ઉદય હોય તો જ બાકીના સર્વે કર્મોનો ઉદય હોય છે. એટલે આયુષ્યકર્મ પ્રધાન હોવાથી તેને પોતાની સ્થિતિ અનુસારે જેટલા કર્મદલિકો મળવા જોઈએ તેનાથી ઘણા મળે છે. એટલે આયુષ્યરૂપે પરિણમેલા કર્મદલિકો નામ-ગોત્રથી થોડાક જ ઓછા હોય છે. તેથી આયુષ્યથી નામ-ગોત્રના ભાગમાં વિશેષાધિક જ દલિકો હોય છે. સંખ્યાતગુણા હોતા નથી.

**શંકા :- જ્ઞાનાવરણીયાદિથી મોહનીયની સ્થિતિ સંખ્યાતગુણી છે તેથી જ્ઞાનાવરણીયાદિ કરતાં મોહનીયને સંખ્યાતગુણા કર્મદલિકો કેમ ન મળે?**

**સમાધાન :-** મોહનીયમાં એક જ મિથ્યાત્વમોહનીયની સ્થિતિ ૭૦કો૦કો૦સા૦ છે. કષાયમોહનીયની સ્થિતિ ૪૦કો૦કો૦સા૦ છે તેથી તેની અપેક્ષાએ મોહનીયને વિશેષાધિક દલિકો મળે છે. અને મિથ્યાત્વમોહનીય સર્વઘાતી હોવાથી તેને ચારિત્રમોહનીયના કર્મદલિકથી અનંતમો ભાગ જ મળે છે. તેનાથી વધારે દલિકો મળતા નથી. તેથી પણ જ્ઞાનાવરણીયાદિ કર્મથી મોહનીયને વિશેષાધિક જ દલિકો મળે છે. સંખ્યાતગુણા મળતા નથી.

જો કે આ પણ યુક્તિમાત્ર જ છે વાસ્તવિક રીતે જિનવચનને જ પ્રમાણ માનવું. એવું સ્વોપજ્ઞટીકામાં કહ્યું છે.

**શંકા :-** એક જ સમયમાં એક જ અધ્યવસાયથી ગ્રહણ **કરાતા કાર્મણસ્કંધો આઠ કર્મરૂપે કેવી રીતે પરિણમે?**

**સમાધાન :-** જીવમાં અચિંત્યશક્તિ છે અને પુદ્ગલનું પરિણમન વિચિત્ર છે. જો આકાશમાં ઇંદ્રધનુષાદિ પુદ્ગલોનું પરિણમન વિચિત્ર દેખાય છે. તો જીવે ગ્રહણ કરેલા કાર્મણસ્કંધો આઠ કર્મરૂપે પરિણમે એમાં કાંઈ આશ્ચર્ય નથી.

ઉત્તરપ્રકૃતિમાં કર્મદલિકની વહેંચણી :-

**नियजाइलद्धदलिया-णंतंसो होइ सव्वघाइणं ।**
**बज्झंतीण विभज्जइ, सेसं सेसाण पइसमयं ॥ ८१॥**

निजजातिलब्धदलिकानन्तांशो भवति सर्वघातीनाम् ।
बध्यमानानां विभज्यते शेषं शेषाणाम् प्रतिसमयम् ॥८१॥

**ગાથાર્થ :- પોતાની જાતીયપ્રકૃતિ [મૂળપ્રકૃતિ] એ પ્રાપ્ત કરેલાં કર્મદલિકનો અનંતમો ભાગ સર્વઘાતીપ્રકૃતિને મળે છે અને બાકી રહેલું કર્મદલિક પ્રતિસમયે બંધાતી બાકીની ઉત્તરપ્રકૃતિમાં વહેંચાઈ જાય છે.**

**વિવેચન :-** જ્ઞાનાવરણીયકર્મની-૫ પ્રકૃતિમાંથી કેવળજ્ઞાનાવરણીય સર્વઘાતી છે. અને બાકીની-૪ દેશઘાતી છે. તેથી જ્ઞાનાવરણીયના ભાગમાં જે કર્મદલિકો આવે છે. તેમાંથી તેના અનંતમાભાગ જેટલું સર્વઘાતી[૫૩] રસવાળુ દલિક કેવલજ્ઞાનાવરણીય રૂપે પરિણમે છે. બાકીના કર્મદલિકો-૪ વિભાગમાં વહેંચાઈને મતિજ્ઞાનાવરણીયાદિ-૪ પ્રકૃતિરૂપે પરિણમે છે.

**સામાન્યનિયમઃ- ઘાતીકર્મમાં તથાસ્વભાવે જ સર્વઘાતીરસવાળા પુદ્ગલો અનંતમાભાગ જેટલા હોય છે. અને દેશઘાતીરસવાળા પુદ્ગલો ઘણા અનંતાભાગ જેટલા હોય છે.** તેથી સર્વઘાતીરસવાળા અનંતમાભાગ જેટલા જ પુદ્ગલો સર્વઘાતીને મળે છે. અને બાકીના ઘણા અનંતાભાગ જેટલા પુદ્ગલો દેશઘાતીને મળે છે.

(૫૩) દેશઘાતી પ્રકૃતિમાં પણ પેજનં૦૨૦૭માં કહ્યા મુજબ ચતુઃસ્થાનિક, ત્રિસ્થાનિક, તીવ્રદ્વિસ્થાનિકરસસ્પર્દ્ધકો સર્વઘાતી હોય છે. એટલે દેશઘાતીપ્રકૃતિના ભાગમાં પણ સર્વઘાતીરસસ્પર્દ્ધકો આવે છે. તેથી જ્ઞાનાવરણીયના ભાગમાં જે સર્વઘાતીરસવાળા દલિકો આવે છે. તેના પાંચ ભાગ પડે છે. અને દેશઘાતીરસવાળા દલિકોના-૪ ભાગ પડે છે. દર્શનાવરણીયના ભાગમાં જે સર્વઘાતીરસવાળા દલિકો આવે છે. તેના-૯ ભાગ પડે છે. અને દેશઘાતીરસવાળા દલિકોના-૩ ભાગ પડે છે.

મોહનીયમાં સર્વઘાતીરસવાળા દલિકોના-૨૨ ભાગ પડે છે અને દેશઘાતી-રસવાળા કર્મદલિકોના-૧૩ ભાગ પડે છે. અને અંતરાયમાં સર્વઘાતીરસવાળા દલિકોના-૫ ભાગ પડે છે અને દેશઘાતીરસવાળા દલિકોના પણ ૫ ભાગ પડે છે. પરંતુ દેશઘાતી-પ્રકૃતિને ઘણા અનંતાભાગ જેટલા દેશઘાતીદલિકો મળતા હોવાથી તેની મુખ્યતા હોવાના કારણે સર્વઘાતીદલિકોની અવિવક્ષા કરીને જ્ઞાનાવરણીયમાં સર્વઘાતીદલિકોનો-૧ ભાગ, દર્શનાવરણીયમાં સર્વઘાતીના-૬ ભાગ અને મોહનીયમાં સર્વઘાતીના-૧૩ ભાગ પડે છે. એમ કહેવામાં આવ્યું છે.

### —: જ્ઞાનાવરણીયમાં પ્રદેશની વહેંચણી :—

- (૧) અનંતમોભાગ
  - કેવળજ્ઞાનાવરણીય
- (૨) ઘણા અનંતાભાગ
  - (૧) મતિજ્ઞાના૦
  - (૨) શ્રુતજ્ઞાના૦
  - (૩) અવધિજ્ઞાના૦
  - (૪) મનઃપર્યવજ્ઞાના૦

(૨) દર્શનાવરણીયની-૯ પ્રકૃતિમાંથી કેવલદર્શનાવરણીય અને નિદ્રા-૫... એ ૬ પ્રકૃતિ સર્વઘાતી છે. બાકીની ૩ દેશઘાતી છે. તેથી દર્શનાવરણીયના ભાગમાં જે કર્મદલિકો આવે છે. તેમાંથી તેના અનંતમાભાગ જેટલા સર્વઘાતીરસવાળા કર્મદલિકો-૬ વિભાગમાં વહેંચાઈને કેવલદર્શનાવરણીય અને નિદ્રા-૫ રૂપે પરિણમે છે અને બાકીના દલિકો-૩ વિભાગમાં વહેંચાઈને ચક્ષુ-અચક્ષુ-અવિધદર્શનાવરણીયરૂપે પરિણમે છે.

### —: દર્શનાવરણીયમાં પ્રદેશની વહેંચણી :—

- (૧) અનંતમોભાગ
  - (૧) કેવલ-દર્શના૦
  - (૨) નિદ્રા
  - (૩) નિદ્રાનિદ્રા
  - (૪) પ્રચલા
  - (૫) પ્રચલા પ્રચલા
  - (૬) થીણદ્ધિ
- (૨) ઘણા અનંતાભાગ
  - ચક્ષુ-દર્શના૦
  - અચક્ષુ દર્શના૦
  - અવધિ દર્શના૦

(૩) વેદનીયકર્મમાં શાતા-અશાતા પરાવર્તમાન પ્રકૃતિ હોવાથી એકસમયે બેમાંથી કોઈપણ એક જ બંધાય છે. બન્ને એકી સાથે બંધાતી નથી. એટલે વેદનીયકર્મના ભાગમાં જે દલિકો આવે છે. તે બધા જ દલિકો તે સમયે બંધાતી એક જ વેદનીયરૂપે પરિણમે છે.

(૪) મોહનીયકર્મના ભાગમાં જે દલિકો આવે છે. તેમાંથી તેના

અનંતમાભાગ જેટલા સર્વઘાતી રસવાળા કર્મદલિકોના બે ભાગ થઈને એકભાગ દર્શનમોહનીયને મળે છે અને એકભાગ ચારિત્રમોહનીયને મળે છે. તેમાં દર્શનમોહનીયને જે ભાગ મળે છે. તે મિથ્યાત્વમોહનીયરૂપે પરિણમે છે અને ચારિત્રમોહનીયને જે કર્મદલિકોનો ભાગ મળે છે. તેના-૧૨ ભાગ થઈને પહેલા ૧૨ કષાય રૂપે પરિણમે છે. તથા બાકીના ઘણા અનંતાભાગ જેટલા કર્મદલિકોના બે વિભાગ થઈને એકભાગ કષાયમોહનીયને મળે છે અને એક ભાગ નોકષાયમોહનીયને મળે છે. તેમાં કષાયમોહનીયને કર્મદલિકનો જે ભાગ મળે છે. તેના-૪ ભાગ થઈને સં૦ક્રોધાદિ-૪ પ્રકૃતિરૂપે પરિણમે છે અને જે નોકષાયમોહનીયને કર્મદલિકનો ભાગ મળે છે. તેના-૫ ભાગ થાય છે. કારણ કે એક જીવ એકસમયે ૩વેદમાંથી કોઈપણ ૧વેદ અને ૨ યુગલમાંથી કોઈપણ ૧યુગલને જ બાંધે છે. તેથી એકજીવને એકસમયે **૧વેદ+૧યુગલની ૨પ્રકૃતિ+ભય-જુગુપ્સા=૫ પ્રકૃતિ** જ બંધાય છે. એટલે નોકષાયના ભાગમાં આવેલા દલિકોના પાંચભાગ થઈને તે સમયે બંધાતી ૫ પ્રકૃતિરૂપે પરિણમે છે.

(૫) ચાર આયુષ્યમાંથી કોઈપણ એક જ આયુષ્ય એકભવમાં એકવાર સતત અંતર્મુહૂર્ત સુધી બંધાય છે. તેથી આયુષ્યકર્મના ભાગમાં જે કર્મદલિકો આવે છે. તે બધા જ તે સમયે બંધાતા આયુષ્યકર્મને મળે છે.

(૬) નામકર્મના ભાગમાં જેટલા કર્મદલિકો આવે છે. તેના તે સમયે ગતિ[૧]+જાતિ[૨]+શરીર[૩]+અંગોપાંગ[૪]+બંધન[૫]+સંઘાતન[૬]+સંઘયણ[૭]+સંસ્થાન[૮]+વર્ણ[૯]+ગંધ[૧૦]+રસ[૧૧]+સ્પર્શ[૧૨]+આનુપૂર્વી[૧૩]+વિહાયોગતિ[૧૪]+આતપ કે ઉદ્યોત[૧૫]+પરાઘાત[૧૬]+ઉચ્છ્વાસ[૧૭]+જિનનામ[૧૮]+અગુરૂલઘુ[૧૯]+નિર્માણ[૨૦]+ઉપઘાત[૨૧]+ત્રસદશક[૩૧] કે સ્થાવરદશક....એ ૩૧ પ્રકૃતિમાંથી જેટલી પ્રકૃતિ બંધાતી હોય તેટલા ભાગ થાય છે.

(૧) ગતિનામકર્મના ભાગમાં આવેલા દલિકો તે સમયે ૪ ગતિમાંથી જે ગતિ બંધાતી હોય, તે ગતિરૂપે પરિણમે છે.

(૨) જાતિનામકર્મના ભાગમાં આવેલા દલિકો તે સમયે ૫ જાતિમાંથી જે જાતિ બંધાતી હોય, તે જાતિરૂપે પરિણમે છે.

## -: મોહનીયમાં પ્રદેશની વહેંચણી :-



## : નામ કર્મપ્રકૃતિઓની વહેંચણી :

- (૧) ગતિ
- (૨) જાતિ
- (૩) શરીર
  - (૧) તૈજસ શરીર
  - (૨) કાર્મણ શરીર
  - (૩)ઔ૦શ૦કે૦વૈ૦શ૦
  - અથવા
    - (૧) તૈ૦ શ૦
    - (૨) કા૦ શ૦
    - (૩) વૈ૦ શ૦
    - (૪) આ૦ શ૦
- (૪) અંગોપાંગ
- (૫) બંધન
  - (૧) તૈ૦તૈ૦બં૦
  - (૨) કા૦કા૦બં૦
  - (૩) તૈ૦કા૦બં૦
  - (૪) ઔ૦ઔ૦બં૦ કે વૈ૦વૈ૦બં૦
  - (૫) ઔ૦તૈ૦બં૦ કે વૈ૦તૈ૦બં૦
  - (૬) ઔ૦કા૦બં૦ કે વૈ૦કા૦બં૦
  - (૭) ઔ૦તૈ૦કા૦બં૦ કે વૈ૦તૈ૦કા૦બં૦
  - અથવા
    - (૧) તૈ૦તૈ૦બં૦
    - (૨) કા૦કા૦બં૦
    - (૩) તૈ૦કા૦બં૦
    - (૪) વૈ૦વૈ૦બં૦
    - (૫) વૈ૦તૈ૦બં૦
    - (૬) વૈ૦કા૦બં૦
    - (૭) વૈ૦તૈ૦કા૦બં૦
    - (૮) આ૦આ૦બં૦
    - (૯) આ૦તૈ૦બં૦
    - (૧૦) આ૦કા૦બં૦
    - (૧૧)આ૦તૈ૦કા૦બં૦
- (૬) સંઘાતન
- (૭) સંઘયણ
- (૮) સંસ્થાન
- (૯) વર્ણ
  - (૧) કાળો
  - (૨) લીલો
  - (૩) લાલ
  - (૪) પીળો
  - (૫) સફેદ
- (૧૦) ગંધ
  - (૧) સુરભિ
  - (૨) દુરભિ
- (૧૧) રસ
  - (૧) કડવો
  - (૨) તીખો
  - (૩) તુરો
  - (૪) ખાટો
  - (૫) મીઠો
- (૧૨) સ્પર્શ
  - (૧) ગુરૂ
  - (૨) લઘુ
  - (૩) મૃદુ
  - (૪) કર્કશ
  - (૫) શીત
  - (૬) ઉષ્ણ
  - (૭) સ્નિગ્ધ
  - (૮) રૂક્ષ
- (૧૩) આનુ૦
- (૧૪) વિહાયો૦
- (૧૫) પરાઘાત
- (૧૬) ઉચ્છ્વાસ
- (૧૭) આતપ કે ઉદ્યોત
- (૧૮) અગુરૂ૦
- (૧૯) તીર્થંકર
- (૨૦) નિર્માણ
- (૨૧) ઉપઘાત
- (૨૨) ત્રસ-સ્થા૦
- (૨૩) બાદર-સૂક્ષ્મ
- (૨૪) પર્યા૦-અપ૦
- (૨૫) પ્રત્યેક-સાધારણ
- (૨૬)સ્થિર-અસ્થિર
- (૨૭)શુભ-અશુભ
- (૨૮)સુભગ-દુર્ભગ
- (૨૯)સુસ્વર-દુઃસ્વર
- (૩૦)આદેય-અના૦
- (૩૧) યશ-અયશ

(૩) શરીરનામકર્મના ભાગમાં આવેલા દલિકોના ૩ કે ૪ ભાગ થાય છે. કારણ કે એકજીવ એકસમયે ૩ કે ૪ શરીરનામકર્મને બાંધે છે. એટલે શરીરનામકર્મના ભાગમાં આવેલા કર્મદલિકો તે સમયે બંધાતા-૩ કે ૪ શરીરરૂપે પરિણમે છે.

(૪) અંગોપાંગનામકર્મના ભાગમાં જે દલિકો આવે છે. તેના ૧ કે ૨ ભાગ થાય છે. કારણ કે એકજીવ એકસમયે ૧ કે ૨ અંગોપાંગ નામકર્મને બાંધી શકે છે. તેથી અંગોપાંગનામકર્મના ભાગમાં આવેલા દલિકો તે સમયે બંધાતા ૧ કે ૨ અંગોપાંગરૂપે પરિણમે છે.

(૫) બંધનનામકર્મના ભાગમાં જે દલિકો આવે છે. તેના ૭ કે ૧૧ ભાગ થાય છે. કારણ કે એકજીવ એકસમયે ૩ શરીરનામકર્મને બાંધતી વખતે ૭ બંધનનામકર્મને અને ૪ શરીરનામકર્મને બાંધતી વખતે ૧૧ બંધનનામકર્મને બાંધે છે. તેથી બંધનનામકર્મના ભાગમાં આવેલા દલિકો તે સમયે બંધાતા ૭ કે ૧૧ બંધનરૂપે પરિણમે છે.

(૬) શરીરનામકર્મની જેમ એકજીવ એકસમયે ૩ કે ૪ સંઘાતન નામકર્મને બાંધે છે. તેથી સંઘાતનનામકર્મના ભાગમાં આવેલા દલિકો તે સમયે બંધાતા ૩ કે ૪ સંઘાતનરૂપે પરિણમે છે.

(૭) સંઘયણનામકર્મના ભાગમાં આવેલા દલિકો તે સમયે ૬ સંઘયણમાંથી જે સંઘયણ બંધાતુ હોય, તે સંઘયણરૂપે પરિણમે છે.

(૮) સંસ્થાનનામકર્મના ભાગમાં આવેલા દલિકો તે સમયે ૬ સંસ્થાનમાંથી જે સંસ્થાન બંધાતુ હોય, તે સંસ્થાનરૂપે પરિણમે છે.

(૯) વર્ણનામકર્મના ભાગમાં આવેલા દલિકોના-૫ ભાગ થઈને તે સમયે બંધાતા કૃષ્ણાદિ-૫ વર્ણરૂપે પરિણમે છે.

(૧૦) ગંધનામકર્મના ભાગમાં આવેલા દલિકોના બે ભાગ થઈને તે સમયે બંધાતા સુરભિગંધ અને દુરભિગંધરૂપે પરિણમે છે.

(૧૧) રસનામકર્મના ભાગમાં આવેલા દલિકોના પાંચભાગ થઈને તે સમયે બંધાતા મધુરાદિ-૫ વર્ણરૂપે પરિણમે છે.

(૧૨) સ્પર્શનામકર્મના ભાગમાં આવેલા દલિકોના આઠભાગ થઈને તે સમયે બંધાતા ગુરૂ-લઘુ વગેરે ૮ સ્પર્શરૂપે પરિણમે છે.

(૧૩) આનુપૂર્વીનામકર્મના ભાગમાં આવેલા દલિકો તે સમયે ૪ આનુપૂર્વીમાંથી જે આનુપૂર્વી બંધાતી હોય, તે આનુપૂર્વીરૂપે પરિણમે છે.

(૧૪) વિહાયોગતિનામકર્મના ભાગમાં આવેલા દલિકો તે સમયે શુભવિહાયોગતિ કે અશુભવિહાયોગતિમાંથી જે વિહાયોગતિ બંધાતી હોય, તે વિહાયોગતિ રૂપે પરિણમે છે.

અગુરૂલઘુ, નિર્માણ, ઉપઘાતનામકર્મના ભાગમાં આવેલા દલિકો તે તે પ્રકૃતિ રૂપે પરિણમે છે અને બાકીની જિનનામાદિ-૫ પ્રકૃતિમાંથી જે સમયે જે પ્રકૃતિ બંધાતી હોય, તે સમયે તે પ્રકૃતિના ભાગમાં આવેલા દલિકો તે તે પ્રકૃતિરૂપે પરિણમે છે.

ત્રસ-સ્થાવરમાંથી જે સમયે જે પ્રકૃતિ બંધાતી હોય, તે સમયે તે પ્રકૃતિના ભાગમાં આવેલા બધા જ દલિકો તે પ્રકૃતિરૂપે પરિણમે છે. એ જ રીતે બાદર-સૂક્ષ્માદિનામકર્મમાં સમજવું.

(૭) ગોત્રકર્મના ભાગમાં આવેલા દલિકો તે સમયે ઉચ્ચગોત્ર અને નીચગોત્રમાંથી જે ગોત્ર બંધાતું હોય, તે ગોત્રરૂપે પરિણમે છે.

(૮) અંતરાયકર્મના ભાગમાં આવેલા દલિકોના પાંચભાગ થઈને દાનાંતરાયાદિ-૫ પ્રકૃતિરૂપે પરિણમે છે.

કોઈપણ કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ થયા પછી અથવા અબંધ થયા પછી તે કર્મપ્રકૃતિનો ભાગ બંધાતી સજાતીય પ્રકૃતિને મળે છે અને જ્યારે બધી સજાતીય પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. ત્યારપછી તે કર્મપ્રકૃતિનો ભાગ બંધાતી સ્વવિજાતીય પ્રકૃતિને મળે છે અને મૂલકર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ થયા પછી તે મૂલકર્મનો ભાગ બંધાતી સર્વમૂલકર્મપ્રકૃતિને મળે છે. દા૦ત૦ બીજાગુણઠાણાના અંતે થીણદ્ધિત્રિકનો બંધવિચ્છેદ થયા પછી ત્રીજાગુણઠાણાથી થીણદ્ધિત્રિકનો ભાગ તેની સજાતીય નિદ્રાદ્વિકને મળે છે અને ૮મા ગુણઠાણાના પહેલાભાગના અંતે નિદ્રાદ્વિકનો બંધવિચ્છેદ થયા પછી તેનો ભાગ પોતાની વિજાતીય ચક્ષુદર્શનાવરણીયાદિ-૪ને મળે છે અને ૧૦મા ગુણઠાણાના અંતે મૂલદર્શનાવરણીયકર્મનો બંધવિચ્છેદ થયા પછી તેનો ભાગ શાતાવેદનીયને મળે છે.

એ જ રીતે, મિથ્યાત્વનો બંધવિચ્છેદ થયા પછી તેનો ભાગ પોતાની વિજાતીય ક્રોધાદિને મળે છે અને ૯મા ગુણઠાણાના અંતે મોહનીયનો બંધવિચ્છેદ થયા પછી તેનો ભાગ જ્ઞાનાવરણીયાદિ-૬ને મળે છે.

## V ઉત્કૃષ્ટપદે અલ્પબહુત્વ :-

ઉત્કૃષ્ટયોગવાળો જીવ વધુમાં વધુ કાર્મણસ્કંધોને ગ્રહણ કરે છે. અને મૂળકર્મો ઓછા બંધાતા હોય ત્યારે બાકીના બંધાતા મૂળકર્મોને વધુ દલિકો મળે છે અને પોતપોતાની ઉત્તરપ્રકૃતિમાંથી પણ જે ઉત્તરપ્રકૃતિનો બંધવિચ્છેદ કે અબંધ થાય છે તે ઉત્તરપ્રકૃતિના ભાગનું દલિક બંધાતી સજાતીયને મળે છે. તે ન હોય, તો સ્વવિજાતીય ઉત્તરપ્રકૃતિને મળે છે. એ નિયમોને ધ્યાનમાં રાખીને કઇ પ્રકૃતિને કોનાથી વધારે કે ઓછો ભાગ મળે છે? એ જણાવવા માટે ગ્રન્થકારભગવંતે સ્વોપજ્ઞટીકામાં ઉત્કૃષ્ટપદે અલ્પબહુત્વ કહ્યું છે.

### (૧) જ્ઞાનાવરણીયકર્મ :-

કેવલજ્ઞાનાવરણીયને સૌથી ઓછા કર્મદલિકો મળે છે કારણ કે તે સર્વઘાતી છે.

★ તેનાથી મનઃપર્યવજ્ઞાનાવરણીયને અનંતગુણ કર્મદલિકો મળે છે કારણ કે દેશઘાતીના ભાગમાં ઘણા અનંતાભાગ જેટલા દલિકો આવે છે.

★ તેનાથી અવધિજ્ઞાનાવરણીયને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.

★ તેનાથી શ્રુતજ્ઞાનાવરણીયને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.

★ તેનાથી મતિજ્ઞાનાવરણીયને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.

### (૨) દર્શનાવરણીયકર્મ :-

પ્રચલાને સૌથી ઓછા કર્મદલિકો મળે છે.

★ તેનાથી નિદ્રાને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.

★ તેનાથી પ્રચલા-પ્રચલાને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.

★ તેનાથી નિદ્રા-નિદ્રાને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.

★ તેનાથી થીણદ્ધિને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.

★ તેનાથી કેવલદર્શનાવરણીયને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.
★ તેનાથી અવધિદર્શના૦ને અનંતગુણ દલિકો મળે છે. કારણ કે તે દેશઘાતી છે.
★ તેનાથી અચક્ષુદર્શનાવરણીયને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.
★ તેનાથી ચક્ષુદર્શનાવરણીયને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.

**(૩) વેદનીયકર્મ :-**

અશાતાને સૌથી ઓછા કર્મદલિકો મળે છે.

★ તેનાથી શાતાને વિશેષાધિક કર્મદલિકો મળે છે. કારણ કે ૧૦મા ગુણઠાણે આયુષ્ય અને મોહનીયના ભાગના દલિકો મળે છે.

**(૪) મોહનીયકર્મ :-**

અપ્રત્યાખ્યાનીય માનને સૌથી ઓછા દલિકો મળે છે.

★ તેનાથી અપ્રત્યાખ્યાનીય ક્રોધને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.
★ તેનાથી અપ્રત્યાખ્યાનીય માયાને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.
★ તેનાથી અપ્રત્યાખ્યાનીય લોભને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.
★ તેનાથી પ્રત્યાખ્યાનીય માનને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.
★ તેનાથી પ્રત્યાખ્યાનીય ક્રોધને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.
★ તેનાથી પ્રત્યાખ્યાનીય માયાને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.
★ તેનાથી પ્રત્યાખ્યાનીય લોભને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.
★ તેનાથી અનંતાનુબંધી માનને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.
★ તેનાથી અનંતાનુબંધી ક્રોધને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.
★ તેનાથી અનંતાનુબંધી માયાને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.
★ તેનાથી અનંતાનુબંધી લોભને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.
★ તેનાથી મિથ્યાત્વને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.
★ તેનાથી જુગુપ્સાને અનંતગુણ દલિકો મળે છે. કારણ કે તે દેશઘાતી છે.
★ તેનાથી ભયને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.
★ તેનાથી હાસ્ય-શોકને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે અને પરસ્પર તુલ્ય મળે છે. તેનાથી રતિ-અરતિને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે અને પરસ્પર તુલ્ય મળે છે. તેનાથી સ્ત્રી-નપુંસકવેદને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે અને પરસ્પર તુલ્ય મળે છે.

★ તેનાથી સંજ્વ૦ક્રોધને વિશેષાધિક કર્મદલિકો મળે છે. કારણ કે મોહનીયની ૪ પ્રકૃતિ બાંધતી વખતે મોહનીયના કર્મદલિકનો ચોથોભાગ મળે છે.

★ તેનાથી સંજ્વ૦માનને વિશેષાધિક કર્મદલિકો મળે છે. કારણ કે મોહનીયની ૩ પ્રકૃતિ બાંધતી વખતે મોહનીયના કર્મદલિકનો ત્રીજોભાગ મળે છે.

★ તેનાથી પુ૦વેદને વિશેષાધિક કર્મદલિકો મળે છે. કારણ કે મોહનીયની પાંચપ્રકૃતિ બાંધતી વખતે મોહનીયના દલિકના બેભાગ થઈને ૧ભાગ કષાયમોહનીયને મળે છે અને ૧ભાગ નોકષાયમોહનીયને મળે છે. તેથી પુ૦વેદને મોહનીયનો લગભગ અર્ધોભાગ મળે છે.

★ તેનાથી સંજ્વ૦માયાને વિશેષાધિક દલિકો મળે છે. કારણ કે મોહનીયની-૨ પ્રકૃતિ બાંધતી વખતે સંજ્વ૦માયાને મોહનીયનો અર્ધોભાગ મળે છે જો કે પુ૦વેદને પણ મોહનીયનો લગભગ અર્ધોભાગ મળે છે. તો પણ તથાસ્વભાવે જ નોકષાય કરતાં કષાયમોહનીયને વિશેષાધિક કર્મદલિકો મળે છે.

★ તેનાથી સંજ્વ૦લોભને વિશેષાધિક કર્મદલિકો મળે છે. કારણકે મોહનીયનું સંપૂર્ણ દલિક સંજ્વ૦લોભને મળે છે.

**(૫) આયુષ્યકર્મ :-**

ચારે આયુષ્યને પરસ્પર સરખો ભાગ મળે છે.

**(૬) નામકર્મ :-**

**ગતિ-આનુપૂર્વી :-**

દેવદ્વિક-નરદ્વિકને સૌથી ઓછા કર્મદલિકો મળે છે અને પરસ્પર તુલ્ય મળે છે. કારણ કે દેવપ્રાયોગ્ય-૨૮ અને નરકપ્રાયોગ્ય-૨૮ પ્રકૃતિ બાંધતી વખતે દેવદ્વિક અને નરકદ્વિક બંધાય છે. તે વખતે નામકર્મના દલિકોના-૨૮ ભાગ થવાથી તે પ્રકૃતિને ઓછા દલિકો મળે છે.

★ તેનાથી મનુષ્યદ્વિકને વિશેષાધિક કર્મદલિકો મળે છે. કારણ કે અપર્યાપ્ત મનુ૦પ્રાયોગ્ય-૨૫ પ્રકૃતિ બાંધતી વખતે મનુષ્યદ્વિક બંધાય છે. તે વખતે નામકર્મના દલિકોના-૨૫ ભાગ થવાથી તે પ્રકૃતિને થોડા વધુ દલિકો મળે છે.

★ તેનાથી તિર્યંચદ્વિકને વિશેષાધિક કર્મદલિકો મળે છે. કારણ કે અપર્યાપ્ત એકે૦પ્રાયોગ્ય-૨૩ પ્રકૃતિ બાંધતી વખતે તિર્યંચદ્વિક બંધાય છે. તે વખતે નામકર્મના દલિકોના-૨૩ ભાગ થવાથી તે પ્રકૃતિને થોડા વધુ દલિકો મળે છે.

**જાતિ :-**

બેઈન્દ્રિયાદિ-૪ જાતિને સૌથી ઓછા કર્મદલિકો મળે છે અને તે દરેકને પરસ્પર તુલ્ય મળે છે. કારણકે અપર્યાપ્ત ત્રસપ્રાયોગ્ય-૨૫ પ્રકૃતિ બાંધતી વખતે બેઈન્દ્રિયાદિ-૪ જાતિ બંધાય છે. તે વખતે નામકર્મના દલિકોના-૨૫ ભાગ થવાથી તે પ્રકૃતિને ઓછા દલિકો મળે છે.

★ તેનાથી એકેન્દ્રિય જાતિને વિશેષાધિક દલિકો મળે છે. કારણકે એકે૦-પ્રાયોગ્ય-૨૩ પ્રકૃતિ બાંધતી વખતે એકે૦જાતિ બંધાય છે. તે વખતે નામકર્મના દલિકના-૨૩ ભાગ થવાથી તે પ્રકૃતિને થોડા વધુ દલિકો મળે છે.

**શરીર-અંગોપાંગ :-**

આહારકદ્વિકને સૌથી ઓછા કર્મદલિકો મળે છે. કારણકે દેવપ્રાયોગ્ય-૩૦ પ્રકૃતિ બાંધતી વખતે આહારકદ્વિક બંધાય છે. તે વખતે નામકર્મના દલિકના-૨૮ ભાગ થાય છે. તેમાંથી શરીરનામકર્મના ભાગમાં આવેલા દલિકોના-૪ ભાગ થવાથી અને અંગોપાંગનામકર્મના ભાગમાં આવેલા દલિકોના બે ભાગ થવાથી આહારકદ્વિકને ઓછા દલિકો મળે છે.

★ તેનાથી વૈક્રિયદ્વિકને વિશેષાધિક કર્મદલિકો મળે છે. કારણ કે દેવપ્રાયોગ્ય-૨૮ પ્રકૃતિ બાંધતી વખતે વૈક્રિયદ્વિક બંધાય છે. તે વખતે નામકર્મના દલિકના-૨૮ ભાગ થાય છે તેમાંથી શરીરનામકર્મના ભાગમાં આવેલા દલિકોના-૩ ભાગ થવાથી વૈ૦શરીરને થોડા વધુ દલિકો મળે છે. અને અંગોપાંગનામકર્મના ભાગમાં આવેલા બધા જ દલિકો વૈ૦અંગોપાંગને મળે છે. તેથી તે પ્રકૃતિને થોડા વધુ દલિકો મળે છે.

★ તેનાથી ઔદારિકદ્વિકને વિશેષાધિક કર્મદલિકો મળે છે. કારણ કે અપર્યાપ્ત

એકે૦પ્રાયોગ્ય-૨૩ પ્રકૃતિ બાંધતી વખતે ઔદારિકશરીર બંધાય છે. તે વખતે નામકર્મના દલિકના-૨૩ ભાગ થવાથી તે પ્રકૃતિને થોડા વધુ કર્મદલિકો મળે છે. અને અપર્યાપ્તત્રસપ્રાયોગ્ય-૨૫ પ્રકૃતિ બાંધતી વખતે ઔ૦અંગો૦નામકર્મ બંધાય છે. તે વખતે નામકર્મના દલિકના-૨૫ ભાગ થવાથી વૈ૦અંગોપાંગથી ઔ૦અંગોપાંગને થોડા વધુ દલિકો મળે છે.

★ તેનાથી તૈજસશરીરનામકર્મને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.

★ તેનાથી કાર્મણશરીરનામકર્મને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.

**બંધન :-**

આહારક-આહારકબંધનને સૌથી ઓછા કર્મદલિકો મળે છે. કારણ કે દેવ-પ્રાયોગ્ય-૩૦ પ્રકૃતિ બાંધતી વખતે ૧૧ બંધન બંધાય છે. તે વખતે નામકર્મના દલિકના-૨૮ ભાગ થાય છે. તેમાંથી બંધનનામકર્મના ભાગમાં આવેલા દલિકના ૧૧ભાગ થાય છે તેથી તે પ્રકૃતિને ઓછા દલિકો મળે છે.

★ તેનાથી આહારક-તૈજસબંધનને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.

★ તેનાથી આહારક-કાર્મણબંધનને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.

★ તેનાથી આહારક-તૈજસ-કાર્મણબંધનને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.

★ તેનાથી વૈક્રિય-વૈક્રિયબંધનને વિશેષાધિક દલિકો મળે છે. કારણ કે દેવપ્રાયોગ્ય-૨૮ પ્રકૃતિ બાંધતી વખતે ૭બંધન બંધાય છે. તે વખતે નામકર્મના દલિકના-૨૮ભાગ થાય છે. તેમાંથી બંધનનામકર્મના ભાગમાં આવેલા દલિકના-૭ ભાગ થાય છે. તેથી તેને થોડા વધુ દલિકો મળે છે.

★ તેનાથી વૈક્રિય-તૈજસબંધનને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.

★ તેનાથી વૈક્રિય-કાર્મણબંધનને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.

★ તેનાથી વૈક્રિય-તૈજસ-કાર્મણબંધનને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.

★ તેનાથી ઔદારિક-ઔદારિકબંધનને વિશેષાધિક દલિકો મળે છે. કારણ કે અપર્યાપ્ત એકે૦પ્રાયોગ્ય-૨૩ પ્રકૃતિને બાંધતી વખતે ૭ બંધન બંધાય છે. તે વખતે નામકર્મના દલિકના-૨૩ ભાગ થાય છે. તેમાંથી બંધન-નામકર્મના ભાગમાં આવેલા દલિકના-૭ ભાગ થાય છે. તેથી તે પ્રકૃતિને થોડા વધુ કર્મદલિકો મળે છે.

★ તેનાથી ઔદારિક-તૈજસબંધનને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.

★ તેનાથી ઔદારિક-કાર્મણબંધનને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.
★ તેનાથી ઔદારિક-તૈજસ-કાર્મણને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.
★ તેનાથી તૈજસ-તૈજસબંધનને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.
★ તેનાથી તૈજસ-કાર્મણબંધનને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.
★ તેનાથી કાર્મણ-કાર્મણબંધનને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.

**શરીરનામકર્મની જેમ સંઘાતનનામકર્મનું અલ્પબહુત્વ સમજવું...**

**સંઘયણ :-**

પહેલા ૫ સંઘયણને સૌથી ઓછા કર્મદલિકો મળે છે અને પરસ્પર તુલ્ય મળે છે. કારણ કે મનુષ્યપ્રાયોગ્ય ૨૯ કે તિર્યંચપ્રાયોગ્ય-૨૯ પ્રકૃતિ બાંધતી વખતે ૫ સંઘયણ બંધાય છે. તે વખતે નામકર્મના દલિકના-૨૯ ભાગ થવાથી તે પ્રકૃતિને ઓછા દલિકો મળે છે.

★ તેનાથી છેલ્લાસંઘયણને વિશેષાધિક કર્મદલિકો મળે છે. કારણ કે અપર્યાપ્ત ત્રસપ્રાયોગ્ય-૨૫ પ્રકૃતિ બાંધતી વખતે છેવટ્ઠું બંધાય છે. તે વખતે નામકર્મના દલિકના-૨૫ ભાગ થવાથી તે પ્રકૃતિને થોડા વધુ કર્મદલિકો મળે છે.

**સંસ્થાન :-**

મધ્યમ-૪સંસ્થાનને સૌથી ઓછા કર્મદલિકો મળે છે અને પરસ્પર તુલ્ય મળે છે. કારણ કે મનુષ્યપ્રાયોગ્ય-૨૯ કે તિર્યંચપ્રાયોગ્ય-૨૯ પ્રકૃતિ બાંધતી વખતે મધ્યમસંસ્થાન બંધાય છે. તે વખતે નામકર્મના દલિકના-૨૯ ભાગ થવાથી તે પ્રકૃતિને ઓછા દલિકો મળે છે.

★ તેનાથી પહેલા સંસ્થાનને વિશેષાધિક કર્મદલિકો મળે છે. કારણ કે દેવપ્રાયોગ્ય-૨૮ પ્રકૃતિ બાંધતી વખતે પહેલુસંસ્થાન બંધાય છે. તે વખતે નામકર્મના દલિકના-૨૮ ભાગ થવાથી તેને થોડા વધુ દલિકો મળે છે.
★ તેનાથી છેલ્લાસંસ્થાનને વિશેષાધિક કર્મદલિકો મળે છે. કારણ કે અપર્યાપ્ત એકℓપ્રાયોગ્ય-૨૩ પ્રકૃતિ બાંધતી વખતે હુંડકસંસ્થાન બંધાય છે. તે વખતે નામકર્મના દલિકના-૨૩ ભાગ થવાથી તેને થોડા વધુ દલિકો મળે છે.

**વર્ણનામકર્મ :-**

કૃષ્ણવર્ણને સૌથી ઓછા કર્મદલિકો મળે છે.

★ તેનાથી નીલવર્ણને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.

★ તેનાથી લાલવર્ણને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.

★ તેનાથી પીળાવર્ણને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.

★ તેનાથી સફેદવર્ણને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.

**ગંધનામકર્મ :-**

સુરભિગંધનામકર્મને સૌથી ઓછા કર્મદલિકો મળે છે.

★ તેનાથી દુરભિગંધનામકર્મને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.

**રસનામકર્મ :-**

કટુરસનામકર્મને સૌથી ઓછા કર્મદલિકો મળે છે.

★ તેનાથી તિક્ત રસનામકર્મને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.

★ તેનાથી કષાયરસનામકર્મને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.

★ તેનાથી ખાટારસને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.

★ તેનાથી મધુરરસને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.

**સ્પર્શનામકર્મ :-**

ગુરૂ-કર્કશને સૌથી ઓછા કર્મદલિકો મળે છે અને પરસ્પર તુલ્ય મળે છે.

★ તેનાથી મૃદુ-લઘુને વિશેષાધિક કર્મદલિકો મળે છે અને પરસ્પર તુલ્ય મળે છે.

★ તેનાથી શીત-રૂક્ષને વિશેષાધિક કર્મદલિકો મળે છે અને પરસ્પર તુલ્ય મળે છે.

★ તેનાથી સ્નિગ્ધ-ઉષ્ણને વિશેષાધિક કર્મદલિકો મળે છે અને પરસ્પર તુલ્ય મળે છે.

**વિહાયોગતિનામકર્મ :-**

શુભવિહાયોગતિને સૌથી ઓછા કર્મદલિકો મળે છે.

★ તેનાથી અશુભવિહાયોગતિને વિશેષાધિક કર્મદલિકો મળે છે.

દશક :-

ત્રસથી સ્થાવરને વિશેષાધિક કર્મદલિકો મળે છે.

★ પર્યાપ્તથી અપર્યાપ્તને વિશેષાધિક કર્મદલિકો મળે છે. કારણ કે અપર્યાપ્ત-ત્રસપ્રાયોગ્ય-૨૫ પ્રકૃતિ બાંધતા ત્રસ બંધાય છે અને પર્યાપ્ત એકે૦પ્રાયોગ્ય-૨૫ પ્રકૃતિ બાંધતા પર્યાપ્તનામકર્મ બંધાય છે. તે વખતે નામકર્મના દલિકના ૨૫ ભાગ થાય છે અને અપર્યાપ્ત એકે૦ પ્રાયોગ્ય-૨૩ બાંધતા સ્થાવર-અપર્યાપ્ત બંધાય છે. તે વખતે નામકર્મના દલિકના ૨૩ ભાગ થાય છે. તેથી તેને થોડા વધુ દલિકો મળે છે.

★ [૫૪]બાદરનામકર્મથી સૂક્ષ્મને વિશેષાધિક કર્મદલિકો મળે છે.

★ પ્રત્યેક નામકર્મથી સાધારણને વિશેષાધિક કર્મદલિકો મળે છે,

★ સ્થિરત્રિકથી અસ્થિરત્રિકને વિશેષાધિક કર્મદલિકો મળે છે. અને આદેયથી અનાદેયને વિશેષાધિક કર્મદલિકો મળે છે કારણ કે દેવપ્રાયોગ્ય-૨૮ પ્રકૃતિ બાંધતી વખતે સ્થિર-શુભ-સુભગ-આદેય બંધાય છે અને અપર્યાપ્તા એકે૦પ્રાયોગ્ય-૨૩ બાંધતી વખતે અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય બંધાય છે. તેથી અસ્થિરાદિને થોડા વધુ દલિકો મળે છે.

★ સુસ્વરથી દુઃસ્વરને વિશેષાધિક કર્મદલિકો મળે છે.

★ [૫૫]યશનામકર્મથી અયશને વિશેષાધિક કર્મદલિકો મળે છે.

પ્રત્યેક :-

આતપ-ઉદ્યોતને સૌથી ઓછા કર્મદલિકો મળે છે અને પરસ્પર તુલ્ય મળે છે.

નિર્માણ, ઉચ્છ્વાસ, ઉપઘાત, પરાઘાત, અગુરૂલઘુ અને તીર્થંકર-નામકર્મ એ-૬ પ્રકૃતિમાં કર્મદલિકનું અલ્પબહુત્વ સંભવતું નથી. કારણ કે આ અલ્પબહુત્વમાં સજાતીય પિંડપ્રકૃતિમાં અથવા પ્રતિપક્ષી પ્રકૃતિમાં કોનાથી કોને વધારે કે ઓછા દલિકો ભાગમાં આવે છે? એનો વિચાર કરાય છે. દા૦ત૦ લીલાવર્ણાદિની અપેક્ષાએ કૃષ્ણવર્ણને ઓછા દલિકો

(૫૪) સ્વોપજ્ઞટીકામાં **एवं बादरसूक्ष्मयो**....કહ્યું છે અને કર્મપ્રકૃતિમાં કહ્યું છે કે, સૂક્ષ્મને ઓછા દલિકો મળે છે. તેનાથી બાદરને વિશેષાધિક દલિકો મળે છે.

(૫૫) અયશથી યશનામકર્મને અસંખ્યાતગુણા કર્મદલિકો મળે છે. કારણકે ૮મા ગુણઠાણાના ૭મા ભાગથી ૧૦મા ગુણઠાણા સુધી યશને નામકર્મના ભાગમાં આવેલા સંપૂર્ણ દલિકો મળે છે. [કર્મપ્રકૃતિ-બંધનકરણ]

મળે છે અને કૃષ્ણવર્ણની અપેક્ષાએ લીલાવર્ણને થોડા વધારે દલિકો મળે છે. તથા દુર્ભગની અપેક્ષાએ સુભગને ઓછા દલિકો મળે છે અને સુભગની અપેક્ષાએ દુર્ભગને વિશેષાધિક દલિકો મળે છે. એ રીતે, કર્મદલિકનું અલ્પબહુત્વ પિંડપ્રકૃતિમાં અથવા પ્રતિપક્ષીપ્રકૃતિમાં સંભવે છે. નિર્માણાદિ-૬ પ્રકૃતિ પિંડપ્રકૃતિ કે પ્રતિપક્ષીપ્રકૃતિ નથી. એક-એક જ પ્રકૃતિ છે. તેથી તે પ્રકૃતિમાં કર્મદલિકનું અલ્પબહુત્વ સંભવતું નથી.

**ગોત્રકર્મ :-**

નીચગોત્રને સૌથી ઓછા કર્મદલિકો મળે છે.

★ તેનાથી ઉચ્ચગોત્રને વિશેષાધિક કર્મદલિકો મળે છે. કારણ કે ૧૦મા ગુણઠાણે આયુષ્ય અને મોહનીયના દલિકોનો થોડો ભાગ મળે છે.

**અંતરાયકર્મ** :- દાનાંતરાયને સૌથી ઓછા કર્મદલિકો મળે છે.

★ તેનાથી લાભાન્તરાયને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.

★ તેનાથી ભોગાન્તરાયને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.

★ તેનાથી ઉપભોગાન્તરાયને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.

★ તેનાથી વીર્યાન્તરાયને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.

**જઘન્યપદે અલ્પબહુત્વ :-**

જઘન્યયોગવાળો જીવ ઓછામાં ઓછા કાર્મણસ્કંધોને ગ્રહણ કરે છે. અને જ્યારે વધુમાં વધુ મૂળ કે ઉત્તરપ્રકૃતિ બંધાતી હોય. ત્યારે તે તે પ્રકૃતિને ઓછા દલિકો મળે છે. એ નિયમને ધ્યાનમાં રાખીને કઇ પ્રકૃતિને કોનાથી ઓછો કે વધારે ભાગ મળે છે? એ જણાવવા માટે ગ્રન્થકારભગવંતે સ્વોપજ્ઞટીકામાં જઘન્યપદે અલ્પબહુત્વ કહ્યું છે.

**જ્ઞાનાવરણીયમાં ઉત્કૃષ્ટપદની જેમ જઘન્યપદે અલ્પબહુત્વ સમજવું...**

**દર્શનાવરણીય :-**

નિદ્રાને સૌથી ઓછા કર્મદલિકો મળે છે.

★ તેનાથી પ્રચલાને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.

★ તેનાથી પ્રચલાપ્રચલાને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે. ત્યાર પછી ઉત્કૃષ્ટપદની જેમ અલ્પબહુત્વ સમજવું.

**મોહનીયકર્મમાં રતિ-અરતિ સુધી ઉત્કૃષ્ટપદની જેમ અલ્પબહુત્વ સમજવું...**

રતિ-અરતિથી વેદને વિશેષાધિક દલિકો મળે છે.

★ તેનાથી સં૦માનને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.

★ તેનાથી સં૦ક્રોધને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.

★ તેનાથી સં૦માયાને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.

★ તેનાથી સં૦લોભને તથાસ્વભાવે વિશેષાધિક કર્મદલિકો મળે છે.

**આયુષ્યકર્મ :-**

તિર્યંચાયુ-મનુષ્યાયુને સૌથી ઓછા કર્મદલિકો મળે છે અને પરસ્પર તુલ્ય મળે છે. કારણકે લબ્ધિઅપર્યાપ્તાસૂક્ષ્મનિગોદીયાજીવો પોતાના આયુષ્યના ત્રીજાભાગના પ્રથમસમયે તિર્યંચાયુ-મનુષ્યાયુને બાંધે છે. તે વખતે યોગ અલ્પ હોવાથી ઓછા કર્મદલિકો ગ્રહણ કરે છે.

★ તેનાથી દેવાયુ-નરકાયુને અસંખ્યગુણ કર્મદલિકો મળે છે અને તે બન્નેને સરખા ભાગે કર્મદલિકો મળે છે. કારણ કે તે બન્ને આયુષ્યને અસંજ્ઞીપંચે૦ જીવો પર્યાપ્તાવસ્થામાં બાંધે છે. તે વખતે તેને લબ્ધિ-અપર્યાપ્ત-સૂક્ષ્મનિગોદીયાથી અસંખ્યગુણયોગ હોવાથી અસંખ્યગુણ કર્મદલિકોને ગ્રહણ કરે છે.

**નામકર્મ :-**

ગતિ:-

તિર્યંચગતિને સૌથી ઓછા કર્મદલિકો મળે છે. કારણકે લબ્ધિ-અપર્યાપ્તસૂક્ષ્મનિગોદીયાજીવો ભવના પ્રથમસમયે તિર્યંચપ્રાયોગ્ય-૩૦ પ્રકૃતિને બાંધતી વખતે તિર્યંચગતિને બાંધે છે. તે વખતે તે જીવોને યોગ અલ્પ હોય છે અને પ્રકૃતિ ઘણી બંધાય છે. તેથી તિર્યંચગતિને સૌથી ઓછા કર્મદલિકો મળે છે.

★ તેનાથી મનુષ્યગતિને વિશેષાધિક કર્મદલિકો મળે છે. કારણકે લબ્ધિ-અપર્યાપ્તસૂક્ષ્મનિગોદીયાજીવો ભવના પ્રથમસમયે મનુષ્યપ્રાયોગ્ય-૨૯ પ્રકૃતિ બાંધતી વખતે મનુષ્યગતિને બાંધે છે. તે વખતે નામકર્મના દલિકનો એકભાગ ઓછો થવાથી તેને થોડા વધુ દલિકો મળે છે.

★ તેનાથી દેવગતિને અસંખ્યગુણ કર્મદલિકો મળે છે. કારણકે સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય ભવના પ્રથમસમયે દેવપ્રાયોગ્ય-૨૯ પ્રકૃતિ બાંધતી વખતે દેવગતિને બાંધે છે. તે વખતે તેને લબ્ધિ-અપર્યાપ્તસૂક્ષ્મનિગોદીયાથી અસંખ્યગુણયોગ હોવાથી અસંખ્યગુણ દલિકો ગ્રહણ કરે છે.

★ તેનાથી નરકગતિને અસંખ્યગુણ કર્મદલિકો મળે છે. કારણકે પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિય નરકપ્રાયોગ્ય-૨૮ પ્રકૃતિ બાંધતી વખતે નરકગતિને બાંધે છે તે વખતે તેને અપર્યાપ્તસંજ્ઞીથી અસંખ્યગુણયોગ હોવાથી અસંખ્યગુણ દલિકો ગ્રહણ કરે છે.

**જાતિ :-**

બેઇન્દ્રિયાદિ-૪ જાતિને સૌથી ઓછા કર્મદલિકો મળે છે. કારણ કે લબ્ધિ-અપર્યાપ્તાસૂક્ષ્મનિગોદીયાજીવો ભવના પ્રથમસમયે તિર્યંચપ્રાયોગ્ય-૩૦ પ્રકૃતિ બાંધતી વખતે બેઇન્દ્રિયાદિ-૪ જાતિને બાંધે છે. તે વખતે યોગ અલ્પ હોય છે અને નામકર્મના દલિકના-૩૦ ભાગ થાય છે. તેથી ૪ જાતિને ઓછા દલિકો મળે છે.

★ તેનાથી એકેન્દ્રિયજાતિને વિશેષાધિક કર્મદલિકો મળે છે. કારણકે લબ્ધિ-અપ૦ સૂક્ષ્મનિગોદીયોજીવ ભવના પ્રથમસમયે એકે૦પ્રાયોગ્ય-૨૬ પ્રકૃતિ બાંધતી વખતે એકે૦ જાતિને બાંધે છે. તે વખતે નામકર્મના દલિકના-૨૬ ભાગ થવાથી તેને થોડા વધુ દલિકો મળે છે.

**શરીર- અંગોપાંગ :-**

ઔદારિકદ્વિકને સૌથી ઓછા કર્મદલિકો મળે છે. કારણકે લબ્ધિ અપર્યાપ્તસૂક્ષ્મનિગોદીયાજીવો ભવના પ્રથમસમયે તિર્યંચપ્રાયોગ્ય-૩૦ પ્રકૃતિ બાંધતી વખતે ઔદારિકદ્વિકને બાંધે છે. તે વખતે યોગ અલ્પ હોય છે અને નામકર્મના દલિકના-૩૦ ભાગ થાય છે. તેથી ઔદારિકદ્વિકને ઓછા દલિકો મળે છે.

★ તેનાથી તૈજસશરીરને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.

★ તેનાથી કાર્મણશરીરને તથાસ્વભાવે વિશેષાધિક દલિકો મળે છે.

★ તેનાથી વૈક્રિયદ્વિકને અસંખ્યગુણ કર્મદલિકો મળે છે. કારણકે સમ્યગ્દષ્ટિ-મનુષ્ય ભવના પ્રથમસમયે દેવપ્રાયોગ્ય-૨૯ પ્રકૃતિ બાંધતી વખતે વૈક્રિયદ્વિકને બાંધે છે. તે વખતે તેને લબ્ધિ-અપર્યાપ્તસૂક્ષ્મનિગોદીયાથી અસંખ્યગુણયોગ હોવાથી અસંખ્યગુણ દલિકો ગ્રહણ કરે છે.

★ તેનાથી આહારકદ્વિકને અસંખ્યગુણ દલિકો મળે છે. કારણકે અપ્રમત્તસંયમી દેવપ્રાયોગ્ય-૩૧ પ્રકૃતિ બાંધતી વખતે આહારકદ્વિકને બાંધે છે. તે વખતે તેને અપર્યાપ્તસંજ્ઞીથી અસંખ્યગુણયોગ હોવાથી અસંખ્યગુણ દલિકો ગ્રહણ કરે છે.

**શરીરનામકર્મની જેમ સંઘાતનનામકર્મનું અલ્પબહુત્વ સમજવું.**

**આનુપૂર્વી**[૫૬] :- પંચમકર્મગ્રન્થની સ્વોપજ્ઞટીકામાં, કમ્મપયડીની ટીકામાં, ચૂર્ણિમાં, આનુપૂર્વીનું જઘન્યપદે અલ્પબહુત્વ ઉત્કૃષ્ટપદની જેમ કહ્યું છે.

**દશક:-**

ત્રસનામકર્મને સૌથી ઓછા કર્મદલિકો મળે છે. કારણકે લબ્ધિ-અપર્યાપ્તાસૂક્ષ્મનિગોદીયાજીવો ભવના પ્રથમસમયે તિર્યંચપ્રાયોગ્ય-૩૦ પ્રકૃતિ બાંધતી વખતે ત્રસનામકર્મને બાંધે છે.

★ તેનાથી સ્થાવરનામકર્મને વિશેષાધિક કર્મદલિકો મળે છે. કારણકે લબ્ધિ-અપ૦સૂક્ષ્મનિગોદીયાજીવો ભવના પ્રથમસમયે એકે૦પ્રાયોગ્ય-૨૬ પ્રકૃતિ બાંધતી વખતે સ્થાવરનામકર્મને બાંધે છે. તે વખતે નામકર્મના દલિકના-૨૬ ભાગ થવાથી તે પ્રકૃતિને થોડા વધુ દલિકો મળે છે.

એ જ રીતે, બાદર-સૂક્ષ્મ, પર્યાપ્ત-અપર્યાપ્ત, પ્રત્યેક-સાધારણનું અલ્પબહુત્વ સમજવું... બાકીની નામકર્મની પ્રકૃતિનું જઘન્યપદે અલ્પબહુત્વ નથી. શાતા-અશાતા અને નીચગોત્ર-ઉચ્ચગોત્રકર્મનું પણ જઘન્યપદે અલ્પબહુત્વ નથી.

**અંતરાયકર્મમાં ઉત્કૃષ્ટપદની જેમ જઘન્યપદે અલ્પબહુત્વ સમજવું.**

---

(૫૬) કર્મપ્રકૃતિના ટીપ્પણકાર મુનિચંદ્રસૂરિમહારાજાનું એવું માનવું છે કે, જઘન્યપદે ગતિની જેમ આનુપૂર્વીનું અલ્પબહુત્વ હોવું જોઈએ.

ગુણશ્રેણી :-

**सम्मदर सव्वविरई उ अणविसंजोयदंसखवगे य ।**
**मोहसमसंतखवगे खीणसजोगियर गुणसेढी ॥८२॥**

**गुणसेढीदलरयणाणु समयमुदयादसंखगुणणाए ।**
**एयगुणा पुण कमसो, असंखगुण निज्जरा जीवा ॥८३॥**

सम्यग्देशसर्वविरतौ तु अनंतानुबन्धिविसंयोजनादर्शनक्षपके च।
मोहशमशान्तक्षपके क्षीणसयोगीतरे गुणश्रेणिः ॥८२॥

गुणश्रेणिः दलरचनाऽनुसमयमुदयादसङ्ख्यगुणनया ।
एतद्गुणाः पुनः क्रमशोऽसङ्ख्यगुणनिर्जरा जीवाः ॥८३॥

**ગાથાર્થ :- સમ્યક્ત્વગુણશ્રેણી, દેશવિરતિગુણશ્રેણી, સર્વવિરતિગુણશ્રેણી, અનંતાનુબંધીવિસંયોજનાગુણશ્રેણી, દર્શનમોહક્ષપકગુણશ્રેણી, મોહોપશમકગુણશ્રેણી, ઉપશાંતમોહગુણશ્રેણી, મોહક્ષપકગુણશ્રેણી, ક્ષીણમોહગુણશ્રેણી, સયોગીકેવલીગુણશ્રેણી અને અયોગીકેવલીગુણશ્રેણી..... એ ૧૧ ગુણશ્રેણી છે.**

**ઉદયસમયથી માંડીને [અંતર્મુહૂર્ત સુધી] પ્રતિસમયે અસંખ્યગુણાકારે કર્મદલિકની રચના કરવી, તે ગુણશ્રેણી કહેવાય. વળી એ ગુણવાળા જીવો અનુક્રમે અસંખ્યગુણી કર્મનિર્જરા કરે છે.**

**વિવેચન :- ગુણ=અસંખ્યગુણાકારે**
**શ્રેણી= ક્રમશઃ** [અનુક્રમ]

આયુષ્ય વિના બાકીની કર્મપ્રકૃતિની નિષેકરચનાના અગ્રભાગમાંથી અપર્વતનાકરણથી નીચે ઉતરતાં કર્મદલિકો ઉદયવતીકર્મપ્રકૃતિમાં ઉદયસમયથી અને અનુદયવતીકર્મપ્રકૃતિમાં ઉદયાવલિકાની ઉપરના પ્રથમસમયથી માંડીને અંતર્મુહૂર્તના જેટલા સમય થાય તેટલા નિષેકમાં ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવાય છે, તે **"ગુણશ્રેણી"** કહેવાય.

સમ્યક્ત્વાદિવિશિષ્ટગુણની પ્રાપ્તિ વખતે અને વિશિષ્ટગુણપ્રાપ્ત થયા પછી અંતર્મુહૂર્ત સુધી જીવ અનંતગુણવિશુદ્ધ પરિણામની ધારાએ ચઢેલો હોવાથી પહેલા સમયે જેટલા દલિકો નીચે ઉતારે છે. તેનાથી અસંખ્યગુણદલિકો બીજાસમયે નીચે ઉતારે છે. તેનાથી અસંખ્યગુણદલિકો ત્રીજાસમયે નીચે ઉતારે છે. એ રીતે, અંતર્મુહૂર્ત સુધી અસંખ્યગુણાકારે કર્મદલિકોને નીચે ઉતારે છે.

જે ઉદયવતીપ્રકૃતિના જેટલા દલિકોને પ્રથમસમયે નીચે ઉતારે છે. તેમાંથી તે ઉદયવતી પ્રકૃતિના ઉદયપ્રાપ્તનિષેકમાં થોડા ગોઠવે છે. તેનાથી અસંખ્યગુણદલિકો બીજાનિષેકમાં ગોઠવે છે. તેનાથી અસંખ્યગુણદલિકો ત્રીજાનિષેકમાં ગોઠવે છે. એ રીતે, પ્રથમસમયે ઉતારેલા દલિકો અંતર્મુહૂર્તના જેટલા સમય થાય તેટલા નિષેકમાં ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે. અને જે અનુદયવતી પ્રકૃતિના જેટલા દલિકોને પ્રથમસમયે નીચે ઉતારે છે. તેમાંથી અનુદયવતી પ્રકૃતિની ઉદયાવલિકા ઉપરના પ્રથમ નિષેકમાં થોડા ગોઠવે છે. તેનાથી અસંખ્યગુણ દલિકો બીજાનિષેકમાં ગોઠવે છે. એ રીતે, પ્રથમસમયે ઉતારેલા દલિકો અંતમુહૂર્તના સમય જેટલા નિષેકોમાં ગોઠવે છે.

એ જ રીતે, બીજા, ત્રીજા વગેરે સમયમાં ઉતારેલા દલિકોને ઉદયવતી પ્રકૃતિમાં ઉદયસમયથી અને અનુદયવતી પ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમ સમયથી અંતર્મુહૂર્તના છેલ્લા સમય=છેલ્લાનિષેક સુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે. તેને **"દલરચનારૂપ ગુણશ્રેણી"** કહે છે.

જેટલા સમયમાં દલરચનારૂપ ગુણશ્રેણી થાય છે. તેટલા સમયને ગુણશ્રેણીનો **"આયામ"** કહે છે..

પ્રથમસમયે જેટલા દલિકો ભોગવાઇને નાશ પામે છે. તેનાથી બીજાસમયે અસંખ્યગુણદલિકો ભોગવાઇને નાશ પામે છે. તેનાથી ત્રીજાસમયે અસંખ્યગુણદલિકો ભોગવાઇને નાશ પામે છે. એ રીતે, ક્રમશઃ અસંખ્ય-ગુણાકારે દલિકોને ભોગવીને નાશ કરવાની ક્રિયાને **"કર્મનિર્જરારૂપ ગુણશ્રેણી"** કહે છે.

(૧) **સમ્યક્ત્વગુણશ્રેણી :-**

ઉપશમસમ્યક્ત્વને પ્રાપ્ત કરતી વખતે જીવ અપૂર્વકરણના પ્રથમ સમયે આયુષ્ય વિના બાકીની કર્મપ્રકૃતિની નિષેકરચનાના ઉપરના ભાગમાંથી અપવર્તનાકરણથી નીચે ઉતરતાં કર્મદલિકોને ઉદયવતી પ્રકૃતિના ઉદયસમયથી અને અનુદયવતી પ્રકૃતિની ઉદયાવલિકા ઉપરના પ્રથમસમયથી માંડીને **અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના કાળથી કાંઈક અધિકકાળ** સુધીના અંતર્મુહૂર્તમાં પૂર્વ પૂર્વના સમયથી [નિષેકથી] પછી પછીના સમયમાં [નિષેકમાં] ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે. તે **"સમ્યક્ત્વગુણશ્રેણી"** કહેવાય.

**ચિત્રનં૦૨૮** અને ૨૯માં બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી..

કર્મપ્રકૃતિની **અંતઃકો૦કો૦સા૦ સ્થિતિસત્તા=૧૧૦ સમય.**

**બેકરણના કાળથી કાંઈક અધિકકાળ** [દલરચનાનું અંતર્મુહૂર્ત]=**૪૪ સમય..**

**ઉદયાવલિકા**=૨ સમય

માનવામાં આવે, તો...

ઉપશમસમ્યક્ત્વને પ્રાપ્ત કરતી વખતે **દેવ** અપૂર્વકરણના પ્રથમ સમયે મિથ્યાત્વમોહનીયની **અંતઃકો૦કો૦સા૦=૧૧૦ સમય**ની સ્થિતિના ઉપરના ભાગમાંથી અપવર્તનાકરણથી અસંખ્યકર્મદલિકોને ઉતારે છે. તેમાંથી પ્રથમસમયમાં=ઉદયપ્રાપ્તનિષેકમાં થોડા દલિકોને ગોઠવે છે. તેનાથી બીજાસમયમાં=બીજાનિષેકમાં અસંખ્યગુણદલિકોને ગોઠવે છે. તેનાથી ત્રીજાસમયમાં=ત્રીજાનિષેકમાં અસંખ્યગુણદલિકોને ગોઠવે છે. એ રીતે, **બેકરણના કાળથી કાંઈક અધિકકાળ=૪૪સમય=૪૪નિષેક**માં ક્રમશઃ અસંખ્યગુણાકારે દલિકોને ગોઠવે છે અને **ચિત્રનં૦૨૯માં** બતાવ્યા મુજબ અનુદયવતીપ્રકૃતિમાં ઉદયાવલિકાની ઉપરના પ્રથમસમયમાં=**૩જાનિષેક**માં થોડા દલિકોને ગોઠવે છે. તેનાથી ૪થા નિષેકમાં અસંખ્યગુણદલિકોને ગોઠવે છે. તેનાથી **૫**મા નિષેકમાં અસંખ્યગુણદલિકોને ગોઠવે છે: એ રીતે, **બે કરણના કાળથી કાંઈક અધિકકાળ=૪૪ સમય=૪૪ નિષેકમાં** ક્રમશઃ અસંખ્યગુણાકારે દલિકોને ગોઠવે છે.

એ જ રીતે, બીજાસમયે અસંખ્યગુણદલિકોને ઉતારીને મિથ્યાત્વાદિ

ચિત્ર નં.૨૮



સમ્યક્ત્વગુણશ્રેણી
(ઉદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી)
મિથ્યાત્વની અંતઃકો૦કો૦સાગ૦= ૧૧૦ સમયની સ્થિતિસત્તા
અપૂર્વકરણવર્તીદેવ
અપવર્તનાકરણથી નીચે ઉતરતાં કર્મદલિકો
દલરચનાનું ચરમસ્થાન (ગુણશ્રેણીશીર્ષ)
દલરચનાનું અંતર્મુહૂર્ત=૪૪ સમય
બીજા સમયે દલરચનાના સ્થાનો ૪૩
પ્રથમ સમયે દલરચનાના સ્થાનો ૪૪



સમ્યક્ત્વગુણશ્રેણી
(અનુદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી)
અપૂર્વકરણવર્તીદેવ
અપવર્તનાકરણથી
નીચે ઉતરતાં કર્મદલિકો
દલરચનાનું ચરમસ્થાન
(ગુણશ્રેણીશીર્ષ)
દલરચનાનું અંતર્મુહૂર્ત=૪૨ સમય
બીજા સમયે
દલરચનાના સ્થાનો ૪૧
પ્રથમ સમયે
દલરચનાના સ્થાનો ૪૨
અનુદયવતી કર્મપ્રકૃતિની અંતઃકો૦કો૦સા૦=૧૧૦ સમયની સ્થિતિસત્તા

ચિત્ર નં.૨૯

ઉદયવતી પ્રકૃતિમાં ઉદયપ્રાપ્તબીજા નિષેકથી ૪૪ નિષેકસુધી અને અનુદયવતીપ્રકૃતિમાં **૪થા** નિષેકથી ૪૪ નિષેકસુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે. ત્રીજાસમયે અસંખ્યગુણદલિકો ઉતારીને મિથ્યાત્વાદિ ઉદયવતીપ્રકૃતિમાં ઉદયપ્રાપ્ત**૩જા નિષેકથી ૪૪** નિષેકસુધી અને અનુદયવતી પ્રકૃતિમાં **૫ થી ૪૪** નિષેકસુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે.

એ રીતે, સમ્યક્ત્વનિમિત્તકગુણશ્રેણી જ્યાં સુધી ચાલુ રહે, ત્યાં સુધી જે સમયે જેટલા દલિકોને ઉતારે છે. તે સમયે તેટલા દલિકોને ઉદયવતીપ્રકૃતિમાં ઉદયસમયથી અને અનુદયવતીપ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમસમયથી માંડીને બે કરણના કાળથી કાંઈક અધિકકાળ=૪૪ સમય=૪૪ નિષેક સુધી ગોઠવે છે. એટલે **દલરચનાના અંતર્મુહૂર્તમાંથી એક-એક સમયે એક-એક નિષેકમાં રહેલું દલિક ભોગવાઈને નાશ પામતું જાય છે. તેમ તેમ બાકી રહેલા નિષેકમાં** જ **દલરચના થાય છે.** એટલે પ્રથમસમયે ઉદયવતીમાં૪૪ નિષેકમાં અને અનુદયવતીમાં **૪૨** નિષેકમાં દલરચના થાય છે. બીજાસમયે ઉદયવતીમાં **૪૩** નિષેકમાં અને અનુદયવતીમાં **૪૧ નિષેકમાં દલરચના** થાય છે.

એ રીતે, દરેકસમયે દલરચનાના સ્થાનો ઓછા થતા જાય છે. પરંતુ અપૂર્વકરણના પ્રથમસમયે જે ૪૪મું ચરમદલરચનાનું સ્થાન હતું તે જ બીજા-ત્રીજા વગેરે સમયે પણ ચરમદલરચનાના સ્થાન તરીકે જ રહે છે. એ છેલ્લા=૪૪મા દલરચનાના સ્થાનને **"ગુણશ્રેણીનું શીર્ષ"** કહે છે.

મિથ્યાત્વગુણઠાણાની છેલ્લી બે આવલિકા બાકી રહે છે. ત્યારે મિથ્યાત્વમોહનીયની સમ્યક્ત્વનિમિત્તકગુણશ્રેણી બંધ પડે છે અને ઉપશમ-સમ્યક્ત્વ પામ્યા બાદ થોડા કાળ પછી [અંતર્મુહૂર્ત પછી] બાકીની કર્મપ્રકૃતિની સમ્યક્ત્વનિમિત્તકગુણશ્રેણી બંધ પડે છે.

### (૨) દેશવિરતિગુણશ્રેણી :-

અવિરતસમ્યગ્દૃષ્ટિજીવો દેશવિરતિ કે સર્વવિરતિની પ્રાપ્તિ માટે અને દેશવિરતિધરજીવો સર્વવિરતિને પ્રાપ્ત કરવા માટે યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણ કરે છે પણ અનિવૃત્તિકરણ કરતા નથી. કારણકે

મોહનીયની પ્રકૃતિનો ક્ષય કે ઉપશમ કરવો હોય, તો અનિવૃત્તિકરણ કરવું પડે. પણ મોહનીયની પ્રકૃતિનો ક્ષયોપશમ કરવાને માટે અનિવૃત્તિ કરણ કરવાનું હોતું નથી એટલે દેશવિરતિ કે સર્વવિરતિની પ્રાપ્તિ વખતે ક્રમશઃ અપ્રત્યાખ્યાનીય-૪નો અને પ્રત્યાખ્યાનીય-૪નો ક્ષયોપશમ કરવાનો હોવાથી અનિવૃત્તિકરણ થતું નથી.

અવિરતસમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો દેશવિરતિને પ્રાપ્ત કરવા માટે યથાપ્રવૃત્તકરણ કરીને અપૂર્વકરણમાં પ્રવેશ કરે છે. તે વખતે સ્થિતિઘાત, રસઘાત, અપૂર્વસ્થિતિબંધ શરૂ થાય છે. પણ ગુણશ્રેણી શરૂ થતી નથી. જ્યારે અવિરતસમ્યક્ત્વી તિર્યંચ-મનુષ્યો અપૂર્વકરણ પૂર્ણ કરીને દેશવિરતિને પ્રાપ્ત કરે છે ત્યારે દેશવિરતિગુણશ્રેણી શરૂ થાય છે.

દેશવિરતિધર શ્રાવક-શ્રાવિકા દેશવિરતિની પ્રાપ્તિના પ્રથમસમયે આયુષ્ય વિના બાકીની કર્મપ્રકૃતિની નિષેકરચનાના ઉપરના ભાગમાંથી અપવર્તનાકરણથી અસંખ્યકર્મદલિકો ઉતારીને ઉદયવતીકર્મપ્રકૃતિમાં ઉદય પ્રાપ્તનિષેકથી અને અનુદયવતીકર્મપ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમનિષેકથી માંડીને અંતર્મુહૂર્તના જેટલા સમય થાય તેટલા નિષેકમાં ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે. તે **"દેશવિરતિગુણશ્રેણી"** કહેવાય.

**ચિત્રનં૦૩૦માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી....
કર્મપ્રકૃતિની **અંતઃકો૦કો૦સા૦ સ્થિતિસત્તા=૧૦૦ સમય.**
**દલરચનાનું અંતર્મુહૂર્ત= ૪૦ સમય.**
**ઉદયાવલિકા= ૨ સમય**
માનવામાં આવે, તો...

**દેશવિરતિધર શ્રાવક** દેશવિરતિના પ્રથમસમયે આયુષ્ય વિના બાકીની કર્મપ્રકૃતિની **અંતઃકો૦કો૦સા૦=૧૦૦સમય**ની સ્થિતિના ઉપરના ભાગમાંથી અપવર્તનાકરણથી અસંખ્યકર્મદલિકો ઉતારીને ઉદયવતીપ્રકૃતિમાં ઉદયપ્રાપ્તનિષેકથી અને અનુદયવતીપ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમનિષેકથી=**૩જા** નિષેકથી માંડીને **અંતર્મુહૂર્ત=૪૦ સમય=૪૦નિષેક સુધી** ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે.

ચિત્ર નં.૩૦



દેશવિરતિગુણશ્રેણી
(ઉદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી)
ઉદયવતી કર્મપ્રકૃતિની અંતઃકો૦કો૦સા૦=૧૦૦ સમયની સ્થિતિસત્તા
શ્રાવક
અપવર્તનાકરણથી
નીચે ઉતરતાં કર્મદલિકો
દલરચનાનું અંતર્મુહૂર્ત=૪૦ સમય
બીજા સમયે
દલરચનાના સ્થાનો ૪૦
પ્રથમ સમયે
દલરચનાના સ્થાનો ૪૦



ચિત્ર નં. ૩૧
સર્વવિરતિગુણશ્રેણી
(ઉદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી)
અપવર્તનાકરણથી નીચે ઉતરતાં કર્મદલિકો
પ્રમત્ત સંયમી મહાત્મા
ઉદયવતી કર્મપ્રકૃતિની અંતઃકોo કોo સાo = ૯૫ સમયની સ્થિતિસત્તા
દલરચનાનું અંતર્મુહૂર્ત=૩૬ સમય
બીજા સમયે દલરચનાના સ્થાનો ૩૬
પ્રથમ સમયે દલરચનાના સ્થાનો ૩૬
ઉદયાવલિકા

એ જ રીતે, બીજાસમયે અસંખ્યગુણ કર્મદલિકોને ઉતારીને ઉદયવતીપ્રકૃતિમાં **૨થી૪૧** નિષેકમાં અને અનુદયવતીપ્રકૃતિમાં ૪થી૪૧ નિષેકમાં ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે. એ જ રીતે, ત્રીજાસમયે ઉતારેલા દલિકોને ઉદયવતીપ્રકૃતિમાં **૩થી૪૨** નિષેકમાં અને અનુદયવતી-પ્રકૃતિમાં **૫થી૪૨** નિષેકમાં ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે. એ રીતે, અંતર્મુહૂર્ત સુધી સમજવું..

**(૩) સર્વવિરતિગુણશ્રેણી :-**

સાધુ-સાધ્વીજી મહારાજ સર્વવિરતિના પ્રથમસમયે આયુષ્ય વિના બાકીની કર્મપ્રકૃતિની નિષેકરચનાના ઉપરના ભાગમાંથી અપવર્તનાકરણથી અસંખ્યકર્મદલિકો ઉતારીને ઉદયવતીપ્રકૃતિમાં ઉદય-પ્રાપ્તનિષેકથી અને અનુદયવતીપ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમનિષેકથી માંડીને અંતર્મુહૂર્તના જેટલા સમય થાય તેટલા નિષેકમાં ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે. તે **"સર્વવિરતિગુણશ્રેણી"** કહેવાય.

**ચિત્રનં૦૩૧માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી...
કર્મપ્રકૃતિની **અંતઃકો૦કો૦સા૦ સ્થિતિસત્તા= ૯૫ સમય.**
**દલરચનાનું અંતર્મુહૂર્ત= ૩૬ સમય.**
**ઉદયાવલિકા= ૨ સમય**
માનવામાં આવે, તો...

**સાધુમહારાજા** સર્વવિરતિના પ્રથમસમયે આયુષ્ય વિના બાકીની કર્મપ્રકૃતિની **અંતઃકો૦કો૦સા૦=૯૫ સમય**ની સ્થિતિના ઉપરના ભાગમાંથી અપર્વતનાકરણથી અસંખ્યદલિકો ઉતારીને ઉદયવતીપ્રકૃતિમાં ઉદયપ્રાપ્તનિષેકથી અને અનુદયવતીપ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમ-નિષેકથી=૩જા નિષેકથી માંડીને **અંતર્મુહૂર્ત=૩૬સમય=૩૬નિષેક**સુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે.

એ જ રીતે, બીજાસમયે ઉતારેલા દલિકને ઉદયવતીપ્રકૃતિમાં **૨થી૩૭** નિષેકમાં અને અનુદયવતીપ્રકૃતિમાં **૪થી૩૭** નિષેકમાં ક્રમશઃ

અસંખ્યગુણાકારે ગોઠવે છે. ત્રીજાસમયે ઉતારેલા દલિકને ઉદયવતી-પ્રકૃતિમાં **૩થી૩૮** નિષેકમાં અને અનુદયવતીપ્રકૃતિમાં **૫થી૩૮** નિષેકમાં ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે. એ રીતે અંતર્મુહૂર્ત સુધી સમજવું....

દેશવિરતિગુણશ્રેણીમાં અને સર્વવિરતિગુણશ્રેણીમાં **નિષેકરચનાના નીચેના ભાગમાંથી એક-એક સમયે એક-એક નિષેકમાં રહેલુ દલિક ભોગવાઈને નાશ પામતું જાય છે તેમ તેમ ઉપર-ઉપરના એક-એક નિષેકમાં અસંખ્યગુણાકારે દલરચનારૂપગુણશ્રેણી વધતી જાય છે.** એટલે દલરચનાના સ્થાનો ઘટતા નથી. જ્યાં સુધી દેશવિરતિગુણશ્રેણી અને સર્વવિરતિગુણશ્રેણી ચાલુ રહે છે. ત્યાં સુધી દલરચનાના સ્થાનો સરખા જ રહે છે. એટલે દેશવિરતિગુણશ્રેણીમાં દરેક સમયે ઉદયવતીપ્રકૃતિમાં ૪૦ નિષેકમાં અને અનુદયવતી પ્રકૃતિમાં ૩૮ નિષેકમાં દલરચના થાય છે.

દેશવિરતિ કે સર્વવિરતિગુણ પ્રાપ્ત થયા પછી તે જીવ અંતર્મુહૂર્ત સુધી અવશ્ય **ચઢતા પરિણામવાળો** હોય છે. ત્યારબાદ તે જીવ ચઢતા પરિણામવાળો હોય, તો સ્વપરિણામાનુસારે પૂર્વ પૂર્વથી પછી પછીના સમયે **અસંખ્યાતગુણ, સંખ્યાતગુણ, સંખ્યાતભાગાધિક** કે **અસંખ્યાત[૫૭]ભાગાધિક** દલિકોને ઉતારીને ઉદયવતીપ્રકૃતિમાં ઉદયપ્રાપ્તનિષેકથી અને અનુદયવતી-પ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમનિષેકથી માંડીને અંતર્મુહૂર્ત સુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે. જો હીનપરિણામવાળો જીવ હોય, તો સ્વપરિણામાનુસારે પૂર્વ પૂર્વથી પછી પછીના સમયે **અસંખ્યગુણહીન, સંખ્યાતગુણહીન, સંખ્યાતભાગહીન** કે **અસંખ્યાતભાગહીન** દલિકોને ઉતારીને ઉદયવતીપ્રકૃતિમાં ઉદયપ્રાપ્તનિષેકથી અને અનુદયવતીપ્રકૃતિમાં

---

(૫૭) यथाप्रवृत्तदेशसंयत यथाप्रवृत्तसर्वविरतो वा प्रवर्धमानो हीयमानः स्वभावस्थो वा भवतीत्युक्तं तत्र विशुद्ध्या वर्धमानः प्रतिसमयं पूर्वपूर्वतोऽसंख्येयगुणंसंख्येयगुणं संख्यात-भागाधिकमसंख्येभागाधिकं वा परिणामाऽनुरूपं दलिकं गृहीत्वाऽसंख्येगुणकारेण गुणश्रेणि-मारचयति । यदि सङ्क्लेशेन हीयमानपरिणामी चेत्तर्हि प्रतिसमयं पूर्वतोऽसंख्येयगुणहीनं संख्येयगुणहीनं संख्यातभागहीनमसंख्यातभागहीनं परिणामाऽनुरूपं दलिकं गृहीत्वाऽसंख्येय-गुणकारेण गुणश्रेणिमारचयति यद्यवस्थित परिणामी स्यात्तर्हि प्रतिसमयं तावदेवदलिकं गृहत्वा गुणश्रेणिमारचयति, [ **कर्मप्रकृतिगतमुपशमनाकरणम्** ગાથાનં૦૩૦]

ઉદયાવલિકા ઉપરના પ્રથમનિષેકથી અંતર્મુહૂર્ત સુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે અને જો સ્થિરપરિણામવાળો જીવ હોય, તો દરેકસમયે સરખા જ દલિકો ઉતારીને દલરચનારૂપગુણશ્રેણી કરે છે.

એ રીતે, જ્યાં સુધી દેશવિરતિગુણ અને સર્વવિરતિગુણ હોય ત્યાં સુધી દેશવિરતિગુણશ્રેણી અને સર્વવિરતિગુણશ્રેણી ચાલુ રહે છે. જ્યારે દેશવિરતિગુણ અને સર્વવિરતિગુણ ચાલ્યો જાય છે. ત્યારે દલરચનારૂપ દેશવિરતિગુણશ્રેણી અને સર્વવિરતિગુણશ્રેણી બંધ પડે છે.

## (૪) અનંતાનુબંધીવિસંયોજનાગુણશ્રેણી :-

ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિ ચારેગતિના સંજ્ઞીજીવો પર્યાપ્તાવસ્થામાં ૪થી૭ ગુણઠાણે અનંતાનુબંધીની વિસંયોજના કરતી વખતે યથાપ્રવૃત્તાદિ-૩ કરણ કરે છે. તેમાં અપૂર્વકરણના પ્રથમસમયે આયુષ્ય વિના બાકીની કર્મ-પ્રકૃતિની નિષેકરચનાના ઉપરના ભાગમાંથી અપવર્તનાકરણથી અસંખ્યકર્મ-દલિકો ઉતારીને ઉદયવતીપ્રકૃતિમાં ઉદયપ્રાપ્તનિષેકથી અને અનુદયવતી-પ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમનિષેકથી માંડીને **અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના કાળથી કાંઈક અધિકકાળે** સુધીના અંતર્મુહૂર્તના જેટલા સમય થાય તેટલા નિષેકમાં ક્રમશઃ અસંખ્યગુણાકારે કર્મદલિકોને ગોઠવે છે, તે **"અનંતાનુબંધીવિસંયોજનાગુણશ્રેણી[૫૯]"** કહેવાય.

**ચિત્રનં૦૩૨માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી...

કર્મપ્રકૃતિની **અંતઃકો૦કો૦સા૦ = ૯૦ સમય.**

**બે કરણના કાળથી કાંઈક અધિકકાળ**[દલરચનાનું અંતર્મુહૂર્ત]= **૩૨ સમય.**

**ઉદયાવલિકા= ૨ સમય**

માનવામાં આવે, તો...

(૫૮) कर्मप्रकृतिगतमुपशमनाकरणम् । ગાથાનં૦૩૧

(૫૯) અનંતાનુબંધીની વિસંયોજના ૪થી૭ ગુણઠાણે થાય છે પરંતુ સર્વવિરતિનિમિત્તક-ગુણશ્રેણીથી અનંતાનુબંધીનિમિત્તકગુણશ્રેણીમાં અસંખ્યગુણ કર્મનિર્જરા કહી છે. તેથી અપ્રમત્તસંયમી અનંતાનુબંધીવિસંયોજનાગુણશ્રેણી કરે છે. તે અહીં લેવી.... એ જ પ્રમાણે દર્શનમોહક્ષપકગુણશ્રેણીમાં સમજવું....

**ક્ષયોપશમસમ્યગ્દષ્ટિ અપ્રમત્તસંયમી** મહાત્મા અપૂર્વકરણના પ્રથમસમયે આયુષ્ય વિના બાકીની કર્મપ્રકૃતિની **અંતઃકો૦કો૦સા૦=૯૦ સમય**ની સ્થિતિના ઉપરના ભાગમાંથી અપવર્તનાકરણથી અસંખ્યકર્મદલિકો ઉતારીને ઉદયવતીપ્રકૃતિમાં ઉદયપ્રાપ્તનિષેકથી અને અનુદયવતીપ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમનિષેકથી=**૩જાનિષેકથી** માંડીને બે કરણના કાળથી કાંઇક અધિકકાળ=**૩૨સમય=૩૨નિષેક**સુધી ક્રમશઃ અસંખ્ય-ગુણાકારે ગોઠવે છે.

એ જ પ્રમાણે બીજાસમયે ઉતારેલા કર્મદલિકોને ઉદયવતીપ્રકૃતિમાં **૨થી૩૨** નિષેકમાં અને અનુદયવતીપ્રકૃતિમાં **૪થી૩૨** નિષેકમાં ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે. ત્રીજાસમયે ઉતારેલા કર્મદલિકોને ઉદયવતી પ્રકૃતિમાં **૩થી૩૨** નિષેકમાં અને અનુદયવતીપ્રકૃતિમાં **૫થી૩૨** નિષેકમાં ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે.

એ રીતે, અનિવૃત્તિકરણના અંતસુધી સમ્યક્ત્વગુણશ્રેણીની જેમ અનંતાનુબંધીની વિસંયોજનાનિમિત્તે ગુણશ્રેણી થાય છે. ત્યારપછી મહાત્મા સ્વભાવસ્થ થાય છે. તે વખતે અનંતાનુબંધીવિસંયોજનાગુણશ્રેણી બંધ પડે છે.

## (૫) દર્શનમોહક્ષપકગુણશ્રેણી :-

જિનકાલિક [જે કાળમાં તીર્થંકરભગવંત વિચરે છે. તે કાલમાં ઉત્પન્ન થયેલો] આઠથી અધિક વર્ષવાળો મનુષ્ય ૪થી૭ ગુણઠાણે દર્શનત્રિકનો ક્ષય કરવા માટે યથાપ્રવૃત્તાદિ-૩ કરણ કરે છે. તેમાં અપૂર્વ-કરણના પ્રથમસમયે આયુષ્ય વિના બાકીની કર્મપ્રકૃતિની નિષેકરચનાના ઉપરના ભાગમાંથી અપવર્તનાકરણથી અસંખ્યકર્મદલિકો ઉતારીને ઉદયવતીકર્મપ્રકૃતિમાં ઉદયસમયથી [ઉદયપ્રાપ્તનિષેકથી] અને અનુદયવતી કર્મપ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમસમયથી [પ્રથમનિષેકથી] માંડીને **અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના કાળથી કાંઇક અધિકકાળે**[૬૦] સુધીના અંતર્મુહૂર્તના જેટલા સમય થાય તેટલા નિષેકમાં ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે, તે **"દર્શનમોહક્ષપકગુણશ્રેણી"** કહેવાય.

(૬૦) कर्मप्रकृतिगतमुपशमनाकरणम् પેજનં૦૧૫૯

ચિત્ર નં.૩૨

# અનંતાનુબંધીવિસંયોજનાગુણશ્રેણી
(ઉદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી)



# દર્શનમોહક્ષપકગુણશ્રેણી
## (ઉદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી)



**ચિત્રનં૦૩૩માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી...

કર્મપ્રકૃતિની **અંતઃકો૦કો૦સા૦ = ૮૫ સમય.**

**બે કરણના કાળથી કાંઈક અધિકકાળ** [દલરચનાનું અંતર્મુહૂર્ત]= **૨૮ સમય.**

**ઉદયાવલિકા= ૨ સમય**

માનવામાં આવે, તો...

**જિનકાલિક ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિ અપ્રમત્તસંયમી** મહાત્મા અપૂર્વકરણના પ્રથમસમયે આયુષ્ય વિના બાકીની કર્મપ્રકૃતિની **અંતઃકો૦કો૦સા૦=૮૫ સમય**ની સ્થિતિના ઉપરના ભાગમાંથી અપવર્તનાકરણથી અસંખ્યદલિકો ઉતારીને ઉદયવતીપ્રકૃતિમાં ઉદયપ્રાપ્તનિષેકથી અને અનુદયવતીપ્રકૃતિમાં ઉદયાવલિકાના ઉપરના પ્રથમનિષેકથી=**૩જા** નિષેકથી માંડીને **બેકરણના કાળથી કાંઈક અધિકકાળ=૨૮ સમય=૨૮ નિષેકસુધી** ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે.

એ જ પ્રમાણે, બીજાસમયે ઉતારેલા કર્મદલિકોને ઉદયવતીપ્રકૃતિમાં **૨થી૨૮** નિષેકસુધી અને અનુદયવતીપ્રકૃતિમાં **૪થી૨૮** નિષેકસુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે. ત્રીજાસમયે ઉતારેલા કર્મદલિકોને ઉદયવતીપ્રકૃતિમાં **૩થી૨૮** નિષેકસુધી અને અનુદયવતીપ્રકૃતિમાં **૫થી૨૮** નિષેક સુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે.

એ રીતે, અનિવૃત્તિકરણના અંત સુધી સમ્યક્ત્વગુણશ્રેણીની જેમ દર્શનમોહક્ષપકગુણશ્રેણી થાય છે. ત્યારપછી તે ગુણશ્રેણી બંધ પડે છે.

## (૬) ચારિત્રમોહોપશમગુણશ્રેણી :-

શ્રેણીગતઉપશમસમ્યક્ત્વી અથવા ક્ષાયિકસમ્યક્ત્વી ચારિત્રમોહનીયની સર્વોપશમના કરવા માટે ઉપશમશ્રેણી માંડે છે. તે વખતે અપ્રમત્તગુણઠાણે યથાપ્રવૃત્તકરણ કરે છે. અપૂર્વકરણગુણઠાણે અપૂર્વકરણ કરે છે અને અનિવૃત્તિગુણઠાણે અનિવૃત્તિકરણ કરે છે. તેમાં અપૂર્વકરણગુણઠાણાના પ્રથમસમયે ઉપશમકમહાત્મા આયુષ્ય વિના બાકીની કર્મપ્રકૃતિની નિષેકરચનાના ઉપરના ભાગમાંથી અપવર્તનાકરણથી અસંખ્યકર્મદલિકો

ઉતારીને ઉદયવતીકર્મપ્રકૃતિમાં ઉદયપ્રાપ્તનિષેકથી અને અનુદયવતીપ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમનિષેકથી માંડીને **૮મા-૯મા-૧૦મા ગુણઠાણાના કાળથી કાંઈક અધિકે કાળ** સુધીના અંતર્મુહૂર્તના જેટલા સમય થાય તેટલા નિષેકમાં ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે, તે **"ચારિત્રમોહોપશમ-ગુણશ્રેણી"** કહેવાય.

**ચિત્રનં૦૩૪માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી...

કર્મપ્રકૃતિની **અંતઃ કો૦કો૦સા૦ = ૮૦ સમય.**

**૮થી૧૦ ગુણઠાણાના કાળથી કાંઈક અધિકકાળ[દલરચનાનું અંતર્મુ૦]=૨૪ સમય.**

**ઉદયાવલિકા= ૨ સમય**

માનવામાં આવે, તો...

**ઉપશમકમહાત્મા** અપૂર્વકરણના પ્રથમસમયે આયુષ્ય વિના બાકીની કર્મપ્રકૃતિની **અંતઃકો૦કો૦સા૦=૮૦ સમય**ની સ્થિતિના ઉપરના ભાગમાંથી અપવર્તનાકરણથી અસંખ્યદલિકો ઉતારીને ઉદયવતીપ્રકૃતિમાં ઉદયપ્રાપ્ત-નિષેકથી અને અનુદયવતીપ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમસમયથી= **૩જા** નિષેકથી **૮થી૧૦ ગુણઠાણાના કાળથી કાંઈક અધિકકાળ=૨૪ સમય=૨૪ નિષેક** સુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે.

એ જ પ્રમાણે, બીજાસમયે ઉતારેલા દલિકોને ઉદયવતીપ્રકૃતિમાં **૨થી૨૪** નિષેક સુધી અને અનુદયવતીપ્રકૃતિમાં **૪થી૨૪** નિષેક સુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે. ત્રીજાસમયે ઉતારેલા દલિકોને ઉદયવતીપ્રકૃતિમાં **૩થી૨૪** નિષેક સુધી અને અનુદયવતીપ્રકૃતિમાં **૫થી૨૪** નિષેક સુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે. એ રીતે, ચારિત્રમોહોપશમગુણશ્રેણી ચાલુ રહે ત્યાં સુધી સમ્યક્ત્વગુણશ્રેણીની જેમ સમજવું..

૯મા ગુણઠાણામાં છેલ્લા એક સંખ્યાતમાભાગમાં જુદા જુદા કાળે મોહનીયકર્મની પ્રકૃતિની ચારિત્રમોહોપશમગુણશ્રેણી બંધ પડે છે અને ૧૦મા ગુણઠાણાના છેલ્લાસમયે જ્ઞાનાવરણીયાદિ-૬કર્મની ચારિત્ર-મોહોપશમગુણશ્રેણી બંધ પડે છે.

---

(૬૧) कर्मप्रकृतिगतमुपशमनाकरणम् પેજનં૦૧૧૯

ચિત્ર નં.૩૪

# ચારિત્રમોહોપશમગુણશ્રેણી
(ઉદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી)



# ઉપશાંતમોહગુણશ્રેણી
## (ઉદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી)



(૭) **ઉપશાંતમોહગુણશ્રેણી :-**

ઔપશમિકયથાખ્યાતસંયમી મહાત્મા ૧૧મા ગુણઠાણાના પ્રથમ-સમયે આયુષ્ય અને મોહનીય વિના બાકીની કર્મપ્રકૃતિની નિષેકરચનાના ઉપરના ભાગમાંથી અપવર્તનાકરણથી અસંખ્યદલિકો ઉતારીને ઉદયવતી-પ્રકૃતિમાં ઉદયસમયથી અને અનુદયવતીપ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમસમયથી માંડીને **ઉપશાંતમોહ ગુણઠાણાના સંખ્યાતમાભાગ પ્રમાણ અંતર્મુહૂર્ત** સુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે, તે **"ઉપશાંતમોહ-ગુણશ્રેણી"** કહેવાય.

**ચિત્રનં૦૩૫માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી...
કર્મપ્રકૃતિની **અંતઃકો૦કો૦સા૦ સ્થિતિસત્તા=૭૫સમય.**
**દલરચનાનું અંતર્મુહૂર્ત=૨૦ સમય.**
**ઉદયાવલિકા= ૨ સમય** માનવામાં આવે, તો...

**ઔપશમિકયથાખ્યાતસંયમી** મહાત્મા ૧૧મા ગુણઠાણાના પ્રથમ-સમયે આયુષ્ય અને મોહનીય વિના બાકીની કર્મપ્રકૃતિની **અંતઃકો૦-કો૦સા૦=૭૫સમયની** સ્થિતિના ઉપરના ભાગમાંથી અપવર્તનાકરણથી અસંખ્યદલિકો ઉતારીને ઉદયવતીપ્રકૃતિમાં ઉદયપ્રાપ્તનિષેકથી અને અનુદયવતીપ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમસમયથી=**૩જા નિષેકથી** માંડીને **ઉપશાંતમોહગુણઠાણાના સંખ્યાતમાભાગ=૨૦સમય=૨૦નિષેક** સુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે.

એ જ પ્રમાણે, બીજાસમયે ઉતારેલા દલિકોને ઉદયવતીપ્રકૃતિમાં ઉદયપ્રાપ્ત બીજા નિષેકથી **૨૧** નિષેકસુધી અને અનુદયવતીપ્રકૃતિમાં **૪થી૨૧** નિષેકસુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે. એ રીતે, ૧૧મા ગુણઠાણાના છેલ્લાસમય સુધી સમજવું... ત્યારપછી ઉપશાંતમોહગુણશ્રેણી બંધ પડે છે.

ઉપશાંતમોહગુણઠાણામાં મોહનીયનો ઉદય ન હોવાથી દરેક સમયે એકસરખો જ પરિણામ હોય છે. તેથી દરેક સમયે જીવ સરખા જ કર્મદલિકોને ઉતારે છે અને દેશવિરતિગુણશ્રેણીની જેમ **દલરચનાના અંતર્મુહૂર્તમાંથી એક-એક સમયે ક્રમશઃ એક-એક નિષેક ભોગવાઈને**

નાશ પામતું જાય છે. તેમ તેમ ઉપરના એક-એક નિષેકમાં અસંખ્ય-ગુણાકારે દલરચનારૂપગુણશ્રેણી વધતી જાય છે. એટલે દરેકસમયે દલરચનાના સ્થાનો સરખા જ રહે છે.

**(૮) મોહક્ષપકગુણશ્રેણી :-**

ક્ષાયિકસમ્યક્ત્વી મહાત્માક્ષપકશ્રેણીમાં ૭મા ગુણઠાણે યથાપ્રવૃત્ત-કરણ કરે છે. ૮મા ગુણઠાણે અપૂર્વકરણ કરે છે અને ૯મા ગુણઠાણે અનિવૃત્તિકરણ કરે છે. તેમાં અપૂર્વકરણના **પ્રથમસમયે** ક્ષપકમહાત્મા આયુષ્ય વિના બાકીની કર્મપ્રકૃતિની નિષેકરચનાના ઉપરના ભાગમાંથી અપવર્તના-કરણથી અસંખ્યદલિકો ઉતારીને ઉદયવતીકર્મપ્રકૃતિમાં ઉદયપ્રાપ્તનિષેકથી અને અનુદયવતીકર્મપ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમનિષેકથી માંડીને અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના કાળથી અધિકકાળ સુધીના અંતર્મુહૂર્તના જેટલા સમય થાય તેટલા નિષેકોમાં ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે, તે **"મોહક્ષપકગુણશ્રેણી"** કહેવાય.

**ચિત્રનં૦૩૬માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી...

કર્મપ્રકૃતિની **અંતઃકો૦કો૦સા૦ સ્થિતિસત્તા = ૭૦ સમય.**

**બે કરણના કાળથી કાંઇક અધિકકાળ** [દલરચનાનું અંતર્મુહૂર્ત]= **૧૬ સમય.**

**ઉદયાવલિકા= ૨ સમય**

માનવામાં આવે, તો...

**ક્ષપકમહાત્મા** અપૂર્વકરણના પ્રથમસમયે આયુષ્ય વિના બાકીની કર્મપ્રકૃતિની **અંતઃકો૦કો૦સા૦=૭૦સમયની** સ્થિતિના ઉપરના ભાગમાંથી અપવર્તનાકરણથી અસંખ્યદલિકો ઉતારીને ઉદયવતીપ્રકૃતિમાં ઉદયપ્રાપ્ત-નિષેકથી અને અનુદયવતી પ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમસમયથી= **૩ જા** નિષેકથી માંડીને **બે કરણના કાળથી કાંઇક અધિકકાળ=૧૬ સમય=૧૬ નિષેક** સુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે.

એ જ પ્રમાણે, બીજાસમયે ઉતારેલા દલિકોને ઉદયવતીપ્રકૃતિમાં ઉદયપ્રાપ્તબીજા નિષેકથી**૧૬** નિષેકસુધી અને અનુદયવતીપ્રકૃતિમાં **૪થી૧૬** નિષેકસુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે. એ રીતે, મોહક્ષપકગુણશ્રેણી ચાલુ રહે ત્યાં સુધી સમ્યક્ત્વગુણશ્રેણીની જેમ સમજવું.

ચિત્ર નં.૩૬

# મોહક્ષપકગુણશ્રેણી
## (ઉદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી)



ચિત્ર નં.૩૭



ક્ષીણમોહગુણશ્રેણી
ઘાતીકર્મપ્રકૃતિની ગુણશ્રેણી
ઉદયવતી ઘાતીપ્રકૃતિની
અંતર્મુહૂર્ત=૨૦ સમયની સ્થિતિ
અપવર્તનાકરણથી
નીચે ઉતરતાં કર્મદલિકો
ક્ષાયિક યથાખ્યાત સંયમી
દલરચનાનું ચરમસ્થાન
દલરચનાનું અંતર્મુહૂર્ત=૧૨ સમય
બીજા સમયે
દલરચનાના સ્થાનો ૧૧
પ્રથમ સમયે
દલરચનાના સ્થાનો ૧૨
ઉદયાવલિકા




ક્ષીણમોહગુણશ્રેણી
અઘાતીકર્મપ્રકૃતિની ગુણશ્રેણી
અસંખ્યવર્ષ=૪૦ સમય
ક્ષાયિક યથાખ્યાત સંયમી
અપવર્તનાકરણથી
નીચે ઉતરતાં કર્મદલિકો
દલરચનાનું ચરમસ્થાન
દલરચનાનું અંતર્મુહૂર્ત=૧૨ સમય
બીજા સમયે
દલરચનાના સ્થાનો ૧૧
પ્રથમ સમયે
દલરચનાના સ્થાનો ૧૨
ઉદયાવલિકા

૯મા ગુણઠાણામાં જુદા જુદા કાળે મોહનીયની ઉત્તરપ્રકૃતિની અને થીણદ્ધિત્રિકાદિ-૧૬પ્રકૃતિની ગુણશ્રેણી બંધ પડે છે. ૧૦મા ગુણઠાણાનો છેલ્લો એક સંખ્યાતમોભાગ બાકી રહે છે. ત્યારે સં૦લોભની સર્વાપવર્તના થાય છે. તે વખતે સં૦લોભની ગુણશ્રેણી બંધ પડે છે અને બાકીની કર્મપ્રકૃતિની ૧૦મા ગુણઠાણાના છેલ્લાસમયે મોહક્ષપકગુણશ્રેણી બંધ પડે છે.

**(૯) ક્ષીણમોહગુણશ્રેણી :-**

ક્ષાયિકયથાખ્યાતસંયમી મહાત્મા ૧૨મા ગુણઠાણાના પ્રથમસમયે જ્ઞાનાવરણીયાદિ-૩ ઘાતીકર્મની અંતર્મુહૂર્તપ્રમાણ સ્થિતિસત્તાના ઉપરના ભાગમાંથી અને અઘાતીકર્મની અસંખ્યવર્ષપ્રમાણસ્થિતિસત્તાના ઉપરના ભાગમાંથી અપવર્તનાકરણથી અસંખ્યકર્મદલિકોને ઉતારીને ઉદયવતી પ્રકૃતિમાં ઉદયસમયથી અને અનુદયવતીપ્રકૃતિમાં ઉદયાવલિકાની ઉપરના પ્રથમ-સમયથી માંડીને **૧૨માગુણસ્થાનકથી વિશેષાધિકકાળ** સુધીના અંતર્મુહૂર્તમાં ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે, તે **"ક્ષીણમોહગુણશ્રેણી"** કહેવાય.

**ચિત્રનં૦૩૭માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી...

**ઘાતીકર્મની અંતર્મુહૂર્તપ્રમાણસ્થિતિસત્તા = ૨૦ સમય.**

**અઘાતીકર્મની અસંખ્યવર્ષપ્રમાણસ્થિતિસત્તા = ૪૦ સમય.**

૧૨મા ગુણઠાણાથી **વિશેષાધિકકાળ** [દલરચનાનું અંતર્મુહૂર્ત]= **૧૨ સમય.**

**ઉદયાવલિકા= ૨ સમય** માનવામાં આવે, તો...

**ક્ષાયિકયથાખ્યાતસંયમી** મહાત્મા ૧૨મા ગુણઠાણાના પ્રથમસમયે **ઘાતીકર્મની અંતર્મુહૂર્ત=૨૦ સમય**ની સ્થિતિસત્તાના ઉપરના ભાગમાંથી અને **અઘાતીકર્મની અસંખ્યાતવર્ષ=૪૦સમય**ની સ્થિતિસત્તાના ઉપરના ભાગમાંથી અસંખ્યકર્મદલિકો ઉતારીને ઉદયવતીપ્રકૃતિમાં ઉદયપ્રાપ્તનિષેકથી અને અનુદયવતીપ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમનિષેકથી=૩જા નિષેકથી માંડીને **૧૨મા ગુણઠાણાના કાળથી વિશેષાધિકકાળ=૧૨ સમય=૧૨ નિષેક** સુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે. એ રીતે, બીજાસમયે ઉતારેલા દલિકોને ઉદયવતીપ્રકૃતિમાં **૨થી૧૨** નિષેક સુધી અને અનુદયવતીપ્રકૃતિમાં **૪થી૧૨** નિષેક સુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે. એ રીતે, ક્ષીણમોહગુણશ્રેણી ચાલુ રહે ત્યાં સુધી સમ્યક્ત્વગુણ શ્રેણીની જેમ સમજવું.

૧૨મા ગુણઠાણાનો છેલ્લો એક સંખ્યાતમો ભાગ બાકી રહે. ત્યારે જ્ઞાનાવરણીયાદિ-૩ ઘાતીકર્મની સર્વાપવર્ત્તના થાય છે. તે વખતે ઘાતીકર્મની ગુણશ્રેણી બંધ પડે છે અને ૧૨મા ગુણઠાણાના છેલ્લાસમયે અઘાતીકર્મની ક્ષીણમોહગુણશ્રેણી બંધ પડે છે.

## (૧૦) સયોગીકેવલીગુણશ્રેણી :-

સયોગીકેવલીભગવંત સયોગીગુણઠાણાના પ્રથમસમયે આયુષ્ય વિના અઘાતીકર્મની પલ્યોપમના અસંખ્યાતમાભાગ પ્રમાણ સ્થિતિના ઉપરના ભાગમાંથી અપવર્તનાકરણથી અસંખ્યદલિકો ઉતારીને ઉદયવતીપ્રકૃતિમાં ઉદયપ્રાપ્તનિષેકથી અને અનુદયવતીપ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમનિષેકથી માંડીને અંતર્મુહૂર્તના જેટલા સમય થાય તેટલા નિષેકમાં ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે, તે **"સયોગીકેવલીગુણશ્રેણી"** કહેવાય.

**ચિત્રનં૦૩૮માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી...
**અઘાતીકર્મની પલ્યોપમનો અસંખ્યાતમોભાગ= ૨૫ સમય.**
**દલરચનાનું અંતર્મુહૂર્ત= ૮ સમય.**
**ઉદયાવલિકા= ૨ સમય** માનવામાં આવે, તો.....

સયોગીકેવલીભગવંત સયોગીગુણઠાણાના પ્રથમસમયે આયુષ્ય વિના **અઘાતીકર્મની પલ્યોપમનો અસંખ્યાતમોભાગ=૨૫ સમય**ની સ્થિતિના ઉપરના ભાગમાંથી અપવર્તનાકરણથી અસંખ્યદલિકો ઉતારીને ઉદયાવલિકામાં ઉદયપ્રાપ્તનિષેકથી અને અનુદયવતીમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમનિષેકથી=૩જા નિષેકથી માંડીને **અંતર્મુહૂર્ત=૮સમય=૮ નિષેક** સુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે.

એ જ પ્રમાણે, બીજાસમયે ઉતારેલા દલિકોને ઉદયવતીપ્રકૃતિમાં બીજા નિષેકથી ૯મા નિષેક સુધી અને અનુદયવતીપ્રકૃતિમાં **૪થી૯** નિષેકસુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે. ત્રીજાસમયે ઉતારેલા દલિકોને ઉદયવતીપ્રકૃતિમાં ૩જા નિષેકથી **૧૦**મા નિષેકસુધી અને અનુદયવતી-પ્રકૃતિમાં **પથી૧૦** નિષેકસુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવે છે. એ પ્રમાણે, આયોજિકાકરણ શરૂ ન થાય ત્યાં સુધી સમજવું.

ચિત્ર નં.૩૮



સયોગીકેવલીગુણશ્રેણી
(ઉદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી)
પલ્યોપમનો અસંo ભાગ=૨૫ સમયની સ્થિતિ
૨૫
૨૪
૨૩
૨૨
૨૧
૨૦
૧૯
૧૮
૧૭
૧૬
૧૫
૧૪
૧૩
૧૨
૧૧
૧૦
૯
૮
૭
૬
૫
૪
૩
૨
૧
ઉદયાવલિકા
સયોગીકેવલીભગવંત
અપવર્તનાકરણથી
નીચે ઉતરતાં કર્મદલિકો
દલરચનાનું અંતર્મુહૂર્ત=૮ સમય
બીજા સમયે
દલરચનાના સ્થાનો ૮
પ્રથમ સમયે
દલરચનાના સ્થાનો ૮




સયોગીકેવલીગુણશ્રેણી
અનુદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી
પલ્યોપમનો અસંo ભાગ=૨૫ સમયની સ્થિતિ
૨૫
૨૪
૨૩
૨૨
૨૧
૨૦
૧૯
૧૮
૧૭
૧૬
૧૫
૧૪
૧૩
૧૨
૧૧
૧૦
૯
૮
૭
૬
૫
૪
૩
૨
૧
ઉદયાવલિકા
સયોગીકેવલીભગવંત
અપવર્તનાકરણથી
નીચે ઉતરતાં કર્મદલિકો
દલરચનાનું અંતર્મુહૂર્ત=૬ સમય
બીજા સમયે
દલરચનાના સ્થાનો ૬
પ્રથમ સમયે
દલરચનાના સ્થાનો ૬

ચિત્ર નં. ૩૯


અયોગીકેવલીગુણશ્રેણી
પ્રથમ સમય :-
ઉદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી
અનુદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી
અંતર્મુહૂર્ત=૪ સમય
૪
૩
૨
૧
વિપાકોદયથી ભોગવાતું કર્મદલિક
પ્રદેશોદયથી ભોગવાતું કર્મદલિક
બીજો સમય :-
ઉદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી
અનુદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી
વિપાકોદયથી ભોગવાતું કર્મદલિક
પ્રદેશોદયથી ભોગવાતું કર્મદલિક
ત્રીજો સમય :-
ઉદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી
અનુદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી
વિપાકોદયથી ભોગવાતું કર્મદલિક
પ્રદેશોદયથી ભોગવાતું કર્મદલિક
ચોથો સમય :-
ઉદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી
અનુદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી
વિપાકોદયથી ભોગવાતું કર્મદલિક
પ્રદેશોદયથી ભોગવાતું કર્મદલિક

સયોગીગુણશ્રેણીમાં દરેકસમયે સયોગીકેવલીભગવંતને એક સરખો પરિણામ હોવાથી દરેક સમયે સરખા જ દલિકોને ઉતારે છે અને **દલરચનાના અંતર્મુહૂર્તમાંથી એક-એક સમયે ક્રમશઃ એક-એક નિષેકમાં રહેલું દલિક ભોગવાઈને નાશ પામતું જાય છે. તેમ તેમ ઉપર-ઉપરના એક-એક નિષેકમાં દલરચનારૂપગુણશ્રેણી વધતી જાય છે.** એટલે દરેકસમયે દલરચનાના સ્થાનો સરખા જ હોય છે. એ રીતે, આયોજિકાકરણ શરૂ ન થાય ત્યાંસુધી સમજવું....

આયોજિકાકરણ કાળમાં અયોગીકેવલીગુણશ્રેણી [દલરચનારૂપ-ગુણશ્રેણી] થાય છે. કારણ કે અયોગીકેવલીભગવંત યોગના અભાવે અપવર્તનાકરણથી દલિકોને ઉતારીને અસંખ્યગુણાકારે ગોઠવવારૂપ ક્રિયા કરતાં નથી.. એટલે અયોગીકેવલી ભગવંતને દલરચનારૂપગુણશ્રેણી થતી નથી. માત્ર કર્મનિર્જરારૂપગુણશ્રેણી થાય છે.

**(૧૧) અયોગીકેવલીગુણશ્રેણી :-**

અયોગીકેવલીભગવંત અયોગીગુણઠાણાના પ્રથમસમયે ઉદય-વતીપ્રકૃતિના ઉદયપ્રાપ્તનિષેકમાં રહેલું દલિક વિપાકોદયથી ભોગવીને નાશ કરે છે અને ઉદયવતીપ્રકૃતિના ઉદયસમયમાં, અનુદયવતીપ્રકૃતિના ઉદય-પ્રાપ્તનિષેકનું સ્તિબુકસંક્રમથી સંક્રમેલું દલિક પ્રદેશોદયથી ભોગવીને નાશ કરે છે. એ રીતે, અયોગીગુણઠાણાના છેલ્લાસમય સુધી ક્રમશઃ અસંખ્ય-ગુણાકારે **"કર્મનિર્જરારૂપ અયોગીકેવલીગુણશ્રેણી"** થાય છે.

**ચિત્રનં૦૩૯માં** બતાવ્યા મુજબ અસત્કલ્પનાથી....

**અયોગીગુણઠાણાનું અંતર્મુહૂર્ત=૪સમય માનવામાં આવે, તો...**

**પ્રથમસમયે** અયોગીકેવલીભગવંત ઉદયવતીપ્રકૃતિનું ઉદયપ્રાપ્ત પ્રથમનિષેકમાં રહેલું દલિક વિપાકોદયથી અને ઉદયવતીના ઉદયસમયમાં, અનુદયવતીનું ઉદયપ્રાપ્તપ્રથમનિષેકનું સ્તિબુકસંક્રમથી સંક્રમેલું દલિક પ્રદેશોદયથી ભોગવીને નાશ કરી રહ્યાં છે.

**બીજાસમયે** અયોગીકેવલીભગવંત ઉદયવતીપ્રકૃતિનું ઉદયપ્રાપ્ત બીજાનિષેકમાં રહેલું દલિક વિપાકોદયથી અને ઉદયવતીના ઉદયસમયમાં, અનુદયવતીપ્રકૃતિનું ઉદયપ્રાપ્તબીજાનિષેકનું સ્તિબુકસંક્રમથી સંક્રમેલું દલિક પ્રદેશોદયથી ભોગવીને નાશ કરી કહ્યાં છે.

**ત્રીજાસમયે** [દ્વિચરિમસમયે] અયોગીકેવલીભગવંત ઉદયવતીનું ઉદયપ્રાપ્ત ત્રીજાનિષેકમાં રહેલું દલિક વિપાકોદયથી અને ઉદયવતીના ઉદયસમયમાં, અનુદયવતીનું ઉદયપ્રાપ્તત્રીજાનિષેકનું સ્તિબુકસંક્રમથી સંક્રમેલું દલિક પ્રદેશોદયથી ભોગવીને નાશ કરી કહ્યાં છે.

**ચોથાસમયે** [ચરમસમયે] અયોગીકેવલીભગવંત ઉદયવતીપ્રકૃતિનું ઉદયપ્રાપ્તચોથાનિષેકમાં રહેલું દલિક વિપાકોદયથી અને ઉદયવતીના ઉદયસમયમાં, અનુદયવતીનું ઉદયપ્રાપ્તચોથાનિષેકનું સ્તિબુકસંક્રમથી સંક્રમેલું દલિક પ્રદેશોદયથી ભોગવીને નાશ કરી કહ્યાં છે.

એ રીતે, અયોગીગુણઠાણાના છેલ્લાસમયે કર્મનિર્જરારૂપગુણશ્રેણી પૂર્ણ થતાં અયોગીકેવલીભગવંત ઋજુગતિથી સિદ્ધશિલામાં પહોંચી જાય છે.

**ગુણશ્રેણીમાં કર્મનિર્જરાનું અલ્પબહુત્વ :-**

સમ્યક્ત્વગુણશ્રેણીમાં અલ્પ[અસંખ્ય]કર્મદલિકની નિર્જરા થાય છે.
તેનાથી દેશવિરતિગુણશ્રેણીમાં અસંખ્યગુણકર્મદલિકની નિર્જરા થાય છે.
તેનાથી સર્વવિરતિગુણશ્રેણીમાં અસંખ્યગુણકર્મદલિકની નિર્જરા થાય છે.
તેનાથી અનંતાનુબંધીવિસંયોજનાગુણશ્રેણીમાં અસં૦ગુણદલિકની નિર્જરા થાય છે.
તેનાથી દર્શનમોહક્ષપકગુણશ્રેણીમાં અસંખ્યગુણકર્મદલિકની નિર્જરા થાય છે.
તેનાથી ચારિત્રમોહોપશમગુણશ્રેણીમાં અસંખ્યગુણદલિકની નિર્જરા થાય છે.
તેનાથી ઉપશાંતમોહગુણશ્રેણીમાં અસંખ્યગુણકર્મદલિકની નિર્જરા થાય છે.
તેનાથી મોહક્ષપકગુણશ્રેણીમાં અસંખ્યગુણકર્મદલિકની નિર્જરા થાય છે.
તેનાથી ક્ષીણમોહગુણશ્રેણીમાં અસંખ્યગુણકર્મદલિકની નિર્જરા થાય છે.
તેનાથી સયોગીકેવલીગુણશ્રેણીમાં અસંખ્યગુણકર્મદલિકની નિર્જરા થાય છે.
તેનાથી અયોગીકેવલીગુણશ્રેણીમાં અસંખ્યગુણકર્મદલિકની નિર્જરા થાય છે.

**ગુણશ્રેણીમાં દલરચનાના સ્થાનોનું અલ્પબહુત્વ :-**

સમ્યક્ત્વગુણશ્રેણીમાં સૌથી વધુ સ્થાનોમાં દલરચના થાય છે.
તેનાથી દેશવિરતિગુણશ્રેણીમાં સંખ્યાતગુણહીન સ્થાનોમાં દલરચના થાય છે
તેનાથી સર્વવિરતિગુણશ્રેણીમાં સંખ્યાતગુણહીન સ્થાનોમાં દલરચના થાય છે
તેનાથી અનંતાનુ૦ગુણશ્રેણીમાં સંખ્યાતગુણહીન સ્થાનોમાં દલરચના થાય છે.
તેનાથી દર્શનમોહક્ષપકગુણશ્રેણીમાં સંખ્યાતગુણહીન સ્થાનોમાં દલરચના થાય છે.
તેનાથી ચારિત્રમોહોપશમગુણશ્રેણીમાં સંખ્યાતગુણહીન સ્થાનોમાં દલરચના થાય છે.
તેનાથી ઉપશાંતમોહગુણશ્રેણીમાં સંખ્યાતગુણહીન સ્થાનોમાં દલરચના થાય છે.
તેનાથી મોહક્ષપકગુણશ્રેણીમાં સંખ્યાતગુણહીન સ્થાનોમાં દલરચના થાય છે.
તેનાથી ક્ષીણમોહગુણશ્રેણીમાં સંખ્યાતગુણહીન સ્થાનોમાં દલરચના થાય છે.
તેનાથી સયોગીગુણશ્રેણીમાં સંખ્યાતગુણહીન સ્થાનોમાં દલરચના થાય છે.
તેનાથી અયોગીગુણશ્રેણીમાં સંખ્યાતગુણહીન સ્થાનોમાં દલરચના થાય છે.

અહીં પૂર્વ પૂર્વની ગુણશ્રેણીથી પછી પછીની ગુણશ્રેણીમાં જીવ ક્રમશઃ અસંખ્યગુણી નિર્જરા કરે છે. તેનું કારણ સમ્યક્ત્વ-દેશવિરતિ વગેરે ગુણો છે. એ આત્મિકગુણોના સ્થાનને **"ગુણસ્થાનક"** કહે છે. એ ગુણસ્થાનક એકવાર પ્રાપ્ત થઈને ચાલ્યુ જાય, પછી ફરીથી બીજીવાર કેટલા કાળે પ્રાપ્ત થાય છે? એ જણાવવા માટે ગ્રન્થકાર ભગવંત ગુણસ્થાનોમાં **"અંતરકાળ"** [વિરહકાળ] કહી રહ્યાં છે.

ગુણસ્થાનોમાં અંતરકાળ :-

**पलियासंखंसमुहू सासणइयरगुण अंतरं हस्सं ।**
**गुरु मिच्छी बे छसट्ठी इयरगुणे पुग्गलद्धंतो ॥८४॥**

पल्यासङ्ख्यांशोऽन्तर्मुहूर्तम्, सास्वादनेतरगुणानामन्तरं ह्रस्वम् ।
गुरु मिथ्यात्वे द्वे षट्षष्टी इतरगुणे पुद्गलार्द्धान्ताः ॥८४॥

**ગાથાર્થ :- સાસ્વાદનગુણસ્થાનકનો અંતરકાળ જઘન્યથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે અને બીજા [મિથ્યાત્વાદિ-૧૦] ગુણસ્થાનકનો અંતરકાળ જઘન્યથી અંતર્મુહૂર્ત છે. તથા મિથ્યાત્વનો અંતરકાળ ઉત્કૃષ્ટથી બે છાસઠ [૧૩૨] સાગરોપમ છે અને બીજા [સાસ્વાદનાદિ-૧૦] ગુણસ્થાનકનો અંતરકાળ અર્ધપુદ્ગલપરાવર્ત છે.**

**વિવેચન :-** કોઈપણ જીવ જે ગુણસ્થાનકને છોડીને બીજા-ગુણઠાણે ગયા પછી ફરીથી તે ગુણસ્થાનકને જેટલા કાળે પ્રાપ્ત કરે છે. તેટલા કાળને **"ગુણસ્થાનકનો અંતરકાળ"** [વિરહકાળ] કહે છે. દા૦ત૦ **अ** નામનો જીવ સમ્યક્ત્વગુણઠાણુ છોડીને મિથ્યાત્વે આવ્યા પછી ફરીથી અંતર્મુહૂર્તકાળે સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. તે અંતર્મુહૂર્તકાળને સમ્યક્ત્વગુણઠાણાનો અંતરકાળ કહે છે.

**સાસ્વાદનગુણઠાણાનો જઘન્ય અંતરકાળ :-**

કોઈપણ જીવ સાસ્વાદનગુણઠાણુ છોડીને મિથ્યાત્વે આવ્યા પછી ઓછામાં ઓછો પલ્યોપમનો અસંખ્યાતમોભાગ જેટલો કાળ ગયા પછી ફરીથી સાસ્વાદનગુણઠાણુ પ્રાપ્ત કરી શકે છે. કારણ કે સાદિમિથ્યાદૃષ્ટિને જ્યાંસુધી સ૦મો૦ અને મિશ્રમો૦ની સત્તા હોય છે. ત્યાં સુધી ઉપશમ-સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકતો નથી અને ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા વિના સાસ્વાદનગુણઠાણે આવી શકતો નથી. એટલે સાદિમિથ્યાદૃષ્ટિજીવ પલ્યોપમના અસંખ્યાતમાભાગ જેટલા કાળે સ૦મો૦ અને મિશ્રમોહનીયને સંપૂર્ણ ઉવેલીને મોહનીયની ૨૬ની સત્તાવાળો થયા પછી યથાપ્રવૃત્તાદિ-૩ કરણ કરીને ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી સાસ્વાદનગુણઠાણે આવી શકે છે. તેથી કોઈપણ જીવને સાસ્વાદનગુણઠાણાથી પડીને મિથ્યાત્વગુણઠાણે આવ્યા પછી ઓછામાં ઓછા પલ્યોપમના અસંખ્યાતમાભાગ જેટલા કાળે ફરીથી સાસ્વાદનગુણઠાણુ પ્રાપ્ત થાય છે. તેથી સાસ્વાદનગુણઠાણાનો અંતરકાળ જઘન્યથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કહ્યો છે.

**શંકા:- ઉપશમશ્રેણીથી પડીને સાસ્વાદનગુણઠાણે આવેલો મનુષ્ય અંતર્મુહૂર્ત પછી ફરીથી ઉપશમશ્રેણી પર ચઢે છે. પછી ત્યાંથી**

**પડીને ફરીથી સાસ્વાદનગુણઠાણે આવે છે. એટલે સાસ્વાદનગુણઠાણાનો અંતરકાળ જઘન્યથી અંતર્મુહૂર્ત જ થાય છે. તો પલ્યોપમનો અસંખ્યાતમોભાગ કેમ કહો છો?**

**સમાધાન** :- ઉપશમસમ્યક્ત્વ પામ્યા પછી સાસ્વાદનગુણઠાણે ચારેગતિના જીવો આવી શકે છે. તથા ગ્રન્થિભેદજન્ય ઉપશસમ્યક્ત્વ ભવચક્રમાં અનેકવાર પામી શકે છે અને ઉપશમશ્રેણીથી પડીને સાસ્વાદન-ગુણઠાણે આવેલો મનુષ્ય અંતર્મુહૂર્ત પછી ફરીથી ઉપશમશ્રેણી પર ચઢ્યા પછી ત્યાંથી પડીને સાસ્વાદનગુણઠાણે આવે, એવું ભવચક્રમાં બે જ વાર બની શકે છે અને મનુષ્યગતિમાં જ સંભવે છે. એટલે સાસ્વાદનગુણઠાણાના અંતર્મુહૂર્ત પ્રમાણ જ૦અંતરકાળની અલ્પસંભાવના હોવાથી તેની વિવક્ષા કરવામાં આવી નથી.

**૧૦ ગુણઠાણાનો જઘન્યઅંતરકાળ:-**

મિથ્યાત્વ અને મિશ્રાદિ-૯ ગુણઠાણે રહેલા જીવો પોતપોતાનું ગુણઠાણુ છોડીને બીજાગુણઠાણે ગયા પછી જઘન્યથી અંતર્મુહૂર્તકાળે પાછા પોતપોતાના તે તે ગુણઠાણે આવી શકે છે. તેથી **મિથ્યાત્વ** અને **મિશ્રાદિ-૯ ગુણઠાણાનો અંતરકાળ જઘન્યથી અંતર્મુહૂર્ત** કહ્યો છે.

જેમ કે, મિથ્યાદૃષ્ટિજીવ મિશ્રાદિગુણઠાણે જઘન્યથી અંતર્મુહૂર્તકાળ રહીને પાછો મિથ્યાત્વે આવી જાય છે. એટલે મિથ્યાત્વનો અંતરકાળ-જઘન્યથી અંતર્મુહૂર્ત છે.

મિશ્રદૃષ્ટિજીવ સમ્યક્ત્વગુણઠાણે કે મિથ્યાત્વગુણઠાણે જઘન્યથી અંતર્મુહૂર્તકાળ રહીને પાછો મિશ્રગુણઠાણે આવી શકે છે. તેથી મિશ્ર-ગુણઠાણાનો અંતરકાળ જઘન્યથી અંતર્મુહૂર્ત છે.

એ જ પ્રમાણે, સમ્યક્ત્વ, દેશવિરતિ, પ્રમત્ત, અપ્રમત્તગુણઠાણાનો અંતરકાળ જઘન્યથી અંતર્મુહૂર્ત છે.

**શાસ્ત્ર**માં કહ્યું છે કે, **એકજીવ એકભવમાં વધુમાં વધુ બે વાર ઉપશમશ્રેણી માંડી શકે છે** એટલે કોઈક મનુષ્ય ઉપશમશ્રેણી પર ચઢ્યા

પછી ત્યાંથી નીચે ઉતરતાં ક્રમશઃ એક એક ગુણઠાણાને સ્પર્શ કરતો કરતો સમ્યક્ત્વગુણઠાણે આવ્યા પછી મિશ્રગુણઠાણાને છોડીને મિથ્યાત્વગુણઠાણે આવે છે. ત્યાં અંતર્મુહૂર્તકાળ રહીને ફરીથી ઉપશમશ્રેણી માંડીને ૧૧મા ગુણઠાણા સુધી જાય છે. તે વખતે મિશ્ર અને સાસ્વાદનને છોડીને બાકીના ગુણઠાણાનો અંતરકાળ જઘન્યથી અંતર્મુહૂર્ત ઘટે છે.

સાસ્વાદનગુણઠાણાનો અંતરકાળ પહેલા કહી દીધો છે અને **ઉપશમશ્રેણીથી પડતો જીવ મિશ્રગુણઠાણે જતો નથી.** એટલે શ્રેણીમાં સાસ્વાદન અને મિશ્રગુણઠાણાને છોડીને બાકીના દરેક ગુણઠાણાનો જઘન્યથી અંતરકાળ અંતર્મુહૂર્ત કહ્યો છે.

**મિથ્યાત્વગુણઠાણાનો ઉત્કૃષ્ટઅંતરકાળ :-**

કોઈક મિથ્યાદષ્ટિજીવ વિશુદ્ધિના વશથી મિથ્યાત્વગુણઠાણાને છોડીને સમ્યક્ત્વગુણઠાણે આવે છે. ત્યાં ૬૬ સાગરોપમસુધી ક્ષયોપશમ સમ્યક્ત્વ-ભાવમાં રહીને મિશ્રગુણઠાણે આવે છે. ત્યાં અંતર્મુહૂર્તકાળ રહીને ફરીથી સમ્યક્ત્વગુણઠાણે આવે છે. ત્યાં ફરીથી ૬૬ સાગરોપમસુધી ક્ષયોપશમ-સમ્યક્ત્વભાવમાં રહે છે. ત્યારપછી તે જીવ મોક્ષમાં જાય અથવા મિથ્યાત્વે આવે છે...એટલે એકવાર મિથ્યાત્વગુણઠાણાને છોડી દીધા પછી ઉત્કૃષ્ટથી-૧૩૨ સાગરોપમ પછી ફરીથી મિથ્યાત્વગુણઠાણુ પ્રાપ્ત થઈ શકે છે. તેથી **મિથ્યાત્વગુણઠાણાનો અંતરકાળ ઉત્કૃષ્ટથી ૧૩૨ સાગરોપમ** કહ્યો છે.

**૧૦ ગુણઠાણાનો ઉત્કૃષ્ટઅંતરકાળ :-**

સાસ્વાદનગુણઠાણાથી માંડીને ઉપશાંતમોહગુણઠાણા સુધીના દરેક ગુણઠાણાનો અંતરકાળ ઉત્કૃષ્ટથી કાંઈકન્યૂન અર્દ્ધપુદ્ગલપરાવર્ત છે. કારણકે સાસ્વાદનાદિ-૧૦ ગુણઠાણામાંથી કોઈપણ ગુણઠાણેથી પડીને મિથ્યાત્વે આવેલો જીવ વધુમાં વધુ કાંઈક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્ત સુધી સંસારમાં ભટકે છે. ત્યારપછી તે જીવ અવશ્ય ઉપરના ગુણઠાણે જાય છે. તેથી **સાસ્વાદનાદિ-૧૦ ગુણઠાણાનો અંતરકાળ ઉત્કૃષ્ટથી દેશોન અર્દ્ધપુદ્ગલ-પરાવર્ત** કહ્યો છે.

**ક્ષીણમોહાદિ**-૩ ગુણઠાણાનો અંતરકાળ હોતો નથી. કારણ કે તે ગુણસ્થાનક એક જ વાર પ્રાપ્ત થાય છે. ફરીથી પ્રાપ્ત થતાં નથી એટલે તે ગુણસ્થાનકનો જઘન્ય કે ઉત્કૃષ્ટ અંતરકાળ ન હોય.

સાસ્વાદનગુણઠાણાનો જઘન્યઅંતરકાળ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કહ્યો પણ તેમાં પલ્યોપમ કોને કહેવાય? એ શંકાનું સમાધાન ગ્રન્થકાર ભગવંત કરી રહ્યાં છે.

પલ્યોપમનું સ્વરૂપ અને ઉપયોગિતા :-

**उद्धार अद्ध खित्तं, पलिय तिहा समयवाससयसमए ।**
***केसवहारो दीवो-दहि आउतसाइपरिमाणं ॥ ८५ ॥***

*उद्धारं अद्धा क्षेत्रं पलियं त्रिधा समयवर्षशतसमये ।*
*केशापहारो द्वीपोदध्यायुस्त्रसादिपरिमाणम् ॥८५॥*

**ગાથાર્થ :- પલ્યોપમ-૩ પ્રકારે છે. (૧) ઉદ્ધારપલ્યોપમ (૨) અદ્ધાપલ્યોમ (૩) ક્ષેત્રપલ્યોપમ....ઉદ્ધારપલ્યોપમમાં પ્રતિસમયે એક-એક વાલાગ્રને બહાર કાઢે છે અને તેનાથી દ્વીપ-સમુદ્રની ગણતરી થાય છે. અદ્ધાપલ્યોપમમાં સો-સો વર્ષે એક- એક વાલાગ્રને બહાર કાઢે છે અને તેનાથી જીવોના આયુષ્યની ગણતરી થાય છે. તથા ક્ષેત્રપલ્યોપમમાં પ્રતિસમયે વાલાગ્રને સ્પર્શેલા અને નહીં સ્પર્શેલા એક-એક આકાશપ્રદેશને બહાર કાઢે છે અને તેનાથી ત્રસાદિજીવોની સંખ્યા ગણાય છે.**

**વિવેચન :- પલ્ય=અનાજ ભરવાનો ગોળાકાર પ્યાલો...**

વાંસની ચીપોથી મોટી સાદડી બનાવીને ગોળાકારે ઉભી કરીને અંદર ધાન્યાદિ ભરે છે એને પ્યાલો કહે છે.

**એ પ્યાલાની ઉપમાવાળો જે કાળ છે. તે પલ્યોપમ કહેવાય.**

પલ્યોપમ-૩ પ્રકારે છે. (૧) ઉદ્ધારપલ્યોપમ (૨) **અદ્ધાપલ્યોપમ** (૩) **ક્ષેત્રપલ્યોપમ**...તે દરેક બે- બે પ્રકારે છે. (૧) બાદર અને (૨) સૂક્ષ્મ....

(૧) બાદર ઉદ્ધારપલ્યોપમ :-

અનંતપરમાણુ = ૧ ત્રસરેણુ
૮ ત્રસરેણુ = ૧ રથરેણુ
૮ રથરેણુ = ૧ વાલાગ્ર
૮ વાલાગ્ર = ૧ લિક્ષા[લીખ]
૮ લિક્ષા = ૧ યૂકા [જૂં]
૮ યૂકા = ૧ યવ
૮ યવ = ૧ ઉત્સેધ અંગુલ
૨૪ ઉત્સેધ અંગુલ = ૧ હાથ
૪ હાથ = ૧ ધનુષ
૨૦૦૦ ધનુષ = ૧ ગાઉ
**૪ ગાઉ = ૧ ઉત્સેધાંગુલનું યોજન** થાય...

ઉત્સેધાંગુલના માપથી ૧ યોજન લાંબો, ૧ યોજન પહોળો, ૧ યોજન ઉંડો અને કાંઈકન્યૂન ૩$\frac{૧}{૬}$ યોજન પરિધિવાળા ગોળાકાર પ્યાલા [કૂવા]ની કલ્પના કર્યા બાદ(૬૨) મસ્તક મુંડાવ્યા પછી એકદિવસથી માંડીને વધુમાં વધુ ૭ દિવસ સુધી જેવડો વાળ ઉગે તેવડો વાલાગ્રથી તે કૂવો એવો ઠાંસી ઠાંસીને ભરવો કે, તેના ઉપરથી ચક્રવર્તીની સેના ચાલી જાય. તો પણ ખાડો ન પડે પછી તે કૂવામાંથી એક-એક સમયે એક-એક વાલાગ્રને બહાર કાઢતાં જેટલા કાળે તે કૂવો સંપૂર્ણ ખાલી થાય તેટલા કાળને **"બાદરઉદ્ધારપલ્યોપમ"** કહે છે.

**૧૦ કોડાકોડી બાદરઉદ્ધારપલ્યોપમ=૧ બાદરઉદ્ધારસાગરોપમ** થાય.

(૨) **સૂક્ષ્મઉદ્ધારપલ્યોપમ** :-

બાદરઉદ્ધારપલ્યોપમને સમજાવવા માટે કૂવામાં જે વાલાગ્ર ભર્યા છે. તેમાંના એક-એક વાલાગ્રના અસંખ્ય-અસંખ્ય ટુકડા કરીને કૂવો ભરવો.

---

(૬૨) मुंडिते शिरसि एकेह्ना द्वाभ्यामहोभ्यां यावत् उत्कर्षतः सप्तभिरहोभिः परूढानि.. [સ્વોપજ્ઞટીકા]

દ્રવ્યની અપેક્ષાએ તે વાળનો ટુકડો એવો સૂક્ષ્મ હોય છે કે, અંત્યત-વિશુદ્ધ આંખોવાળો છદ્મસ્થજીવ પોતાની આંખોથી જે સૂક્ષ્મપુદ્ગલદ્રવ્યને ન દેખી શકે, તેનાથી પણ અસંખ્યાતમાભાગ જેવડો તે વાળનો ટુકડો હોય છે.

ક્ષેત્રની અપેક્ષાએ તે વાળનો ટુકડો સૂક્ષ્મપનકનું [સૂક્ષ્મનિગોદનું] શરીર જેટલી જગ્યામાં રહે છે. તેનાથી અસંખ્યાતગુણી જગ્યામાં રહે છે. કેટલાક આચાર્ય ભગવંત કહે છે કે તે વાળનો ટુકડો બાદરપર્યાપ્ત પૃથ્વીકાયના શરીર જેવડો હોય છે.

એવા વાલાગ્રથી કૂવો ઠાંસી ઠાંસીને ભરી દીધા પછી તે કૂવામાંથી એક-એક સમયે એક-એક વાલાગ્રને બહાર કાઢતાં જે સંખ્યાતક્રોડવર્ષે તે કૂવો સંપૂર્ણ ખાલી થાય છે. તેટલા કાળને સૂક્ષ્મઉદ્ધારપલ્યોપમ કહે છે.

**૧૦કોડાકોડી સૂક્ષ્મઉદ્ધારપલ્યોપમ=૧સૂક્ષ્મઉદ્ધારસાગરોપમ** થાય..

સૂક્ષ્મઉદ્ધારસાગરોપમથી તિર્ચ્છાલોકમાં રહેલા દ્વીપસમુદ્રોની ગણતરી થાય છે અઢીસૂક્ષ્મઉદ્ધારસાગરોપમ[૨૫કોડાકોડી પલ્યોપમ]ના જેટલા સમય થાય તેટલા દ્વીપ-સમુદ્રો તિર્ચ્છાલોકમાં છે.

**(૩) બાદરઅદ્ધાપલ્યોપમ :-**

બાદરઉદ્ધારપલ્યોપમને સમજાવવા માટે કૂવામાં જે વાલાગ્ર ભર્યા છે. તેમાંથી સો-સો વર્ષે એક-એક વાલાગ્રને બહાર કાઢતાં જેટલા સંખ્યાતક્રોડવર્ષે તે કૂવો ખાલી થાય. તેટલા કાળને બાદરઅદ્ધાપલ્યોપમ કહે છે.

**૧૦કોડાકોડી બાદરઅદ્ધાપલ્યોપમ=૧બાદરઅદ્ધાસાગરોપમ** થાય..

**(૪) સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ :-**

સૂક્ષ્મઉદ્ધારપલ્યોપમને સમજાવવા માટે કૂવામાં જે વાલાગ્ર ભર્યા છે. તેમાંથી સો-સો વર્ષે એક- એક વાલાગ્રને બહાર કાઢતાં અસંખ્યક્રોડવર્ષે તે કૂવો ખાલી થાય છે. તેટલા કાળને સૂક્ષ્મઅદ્ધાપલ્યોપમ કહે છે.

**૧૦કોડાકોડી સૂક્ષ્મઅદ્ધાપલ્યોપમ =૧ સૂક્ષ્મઅદ્ધાસાગરોપમ** થાય.
**૧૦કોડાકોડી સૂક્ષ્મઅદ્ધાસાગરોપમ =૧ અવસર્પિણી થાય.**
**૧૦કોડાકોડી સૂક્ષ્મઅદ્ધાસાગરોપમ =૧ ઉત્સર્પિણી થાય.**

સૂક્ષ્મઅદ્ધાપલ્યોપમ અને સૂક્ષ્મઅદ્ધાસાગરોપમથી દેવ-મનુષ્ય-તિર્યંચ-નારકોનું આયુષ્ય અને કર્મોની સ્થિતિ વગેરેની ગણતરી થાય છે.

**(૫) બાદરક્ષેત્રપલ્યોપમ :-**

બાદરઉદ્ધારપલ્યોપમને સમજાવવા માટે કૂવામાં જે વાલાગ્ર ભર્યા છે. તે વાલાગ્રને સ્પર્શેલા આકાશપ્રદેશમાંથી એક-એક સમયે એક-એક આકાશપ્રદેશને બહાર કાઢતાં જેટલો સમય થાય તેટલા કાળને બાદરક્ષેત્રપલ્યોપમ કહે છે.

કૂવામાં વાલાગ્રને સ્પર્શીને રહેલા સંપૂર્ણ આકાશપ્રદેશને બહાર કાઢતાં અસંખ્ય અવસર્પિણી-ઉત્સર્પિણી [અસંખ્યકાળચક્ર] લાગે છે.

**(૬) સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમ :-**

સૂક્ષ્મઉદ્ધારપલ્યોપમને સમજાવવા માટે કૂવામાં જે વાલાગ્ર ભર્યા છે. તે વાલાગ્રને સ્પર્શેલા અને નહીં સ્પર્શેલા આકાશપ્રદેશોમાંથી એક-એક સમયે એક-એક આકાશપ્રદેશને બહાર કાઢતાં જેટલા કાળે, સ્પર્શેલા અને નહીં સ્પર્શેલા સર્વે આકાશપ્રદેશો બહાર નીકળે છે તેટલા કાળને સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમ કહે છે.

**૧૦કોડાકોડી સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમ= ૧ સૂક્ષ્મક્ષેત્રસાગરોપમ** થાય.

કૂવામાં વાલાગ્ર ઠાંસી ઠાંસીને ભરેલા હોવા છતાં પણ એક વાલાગ્રથી બીજા વાલાગ્રની વચ્ચે સૂક્ષ્મ અંતર હોય છે. તેમાં અસ્પૃષ્ટ આકાશપ્રદેશો હોય છે. અને વાલાગ્ર પોતે ઔદારિક પુદ્‌ગલસ્કંધ હોવાથી અનેક છિદ્રવાળો હોય છે. એ છિદ્રમાં પણ અસ્પૃષ્ટ આકાશપ્રદેશ હોય છે. એટલે સ્પૃષ્ટ આકાશપ્રદેશથી અસ્પૃષ્ટ આકાશપ્રદેશ અસંખ્યગુણ છે. તેથી બાદરક્ષેત્રપલ્યોપમથી સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમ અસંખ્યગુણ છે.

**શંકા :- કૂવામાં વાલાગ્રને સ્પર્શેલા અને નહીં સ્પર્શેલા આકાશપ્રદેશને બહાર કાઢવાનું કહો કે કૂવામાં રહેલા સંપૂર્ણ આકાશપ્રદેશને બહાર કાઢવાનું કહો બન્ને એક જ વાત છે. એટલે વાલાગ્રનું કથન જરૂરી નથી...**

**સમાધાન :-** દૃષ્ટિવાદમાં કેટલાક દ્રવ્યોની સંખ્યા સ્પર્શેલા *આકાશપ્રદેશથી મપાય છે. તો કેટલાક દ્રવ્યોની સંખ્યા નહીં સ્પર્શેલા* આકાશપ્રદેશથી મપાય છે. એટલે કૂવામાં વાલાગ્રનું કહેવું જરૂરી છે.

સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમથી ત્રસાદિ જીવોની ગણતરી કરાય છે. આદિ શબ્દથી પૃથ્વીકાય-અપ્કાય-તેઉકાય-વાઉકાય-વનસ્પતિકાયવાળા જીવોની ગણતરી કરાય છે.

અહીં સૂક્ષ્મઉદ્ધારાદિપલ્યોપમ અને સૂક્ષ્મઉદ્ધારાદિસાગરોપમ સહેલાઈથી સમજાઈ જાય, એ હેતુથી બાદરઉદ્ધારાદિપલ્યોપમ અને બાદરઉદ્ધારાદિસાગરોપમ કહ્યાં છે. એ સિવાય બાદરઉદ્ધારાદિપલ્યોપમને કહેવાનું બીજુ કોઈ કારણ નથી.

સાસ્વાદનાદિગુણઠાણાનો ઉત્કૃષ્ટઅંતરકાળ અર્દ્ધપુદ્ગલપરાવર્ત કહ્યો છે. તેમાં પુદ્ગલપરાવર્ત કોને કહેવાય? એ ગ્રન્થકાર ભગવંત કહે છે.

પુદ્ગલપરાવર્તના ભેદ અને માપ :-

**दव्वे खित्ते काले भावे चउह दुह बायरो सुहुमो ।**
**होइ अणंतुस्सप्पिणि-परिमाणो पुग्गलपरट्टो ॥८६॥**

द्रव्ये क्षेत्रे काले भावे चतुर्धा द्वेधा बादरः सूक्ष्मः ।
भवत्यनन्तोत्सर्पिणीपरिमाणः पुद्गलपरावर्तः ॥८६॥

**ગાથાર્થ :- પુદ્ગલપરાવર્ત-૪ પ્રકારે છે. (૧) દ્રવ્ય (૨) ક્ષેત્ર (૩) કાળ અને (૪) ભાવ...એ દરેક પણ બાદર અને સૂક્ષ્મ એ બે પ્રકારે છે. તથા પુદ્ગલપરાવર્તનો કાળ અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી છે.**

**વિવેચન :-** જેટલા કાળમાં એકજીવ ચૌદરાજરૂપ લોકમાં રહેલા સંપૂર્ણ પુદ્ગલદ્રવ્યોને ગ્રહણ કરીને ઔદારિકશરીરાદિરૂપે પરિણમાવીને મૂકે છે. તેટલા કાળને **"પુદ્ગલપરાવર્ત"** કહેવાય. તે-૪ પ્રકારે છે.

(૧) દ્રવ્યપુદ્ગલપરાવર્ત (૨) ક્ષેત્રપુદ્ગલપરાવર્ત (૩) કાળપુદ્ગલપરાવર્ત (૪) ભાવપુદ્ગલપરાવર્ત...એ દરેક-૨ પ્રકારે છે. (૧) બાદર અને (૨) સૂક્ષ્મ...

(૧) બાદરદ્રવ્યપુદ્ગલપરાવર્ત (૨) સૂક્ષ્મદ્રવ્યપુદ્ગલપરાવર્ત
(૩) બાદરક્ષેત્રપુદ્ગલપરાવર્ત (૪) સૂક્ષ્મક્ષેત્રપુદ્ગલપરાવર્ત
(૫) બાદરકાળપુદ્ગલપરાવર્ત (૬) સૂક્ષ્મકાળપુદ્ગલપરાવર્ત
(૭) બાદરભાવપુદ્ગલપરાવર્ત (૮) સૂક્ષ્મભાવપુદ્ગલપરાવર્ત

દરેક પુદ્ગલપરાવર્તનો કાળ અનંતઉત્સર્પિણી-અવસર્પિણી છે.

(1) જેમાં સમયે સમયે જીવનું શરીર અને આયુષ્યનું પ્રમાણાદિકની અપેક્ષાએ વૃદ્ધિ અનુભવાય છે, તે ઉત્સર્પિણી કહેવાય.

(૨) જેમાં સમયે સમયે જીવનું શરીર અને આયુષ્યનું પ્રમાણાદિકની અપેક્ષાએ હાનિ અનુભવાય છે, તે અવસર્પિણી કહેવાય.

દ્રવ્યપુદ્ગલપરાવર્તનું સ્વરૂપ :-

**उरलाइसत्तगेणं एगजिओ मुअइ फुसिअ सव्वअणू ।**
**जत्तिअकालि स थूलो दव्वे सुहुमो सगन्नयरा ॥८७॥**

औदारिकादिसप्तकेन एकजीवो मुञ्चति स्पृष्ट्वा सर्वाणून् ।
यावता कालेन स स्थूलो द्रव्ये सूक्ष्मः सप्तकान्यतरेण ॥८७॥

**ગાથાર્થ :- એકજીવને લોકમાં રહેલા સંપૂર્ણ પરમાણુને ઔદારિકાદિ સાતવર્ગણારૂપે પરિણમાવીને મૂક્તાં જેટલો કાળ લાગે છે. તેટલા કાળને બાદરદ્રવ્યપુદ્ગલપરાવર્ત કહે છે અને એક જીવને લોકમાં રહેલા સંપૂર્ણ પરમાણુને ઔદારિકાદિ સાત વર્ગણામાંથી કોઇ પણ એક વર્ગણારૂપે પરિણમાવીને મૂક્તાં જેટલો કાળ લાગે છે. તેટલા કાળને સૂક્ષ્મદ્રવ્યપુદ્ગલપરાવર્ત કહે છે.**

**વિવેચન :-** જેટલા કાળમાં સંસારમાં ભટકતો કોઇપણ એક જીવ અનેકભવો દ્વારા લોકમાં રહેલા સંપૂર્ણ પુદ્ગલોને આહારક વિના ઔદારિકાદિ-૭ વર્ગણારૂપે પરિણમાવીને મૂકે છે. તેટલા કાળને **"બાદરદ્રવ્ય-પુદ્ગલપરાવર્ત"** કહે છે.

દાОતО જેટલા કાળમાં **अ** નામનો જીવ સંપૂર્ણ લોકમાં રહેલા પુદ્‌ગલોને ઔદારિકશરીર, વૈક્રિયશરીર, તૈજસશરીર કાર્મણશરીર, ભાષા, શ્વાસોચ્છ્‌વાસ અને મનરૂપે પરિણમાવીને મૂકે, તેટલા કાળને બાદરદ્રવ્યપુદ્‌ગલપરાવર્ત કહે છે.

**સૂક્ષ્મદ્રવ્યપુદ્‌ગલપરાવર્ત :-**

જેટલા કાળમાં સંસારમાં ભટકતો કોઈપણ એકજીવ લોકમાં રહેલા સંપૂર્ણ પુદ્‌ગલદ્રવ્યને **ઔદારિકશરીરાદિ-૭માંથી** કોઈપણ એક શરીરાદિરૂપે પરિણમાવીને મૂકે, તેટલા કાળને **"સૂક્ષ્મદ્રવ્યપુદ્‌ગલપરાવર્ત"** કહે છે.

દાОતО (૧) જેટલા કાળમાં સંસારમાં ભટકતો **अ** નામનો જીવ લોકમાં રહેલા સર્વે પુદ્‌ગલોને ઔદારિકશરીરરૂપે પરિણમાવીને મૂકે, તેટલા કાળને **"ઔદારિકસૂક્ષ્મપુદ્‌ગલપરાવર્ત"** કહે છે.

અહીં **अ** નામનો જીવ લોકમાં રહેલા સર્વે પુદ્‌ગલોને ઔદારિક-શરીરરૂપે પરિણમાવીને મૂકી રહ્યો છે. તે વખતે વચ્ચે વચ્ચે વૈક્રિયાદિ પુદ્‌ગલોનું ગ્રહણ-પરિણમન થાય છે. પણ તેની ગણતરી ન કરાય.

(૨) જેટલા કાળમાં સંસારમાં ભટકતો **ब** નામનો જીવ લોકમાં રહેલા સર્વે પુદ્‌ગલોને વૈક્રિયશરીર રૂપે પરિણમાવીને મૂકે, તેટલા કાળને **"વૈક્રિયસૂક્ષ્મપુદ્‌ગલપરાવર્ત"** કહે છે.

(૩) જેટલા કાળમાં સંસારમાં ભટકતો **क** નામનો જીવ લોકમાં રહેલા સર્વે પુદ્‌ગલોને તૈજસશરીર રૂપે પરિણમાવીને મૂકે, તેટલા કાળને **"તૈજસસૂક્ષ્મપુદ્‌ગલપરાવર્ત"** કહે છે.

એ જ રીતે, (૪) **કાર્મણસૂક્ષ્મપુદ્‌ગલપરાવર્ત** (૫) **ભાષાસૂક્ષ્મ-પુદ્‌ગલપરાવર્ત** (૬) **શ્વાસોચ્છ્‌વાસસૂક્ષ્મપુદ્‌ગલપરાવર્ત** (૭) **મનઃસૂક્ષ્મ-પુદ્‌ગલપરાવર્ત** સમજવું..

એક સૂક્ષ્મપુદ્‌ગલપરાવર્તમાં અનંતા બાદરપુદ્‌ગલપરાવર્ત પૂર્ણ થાય છે.

એકજીવ એકભવમાં વધુમાં વધુ બે વાર અને ભવચક્રમાં વધુમાં

વધુ ચાર જ વાર આહારકશરીર બનાવી શકે છે. તેથી એકજીવ સર્વે પુદ્‌ગલોને આહારકશરીરરૂપે પરિણમાવી શકતો નથી. એટલે દ્રવ્ય-પુદ્‌ગલપરાવર્તમાં આહારક વર્ગણાનું ગ્રહણ કર્યું નથી.

**ઔદારિકાદિ સૂક્ષ્મપુદ્‌ગલપરાવર્તરૂપ કાળનું અલ્પબહુત્વ :-**

(૧) કાર્મણસૂક્ષ્મપુદ્‌ગલપરાવર્તનરૂપકાળ સૌથી ઓછો [અનંત કાળચક્ર] છે. કારણકે કાર્મણસ્કંધો અનંતાનંત પરમાણુના બનેલા છે. અને સંસારીજીવ પ્રતિસમયે કાર્મણસ્કંધોને ગ્રહણ કરે છે. તેથી તે પુદ્‌ગલપરાવર્ત પહેલા પૂર્ણ થાય છે.

(૨) તેનાથી તૈજસપુદ્‌ગલપરાવર્તરૂપકાળ અનંતગુણ છે. કારણકે કાર્મણસ્કંધોની જેમ તૈજસસ્કંધોને પણ સંસારી જીવ પ્રતિસમયે ગ્રહણ કરે છે. પરંતુ તૈજસસ્કંધો ઓછા પરમાણુંના બનેલા છે તેથી તે પુદ્‌ગલ-પરાવર્ત અનંતગુણાકાળે પૂર્ણ થાય છે.

(૩) તેનાથી ઔદારિકસૂક્ષ્મપુદ્‌ગલપરાવર્તરૂપકાળ અનંતગુણ છે. કારણ કે તૈજસસ્કંધોથી ઔદારિકસ્કંધો ઓછા પરમાણુના બનેલા અને કોઇ પણ જીવ તિર્યંચ-મનુષ્યના ભવોમાં જ પ્રતિસમયે ઔદારિકપુદ્‌ગલસ્કંધોને ઔદારિકશરીરરૂપે પરિણમાવે છે. તેથી ઔદારિકસૂક્ષ્મપુદ્‌ગલપરાવર્ત અનંતગુણાકાળે પૂર્ણ થાય છે.

(૪) તેનાથી શ્વાસોચ્છ્‌વાસસૂક્ષ્મપુદ્‌ગલપરાવર્તકાળ અનંતગુણ છે. કારણ કે ઔદારિકસ્કંધોથી શ્વાસોચ્છ્‌વાસસ્કંધો ઘણા પરમાણુવાળા હોવાથી સૂક્ષ્મ છે. પણ લબ્ધિ-અપર્યાપ્તાજીવો તે પુદ્‌ગલોને ગ્રહણ કરી શકતા નથી. શ્વાસોચ્છ્‌વાસપર્યાપ્તિએ પર્યાપ્તા જીવો જ શ્વાસોચ્છ્‌વાસપુદ્‌ગલોને ગ્રહણ કરીને શ્વાસોચ્છ્‌વાસરૂપે પરિણમાવીને મૂકે છે. તેથી શ્વાસોચ્છ્‌વાસસૂક્ષ્મપુદ્‌ગલપરાવર્ત અનંતગુણાકાળે પૂર્ણ થાય છે.

(૫) તેનાથી મનઃસૂક્ષ્મપુદ્‌ગલપરાવર્તરૂપ કાળ અનંતગુણ છે કારણ કે શ્વાસોચ્છ્‌વાસથી મનઃપુદ્‌ગલસ્કંધો ઘણા પરમાણુના બનેલા હોવાથી સૂક્ષ્મ છે પરંતુ મનઃપર્યાપ્તિ એ પર્યાપ્તા સંજ્ઞીજીવો જ મનોદ્રવ્યને ગ્રહણ કરીને

મનરૂપે પરિણમાવીને મૂકે છે. તેથી મનઃસૂક્ષ્મપુદ્‌ગલપરાવર્ત અનંતગુણાકાળે પૂર્ણ થાય છે.

(૬) તેનાથી ભાષાસૂક્ષ્મપુદ્‌ગલપરાવર્તરૂપ કાળ અનંતગુણ છે. કારણ કે મનને યોગ્ય પુદ્‌ગલસ્કંધોથી ભાષાને યોગ્ય પુદ્‌ગલસ્કંધો ઓછા પરમાણુના બનેલા હોવાથી સ્થૂલ છે તેથી ભાષાસૂક્ષ્મપુદ્‌ગલપરાવર્ત અનંતગુણાકાળે પૂર્ણ થાય છે.

(૭) તેનાથી વૈક્રિયસૂક્ષ્મપુદ્‌ગલપરાવર્તરૂપ કાળ અનંતગુણ છે. કારણ કે કોઈપણ સંજ્ઞીજીવ દેવ-નારકીના ભવમાં અને તિર્યંચ-મનુષ્યના ભવમાં ક્યારેક ઉત્તરવૈક્રિયશરીર બનાવે છે. ત્યારે વૈક્રિયપુદ્‌ગલોને ગ્રહણ કરીને વૈક્રિયશરીરરૂપે પરિણમાવે છે. તેથી વૈક્રિયસૂક્ષ્મપુદ્‌ગલપરાવર્ત અનંતગુણાકાળે પૂર્ણ થાય છે.

**મતાંતર :-**

કેટલાક આચાર્યભગવંતોનું એવું માનવું છે કે, જેટલા કાળમાં સંસારમાં ભટકતો કોઈ પણ જીવ અનેકભવ કરવા દ્વારા સંપૂર્ણલોકમાં રહેલા પુદ્‌ગલોને ઔદારિકાદિ-૪ શરીરરૂપે પરિણમાવીને મૂકે છે. તેટલા કાળને બાદરદ્રવ્યપુદ્‌ગલપરાવર્ત કહે છે. અને જેટલા કાળમાં સંસારમાં ભટકતો કોઈપણ જીવ અનેકભવ કરવા દ્વારા લોકમાં રહેલા સંપૂર્ણ પુદ્‌ગલોને ઔદારિકાદિ-૪ શરીરમાંથી કોઈપણ એક શરીરરૂપે પરિણમાવીને મૂકે, તેટલા કાળને સૂક્ષ્મદ્રવ્યપુદ્‌ગલપરાવર્ત કહે છે.

ક્ષેત્ર-કાળ-ભાવ પુદ્‌ગલપરાવર્તનું સ્વરૂપ :-

**लोगपएसोसप्पिणि-समया अणुभागबंधठाणा य ।**
**जहतहकममरणेणं, पुठा खित्ताइ थूलियरा ॥८८॥**

लोकप्रदेशोत्सर्पिणीसमया अनुभागबन्धस्थानानि च ।
यथातथाक्रममरणेन स्पृष्टाः क्षेत्रादयः स्थूला इतराः ॥८८॥

**ગાથાર્થ :- લોકના આકાશપ્રદેશો, ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયો અને રસબંધના અધ્યવસાયસ્થાનોને જેમ તેમ [આડા-અવળા]**

મરણવડે સ્પર્શીને મૂકતાં જેટલો કાળ લાગે, તેટલા કાળને ક્ષેત્રાદિ બાદરપુદ્ગલપરાવર્ત કહે છે. અને એ ત્રણેને ક્રમશઃ મરણવડે સ્પર્શ કરવાથી જેટલો કાળ લાગે, તેટલા કાળને ક્ષેત્રાદિસૂક્ષ્મપુદ્ગલ-પરાવર્ત કહે છે.

**વિવેચન :- ક્ષેત્ર=આકાશપ્રદેશ.**

જેટલા કાળમાં સંસારમાં ભટકતો કોઈપણ એકજીવ લોકમાં રહેલા સંપૂર્ણ આકાશપ્રદેશોને ક્રમ વિના [આડા-અવળા] મરણવડે સ્પર્શીને મૂકે છે. તેટલા કાળને **"બાદરક્ષેત્રપુદ્ગલપરાવર્ત"** કહે છે.

લોકમાં આકાશપ્રદેશની આડી અને ઉભી અસંખ્યશ્રેણીઓ છે. તે એક-એક શ્રેણીમાં અસંખ્ય આકાશપ્રદેશો હોય છે.

અસત્કલ્પનાથી ઘનીકૃતલોકની **અસંખ્ય આ૦પ્ર૦ની શ્રેણી=૧૦૦**

**એકશ્રેણીમાં અસંખ્ય આકાશપ્રદેશ=૧૦૦૦૦૦**

માનવામાં આવે, તો..

**અ** નામનો જીવ પ્રથમશ્રેણીમાં [૬૩]અસંખ્ય=૧૦૦ આકાશપ્રદેશમાં મરણ પામે છે. તે વખતે ૧૦૦ આકાશપ્રદેશને મરણવડે સ્પર્શે છે. પછી **અ** બીજીવાર બીજીશ્રેણીમાં ૧૦૦ આ૦પ્ર૦માં મરણ પામે છે પછી ત્રીજીવાર **અ** પ્રથમશ્રેણીમાં ૧૦૧થી૩૦૦ આ૦પ્ર૦માં મરણ પામે છે. એ રીતે, **અ** નામનો જીવ જેટલા કાળે ૧૦૦ શ્રેણીમાં રહેલા કુલ-૧૦૦૦૦૦૦૦[૧કરોડ] આકાશપ્રદેશને મરણવડે સ્પર્શી રહે છે તેટલા કાળને **"બાદરક્ષેત્રપુદ્ગલપરાવર્ત"** કહે છે.

અહીં **અ** નામનો જીવ જે આકાશપ્રદેશમાં મરણ પામ્યો હોય તે જ આકાશપ્રદેશમાં ફરીવાર મરણ પામે, તો તે આકાશપ્રદેશો ગણતરીમાં ન લેવાય.

---

(૬૩) સ્વોપજ્ઞ ટીકામાં કહ્યું છે કે, જીવ જેટલા આકાશપ્રદેશમાં મરણ પામે છે. તેટલા આકાશપ્રદેશ મરણવડે સ્પર્શેલા ગણવા.

પંચસંગ્રહમાં કહ્યું છે કે, જીવની અવગાહના અસંખ્ય આકાશપ્રદેશ જેટલી હોય છે. એટલે મરણ વખતે જીવ અસંખ્ય આકાશપ્રદેશને સ્પર્શે છે. તેમાંથી ૧ આકાશપ્રદેશની મરણવડે સ્પર્શના ગણાય છે.

સંસારમાં ભટકતો કોઈપણ એકજીવ જેટલા કાળમાં લોકમાં રહેલા સંપૂર્ણ આકાશપ્રદેશોને ક્રમશઃ મરણવડે સ્પર્શે છે. તેટલા કાળને **"સૂક્ષ્મક્ષેત્રપુદ્‌ગલપરાવર્ત"** કહે છે.

અસત્‌કલ્પનાથી **अ** નામનો જીવ પ્રથમશ્રેણીમાં અસંખ્ય= ૧થી૧૦૦ આકાશપ્રદેશમાં મરણ પામે છે. પછી કાલાંતરે તેની ઉપરના ૧૦૧ થી ૩૦૦ આકાશપ્રદેશમાં મરણ પામે છે. પછી કાલાંતરે તેની ઉપરના જ ૩૦૧ થી ૫૦૦ આ૦પ્ર૦માં મરણ પામે છે. એ રીતે, પ્રથમ શ્રેણીમાં રહેલા ૧૦૦૦૦૦ [૧લાખ] આ૦પ્ર૦ને ક્રમશઃ મરણવડે સ્પર્શી રહ્યાં પછી બીજીશ્રેણીમાં રહેલા ૧૦૦૦૦૦ આ૦પ્ર૦ને મરણવડે સ્પર્શીને મૂકે છે. એ રીતે, **अ** નામનો જીવ જેટલા કાળે ક્રમશઃ ૧૦૦ શ્રેણીમાં રહેલા કુલ ૧૦૦૦૦૦૦૦ [૧કરોડ] આકાશપ્રદેશને મરણવડે સ્પર્શીને મૂકે છે. તેટલા કાળને સૂક્ષ્મક્ષેત્રપુદ્‌ગલપરાવર્ત કહે છે.

અહીં **अ** નામનો જીવ પહેલીવાર પ્રથમશ્રેણીમાં ૧થી૧૦૦ આકાશપ્રદેશમાં મરણ પામ્યા પછી બીજીવાર બીજીશ્રેણીમાં ૧૦૦ આ૦પ્ર૦માં મરણ પામે, તો તે ૧૦૦ આ૦પ્ર૦ગણતરીમાં ન લેવાય. પણ કાલાંતરે જ્યારે પ્રથમશ્રેણીમાં ૧૦૧થી જેટલા આ૦પ્ર૦માં મરણ પામે તેટલા આકાશપ્રદેશો ગણતરીમાં લેવાય.

**કાળપુદ્‌ગલપરાવર્ત :-**

સંસારમાં ભટકતો કોઈપણ એક જીવ ઉત્સર્પિણીના પ્રથમ સમયમાં મરણ પામે, પછી ૧૦૦મા સમયમાં મરણ પામે પછી ૨૦૦મા સમયમાં મરણ પામે, પછી બીજાસમયમાં મરણ પામે, એ રીતે, જેટલા કાળમાં ઉત્સર્પિણી અને અવસર્પિણીના દરેક સમયોને ક્રમ વિના [આડા-અવળા] મરણવડે સ્પર્શી રહે છે. તેટલા કાળને **"બાદરકાળપુદ્‌ગલ-પરાવર્તકાળ"** કહે છે.

અહીં કોઈપણ જીવ એકવાર જે સમયમાં મરણ પામ્યો હોય, તે જ સમયમાં બીજીવાર મરણ પામે, તો તે સમય ન ગણાય.

સંસારમાં ભટકતો કોઈપણ એક જીવ ઉત્સર્પિણીના પ્રથમ સમયમાં મરણ પામે પછી સમયન્યૂન ૨૦કો૦કો૦સા૦ કાળ ગયા બાદ ફરીથી ઉત્સર્પિણી શરૂ થાય ત્યારે બીજાસમયે મરણ પામે પછી બે સમય ન્યૂન ૨૦કો૦કો૦સા૦ કાળ ગયા બાદ ફરીથી ઉત્સર્પિણી શરૂ થાય ત્યારે ત્રીજા સમયે મરણ પામે એ રીતે, જેટલા કાળમાં ઉત્સર્પિણી અને અવસર્પિણીના દરેક સમયો ક્રમશઃ મરણ વડે સ્પર્શી રહે તેટલા કાળને **"સૂક્ષ્મકાળપુદ્ગલપરાવર્ત"** કહે છે.

અહીં કોઈપણ એક જીવ ઉત્સર્પિણીના પ્રથમસમયે મરણ પામ્યા પછી ૨૦કો૦કો૦સા૦ સુધી જે જે સમયે મરણ પામે છે, તે સમય ગણતરીમાં લેવાતા નથી. અને કદાચ તે જીવ જો ઉત્સર્પિણીના બીજાસમયે પણ મરણ ન પામે, તો ફરીથી ૨૦કો૦કો૦સા૦ સુધીના જે જે સમયમાં મરણ થાય, તે તે સમયો પણ ગણતરીમાં લેવાતા નથી.

**ભાવ પુદ્ગલપરાવર્તનું સ્વરૂપ :-**

સંસારમાં ભટકતો કોઈપણ એક જીવ ગાથાનં૦૬૩ના વિવેચનમાં કહ્યાં મુજબ જ૦રસબંધના અધ્યવસાયથી માંડીને ઉ૦રસબંધના અધ્યવસાય સુધીના અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા રસબંધના અધ્યવસાયસ્થાનોમાંથી કોઈવાર તીવ્રરસબંધના અધ્યવસાયસ્થાને મરણ પામે છે. તો કોઈવાર મંદરસબંધના અધ્યવસાયસ્થાને મરણ પામે છે. એ રીતે, જેટલા કાળમાં તે જીવ અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા રસબંધના અધ્યવસાયસ્થાનોને [આડા-અવળા] મરણવડે સ્પર્શી રહે છે તેટલાકાળને **"બાદરભાવ-પુદ્ગલપરાવર્ત"** કહે છે.

અસત્કલ્પનાથી.... **અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા રસબંધના અધ્યવસાયો=૧૦ કરોડ** માનવામાં આવે, તો...

**अ** નામનો જીવ પહેલીવાર ૧લા જઘન્યરસબંધના અધ્યવસાય-સ્થાનમાં મરણ પામે છે. એટલે કે તે જીવને મરતી વખતે જઘન્ય-રસબંધનો પ્રરિણામ હોય છે. પછી **अ** બીજીવાર ૧૦૦મા રસબંધના અધ્યવસાયસ્થાનોમાં મરણ પામે, પછી **अ** ત્રીજીવાર ૧૦૦૦મા રસબંધના

અધ્યવસાયસ્થાનમાં મરણ પામે, એ રીતે, **अ** નામનો જીવ જેટલા કાળમાં ૧૦ કરોડ રસબંધના અધ્યવસાયસ્થાનને મરણવડે સ્પર્શીને મૂકે છે. તેટલા કાળને બાદરભાવપુદ્ગલપરાવર્ત કહે છે.

અહીં જે રસબંધના અધ્યવસાયસ્થાનમાં જીવ એકવાર મરણ પામ્યો હોય, તે જ રસબંધના અધ્યવસાયસ્થાનમાં જીવ બીજીવાર મરણ પામે, તો તે રસબંધનું અધ્યવસાયસ્થાન ગણતરીમાં ન લેવાય.

સંસારમાં ભટકતો કોઈપણ એકજીવ અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા રસબંધના અધ્યવસાયમાંથી સૌપ્રથમ જઘન્યરસબંધના અધ્યવસાયસ્થાને મરણ પામે, પછી કાલાન્તરે બીજા રસબંધના અધ્યવસાયસ્થાને મરણ પામે, એ રીતે, જેટલા કાળમાં તે જીવ અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા રસબંધના અધ્યવસાયસ્થાનોને ક્રમશઃ મરણવડે સ્પર્શી રહે, તેટલાકાળને **"સૂક્ષ્મભાવ-પુદ્ગલપરાવર્ત"** કહે છે.

અસત્કલ્પનાથી **अ** નામનો જીવ પહેલીવાર ૧લા જઘન્ય-રસબંધના અધ્યવસાયસ્થાનમાં મરણ પામે...પછી કાલાન્તરે બીજારસબંધના અધ્યવસાયસ્થાનમાં મરણ પામે, એ રીતે, જેટલા કાળમાં ૧૦ કરોડ રસબંધના અધ્યવસાયસ્થાનને ક્રમશઃ મરણ વડે સ્પર્શે છે. તેટલા કાળને ભાવ સૂક્ષ્મપુદ્ગલપરાવર્ત કહે છે.

અહીં પહેલા અધ્યવસાયસ્થાને મરણ પામ્યા પછી તે જીવ જો ત્રીજા-ચોથા વગેરે અધ્યવસાયસ્થાને મરણ પામે, તો તે અધ્યવસાયસ્થાન ગણતરીમાં ન લેવાય. પણ જો બીજા અધ્યવસાયસ્થાને તે જીવ મરણ પામે, તો તે અધ્યવસાયસ્થાન ગણતરીમાં લેવાય...

એ પ્રમાણે, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપુદ્ગલપરાવર્તનું સ્વરૂપ કહ્યું. તેમાંથી ક્ષેત્રપુદ્ગલપરાવર્તની અપેક્ષાએ સાસ્વાદન વિના મિથ્યાત્વાદિ-૧૦ ગુણઠાણાનો ઉત્કૃષ્ટઅંતરકાળ કાંઈક ન્યૂન અર્દ્ધપુદ્ગલપરાવર્ત સમજવો.

સામાન્યથી ઉત્કૃષ્ટપ્રદેશબંધ અને જઘન્યપ્રદેશબંધના સ્વામી :-

**अप्पयरपयडीबंधी उक्कडजोगी य सन्निपजत्तो ।**
**कुणइ पएसुक्कोसं जहन्नयं तस्स वच्चासे ॥८९॥**

अल्पतरप्रकृतिबन्धी उत्कटयोगी च संज्ञीपर्याप्तः ।
करोति प्रदेशोत्कृष्टं जघन्यकं तस्य व्यत्यासे ॥८९॥

**ગાથાર્થ :- ઘણી ઓછી પ્રકૃતિને બાંધનારો, ઉત્કૃષ્ટયોગવાળો, સંજ્ઞી, પર્યાપ્તોજીવ ઉત્કૃષ્ટપ્રદેશબંધ કરે છે. તેનાથી વિપરીત વિશેષણવાળો જીવ જઘન્યપ્રદેશબંધ કરે છે.**

**વિવેચનઃ-** (૧) થોડી પ્રકૃતિને બાંધનારો (૨) ઉત્કૃષ્ટયોગવાળો (૩) સંજ્ઞી (૪) પર્યાપ્તો..... એ ૪ વિશેષણવાળો જીવ ઉત્કૃષ્ટપ્રદેશબંધ કરે છે.

થોડી પ્રકૃતિ બંધાતી હોય ત્યારે નહીં બંધાતી પ્રકૃતિના ભાગનું દલિક બંધાતી પ્રકૃતિને મળવાથી બંધાતી પ્રકૃતિના ભાગમાં ઘણુ દલિક આવે છે. તેથી "**अप्पयरपयडीबंधी**" વિશેષણ મુક્યું છે.

પ્રદેશબંધનું કારણ "**યોગ**" છે. એટલે જ્યારે જીવને ઉત્કૃષ્ટયોગ હોય છે. ત્યારે ઘણા કર્મદલિકો ગ્રહણ કરે છે. તેથી બંધાતી પ્રકૃતિના ભાગમાં ઘણુ દલિક આવે છે. એટલે "**उक्कडजोगी**" વિશેષણ મુક્યું છે.

અસંજ્ઞીજીવો કરતાં સંજ્ઞીજીવોને અસંખ્યગુણ યોગ હોય છે અને અપર્યાપ્તાજીવો કરતાં પર્યાપ્તાજીવોને અસંખ્યગુણ યોગ હોય છે. તેથી અસંખ્યગુણા કર્મદલિકોને ગ્રહણ કરે છે. તેથી બંધાતી પ્રકૃતિના ભાગમાં ઘણા દલિકો આવે છે. એટલે "**पज्जत्तो**" અને "**सन्नि**" વિશેષણ મૂક્યું છે. અહીં "**કરણપર્યાપ્તો**" જીવ લેવો.

અહીં ઉત્કૃષ્ટયોગવાળો જીવ "**સંજ્ઞી પર્યાપ્તો**" જ હોય છે. એટલે ઉત્કૃષ્ટયોગી કહેવાથી સંજ્ઞીપર્યાપ્તાનો બોધ થઈ જાય છે. તો પણ મંદબુદ્ધિવાળાને સ્પષ્ટ બોધ કરાવવા માટે "**સંજ્ઞીપર્યાપ્તો**" વિશેષણ મૂકેલું છે. તથા સંજ્ઞીપર્યાપ્તો જીવ અલ્પતરપ્રકૃતિબંધક હોય. પણ જો જઘન્ય-યોગવાળો હોય, તો ઉત્કૃષ્ટપ્રદેશબંધ કરી શકતો નથી એટલે "**ઉત્કૃષ્ટ-યોગી**" વિશેષણ સાર્થક છે. અને સંજ્ઞીપર્યાપ્તો જીવ ઉત્કૃષ્ટયોગવાળો હોય પણ જો ઘણી પ્રકૃતિને બાંધતો હોય, તો વિવક્ષિતપ્રકૃતિનો ઉ૦પ્રદેશબંધ કરી શકતો નથી. એટલે "**અલ્પતરપ્રકૃતિબંધક**" વિશેષણ સાર્થક છે.

(૧) **ઘણી પ્રકૃતિને બાંધનારો** (૨) જઘન્યયોગવાળો (૩) **અસંજ્ઞી** (૪) **અપર્યાપ્તો.. એ-૪** વિશેષણવાળો જીવ જઘન્યપ્રદેશબંધ કરે છે.

ઘણીપ્રકૃતિ બંધાતી હોય ત્યારે તે પ્રકૃતિના ભાગમાં ઓછુ દલિક આવે છે. જઘન્યયોગવાળો જીવ ઓછા કર્મદલિકોને ગ્રહણ કરે છે. અસંજ્ઞી અને અપર્યાપ્તાજીવોને યોગ ઓછો હોવાથી ઓછા કર્મદલિકોને ગ્રહણ કરે છે. તેથી એ-૪ વિશેષણવાળા જીવો જઘન્યપ્રદેશબંધના સ્વામી છે.

મૂલ અને ૨૫ ઉત્તરપ્રકૃતિના ઉ૦પ્રદેશબંધના સ્વામી :-

**मिच्छ अजयचउ आऊ बितिगुण विणुमोहि सत्त मिच्छाइ ।**
**छण्हं सतरस सुहुमो अजया देसा बितिकसाए ॥९०॥**

मिथ्यादृष्टिरयतचत्वार आयुषो द्वितीयतृतीयगुणौ विना मोहेसप्तमिथ्यादृष्ट्यादीनि।
षण्णां सप्तदशानां सूक्ष्मः, अयता देशा द्वितीयतृतीयकषायान् ॥९०॥

**ગાથાર્થ :- મિથ્યાદૃષ્ટિ અને અવિરતસમ્યગ્દૃષ્ટિ વગેરે-૪ *ગુણઠાણાવાળા જીવો આયુષ્યનો ઉ૦પ્રદેશબંધ કરે છે. બીજા-ત્રીજા* ગુણઠાણા વિના મિથ્યાત્વાદિ-૭ ગુણઠાણાવાળાજીવો મોહનીયનો ઉ૦પ્રદેશબંધ કરે છે. સૂક્ષ્મસંપરાયગુણઠાણાવાળા જીવો બાકીના ૬ મૂળકર્મો અને ૧૭ ઉત્તરપ્રકૃતિનો ઉ૦પ્રદેશબંધ કરે છે. અવિરત-સમ્યગ્દૃષ્ટિજીવો બીજાકષાયનો અને દેશવિરતિધર ત્રીજાકષાયનો ઉ૦પ્રદેશબંધ કરે છે.**

**વિવેચનઃ-** મિથ્યાત્વ, સમ્યક્ત્વ, દેશવિરતિ, પ્રમત્ત અને અપ્રમત્ત ગુણઠાણામાં રહેલા ઉત્કૃષ્ટયોગવાળા જીવો આયુષ્યનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ કરે છે. કારણ કે મિશ્ર-અપૂર્વકરણાદિગુણઠાણે આયુષ્યનો બંધ હોતો નથી. તેથી તે ગુણઠાણામાં રહેલા જીવો આયુષ્યનો ઉ૦પ્રદેશબંધ કરતા નથી.

**શંકા :- સાસ્વાદનગુણઠાણે આયુષ્ય બંધાય છે. તો ત્યાં કેમ આયુષ્યનો ઉ૦પ્રદેશ બંધ નથી કહ્યો?**

**સમાધાન :-** સાસ્વાદનગુણઠાણે ઉત્કૃષ્ટયોગ હોતો નથી. જો

સાસ્વાદનગુણઠાણે ઉત્કૃષ્ટયોગ હોય, તો સાસ્વાદનગુણઠાણે જ અનંતાનુબંધીને મિથ્યાત્વનો ભાગ મલવાથી અનંતાનુબંધીનો ઉ૦પ્રદેશબંધ થાય. તેથી અનંતાનુબંધીના અનુત્કૃષ્ટપ્રદેશબંધના સાદ્યાદિ-૪ ભાંગા થાય પણ શાસ્ત્રકાર ભગવંતે ગાથા નં૦૯૪માં અનંતાનુબંધીના અનુત્કૃષ્ટપ્રદેશબંધના સાદિ-સાંત જ ભાંગા બતાવ્યા છે. સાદ્યાદિ-૪ ભાંગા બતાવ્યા નથી. તેથી એવું જણાય છે કે, સાસ્વાદનગુણઠાણુ થોડો જ કાળ રહેતું હોવાથી તથાવિધ પ્રયત્ન થઇ શકતો નથી. અથવા અન્ય કોઇપણ કારણથી સાસ્વાદનગુણઠાણામાં ઉત્કૃષ્ટયોગ હોતો નથી. તથા મતિજ્ઞાનાવરણીય-૧૭ પ્રકૃતિનો ઉ૦પ્રદેશબંધ સૂક્ષ્મસંપરાય ગુણઠાણાવાળા જીવો કરે છે. અને બાકીની પ્રકૃતિનો ઉ૦પ્રદેશબંધ મિથ્યાદષ્ટિ જ કરે છે. સાસ્વાદની કરતા નથી. એમ કહેલું હોવાથી પણ એવું જણાય છે કે સાસ્વાદનગુણઠાણે ઉત્કૃષ્ટયોગનો અસંભવ છે. તેથી સાસ્વાદનગુણઠાણે[૬૪] આયુષ્યનો ઉ૦પ્રદેશબંધ નથી કહ્યો.

**મોહનીયના ઉ૦પ્રદેશબંધના સ્વામીઃ-**

મિથ્યાત્વ, સમ્યક્ત્વ, દેશવિરતિ, પ્રમત્ત-અપ્રમત્ત; અપૂર્વકરણ અને અનિવૃત્તિગુણઠાણામાં રહેલા ઉત્કૃષ્ટયોગી આયુષ્ય ન બંધાતું હોય ત્યારે મોહનીયનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ કરે છે.

**શંકાઃ- સાસ્વાદન-મિશ્રે મોહનીયનો ઉ૦પ્રદેશબંધ કેમ ન થાય?**

**સમાધાનઃ-** સાસ્વાદનગુણઠાણે ઉપર કહ્યાં મુજબ ઉ૦યોગ હોતો નથી અને મિશ્રગુણઠાણે પણ ઉ૦યોગનો અભાવ છે. કારણ કે જો મિશ્રગુણઠાણે ઉ૦યોગ હોય, તો અપ્રત્યાખ્યાનીય-૪નો ઉ૦પ્રદેશબંધ મિશ્રગુણઠાણે જ થાય. સમ્યક્ત્વગુણઠાણે ન થાય કારણકે સમ્યક્ત્વગુણઠાણે આયુષ્ય ન બંધાય ત્યારે મૂળ-૭ કર્મો બંધાય છે. અને મોહનીયની ઉત્તરપ્રકૃતિ-૧૭ બંધાય છે. એ જ રીતે, મિશ્રગુણઠાણે પણ આયુષ્ય બંધાતું ન હોવાથી મૂળ-૭કર્મો જ બંધાય છે અને મોહનીયની ઉત્તરપ્રકૃતિ-૧૭

(૬૪) સ્વોપજ્ઞટીકામાં કહ્યું છે કે, अतो ये सास्वादनमप्यायुष उत्कृष्टं प्रदेशस्वामिन मिच्छन्ति तन्मतमुपेक्षणीयमिति स्थितं। આથી એવું નક્કી થાય કે, કોઇક આચાર્યભગવંત સાસ્વાદનીને પણ આયુષ્યના ઉ૦પ્રદેશબંધના સ્વામી માને છે.

બંધાય છે. એટલે તે બન્ને ગુણઠાણે સરખી જ પ્રકૃતિ બંધાય છે. તેથી મિશ્રગુણઠાણે અપ્ર૦૪નો ઉ૦પ્રદેશબંધ થવો જોઇએ પણ થતો નથી. તેનું કારણ ઉત્કૃષ્ટયોગનો અભાવ છે. તે સિવાય અન્ય કોઇ કારણ જણાતું નથી.

મોહનીયકર્મ ૧થી૯ ગુણઠાણા સુધી બંધાય છે. પરંતુ સાસ્વાદને અને મિશ્રે ઉ૦યોગ ન હોવાથી ઉ૦પ્રદેશબંધ થતો નથી. એટલે મિથ્યાત્વાદિ-૭ ગુણઠાણે મોહનીયનો ઉ૦પ્રદેશબંધ કહ્યો છે અને આયુષ્ય ન બંધાતુ હોય ત્યારે આયુષ્યનો થોડો ભાગ મોહનીયને મળે છે. એટલે મોહનીયના ઉ૦પ્રદેશબંધના સ્વામી **"સાતમૂળકર્મોના બંધક"** કહ્યાં છે.

**જ્ઞાનાવરણીયાદિ-૬ કર્મના ઉ૦પ્રદેશબંધના સ્વામી :-**

જ્ઞાનાવરણીયાદિ ૬કર્મો ૧થી૧૦ ગુણઠાણા સુધી બંધાય છે. પરંતુ ૧૦મા ગુણઠાણે જ્ઞાનાવરણીયાદિ-૬કર્મને આયુષ્ય અને મોહનીયનો થોડો ભાગ મળે છે. તેથી ૧૦મા ગુણઠાણામાં રહેલા ઉ૦યોગવાળા જીવો જ્ઞાનાવરણીયાદિ ૬મૂળકર્મોનો ઉ૦પ્રદેશબંધ કરે છે.

**૧૭પ્રકૃતિના ઉ૦પ્રદેશબંધના સ્વામી :-**

જ્ઞાના૦૫, દર્શના૦૪, અંતરાય-૫, શાતા, યશ અને ઉચ્ચગોત્ર... એ-૧૭ પ્રકૃતિ ૧થી૧૦ ગુણઠાણા સુધી બંધાય છે. પરંતુ ૧૦મા ગુણઠાણે તે દરેક પ્રકૃતિને આયુષ્ય અને મોહનીયના ભાગના થોડા-થોડા દલિકો મળે છે. તથા દર્શનાવરણીય-૪ને નિદ્રા-૫નો ભાગ મળે છે. અને યશને નામકર્મનો સંપૂર્ણ ભાગ મળે છે. તેથી તે ૧૭ પ્રકૃતિનો ઉ૦પ્રદેશબંધ ઉ૦યોગવાળા સૂક્ષ્મસંપરાયી જીવો કરે છે.

**અપ્રત્યાખ્યાનીય-૪ અને પ્રત્યાખ્યાનીય-૪ના ઉ૦પ્રદેશબંધના સ્વામી :-**

૧થી૪ ગુણઠાણા સુધી અપ્રત્યાખ્યાનીય-૪ બંધાય છે. પણ ૪થા ગુણઠાણે અપ્રત્યા૦૪ને મિથ્યાત્વ અને અનંતાનુબંધીના દલિકોનો ભાગ મળે છે. અને આયુષ્ય ન બંધાતું હોય ત્યારે આયુષ્યનો પણ થોડો ભાગ મળે છે. તેથી ઉત્કૃષ્ટયોગવાળા પર્યાપ્તા અવિરતસમ્યગ્દષ્ટિજીવો ૭મૂળકર્મોને બાંધતી વખતે અપ્રત્યાખ્યાનીય-૪નો ઉ૦પ્રદેશબંધ કરે છે.

૧થી૫ ગુણઠાણા સુધી પ્રત્યાખ્યાનીય-૪ બંધાય છે. પણ ૫મા ગુણઠાણે પ્રત્યાખ્યાનીય-૪ને મિથ્યાત્વ-અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાનીયનો ભાગ મળે છે. અને આયુષ્ય ન બંધાતું હોય ત્યારે આયુષ્યનો પણ થોડો ભાગ મળે છે. તેથી ઉત્કૃષ્ટયોગવાળા દેશવિરતિધર શ્રાવક-શ્રાવિકા ૭મૂળકર્મોને બાંધતી વખતે પ્રત્યાખ્યાનીય-૪નો ઉ૦પ્રદેશબંધ કરે છે.

પુરુષવેદાદિ-૧૮ પ્રકૃતિના ઉ૦પ્રદેશબંધના સ્વામી :-

**पण अनियट्टी सुखगई-नराउ-सुर-सुभगतिग-विउव्विदुगं ।**
**समचउरंसमसायं वइरं मिच्छो व सम्मो वा ॥९१॥**

पञ्चानिवृत्तिः सुखगतिनरायुः सुरसुभगत्रिकवैक्रियद्विकं ।
समचतुरस्त्रमशातम् व्रजं मिथ्यादृष्टि र्वा सम्यग् वा ॥९१॥

**ગાથાર્થ :- અનિવૃત્તિગુણઠાણાવાળા જીવો [પુ૦વેદ+સંજ્વલન-૪=] ૫ પ્રકૃતિનો ઉ૦પ્રદેશબંધ કરે છે. અને મિથ્યાદૃષ્ટિ અથવા સમ્યગ્-દૃષ્ટિજીવો શુભવિહાયોગતિ, મનુષ્યાયુ, દેવત્રિક, સુભગત્રિક, વૈક્રિયદ્વિક, સમચતુરસ્ર, અશાતાવેદનીય અને વજ્રઋષભનારાચસંઘયણનો ઉ૦પ્રદેશ-બંધ કરે છે.**

**વિવેચન** :- પુરુષવેદ અને સંજ્વલનચતુષ્ક ૧થી૯ગુણઠાણા સુધી બંધાય છે. પરંતુ ૯મા ગુણઠાણાના પહેલાભાગે મોહનીયની પુ૦વેદાદિ-૫ પ્રકૃતિ બાંધતી વખતે પુ૦વેદને નોકષાયમોહનીયનો સંપૂર્ણ ભાગ મળે છે. તેથી ૯મા ગુણઠાણાના પહેલાભાગમાં રહેલા ઉત્કૃષ્ટયોગવાળા જીવો **પુ૦વેદનો** ઉ૦પ્રદેશબંધ કરે છે.

નવમાગુણઠાણાના બીજાભાગે મોહનીયની સંજ્વલનક્રોધાદિ-૪ પ્રકૃતિ બાંધતી વખતે સં૦ક્રોધને મોહનીયના દલિકનો ચોથો ભાગ મળે છે. તેથી ૯માગુણઠાણાના બીજાભાગમાં રહેલા ઉત્કૃષ્ટયોગવાળા જીવો **સં૦ક્રોધનો** ઉ૦પ્રદેશબંધ કરે છે. નવમાગુણઠાણાના ત્રીજાભાગે મોહનીયની

સં૦માનાદિ-૩પ્રકૃતિ બાંધતી વખતે સં૦માનને મોહનીયના દલિકનો ત્રીજો ભાગ મળે છે. તેથી ૯માગુણઠાણાના ત્રીજાભાગમાં રહેલા ઉત્કૃષ્ટયોગવાળા જીવો **સં૦માન**નો ઉ૦પ્રદેશબંધ કરે છે. નવમા ગુણઠાણાના ચોથાભાગે મોહનીયની સં૦માયાદિ-૨ પ્રકૃતિ બાંધતી વખતે સં૦માયાને મોહનીયના દલિકનો અર્ધોભાગ મળે છે. તેથી ૯માગુણઠાણાના ચોથા ભાગમાં રહેલા ઉત્કૃષ્ટવાળા જીવો **સં૦માયા**નો ઉ૦પ્રદેશબંધ કરે છે. અને ૯માગુણઠાણાના પાંચમા ભાગે સં૦લોભને મોહનીયનું સંપૂર્ણ દલિક મળતું હોવાથી ૯માગુણઠાણાના પાંચમા ભાગમાં રહેલા ઉત્કૃષ્ટયોગવાળા જીવો **સં૦લોભ**નો ઉ૦પ્રદેશબંધ કરે છે.

**શુભવિહાયોગત્યાદિ-૯ પ્રકૃતિના ઉ૦પ્રદેશબંધના સ્વામી :-**

જે મિથ્યાદૃષ્ટિ અથવા સમ્યગ્દૃષ્ટિજીવો સાતમૂળકર્મોને બાંધતા હોય અને ઉત્કૃષ્ટયોગવાળા હોય, તે દેવપ્રાયોગ્ય-૨૮ પ્રકૃતિ બાંધતી વખતે **શુભવિહાયોગતિ, દેવદ્વિક, વૈક્રિયદ્વિક, સમચતુરસ્રસંસ્થાન, સુભગત્રિક એ-૯** પ્રકૃતિનો ઉ૦પ્રદેશબંધ કરે છે. કારણકે એકેન્દ્રિય-પ્રાયોગ્ય ૨૩/૨૫/૨૬ પ્રકૃતિ બાંધતી વખતે એ-૯ પ્રકૃતિ બંધાતી નથી અને નામકર્મની ૨૯/૩૦/૩૧ પ્રકૃતિ બાંધતી વખતે એ-૯ પ્રકૃતિ બંધાય છે પણ તે વખતે નામકર્મના દલિકના ઘણા ભાગ થવાથી એ-૯ પ્રકૃતિના ભાગમાં થોડા ઓછા દલિકો આવે છે. તેથી એ-૯ પ્રકૃતિનો ઉ૦પ્રદેશબંધ થતો નથી. એટલે દેવપ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિને બાંધનારા મિથ્યાદૃષ્ટિ અથવા સમ્યગ્દૃષ્ટિજીવોને શુભવિહાયોગત્યાદિ-૯ પ્રકૃતિના ઉ૦પ્રદેશબંધના સ્વામી કહ્યાં છે.

**મનુષ્યાયુ-દેવાયુ-અશાતા-વજ્રઋષભનારાચના ઉ૦પ્રદેશબંધના સ્વામી :-**

ઉત્કૃષ્ટયોગવાળા મિથ્યાદૃષ્ટિ અથવા સમ્યગ્દૃષ્ટિજીવો ૮મૂળકર્મને બાંધતી વખતે **મનુષ્યાયુ**નો અને **દેવાયુ**નો ઉ૦પ્રદેશબંધ કરે છે.

ઉત્કૃષ્ટયોગવાળા મિથ્યાદૃષ્ટિ અથવા સમ્યગ્દૃષ્ટિજીવો ૭મૂળકર્મોને બાંધતી વખતે **અશાતા**નો ઉ૦પ્રદેશબંધ કરે છે.

જે મિથ્યાદૃષ્ટિ અથવા સમ્યગ્દૃષ્ટિજીવો સાતમૂળકર્મોના બંધક હોય અને ઉત્કૃષ્ટ યોગવાળા હોય, તે તિર્યંચપંચેન્દ્રિયપ્રાયોગ્ય-૨૯ અથવા મનુષ્યપ્રાયોગ્ય-૨૯ પ્રકૃતિ બાંધતી વખતે **વજ્રઋષભનારાચ**નો ઉ૦પ્રદેશબંધ કરે છે. કારણકે એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૩/૨૫/૨૬ પ્રકૃતિ અને દેવ-નરકપ્રાયોગ્ય-૨૮ પ્રકૃતિ બાંધતી વખતે વજ્રઋષભનારાચ બંધાતું નથી અને તિર્યંચપંચેન્દ્રિયપ્રાયોગ્ય-૩૦ કે મનુષ્યપ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિ બાંધતી વખતે વજ્રઋષભનારાચ બંધાય છે પણ તે વખતે નામકર્મના દલિકના ઘણા ભાગ થવાથી વજ્રઋષભનારાચના ભાગમાં થોડા ઓછા દલિકો આવે છે. તેથી તે પ્રકૃતિનો ઉ૦પ્રદેશબંધ થતો નથી. એટલે તિર્યંચપંચેન્દ્રિયપ્રાયોગ્ય-૨૯ કે મનુષ્યપ્રાયોગ્ય-૨૯ પ્રકૃતિને બાંધનારા મિથ્યાદૃષ્ટિ અથવા સમ્યગ્દૃષ્ટિજીવોને વજ્રઋષભનારાચના ઉ૦પ્રદેશબંધના સ્વામી કહ્યાં છે.

૭૭ પ્રકૃતિના ઉ૦પ્રદેશબંધના સ્વામીઃ-

**निद्दापयलादुजुयल-भयकुच्छातित्थ सम्मगो सुजई ।**
**आहारदुगं सेसा, उक्कोसपएसगा मिच्छो ॥९२॥**

निद्राप्रचला द्वियुगलभयकुत्सातीर्थं सम्यगः सुयतिः ।
आहारकद्विकं शेषा उत्कृष्टप्रदेशका मिथ्यादृष्टिः ॥ ९२ ॥

**ગાથાર્થ :- સમ્યગ્દૃષ્ટિજીવો નિદ્રા-પ્રચલા, ૨ યુગલ, ભય-જુગુપ્સા અને તીર્થંકરનામકર્મનો ઉ૦પ્રદેશબંધ કરે છે. સુયતિ આહારકદ્વિકનો ઉ૦પ્રદેશબંધ કરે છે અને બાકીની પ્રકૃતિનો ઉ૦પ્રદેશબંધ મિથ્યાદૃષ્ટિજીવો કરે છે.**

**વિવેચન** :- ચોથાથી ૮મા ગુણઠાણાના ૧લા ભાગ સુધી નિદ્રાદ્વિકને થીણદ્ધિત્રિકનો ભાગ મળે છે અને આયુષ્ય ન બંધાતુ હોય ત્યારે આયુષ્યનો પણ થોડો ભાગ મળે છે. એટલે ચોથાથી ૮મા ગુણઠાણાના પહેલા ભાગમાં રહેલા ઉત્કૃષ્ટયોગવાળા જીવો ૭ મૂળકર્મને બાંધતી વખતે **નિદ્રાદ્વિક**નો ઉત્કૃષ્ટપ્રદેશબંધ કરે છે.

બીજા-ત્રીજાગુણઠાણે ઉ૦યોગ હોતો નથી અને પહેલા ગુણઠાણે ઉ૦યોગ હોય છે પણ થીણદ્ધિત્રિક બંધાતી હોવાથી તેનો ભાગ નિદ્રાદ્વિકને મળતો નથી. એટલે પહેલા ત્રણ ગુણઠાણામાં રહેલા જીવો નિદ્રાદ્વિકનો ઉ૦પ્રદેશબંધ કરતાં નથી. તેથી સમ્યગ્દષ્ટિજીવોને નિદ્રાદ્વિકના ઉ૦પ્રદેશબંધના સ્વામી કહ્યાં છે.

**હાસ્યાદિ-૬ના ઉ૦પ્રદેશબંધના સ્વામી :-**

ચોથાથી છઠ્ઠાગુણઠાણા સુધી શોક-અરતિને મિથ્યાત્વનો ભાગ મળે છે અને આયુષ્ય ન બંધાતું હોય ત્યારે આયુષ્યનો થોડો ભાગ મળે છે. તેથી ચોથાથી છઠ્ઠાગુણઠાણામાં રહેલા ઉત્કૃષ્ટયોગવાળા જીવો ૭ મૂળકર્મને બાંધતી વખતે **શોક-અરતિ**નો ઉ૦પ્રદેશબંધ કરે છે.

ચોથાથી ૮મા ગુણઠાણા સુધી હાસ્ય-રતિ-ભય-જુગુપ્સાને મિથ્યાત્વનો ભાગ મળે છે અને આયુષ્ય ન બંધાતુ હોય ત્યારે આયુષ્યનો પણ થોડો ભાગ મળે છે. તેથી ૪થી ૮ ગુણઠાણામાં રહેલા ઉત્કૃષ્ટયોગવાળા જીવો ૭કર્મમૂળને બાંધતી વખતે **હાસ્યાદિ-૪**નો ઉ૦પ્રદેશબંધ કરે છે.

બીજા-ત્રીજાગુણઠાણે ઉ૦યોગ હોતો નથી. અને પહેલા ગુણઠાણે ઉ૦યોગ હોય છે પણ મિથ્યાત્વ બંધાતું હોવાથી તેનો ભાગ હાસ્યાદિ-૬ને મળતો નથી. એટલે પહેલા ત્રણ ગુણઠાણામાં હાસ્યાદિ-૬નો ઉ૦પ્રદેશબંધ થતો નથી. તેથી હાસ્યાદિ-૬ના ઉ૦પ્રદેશબંધના સ્વામી સમ્યગ્દષ્ટિજીવો કહ્યાં છે.

**જિનનામના ઉ૦પ્રદેશબંધના સ્વામી :-**

૭મૂળકર્મને બાંધનારા, ચોથાથી આઠમા ગુણઠાણાના ૬ઠ્ઠાભાગમાં રહેલા, ઉત્કૃષ્ટયોગવાળા મનુષ્યો દેવપ્રાયોગ્ય-૨૯ કે ૩૧ પ્રકૃતિ બાંધતી વખતે **જિનનામકર્મ**નો ઉ૦પ્રદેશબંધ કરે છે. કારણ કે એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૩/૨૫/૨૬ પ્રકૃતિ અને દેવ-નરકપ્રાયોગ્ય-૨૮ પ્રકૃતિ બાંધતી વખતે જિનનામકર્મ બંધાતું નથી અને મનુષ્યપ્રાયોગ્ય-૩૦ પ્રકૃતિ બાંધતી વખતે

જિનનામકર્મ બંધાય છે પણ તે વખતે નામકર્મના દલિકના ૩૦ ભાગ થવાથી જિનનામકર્મના ભાગમાં થોડા ઓછા દલિકો આવે છે. તેથી જિનનામકર્મનો ઉ૦પ્રદેશબંધ થતો નથી અને દેવપ્રાયોગ્ય ૨૯ કે ૩૧ પ્રકૃતિ બાંધતી વખતે નામકર્મના દલિકના ૨૯ ભાગ જ થાય છે. એટલે દેવપ્રાયોગ્ય-૨૯ કે ૩૧ પ્રકૃતિને બાંધનારા સમ્યગ્દૃષ્ટિમનુષ્યો જ જિનનામના ઉ૦પ્રદેશબંધના સ્વામી કહ્યાં છે.

**આહારકદ્વિકના ઉ૦પ્રદેશબંધના સ્વામી :-**

૭મૂળકર્મોને બાંધનારા, ૭મા ગુણઠાણાથી ૮મા ગુણઠાણાના છઠ્ઠાભાગમાં રહેલા, ઉત્કૃષ્ટયોગવાળા અપ્રમત્તમુનિ દેવપ્રાયોગ્ય-૩૦ પ્રકૃતિ બાંધતી વખતે **આહારકદ્વિક**નો ઉ૦પ્રદેશબંધ કરે છે. કારણ કે નામકર્મની ૨૩/૨૫/૨૬/૨૮/૨૯ પ્રકૃતિ બાંધતી વખતે આહારકદ્વિક બંધાતું નથી અને દેવપ્રાયોગ્ય-૩૧ પ્રકૃતિ બાંધતી વખતે આહારકદ્વિક બંધાય છે પણ તે વખતે નામકર્મના દલિકના ઘણા ભાગ પડવાથી આહારકદ્વિકના ભાગમાં થોડા ઓછા દલિકો આવે છે. તેથી આહારકદ્વિકનો ઉ૦પ્રદેશબંધ થતો નથી. એટલે દેવપ્રાયોગ્ય-૩૦ પ્રકૃતિને બાંધનારા અપ્રમત્તમુનિને આહારકદ્વિકના ઉ૦પ્રદેશબંધના સ્વામી કહ્યાં છે.

**૬૬ પ્રકૃતિના ઉ૦પ્રદેશબંધના સ્વામી :-**

બાકીની થીણદ્ધિત્રિક, મિથ્યાત્વ, અનંતા૦૪, સ્ત્રીવેદ, નપુંસકવેદ, નરકત્રિક, તિર્યંચત્રિક, મનુષ્યદ્વિક, જાતિ-૫, ઔદારિકદ્વિક, તૈજસશરીર, કાર્મણશરીર, સંઘયણ-૫, સંસ્થાન-૫, વર્ણાદિ-૪, અશુભવિહાયોગતિ, અગુરૂલઘુચતુષ્ક, નિર્માણ, આતપ-ઉદ્યોત, ત્રસચતુષ્ક, સ્થિર-શુભ, સ્થાવરદશક, નીચગોત્ર...એ-૬૬ પ્રકૃતિનો ઉ૦પ્રદેશબંધ મિથ્યાદૃષ્ટિજીવો જ કરે છે. કારણકે નરકત્રિક, જાતિ-૪, સ્થાવરાદિ-૪, હુંડક, આતપ, છેવટ્ઠું, નપુંસક, મિથ્યાત્વ એ-૧૬ પ્રકૃતિ મિથ્યાત્વગુણઠાણા સુધી જ બંધાય છે. તેથી તેનો ઉ૦પ્રદેશબંધ મિથ્યાદૃષ્ટિજીવો કરે છે. તિર્યંચત્રિક, થીણદ્ધિત્રિક, દુર્ભગત્રિક, અનં૦૪, મધ્યમ-૪ સંઘયણ, મધ્યમ-૪ સંસ્થાન, નીચગોત્ર,

ઉદ્યોત, અશુભવિહાo, સ્ત્રીવેદ એ-૨૫ પ્રકૃતિ સાસ્વાદનગુણઠાણા સુધી બંધાય છે પણ સાસ્વાદનગુણઠાણે ઉoયોગ ન હોવાથી ઉoપ્રદેશબંધ થતો નથી. તેથી તેનો ઉoપ્રદેશબંધ મિથ્યાદૃષ્ટિ જ કરે છે. બાકીની ૨૫ પ્રકૃતિ સમ્યક્ત્વાદિગુણઠાણે બંધાય છે. પણ ત્યાં મનુષ્યપ્રાયોગ્ય-૨૯ પ્રકૃતિની સાથે બંધાતી હોવાથી નામકર્મના ઘણા ભાગ પડે છે. તેથી સમ્યક્ત્વગુણઠાણે તેનો ઉoપ્રદેશબંધ થતો નથી. એટલે તે-૨૫ પ્રકૃતિના ઉoપ્રદેશબંધના સ્વામી મિથ્યાદૃષ્ટિજીવો કહ્યાં છે.

૭મૂળકર્મોને બાંધનારા, ઉત્કૃષ્ટયોગવાળા મિથ્યાદૃષ્ટિતિર્યંચ-મનુષ્યો અપર્યાપ્તએકેoપ્રાયોગ્ય-૨૩ પ્રકૃતિ બાંધતી વખતે **તિર્યંચદ્વિક, એકેoજાતિ, ઔદારિકશરીર, તૈજસશરીર, કાર્મણશરીર, હુંડક, વર્ણાદિ-૪, અગુરૂલઘુ, ઉપઘાત, નિર્માણ, સ્થાવર, બાદર-સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ-પ્રત્યેક, અસ્થિર, અશુભ, દુર્ભગ, અનાદેય, અયશ** એ-૨૫ પ્રકૃતિનો ઉoપ્રદેશબંધ કરે છે. કારણકે નામકર્મની-૨૫ પ્રકૃતિની સાથે પણ તિર્યંચદ્વિકાદિ-૨૫ પ્રકૃતિ બંધાય છે પણ તે વખતે નામકર્મના દલિકના ઘણા ભાગ પડવાથી તે પ્રકૃતિના ભાગમાં ઓછા દલિકો આવે છે. તેથી તે-૨૫ પ્રકૃતિનો ઉoપ્રદેશબંધ થતો નથી. એટલે અપoએકેo-પ્રાયોગ્ય ૨૩ પ્રકૃતિને બાંધનારા મિથ્યાદૃષ્ટિતિર્યંચ-મનુષ્યોને તિર્યંચગત્યાદિ-૨૫ના ઉoપ્રદેશબંધના સ્વામી કહ્યાં છે.

૭મૂળકર્મોને બાંધનારા, ઉત્કૃષ્ટયોગવાળા મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો અપર્યાપ્ત ત્રસપ્રાયોગ્ય-૨૫ પ્રકૃતિ બાંધતી વખતે **મનુષ્યદ્વિક, બેઇન્દ્રિયાદિ-૪ જાતિ, ઔદારિકઅંગોપાંગ, છેવટ્ઠું, ત્રસ** એ-૯ પ્રકૃતિનો ઉoપ્રદેશબંધ કરે છે. કારણ કે એ-૯ પ્રકૃતિ અપર્યાપ્ત એકેન્દ્રિયપ્રાયોગ્ય-૨૩ પ્રકૃતિની સાથે બંધાતી નથી અને મનુષ્યપ્રાયોગ્ય-૨૯ પ્રકૃતિની સાથે બંધાય છે. પણ તે વખતે નામકર્મના દલિકોના ઘણા ભાગ થવાથી તેના ભાગમાં ઓછા દલિકો આવે છે તેથી મનુષ્યદ્વિકાદિ-૯નો ઉoપ્રદેશબંધ થતો નથી. તેથી અપoત્રસપ્રાયોગ્ય ૨૫ પ્રકૃતિને બાંધનારા મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યોને એ-૯ પ્રકૃતિના ઉoપ્રદેશબંધના સ્વામી કહ્યાં છે.

૭મૂલકર્મોના બંધક, ઉત્કૃષ્ટયોગવાળા મિથ્યાદષ્ટિજીવો પર્યાપ્ત એકેન્દ્રિયપ્રાયોગ્ય-૨૫ પ્રકૃતિ બાંધતી વખતે **પર્યાપ્તનામકર્મ, પરાઘાત, ઉચ્છ્વાસ, સ્થિર, શુભ**નો ઉ૦પ્રદેશબંધ કરે છે. કારણકે એ-૫ પ્રકૃતિ અપ૦એકે૦પ્રાયોગ્ય-૨૩ પ્રકૃતિની સાથે બંધાતી નથી અને પર્યાપ્તએકેન્દ્રિય-પ્રાયોગ્ય-૨૬ પ્રકૃતિની સાથે બંધાય છે પણ તે વખતે નામકર્મના દલિકના ઘણા ભાગ થવાથી તેના ભાગમાં ઓછા દલિકો આવે છે. તેથી એ-૫ પ્રકૃતિનો ઉ૦પ્રદેશબંધ થતો નથી. તેથી પર્યાપ્ત એકેન્દ્રિયપ્રાયોગ્ય-૨૫ પ્રકૃતિને બાંધનારા મિથ્યાદષ્ટિજીવોને એ-૫ પ્રકૃતિના ઉ૦પ્રદેશબંધના સ્વામી કહ્યાં છે.

૭મૂલકર્મોને બાંધનારા, ઉત્કૃષ્ટયોગવાળા મિથ્યાદષ્ટિજીવો પર્યાપ્ત એકેન્દ્રિયપ્રાયોગ્ય-૨૬ પ્રકૃતિ બાંધતી વખતે **આતપ** અને **ઉદ્યોત**નો ઉ૦પ્રદેશબંધ કરે છે.

૭મૂલકર્મોના બંધક, ઉત્કૃષ્ટયોગવાળા મિથ્યાદષ્ટિ તિર્યંચ-મનુષ્યો નરકપ્રાયોગ્ય-૨૮ પ્રકૃતિ બાંધતી વખતે **નરકદ્વિક, અશુભવિહાયોગતિ, દુ:સ્વર** એ-૪ પ્રકૃતિનો ઉ૦પ્રદેશબંધ કરે છે. કારણ કે નામકર્મની ૨૩/ ૨૫/૨૬ પ્રકૃતિની સાથે નરકદ્વિકાદિ-૪ બંધાતી નથી અને તિર્યંચપ્રાયોગ્ય-૨૯/૩૦ કે મનુષ્યપ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિની સાથે અશુભવિહાયોગતિ અને દુ:સ્વર બંધાય છે. પણ તે વખતે નામકર્મના દલિકના ઘણા ભાગ પડવાથી તે બન્ને પ્રકૃતિનો ઉ૦પ્રદેશબંધ થતો નથી. તેથી નરકપ્રા૦૨૮ પ્રકૃતિને બાંધનારા મિથ્યાદષ્ટિ તિર્યંચ-મનુષ્યોને જ નરકદ્વિકાદિ-૪ પ્રકૃતિના ઉ૦પ્રદેશબંધના સ્વામી કહ્યાં છે.

૭મૂલકર્મોના બંધક, ઉત્કૃષ્ટયોગવાળા મિથ્યાદષ્ટિજીવો તિર્યંચ-પંચેન્દ્રિયપ્રાયોગ્ય-૨૯ કે મનુષ્યપ્રાયોગ્ય-૨૯ પ્રકૃતિ બાંધતી વખતે **મધ્યમ-૪ સંઘયણ** અને **મધ્યમ-૪ સંસ્થાન**નો ઉ૦પ્રદેશબંધ કરે છે. કારણકે નામકર્મની ૨૩/૨૫/૨૬/૨૮ પ્રકૃતિ બાંધતી વખતે એ-૮ પ્રકૃતિ બંધાતી નથી અને તિર્યંચપંચેન્દ્રિયપ્રાયોગ્ય-૩૦ પ્રકૃતિ બાંધતી વખતે એ-૮ પ્રકૃતિ બંધાય છે. પણ તે વખતે નામકર્મના દલિકના ઘણા ભાગ થવાથી તેના ભાગમાં ઓછા દલિકો આવે છે તેથી તે પ્રકૃતિનો ઉ૦પ્રદેશબંધ થતો નથી.

તેથી તિર્યંચ પ્રાયોગ્ય-૨૯ કે મનુ૦ પ્રા૦૨૯ને બાંધનારા મિથ્યાદષ્ટિને એ-૮ પ્રકૃતિના ઉ૦પ્રદેશબંધના સ્વામી કહ્યાં છે.

ઉત્કૃષ્ટયોગવાળા મિથ્યાદષ્ટિ જીવો ૭મૂળકર્મને બાંધતી વખતે **થીણદ્ધિત્રિક, મિથ્યાત્વ, અનંતાનુબંધી-૪, સ્ત્રીવેદ, નપુંવેદ, નીચગોત્રનો** ઉ૦પ્રદેશબંધ કરે છે અને ઉત્કૃષ્ટયોગવાળા મિથ્યાદષ્ટિજીવો-૮ મૂળકર્મને બાંધતી વખતે **નરકાયુ** અને **તિર્યંચાયુનો** ઉ૦પ્રદેશબંધ કરે છે.

જઘન્યપ્રદેશબંધના સ્વામી :-

**सुमुणी दुन्नि असन्नि, निरयतिग सुराउसुरविउव्विदुगं ।**
**सम्मो जिणं जहन्नं, सुहुमोनिगोयाइखणि सेसा ॥९३॥**

सुमुनिः द्वे असंज्ञी नरकद्विकं सुरायुः सुरवैक्रियद्विकं ।
सम्यग् जिनं जघन्यं सूक्ष्मनिगोदादिक्षणे शेषाः ॥९३॥

**ગાથાર્થ :- ઉત્તમમુનિ [અપ્રમત્તમુનિ] આહારકદ્વિકનો જ૦પ્રદેશબંધ કરે છે અસંજ્ઞીપંચેન્દ્રિય નરકત્રિક અને દેવાયુનો જ૦પ્રદેશબંધ કરે છે.**

**વિવેચન :-** પરાવર્તમાનયોગી[૬૫]વાળા અપ્રમત્તમુનિ દેવપ્રાયોગ્ય-૩૧ પ્રકૃતિને બાંધતી વખતે આહારકદ્વિકનો ઉ૦પ્રદેશબંધ કરે છે. જો કે દેવપ્રાયોગ્ય-૩૦ પ્રકૃતિ બાંધતી વખતે આહારકદ્વિક બંધાય છે પણ તે વખતે નામકર્મના દલિકનો એક ભાગ ઓછો થવાથી આહારકદ્વિકના ભાગમાં થોડા વધુ દલિકો આવે છે. તેથી આહારકદ્વિકનો જ૦પ્રદેશબંધ થતો નથી. એટલે દેવપ્રાયોગ્ય-૩૧ પ્રકૃતિના બંધક અપ્રમત્તમુનિને આહારકદ્વિકના જ૦પ્રદેશબંધના સ્વામી કહ્યાં છે.

---

(૬૫) પર્યાપ્તાજીવને એકયોગમાંથી બીજાયોગમાં જતી વખતે પરાવર્તમાન[ઘોલમાન] યોગ હોય છે અને પરાવર્તમાનયોગીને મંદયોગ હોય છે. કારણ કે પર્યાપ્તો જીવ મનયોગ-વચનયોગ અને કાયયોગમાંથી કોઈપણ એક યોગમાં ઘણો સમય રહે, તો તીવ્રચેષ્ટાવાળો [તીવ્રયોગવાળો] હોય અને એકયોગમાંથી બીજાયોગમાં જતી વખતે જીવને સ્વભાવથી અલ્પચેષ્ટા [મંદયોગ] હોય છે. એટલે પરાવર્તમાન યોગવાળા જીવને મંદયોગ હોય છે.

**નરકત્રિક-દેવાયુના જ૦પ્રદેશબંધના સ્વામી :-**

પરાવર્તમાનયોગવાળા પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિયજીવો મૂળ ૮કર્મને બાંધતી વખતે **નરકત્રિક** અને **દેવાયુ**નો જ૦પ્રદેશબંધ કરે છે. કારણકે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયજીવો દેવગતિ અને નરકગતિમાં ઉત્પન્ન થતા નથી. તેથી તે જીવોને નરકત્રિકાદિ-૪ પ્રકૃતિનો બંધ હોતો નથી તથા અપર્યાપ્ત અસંજ્ઞીને પણ દેવગતિના બંધને યોગ્ય વિશુદ્ધપરિણામ હોતો નથી અને નરકગતિના બંધને યોગ્ય સંક્લિષ્ટ પરિણામ હોતો નથી. એટલે અપર્યાપ્ત અસંજ્ઞી પણ નરકત્રિકાદિ-૪ પ્રકૃતિને બાંધતા નથી. તથા અપર્યાપ્તસંજ્ઞી પણ નરકત્રિકાદિ-૪ પ્રકૃતિને બાંધતો નથી અને પર્યાપ્તસંજ્ઞીને પર્યાપ્તઅસંજ્ઞી કરતાં અસંખ્યગુણ યોગ હોય છે. તેથી તે-૪ પ્રકૃતિના જ૦પ્રદેશબંધના સ્વામી પર્યાપ્તઅસંજ્ઞી પંચેન્દ્રિય છે.

**જિનનામના જ૦પ્રદેશબંધના સ્વામી :-**

કોઈક મનુષ્ય જિનનામનો[૬૬] નિકાચિતબંધ કરીને અનુત્તરદેવમાં ઉત્પન્ન થાય છે. ત્યાં ભવના પ્રથમ સમયે જ સ્વયોગ્ય જઘન્યયોગમાં રહેલો અનુત્તરદેવ મનુષ્યપ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિ બાંધતી વખતે **જિનનામ**નો જ૦પ્રદેશબંધ કરે છે. કારણ કે કોઈપણ જીવને અપર્યાપ્તાવસ્થામાં દરેકસમયે અસંખ્યગુણયોગ વધે છે. તેથી અનુત્તરદેવને ભવના બીજાદિ સમયે જિનનામનો જ૦પ્રદેશબંધ થતો નથી. એટલે ભવના પ્રથમસમયે જિનનામનો જ૦પ્રદેશબંધ કહ્યો છે.

શ્રેણીકરાજાની જેમ કોઈક મનુષ્ય જિનનામને બાંધતો બાંધતોનરકમાં ઉત્પન્ન થઈને ભવના પ્રથમસમયે મનુષ્યપ્રાયોગ્ય-૩૦ પ્રકૃતિ બાંધતી

(૬૬) કોઈપણ મનુષ્ય જે સમયે જિનનામ નિકાચિત કરે છે. તે સમયથી માંડીને તીર્થંકરનાભવમાં ક્ષપકશ્રેણીમાં ૮મા ગુણઠાણાના ૬ટ્ઠાભાગના છેલ્લાસમય સુધી નિરંતર જિનનામને બાંધે છે. પણ જો વચ્ચે ઉપશમશ્રેણી માંડે તો ૮મા ગુણઠાણાના ૬ટ્ઠાભાગના છેલ્લાસમયે જિનનામનો બંધવિચ્છેદ થાય છે. પણ ઉપશમશ્રેણીથી પડીને ફરી તે જ સ્થાને આવે ત્યારે જિનનામનો બંધ શરૂ થઈ જાય છે.

વખતે જિનનામને બાંધે છે. પણ અનુત્તરદેવથી નારકોને અસંખ્યગુણો યોગ હોવાથી નારકો જિનનામનો જ૦પ્રદેશબંધ કરી શકતા નથી. તિર્યંચગતિમાં જિનનામ બંધાતું જ નથી. અને નિકાચિત જિનનામની સત્તાવાળો જીવ દેવભવમાંથી કે નરકભવમાંથી ચ્યવીને જિનનામને બાંધતો બાંધતો મનુષ્યભવમાં જ ઉત્પન્ન થાય છે. તે મનુષ્ય ભવના પ્રથમસમયે જિનનામ સહિત દેવપ્રાયોગ્ય-૨૯ પ્રકૃતિને બાંધે છે. પણ તે વખતે નામકર્મના દલિકોનો એકભાગ ઓછો પડવાથી જિનનામના ભાગમાં થોડા વધારે દલિકો આવે છે. તેથી મનુષ્યો પણ જિનનામનો જ૦પ્રદેશબંધ કરી શકતા નથી. અને દેવોમાં પણ સૌથી અલ્પયોગ અનુત્તરને હોય છે. તેથી અનુત્તરદેવને જિનનામના જ૦પ્રદેશબંધના સ્વામી કહ્યાં છે.

અપ્રમત્તમુનિ દેવપ્રાયોગ્ય-૩૧ પ્રકૃતિ બાંધતી વખતે જિનનામને બાંધે છે. પણ અપર્યાપ્તસમ્યગ્દૃષ્ટિ સંજ્ઞી કરતાં અપ્રમત્તમુનિને યોગ વધુ હોવાથી જિનનામનો જ૦પ્રદેશબંધ કરી શકતાં નથી. અને નામકર્મની ૨૩/૨૫/૨૬/૨૮ પ્રકૃતિ બાંધતી વખતે જિનનામકર્મ બંધાતું જ નથી. એટલે ભવના પ્રથમસમયે દેવપ્રાયોગ્ય-૩૦ પ્રકૃતિને બાંધનારા અનુત્તરદેવો જ જિનનામના જ૦પ્રદેશબંધના સ્વામી છે.

**દેવદ્વિક-વૈક્રિયદ્વિકના જ૦પ્રદેશબંધના સ્વામી :-**

કોઈક દેવ-નારક જિનનામને બાંધતો બાંધતો ત્યાંથી ચ્યવીને મનુષ્યભવમાં ઉત્પન્ન થાય છે. ત્યારે ભવના પ્રથમસમયે જ સ્વયોગ્ય જઘન્યયોગવાળો મનુષ્ય દેવપ્રાયોગ્ય-૨૯ પ્રકૃતિને, બાંધતી વખતે **દેવદ્વિક** અને **વૈક્રિયદ્વિકનો** જ૦પ્રદેશબંધ કરે છે. કારણ કે દેવ-નારકો એ-૪ પ્રકૃતિને ભવનિમિત્તે જ બાંધતા નથી. અને યુગલિક તિર્યંચ-મનુષ્યો દેવદ્વિક-વૈક્રિયદ્વિકને બાંધે છે. પણ યુગલિકોને જિનનામ-આહારકદ્વિકનો બંધ ન હોવાથી દેવપ્રાયોગ્ય ૨૯/૩૦/૩૧ પ્રકૃતિ બાંધી શકતા નથી. એટલે દેવપ્રાયોગ્ય-૨૮ પ્રકૃતિ જ બાંધે છે. તે વખતે નામકર્મના દલિકનો એક ભાગ ઓછો પડવાથી તે-૪ પ્રકૃતિના ભાગમાં થોડા વધારે દલિકો આવે છે. તેથી એ-૪ પ્રકૃતિનો જ૦પ્રદેશબંધ થતો નથી. અને અપ્રમત્ત-

મુનિ દેવપ્રાયોગ્ય ૩૦/૩૧ પ્રકૃતિ બાંધે છે. પણ અપર્યાપ્તસંજ્ઞી કરતાં અપ્રમત્તમુનિનો જઘન્યયોગ પણ અસંખ્યગુણ હોય છે એટલે અપ્રમત્ત મુનિ તે પ્રકૃતિનો જ૦પ્રદેશબંધ કરી શકતા નથી. તેથી ભવના પ્રથમસમયે દેવપ્રાયોગ્ય-૨૯ પ્રકૃતિને બાંધનારા મનુષ્યોને જ દેવદ્વિક અને વૈક્રિયદ્વિકના જ૦પ્રદેશબંધના સ્વામી કહ્યાં છે.

**શંકા:- પર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિય દેવપ્રાયોગ્ય-૨૮ પ્રકૃતિ બાંધતી વખતે દેવદ્વિક અને વૈક્રિયદ્વિકને બાંધે છે. તેથી પર્યાપ્ત અસંજ્ઞીને એ-૪ પ્રકૃતિના જ૦પ્રદેશબંધના સ્વામી કેમ ન કહ્યાં ?**

**સમાધાન**:- અપર્યાપ્તસંજ્ઞીથી પર્યાપ્તઅસંજ્ઞીનો જઘન્યયોગ પણ અસંખ્યગુણો છે. તેથી પર્યાપ્તઅસંજ્ઞી એ-૪ પ્રકૃતિનો જ૦પ્રદેશબંધ કરી શકતા નથી.

**૧૦૯ પ્રકૃતિના જ૦પ્રદેશબંધના સ્વામી :-**

લબ્ધિ-અપર્યાપ્તાસૂક્ષ્મનિગોદીયા જીવો પોતાના આયુષ્યના ત્રીજાભાગના પ્રથમસમયે **તિર્યંચાયુષ્ય** અને **મનુષ્યાયુષ્ય**નો જ૦પ્રદેશબંધ કરે છે. કારણ કે ત્યારપછીના સમયે અસંખ્યગુણયોગ વધે છે. અને ચાલુભવના આયુષ્યના બે ભાગ ગયા પછી જ આયુષ્ય બંધાય છે. એટલે તે બન્ને આયુષ્યનો જ૦પ્રદેશબંધ ચાલુભવના આયુષ્યના ત્રીજા-ભાગના પ્રથમસમયે કહ્યો છે.

સર્વજઘન્યયોગવાળા લબ્ધિ-અપર્યાપ્તાસૂક્ષ્મનિગોદીયા જીવો ભવના પ્રથમસમયે અપર્યાપ્તત્રસપ્રાયોગ્ય-૨૫ પ્રકૃતિ બાંધતી વખતે **અપર્યાપ્તા-નામકર્મ**નો જ૦પ્રદેશબંધ કરે છે અને પર્યાપ્તએકેન્દ્રિયપ્રાયોગ્ય-૨૫ પ્રકૃતિ બાંધતી વખતે **સૂક્ષ્મ-સાધારણ**નો જ૦પ્રદેશબંધ કરે છે. કારણ કે નામકર્મની ૨૬/૨૮ વગેરે પ્રકૃતિ બાંધતી વખતે એ-૩ પ્રકૃતિ બંધાતી નથી અને અપર્યાપ્ત એકે૦પ્રાયોગ્ય-૨૩ પ્રકૃતિ બાંધતી વખતે એ-૩ પ્રકૃતિ બંધાય છે પણ તે વખતે નામકર્મના દલિકના ઓછા ભાગ થવાથી એ-૩ પ્રકૃતિના ભાગમાં વધારે દલિકો આવે છે. તેથી તેનો જ૦પ્રદેશબંધ થતો નથી. તેથી

નામકર્મની ૨૫ પ્રકૃતિને બાંધનારા લબ્ધિ-અપ૦સૂક્ષ્મનિગોદીયાજીવોને અપર્યાપ્તાદિ-૩ના જ૦પ્રદેશબંધના સ્વામી કહ્યાં છે.

સર્વજઘન્યયોગવાળા લબ્ધિ-અપર્યાપ્તા સૂક્ષ્મનિગોદીયાજીવો ભવના પ્રથમસમયે પર્યાપ્તા એકેન્દ્રિયપ્રાયોગ્ય-૨૬ પ્રકૃતિ બાંધતી વખતે **એકે૦-સ્થાવર-આતપ**નો જ૦પ્રદેશબંધ કરે છે. કારણ કે નામકર્મની ૨૮ વગેરે પ્રકૃતિ બાંધતી વખતે એ-૩ પ્રકૃતિ બંધાતી નથી અને નામકર્મની ૨૩ કે ૨૫ પ્રકૃતિ બાંધતી વખતે એકે૦-સ્થાવર બંધાય છે. પણ તે વખતે નામકર્મના દલિકના ઓછા ભાગ થવાથી ઘણા દલિકો ભાગમાં આવે છે. તેથી એકે૦-સ્થાવરનો જ૦પ્રદેશબંધ થતો નથી. એટલે નામકર્મની ૨૬ પ્રકૃતિને બાંધનારા લબ્ધિ-અપ૦સૂક્ષ્મનિગોદીયા જીવોને એકેન્દ્રિયાદિ-૩ પ્રકૃતિના જ૦પ્રદેશબંધના સ્વામી કહ્યાં છે.

લબ્ધિ-અપર્યાપ્તાસૂક્ષ્મનિગોદીયાજીવો ભવના પ્રથમસમયે મનુષ્ય-પ્રાયોગ્ય-૨૯ પ્રકૃતિને બાંધતી વખતે **મનુષ્યદ્વિક**નો જ૦પ્રદેશબંધ કરે છે. કારણ કે દેવ-નારકો ભવના પ્રથમસમયે મનુષ્યપ્રાયોગ્ય-૩૦ પ્રકૃતિ બાંધતી વખતે મનુષ્યદ્વિકને બાંધે છે. પણ લબ્ધિ-અપ૦સૂક્ષ્મનિગોદીયાજીવના યોગથી અપર્યાપ્તસંજ્ઞીજીવનો જઘન્યયોગ પણ અસંખ્યગુણો છે તેથી તે ઘણા દલિકો ગ્રહણ કરે છે. અને લબ્ધિ-અપર્યાપ્તા સૂક્ષ્મનિગોદીયાજીવો અપર્યાપ્તત્રસ-પ્રાયોગ્ય-૨૫ પ્રકૃતિ બાંધતી વખતે મનુષ્યદ્વિકને બાંધે છે. પણ તે વખતે નામકર્મના દલિકના ઓછા ભાગ થવાથી ઘણા દલિકો ભાગમાં આવે છે. એટલે મનુષ્યપ્રાયોગ્ય ૨૫ કે ૩૦ પ્રકૃતિ બાંધતી વખતે મનુષ્યદ્વિકનો જ૦પ્રદેશબંધ થતો નથી. તેથી મનુષ્યપ્રાયોગ્ય-૨૯ પ્રકૃતિને બાંધનારા લબ્ધિ-અપ૦સૂક્ષ્મનિગોદીયાજીવોને મનુષ્યદ્વિકના જ૦પ્રદેશબંધના સ્વામી કહ્યાં છે.

સર્વજઘન્યયોગવાળા લબ્ધિ-અપર્યાપ્તાસૂક્ષ્મનિગોદીયાજીવો ભવના પ્રથમસમયે તિર્યંચપ્રાયોગ્ય-૩૦ પ્રકૃતિ બાંધતી વખતે **તિર્યંચદ્વિક, બેઈન્દ્રિયાદિ-૪ જાતિ, ઔદારિકદ્વિક, તૈ૦શ૦, કા૦શ૦, સંઘ૦૬, સંસ્થાન-૬, વર્ણાદિ-૪, વિહા૦૨, પ્રત્યેક-૬** [જિનનામ-આતપ વિના], **ત્રસાદિ-૧૦ અસ્થિરાદિ-**

**૬ એ ૫૦** પ્રકૃતિનો જ૦પ્રદેશબંધ કરે છે. કારણ કે નામકર્મની ૨૩/૨૫/૨૬/ ૨૯ પ્રકૃતિ બાંધતી વખતે તિર્યંચદ્વિકાદિ-૫૦ પ્રકૃતિ બંધાય છે. પણ તે વખતે નામકર્મના દલિકના ઓછા ભાગ થવાથી તે પ્રકૃતિના ભાગમાં ઘણા દલિકો આવે છે. તેથી તે પ્રકૃતિનો જ૦પ્રદેશબંધ થતો નથી અને અપ્રમત્તમુનિ દેવપ્રાયોગ્ય-૩૧ પ્રકૃતિ બાંધતી વખતે પંચેન્દ્રિય, ધ્રુવબંધી-૯, ૧લું સંસ્થાન, શુભવિહા૦ વગેરે પ્રકૃતિ બાંધે છે. પણ અપર્યાપ્તસૂક્ષ્મનિગોદીયાજીવના યોગથી અપ્રમત્તમુનિનો જઘન્યયોગ અસંખ્યગુણો હોય છે. તેથી તે મહાત્મા પંચેન્દ્રિયાદિનો જ૦પ્રદેશબંધ કરી શકતા નથી. એટલે તિર્યંચપ્રાયોગ્ય-૩૦ પ્રકૃતિને બાંધનારા લબ્ધિ-અપ૦સૂક્ષ્મનિગોદીયાજીવોને તિર્યંચદ્વિકાદિ-૫૦ પ્રકૃતિના જ૦પ્રદેશબંધના સ્વામી કહ્યાં છે.

સર્વજઘન્યયોગવાળા લબ્ધિ-અપર્યાપ્તા સૂક્ષ્મનિગોદીયાજીવો ભવના પ્રથમસમયે **જ્ઞાના૦૫+દર્શના૦૯+વેદનીય-૨+મોહનીય-૨૬+ગોત્ર-૨+ અંતરાય-૫=૪૯** પ્રકૃતિનો જ૦પ્રદેશબંધ કરે છે.

**પ્રદેશબંધનો કાળ :-**

કોઈપણ જીવ અપર્યાપ્તાવસ્થામાં જે પ્રકૃતિનો જ૦પ્રદેશબંધ કરે છે. તે પ્રકૃતિનો જ૦પ્રદેશબંધ **જઘન્યથી** કે **ઉત્કૃષ્ટથી ૧સમય** જ થાય છે. કારણ કે દરેકજીવને અપર્યાપ્તાવસ્થામાં પ્રતિસમયે અસંખ્યગુણયોગ વધે છે. તેથી એક યોગસ્થાનક એક જ સમય રહે છે. બીજાસમયે તે જીવનું યોગ-સ્થાનક બદલાઈ જાય છે. અને પરાવર્તમાનયોગવાળો જીવ પર્યાપ્તાવસ્થામાં જે પ્રકૃતિનો જ૦પ્રદેશબંધ કરે છે. તે પ્રકૃતિનો જ૦પ્રદેશબંધ **જઘન્યથી ૧ સમય** અને **ઉત્કૃષ્ટથી ૪ સમય** સુધી થાય છે. કારણ કે ચિત્ર૦નં૦૧૦માં બતાવ્યા મુજબ શરૂઆતના અસંખ્યજઘન્યયોગસ્થાનકમાંથી સ્વયોગ્ય જઘન્યયોગસ્થાનકે જીવ વધુમાં વધુ ૪ સમય સુધી રહી શકે છે. તેથી જ૦પ્રદેશબંધ **જઘન્યથી ૧સમય** અને **ઉત્કૃષ્ટથી ૪ સમય** સુધી થાય છે.

એ જ રીતે, ચિત્રનં૦૧૦માં બતાવ્યા મુજબ છેલ્લા અસંખ્ય ઉત્કૃષ્ટ-યોગસ્થાનકમાં જીવ વધુમાં વધુ ૨ સમય રહી શકે છે. તેથી ઉ૦પ્રદેશબંધ **જઘન્યથી ૧ સમય** અને **ઉત્કૃષ્ટથી ૨ સમય** સુધી થાય છે.

## -: પ્રદેશબંધના સ્વામી :-

| પ્રકૃતિ | ઉ૦પ્રદેશબંધના સ્વામી | જ૦પ્રદેશબંધના સ્વામી |
|---|---|---|
| જ્ઞાના૦૫, દર્શના૦૪ અંતરાય-૫, શાતા ઉચ્ચગોત્ર ૧૬ | ૬મૂલકર્મના બંધક સૂક્ષ્મસંપરાયગુણઠાણાવાળા જીવો | લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદીયા જીવો ભવના પ્રથમ સમયે |
| અશાતા ૧ | ૭મૂલકર્મના બંધક સમ્યગ્દૃષ્ટિ અથવા મિથ્યાદૃષ્ટિજીવો | |
| નિદ્રાદ્વિક ૨ | ૪થી૮ ગુણઠાણાવાળા જીવો | |
| થીણદ્ધિ-૩, મિથ્યાત્વ અનંતા૦૪, નપુસંકવેદ સ્ત્રીવેદ-નીચગોત્ર ૧૧ | ૭મૂલકર્મના બંધક મિથ્યાદૃષ્ટિજીવો | |
| અપ્રત્યા૦૪ ૪ | ચોથાગુણઠાણાવાળા જીવો | |
| પ્રત્યાખ્યાનીય-૪ ૪ | પાંચમાગુણઠાણાવાળા જીવો | |
| સં૦ક્રોધ ૧ | નવમાગુણઠાણાના બીજાભાગમાં રહેલા જીવો | |
| સં૦માન ૧ | નવમાગુણઠાણાના ત્રીજાભાગમાં રહેલા જીવો | |
| સં૦માયા ૧ | નવમાગુણઠાણાના ચોથાભાગમાં રહેલા જીવો | |
| સં૦લોભ ૧ | નવમાગુણઠાણાના પાંચમાભાગમાં રહેલા જીવો | |
| હાસ્ય-રતિ, ભય-જુગુ૦ ૪ | ૪થી૮ ગુણઠાણાવાળા જીવો | |
| શોક-અરતિ ૨ | ૪થી૬ ગુણઠાણાવાળા જીવો | |
| પુ૦વેદ ૧ | નવમાગુણઠાણાના પહેલાભાગમાં રહેલા જીવો | |

## -: પ્રદેશબંધના સ્વામી :-

| પ્રકૃતિ | ઉ૦પ્રદેશબંધના સ્વામી | જ૦પ્રદેશબંધના સ્વામી |
|---|---|---|
| નરકદ્વિક ૨ | નરકપ્રા૦૨૮ના બંધક મિથ્યાદૃષ્ટિ પર્યાપ્તસંજ્ઞી | પરાવર્તમાન યોગવાળા નરક-પ્રા૦૨૮ના બંધક પર્યાપ્તઅસંજ્ઞી |
| દેવદ્વિક-વૈક્રિયદ્વિક ૪ | દેવપ્રા૦૨૮ના બંધક મિથ્યાદૃષ્ટિ કે સમ્યગ્દૃષ્ટિ | દેવપ્રાયોગ્ય ૨૯ના બંધક મનુષ્યો ભવના પ્રથમસમયે |
| મનુષ્યદ્વિક ૨ | અપ૦મનુ૦પ્રા૦૨૫ના બંધક મિથ્યાદૃષ્ટિ | મનુષ્ય પ્રા૦૨૯ના બંધક લબ્ધિ-અપ૦સૂક્ષ્મનિગોદીયા |
| તિર્યંચદ્વિક, તૈ૦શ૦, કા૦શ૦, ઔ૦શ૦, હુંડક વર્ણાદિ-૪, અગુરૂલઘુ, નિર્માણ, ઉપઘાત, બાદર, પ્રત્યેક, અસ્થિરત્રિક અનાદેયદ્વિક ૨૦ | અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય-૨૩ના બંધક મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો | તિર્યંચ પ્રાયોગ્ય ૨૩ના બંધક લબ્ધિ અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદીયા જીવો |
| બેઇન્દ્રિયાદિ-૪ જાતિ ઔ૦અંગો૦, છેવટ્ઠું, ત્રસ ૭ | અપર્યાપ્ત ત્રસપ્રાયોગ્ય-૨૫ના બંધક મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો | |
| મધ્યમ-૪ સંઘયણ મધ્યમ-૪ સંસ્થાન ૮ | તિર્યંચ પ્રા૦૨૯ કે મનુષ્ય પ્રા૦૨૯ના બંધક મિથ્યાદૃષ્ટિજીવો | |
| વજ્રઋષભનારાચ ૧ | તિર્યંચ પ્રા૦૨૯ કે મનુષ્ય પ્રા૦૨૯ના બંધક મિથ્યાદૃષ્ટિ અથવા સમ્યગ્દૃષ્ટિજીવો | |
| સમચતુરસ્ર, શુભ-વિહા૦, સુભગત્રિક ૫ | દેવપ્રાયોગ્ય-૨૮ના બંધક મિથ્યાદૃષ્ટિ અથવા સમ્યગ્દૃષ્ટિજીવો | |
| યશ- ૧ | સૂક્ષ્મસંપરાય ગુણઠાણાવાળા જીવો | |
| અશુભવિહા૦, દુઃસ્વર ૨ | નરકપ્રાયોગ્ય-૨૮ના બંધક મિથ્યાદૃષ્ટિ | |
| પરાઘાત, ઉચ્છ્વાસ, પર્યાપ્ત, સ્થિર, શુભ ૫ | એકે૦પ્રાયોગ્ય-૨૫ના બંધક મિથ્યાદૃષ્ટિ જીવો | |
| ઉદ્યોત ૧ | એકેન્દ્રિયપ્રાયોગ્ય-૨૬ના બંધક મિથ્યાદૃષ્ટિ | |

| પ્રકૃતિ | ઉ૦પ્રદેશબંધના સ્વામી | જ૦પ્રદેશબંધના સ્વામી |
|---|---|---|
| આતપ ૧ | એકે૦પ્રાયોગ્ય-૨૬ના બંધક મિથ્યાદૃષ્ટિ | એકે૦પ્રા૦૨૬ના બંધક લબ્ધિઅપ૦સૂ૦ નિગોદીયા |
| એકે૦-સ્થાવર ૨ | અપર્યાપ્ત એકે૦પ્રાયોગ્ય ૨૩ના બંધક મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો | એકે૦પ્રા૦૨૬ના બંધક લબ્ધિ-અપ૦સૂક્ષ્મ નિગોદીયા |
| સૂક્ષ્મ-સાધારણ ૨ | અપર્યાપ્ત એકે૦ પ્રાયોગ્ય-૨૩ના બંધક | એકે૦પ્રા૦૨૫ના બંધક લબ્ધિ-અપ૦સૂક્ષ્મ નિગોદીયા |
| અપર્યાપ્ત ૧ | અપર્યાપ્ત એકે૦પ્રાયોગ્ય-૨૩ના બંધક મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો | અપ૦ત્રસપ્રા૦૨૫ના બંધક લબ્ધિ-અપ૦સૂ૦નિગોદીયા |
| આહારકદ્વિક ૨ | ૭થી૮મા ગુણઠાણાના ૬ઠ્ઠાભાગ સુધી દેવપ્રાયોગ્ય ૩૦ના બંધક અપ્રમત્તમુનિ | પરાવર્તમાન યોગવાળા દેવપ્રાયો૦૩૧ના બંધક અપ્રમત્તમુનિ |
| જિનનામ ૧ | ૪થી૮મા ગુણઠાણાના ૬ઠ્ઠાભાગ સુધી દેવપ્રાયોગ્ય-૨૯ના બંધક મનુષ્ય | મનુષ્યપ્રાયોગ્ય૩૦ના બંધક અનુત્તરદેવો ભવના પ્રથમસમયે |
| નરકાયુ ૧ | ૮મૂલકર્મના બંધક મિથ્યાદૃષ્ટિ પર્યાપ્તસંજ્ઞી | પરાવર્તમાન યોગવાળા પર્યાપ્તઅસંજ્ઞી |
| તિર્યંચાયુ ૧ | ૮મૂલકર્મના બંધક મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી | પોતાના આયુષ્યના ત્રીજા ભાગના પ્રથમસમયે લબ્ધિ-અપર્યાપ્તસૂક્ષ્મનિગોદીયાજીવો |
| મનુષ્યાયુ ૧ | ૮મૂલકર્મના બંધક સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ | |
| દેવાયુ ૧ | ૮મૂલકર્મના બંધક સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ | પરાવર્તમાન યોગવાળા પર્યાપ્તઅસંજ્ઞી |

ઉત્કૃષ્ટાદિ પ્રદેશબંધમાં સાદ્યાદિ-૪ ભાંગા :-

**दंसणछगभयकुच्छा-बितितुरियकसायविग्घनाणाणं ।**
**मूलछगेऽणुक्कोसो, चउह दुहा सेसि सव्वत्थ ॥९४॥**

दर्शनषट्कभयकुत्साद्वितीयतृतीयतुर्यकषायविघ्नज्ञानानाम् ।
मूलषट्केऽनुत्कृष्टः, चतुर्धा द्विधा शेषे सर्वत्र ॥९४॥

ગાથાર્થ :- **દર્શનાવરણીયની-૬, ભય-જુગુપ્સા, બીજો-ત્રીજો-ચોથો કષાય, અંતરાય, જ્ઞાનાવરણીય-૫ અને ૬મૂલકર્મોનો અનુત્કૃષ્ટપ્રદેશબંધ સાદિ વગેરે ૪ પ્રકારે થાય છે. એ જ પ્રકૃતિના બાકીના ઉત્કૃષ્ટાદિ-૩ પ્રદેશબંધ- ૨ પ્રકારે થાય છે અને બાકીની પ્રકૃતિના ઉત્કૃષ્ટાદિ-૪ પ્રદેશબંધ- ૨ પ્રકારે થાય છે.**

**વિવેચન :-** પ્રદેશબંધ-૪ પ્રકારે છે. (૧) **ઉત્કૃષ્ટપ્રદેશબંધ** (૨) **અનુત્કૃષ્ટપ્રદેશબંધ** (૩) **જઘન્યપ્રદેશબંધ** (૪) **અજઘન્યપ્રદેશબંધ**....

સૌથી વધુમાં વધુ કાર્મણસ્કંધોને ગ્રહણ કરવા, તે **ઉત્કૃષ્ટપ્રદેશબંધ** કહેવાય. તેનાથી એક કાર્મણસ્કંધન્યૂન, બે કાર્મણસ્કંધન્યૂન, ત્રણ-કાર્મણસ્કંધન્યૂન એ રીતે, એક-એક કાર્મણસ્કંધન્યૂન કરતાં કરતાં છેલ્લે જઘન્યપ્રદેશબંધ સુધીના દરેક ભેદને **અનુત્કૃષ્ટપ્રદેશબંધ** કહે છે. ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ ભેદોમાં પ્રદેશબંધના દરેક ભેદનો સમાવેશ થઈ જાય છે.

સૌથી ઓછામાં ઓછા કાર્મણસ્કંધોને ગ્રહણ કરવા, તે **જઘન્યપ્રદેશબંધ** કહેવાય. તેનાથી એક કાર્મણસ્કંધ અધિક, બેકાર્મણસ્કંધ અધિક, ત્રણકાર્મણસ્કંધ અધિક એ રીતે, એક-એક કાર્મણસ્કંધ અધિક કરતાં કરતાં છેલ્લે ઉ૦પ્રદેશબંધ સુધીના દરેક ભેદને અજઘન્યપ્રદેશબંધ કહે છે. જઘન્ય અને અજઘન્ય ભેદોમાં પ્રદેશબંધના દરેકભેદનો સમાવેશ થઈ જાય છે.

**મૂલ-૮કર્મના ઉત્કૃષ્ટાદિપ્રદેશબંધમાં ભાંગા :-**

ઉત્કૃષ્ટયોગવાળા સૂક્ષ્મસંપરાયગુણઠાણામાં રહેલા મહાત્મા જ્ઞાનાવરણીયાદિ-૬ મૂળકર્મોનો ૧ કે ૨ સમય સુધી ઉ૦પ્રદેશબંધ કર્યા પછી અનુત્કૃષ્ટપ્રદેશબંધ કરે છે. તે વખતે ૬કર્મોના **અનુત્કૃષ્ટપ્રદેશબંધની સાદિ**

થાય છે. અથવા કોઈક જીવ ૧૦મા ગુણઠાણાના છેલ્લાસમયે ઉત્કૃષ્ટપ્રદેશબંધ કરીને ૧૧મા ગુણઠાણે જાય છે. ત્યાંથી પડીને ફરીથી ૧૦મા ગુણઠાણે આવીને અનુત્કૃષ્ટપ્રદેશબંધ કરે છે. તે વખતે ૬કર્મના અનુત્કૃષ્ટપ્રદેશબંધની સાદિ થાય છે. જે જીવો ૧૦મા ગુણઠાણામાં નથી આવેલા તે જીવોને ૬કર્મોનો **અનુત્કૃષ્ટપ્રદેશબંધ અનાદિ** છે. અભવ્યને અનુત્કૃષ્ટપ્રદેશબંધનો ક્યારેય અંત આવવાનો નથી. તેથી અભવ્યની અપેક્ષાએ ૬કર્મનો **અનુત્કૃષ્ટ-પ્રદેશબંધધ્રુવ** [અનાદિ] છે. ભવ્યને ભવિષ્યમાં ક્યારેક અનુત્કૃષ્ટપ્રદેશબંધનો અંત આવવાનો છે. તેથી ભવ્યની અપેક્ષાએ ૬કર્મનો **અનુત્કૃષ્ટપ્રદેશબંધ અધ્રુવ** [સાંત] છે.

સૂક્ષ્મસંપરાયગુણઠાણામાં રહેલા ઉત્કૃષ્ટયોગવાળા મહાત્મા જે સમયે જ્ઞાનાવરણીયાદિ-૬કર્મોનો ઉ૦પ્રદેશબંધ કરે છે. તે સમયે જ્ઞાનાવરણીયાદિ-૬કર્મના **ઉ૦પ્રદેશબંધની સાદિ** થાય છે અને ૧ કે ૨ સમય સુધી જ ઉ૦પ્રદેશબંધ થાય છે. ત્યારપછી જ્ઞાનાવરણીયાદિ-૬ કર્મોનો **ઉ૦પ્રદેશબંધ અધ્રુવ**=સાંત થાય છે.

મિથ્યાત્વ અને સમ્યક્ત્વાદિ-૬ ગુણઠાણામાં રહેલા ઉત્કૃષ્ટયોગવાળા જીવો મોહનીયનો ઉ૦પ્રદેશબંધ કરે છે. તે વખતે **મોહનીયના ઉ૦પ્રદેશ-બંધની સાદિ** થાય છે. ૧ કે ૨ સમય પછી મોહનીયનો ઉ૦પ્રદેશબંધ પૂર્ણ થાય છે. ત્યારે મોહનીયનો **ઉ૦પ્રદેશબંધ અધ્રુવ** થાય છે. ત્યારબાદ મોહનીયના **અનુત્કૃષ્ટપ્રદેશબંધની સાદિ** થાય છે. ફરી કાલાંતરે મોહનીયનો ઉ૦પ્રદેશબંધ કરે છે. તે વખતે મોહનીયનો **અનુ૦પ્રદેશબંધ અધ્રુવ** થાય છે. એ રીતે, મોહનીયનો ઉ૦પ્રદેશબંધ અને અનુ૦પ્રદેશબંધ વારંવાર થતો હોવાથી તે બન્ને પ્રદેશબંધ સાદિ-અધ્રુવ છે.

સર્વજઘન્યયોગવાળા લબ્ધિ-અપર્યાપ્તા સૂક્ષ્મનિગોદીયાજીવો ભવના પ્રથમસમયે આયુ વિના જ્ઞાનાવરણીયાદિ-૭કર્મોનો જ૦પ્રદેશબંધ કરે છે. બીજાસમયે તે-૭કર્મોનો અજઘન્યપ્રદેશબંધ થાય છે. એ જ જીવ કાલાંતરે ફરી લબ્ધિ-અપ૦સૂક્ષ્મનિગોદમાં ઉત્પન્ન થઈને ભવના પ્રથમસમયે એ-૭ કર્મોનો જઘન્યપ્રદેશબંધ કરે છે. એ રીતે, જ૦પ્રદેશબંધ અને અજઘન્યપ્રદેશ-બંધ વારંવાર થતો હોવાથી ૭કર્મના તે **બન્ને પ્રદેશબંધ સાદિ-અધ્રુવ** છે.

આયુષ્યકર્મ અધ્રુવબંધી હોવાથી આયુષ્યના ઉત્કૃષ્ટાદિ-ચારે **પ્રદેશબંધ સાદિ-અધ્રુવ** જ છે.

| | | | |
|---|---|---|---|
| મૂલકર્મ- | ૬ × ૧ [અનુત્કૃષ્ટ] | × ૪ [સાદ્યાદિ] | = ૨૪ ભાંગા. |
| મોહ-આયુ- | ૨ × ૧ [અનુત્કૃષ્ટ] | × ૨ [સાદિ-અધ્રુવ] | = ૪ ભાંગા. |
| મૂલકર્મ- | ૮ × ૩ [જઘ૦અજ૦-ઉ૦] | × ૨ [સાદિ-અધ્રુવ] | = ૪૮ ભાંગા. |
| | | ૮ મૂળકર્મના કુલ | ૭૬ ભાંગા. |

## -: મૂળકર્મના જઘન્યાદિપ્રદેશબંધમાં ભાંગા :-

| મૂળકર્મોનો જઘન્યાદિપ્રદેશબંધ | સાદિ- ↓ | અનાદિ- ↓ | ધ્રુવ- ↓ | અધ્રુવ- ↓ | કુલ ↓ |
|---|---|---|---|---|---|
| ૮ મૂળકર્મોનો જઘન્યપ્રદેશબંધ→ | ૮ | | | ૮ | ૧૬ |
| ૮ મૂળકર્મોનો અજઘન્યપ્રદેશબંધ→ | ૮ | | | ૮ | ૧૬ |
| ૮ મૂળકર્મોનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ→ | ૮ | | | ૮ | ૧૬ |
| ૬ મૂળકર્મોનો અનુત્કૃષ્ટપ્રદેશબંધ→ | ૬ | ૬ | ૬ | ૬ | ૨૪ |
| મોહનીય-આયુષ્યનો અનુત્કૃષ્ટપ્રદેશબંધ→ | ૨ | | | ૨ | ૪ |
| કુલ→ | ૩૨ | +૬ | +૬ | +૩૨= | ૭૬ |

**ઉત્તરપ્રકૃતિમાં ઉત્કૃષ્ટાદિપ્રદેશબંધના ભાંગા :-**

૧૦મા ગુણઠાણામાં રહેલા ઉત્કૃષ્ટયોગવાળા મહાત્મા **દર્શના૦ ૪+જ્ઞાના૦૫+અંત૦૫=૧૪** પ્રકૃતિનો ૧ કે ૨ સમયસુધી ઉ૦પ્રદેશબંધ કર્યા પછી અનુત્કૃષ્ટપ્રદેશબંધ કરે છે તે વખતે તે પ્રકૃતિની **અનુત્કૃષ્ટ-પ્રદેશબંધની સાદિ** થાય છે. જે જીવો ૧૦મા ગુણઠાણે આવેલા નથી તે જીવની અપેક્ષાએ તે પ્રકૃતિનો **અનુત્કૃષ્ટપ્રદેશબંધ અનાદિ** છે. અભવ્યની અપેક્ષાએ તે પ્રકૃતિનો **અનુત્કૃષ્ટપ્રદેશબંધ ધ્રુવ** છે અને ભવ્યની અપેક્ષાએ તે પ્રકૃતિનો **અનુત્કૃષ્ટપ્રદેશબંધ અધ્રુવ** છે.

ચોથાગુણઠાણાથી ૮મા ગુણઠાણાના ૧લા ભાગમાં રહેલા

ઉત્કૃષ્ટયોગવાળા જીવો ૭મૂળકર્મને બાંધતી વખતે **નિદ્રાદ્વિક**નો ૧ કે ૨ સમય સુધી ઉ૦પ્રદેશબંધ કર્યા પછી અનુત્કૃષ્ટપ્રદેશબંધ કરે છે. તે વખતે નિદ્રાદ્વિકના **અનુત્કૃષ્ટપ્રદેશબંધની સાદિ** થાય છે. ચોથાગુણઠાણે નહીં આવેલા જીવને નિદ્રાદ્વિકનો **અનુત્કૃષ્ટપ્રદેશબંધ અનાદિ** છે. અભવ્યની અપેક્ષાએ નિદ્રાદ્વિકનો **અનુત્કૃષ્ટપ્રદેશબંધ ધ્રુવ** છે. ભવ્યની અપેક્ષાએ **નિદ્રાદ્વિકનો** અનુત્કૃષ્ટપ્રદેશબંધ **અધ્રુવ** છે.

૪થી૮ ગુણઠાણામાં રહેલા ઉત્કૃષ્ટયોગવાળા જીવો ૭મૂળકર્મને બાંધતી વખતે **ભય-જુગુપ્સા**નો ૧ કે ૨ સમય સુધી ઉત્કૃષ્ટપ્રદેશબંધ કર્યા પછી અનુત્કૃષ્ટપ્રદેશબંધ કરે છે. તે વખતે ભય-જુગુપ્સાના **અનુત્કૃષ્ટપ્રદેશબંધની સાદિ** થાય છે. એ જ રીતે, ચોથાગુણઠાણામાં રહેલા ઉત્કૃષ્ટયોગવાળા જીવો ૭મૂળકર્મને બાંધતી વખતે **અપ્રત્યાખ્યાનીય-૪**નો ૧ કે ૨ સમય સુધી ઉત્કૃષ્ટપ્રદેશબંધ કર્યા પછી અનુત્કૃષ્ટપ્રદેશબંધ કરે છે. તે વખતે **અનુત્કૃષ્ટપ્રદેશબંધની સાદિ** થાય છે. ચોથાગુણઠાણે નહીં આવેલા જીવને તે-૬ પ્રકૃતિનો **અનુત્કૃષ્ટપ્રદેશબંધ અનાદિ** છે. અભવ્યની અપેક્ષાએ તે-૬ પ્રકૃતિનો **અનુત્કૃષ્ટપ્રદેશબંધ ધ્રુવ** છે અને ભવ્યની અપેક્ષાએ તે-૬ પ્રકૃતિનો **અનુત્કૃષ્ટપ્રદેશબંધ અધ્રુવ** છે.

પાંચમાગુણઠાણામાં રહેલા ઉત્કૃષ્ટયોગવાળા જીવો ૭મૂળકર્મને બાંધતી વખતે **પ્રત્યાખ્યાનીય-૪**નો ૧ કે ૨ સમય સુધી ઉત્કૃષ્ટપ્રદેશબંધ કર્યા પછી અનુત્કૃષ્ટપ્રદેશબંધ કરે છે. તે વખતે પ્રત્યા૦૪ના **અનુત્કૃષ્ટપ્રદેશબંધની સાદિ** થાય છે. પાંચમાગુણઠાણે નહીં આવેલા જીવને પ્રત્યા૦૪નો **અનુત્કૃષ્ટપ્રદેશબંધ અનાદિ** છે. અભવ્યની અપેક્ષાએ પ્રત્યા૦૪નો **અનુત્કૃષ્ટપ્રદેશબંધ ધ્રુવ** છે અને ભવ્યની અપેક્ષાએ પ્રત્યા૦૪નો **અનુત્કૃષ્ટપ્રદેશબંધ અધ્રુવ** છે.

નવમા ગુણઠાણાના બીજા-ત્રીજા-ચોથા-પાંચમા ભાગમાં રહેલા ઉત્કૃષ્ટયોગવાળા મહાત્મા ક્રમશઃ સં૦ક્રોધ, સં૦માન, સં૦માયા અને સં૦લોભનો ૧ કે ૨ સમય સુધી ઉ૦પ્રદેશબંધ કર્યા પછી અનુત્કૃષ્ટપ્રદેશબંધ કરે છે. તે વખતે તે પ્રકૃતિના **અનુત્કૃષ્ટપ્રદેશબંધની સાદિ** થાય છે. ૯મા ગુણઠાણે નહીં આવેલાને સં૦૪નો **અનુત્કૃષ્ટપ્રદેશબંધ અનાદિ** છે.

અભવ્યની અપેક્ષાએ સં૦૪નો **અનુત્કૃષ્ટપ્રદેશબંધ ધ્રુવ** છે. અને ભવ્યની અપેક્ષાએ સં૦૪નો **અનુત્કૃષ્ટપ્રદેશબંધ અધ્રુવ** છે.

**દર્શના૦૪+જ્ઞાના૦૫+અંત૦૫+નિદ્રા-પ્રચલા+ભય-જુગુપ્સા+અપ૦૪+પ્રત્યા૦૪+સં૦૪=૩૦ ધ્રુવબંધી**પ્રકૃતિનો ઉ૦પ્રદેશબંધ પૂર્વે કહ્યાં મુજબ ૧ કે ૨ સમય સુધી જ થાય છે. એટલે જ્યારે એ-૩૦ પ્રકૃતિનો ઉ૦પ્રદેશબંધ શરૂ થાય છે. ત્યારે એ-૩૦ પ્રકૃતિના **ઉ૦પ્રદેશબંધની સાદિ** થાય છે અને ૧ કે ૨ સમય પછી એ-૩૦ પ્રકૃતિનો **ઉ૦પ્રદેશબંધ અધ્રુવ** [**સાંત**] થાય છે.

**૭મૂળકર્મના બંધક**, ઉત્કૃષ્ટયોગવાળા મિથ્યાદષ્ટિ તિર્યંચ-મનુષ્યો અપર્યાપ્ત એકે૦પ્રાયોગ્ય-૨૩ પ્રકૃતિ બાંધતી વખતે **વર્ણાદિ-૪, તૈ૦શ૦, કા૦શ૦, અગુરૂલઘુ, નિર્માણ, ઉપઘાત** એ-૯ પ્રકૃતિનો ૧ કે ૨ સમય સુધી ઉ૦પ્રદેશબંધ કરીને અનુત્કૃષ્ટપ્રદેશબંધ કરે છે અને મિથ્યાદષ્ટિ તિર્યંચ-મનુષ્યો ૭મૂળકર્મને બાંધતી વખતે **થીણદ્ધિત્રિક, મિથ્યાત્વ,** અને **અનંતાનુબંધી-૪**નો **૧ કે ૨ સમયસુધી** ઉ૦પ્રદેશબંધ કરીને અનુત્કૃષ્ટ-પ્રદેશબંધ કરે છે. કાલાન્તરે એ જ મિથ્યાદષ્ટિ તિર્યંચ-મનુષ્યો ફરીથી તે ધ્રુવબંધી-૧૭ પ્રકૃતિનો ૧ કે ૨ સમયસુધી ઉ૦પ્રદેશબંધ કરીને અનુત્કૃષ્ટપ્રદેશબંધ કરે છે. એ રીતે, ધ્રુવબંધી-**૧૭ પ્રકૃતિનો ઉ૦પ્રદેશબંધ** અને **અનુત્કૃષ્ટપ્રદેશબંધ** વારંવાર થતો હોવાથી **સાદિ-અધ્રુવ** જ છે.

સર્વજઘન્યયોગવાળા લબ્ધિ-પર્યાપ્તા સૂક્ષ્મનિગોદીયાજીવો ભવના પ્રથમસમયે ધ્રુવબંધી ૪૭પ્રકૃતિનો જ૦પ્રદેશબંધ કરે છે. બીજાસમયે તે પ્રકૃતિનો અજઘન્યપ્રદેશબંધ કરે છે. કાલાન્તરે ફરીથી એ જ જીવ લબ્ધિ-અપર્યાપ્તસૂક્ષ્મનિગોદમાં ઉત્પન્ન થઈને ભવના પ્રથમસમયે ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિનો જ૦પ્રદેશબંધ કરે છે. બીજાસમયે એ-૪૭ પ્રકૃતિનો અજઘન્યપ્રદેશબંધ કરે છે. એ રીતે, **ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિનો જઘન્યપ્રદેશબંધ** અને **અજઘન્યપ્રદેશબંધ** વારંવાર થતો હોવાથી **સાદિ-અધ્રુવ** જ છે.

બાકીની-૭૩ પ્રકૃતિ અધ્રુવબંધી હોવાથી તે પ્રકૃતિના **ઉત્કૃષ્ટાદિ ચારે પ્રદેશબંધ સાદિ-અધ્રુવ** જ હોય છે.

## -: ઉત્તરપ્રકૃતિના ઉત્કૃષ્ટાદિપ્રદેશબંધમાં ભાંગા :-

| ઉત્તરપ્રકૃતિના ઉત્કૃષ્ટાદિપ્રદેશબંધ | સાદિ ↓ | અનાદિ ↓ | ધ્રુવ ↓ | અધ્રુવ ↓ | કુલ ↓ |
|---|---|---|---|---|---|
| ધ્રુવબંધી ૩૦નો અનુત્કૃષ્ટપ્રદેશબંધ⟶ | ૩૦ | ૩૦ | ૩૦ | ૩૦ | ૧૨૦ |
| ધ્રુવબંધી ૧૭+૭૩ અધ્રુવબંધી=૯૦નો અનુ૦⟶ | ૯૦ | | | ૯૦ | ૧૮૦ |
| ધ્રુવબંધી ૪૭+૭૩ અધ્રુવબંધી=૧૨૦નો ઉ૦⟶ | ૧૨૦ | | | ૧૨૦ | ૨૪૦ |
| ૧૨૦ પ્રકૃતિનો જઘન્યપ્રદેશબંધ⟶ | ૧૨૦ | | | ૧૨૦ | ૨૪૦ |
| ૧૨૦ પ્રકૃતિનો અજઘન્યપ્રદેશબંધ⟶ | ૧૨૦ | | | ૧૨૦ | ૨૪૦ |
| કુલ⟶ | ૪૮૦ | ૩૦ | ૩૦ | ૪૮૦ | ૧૦૨૦ |

### -: પ્રદેશબંધ સમાપ્ત :-

પ્રકૃતિબંધ અને પ્રદેશબંધનું કારણ યોગ છે. સ્થિતિબંધનું કારણ સ્થિતિબંધના અધ્યવસાયો છે. અને રસબંધનું કારણ રસબંધના અધ્યવસાયો છે. એ કર્મબંધના-૪ ભેદ અને તેના-૩ કારણોનું વર્ણન કર્યા પછી ગ્રન્થકાર ભગવંત એ જ પદાર્થનું અલ્પબહુત્વ કહી રહ્યાં છે.

યોગસ્થાનકાદિ-૭ પદાર્થનું અલ્પબહુત્વ :-

**सेढिअसंखिज्जंसे, जोगट्ठाणाणि पयडिठिइ भेया ।**
**ठिइबंधज्झवसाया-णुभागठाणा असंखगुणा ॥ ९५ ॥**

**तत्तो कम्मपएसा अणंतगुणिया तओ रसच्छेया ।**
**जोगा पयडिपएसं ठिइअणुभागं कसायाओ ॥ ९६ ॥**

श्रेण्यसङ्ख्येयांशः योगस्थानानि प्रकृतिस्थितिभेदाः ।
स्थितिबन्धाध्यवसाया अनुभागस्थानान्यसङ्ख्येयगुणानि ॥ ९५ ॥
ततो कर्मप्रदेशा अनंतगुणितास्ततो रसच्छेदाः ।
योगाः प्रकृतिप्रदेशं स्थित्यनुभागं कषायात् ॥ ९६ ॥

**ગાથાર્થ :- યોગસ્થાનકો શ્રેણીના અસંખ્યાતમા ભાગ જેટલા છે.**

**તેનાથી પ્રકૃતિભેદ અસંખ્યગુણા છે. તેનાથી સ્થિતિભેદો અસંખ્યગુણા છે. તેનાથી સ્થિતિબંધના અધ્યવસાયો અસંખ્યગુણા છે. તેનાથી રસબંધના અધ્યવસાયો અસંખ્યગુણા છે. તેનાથી કર્મપ્રદેશો [કર્મસ્કંધો] અનંતગુણા છે. તેનાથી રસચ્છેદ [રસાણુ] અનંતગુણા છે.**

**યોગથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે. તથા કષાયથી સ્થિતિબંધ અને રસબંધ થાય છે.**

**વિવેચન :- યોગસ્થાનકો સૌથી થોડા છે.** કારણ કે સૂચિશ્રેણિના અસંખ્યાતમાં ભાગમાં જેટલા આકાશપ્રદેશ હોય છે. તેટલા યોગસ્થાનકો છે. એટલે તે પ્રકૃતિભેદાદિની અપેક્ષાએ થોડા છે.

★ **તેનાથી પ્રકૃતિભેદો અસંખ્યગુણા છે.** કારણકે સૂક્ષ્મદષ્ટિથી એક-એક પ્રકૃતિના અસંખ્યભેદ થાય છે. જેમકે, આવશ્યકાદિ ગ્રન્થોમાં કહ્યું છે કે અવધિજ્ઞાની જઘન્યથી સૂક્ષ્મપનકની [સૂક્ષ્મનિગોદીયા જીવની] ત્રીજાસમયે જેટલી અવગાહના હોય તેટલા ક્ષેત્રમાં રહેલા પદાર્થને અવધિજ્ઞાનથી જાણે છે, તે અવધિજ્ઞાનનો પ્રથમભેદ છે. તેનાથી એક આકાશપ્રદેશ વધારે હોય તેટલા ક્ષેત્રમાં રહેલા પદાર્થને અવધિજ્ઞાનથી જાણે છે. તે બીજો ભેદ છે. તેનાથી એક આકાશપ્રદેશ વધારે હોય તેટલા ક્ષેત્રમાં રહેલા પદાર્થને અવધિજ્ઞાનથી જાણે છે. તે ત્રીજોભેદ છે. એ રીતે, એક-એક આકાશપ્રદેશની વૃદ્ધિ કરતાં કરતાં અવધિજ્ઞાનના વિષયભૂત ઉત્કૃષ્ટક્ષેત્ર સુધી જતાં અવધિજ્ઞાનના અસંખ્યભેદ થાય છે. એટલે ક્ષેત્રની તરતમતાથી અવધિજ્ઞાન અસંખ્યપ્રકારે થાય છે. તેથી અવધિજ્ઞાનાવરણીયના બન્ધના પણ અસંખ્યભેદ થાય છે. કારણકે બન્ધની વિચિત્રતાથી ક્ષયોપશમમાં વિચિત્રતા ઉત્પન્ન થાય છે. એટલે અવધિજ્ઞાનનો ક્ષયોપશમ અસંખ્ય પ્રકારે થવાથી અવધિજ્ઞાના-વરણીયનો પ્રકૃતિબંધ પણ અસંખ્યપ્રકારે હોય છે.

એ જ રીતે, અનેકજીવની અપેક્ષાએ મતિજ્ઞાનાવરણીયાદિનો પ્રકૃતિબંધ અસંખ્યપ્રકારે થાય છે અને બીજી પણ સર્વે મૂલપ્રકૃતિ અને ઉત્તરપ્રકૃતિના ક્ષેત્રાદિભેદની અપેક્ષાએ બન્ધની વિચિત્રતાથી અથવા ઉદયની વિચિત્રતાથી અસંખ્યભેદ થાય છે. બૃહત્શતકચૂર્ણિકાર ભગવંતે બન્ધ-ઉદયની વિચિત્રતાથી ચારે આનુપૂર્વીના લોકના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશ જેટલા [અસંખ્ય] ભેદો કહ્યાં છે.

એક-એક યોગસ્થાનકમાં રહેલા અનેકજીવો સર્વ પ્રકૃતિને બાંધે છે. અથવા અનેકસમયની અપેક્ષાએ એકજીવ એક-એક યોગસ્થાનમાં રહીને સર્વપ્રકૃતિને બાંધે છે. તેથી પણ યોગસ્થાનકથી પ્રકૃતિભેદ અસંખ્યગુણા થાય છે.

**શંકા :- જીવો અનંતા હોવાથી બંધ-ઉદયની વિચિત્રતાથી પ્રકૃતિના અનંતભેદ કેમ ન થાય?**

**સમાધાન :-** જીવો અનંતા છે પણ એકસરખા બંધ અને એકસરખા ઉદયવાળા અનેકજીવો હોય છે. તે જીવોની અપેક્ષાએ પ્રકૃતિના ભેદ થતા નથી. પણ એકસરખો બંધ-ઉદય ન હોય એવા જીવોની અપેક્ષાએ પ્રકૃતિનો ભેદ થાય છે. તેથી પ્રકૃતિના ભેદ અસંખ્યાતા જ થાય છે. અનંતા ન થાય.

★ **તેનાથી** [પ્રકૃતિભેદથી] **સ્થિતિભેદો** [સ્થિતિબંધસ્થાનો] **અસંખ્યગુણા** છે. કારણકે એકજીવ એકપ્રકૃતિભેદનો ક્યારેક અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિબંધ કરે છે. ક્યારેક સમયાધિક અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિબંધ કરે છે. ક્યારેક દ્વિસમયાધિક અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિબંધ કરે છે. એ રીતે, જઘન્યસ્થિતિબંધથી માંડીને ઉ૦સ્થિતિબંધ સુધીના જેટલા સમય થાય તેટલા એક પ્રકૃતિભેદના સ્થિતિબંધસ્થાનો=સ્થિતિભેદો થાય છે. એ જ રીતે, દરેક પ્રકૃતિભેદના અસંખ્ય-અસંખ્ય સ્થિતિબંધસ્થાનો [સ્થિતિના ભેદો] થાય છે. એટલે પ્રકૃતિભેદથી સ્થિતિભેદો અસંખ્યગુણા છે.

★**તેનાથી સ્થિતિબંધના અધ્યવસાયો અસંખ્યગુણા છે.** કારણકે પેજનં૦૧૫૬માં કહ્યાં મુજબ એક-એક સ્થિતિબંધસ્થાને અસંખ્યલોકાકાશ-પ્રદેશ જેટલા સ્થિતિબંધના અધ્યવસાયો હોય છે. એટલે સ્થિતિભેદથી સ્થિતિબંધના અધ્યવસાયો અસંખ્યગુણા છે.

★**તેનાથી રસબંધના અધ્યવસાયો અસંખ્યગુણા છે.** કારણકે એક-એક લેશ્યાના તીવ્ર-મંદાદિ તરતમતાના કારણે અસંખ્યભેદ થાય છે. તેથી એક જ સ્થિતિબંધના અધ્યવસાયસ્થાને રહેલા દરેક જીવોને કૃષ્ણાદિ એક જ લેશ્યા હોય, તો પણ તે તરતમતાવાળી હોવાથી દરેક જીવોને રસબંધનો અધ્યવસાય જુદો જુદો હોય છે. તથા સ્થિતિબંધના અધ્યવસાયનો કાળ

ઉત્કૃષ્ટથી અંતમુહૂર્ત છે. અને રસબંધના અધ્યવસાયનો કાળ ઉત્કૃષ્ટથી ૮ સમય છે. એટલે કોઈપણ જીવને એક સ્થિતિબંધના અધ્યવસાયમાં અનેક રસબંધના અધ્યવસાયો બદલાઈ જાય છે. તેથી એક-એક સ્થિતિબંધના અધ્યવસાયસ્થાને દેશ-ક્ષેત્ર-કાલ-ભાવ અને જીવના ભેદથી અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ રસબંધના અધ્યવસાયો હોય છે. એટલે સ્થિતિબંધના અધ્યવસાયથી રસબંધના અધ્યવસાયો અસંખ્યગુણા કહ્યાં છે.

એક રસબંધના અધ્યવસાયથી એક જ રસસ્થાનક બંધાય છે. તેથી જેટલા રસબંધના અધ્યવસાયો હોય છે. તેટલા જ રસસ્થાનકો બંધાય છે. એટલે **રસબંધના અધ્યવસાયો** અને **રસસ્થાનકો તુલ્ય** છે.

★ **તેનાથી** [રસબંધના અધ્યવસાયથી] **કર્મસ્કંધો અનંતગુણા** છે. કારણ કે એકજીવ એકસમયમાં અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધરાશિથી અનંતગુણહીન કાર્મણસ્કંધોને ગ્રહણ કરે છે. એટલે રસબંધના અધ્યવસાયથી કર્મસ્કંધો અનંતગુણા છે.

★ **તેનાથી** [કર્મસ્કંધોથી] **રસચ્છેદ** [રસાણુ] **અનંતગુણા** છે. કારણકે એક-એક કાર્મણસ્કંધ અભવ્યથી અનંતગુણા પરમાણુથી બનેલા છે. એ કર્મસ્કંધના એક-એક કર્મપુદ્ગલમાં સર્વજીવથી અનંતગુણા રસાણુ હોય છે. એટલે કર્મસ્કંધોથી રસાણુ અનંતગુણા છે.

સામાન્યથી કર્મબંધના હેતુ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ છે પણ વિશેષથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધનું કારણ યોગ છે. તથા સ્થિતિબંધ અને રસબંધનું કારણ કષાય છે. કારણકે ૧૧થી૧૩ ગુણઠાણામાં મિથ્યાત્વાદિ-૩ ન હોય, તે વખતે પણ માત્ર એક જ યોગ બંધહેતુથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે. અને ૧૪મા ગુણઠાણે યોગ ન હોવાથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થતો નથી એટલે **અન્વય-વ્યતિરેકથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધનું મુખ્ય કારણ યોગ છે.** તથા પ્રમત્તાદિ-૫ ગુણઠાણામાં મિથ્યાત્વ અને અવિરતિ ન હોય, તે વખતે પણ કષાયથી સ્થિતિબંધ અને રસબંધ થાય છે અને ૧૧થી૧૩ ગુણઠાણે કષાય ન હોવાથી સ્થિતિબંધ અને રસબંધ થતો નથી એટલે **અન્વયવ્યતિરેકથી સ્થિતિબંધ અને રસબંધનું મુખ્ય કારણ કષાય છે.**

ગાથાનં૦૯૫માં કહ્યું છે કે, યોગસ્થાનકો શ્રેણીના અસંખ્યાતમા ભાગ જેટલા છે. તેમાં "શ્રેણી" એટલે શું? એ કહેવું જોઇએ. પરંતુ ઘનીકૃતલોકનું સ્વરૂપ સમજાવ્યા વિના શ્રેણીનું સ્વરૂપ સમજાવી શકાતું નથી એટલે ગ્રન્થકારભગવંત ઘનીકૃતલોકનું સ્વરૂપ સમજાવી રહ્યાં છે.

ઘનીકૃતલોકાદિનું સ્વરૂપ :-

**चउदसरज्जू लोगो, बुद्धिकओ सत्तरज्जुमाणघणो ।**
**तद्दीहेगपएसा, सेढी पयरो अ तव्वग्गो ॥९७॥**

चतुर्दशरज्जुः लोको बुद्धिकृतो भवति सप्तरज्जुघनः ।
तद्दीर्घैकप्रदेशा श्रेणिः प्रतरश्च तद्वर्गः ॥९७॥

**ગાથાર્થ :- ૧૪ રાજલોકનો બુદ્ધિથી કરાયેલો ઘન ૭ રાજ પ્રમાણ થાય છે. તે [ઘનીકૃતલોક]ની ૭ રાજ લાંબી એક પ્રદેશની શ્રેણીને સૂચિશ્રેણિ કહે છે અને તેના વર્ગને પ્રતર કહે છે.**

**વિવેચન** :- લોક **૧૪** રાજ ઉંચો છે. તેમાં વચ્ચે **૧** રાજ પહોળી અને **૧૪** રાજ ઉંચી ત્રસનાડી છે. લોકનું નીચેનું તળીયું **૭** રાજ પહોળુ છે ત્યાંથી ઉપર જતાં પહોળાઇ ઘટતી જાય છે. જ્યારે **૭** રાજ ઉંચા જઇએ ત્યારે **"તિર્ચ્છાલોક"** આવે છે. ત્યાં લોકની પહોળાઇ **૧** રાજ હોય છે. ત્યાંથી ઉપર જતાં પહોળાઇ વધતી જાય છે. જ્યારે **૧૦॥** રાજ ઉંચા જઇએ ત્યારે લોકની પહોળાઇ **૫** રાજ હોય છે. ત્યાંથી ઉંચે જતાં લોકની પહોળાઇ ઘટતી જાય છે. જ્યારે **૧૪** રાજ ઉંચા જઇએ ત્યારે લોકની પહોળાઇ **૧** રાજ હોય છે. એ લોકને મતિકલ્પનાથી એવી રીતે ગોઠવવામાં આવે, કે તેની લંબાઇ-પહોળાઇ-જાડાઇ એકસરખી થઇ જાય. ત્યારે તે **"ઘનીકૃતલોક"** કહેવાય.

**ચિત્રનં૦૧માં** બતાવ્યા મુજબ અધોલોકમાં ત્રસનાડીની ડાબી સાઇડમાં B વિભાગ છે તે નીચેથી ૩ રાજ પહોળો છે. તેના ઉપર ૭ રાજ ઉંચા જઇએ ત્યારે તિર્ચ્છાલોકની નીચે રજ્જુના અસંખ્યાતમા ભાગ પ્રમાણ પહોળો છે અને ૭ રાજ ઉંચો છે. તેને ત્યાંથી ઉપાડીને ઉપરનો ભાગ નીચે અને નીચેનો ભાગ ઉપર કરીને [ઉંધો કરીને] **ચિત્રનં૦૨માં**

નીચેના ભાગમાં બતાવ્યા મુજબ ત્રસનાડીની જમણી સાઇડમાં A વિભાગની સાથે B વિભાગને ગોઠવી દેવાથી **ચિત્રનં૦૩માં** બતાવ્યા મુજબ **અધોલોક ૭ રાજ લાંબો** [ઉંચો], **૪ રાજ પહોળો** અને **૪ રાજ જાડો** થાય છે.

**ચિત્રનં૦૧માં** બતાવ્યા મુજબ ઉર્ધ્વલોકમાં ત્રસનાડીની ડાબી સાઇડમાં બ્રહ્મદેવલોકની મધ્યથી નીચે C વિભાગ છે. અને તેની ઉપર D વિભાગ છે. તેમાં C વિભાગ ઉપરથી બે રાજ પહોળો છે નીચેથી અંગુલના હજારમા ભાગ પ્રમાણ પહોળો છે. અને ૩॥ રાજ ઉંચો છે. તથા D વિભાગ નીચેથી બે રાજ પહોળો છે. ઉપરથી અંગુલના હજારમા ભાગ પ્રમાણ પહોળો છે. અને ૩॥ રાજ ઉંચો છે. તે બન્ને વિભાગને ઉપાડીને ઉપરનો ભાગ નીચે અને નીચેનો ભાગ ઉપર કરીને **ચિત્રનં૦૨માં** ઉપરના ભાગમાં બતાવ્યા મુજબ ત્રસનાડીની જમણી સાઇડમાં F વિભાગની સાથે C વિભાગને અને E વિભાગની સાથે D વિભાગને ગોઠવી દેવાથી **ચિત્રનં૦૪માં** બતાવ્યા મુજબ **ઉર્ધ્વલોક ૭ રાજ લાંબો** [**ઉંચો**], **૩ રાજ પહોળો અને ૩ રાજ જાડો** થાય છે. ત્યારપછી અધોલોકની સાથે ઉર્ધ્વલોકને જોડી દેવાથી **ચિત્રનં૦૫માં** બતાવ્યા મુજબ **લોક ૭ રાજ લાંબો** [ઉંચો] **૭ રાજ પહોળો** અને **૭ રાજ જાડો** થાય છે. તેથી તે **"સમચતુરસ્રઘનીકૃતલોક"** કહેવાય.

અહીં સમચોરસ ઘનલોકની લંબાઇ, પહોળાઇ અને જાડાઇ કાંઇક ન્યૂન ૭ રાજ પ્રમાણ છે. તો પણ વ્યવહારનયથી જેમ કાંઇક ન્યૂન ૭ હાથના કપડાને સંપૂર્ણ ૭ હાથનું કપડુ મનાય છે. તેમ કાંઇક ન્યૂન ૭ રાજ પ્રમાણ ઘનીકૃતલોકને સંપૂર્ણ ૭ રાજનો ઘનીકૃતલોક મનાય છે.

• ૧ રાજ લાંબા, ૧ રાજ પહોળા, ૧ રાજ જાડા રજ્જુને ઘનરાજ કહે છે. સમચોરસ**ઘનલોકના ૭×૭×૭=૩૪૩ ઘનરાજ** થાય છે. એટલે કે સમચોરસઘનલોકના એક-એક ઘનરાજ જેવડા કુલ ૩૪૩ ટુકડા થાય છે.

વાસ્તવિક રીતે, લોક તો **"ઘનવૃત્ત"** છે. એ ઘનવૃત્તલોકના એક-એક ઘનરાજના કેટલા ટુકડા થાય? એ જાણવું હોય, તો સમચોરસ

ચિત્ર નં. ૧



લોક
૧૪ રાજ ઉંચો
૧૪
૧૩
૧૨
૧૧
૧૦
૯
૮
૭
૬
૫
૪
૩
૨
૧
૩॥ રાજ
D
૩॥ રાજ
E
૨ રાજ
C
૩॥ રાજ
૨ રાજ
F
૩॥ રાજ
ઉર્ધ્વલોક
૧ રાજ પહોળી ત્રસ નાડી
અધોલોક
૭ રાજ ઉંચો
B
૩ રાજ પહોળો
૭ રાજ ઉંચો
A
૩ રાજ પહોળો
૭ રાજ પહોળો

ચિત્ર નં. ૨


૩ રાજ પહોળો
૧૪
૧૩
૧૨
૧૧
૧૦
૯
૮
૭
૬
૫
૪
૩
૨
૧
૧૪ રાજ ઉંચો
૧ રાજ પહોળી ત્રસનાડી
૨ રાજ
૩॥ રાજ
D
E
૭ રાજ ઉંચો
૨ રાજ
F
૩॥ રાજ
C
૨ રાજ
૩ રાજ પહોળો
A
B
૭ રાજ ઉંચો
૩ રાજ પહોળો
૪ રાજ પહોળો

ચિત્ર નં. 3


આકાશ પ્રદેશની શ્રેણી
અધોલોક
૪ રાજ જાડો
૪ રાજ પહોળો

ચિત્ર નં. ૪


આકાશ પ્રદેશની શ્રેણી
ઉર્ધ્વલોક
3 રાજ જાડો
3 રાજ પહોળો


ઘનીકૃતલોક
ચિત્ર નં. ૫
આકાશ પ્રદેશની શ્રેણી
૭ રાજ ઉંચો
૭ રાજ પહોળો
૭ રાજ જાડો

ઘનલોકના **૩૪૩ ટુકડાને ૧૯થી** ગુણાકાર કરીને **૨૨થી** ભાગાકાર કરવો. એટલે ઘનવૃત્તલોકના ઘનરાજની સંખ્યા આવશે.

**૩૪૩×૧૯=૬૫૧૭ થાય........ ૬૫૧૭÷૨૨=૨૯૬** $\frac{૫}{૨૨}$ થાય. એટલે ઘનવૃત્તલોકના એક-એક ઘનરાજ જેવડા **૨૯૬** ટુકડા થાય છે. અને $\frac{૫}{૨૨}$ એ કાંઇકન્યૂન એક ઘનરાજ છે. તેને વ્યવહારથી સંપૂર્ણ એક ઘનરાજ માનવાથી ઘનવૃત્તલોકના એક-એક ઘનરાજ જેવડા **"૨૯૭"** ટુકડા થાય છે.

**સૂચિશ્રેણી:-**

સોયની જેમ એક આકાશપ્રદેશ જાડી અને ૭ રાજ લાંબી આકાશપ્રદેશની શ્રેણીને **"સૂચિશ્રેણી"** કહે છે.

શાસ્ત્રમાં જ્યાં શ્રેણીનો અસંખ્યાતમો ભાગાદિ કહેલો હોય ત્યાં ઘનીકૃતલોકની શ્રેણીનો અસંખ્યાતમો ભાગાદિ લેવો.

**પ્રતર :-**

એકસૂચિશ્રેણીમાં જેટલા આકાશપ્રદેશ હોય, તેટલી સૂચિશ્રેણીનું એક પ્રતર થાય. અથવા શ્રેણીના વર્ગને[૬૭] **"પ્રતર"** કહે છે. એટલે કે એક શ્રેણીમાં જેટલા આકાશપ્રદેશ હોય તેટલા આકાશપ્રદેશના વર્ગને પ્રતર કહે છે અને એકશ્રેણીમાં જેટલા આકાશપ્રદેશ હોય. તેટલા આકાશ-પ્રદેશના ઘનને[૬૮] **"ઘનલોક"** કહે છે.

અસત્કલ્પનાથી એકસૂચિશ્રેણીમાં **૧૦૦** આકાશપ્રદેશ છે........ એમ માનવામાં આવે, તો...**૧૦૦ સૂચિશ્રેણીનું એકપ્રતર થાય અથવા ૧૦૦×૧૦૦=૧૦,૦૦૦**[દશહજાર] આકાશપ્રદેશનું **એક પ્રતર થાય.**

---

(૬૭) કોઇપણ સંખ્યાને તે જ સંખ્યાથી ગુણાકાર કરતાં જે સંખ્યા આવે છે. તેને એ સંખ્યાનો વર્ગ કહે છે. દા૦ત૦ ૨×૨=૪ થાય છે. તેમાં ૨ નો વર્ગ ૪ કહેવાય.

(૬૮) કોઇપણ સંખ્યાને ત્રણવાર સ્થાપીને પરસ્પર ગુણવાથી જે સંખ્યા આવે છે. તેને સ્થાપન કરેલી સંખ્યાનો ઘન કહેવાય. દા૦ત૦ ૨×૨×૨=૮ થાય છે. એટલે ૨નો ઘન-૮ થાય. એ જ રીતે, ૪×૪×૪=૬૪ થાય છે. એટલે ૪નો ઘન ૬૪ થાય.

અને ૧૦૦×૧૦૦×૧૦૦=૧૦૦૦૦૦૦ [૧૦લાખ] આકાશપ્રદેશનો એક **ઘનલોક** થાય.

જેમ ૧ ફૂટ લાંબા (ઉંચા), ૧ ફૂટ પહોળા અને ૧ ફૂટ જાડા ઘનપુસ્તકમાં ૧ ફૂટ લાંબા (ઉંચા), ૧ ફૂટ પહોળા અને **એક** સેo મીoના સંખ્યાતમાં ભાગ જેવડા જાડા પૃષ્ઠ હોય છે. તે પૃષ્ઠમાં અક્ષરની અનેક શ્રેણીઓ હોય છે. તેમ ઘનલોકમાં ૭ રાજ લાંબા, ૭ રાજ પહોળા અને **એક** આકાશપ્રદેશ જેવડા જાડા અસંખ્ય પ્રતર હોય છે. અને એક-પ્રતરમાં એક આકાશપ્રદેશ જેટલી જાડી અને ૭ રાજ લાંબી અસંખ્યશ્રેણી હોય છે. તે એક શ્રેણીમાં **અસંખ્ય** આકાશપ્રદેશ હોય છે.

ઉપશમશ્રેણી :-

**अणदंसनपुंसित्थी, वेयछक्कं च पुरिसवेयं च ।**
**दो दो एगंतरिए, सरिसे सरिसं उवसमेइ ॥९८॥**

अनन्तानुबन्धिदर्शननपुंसकस्त्रीवेदषट्कं च पुरुषवेदं च ।
द्वौ द्वौ एकान्तरितौ सद्दशो सद्दशमुपशमयति ॥९८॥

**ગાથાર્થ :- ઉપશમશ્રેણીમાં સૌ પ્રથમ અનંતાનુબંધીચતુષ્ક ઉપશાન્ત થાય છે. ત્યારપછી દર્શનમોહનીય ઉપશાન્ત થાય છે. ત્યારપછી ક્રમશઃ નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યષટ્ક, પુoવેદ ઉપશાંત થાય છે. *ત્યારપછી એક-એક કષાયના [સંoક્રોધાદિના] આંતરે બે બે સરખે સરખા કષાયો ઉપશાંત થાય છે.***

**વિવેચન** :- જેમ ધૂળને પાણી છાંટીને હથોડાથી કૂટીને દબાવી દેવાથી તે ધૂળ અમુક સમય સુધી પવનાદિથી ઉડી શકે નહીં. તેમ કર્માણુને વિશુદ્ધિરૂપ પાણી છાંટીને અનિવૃત્તિકરણરૂપ હથોડાથી કૂટીકૂટીને એવી સ્થિતિમાં મૂકી દેવામાં આવે છે કે, અંતર્મુહુર્ત સુધી તેમાં ઉદય, ઉદીરણા, નિધત્તિ, નિકાચના ન થઈ શકે... એવી કર્મોની અવસ્થાને **"ઉપશમ"** કહે છે.

**જેમાં અનંતગુણ વિશુદ્ધપરિણામની ધારાએ ચઢેલો જીવ ક્રમશઃ ચારિત્રમોહનીયની પ્રકૃતિને સંપૂર્ણપણે ઉપશમાવે છે. તે ઉપશમશ્રેણી કહેવાય. તેમાં સૌથી પ્રથમ અનંતાનુબંધીની ઉપશમના થાય છે.**

**અનંતાનુબંધીની ઉપશમના :-**

૪થી૭ ગુણઠાણામાંથી કોઈપણ એક ગુણઠાણામાં રહેલો ક્ષયોપશમસમ્યગ્દષ્ટિજીવ સાકારોપયોગવાળો હોય, ૩યોગમાંથી કોઈપણ ૧ યોગવાળો હોય, ૩શુભલેશ્યામાંથી કોઈપણ ૧ લેશ્યામાં હોય, અંતઃકો૦-કો૦સા૦સ્થિતિસત્તાવાળો હોય, અશુભપ્રકૃતિની ચતુઃસ્થાનિકરસસત્તાને દ્વિસ્થાનિકરસસત્તા કરતો હોય અને શુભપ્રકૃતિની દ્વિસ્થાનિકરસસત્તાને ચતુઃસ્થાનિકરસસત્તા કરતો હોય, પરાવર્તમાન શુભપ્રકૃતિને જ બાંધતો હોય, પૂર્વના સ્થિતિબંધની અપેક્ષાએ પછીનો નવો સ્થિતિબંધ પલ્યોપમનો અસંખ્યાતમોભાગન્યૂન કરતો હોય, અશુભપ્રકૃતિનો દ્વિસ્થાનિકરસબંધ અને શુભપ્રકૃતિનો ચતુઃસ્થાનિકરસબંધ કરતો હોય, અને યથાપ્રવૃત્તાદિ-૩ કરણ કાળની પૂર્વેના અંતર્મુહૂર્તમાં અનંતગુણવિશુદ્ધિવાળો હોય એવો જીવ યથાપ્રવૃત્તકરણમાં પ્રવેશ કરે છે...

**યથાપ્રવૃત્તકરણ :-**

યથાપ્રવૃત્તકરણમાં સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણી અને ગુણસંક્રમને યોગ્ય વિશુદ્ધિનો અભાવ હોવાથી સ્થિતિઘાતાદિ થતા નથી તથા યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણમાં દરેક સમયે ત્રિકાળવર્તી અનેકજીવની અપેક્ષાએ અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા અધ્યવસાયો હોય છે. તે ષટ્સ્થાનપતિત હોય છે. અને પૂર્વ પૂર્વના સમય કરતાં પછી પછીના સમયે વિશેષાધિક અધ્યવસાયો હોય છે.

અસત્કલ્પનાથી....**યથાપ્રવૃત્તકરણનું અંતર્મુહૂર્ત=૧૨ સમય**
**અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયો=૨૦ અધ્યવસાય**
**યથાપ્રવૃત્તકરણનો સંખ્યાતમો ભાગ= ૪ સમય**
**વિશેષાધિક= ૧ અધ્યવસાય**
માનવામાં આવે, તો.....

## -: યથાપ્રવૃત્તકરણમાં અધ્યવસાયની વિષમચતુરસ્ર આકૃતિ :-



**ચિત્રમાં બતાવ્યા મુજબ** યથાપ્રવૃત્તકરણમાં પ્રથમસમયે **૨૦** અધ્યવસાય હોય છે. બીજા સમયે **૨૧** અધ્યવસાય હોય છે. ત્રીજાસમયે **૨૨** અધ્યવસાય હોય છે. એ રીતે, એક-એક સમયે વિશેષાધિક=એક-એક અધ્યવસાય વધવાથી છેલ્લા=૧૨મા સમયે કુલ-૩૧ અધ્યવસાય હોય છે. તેની આકૃતિ વિષમચતુરસ્ર થાય છે.

હવે **ચિત્રમાં બતાવ્યા મુજબ अ** અને **ब** બન્ને વ્યક્તિ એકીસાથે યથાપ્રવૃત્તકરણમાં પ્રવેશ કરે છે. તે વખતે **अ** જ૦વિશુદ્ધિવાળો છે. અને **ब** ઉ૦વિશુદ્ધિવાળો છે. તેમાં **अ**ને યથાપ્રવૃત્તકરણનો સંખ્યાતમો ભાગ=૪ સમય સુધી પૂર્વ પૂર્વના સમય કરતાં પછી પછીના સમયે જ૦વિશુદ્ધિ અનંતગુણી હોય છે. એટલે કે પ્રથમસમયે **अ**ની જ૦વિશુદ્ધિથી બીજાસમયે **अ**ની જ૦વિશુદ્ધિ અનંતગુણી હોય છે. તેનાથી ત્રીજાસમયે **अ**ની જ૦વિશુદ્ધિ અનંતગુણી હોય છે. તેનાથી ચોથા સમયે **अ**ની જ૦વિશુદ્ધિ અનંતગુણી હોય છે. ત્યારબાદ **ચોથાસમયે अ**ની જ૦વિશુદ્ધિથી **પ્રથમસમયે ब**ની ઉ૦વિશુદ્ધિ અનંતગુણી છે અને **પ્રથમસમયે ब**ની ઉ૦વિશુદ્ધિથી **૫**મા સમયે **अ**ની જ૦વિશુદ્ધિ અનંતગુણી છે. ત્યારપછી **૫**મા સમયે **अ**ની જ૦વિશુદ્ધિથી **બીજાસમયે ब**ની ઉ૦વિશુદ્ધિ અનંતગુણી છે અને **બીજાસમયે ब**ની ઉ૦વિશુદ્ધિથી છઠ્ઠાસમયે **अ**ની જ૦વિશુદ્ધિ અનંતગુણી છે. એ રીતે, આગળ વધતાં વધતાં ૧૨મા સમયે **अ**ની જ૦વિશુદ્ધિથી ૯મા સમયે **ब**ને ઉ૦વિશુદ્ધિ અનંતગુણી હોય છે. તેનાથી ૧૦મા સમયે **ब**ને ઉ૦વિશુદ્ધિ અનંતગુણી હોય છે. તેનાથી **૧૧મા સમયે ब**ને ઉ૦વિશુદ્ધિ અનંતગુણી હોય છે. તેનાથી ૧૨મા સમયે **ब**ને ઉ૦વિશુદ્ધિ અનંતગુણી હોય છે.

**અપૂર્વકરણઃ-** અપૂર્વકરણના પ્રથમસમયથી સ્થિતિઘાત, રસઘાત, *ગુણશ્રેણી, ગુણસંક્રમ અને અપૂર્વસ્થિતિબંધ એકીસાથે શરૂ થાય છે. તથા* અપૂર્વકરણમાં દરેકસમયે અનેકજીવની અપેક્ષાએ અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા અધ્યવસાયો હોય છે. તે ષટ્સ્થાનપતિત હોય છે અને પૂર્વ પૂર્વના સમય કરતાં પછી પછીના સમયે વિશેષાધિક હોય છે.

અસત્કલ્પનાથી.... **અપૂર્વકરણનું અંતર્મુહૂર્ત=૧૦ સમય**

**અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણઅધ્યવસાયો=૨૦ અધ્યવસાય**

**વિશેષાધિક= ૧ અધ્યવસાય**

માનવામાં આવે, તો.....

## -: અપૂર્વકરણમાં અધ્યવસાયની વિષમચતુરસ્ર આકૃતિ :-



**ચિત્રમાં બતાવ્યા મુજબ** અપૂર્વકરણમાં પ્રથમસમયે ૨૦ અધ્યવસાય હોય છે. બીજાસમયે ૨૧ અધ્યવસાય હોય છે. ત્રીજા સમયે ૨૨ અધ્યવસાય હોય છે. એ રીતે, એક-એક સમયે વિશેષાધિક=એક-એક અધ્યવસાય વધવાથી છેલ્લા=૧૦મા સમયે ૨૯ અધ્યવસાય હોય છે. તેની આકૃતિ વિષમચતુરસ્ર થાય છે.

હવે **ચિત્રમાં બતાવ્યા મુજબ अ** અને **ब** બન્ને એકીસાથે અપૂર્વકરણમાં પ્રવેશ કરે છે તે વખતે યથાપ્રવૃત્તકરણના છેલ્લાસમયે **ब**ની ઉ૦વિશુદ્ધિ કરતાં અપૂર્વકરણના પ્રથમસમયે **अ**ની જ૦વિશુદ્ધિ અનંતગુણી છે. તેનાથી પ્રથમસમયે **ब**ની ઉ૦વિશુદ્ધિ અનંતગુણી છે તેનાથી બીજાસમયે **अ**ની જ૦વિશુદ્ધિ અનંતગુણી છે. તેનાથી બીજાસમયે **ब**ની ઉ૦વિશુદ્ધિ અનંતગુણી છે તેનાથી ત્રીજાસમયે **अ**ની જ૦વિશુદ્ધિ અનંતગુણી છે. એ રીતે અપૂર્વકરણના છેલ્લાસમય સુધી સમજવું.

**સ્થિતિઘાત :- આયુષ્ય** વિના **જ્ઞાનાવરણીયાદિ**-૭ કર્મની નિષેકરચનાના ઉપરના ભાગમાંથી જઘન્યથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિખંડનો અપવર્તનાકરણથી નાશ કરવો, તે સ્થિતિઘાત કહેવાય. એક અંતર્મુહૂર્તકાળે એક સ્થિતિખંડનો નાશ થાય છે. અપૂર્વકરણમાં ઘણા હજારો સ્થિતિઘાત થાય છે. તેથી અપૂર્વકરણના પ્રથમસમયે જે સ્થિતિસત્તા હતી. તેનાથી અપૂર્વકરણના ચરમસમયે સંખ્યાતમાભાગ જેટલી સ્થિતિસત્તા રહે છે.

**રસઘાત :-** અશુભકર્મની સ્થિતિસત્તામાં ઉદયાવલિકાની ઉપરના નિષેકોમાં રહેલા દલિકોના રસના અનંતાભાગોની કલ્પના કરવી. તેમાંથી એક અનંતમાભાગ જેટલો રસ રાખીને બાકીના ઘણા અનંતમાભાગ જેટલા રસનો અંતર્મુહૂર્તમાં નાશ કરવો, તે પ્રથમ રસઘાત કહેવાય. ત્યારપછી પ્રથમરસઘાત કરતી વખતે જે એક અનંતમાભાગ જેટલો રસ રાખ્યો હતો તેના અનંતાભાગની કલ્પના કરવી. તેમાંથી એક અનંતમાભાગ જેટલો રસ રાખીને બાકીના ઘણા અનંતાભાગ પ્રમાણ રસનો અંતર્મુહૂર્તમાં નાશ કરવો, તે બીજો રસઘાત કહેવાય. એ રીતે, એક સ્થિતિઘાત પૂર્ણ થાય ત્યાં સુધીમાં હજારો રસઘાત થાય છે.

**ગુણશ્રેણી** :- જુઓ પેજનં૦૩૦૧ અનંતાનુબંધીવિસંયોજનાગુણશ્રેણી..

**ગુણસંક્રમ** :- નહીં બંધાતી અશુભકર્મપ્રકૃતિના દલિકોને પૂર્વ પૂર્વના સમય કરતાં પછી પછીના સમયે અસંખ્યગુણાકારે બંધાતી સજાતીય કર્મપ્રકૃતિમાં સંક્રમાવવા, તે ગુણસંક્રમ કહેવાય.

અહીં માત્ર અનંતાનુબંધીનો જ ગુણસંક્રમ થાય છે.

**અપૂર્વસ્થિતિબંધ** :- પૂર્વ પૂર્વના સ્થિતિબંધથી પછી પછીનો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગે ન્યૂન થાય છે. અપૂર્વસ્થિતિબંધ અને સ્થિતિઘાત બન્ને એકીસાથે શરૂ થાય છે. અને એકીસાથે પૂર્ણ થાય છે.

**અનિવૃત્તિકરણ** :- અનિવૃત્તિકરણમાં એકીસાથે પ્રવેશ કરનારા ત્રિકાળવર્તી દરેક જીવોને એકસરખો જ અધ્યવસાય હોય છે. તેથી દરેક સમયે અનેકજીવની અપેક્ષાએ એક-એક જ અધ્યવસાયસ્થાન હોય છે. અને પૂર્વ પૂર્વના સમયથી પછી પછીના સમયે અનંતગુણવિશુદ્ધ અધ્યવસાય હોય છે. તેની આકૃતિ મોતીની માળાની શેર જેવી થાય છે. ત્યાં સ્થિતિ-ઘાતાદિ-૫ પદાર્થો થાય છે. અનિવૃત્તિકરણના ઘણા સંખ્યાતાભાગ ગયા પછી એકસંખ્યાતમો ભાગ બાકી રહે છે. ત્યારે જીવ અનંતાનુબંધીનું અંતરકરણ કરે છે. એટલે કે અનંતાનુબંધીની નીચેથી એક આવલિકા જેટલી સ્થિતિ છોડીને તેની ઉપરની અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિમાંથી દલિકોને ઉપાડીને બંધાતી ચારિત્રમોહનીયની પ્રકૃતિમાં નાંખીને તેટલી સ્થિતિને દલિક વિનાની શુદ્ધસ્થિતિ કરે છે. તથા નીચેની પ્રથમ સ્થિતિને સ્તિબુક-સંક્રમથી ઉદયવતી પ્રકૃતિમાં સંક્રમાવે છે અને અંતરકરણની ક્રિયા પૂર્ણ થતાંની સાથે જ બીજીસ્થિતિમાં રહેલા અનંતાનુબંધીને પ્રતિસમયે અસંખ્ય-ગુણાકારે ઉપશમાવવાની ક્રિયા શરૂ કરે છે. અંતર્મુહૂર્તકાળમાં સંપૂર્ણ દલિકો ઉપશમી જાય છે. તે વખતે **"અનંતાનુબંધીની સર્વોપશમના"** થાય છે.

કેટલાક આચાર્યભગવંતનું એવું માનવું છે કે, અનંતાનુબંધીની ઉપશમના કરનારો જીવ ઉપશમશ્રેણી માંડી શકે છે અને કેટલાક આચાર્ય ભગવંતનું એવું માનવું છે કે, અનંતાનુબંધીની વિસંયોજના કરનારો જીવ જ ઉપશમશ્રેણી માંડી શકે છે.

**અનંતાનુબંધીની વિસંયોજના**[Y]**:-**

૪થી૭ ગુણઠાણામાં રહેલા ચારેગતિના જીવો અનંતાનુબંધીની વિસંયોજના કરતી વખતે પૂર્વે કહ્યાં મુજબ યથાપ્રવૃત્તાદિ-૩ કરણ કરે છે. પરંતુ અનિવૃત્તિકરણમાં અંતરકરણ કરતો નથી. પણ ઉદયાવલિકા ઉપરની સર્વે સ્થિતિનો ઉદ્વલનાસંક્રમથી નાશ કરે છે અને ઉદયાવલિકાને સ્તિબુકસંક્રમથી ઉદયવતી પ્રકૃતિમાં સંક્રમાવે છે અનિવૃત્તિકરણ પૂર્ણ થયા પછી તે જીવ મોહનીયની ૨૪ પ્રકૃતિની સત્તાવાળો થાય છે.

**દર્શનત્રિકની ઉપશમના :-**

મિથ્યાત્વની ઉપશમના મિથ્યાદષ્ટિજીવો અને ક્ષયો[Z]પશમસમ્યગ્-દૃષ્ટિજીવો કરે છે. પણ મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયની ઉપશમના ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિ જીવો જ કરે છે. એટલે કે પ્રથમ ઉપશમસમ્યક્ત્વ [ગ્રન્થિભેદજન્યઉપશમસમ્યક્ત્વ] પ્રાપ્ત કરતી વખતે મિથ્યાદષ્ટિજીવો મિથ્યાત્વની ઉપશમના કરે છે અને દ્વિતીયઉપશમસમ્યક્ત્વ [શ્રેણીગત ઉપશમસમ્યક્ત્વ] પ્રાપ્ત કરતી વખતે ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિ દર્શનત્રિકની ઉપશમના કરે છે.

પ્રથમ ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરતી વખતે મિથ્યાદષ્ટિજીવ પૂર્વે કહ્યા મુજબ યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણ કરે છે પણ અહીં અપૂર્વકરણમાં ગુણસંક્રમ થતો નથી અને અનિવૃત્તિકરણના ઘણા સંખ્યાતા ભાગ ગયા પછી એક સંખ્યાતમો ભાગ બાકી રહે છે. ત્યારે જીવ મિથ્યાત્વનું અંતરકરણ કરે છે. એટલે કે મિથ્યાત્વની નીચેથી એક અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિને છોડીને તેની ઉપરની અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિમાંથી દલિકોને ઉપાડીને નીચેની અને ઉપરની સ્થિતિમાં નાંખીને તેટલી સ્થિતિને દલિક વિનાની શુદ્ધસ્થિતિ કરે છે. તે વખતે મિથ્યાત્વની સ્થિતિ બે વિભાગમાં વહેંચાઇ જાય છે. તેમાં નીચેની સ્થિતિને **"પ્રથમસ્થિતિ"** કહે છે અને ઉપરની સ્થિતિને **"બીજીસ્થિતિ"** કહે છે અને દલિક વિનાની શુદ્ધભૂમિને **"અંતર"** કહે છે. મિથ્યાત્વની બીજીસ્થિતિમાંથી કેટલાક દલિકને ઉદીરણાકરણથી ખેંચીને નીચે ઉદયાવલિકામાં નાંખે છે. તે **"આગાલ"** કહેવાય.

અંતકરણની ક્રિયા પૂર્ણ થયા પછી જીવ બીજીસ્થિતિમાં રહેલા દલિકોને પ્રતિસમયે અસંખ્યગુણાકારે ઉપશમાવી રહ્યો છે અને પ્રથમસ્થિતિને ઉદય-ઉદીરણાથી ભોગવી રહ્યો છે. જ્યારે અનિવૃત્તિકરણ પૂર્ણ થાય છે. ત્યારે પ્રથમસ્થિતિ ભોગવાઈને નાશ પામી જાય છે અને બીજીસ્થિતિમાં રહેલા દલિકો સંપૂર્ણ ઉપશમી જાય છે. તે વખતે **"મિથ્યાત્વની સર્વોપશમના"** થાય છે.

ક્ષયોપશમસમ્યગ્દષ્ટિ સંયમી મહાત્મા દર્શનત્રિકને ઉપશમાવવા માટે પૂર્વે કહ્યાં મુજબ યથાપ્રવૃત્તાદિ-૩ કરણ કરે છે પણ અહીં અપૂર્વકરણમાં **મિથ્યાત્વ અને મિશ્રનો ગુણસંક્રમ** થાય છે અને અનિવૃત્તિકરણનો છેલ્લો એક સંખ્યાતમો ભાગ બાકી રહે છે. ત્યારે દર્શનત્રિકનું અંતરકરણ કરે છે. અંતરકરણની ક્રિયા પૂર્ણ થયા પછી દર્શનત્રિકને ઉપશમાવવાનું ચાલુ કરે છે. અનિવૃત્તિકરણના છેલ્લાસમયે દર્શનત્રિકનું સંપૂર્ણ દલિક ઉપશમી જાય છે. તે વખતે **"દર્શનત્રિકની સર્વોપશમના"** થાય છે.

**ચારિત્રમોહનીયની ઉપશમના :-**

ચારિત્રમોહનીયને ઉપશમાવવા માટે અપ્રમત્તસંયમી અપ્રમત્ત-ગુણઠાણે યથાપ્રવૃત્તકરણ કરે છે. અપૂર્વકરણગુણઠાણે અપૂર્વકરણ કરે છે અને અનિવૃત્તિગુણઠાણે અનિવૃત્તિકરણ કરે છે. યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણ પૂર્વે કહ્યાં મુજબ જાણવું. પણ અહીં અપૂર્વકરણમાં **નહીં બંધાતી સર્વે અશુભપ્રકૃતિનો ગુણસંક્રમ** થાય છે. તેમજ અપૂર્વકરણનો એક સંખ્યાતમો ભાગ ગયા પછી નિદ્રાદ્વિકનો બંધવિચ્છેદ થાય છે અને અપૂર્વકરણનો છેલ્લો એક સંખ્યાતમો ભાગ બાકી રહે છે. ત્યારે દેવગતિ વગેરે ૩૧ પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે તથા અપૂર્વકરણના છેલ્લાસમયે હાસ્યાદિ-૪નો બંધવિચ્છેદ અને હાસ્યાદિ-૬નો ઉદયવિચ્છેદ થાય છે. ત્યારબાદ જીવ અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે.

અનિવૃત્તિકરણના ઘણા સંખ્યાતા ભાગ ગયા પછી ચારિત્ર-મોહનીયની-૨૧ પ્રકૃતિનું અંતરકરણ કરે છે. તે વખતે સંoક્રોધાદિ-૪માંથી ૧ કષાયનો ઉદય હોય છે અને ૩ વેદમાંથી કોઈપણ ૧ વેદનો ઉદય

હોય છે. એ ઉદયવતી બન્ને પ્રકૃતિની પ્રથમસ્થિતિ પોતાના ઉદયકાલ પ્રમાણ અને બાકીની ૧૯ પ્રકૃતિની પ્રથમસ્થિતિ એક આવલિકા પ્રમાણ છોડીને તેની ઉપર અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિમાંથી દલિકોને ખસેડીને તેટલી સ્થિતિને દલિક વિનાની શુદ્ધસ્થિતિ કરે છે.

**જે પ્રકૃતિનો બંધ અને ઉદય બન્ને હોય, તેના દલિકો પ્રથમસ્થિતિ અને બીજીસ્થિતિમાં નાંખે છે. જે પ્રકૃતિનો બંધ હોય અને ઉદય ન હોય, તે પ્રકૃતિના દલિકો બીજીસ્થિતિમાં નાંખે છે. જે પ્રકૃતિનો બંધ ન હોય અને ઉદય જ હોય, તે પ્રકૃતિના દલિકો પ્રથમસ્થિતિમાં નાંખે છે અને જે પ્રકૃતિનો બંધ ન હોય અને ઉદય પણ ન હોય, તે પ્રકૃતિના દલિકો પર પ્રકૃતિમાં નાંખીને** તેટલી સ્થિતિને દલિક વિનાની શુદ્ધસ્થિતિ કરે છે.

અંતરકરણની ક્રિયા પૂર્ણ થયા પછી **સંoક્રોધના ઉદયવાળો પુરુષવેદી** સૌ પ્રથમ અંતર્મુહૂર્તકાળમાં **નપુંસકવેદ**ને ઉપશમાવે છે. ત્યાર બાદ અંતર્મુહૂર્તકાળમાં **સ્ત્રીવેદ**ને ઉપશમાવે છે. ત્યારબાદ અંતર્મુહૂર્તકાળમાં **હાસ્યષટ્ક**ને ઉપશમાવે છે. જે સમયે હાસ્યાદિ-૬નો સંપૂર્ણ ઉપશમ થાય છે. તે જ સમયે પુoવેદનો બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે. ત્યારપછી સમયન્યૂન બે આવલિકાકાળે **પુoવેદ**નો સંપૂર્ણ ઉપશમ થાય છે.

ત્યારપછી અંતર્મુહૂર્તકાળમાં **અપ્રત્યાખ્યાનીયક્રોધ** અને **પ્રત્યાખ્યાનીય ક્રોધ**ને એકીસાથે ઉપશમાવે છે. તે જ સમયે સંoક્રોધનો બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે. ત્યારપછી સમયન્યૂન બે આવલિકાકાળે **સંoક્રોધ**ને ઉપશમાવે છે. ત્યારપછી અંતર્મુહૂર્તકાળમાં **અપ્રત્યાખ્યાનીયમાન** અને **પ્રત્યાખ્યાનીયમાન**ને એકીસાથે ઉપશમાવે છે. તે જ સમયે સંoમાનનો બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે. ત્યારપછી સમયન્યૂન બે આવલિકાકાળે **સંoમાન**ને ઉપશમાવે છે. ત્યાર પછી અંતર્મુહૂર્તકાળમાં **અપ્રત્યાખ્યાનીયમાયા** અને **પ્રત્યાખ્યાનીયમાયા**ને ઉપશમાવે છે. તે જ સમયે **સંoમાયા**નો બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે. ત્યારપછી ૧૦મા ગુણઠાણા સુધી માત્ર સંoલોભનો જ ઉદય હોય છે.

સંoલોભનો ઉદય જેટલો કાળ રહેવાનો છે. તેને ત્રણ વિભાગમાં વહેંચી નાંખે છે. તેમાં પહેલા વિભાગને **અશ્વકર્ણકરણાદ્ધા** કહે છે. બીજા-વિભાગને **કિટ્ટિકરણાદ્ધા** કહે છે અને ત્રીજાવિભાગને **કિટ્ટિવેદનાદ્ધા** કહે છે.

(૧) **અશ્વકર્ણકરણાદ્ધા:-અશ્વ=ઘોડો, કર્ણ=કાન.**
**કરણ=ક્રિયા, અદ્ધા=કાળ.**

જે કાળમાં સત્તામાં રહેલા પૂર્વસ્પર્દ્ધકોમાંથી[૬૯] [૭૦]ઘોડાના કાનની જેમ અનુક્રમે અનંતગુણ હીન-હીન રસવાળા અપૂર્વસ્પર્દ્ધકો કરવાની ક્રિયા થાય છે. તે અશ્વકર્ણકરણાદ્ધા કહેવાય.

(૨) **કિટ્ટિકરણાદ્ધા:-** જે કાળમાં સંoલોભના પૂર્વસ્પર્દ્ધકો અને અપૂર્વસ્પર્દ્ધકોની વર્ગણામાંથી અનંતગુણહીન રસ ઓછો કરવા દ્વારા વર્ગણામાં રહેલા રસાણુની એકોત્તર વૃદ્ધિનો ક્રમ તોડી નાંખવાની ક્રિયા થાય છે, તે કિટ્ટિકરણાદ્ધા કહેવાય.

(૩) **કિટ્ટિવેદનાદ્ધા :-** જે કાળમાં સંoલોભની કિટ્ટિનું વેદન થાય છે. તે કિટ્ટિવેદનાદ્ધા કહેવાય.

અશ્વકર્ણકરણાદ્ધામાં **સંoમાયા** સંપૂર્ણ ઉપશમી જાય છે. ત્યારપછી કિટ્ટિકરણાદ્ધાના છેલ્લાસમયે **અપ્રત્યાખ્યાનીયલોભ** અને **પ્રત્યાખ્યાનીયલોભ** સંપૂર્ણ ઉપશમી જાય છે. તે વખતે સંoલોભનો બંધવિચ્છેદ થાય છે અને સંoબાદરલોભનો ઉદયવિચ્છેદ થાય છે. તે જ વખતે અનિવૃત્તિબાદર-સંપરાયગુણઠાણુ પૂર્ણ થાય છે. પછી જીવ સૂક્ષ્મસંપરાયગુણઠાણામાં પ્રવેશ કરે છે. ત્યાં જે કિટ્ટિકરણાદ્ધામાં લોભની કિટ્ટિઓ કરી હતી તેને ઉદય-

---

(૬૯) જીવ અનાદિકાળથી પેજનં૦૧૯૪માં કહ્યાં મુજબ પ્રતિસમયે અભવ્યથી અનંતગુણરસસ્પર્દ્ધકોવાળું રસસ્થાનક બાંધે છે. એ સત્તાગત રસસ્પર્દ્ધકોને પૂર્વસ્પર્દ્ધક કહે છે.

(૭૦) જેમ ઘોડાનો કાન મૂળમાં વિસ્તારવાળો હોય છે. પછી અનુક્રમે હીન-હીન વિસ્તારવાળો થતો જાય છે. તેમ અહીં પહેલા ઘણા રસવાળા અપૂર્વસ્પર્દ્ધકો થાય છે અને પછી ક્રમશઃ અનંતગુણ હીન-હીન રસવાળા અપૂર્વસ્પર્દ્ધકો થાય છે.

ઉદીરણાથી ભોગવી રહ્યો છે. અને બીજીસ્થિતિમાં રહેલી કિટ્ટિને ઉપશમાવી રહ્યો છે. જ્યારે જીવ સૂક્ષ્મસંપરાયગુણઠાણાના છેલ્લાસમયે આવે છે. ત્યારે સં૦લોભ સંપૂર્ણ ઉપશમી જાય છે. તે વખતે મોહનીયની ૨૮ પ્રકૃતિ સંપૂર્ણ ઉપશાંત થઈ જાય છે. એટલે ત્યારપછીના સમયે ઉપશમાદ્ધામાં [શુદ્ધભૂમિમાં] પ્રવેશ કરતાંની સાથે જ ઉપશાંતમોહ-ગુણસ્થાનમાં જીવને ઔપશમિકવીતરાગતા પ્રાપ્ત થાય છે.

[૭૧] **સ્ત્રીવેદે ઉપશમશ્રેણી માંડનાર જીવ** પહેલા **નપુંસકવેદને**, પછી પુરુષવેદને, પછી **હાસ્યાદિ-૬ને, પછી સ્ત્રીવેદને** ઉપશમાવે છે. ત્યારબાદ પુ૦વેદે ઉપશમશ્રેણી માંડનારની જેમ સમજવું.

**નપુંસકવેદે ઉપશમશ્રેણી માંડનાર જીવ** પહેલા **સ્ત્રીવેદને**, પછી **પુરુષવેદને**, પછી **હાસ્યાદિ-૬ને પછી નપુંસકવેદને** ઉપશમાવે છે. ત્યારપછી પુ૦વેદે ઉપશમશ્રેણી માંડનારની જેમ સમજવું.

**ઉપશમશ્રેણીથી પતનઃ-** (1) **ભવક્ષયે** અને (2) **કાલક્ષયે** (1) જો ઉપશમશ્રેણીમાં જ જીવનું આયુષ્ય પૂર્ણ થઈ જવાથી જીવ ત્યાંથી મૃત્યુ પામીને સીધો વૈમાનિક દેવમાં ઉત્પન્ન થઈ જાય, તો તે ભવક્ષયથી પતન થયું કહેવાય.

(2) ૧૧મા ગુણઠાણાનો કાળ પૂર્ણ થયા પછી મલિન અધ્યવ-સાયથી જીવ, જે ક્રમે ચઢ્યો હોય તે જ ક્રમે છઠ્ઠેગુણઠાણે આવી જાય છે. તે કાલક્ષયથી પતન થયું કહેવાય.

જીવ ભવચક્રમાં ૪વાર અને એકભવમાં બેવાર ઉપશમશ્રેણી માંડી શકે છે. **કર્મગ્રન્થનાં મતેઃ-** જે જીવ એકભવમાં એકવાર ઉપશમશ્રેણી માંડે, તે જીવ તે જ ભવમાં ક્ષપકશ્રેણી માંડી શકે છે. પણ

(૭૧) સ્ત્રીવેદે ઉપશમશ્રેણી માંડનાર જીવ પહેલા નપુંસકવેદને, પછી સ્ત્રીવેદને, પછી હાસ્યાદિ-૬ અને પુ૦વેદને એકીસાથે ઉપશમાવે છે. ત્યારપછી પુ૦વેદે શ્રેણી માંડનારની જેમ સમજવું અને નપુંસકવેદે શ્રેણી માંડનાર જીવ પહેલા સ્ત્રીવેદને, પછી નપુંસકવેદને, પછી હાસ્યાદિ-૬ અને પુ૦વેદને એકીસાથે ઉપશમાવે છે. ત્યારપછી પુ૦વેદે શ્રેણી માંડનારની જેમ સમજવું. [ઉપશમનાકરણ]

જો એકભવમાં બે વાર ઉપશમશ્રેણી માંડી હોય, તો તે જીવ તે જ ભવમાં ક્ષપકશ્રેણી માંડી શકતો નથી.

**સિદ્ધાંતનાં મતે** :- ઉપશમશ્રેણી એકભવમાં એક જ વાર માંડી શકે છે. અને જે જીવે જે ભવમાં ઉપશમશ્રેણી માંડી હોય, તે જીવ તે જ ભવમાં ક્ષપકશ્રેણી માંડી શકતો નથી.

ક્ષપકશ્રેણી :-

**अणमिच्छमीससम्मं, तिआउइगविगलथीणतिगुज्जोयं ।**
**तिरिनिरयथावरदुगं, साहारायव अड नपुत्थी ॥९९॥**

**छगपुंसंजलणा दो निद्द विग्घवरणक्खए नाणी ।**
**देविंदसूरिलिहियं, सयगमिणं आयसरणट्ठा ॥१००॥**

अनन्तानुबन्धिनो मिथ्यात्वं मिश्रं सम्यग् आयुस्त्रयमेकविकलस्त्यानर्द्धित्रिकोद्यतम्।
तिर्यग्नरकस्थावरद्विकं साधारणातपाष्टनपुंस्त्रि॥९९॥

षट्कं पुंवेदं सञ्ज्वलनं द्वे निद्रे विघ्नावरणक्षये ज्ञानी ।
देवेन्द्रसूरिलिखितं शतकमिदं आत्मस्मरणार्थम् ॥१००॥

ગાથાર્થ :- **અનંતાનુબંધી-૪, મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય, આયુષ્ય-૩, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, થીણદ્ધિત્રિક, ઉદ્યોત, તિર્યંચદ્વિક, નરકદ્વિક, સ્થાવરદ્વિક, સાધારણ, આતપ, મધ્યમ-૮ કષાય, નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યાદિ-૬, પુ૦વેદ, સંજ્વલનચતુષ્ક, નિદ્રાદ્વિક, અંતરાય-૫, જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪નો ક્ષય કરનારો જીવ કેવળજ્ઞાની થાય છે.**

**પૂજ્યશ્રી દેવેન્દ્રસૂરિમહારાજે આત્મસ્મરણને માટે આ શતકનામના પાંચમાકર્મગ્રન્થની રચના કરી છે.**

**વિવેચન** :- ૪થી૭ ગુણઠાણામાં રહેલો, ૮વર્ષથી અધિક ઉંમરવાળો, પ્રથમસંઘયણવાળો, ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જિનકાલિકમનુષ્ય

સૌ પ્રથમ પૂર્વે કહ્યાં મુજબ **અનંતાનુબંધી-૪**નો ક્ષય કરે છે. ત્યારબાદ દર્શનત્રિકનો ક્ષય કરે છે.

**દર્શનત્રિકનો ક્ષય :-**

દર્શનત્રિકનો ક્ષય કરવા માટે જીવ પૂર્વે કહ્યાં મુજબ યથા-પ્રવૃત્તાદિ-૩ કરણ કરે છે. પણ અહીં અપૂર્વકરણમાં મિથ્યાત્વ અને મિશ્રનો ગુણસંક્રમ ચાલુ થાય છે અને ઉદ્વલનાસંક્રમ પણ ચાલુ થાય છે. તથા અનિવૃત્તિકરણમાં અંતરકરણ થતું નથી. પણ સ્થિતિઘાતથી સ્થિતિ ઘટતાં ઘટતાં સૌ પ્રથમ **મિથ્યાત્વમોહનીય**નો સંપૂર્ણ ક્ષય થાય છે. ત્યારબાદ **મિશ્રમોહનીય**નો સંપૂર્ણ ક્ષય થાય છે. ત્યારપછી **સમ્યક્ત્વમોહનીય**નો સંપૂર્ણ નાશ થાય છે. પણ તેમાં સમ્યક્ત્વમોહનીયની અંતર્મુહૂર્ત પ્રમાણ છેલ્લી સ્થિતિને ભોગવીને નાશ કરતી વખતે જીવ **"કૃતકરણ"** કહેવાય છે. એ છેલ્લી સ્થિતિ ભોગવાઇ ગયા પછી ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. પણ જો છેલ્લી અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિ ભોગવતી વખતે તે જીવનું આયુષ્ય પૂર્ણ થઇ જાય, તો તે જીવ ચારેગતિમાંથી કોઇપણ એક ગતિમાં ઉત્પન્ન થઇને ક્ષાયિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. એટલે ક્ષાયિકસમ્યક્ત્વને પ્રાપ્ત કરવાની ક્રિયાનો પ્રારંભક મનુષ્ય જ હોય છે. પણ ક્ષાયિકસમ્યક્ત્વને પ્રાપ્ત કરનારા ચારેગતિના સંજ્ઞીજીવો હોઇ શકે છે.

જે જીવે આયુષ્ય બાંધેલું છે તે જીવ ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી ચારિત્રમોહનીયની પ્રકૃતિનો ક્ષય કરવાનો પ્રારંભ કરી શકતો નથી. ત્યાં જ અટકી જાય છે. તે **"ખંડક્ષપકશ્રેણી"** કહેવાય અને જે જીવે આયુષ્ય બાંધેલું નથી તે જીવ ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી તુરત જ નિરંતર વિશુદ્ધ અધ્યવસાયથી ચારિત્રમોહનીયનો ક્ષય કરવાનો પ્રારંભ કરે છે. તે **"સકલશ્રેણી"** કહેવાય.

**૩ આયુષ્યનો ક્ષય :-**

જે જીવ સકલશ્રેણીને કરે છે. તે દેવગતિમાં દેવાયુષ્યનો, તિર્યંચ-ગતિમાં તિર્યંચાયુષ્યનો અને નરકગતિમાં નરકાયુષ્યનો ક્ષય કરીને જ આવેલો હોય છે. એટલે કે ત્રણે આયુષ્યનીસંભવસત્તાનો ક્ષય થયેલો હોય છે.

**એકેન્દ્રિયાદિ-૧૬ પ્રકૃતિનો ક્ષય:-**

ચારિત્રમોહનીયનો ક્ષય કરવાને માટે ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ અપ્રમત્ત-ગુણઠાણે યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણગુણઠાણે અપૂર્વકરણ અને અનિવૃત્તિ-ગુણઠાણે અનિવૃત્તિકરણ કરે છે. તેમાં અપૂર્વકરણગુણઠાણામાં અપ્ર૦૪ અને પ્રત્યા૦૪નો સ્થિતિઘાતાદિથી ક્ષય કરતો કરતો અનિવૃત્તિગુણઠાણામાં પ્રવેશ કરે છે. ત્યાં મધ્યમ-૮ કષાયનો ક્ષય કરતો કરતો જીવ ૯મા ગુણઠાણાનો છેલ્લો એક સંખ્યાતમો ભાગ બાકી રહે છે. ત્યારે વચમાં **એકેન્દ્રિય**[૭૨]**, વિકલેન્દ્રિય, થીણદ્ધિત્રિક, ઉદ્યોત, તિર્યંચદ્વિક, નરકદ્વિક, સ્થાવરદ્વિક, સાધારણ, આતપ**...એ-૧૬ પ્રકૃતિનો નાશ કરે છે.

**ચારિત્રમોહનીયની ૨૧ પ્રકૃતિનો ક્ષય:-**

એકેન્દ્રિયાદિ-૧૬ પ્રકૃતિનો ક્ષય કર્યા પછી અંતર્મુહૂર્તકાળમાં **મધ્યમ-૮કષાય**નો ક્ષય કરે છે. ત્યારબાદ ૯નોકષાય અને સંજ્વલન-ચતુષ્કનું અંતરકરણ કરે છે. એટલે કે ઉદિતકષાય અને ઉદિતવેદની પ્રથમસ્થિતિ અંતર્મુહૂર્ત જેટલી અને અનુદયવતી ૧૧ પ્રકૃતિની પ્રથમ-સ્થિતિ એક આવલિકા જેટલી રાખીને તેની ઉપરની અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિમાંથી ઉપશમશ્રેણીમાં કહ્યા મુજબ દલિકોને ખસેડીને તેટલી સ્થિતિને દલિક વિનાની શુદ્ધસ્થિતિ કરે છે. તથા ઉદયવતી બે પ્રકૃતિની પ્રથમ-સ્થિતિ ઉદય-ઉદીરણાથી ભોગવીને નાશ કરે છે. અને અનુદયવતી પ્રકૃતિની પ્રથમસ્થિતિ સ્તિબુક-સંક્રમથી ઉદયવતીમાં સંક્રમાવીને નાશ કરે છે અને બીજીસ્થિતિનો ઉદ્વલના-સંક્રમાદિથી નાશ કરે છે. તેમાં **પુરુષવેદે શ્રેણી માંડનારો જીવ** સૌ પ્રથમ **નપુંસકવેદ**નો ક્ષય કરે છે. પછી **સ્ત્રીવેદ**નો ક્ષય કરે છે. પછી **હાસ્યાદિ-૬**નો ક્ષય કરે છે. તે વખતે **પુ૦વેદ**નો બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ છે. ત્યારપછી સમયન્યૂન બે આવલિકાકાળમાં પુ૦વેદનો ક્ષય થાય છે.

---

(૭૨) કેટલાક આચાર્ય ભગવંતનું એવુ માનવું છે કે, સૌ પ્રથમ એકેન્દ્રિયાદિ-૧૬ પ્રકૃતિનો ક્ષય કરવાની શરૂઆત કરે છે. અને ૧૬ પ્રકૃતિનો ક્ષય કરતાં કરતાં વચમાં ૮કષાયનો ક્ષય કરી નાંખે છે. ત્યારબાદ એકેન્દ્રિયાદિ-૧૬ પ્રકૃતિનો ક્ષય કરે છે.

**સ્ત્રીવેદે શ્રેણી માંડનારો જીવ** સૌ પ્રથમ **નપુંસકવેદ**નો ક્ષય કરે છે. પછી **સ્ત્રીવેદ**નો ક્ષય કરે છે. પછી **પુ૦વેદ** અને **હાસ્યાદિ-૬**નો **એકીસાથે** ક્ષય કરે છે.

**નપુંસકવેદે શ્રેણી માંડનારો જીવ** સૌ પ્રથમ **સ્ત્રીવેદ** અને **નપુંસકવેદનો એકીસાથે** ક્ષય કરે છે. ત્યારપછી **હાસ્યાદિ-૬** અને **પુ૦વેદનો એકીસાથે** ક્ષય કરે છે.

અવેદીજીવ અંતર્મુહૂર્તકાળમાં **સં૦ક્રોધ**નો ક્ષય કરે છે. ત્યારપછી અંતર્મુહૂર્તકાળમાં **સં૦માન**નો ક્ષય કરે છે. ત્યારપછી અંતર્મુહૂર્તમાં **સં૦માયા**નો ક્ષય કરે છે. ત્યારબાદ અંતર્મુહૂર્તકાળે સં૦લોભનો બંધવિચ્છેદ થાય છે અને સં૦બાદર લોભનો ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે તે જ સમયે ૯મું ગુણસ્થાનક પૂર્ણ થાય છે. ત્યાર પછી જીવ ૧૦મા ગુણસ્થાનકમાં પ્રવેશ કરે છે. ૧૦મા ગુણઠાણાનો છેલ્લો એક સંખ્યાતમો ભાગ બાકી રહે છે. ત્યારે સર્વાપવર્ત્તનાથી સં૦લોભની સ્થિતિ ૧૦મા ગુણઠાણાના કાળ જેટલી કરી નાંખે છે. ત્યારબાદ **સં૦લોભ**ને ઉદય-ઉદીરણાથી ભોગવતો ભોગવતો છેલ્લા સમયે આવે છે. ત્યારે સં૦લોભનો સંપૂર્ણ ક્ષય કરે છે. તે વખતે મોહનીયકર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી જીવને **"ક્ષાયિકયથાખ્યાતચારિત્ર"** પ્રાપ્ત થાય છે.

**જ્ઞાનાવરણીયાદિ-૧૬ પ્રકૃતિનો ક્ષય :-**

૧૦મું ગુણઠાણુ પૂર્ણ થયા પછી જીવ ૧૨મા ગુણઠાણે આવે છે. ૧૨મા ગુણઠાણાનો છેલ્લો એક સંખ્યાતમો ભાગ બાકી રહે છે. ત્યારે સર્વાપવર્ત્તનાથી જ્ઞાના૦૫, દર્શના૦૪, અંતરાય-૫ની સ્થિતિ ૧૨માગુણ-ઠાણાના કાળ તુલ્ય કરે છે અને નિદ્રાદ્વિકની સ્વરૂપસત્તાની અપેક્ષાએ **૧**સમયન્યૂન કરે છે. એટલે ૧૨મા ગુણસ્થાનકના દ્વિચરમસમયે **નિદ્રાદ્વિક**નો ક્ષય થાય છે. અને છેલ્લા સમયે **જ્ઞાનાવરણીયાદિ-૧૪** પ્રકૃતિનો ક્ષય થાય છે. તે વખતે ઘાતીકર્મનો સંપૂર્ણ ક્ષય થાય છે. ત્યારપછીના સમયે જીવ **"કેવલજ્ઞાની"** બને છે.

સયોગી ગુણઠાણામાં સયોગીકેવલીભગવંત જઘન્યથી અંતર્મુહૂર્ત

અને ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી વિચરે છે. જ્યારે પોતાનું આયુષ્ય અંતર્મુહૂર્ત જેટલું બાકી રહે છે. ત્યારે આયોજિકાકરણ કરે છે. ત્યારપછી જે કેવલીભગવંતને આયુષ્યની સ્થિતિથી નામ-ગોત્ર અને વેદનીયની સ્થિતિ વધારે હોય તે કેવલીભગવંત આયુષ્યની સ્થિતિ તુલ્ય બાકીના અઘાતીકર્મોની સ્થિતિને કરવા માટે કેવલીસમુદ્ઘાત કરે છે. ત્યારબાદ યોગ નિરોધ કરીને અયોગીગુણઠાણામાં પ્રવેશ કરે છે.

**૮૫ પ્રકૃતિનો ક્ષયઃ-**

અયોગીગુણઠાણામાં અયોગીકેવલી ભગવંત અયોગીકેવલીગુણ-શ્રેણીથી અસંખ્યાતગુણાકારે કર્મનિર્જરાને કરતાં કરતાં અયોગી ગુણઠાણાના દ્વિચરમસમયે આવે છે. ત્યારે દેવદ્વિક, મનુષ્યાનુપૂર્વી, શરીર-૫, અંગોપાંગ-૩, બંધન-૫, સંઘાતન-૫, સંઘયણ-૬, સંસ્થાન-૬, વર્ણાદિ-૨૦, વિહાયોગતિદ્વિક, પરાઘાત, ઉપઘાત, અગુરુલઘુ, ઉચ્છ્વાસ, નિર્માણ, પ્રત્યેક, અપર્યાપ્ત, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, સુસ્વર-દુસ્વર, દુર્ભગ, અનાદેય, અયશ, નીચગોત્ર, શાતા-અશાતામાંથી-૧..... એ-૭૩ પ્રકૃતિનો ક્ષય કરે છે. અને ચરમસમયે **મનુષ્યગત્યાદિ-૧૨** પ્રકૃતિનો ક્ષય કર્યા બાદ અષ્ટકર્મથી રહિત શુદ્ધાત્મા સિદ્ધશિલામાં પહોંચીને અનંતકાળ સુધી અવ્યાબાધ સુખને ભોગવે છે.

આ ગ્રન્થ ૧૦૦ ગાથાનો બનાવેલો હોવાથી આ ગ્રન્થનું નામ "શતક" છે. **આ ગ્રન્થની રચના પૂજ્યશ્રી દેવેન્દ્રસૂરિમહારાજે આત્મસ્મરણને માટે કરી છે.**

**સમાપ્ત**

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

**ગચ્છાધિપતિ, સિદ્ધાન્તદિવાકર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજા દ્વારા સંશોધિત તથા સ્વાધ્યાયૈકલક્ષી પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી અભયશેખરસૂરીશ્વરજી મહારાજા દ્વારા આલેખિત પરિશિષ્ટ**

# ગ્રન્થની ટીપ્પણો

(A) પંચેન્દ્રિયમાંથી વિકલેન્દ્રિયમાં ગયેલો જીવ પણ વૈક્રિય ૧૧ને ઉવેલવાનો પ્રારંભ કરે છે, પણ વિકલેન્દ્રિયની કાયસ્થિતિ સંખ્યાતા હજાર વર્ષની જ હોવાથી સંપૂર્ણ ઉવેલના થઇ શકતી નથી, એટલે સંપૂર્ણ ઉવેલના માટે છેવટે એકેન્દ્રિયમાં જવું જ પડે છે. તેથી **"વૈક્રિય-૧૧ની ઉવેલના એકેન્દ્રિયમાં થાય છે."** એમ કહેવાય છે. પ્રકૃતિ જેમ વધુ વધુ શુભતર હોય તેમ તેમ વહેલી ઉવેલાઇ જાય છે. માટે આહા૦૭, સમ્ય૦મો૦, મિશ્રમો૦ વગેરે ક્રમે પ્રકૃતિઓ ઉવેલાય છે. તેથી મનુ૦દ્વિક કરતાં ઉચ્ચગોત્ર અને નરકદ્વિક કરતાં દેવદ્વિક વગેરે વહેલી ઉવેલાઇ જાય છે.

(B) **આહારક ૭ :** આ સાત પ્રકૃતિઓ અપ્રમત્તગુણઠાણે બંધાય છે. પ્રમત્તગુણઠાણે એ બંધાતી નથી. પણ સત્તા જળવાઇ રહે છે. પણ જીવ જો સંયમપરિણામ જાળવવામાં નિષ્ફળ જાય અને તેથી છઠ્ઠાગુણઠાણાથી પણ નીચે ઉતરે તો **અંતર્મુહૂર્ત** બાદ આહારકસપ્તકને ઉવેલવાનું ચાલુ થઇ જાય છે **P/a** [પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ] જેટલા કાળમાં સાતે પ્રકૃતિઓ એકીસાથે ઉવેલાઇ જાય છે. જીવ છઠ્ઠેથી પડીને કદાચ પાંચમે આવે તો પણ ત્યાં દેશોન પૂર્વક્રોડથી વધારે કાળ અવસ્થાન ન હોવાથી ઉવેલનાનો **P/a** કાળ પૂરો કરવા એણે અવિરતે

આવવું જ પડે છે ને ત્યાં ઉવેલનાની પ્રક્રિયાપૂર્ણ થાય છે. માટે **આહારકસપ્તકની ઉવેલના અવિરતિનિમિત્તક** કહેવાય છે.

(C) સ્વોપજ્ઞટીકામાં "तथोच्चैर्गोत्रमसंप्राप्तत्रसत्वस्य बन्धाभावाद्...." વગેરે પંક્તિદ્વારા ત્રસપણું ક્યારેય નહીં પામેલા-અનાદિસ્થાવરજીવોને ઉચ્ચગોત્રના બંધનો અભાવ હોવાથી સત્તાનો અભાવ ઘટાવ્યો છે ને એ રીતે પણ એની અધ્રુવસત્તા સંગત કરી છે. વૃત્તિકારે આ વાત આચારાંગ ટીકાને અનુસરીને કહી છે, એમ જાણવું. કાર્મગ્રન્થિકો આવું માનતા નથી. મરુદેવીમાતાના જીવે અનાદિસ્થાવરભાવમાં જ મનુ૦દ્વિક અને ઉચ્ચગોત્ર બાંધી મરુદેવા તરીકે ઉચ્ચકુળમાં જન્મ લીધો હતો. વળી વૃત્તિકારે આ કાર્મગ્રન્થિક મતને પણ ઉપેક્ષ્યો તો નથી જ, એટલે જ મનુ૦દ્વિકની અધ્રુવસત્તાની આ રીતે સંગતિ કરી નથી. અર્થાત્ મનુ૦દ્વિકનો બંધ અનાદિસ્થાવરભાવમાં પણ **"ન નિષિદ્ધં અનુમતમ્"** ન્યાયે સ્વીકાર્યો જ છે. ને એ જો થાય તો એની સાથે ઉચ્ચગોત્ર પણ શા માટે ન બંધાય?

(D) **મિથ્યાત્વમોહનીયની સર્વઘાતિતા** અંગે પણ વાદળનું દૃષ્ટાંત કેવલજ્ઞાનાવરણની જેમ જ જાણવું. એનો ઉદય એક પણ પદાર્થની વાસ્તવિક શ્રદ્ધા થવા દેતો નથી. અર્થાત્ નિત્યાનિત્યત્વ, સામાન્ય-વિશેષાત્મકત્વ, એકાનેકત્વ વગેરે અનંતધર્માત્મક રૂપે એક પણ વસ્તુની શ્રદ્ધા થવા દેતો નથી. માટે એ સર્વઘાતી છે. સામા પદાર્થમાં (માટલા અંગે) ઘટત્વ-અનિત્યત્વ વગેરેની જે શ્રદ્ધા મિથ્યાત્વીને હોય છે તે નિત્યત્વ કે નિત્યાનિત્યત્વ વગેરે અનંત ધર્મોના અપલાપથી યુક્ત હોવાથી અયથાર્થ હોય છે. આ અપલાપ એ મિથ્યાત્વમોહનીયકર્મ રૂપ વાદળની અસર છે. ને તેથી 'આ ઘડો છે' વગેરે રૂપે ઘટત્વાદિની એની શ્રદ્ધા પણ પારમાર્થિક ન હોવાથી વિકૃત હોય છે. આવી કંઇક શ્રદ્ધા તો હંમેશા અનાવાર્ય હોય છે જ.

(E) **મતિજ્ઞાનાવરણીયાદિની દેશઘાતિતા :-** જ્ઞાનનો કેવલ-જ્ઞાનાવરણાદિથી અનાવૃત જે એક દેશ, એને હણનાર હોવાથી મતિ-

જ્ઞાનાવરણાદિ દેશઘાતી છે. આનાથી એ પણ જણાય છે કે, મતિજ્ઞાનના વિષયભૂત પદાર્થોને પણ જીવ જે જાણી શકતો નથી એ મતિજ્ઞાનાવરણોદયનું કાર્ય છે, પણ એના અવિષયભૂત પદાર્થોને જે જાણી શકતો નથી એ મતિજ્ઞાનાવરણોદયનું કાર્ય નથી, કિન્તુ કેવલજ્ઞાનાવરણોદયનું જ કાર્ય છે. આ જ પ્રમાણે, શ્રુતજ્ઞાનાવરણાદિ તેમજ ચક્ષુદર્શનાવરણાદિ અંગે પણ જાણવું.

મતિજ્ઞાનાવરણાદિની દેશઘાતીતા આ રીતે પણ વિચારી શકાય છે. મતિજ્ઞાનના વિષયભૂત જે પદાર્થો છે. એ બધાના મતિજ્ઞાનાત્મક બોધને સંપૂર્ણતયા મતિજ્ઞાનાવરણ હણતું નથી. પણ અક્ષરનો અનંતમો ભાગ વગેરે રૂપ બોધ કે જે ક્ષયોપશમથી કાયમી ખુલ્લો રહે છે તેને છોડીને શેષ બોધને જ મતિજ્ઞાનાવરણ હણે છે, માટે એ દેશઘાતી છે.

મતિજ્ઞાનના સ્પર્શનેન્દ્રિયજન્ય મતિજ્ઞાન, રસનેન્દ્રિયજન્ય મતિજ્ઞાન વગેરે અનેક પ્રકાર છે. ને તેથી મતિજ્ઞાનાવરણના પણ સ્પર્શનેન્દ્રિયજન્યમતિજ્ઞાનાવરણ, રસનેન્દ્રિયજન્યમતિજ્ઞાનાવરણ...વગેરે અનેક પ્રકાર છે. એકેન્દ્રિયાદિ જીવોને મતિજ્ઞાનાવરણની રસનેન્દ્રિયજન્યમતિજ્ઞાનાવરણાદિ પેટાપ્રકૃતિઓના સર્વઘાતી રસસ્પર્દ્ધકોનો ઉદય હોય છે ને તેથી રાસનમતિજ્ઞાનાદિ હોતા નથી. તેમ છતાં, સ્પાર્શન મતિજ્ઞાનાવરણનો તો દેશઘાતી જ ઉદય હોય છે ને તેથી છેવટે અક્ષરના અનંતમાભાગ જેટલું તો મતિજ્ઞાન અનાવૃત રહે જ છે, માટે એકંદરે મતિજ્ઞાનાવરણદેશઘાતી કહેવાય છે, સર્વઘાતી નહીં. વળી મતિજ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ ગમે એટલો વધતો જાય તો પણ કેટલાક સ્પર્દ્ધકોનો રસોદય પણ સાથે ચાલુ જ હોય છે, "એક પણ સ્પર્દ્ધકનો રસોદય ન હોય, બધાનો માત્ર પ્રદેશોદય જ હોય" આવું બનતું નથી. માટે મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ ઉદયાનુવિદ્ધ જ હોય છે એ જાણવું. આવું જ શ્રુતજ્ઞાનાવરણ તથા અચક્ષુદર્શનાવરણ અંગે જાણવું.

**અવધિજ્ઞાનાવરણઃ** અવધિશૂન્ય જીવોને અવધિજ્ઞાનાવરણનો સર્વઘાતી રસોદય હોય છે, ક્ષયોપશમ હોતો નથી. પણ અવધિજ્ઞાની

જીવોને એના સર્વઘાતી સ્પર્દ્ધકોનો ઉદય હોતો નથી. માટે ક્ષયોપશમ હોય છે. તેમ છતાં, અવધિજ્ઞાનાવરણના કેટલાક સ્પર્દ્ધકોનો રસોદય પણ એ વખતે હોય તો છે જ, માટે આનો ક્ષયોપશમ પણ ઉદયાનુવિદ્ધ હોય છે, શુદ્ધ નહીં. **મનઃપર્યવજ્ઞાનાવરણ** અંગે પણ મનઃપર્યવજ્ઞાની અને તત્શૂન્ય જીવો અંગે આ પ્રમાણે ક્રમશઃ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ અને સર્વઘાતી રસોદય જાણવા. એમ ચક્ષુદર્શની તથા અવધિદર્શની જીવોને ચક્ષુદર્શનાવરણ તથા અવધિદર્શનાવરણનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ હોય છે અને તદ્ભિન્ન છદ્મસ્થોને એના સર્વઘાતી રસસ્પર્દ્ધકોનો ઉદય હોય છે એ જાણવું. એકેન્દ્રિયાદિને મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોવા છતાં રાસનમતિજ્ઞાનાવરણાદિરૂપ અવાંતર પ્રકૃતિના સર્વઘાતી રસનો વિપાકોદય હોય છે એમ અવધિજ્ઞાનાવરણની પણ પેટા પ્રકૃતિઓ હોય તથા અમુક પેટાપ્રકૃતિના ક્ષયોપશમકાળે પણ તદન્યપેટાપ્રકૃતિના સર્વઘાતીરસનો ઉદય હોય. આવું સંભવિત છે કે નહીં? એનો નિર્ણય બહુશ્રુતો પાસે કરવો. આ જ પ્રમાણે મનઃપર્યવજ્ઞાના. અંગે પણ જાણવું.

(F) **સંજ્વ૦ ૪. શંકા :** આ પ્રકૃતિઓ યથાખ્યાતચારિત્રને સર્વથા હણનારી છે. આ ચારનો ઉદય હોય ત્યાં સુધી આ ચારિત્રગુણ પ્રગટ થતો જ નથી, તો આ ચારને દેશઘાતી કેમ કહી છે?

**સમાધાન :** છઠ્ઠા ગુણઠાણાથી જે સર્વવિરતિ હોય છે એ, વીતરાગતાનિજગુણસ્થિરતાસ્વરૂપ મૂળભૂત ચારિત્રગુણના આંશિકગુણરૂપ જ છે. એ પ્રગટ થયેલો છે, માટે માનવું પડે છે કે સંજ્વ૦નો સર્વઘાતી રસોદય છે નહીં. અર્થાત્ દેશઘાતી રસોદય જ છે. માટે આ ૪ને દેશઘાતી કહી છે.

૧થી૫ ગુણઠાણા સુધી [મતાંતરે ૧થી૪ ગુણઠાણા સુધી] આ ચારમાંથી જ્યારે જેનો ઉદય હોય ત્યારે સર્વઘાતી સ્પર્દ્ધકોનો જ ઉદય હોય છે, શેષ ૩નો પ્રદેશોદય હોવા છતાં, જો વિપાકોદય થાય તો સર્વઘાતી રસનો જ થાય છે. અર્થાત્ સર્વઘાતી રસના વિપાકોદયની યોગ્યતા પડેલી જ હોય છે. માટે એકેનો ક્ષયોપશમ કહેવાતો નથી.

છઠ્ઠાગુણઠાણાથી જ્યારે જેનો ઉદય હોય તેનો પણ દેશઘાતી રસનો જ વિપાકોદય હોય છે. સર્વઘાતીનો નહીં. અન્ય ત્રણમાંથી પણ કોઈનો પણ ઉદય થઈ જાય તો પણ દેશઘાતીનો જ થાય, સર્વઘાતી રસનો નહીં. અર્થાત્ ચારેમાંથી એકેયના સર્વઘાતી રસોદયની યોગ્યતા હોતી નથી. માટે ચારેનો ક્ષયોપશમ કહેવાય છે. આનાથી જણાય છે કે ક્ષયોપશમ થાય તો સંજ્વલન ક્રોધ, સંજ્વલનમાનાદિ ચારનો થાય ને ન થાય તો એકેનો ન થાય. પણ એકાદ બેનો ક્ષયોપ૦ હોય ને અન્યનો ઔદયિકભાવ હોય આવું બની શકતું નથી. આવું જ પ્રત્યા૦ અપ્રત્યા૦ અને અનંતા૦ ક્રોધાદિ અંગે પણ જાણવું.

નવ નોકષાય અંગે પણ આ પ્રમાણે જ જાણવું. ૧થી૪ ગુણઠાણે કે જ્યારે ક્ષયોપ૦ છે નહીં, ત્યારે, જ્યારે પુરુષવેદાદિ જેનો ઉદય હોય ત્યારે એના સર્વઘાતી રસસ્પર્દ્ધકોનો વિપાકોદય હોય છે, ને તદન્ય સ્ત્રીવેદાદિનો પ્રદેશોદય હોવા છતાં સર્વઘાતી રસોદયની યોગ્યતા હોય જ છે. (અર્થાત્ પુરુષવેદોદય અટકી સ્ત્રીવેદોદયાદિ થાય તો સ્ત્રીવેદના પણ સર્વઘાતી રસનો જ ઉદય થાય. એમ અન્યયુગલાદિ માટે જાણવું.) માટે નવેનો ઔદયિકભાવ જ કહેવાય છે. પાંચમા વગેરે ગુણઠાણે જ્યારે જેનો વિપાકોદય હોય એનો પણ દેશઘાતી સ્પર્દ્ધકોનો જ હોય. સર્વઘાતીનો નહીં. ને પ્રદેશોદયવર્તી તદન્યનો પણ કદાચ જો વિપાકોદય થઈ જાય તો પણ દેશઘાતીનો જ થાય, સર્વઘાતીનો નહીં. અર્થાત્ નવેના સર્વઘાતી રસોદયની અયોગ્યતા હોય છે. માટે નવેનો ક્ષયોપશમ હોય છે. એટલે કે જો ક્ષયોપશમ થાય તો નવેનો થાય છે, પણ એક-બે-ત્રણ વગેરે પ્રકૃતિનો થતો નથી.

( G ) **દાનાન્તરાયાદિનું દેશઘાતીપણું** આ રીતે પણ વિચારી શકાય- ગ્રહણ ધારણાદિયોગ્ય-પુદ્ગલો દાનાદિના વિષયભૂત છે. દાનાંતરાયાદિનો ગમે એટલો પ્રબળ ઉદય હોય તો પણ તે તેના વિષયભૂત બધા પુદ્ગલોનાં દાનાદિ અટકાવી શકતો નથી. તીવ્ર દાનાંતરાયાદિના ઉદયવાળા જીવો પણ કંઈક ત્યાગ કરે જ છે. છેવટે ઔદારિકાદિપુદ્ગલોને છોડે જ છે. એમ ઔદારિકાદિપુદ્ગલોનો લાભ

તીવ્રલાભાન્તરાયના ઉદયવાળા જીવને પણ થયા જ કરે છે, એ ક્યારેય અટકતો નથી. આ જ રીતે ભોગ-ઉપભોગ માટે પણ જાણવું. (શ્વાસોશ્વાસ-ભાષા વગેરે પુદ્ગલોનો ભોગ ને શરીરરૂપે પરિણમેલા પુદ્ગલોનો ઉપભોગ. આ રીતે પણ વિચારી શકાય). વિગ્રહગતિમાં રહેલા ભવના પ્રથમ સમયે વર્તતા સૂક્ષ્મનિગોદીયા જીવને વીર્યાન્તરાયનો તીવ્રરસોદય હોવા છતાં એનું વીર્ય સર્વથા હણાઇ જતું નથી. ને તેથી એ સર્વથા વીર્યશૂન્ય બની જતો નથી. માટે વીર્યાન્તરાય પણ સર્વઘાતી નથી. વીર્ય પણ જીવનો મૂળભૂત ગુણ છે. તેથી જ્ઞાનની જેમ એનો પણ કંઇક અંશ તો હંમેશા ઉદ્ઘાતીત રહે જ છે એ જાણવું.

(H) **પ્રશ્ન** : સ્થાવરદશકમાં જે અસ્થિરનામકર્મ છે તેના ઉદયથી જીભ વગેરે અસ્થિર રહે છે. આ તો જીવને ઇષ્ટ છે. તો એને પાપકર્મમાં કેમ ગણી?

**ઉત્તર** : સંક્લેશ વધવાથી જેનો રસ તીવ્ર બંધાય, તે અશુભ. ને એ ઘટવાથી જેનો રસ તીવ્ર બંધાય, તે શુભ. આ મુખ્ય વ્યાખ્યા જાણવી. અસ્થિરનામકર્મનો પણ તીવ્ર સંક્લેશમાં તીવ્રરસ બંધાય છે માટે એ અશુભ (પાપ) પ્રકૃતિ જ છે.

**પ્રશ્ન** : જો એ પાપકર્મ જ છે તો જીભ-આંખની પાંપણ વગેરેને હલતી રાખવી..... વગેરે રૂપે જીવને અનુકૂળતા કેમ ઊભી કરી આપે છે? અને જીભ-પાંપણ વગેરે કોઇકને સ્થિર થઇ જાય તો એ સ્થિરનામકર્મનો ઉદય જાણવો? ને એ પુણ્યોદય હોવા છતાં પ્રતિકૂળતા આપે?

**ઉત્તર** : પ્રચલિત વ્યાખ્યા પ્રમાણે તો આવું માનવું પડે છે. પણ જો જરા વ્યાખ્યા બદલવામાં આવે તો કોઇ અસંગતિ રહેતી નથી? જે અવયવોનું જેવું સહજ અવસ્થાન હોય (દાંત વગેરેનું સ્થિર, જીભ વગેરેનું અસ્થિર) એવા સહજ અવસ્થાનને જ એ સ્થિરપણે જાળવી રાખે, એ સ્થિરનામકર્મનો ઉદય ને એ સહજ અવસ્થાન અસ્થિર થઇ જાય (અર્થાત્ દાંત હાલવા માંડે કે જીભ સ્થિર થઇ જાય) એ અસ્થિરનામ-કર્મનો ઉદય. ગમે એવા નિરોગીને પણ કોઇક ને કોઇક

અવયવ એની મૂળ અવસ્થાથી કંઈક ને કંઈક તો ચ્યુત થયો જ હોય છે, એમ ગમે તેવા રોગીને પણ કોઈક અવયવ તો યથાવસ્થિત હોય જ છે. માટે આ બન્ને પ્રકૃતિઓ ધ્રુવોદયી ગણાયેલી છે એમ સમજવું પડે..... આ વ્યાખ્યા સ્વોત્પ્રેક્ષિત છે એ જાણવું.

( I ) **આનુપૂર્વી નામકર્મ ક્ષેત્રવિપાકી છે** એનો અર્થ આવો વિચારી શકાય છે. જ્યારે પરભવાયુબંધ ફાઈનલ થાય છે ત્યારે જ પરભવનું ઉત્પત્તિક્ષેત્ર પણ નક્કી થઈ જાય છે. એ વખતે બંધાતું આનુપૂર્વીનામકર્મ જીવે ક્યાંથી વળવું એ પણ નક્કી કરી દે છે. જેમ આજકાલ લેસરગાઈડેડ મિસાઈલ જે છોડવામાં આવે છે, એમાં છોડતી વખતે જ મિસાઈલ ક્યાંથી કઈ તરફ વળી જશે એ નક્કી હોય છે. જેવું એ વળવાનું ક્ષેત્ર આવે કે તરત લેસરસિસ્ટમ એને એ દિશામાં વાળી દે છે. આવું જ પ્રસ્તુતમાં જાણવું. પહેલેથી નક્કી થયેલું ક્ષેત્ર જેવું આવે કે તરત આનુપૂર્વીનામકર્મ ઉદયમાં આવીને જીવને યોગ્યદિશામાં વાળી દે છે. માટે એ ક્ષેત્રવિપાકી (=અમુક ચોક્કસ ક્ષેત્રમાં વિપાક=રસથી ઉદય પામનાર) કહેવાય છે.

( J ) **શંકા : પ્રત્યેક અને સાધારણનામકર્મની** જેમ સૂક્ષ્મ અને બાદરનામકર્મને પણ પુદ્‌ગલવિપાકી કેમ ન કહી?

**સમાધાન :** આ શંકાનું સમાધાન મેળવતાં પહેલાં જીવવિપાકી પ્રકૃતિઓનો જીવવિપાક શું છે ને પુદ્‌ગલવિપાકી પ્રકૃતિઓનો પદ્‌ગલ પર વિપાક શું છે? એ વિચારીએ.... જ્ઞાનાવરણીય કર્મો આત્મદ્રવ્ય પર એવી અસર કરે છે કે જેથી એનો જ્ઞાનપરિણામ (જ્ઞાનગુણ) પ્રગટ ન થઈ શકે. પ્રગટ જ્ઞાન એ પણ આત્મદ્રવ્યનો જ એક પરિણામ છે ને અજ્ઞાન-વિકૃતજ્ઞાન એ પણ આત્મદ્રવ્યનો જ એક પરિણામ છે. જ્ઞાનાવરણકર્મના ઉદયથી કર્મના રસને અનુસરીને અજ્ઞાનપરિણામ પ્રવર્તે છે, માટે એ જીવવિપાકી છે. એમ દર્શન-અદર્શન પરિણામ, સમ્યક્ત્વ-મિથ્યાત્વપરિણામ, ક્ષમાદિ (આત્મરમણતા) ક્રોધાદિ (પુદ્‌ગલરમણતા) પરિણામ, વીર્ય-પ્રમાદાદિ પરિણામ આ બધા દર્શનાવરણાદિ ઘાતીકર્મના

ક્ષયોપશમ કે ઉદયથી થતા આત્મદ્રવ્યના જ પરિણામો છે. માટે બધી જ ઘાતીપ્રકૃતિઓ જીવવિપાકી છે.

હવે **અઘાતી પ્રકૃતિઓની** વિચારણા કરીએ.

**શાતા-અશાતાવેદનીય** કર્મો તો જીવના સુખ-દુઃખ પરિણામ પેદા કરનારા હોવાથી જીવવિપાકી છે એ સ્પષ્ટ જ છે.

હવે **નામકર્મનો** વિચાર કરીએ.

**ગતિનામકર્મ :** જેમ નિર્મળ સંયમ પાલન વગેરેથી થયેલી શુદ્ધિ આત્માનો એવો પરિણામ કરે છે કે જેથી અવધિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ થઇ જાય ને જીવને અવધિજ્ઞાન પ્રાપ્ત થાય. એમ દેવગતિ-નરકગતિ નામકર્મ એવો જીવપરિણામ કરે છે કે જેથી અવધિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ થઇ જાય. તથા દેવ-નારકગતિનામકર્મ જીવ પર એવી પણ અસર કરે છે જેથી એને વિરતિપરિણામ જાગે જ નહીં. તિર્યંચગતિનામ કર્મ એવી અસર કરે છે કે જેથી સર્વવિરતિપરિણામ જાગે નહીં. એ પરિણામ પણ જાગી શકે એવી શક્યતા મનુષ્યગતિનામકર્મના ઉદયથી ઊભી થાય છે. (અહીં જણાવી એ સિવાયની પણ, જ્ઞાનાવરણીયાદિનો અમુક પ્રકારનો-અમુક માત્રાનો જ ક્ષયોપશમ વગેરે થઇ શકે. વગેરે પણ તે તે કર્મોની જીવ પર સીધી અસર જાણવી. આવું અન્યત્ર પણ જાણવું). માટે ગતિનામકર્મ જીવવિપાકી છે.

**જાતિનામકર્મ :** આ કર્મ જીવના ચૈતન્ય પર અસર કરનારું હોવાથી જીવવિપાકી છે એ સ્પષ્ટ છે. એકેન્દ્રિયનામકર્મના ઉદયવાળા જીવોને અમુક માત્રાનું જ ચૈતન્ય અનાવૃત રહ્યું હોય છે. એટલે એને અનુસરીને જ એ જીવોને અમુક મર્યાદામાં જ જ્ઞાન-વીર્ય વગેરે પ્રવર્તે છે. એમ ક્રોધાદિ કષાયો પણ અમુક માત્રામાં જ પ્રવર્તી શકે છે ને તેથી એ જીવોને સ્થિતિબંધ (મિથ્યાત્વમોહનીયની અપેક્ષાએ) પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ન્યૂન એવા એક સાગરોપમથી લઇને પૂર્ણ એક સાગરોપમ સુધીની મર્યાદામાં જ થતો હોય છે. આનાથી ઓછો કે વધારે સ્થિતિબંધ થઇ શકે એવી કષાયપરિણતિ એ જીવોને આવી જ

શકતી નથી. આ એકેન્દ્રિય જાતિનામકર્મના ઉદયનો પ્રભાવ છે. માટે એ જીવવિપાકી છે.

પલ્યોપમના સંખ્યાતમા ભાગથી ન્યૂન પચ્ચીશસાગરોપમથી માંડીને પૂરા પચ્ચીસ સાગરોપમ સુધીનો જ મિથ્યાત્વમોહનીયનો સ્થિતિબંધ જે કષાયપરિણતિઓથી થાય એવી જ કષાયપરિણતિઓમાં જીવ રમ્યા કરે એ બેઇન્દ્રિયજાતિનામકર્મનો વિપાક છે. અથવા એમ પણ કહી શકાય કે આ કષાયપરિણતિઓથી મંદ કે તીવ્ર પરિણતિઓ ન થાય એવો જ કષાયમોહનીયનો રસ ઉદયમાં આવી શકે, મંદ કે અધિક રસ સત્તાગત હોવા છતાં ઉદયમાં ન આવી શકે. આવો જીવપરિણામ એ બેઇન્દ્રિયજાતિનામકર્મનો વિપાક છે. એમ એકેન્દ્રિય કરતાં અધિક માત્રામાં અને તેઇન્દ્રિય કરતાં અલ્પમાત્રામાં જ જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય વીર્યાન્તરાયાદિ કર્મોનો ક્ષયોપશમ થઇ શકે એવો જીવપરિણામ એ બેઇન્દ્રિયજાતિનામકર્મનો વિપાક છે. માટે એ પણ જીવવિપાકી છે. આ જ પ્રમાણે તેઇન્દ્રિયજાતિનામકર્મ વગેરે માટે જાણવું.

**શંકા** : સંઘયણનામકર્મને જીવવિપાકી કેમ ન કહી? કારણ કે છેવટ્ઠું સંઘયણ વગેરે કર્મનો ઉદય જીવ પર એવી અસર કરે છે. કે જેથી ૭મી નરક વગેરે પ્રાયોગ્ય ક્લિષ્ટપરિણામો કે મોક્ષ વગેરે પ્રાયોગ્યવિશુદ્ધ પરિણામો આવી શકે નહીં.

**સમાધાન** : સંઘયણનામકર્મ તો શરીરમાં 'અસ્થિસંચયની એવી રચના કરવાનું જ કામ કરે છે, સીધા જીવના પરિણામો પર અસર કરતું નથી. પણ કષાયમોહનીયાદિ કર્મોના ઉદય કે જે ક્લિષ્ટપરિણામ ઊભા કરે છે, ને એના ક્ષયોપશમાદિ કે જે વિશુદ્ધપરિણામ કરે છે આ બન્ને (ઉદય કે ક્ષયોપશમ) દ્રવ્ય-ક્ષેત્ર વગેરેને પામીને થતા હોય છે. છેવટ્ઠુંસંઘયણ વગેરે એવા દ્રવ્ય છે કે જેને પામીને એવા તીવ્ર ઉદય કે અત્યંતનિર્મળ ક્ષયોપશમ થઇ શકતા નથી. આમ સંઘયણ-નામકર્મની સીધી અસર જીવદ્રવ્ય પર નથી, પણ શરીરપુદ્ગલો પર (શરીરગત અસ્થિપુદ્ગલો પર) છે ને એના દ્વારા જીવ પર છે. માટે એ જીવવિપાકી ન કહેવાતા પુદ્ગલવિપાકી કહેવાય છે.

**શંકા :** આવું તો એકેન્દ્રિયજાતિનામકર્મ વગેરે માટે પણ કહી શકાય છે કે એ કર્મ સીધું તો પુદ્ગલ પર અસર કરે છે તે પછી એવા પુદ્ગલાત્મક દ્રવ્યને પામીને જ્ઞાનાવરણીય વગેરે કર્મોના અમુક ચોક્કસમાત્રામાં જ ઉદય-ક્ષયોપશમ થતા હોવાથી અમુક ચોક્કસ મર્યાદાના જ જ્ઞાનાદિ તેઓમાં પ્રગટ થાય છે. અને તેથી એને પણ પુદ્ગલવિપાકી કહેવા જોઇએ.

**સમાધાન:** આ શંકા બરાબર નથી. કારણકે જાતિનામકર્મની અસર પુદ્ગલ પર થતી હોય તો ક્યા પુદ્ગલ પર? દ્રવ્યેન્દ્રિયનું જે નિર્માણ થાય છે તેમાં તો પર્યાપ્તિ-ઉપાંગ-નિર્માણનામકર્મ ભાગ ભજવે છે, જાતિનામકર્મ નહીં. જાતિનામકર્મ તો એવો આત્મપરિણામ જ ઊભો કરે છે કે જેથી પર્યાપ્તનામકર્મના પેટાવિભાગસ્વરૂપ, ઇન્દ્રિયપર્યાપ્તિનામકર્મના પણ પેટાવિભાગરૂપ સ્પર્શનેન્દ્રિયપર્યાપ્તિનામકર્મના પ્રભાવે, શરીરરૂપે પરિણમેલા પુદ્ગલોમાંથી માત્ર સ્પર્શનેન્દ્રિયરૂપે જ પુદ્ગલો પરિણમે, અન્યઇન્દ્રિયરૂપે નહીં. આ જ રીતે ઉપાંગનામકર્મ વગેરે માટે પણ જાણવું. એ જ રીતે, જ્ઞાનાવરણીયાદિનો મર્યાદિત ક્ષયોપશમ જ થાય, એવો પણ જીવપરિણામ જાતિનામકર્મના ઉદયે થાય છે. માટે એ જીવવિપાકી જ છે.

**ખગતિનામકર્મ :** આ કર્મ જીવવિપાકી છે.

**શંકા :** હંસ જેવી શુભચાલ કે ઊંટ જેવી અશુભચાલ એ તો શરીરના ધર્મ છે. માટે આ કર્મને પુદ્ગલવિપાકી કહેવું જોઇએ ને.

**સમાધાન :** હા, વાત બરોબર છે, શુભ-અશુભચાલ શરીર (પગ) શી રીતે પડે છે. એના પરથી જ જણાતા હોવાથી શરીરધર્મ કહી શકાય છે. ને છતાં ખગતિનામકર્મને જીવવિપાકી કહી છે, માટે એનું કારણ વિચારી કાઢવું જોઇએ. એ વિચાર આવો થઇ શકે છે. મનુષ્યાદિ કોઇપણ જ્યારે ચાલે છે ત્યારે એના આત્મપ્રદેશોની સાથે પગ જાય છે કે પગની પાછળ આત્મપ્રદેશોને ખેંચાવું પડે છે? આ સૌ પ્રથમ વિચારવું જોઇએ. આશય એ છે કે શરીરની સાથે જીવપ્રદેશો ક્ષીરનીરવત્ એકમેક થયેલા એટલે શરીરની કોઇપણ હિલચાલ સાથે

જીવપ્રદેશોની પણ એવી જ હિલચાલ થાય છે, ને જીવપ્રદેશોની કોઈપણ હિલચાલ સાથે શરીરપુદ્ગલોની પણ એવી જ હિલચાલ થાય છે. ત્રસજીવ સ્વકીય ઇચ્છાથી જ્યારે હલનચલન કરવાનો પ્રયાસ કરે છે ત્યારે એનો પ્રયત્ન પોતાના આત્મપ્રદેશોને એ દિશામાં ધકેલવાનો હોય છે. ને આત્મપ્રદેશો સાથે શરીર પણ એ દિશામાં ધકેલાય છે. આ પ્રયત્નના કારણે આત્મપ્રદેશોની સ્થિતિ પ્રત્યેક ક્ષણે બદલાતી રહે છે ને એના કારણે ગતિ થાય છે. હલનચલન થાય છે. આત્મપ્રદેશોની સાથે શરીરની સ્થિતિ પણ પ્રતિક્ષણ બદલાતી રહે છે ને તેના કારણે ગતિ દૃષ્ટિગોચર બને છે. શુભ ખગતિનામકર્મના ઉદયવાળા જીવને જ્યારે એ ચાલવાનો પ્રયાસ કરે ને આત્મપ્રદેશોને આગળ ધકેલે ત્યારે આ કર્મના ઉદયના કારણે આત્મપ્રદેશો પ્રતિક્ષણ એવી રીતે ધકેલાય છે કે જેથી એની સાથે ગતિશીલ બનેલા શરીરની પ્રતિક્ષણ બનતી અવસ્થાઓથી હંસ જેવી ચાલની આકૃતિ રચાય. ને જોનારને એ ચાલ જોવી ગમે. આમ ગતિપરિણત જીવના આત્મપ્રદેશો પ્રતિક્ષણ ચોક્કસ પ્રકારે (અમુક ચોક્કસ આકૃતિ રચાય એ રીતે) જે ખસે છે તે ખગતિનામકર્મનો ઉદય છે. અર્થાત્ એનો સાક્ષાત્ વિપાક આત્મપ્રદેશો પર છે, ને પછી આત્મપ્રદેશોના એ રીતે ખસવાના કારણે શરીરની એવી સારી કે નરસી ચાલ ઉભી થતી હોવાથી શરીર પર એની અસર પરંપરાએ છે. માટે ખગતિનામકર્મ જીવવિપાકી છે.

ત્રસનામકર્મ અને સ્થાવરનામકર્મની જીવવિપાકિતા પણ આ રીતે વિચારી શકાય છે. સ્થાવરનામકર્મના ઉદયનો પ્રભાવ એવો છે કે એ જીવ પોતાના પ્રયત્નથી આત્મપ્રદેશોને કોઈપણ દિશામાં ધકેલી શકતો જ નથી. ને તેથી આત્મપ્રદેશોની સાથે શરીરની ગતિ થાય એવું પણ શક્ય બનતું જ નથી. હા, બાહ્ય પદાર્થથી શરીર ધકેલાય ને તેની સાથે આત્મપ્રદેશો ધકેલાય એવું બની શકે છે. જેમકે પવનપ્રેરિત લીલું પાંદડું.. આમાં પવનથી પાંદડું (વનસ્પતિકાયજીવનું શરીર) આમતેમ ફંગોળાય છે ને એની સાથે આત્મપ્રદેશો પણ તણાય છે. આમાં જીવનો કોઈ પ્રયત્ન હોતો નથી. ત્રસકાય માટે આનાથી જુદું છે. જીવ પોતે પ્રયત્ન કરીને આત્મપ્રદેશોને

ખસેડે છે ને એની સાથે શરીર ખસે છે. માટે ત્રસકાયની વ્યાખ્યા કરાય છે કે પોતાની ઇચ્છા મુજબ હલનચલન કરી શકે તે ત્રસ. આનો અર્થ પોતાના પ્રયત્નથી હલનચલન કરી શકે તે ત્રસ એવો કરવો. સ્વપ્રયત્નથી હલનચલન થઇ શકે. ખસેડી શકાય આવી આત્મપ્રદેશોમાં યોગ્યતા ત્રસનામકર્મના ઉદયથી થાય છે, માટે ત્રસનામકર્મ જીવવિપાકી છે. સ્વપ્રયત્નથી આત્મપ્રદેશોને ખસેડી ન શકાય એવી યોગ્યતા સ્થાવરનામકર્મથી આવે છે, માટે એ પણ જીવવિપાકી છે.

ચૌદમે ગુણઠાણે પણ ત્રસનામકર્મનો ઉદય છે. માટે ત્યારે પણ સ્વપ્રયત્નથી આત્મપ્રદેશને ખસેડવાની યોગ્યતા હોય છે. પણ યોગનિરોધ કર્યો હોવાથી જીવનો પોતાનો કોઇ પ્રયત્ન જ ન હોવાથી આત્મપ્રદેશો ખસતા નથી.

ઔદારિકકાયયોગ વગેરેના કારણે જીવપ્રદેશોનું જે સ્પંદન થતું હોય છે એ અહીં ખસવા તરીકે અભિપ્રેત નથી. કારણકે એ તો સ્થાવરજીવોને પણ હોય છે, ને એ પણ જીવવીર્યકૃત હોવાથી સ્વપ્રયત્નકૃત જ છે. અહીં તો, વિવક્ષિતસમયે શરીર જે આકાશપ્રદેશોને અવગાહીને રહ્યું હોય તે આકાશપ્રદેશોની બહારના આકાશપ્રદેશોમાં પછીના સમયે જીવ સ્વપ્રયત્નથી આત્મપ્રદેશોને ધકેલે, તે ખસવા તરીકે અભિપ્રેત છે. વળી એ વખતે આત્મપ્રદેશોની સાથે ઔદારિક ત્રણમાંનું શરીર પણ એ આકાશપ્રદેશોમાં ખસતું હોવું જોઇએ. એટલે એકેન્દ્રિયજીવોમાં પણ સમુદ્ઘાત વખતે શરીરની બહાર આત્મપ્રદેશો જે ફેંકાય છે તે પણ 'ખસવા' રૂપ નથી. કારણ કે એની સાથે ઔદારિકશરીર જતું હોતું નથી. એમ વેલડી થાંભલા પર જે ચઢે કે મૂળિયા જમીનમાં જે નીચે ઉતરે છે તે સંકોચવિકાસશીલ આત્માનો શરીર સાથે વિકાસ છે, એમાં જીવપ્રદેશો ઉપર-નીચે તરફ આગળ વધે છે, પણ તેમ છતાં એ 'ખસવા' રૂપ નથી એ સમજી શકાય એવું છે, માટે એના દ્વારા પણ સ્થાવર જીવોમાં સ્વપ્રયત્નથી આત્મપ્રદેશોને ખસેડવાની યોગ્યતારૂપ ત્રસપણું કહી શકાતું નથી.

આ બધી વિચારણા પરથી બન્ને ખગતિનામકર્મ તથા ત્રસ-સ્થાવર-નામકર્મ એ જીવવિપાકી પ્રકૃતિઓ છે એ સ્પષ્ટ જણાય છે.

**સૂક્ષ્મ- બાદર :** આ બન્ને પણ જીવવિપાકી પ્રકૃતિઓ છે.

**શંકા :** એક કે અનેક શરીર ભેગા થવા છતાં જે ચર્મચક્ષુથી જોઇ ન શકાય આવા શરીરવાળા જીવો 'સૂક્ષ્મ' કહેવાય છે. આમાં 'ચર્મચક્ષુથી જોઇ ન શકાય' નો અર્થ 'કોઇપણ ઇન્દ્રિયથી જાણી ન શકાય' એવો છે. અર્થાત્ સૂક્ષ્મનામકર્મ શરીરપુદ્ગલો પર એવી અસર કરે છે કે જેથી એ કોઇપણ ઇન્દ્રિયનો વિષય ન બની શકે. તો સૂક્ષ્મનામકર્મને પુદ્ગલવિપાકી કેમ ન કહી ?

**સમાધાન :** બેશક સૂક્ષ્મનામકર્મના ઉદયવાળા જીવોનું શરીર આવા સૂક્ષ્મ પરિણામવાળું હોય છે. પણ પુદ્ગલવિપાકી એવી વર્ણ-ગંધ વગેરે પ્રકૃતિઓની જીવના પરિણામ પર જેમ કોઇ સાક્ષાત્ અસર હોતી નથી, અને તેથી શુક્લવર્ણવાળાને આટલો સ્થિતિબંધ હોય ને કૃષ્ણવર્ણવાળાને એનાથી હીન કે અધિક હોય આવો કોઇ ફરક પડતો નથી. એ જ રીતે યોગ વગેરેમાં ફરક પડતો નથી. આવું સૂક્ષ્મ-બાદર માટે નથી. બાદરજીવ જેટલા યોગ-સ્થિતિબંધ વગેરે સૂક્ષ્મજીવને હોતા નથી. અર્થાત્ પૂર્વે જાતિનામકર્મ માટે જણાવ્યું તેમ સૂક્ષ્મ-બાદરનામકર્મની સીધી જીવના પરિણામો પર અસર છે, માટે એ જીવવિપાકી છે. આ જ રીતે પર્યાપ્ત-અપર્યાપ્તનામકર્મની પણ સીધી જીવપરિણામ પર અસર હોવાથી એ પણ જીવવિપાકી છે.

પણ પ્રત્યેક-સાધારણ નામકર્મ માટે એવું નથી. જીવ પ્રત્યેક હોય કે સાધારણ હોય એના કારણે જીવની કષાયપરિણતિ કે વીર્યપરિણતિ વગેરેમાં કશો ફેર પડતો નથી. એટલે જ યોગના કે સ્થિતિબંધના અલ્પબહુત્વમાં જેમ સૂક્ષ્મ-બાદર કે પર્યાપ્ત-અપર્યાપ્ત જીવોના બોલ અલગ અલગ આવે છે એમ પ્રત્યેક-સાધારણના આવતા નથી. આમ પ્રત્યેક-સાધારણ પુદ્ગલવિપાકી હોવાથી જ ચૌદમે ગુણઠાણે શરીરસંલગ્ન શરીરનામકર્મ વગેરેનો જેમ ઉદય હોતો નથી એમ પ્રત્યેકનો પણ ઉદય હોતો નથી, પણ ત્રસાદિનામકર્મનો ઉદય હોય છે.

**સુભગ-આદેય-યશનામકર્મ :**

આ ત્રણ ને એની પ્રતિપક્ષી દુર્ભગ વગેરે ત્રણ પ્રકૃતિઓ

જીવવિપાકી છે. આ પ્રકૃતિઓનો પુદ્ગલ પર સાક્ષાત્ જો વિપાક હોય તો કેવા પ્રકારનો હોય? આ પ્રશ્નનો જવાબ મળી શકતો નથી. કારણ કે કુરૂપ કે સુરૂપ, શ્યામવર્ણવાન્ કે ગૌરવર્ણવાન, રોગી કે નિરોગી, સશક્ત કે અશક્ત.. આ બધા જ વિકલ્પોમાં સુભગનામકર્મનો કે દુર્ભગનામકર્મનો.... કોઇનો પણ ઉદયસંભવિત છે. અલબત્ જેમ શરીર પુદ્ગલો પર આ કર્મની આવી કોઇ અસર નથી એમ જીવ પર પણ વીર્ય-કષાય વગેરે પરિણતિ અંગેની કોઇ અસર આ કર્મની હોતી નથી. ને તેથી યોગના કે સ્થિતિબંધના અલ્પબહુત્વમાં સુભગ-દુર્ભગ વગેરેના સ્વતંત્ર બોલ છે નહીં. તેમ છતાં સુભગનામકર્મનો ઉદય હોય તો લોકપ્રિયતા વગેરે જે થાય છે તે જીવના જ, શરીરાદિ પુદ્ગલોના નહીં. એમ દુર્ભગનામકર્મ, આદેયનામકર્મ વગેરેથી અપ્રિયતા, આદેયવાક્યતા વગેરે જે થાય છે તે પણ જીવના જ થાય છે, શરીરના નહીં, માટે આ પ્રકૃતિઓ જીવવિપાકી છે.. અને એટલે જ ચૌદમે ગુણઠાણે પણ આ પ્રકૃતિઓનો ઉદય ચાલુ હોય છે. તથા ચોથા ગુણઠાણા સુધી દુર્ભગાદિના ઉદયવાળા જીવને પણ જેવો એ વિકાસ સાધે ને પાંચમા વગેરે ગુણઠાણે આવે કે તરત સુભગાદિનો ઉદય થાય છે એ પણ આ પ્રકૃતિઓ જીવવિપાકી હોવાનું સમર્થન કરે છે. કારણકે ગુણઠાણુ બદલવાથી શરીર પુદ્ગલોમાં કોઇ વિશેષ ફેરફાર થવાનો નિયમ છે નહીં. (એટલે જ સંઘયણ-સંસ્થાન-વર્ણાદિ બદલાતા નથી.)

**પરાઘાતનામકર્મ :** ઉપઘાતનામકર્મની જેમ આને પણ પુદ્ગલ-વિપાકી કહી છે. ઉપઘાતની અસર તો શરીર પર હોવાથી એ પુદ્ગલ-વિપાકી હોવી સ્પષ્ટ છે. પણ પરાઘાતની શરીર પર શી અસર છે? શરીરના વર્ણાદિ, સંઘયણ કે સંસ્થાન (આકૃતિ) કોઇપણ હોય તો પણ પરાઘાતનો ઉદય હોવામાં કોઇ વાંધો નથી. અર્થાત્ પરાઘાતનો ઉદય હોય તો શરીરના વર્ણાદિ અનેક પરિણામોમાંના અમુક પરિણામ અમુક સ્વરૂપે જ થાય એવો કોઇ નિયમ છે નહીં. તો પછી શરીરપુદ્ગલ પર એની અસર કોઇક અલગ પ્રકારની જ માનવી પડે. વિચારતાં એમ લાગે છે કે શરીરમાંથી છૂટતાં જે પુદ્ગલો હોય છે કે જેને ઓરા-આભામંડળ કહેવાય છે એના પર

પરાઘાતનામકર્મની અસર હોય. પરાઘાતનામકર્મના ઉદયવાળા જીવોને ઓરા રૂપે છુટતાં આ પુદ્ગલો એવા પ્રકારના હોય કે જેથી એનાથી ભાવિત ક્ષેત્રમાં આવનાર વ્યક્તિ પ્રભાવિત થઇ જાય. યશનામકર્મ જીવવિપાકી છે, માટે આવી વિશિષ્ટ ઓરા વગેરેથી નિરપેક્ષ હોવાના કારણે વ્યક્તિની અનુપસ્થિતિમાં પણ એનો યશ ગવાય છે. આવું પરાઘાત માટે નથી. એટલે વિવક્ષિત વ્યક્તિ અનુપસ્થિત હોય ત્યારે તો એનો પરાભવ કરવા માટે પ્રતિસ્પર્દ્ધી ઘણા આયોજનો-પ્રશ્નોત્તર વગેરે વિચારી રાખે છે ને એ રીતે એનો પરાભવ થશે જ એવો વિશ્વાસ પણ એને ઊભો થાય છે. પણ એ જ આયોજનના પક્કા નિર્ણય સાથે જેવો એ પ્રતિસ્પર્દ્ધી વિવક્ષિત વ્યક્તિના સાન્નિધ્યમાં આવે છે કે તરત કોને ખબર એને શું થઇ જાય છે? કે જેથી એનો વિશ્વાસ ડગી જાય છે, હિંમત તૂટી જાય છે, જે કાંઇ વિચારી રાખેલું ને પ્રયત્નપૂર્વક ગોખી ગોખીને યાદ કરી લીધેલું એ ભૂલાઇ જાય છે. યાદ હોય તો પણ જીભ થોથવાવા લાગે છે. આમાંનું જે થવું હોય તે થાય. પણ વિવક્ષિત વ્યક્તિનો પરાભવ એ પ્રતિસ્પર્દ્ધી કરી શકતો નથી, ઉપરથી સ્વયં પરાભૂત થઇ જાય છે એ વાત ચોક્કસ બને છે. વિવક્ષિત વ્યક્તિના સાંનિધ્યમાં આવ્યા પછી જ આ બધું થાય છે, આ વાસ્તવિકતા પરથી આવો નિર્ણય કરવો શું અશક્ય છે કે વિવક્ષિતવ્યક્તિની ઓરા આમાં ભાગ ભજવી જાય છે. ને જો આ નિર્ણય શક્ય છે તો આવી વિશિષ્ટ પ્રકારની ઓરા એ પરાઘાતનામકર્મના ઉદયથી થઇ હોવાથી એનું પુદ્ગલવિપાકીપણું સ્પષ્ટ થઇ જાય છે.

**સુસ્વર-દુસ્વરનામકર્મ :** આ બન્ને પ્રકૃતિઓને જીવવિપાકી કહેવામાં આવી છે. શા માટે જીવવિપાકી કહી છે? એનું કારણ ઘણું વિચાર્યું. પણ હજુ કશું સ્ફુરતું નથી, એ જાણવું. આમ તો બન્ને કર્મોની અસર યા તો સ્વરપેટી પર હોય યા તો છૂટતા ભાષાવર્ગણાના પુદ્ગલો પર હોય એવું માનવાનું મન થઇ જાય, તથા વર્ણાદિની જેમ આનો પણ ચૌદમે ગુણઠાણે ઉદય નથી, એટલે પણ આ બન્નેની અસર શરીરપુદ્ગલો પર માનવાનું મન થઇ જાય. પણ તો પછી એને પુદ્ગલવિપાકી કહી હોત. પૂર્વે ખગતિનામકર્મ અંગે જેમ કહ્યું હતું તેમ

કદાચ પ્રસ્તુતમાં પણ હોય તો જીવવિપાકીપણું સમજાઇ જાય. અર્થાત્ : શબ્દોત્પાદક સ્વરપેટી વગેરે અવયવોમાં સંલગ્ન આત્મપ્રદેશો પર સ્વરનામકર્મની અસર થાય, એના કારણે એ આત્મપ્રદેશોનું એવા પ્રકારે હલનચલન થાય ને એની સાથે સાથે એ સંલગ્ન અવયવોમાં પણ એવા પ્રકારે હલનચલન થાય કે જેથી એમાંથી હવા પસાર થવી વગેરે કારણે પેદા થતો સ્વર મધુર નીકળે કે બેસુરો નીકળે.

**ગોત્રકર્મ :** ઊંચગોત્રકર્મના ઉદયની જીવ પર એવી અસર થાય છે કે જેથી જ્ઞાનાવરણ-અંતરાય વગેરે કર્મના વિશિષ્ટ ક્ષયોપશમ તથા સુભગાદિનો ઉદય પણ લગભગ થઇ જ જાય. નીચગોત્રકર્મની આનાથી વિપરીત અસર છે. માટે બન્ને ગોત્રકર્મ જીવવિપાકી હોવી સ્પષ્ટ છે.

તે તે કર્મપ્રકૃતિને તે તે વિપાકી કેમ કહી છે? એના કારણોની આ બધી વિચારણા સ્વોત્પ્રેક્ષા છે. આમાં શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કાંઇપણ આવી ગયું હોય, તો મિચ્છા મિ દુક્કડં... સંવિગ્ન ગીતાર્થ મહાત્માઓને એ અંગે મારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

**(K) અવક્તવ્યબંધ :** શૂન્યની અપેક્ષાએ કોઇપણ રકમને અધિક હીન કે તુલ્ય કહી શકાતી નથી. જેમકે સાધુ નિષ્પરિગ્રહી છે. એની અપેક્ષાએ વિવક્ષિત શ્રીમંત હીન સંપત્તિવાળો છે એવું કે 'સમાન સંપત્તિવાળો છે' એવું તો જાણે કે કહી શકાતું નથી જ, પણ 'અધિક સંપત્તિવાળો છે' એવું પણ કહી શકાતું નથી. (કારણકે એવું વાક્ય, સાધુ પાસે પણ ઓછી-વત્તી કેટલીક સંપત્તિ તો છે જ એવું પ્રતીત કરાવે છે જે યોગ્ય નથી). માટે સંપત્તિને નજરમાં રાખીને બોલવાનું હોય તો વિવક્ષિત શ્રીમંતને હીન-અધિક કે તુલ્ય કહી શકાતો ન હોવાથી 'અવક્તવ્ય' જ કહેવાનો બાકી રહે છે. એમ પ્રસ્તુતમાં પૂર્વસમયવર્તી શૂન્યબંધની (અબંધની) અપેક્ષાએ વર્તમાનબંધને અધિક (ભૂયસ્કાર), હીન (અલ્પતર) કે સમાન (અવસ્થિત) કહી શકાતો ન હોવાથી 'અવક્તવ્ય' કહેવાય છે.

(L) વળી આયુબંધ કેટલાક જીવો એક જ વારમાં કરી દે છે. કેટલાક જીવો અનેક આકર્ષ કરીને આયુબંધ કરે છે. આયુબંધ કરવાનો

પ્રારંભ કર્યો....અંતર્મુ૦ સુધી કર્યો.... પછી અટકી ગયો. કાળાંતરે પુનઃ ચાલુ કર્યો.....અંતર્મુહૂર્ત સુધી કર્યો.... પછી અટકી ગયો.... વળી કાળાંતરે ચાલુ કર્યો..... આ રીતે, આંતરે આંતરે વિવક્ષિત પ્રક્રિયા થવી એ **'આકર્ષ'** કહેવાય છે. ક્યારેક આયુબંધ એક જ આકર્ષથી થાય છે, ક્યારેક બે આકર્ષથી....ક્યારેક ત્રણ આકર્ષથી.... એમ યાવત્ ઉત્કૃષ્ટથી ૮ આકર્ષથી પણ આયુબંધ થાય છે. એક, બે..યાવત્ આઠે આકર્ષનો કુલ કાળ પણ અંતર્મુ૦ જેટલો જ હોય છે.

આ આકર્ષો ક્યારે થાય ?

એક મતે અંતર્મુ૦કાળમાં આકર્ષો કહ્યા છે, પણ એ આયુબંધની સંભાવનાના પ્રારંભે જ થઇ જાય? અંતે થાય? છૂટા છવાયા થાય? કે ગમે ત્યારે ભેગા થાય? આ અંગેનું કશું સ્પષ્ટીકરણ કર્યું નથી.

બીજા એક મતે, બે તૃતીયાંશ આયુષ્ય પૂર્ણ થયે જો આયુબંધ પ્રારંભ કરે તો ત્યારે પહેલો આકર્ષ થાય, શેષ એક તૃતીયાંશનો બે તૃતીયાંશ ભાગ વીત્યે બીજો આકર્ષ થાય. વળી બાકી રહેલા એક તૃતીયાંશનો બે તૃતીયાંશ ભાગ વીતી જાય ત્યારે ત્રીજો આકર્ષ થાય. આમ ઉત્તરોત્તર જાણવું. આકર્ષ થાય, તો આ જ કાળે થાય, પણ થાય જ એવો નિયમ નથી. કારણકે એ કાળે જો જીવ અત્યંત વિશુદ્ધ્યમાન કે સંક્લિશ્યમાન હોય તો આયુબંધ થતો નથી. આયુબંધ માટે ઘોલમાન પરિણામો જોઇએ છે. ઉત્તરોત્તર સમયે વિશુદ્ધિ વધ્યા કરતી હોય તો વિશુદ્ધ્યમાનપરિણામો કહેવાય છે (જેમકે સમ્યક્ત્વ પ્રાપ્તિની પ્રક્રિયા વગેરેનો કાળ). ઉત્તરોત્તરસમયે સંક્લેશ વધતો જતો હોય તો સંક્લિશ્યમાન અવસ્થા કહેવાય છે. આ બન્નેમાં આયુબંધ થતો નથી. પણ જે વિવક્ષિત સમયે જેવી વિશુદ્ધિ કે સંકલેશમાં જીવ હોય, લગભગ એવી જ વિશુદ્ધિ કે સંક્લેશ જળવાયા કરે, સામાન્ય વધઘટ થયા કરે (અર્થાત્ જે પરિણામ હોય એની આસપાસ જ જીવ રમ્યા કરે) પણ કૂદકે-ભૂસકે વધ કે ઘટ ન થતી હોય. તો આવી અવસ્થાને ઘોલમાન પરિણામ કહેવાય છે, એમાં આયુબંધ થઇ શકે છે.

જો પહેલા બે તૃતીયાંશભાગે આયુબંધનો પ્રારંભ ન કરે તો,

અવશિષ્ટ આયુના બે તૃતીયાંશભાગે પ્રારંભ કરે. ને પછી શેષ આયુનો એક તૃતીયાંશ......એક તૃતીયાંશ ભાગ બાકી રહે ત્યારે આકર્ષ કરી શકે. (પૂર્વે કહ્યું એમ કરી શકે, કરે જ એવો નિયમ નહીં).

પ્રથમ આકર્ષ પછી આયુ ન બંધાતું હોય તે બધો કાળ અબંધકાળ કહેવાય છે. આ અબંધકાળ દરમ્યાન, બાંધેલા આયુષ્યને ઘટાડી શકે છે. આશય એ છે કે ધારોકે પ્રથમ આકર્ષ દરમ્યાન ૧૦ સાગરોપમનું દેવનું આયુષ્ય બાંધ્યું. તો પછી જેટલા આકર્ષ થાય એમાં દેવાયુ જ બાંધે, અન્ય નહીં. વળી બીજો આકર્ષ ચાલુ થવા પૂર્વે જો જીવ પરિણામવશાત્ આમાં ઘટાડો ન કર્યો હોય તો બીજા આકર્ષે પણ ઓછામાં ઓછું ૧૦સાગરો૦નું બાંધે જ. એના કરતાં વધુ ૧૧-૧૨સાગરો૦ વગેરે બાંધી શકે, પણ ઓછું નહીં જ. વળી આ વધારો જે કરવો હોય તે આકર્ષના પ્રથમ સમયે જ કરવો પડે, જો એ સમયે ન કરે, તો આકર્ષના બીજા-ત્રીજા વગેરે સમયે વધારો થઇ શકતો નથી. એક આકર્ષના દરેક સમયે એક સરખો જ આયુબંધ થાય છે, અને વર્તમાન જીવનનો એક-એક સમય ઓછો થતો જતો હોવાથી અબાધા ૧-૧ સમય ઘટતી જાય છે. તથા, આકર્ષના બીજા-ત્રીજા વગેરે સમય દરમ્યાન બધ્યમાન આયુષ્યમાં ઘટાડો પણ થઇ શકતો નથી. કારણકે ઘોલમાન પરિણામ હોવાથી (અર્થાત્ લગભગ એક સરખા જેવા પરિણામ હોવાથી) આકર્ષના દરેક સમયો દરમ્યાન આયુબંધ એકસમાન થાય છે. ટૂંકમાં, જો કરવો હોય તો, અબંધકાળ દરમ્યાન ઘટાડો થઇ શકે છે, અને આકર્ષના પ્રથમ સમયે વધારો થઇ શકે છે. આઠ સુધીમાં જેટલા આકર્ષ કરવાના હોય એટલા થઇ જાય એટલે આયુષ્ય ફાઇનલ થઇ જાય છે, પછી એમાં વર્તમાન ભવ દરમ્યાન વધારો થઇ શકતો નથી, ઘટાડો થઇ શકે છે. શ્રીકૃષ્ણે ૭મી નરકમાંથી આયુ ઘટાડીને ત્રીજી નરક સુધીનું ૧૮૦૦૦ વંદન દરમ્યાન જે કરી નાખ્યું તે અબંધકાળ દરમ્યાન કરેલું જાણવું. આયુષ્યના અપવર્તનીય-અનપવર્તનીય એવા જે વિભાગ શાસ્ત્રોમાં દર્શાવ્યા છે તે, જે ભવનું આયુષ્ય બાંધ્યું હોય તે ભવનો પ્રારંભ થયા પછી એમાં અપવર્તના (ઘટાડો) થઇ શકે કે ન થઇ શકે એની અપેક્ષાએ છે, જે ભવમાં આયુષ્ય બાંધ્યું હોય એ ભવમાં તો અબંધકાળ દરમ્યાન અપવર્તના

(=ઘટાડો) અને આકર્ષના પ્રથમસમયે ઉદ્વર્તના (=વધારો) દેવાદિ કોઇપણ આયુષ્યમાં થઇ શકે છે. પણ જો બાંધેલું આયુષ્ય નિકાચિત કરી દીધું હોય તો આ અપવર્તના કે ઉદ્વર્તના પણ થઇ શકતી નથી.

**જિનનામનો બંધ :-**

કર્મસાહિત્યમાં જિનનામના બંધ વગેરેની જે પણ વાત આવે તે બધી નિકાચિત જિનનામના અંગે જ હોય છે, (સાવદ્યાચાર્યે જિનનામના દલિકો જે ઉપાર્જેલા ને પછી વીખેરી નાખ્યા તેવા) અનિકાચિત જિનનામનો ક્યાંય ઉલ્લેખ કર્મસાહિત્યમાં છે નહીં.... એટલે ઉત્કૃષ્ટ કે જઘન્યસ્થિતિબંધ જિનનામનો જે કહ્યો છે તે નિકાચિત જિનનામ પૂર્વના ત્રીજા ભવથી જે બંધાય છે તે અંગે જ જાણવો જોઇએ.

વાસ્તવિકતા એ છે કે પૂર્વના ત્રીજા ભવથી બંધાતા જિનનામના જ જઘન્યઉત્કૃષ્ટસ્થિતિબંધની વાત છે, તે છતાં કશો વિરોધ નથી. અરે! પૂર્વના ત્રીજાભવની શું વાત? ચરમભવમાં ક્ષપકશ્રેણી માંડી દે, ને તેના આઠમાના છઠ્ઠા ભાગે જે ચરમબંધ થાય છે કે જેના પછી સંસારકાળ વધુમાં વધુ પણ દેશોનપૂર્વક્રોડ કે દેશોનલાખ પૂર્વ જ સંભવે છે, તે પણ અંતઃકો૦કો૦સા૦ પ્રમાણ હોય જ છે પણ જીવ જેવો અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે કે તરત નિકાચનાનો વિચ્છેદ થાય છે, અર્થાત્ પ્રતિસમય અસંખ્યાતમા ભાગના દલિકો જે નિકાચિત થઇ રહ્યા હતા તે (=નિકાચનાકરણ) અટકી જાય છે અને જુના દલિકોમાં જે નિકાચના થયેલી તે પણ નીકળી જાય છે, અને બધુ દલિક અનિકાચિત થઇ જાય છે. એટલે પછી એના સ્થિતિઘાત વગેરે થવા દ્વારા સ્થિતિસત્તા ઉત્તરોત્તર ઘટતી જાય છે, ને ક્ષપકશ્રેણી પૂરી થાય ત્યાં સુધીમાં એ **P/a** થી વધુ રહી શકતી નથી. ૧૩મા ગુણઠાણાનો કાળ પૂર્ણ થવા આવે ને છતાં જો આની સત્તા, આયુષ્ય કરતાં વધુ રહી હોય તો છેવટે કેવલિસમુદ્ઘાત દ્વારા વધારાની સત્તાને જીવ હણી નાખે છે ને તેથી આયુષ્યની સાથે જ જિનનામ પણ ક્ષીણ થઇ જાય છે. (એક મતે તો ક્ષપકશ્રેણી પૂર્ણ થવા પર **P/a** જેટલી સત્તા બધા જીવોને એક સરખી હોય છે, ને પછી તેરમાના અંતભાગે પણ એ **P/a** જેટલી હોય જ છે, જે આયુષ્ય

કરતાં વધારે હોવાથી બધા જ કેવલીએ કેવલિસમુદ્ઘાત કરવાનો જ હોય છે, ને એ દ્વારા જ નામ-ગોત્ર-વેદનીયની સત્તા આયુષ્ય તુલ્ય થાય છે.)

જો આવું ન હોત તો, જિનનામ જ શું, બધી જ બંધાતી પ્રકૃતિઓ માટે પ્રશ્ન આવે. કારણકે દરેકનો સ્થિતિબંધ અંતઃકો૦કો૦ છે ને દરેકનું એક અસંખ્યાતમા ભાગ જેટલું દલિક નિકાચિત થાય જ છે.

**શંકા :** જો આ રીતે બધાને એક અસંખ્યાતમા ભાગનું દલિક નિકાચિત થતું હોય, તો ત્રિચરમભવ કરતાં પણ પૂર્વે સાવદ્યાચાર્ય વગેરેની જેમ જે જિનનામ બંધાયું હોય છે તેના પણ એક અસંખ્યાતમા ભાગનું દલિક નિકાચિત થયું હોવું જ જોઈએ. અને તો પછી એ પણ નિકાચિત જિનનામરૂપ થવાથી ત્રિચરમભવપૂર્વના આવા જિનનામના બંધાદિનો પણ કર્મ સાહિત્યમાં ઉલ્લેખ હોવો જ જોઈએ ને!

**સમાધાન :** નિકાચના પણ બે પ્રકારે હોય છે. વિશેષ પ્રકારના અધ્યવસાય વગર સામાન્યપરિણામથી પણ જે પ્રતિસમય ચાલ્યા કરતી હોય છે તે, તથા વિશિષ્ટ પ્રકારના અધ્યવસાયથી થતી ગાઢ નિકાચના કે જેનાથી નિકાચિત થયેલ કર્મ સામાન્યથી ભોગવવું જ પડે. ત્રિચરમભવમાં જે જિનનામની નિકાચના થાય છે તે બીજા પ્રકારની નિકાચના છે, ને એને ચરમભવમાં અવશ્ય ભોગવવું જ પડે છે. જે જીવોએ જિનનામકર્મ આવી રીતે નિકાચિત કરેલું હોય તેઓ દ્વારા જિનનામના જે બંધાદિ થાય એનો જ કર્મસાહિત્યમાં ઉલ્લેખ છે. સાવદ્યાચાર્ય વગેરેએ આવું ગાઢનિકાચિત જિનનામ બાંધ્યું ન હોતું માટે એનો ઉલ્લેખ મળે નહીં.

(M) નિદ્રાદ્વિકાદિ ૮૫માંથી તિ૦દ્વિક, નીચગોત્ર, અને ઉદ્યોત.. આ ૪ પ્રકૃતિનો જઘ૦સ્થિતિબંધ બા૦પર્યા૦-તેઉ૦-વાઉ૦ સર્વવિશુદ્ધિવાળા જીવોને જ મળે છે, મનુ૦દ્વિકનો તેઉ૦વાઉ૦ સિવાયના બા૦પર્યા૦એકે૦ને મળે છે. અને બાકીની ૭૯ પ્રકૃતિઓનો કોઈપણ બા૦પર્યા૦એકે૦ને મળે છે.

પર્યા૦બા૦પૃથ્વીકાયાદિ જીવોને વધુમાં વધુ જેટલી વિશુદ્ધિ સંભવિત હોય છે એટલી જ તેઉ-વાઉના જીવોને પણ સંભવિત હોય છે જ. પણ સ્વપ્રાયોગ્ય આ તીવ્રવિશુદ્ધિમાં પૃથ્વીકાયાદિ જીવો મનુ૦દ્વિક અને ઉચ્ચગોત્ર

બાંધે છે. પણ તિ૦દ્વિકાદિ બાંધતા નથી. સંક્લિષ્ટ અવસ્થા કે મધ્યમ પરિણામમાં જ તેઓ તિ૦દ્વિકાદિ બાંધી શકે છે, કે જ્યારે જઘ૦સ્થિતિબંધ હોતો નથી. પણ તેઉકાય-વાઉકાયના જીવો તો ભવસ્વભાવે જ મનુ૦દ્વિકાદિ બાંધી શકતા નથી. એટલે તીવ્રવિશુદ્ધિમાં પણ તિ૦દ્વિક, નીચગોત્ર અને ઉદ્યોતને બાંધે છે ને એ વખતે એનો જઘ૦સ્થિતિબંધ કરે છે.

**શંકા** : જો આ રીતે ઉદ્યોતનો જઘ૦સ્થિતિબંધ તેઉ૦-વાઉકાયના જીવો કરે છે, તો આતપનો જઘ૦સ્થિતિબંધ પણ તેઓ જ કરે છે, પૃથ્વીકાયાદિ નહીં, એમ પણ કહેવું જોઇએ ને? કારણ કે પૃથ્વીકાયાદિ તો તીવ્રવિશુદ્ધિમાં મનુ૦દ્વિક બાંધે કે જ્યારે તિર્યંચપ્રાયોગ્ય એવું આતપનામકર્મ પણ બંધાતું નથી જ.

**સમાધાન** : તીવ્રવિશુદ્ધિમાં પણ તેઉ-વાઉકાય તિર્યંચપ્રાયોગ્ય જ બાંધે છે ને ત્યારે ઉદ્યોત પણ બંધાઇ શકતું હોવાથી એનો જઘ૦સ્થિતિબંધ એ વખતે મળી શકે છે. પણ એ વિશુદ્ધિકાળે તેઉ-વાઉના જીવો પંચેન્દ્રિયજાતિનામકર્મ જ બાંધે છે, એકે૦ જાતિનામકર્મ નહીં. અને તેથી એ વિશુદ્ધિ દરમ્યાન આતપ બંધાઇ શકતું નથી, કારણકે એ એકે૦પ્રાયોગ્ય છે. એટલે તેઉ-વાઉના જીવો જે મધ્યમવિશુદ્ધિ સુધી એકે૦પ્રાયોગ્ય બાંધી શકે છે ત્યાં સુધી જ આતપ પણ બંધાય છે, ને આવી મધ્યમવિશુદ્ધિમાં તો પૃથ્વીકાયાદિ પણ એકે૦પ્રાયોગ્ય બાંધી શકે છે ને સાથે આતપ પણ બાંધી શકે છે. માટે આતપનો જઘ૦સ્થિતિબંધ પૃથ્વીકાયાદિ પાંચમાંથી કોઇપણ કરી શકે છે. આનાથી એ પણ જણાય છે કે ઉદ્યોતનો જેટલો જઘ૦સ્થિતિબંધ થાય છે એના કરતાં આતપનો જઘ૦સ્થિતિબંધ અધિક હોય છે.

જે ૮૫ પ્રકૃતિઓનો એકેન્દ્રિયમાં જઘન્યસ્થિતિબંધ કહ્યો છે તેમાંથી ૫ નિદ્રા, આદ્ય ૧૨ કષાય, હાસ્ય-રતિ-ભય-જુગુપ્સા, મિથ્યા૦, મનુ૦દ્વિક, તિ૦દ્વિક, પંચે૦જાતિ, ઔદા૦દ્વિક, તૈ૦શ૦-કા૦શ, પ્રથમ સંઘ૦-સંસ્થાન, વર્ણાદિ ૪, શુભખગતિ, યશ, ઉચ્ચગોત્ર, ઉદ્યોત, અગુરુ, નિર્માણ, ઉપઘાત, ત્રસનવક અને નીચગોત્ર આ ૫૪ પ્રકૃતિઓને એકે૦જીવ તીવ્રવિશુદ્ધિમાં પણ બાંધે છે માટે ત્યારે એનો જઘ૦સ્થિતિબંધ મળે છે, પણ આ સિવાયની નપું૦વેદ, સ્ત્રીવેદ, અરતિ, શોક, જાતિચતુ૦, અપ્રથમસંઘયણ-સંસ્થાન૧૦,

કુખગતિ, આતપ, સ્થાવરદસક અને અશાતા આ ૩૧ પ્રકૃતિઓને એકેન્દ્રિયજીવ પોતાની તીવ્ર વિશુદ્ધિવાળી અવસ્થામાં બાંધતા નથી. પણ મધ્યમવિશુદ્ધિમાં જ બાંધે છે. એટલે એવી તત્પ્રાયોગ્ય વિશુદ્ધિમાં જ એનો જઘ૦સ્થિતિબંધ મળે છે. તથા આ પ્રકૃતિઓનો જે જઘન્યસ્થિતિબંધ થાય એના કરતાં પંચે૦જાતિ વગેરે રૂપ તે તેની પ્રતિપક્ષી પ્રકૃતિનો જઘ૦સ્થિતિ-બંધ વધારે ઓછો થાય છે.

(N) શ્રી તત્ત્વાર્થસૂત્રમાં विजयादिषु द्विचरमाः ॥૪-૨૭॥ સૂત્રાનુસારે વિજયાદિમાં ગમન પછી અચ્યુતાદિમાં ગમન શકય નથી. જ્યારે અહીં સર્વત્ર બે વાર વિજયાદિમાં ગમન પછી ઉવાર અચ્યુતગમન દર્શાવ્યું છે, માટે એ મતાંતર જાણવો. વિજયાદિમાં ગયેલો પણ અનેક ભવો કરે છે એવો એક મત છે. (છતાં આ બધા ભવો મનુષ્યના અને વૈમાનિક દેવના જ હોય.)

**(O) શંકા :-** મિથ્યાત્વીજીવ યથાપ્રવૃત્તકરણાદિ વિશુદ્ધ અવસ્થામાં તો પુ૦વેદ જ બાંધે છે. તદ્‌ભિન્ન અવસ્થામાં ત્રણે વેદ બાંધે છે. એમાં સ્ત્રી-નપું૦વેદનો જે જઘ૦સ્થિતિબંધ હોય ત્યાંથી લઇને ૧૦કો૦કો૦ સુધી ત્રણે વેદ બંધાઇ શકે છે. તો આ સ્થિતિબંધ દરમ્યાન સાતાવેદનીયાદિની જેમ પરાવર્તમાનમધ્યમપરિણામે એનો જઘન્યરસબંધ કેમ નથી કહ્યો?

**સમાધાનઃ-** પરાવર્તમાનમધ્યમપરિણામે તત્પ્રાયોગ્ય બધા સ્થિતિ-સ્થાને જઘન્યરસબંધ માત્ર અઘાતીપ્રકૃતિઓનો થાય છે, ઘાતીપ્રકૃતિઓનો નહીં....ઘાતીપ્રકૃતિઓનો તો વિશુદ્ધિથી જ જઘન્યરસબંધ થાય છે એ જાણવું. તે પણ એટલા માટે કે એના અધ્યવસાયો અનાક્રાન્ત હોય છે. એટલે, ઘટતા જતા તે તે દરેક સ્થિતિબંધે સંભવિત જઘ૦રસબંધ અશાતાદિની જેમ એક સરખો ન રહેતા ઉત્તરોત્તર ઘટતો જ જાય છે. અને તેથી સંભવિત સર્વ જ૦સ્થિતિબંધે જે ઉ૦વિશુદ્ધિ સંભવતી હોય એ વિશુદ્ધિથી જ જ૦રસબંધ થાય છે.

(P) **અરતિ-શોક**ના જઘ૦રસબંધક અપ્રમત્તાભિમુખ પ્રમત્તને જે કહ્યા છે, એમાં પ્રમત્તગુણઠાણાના ચરમ-દ્વિચરમાદિસમયો ન લેવા, કારણકે એ વિશુદ્ધયમાન અવસ્થા હોવાથી એ વખતે તો હાસ્ય-રતિ જ બંધાય છે, અરતિ-શોક નહીં, પણ એવી વિશુદ્ધયમાન અવસ્થાની પૂર્વનો સમય લેવો.

(Q) સ્વોપજ્ઞટીકામાં સૂક્ષ્મત્રિક અને વિકલત્રિકના જઘ૦રસબંધક તરીકે તત્પ્રાયોગ્યવિશુદ્ધ જીવોને કહ્યા છે. પણ એ કહેવા પાછળ શું આશય છે? એ સમજાતું નથી.

આશય એ છે કે પરા૦ભાવે ઓછામાં ઓછો જેટલો સ્થિતિબંધ થતો હોય એટલો જ જે અશુભ અઘાતીપ્રકૃતિનો જઘન્યસ્થિતિબંધ હોય એનો જઘ૦રસબંધ પરા૦ભાવે મળે છે, જેમકે અશાતા,...... પણ જે અશુભનો જઘન્યસ્થિતિબંધ એના કરતાં (પરા૦ભાવીય જઘ૦સ્થિતિબંધ કરતાં) પણ ઓછો મળે છે એનો જ૦રસબંધ પરા૦ભાવે ન મળતાં જઘન્યસ્થિતિબંધે જ તત્પ્રાયોગ્ય તીવ્ર વિશુદ્ધિએ જ મળે છે, જેમકે તિ૦દ્વિક૦,....કારણકે પરા૦ભાવે થતાં સ્થિતિબંધો દરમ્યાન જે જઘન્યરસબંધ અધ્યવસાયસ્થાન હોય છે, એના કરતાં પણ પરા૦ભાવથી નીચે ઉતરીને સ્થિતિબંધ જેમ જેમ ઘટતો જાય છે તેમ તેમ રસબંધ વધુ ને વધુ ઘટતો જાય એવા અધ્યવસાયસ્થાનો સંભવિત બનતા જાય છે. (કમ્મપયડીમાં અનુકૃષ્ટિના નિરૂપણમાં આ વાત સ્પષ્ટ થશે.) શુભપ્રકૃતિઓ માટે આનાથી વિપરીત જાણવું. અર્થાત્ પરા૦ભાવે વધુમાં વધુ જેટલો સ્થિતિબંધ થતો હોય એટલો જ જે શુભપ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ હોય એનો જ૦રસબંધ પરા૦ભાવે મળે છે કારણકે પરા૦નો પ્રારંભ જ્યાંથી થાય એવા અંતઃકો૦કો૦થી એના ઉ૦સ્થિતિબંધ સુધીના દરેક સ્થિતિબંધે જઘન્યરસ બંધાવી આપે એવું અધ્યવસાયસ્થાન સંભવિત હોય જ છે. જેમકે શાતા,..... પણ જે શુભપ્રકૃતિનો ઉ૦સ્થિતિબંધ પરા૦ભાવીય ઉ૦સ્થિતિબંધ કરતાં અધિક હોય છે. એનો જ૦રસબંધ ઉ૦સ્થિતિબંધે ઉ૦સંક્લેશવાળાને જ હોય છે, કારણકે પરા૦ભાવે થતા સ્થિતિબંધો દરમ્યાન જે જઘ૦રસબંધાધ્યવસાયસ્થાન હોય છે એના કરતાં પણ પરા૦ભાવથી આગળ વધી સ્થિતિબંધ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ રસબંધ વધુ ને વધુ ઘટતો જાય એવા અધ્યવસાયસ્થાનો સંભવિત બનતા જાય છે. જેમકે પંચે૦જાતિનામકર્મ ૧૮કો૦કો૦ સુધી પરા૦ભાવે બંધાય છે, પણ એનો ઉ૦સ્થિતિબંધ તો એના કરતાં વધીને ૨૦કો૦કો૦સા૦ જેટલો છે. તો એનો પરા૦ભાવે જે ઓછામાં ઓછો રસ બંધાય છે, એના કરતાં પણ ૨૦કો૦કો૦સ્થિતિબંધે સર્વસંક્લિષ્ટને બંધાતો રસ ઘણો ઓછો હોવાથી એ જ એનો જ૦રસબંધ કહેવાય છે, પરા૦ભાવીય અલ્પરસ નહીં. પણ શાતાવેદનીય

પરા૦ભાવે ૧૫કો૦કો૦ સુધી બંધાય છે, અને આ જ એનો ઉ૦સ્થિતિબંધ છે, હવે આગળ વધારે સંક્લેશજન્ય અધિક સ્થિતિબંધ એનો છે જ નહીં, તો એનો જઘ૦રસબંધ પરા૦ભાવે થતા દરેક સ્થિતિબંધ પર મળે જ છે અને તેથી જ એનો જઘ૦રસબંધ તત્પ્રાયોગ્ય ઉ૦સંક્લેશવાળાને ન કહેતા પરા૦મધ્યમ-પરિણામીને જ કહેવાય છે. એમ અશાતાનો જે અંતઃકો૦કો૦થી શાતા સાથે પરા૦ભાવ શરૂ થાય છે એ અંતઃકો૦કો૦ જ એનો જઘ૦સ્થિતિબંધ છે, એનાથી પણ ઓછો સ્થિતિબંધ એનો સંભવિત છે નહીં, તો એનો જઘ૦રસબંધ આ અંતઃકો૦કો૦થી ૧૫કો૦કો૦ સુધીના દરેક સ્થિતિબંધે પરા૦મધ્યમપરિણામે જ કહેવાય છે, પણ એના જઘ૦સ્થિતિબંધે તત્પ્રાયોગ્ય વિશુદ્ધિએ નથી કહેવાતો. તિ૦દ્વિક માટે આવું નથી, જે અંતઃકો૦કો૦થી મનુ૦દ્વિક સાથે એનો પરા૦ભાવ શરૂ થાય છે, એ અંતઃકો૦કો૦ કરતાં પણ ઓછો સ્થિતિબંધ (નાનું અંતઃકો૦કો૦) ૭મી નરકના જીવને સંભવિત છે, તો એનો જઘ૦રસબંધ પરા૦ભાવીય દરેક સ્થિતિબંધે મધ્યમપરિણામે ન કહેતા નાના અંતઃકો૦કો૦ સ્વરૂપ જઘ૦સ્થિતિબંધે તત્પ્રાયોગ્યવિશુદ્ધિવાળાને જ કહેવાય છે.

હવે પ્રસ્તુતમાં આવીએ. સૂ૦ત્રિક-વિકલત્રિક અશુભપ્રકૃતિઓ છે. પંચે૦જાતિનામકર્મ સાથે એનો જે અંતઃકો૦કો૦થી પરા૦ભાવ શરૂ થાય છે એ જ એનો જઘ૦સ્થિતિબંધ છે, એના કરતાં ઓછો સ્થિતિબંધ એનો સંભવતો જ નથી. તો એનો જઘ૦રસબંધ પરા૦ભાવીય અંતઃકો૦કો૦થી ૧૮કો૦કો૦ સુધીના દરેક સ્થિતિબંધે મધ્યમપરિણામે થાય એ સ્પષ્ટ છે. તો એનો જઘ૦-રસબંધ, એના જઘ૦સ્થિતિબંધે તત્પ્રાયોગ્યવિશુદ્ધિએ કહી શકાવો ન જોઈએ.

આ કારણને નજરમાં રાખીને મેં આ પુસ્તકમાં પદાર્થ નિરૂપણમાં આ ૬ પ્રકૃતિનો જઘ૦રસબંધ પરા૦મધ્યમપરિણામે કહ્યો છે, પણ જઘ૦સ્થિતિબંધે વિશુદ્ધિએ કહ્યો નથી, એ જાણવું, બંધવિહાણં વગેરે ગ્રન્થોમાં પણ પરા૦ભાવે જ કહ્યો છે.

સ્વોપજ્ઞટીકામાં નરકદ્વિકનો જઘ૦રસબંધ પણ જઘ૦સ્થિતિબંધે તત્પ્રાયોગ્યવિશુદ્ધિએ અને દેવદ્વિકનો ઉ૦સ્થિતિબંધે તત્પ્રાયોગ્યસંક્લેશે કહ્યો છે એનો પણ આશય સમજાતો નથી. નરકદ્વિકનો જે અંતઃકો૦કો૦થી

તિ૦દ્વિકાદિ સાથે પરા૦ભાવ શરૂ થાય છે એના કરતાં અલ્પસ્થિતિબંધ સંભવિત જ ન હોવાથી અંતઃકો૦કો૦થી ૧૮કો૦કો૦ સુધીના દરેક સ્થિતિબંધે પરા૦મધ્યમપરિણામે જ૦રસબંધ સંભવિત છે. એમ દેવદ્વિક શુભપ્રકૃતિ છે અને મનુ૦દ્વિકાદિ સાથે ૧૦કો૦કો૦ સુધી પરા૦ભાવે બંધાય છે. અને આ જ એનો ઉ૦સ્થિતિબંધ છે. માટે પરા૦ભાવીય અંતઃકો૦કો૦થી ૧૦કો૦કો૦ સુધીના દરેક સ્થિતિબંધે એનો જઘ૦રસબંધ મધ્યમપરિણામે શક્ય છે. બંધવિહાણં વગેરે ગ્રન્થોમાં પણ આવું જ નિરૂપણ છે. એટલે મેં પણ પદાર્થ નિરૂપણમાં આ પ્રમાણે જ આ બંને દ્વિકોનો પણ જઘ૦રસબંધ પરા૦મધ્યમ-પરિણામે જણાવ્યો છે એ જાણવું.

(R) અશાતાના અંતઃકો૦કો૦સા૦ જ૦સ્થિતિબંધથી શાતાના ૧૫ કો૦કો૦સા૦ ઉ૦સ્થિતિબંધ સુધીના પ્રત્યેક સ્થિતિબંધ પણ જુદા જુદા અસંખ્ય પરિણામોથી શક્ય હોય છે. એમાંથી કેટલાક પરિણામો એવા હોય છે કે જેનાથી જીવ માત્ર શાતા જ બાંધી શકે છે, પરાવર્તમાન પામી અશાતા બાંધી શકતો નથી. એમ કેટલાક પરિણામોથી માત્ર અશાતા જ બાંધી શકે છે, શાતાનો બંધ કરવા રૂપ પરાવર્ત થઇ શકતો નથી. પણ આ બન્ને સિવાયના અન્ય કેટલાક પરિણામ એવા હોય છે કે જેથી શાતા-અશાતાના બંધનો પરાવર્ત થઇ શકે છે. આ પરિણામો પરાવર્તમાનમધ્યમપરિણામ કહેવાય છે. આને જ બીજી રીતે કહેવું હોય તો આ સ્થિતિબંધસ્થાનોમાં જીવ જો એકાંત સંક્લેશપૂર્વક આવતો હોય તો માત્ર અશાતા જ બંધાય છે, એકાંત વિશુદ્ધિ સાથે આવતો હોય તો માત્ર શાતા જ બંધાય છે. આશય એ છે કે અંતમુ૦ સુધી સ્થિતિબંધ એક સરખો હોવા છતાં આ સ્થિતિબંધાદ્ધા દરમ્યાન ઉત્તરોત્તર સમયે સંક્લેશ વધતો જતો હોય તો એકાંતસંક્લેશ કહેવાય છે, એ વખતે જે અધ્યવસાયો આવે છે એનાથી માત્ર અશાતા જ બંધાઇ શકે છે, ને અશાતા પરથી શાતાનો પરાવર્ત પણ થઇ શકતો નથી. એમ એ કાળ દરમ્યાન ઉત્તરોત્તર સમયે વિશુદ્ધિ વધતી જતી હોય તો એ એકાંતવિશુદ્ધિ કહેવાય છે, એ વખતે જે અધ્યવસાયો આવે છે તેનાથી માત્ર શાતા જ બંધાઇ શકે છે, તેમજ શાતા પરથી અશાતાનો પરાવર્ત થઇ શકતો નથી. પણ જો ઉત્તરોત્તર સમયે પરિણામોમાં સ્થિરતા કે સામાન્ય વધ-ઘટ

આવું બધું થયા કરતું હોય તો એ એકાંતસંક્લેશ કે વિશુદ્ધિ નથી. પણ પરાવર્તમાનભાવ કહેવાય છે. આવી અવસ્થામાં એવા અધ્યવસાયો આવે છે કે જેના કારણે શાતાના બંધ પરથી પરા૦ભાવે અશાતાનો બંધ કે અશાતાના બંધ પરથી પરા૦ભાવે શાતાનો બંધ થઇ શકે છે. આ પરિણામો પરાવર્તમાનમધ્યમપરિણામો કહેવાય છે.

(S) **વર્ગણાઓનું** આ જે સ્વરૂપ દર્શાવ્યું છે તે પાંચમા કર્મગ્રન્થની વૃત્તિમાં જેમ છે તેમ પંચસંગ્રહને અનુસરીને કર્મપ્રકૃતિવૃત્તિમાં વૃત્તિકારો શ્રીમલયગિરિ મ. તથા ઉપા૦શ્રીયશોવિજયમહારાજે આપેલું છે. જો કે સર્વત્ર અગ્રાહ્યવર્ગણાઓને માત્ર અગ્રાહ્યવર્ગણાઓ રૂપે જ જણાવી છે, પણ વિશેષ સ્પષ્ટતા માટે આ વિવેચનમાં એના ઔદારિક અગ્રાહ્ય, વૈક્રિય અગ્રાહ્ય, અને આહારક અગ્રાહ્ય નામો રાખ્યા છે. કર્મપ્રકૃતિના ચૂર્ણિકાર વગેરે ઔદારિક, વૈક્રિય અને આહારકગ્રાહ્યવર્ગણાઓને આહાર દ્રવ્યવર્ગણા તરીકે માને છે અને એમાં વચ્ચે વચ્ચે અગ્રાહ્યવર્ગણાઓ માનતા નથી. એટલે કે એમના મતે અહીં કહેલ વૈક્રિય અગ્રાહ્ય અને આહારક અગ્રાહ્યવર્ગણાઓ છે નહીં આમાં તત્ત્વ કેવલીગમ્ય છે. વળી કમ્મપયડી મૂળમાં શ્વાસોચ્છ્વાસવર્ગણા કહી નથી. પણ એનો 'ચ' શબ્દથી સમુચ્ચય છે એમ સ્વીકારી વૃત્તિકારોએ એ વર્ગણાઓને પણ સમાવી છે. જ્યારે કમ્મપયડીના ચૂર્ણિકારે સૂત્રકારને સીધા અનુસરીને એનો સમાવેશ કર્યો નથી. 'જે જીવને ઔદારિકાદિ-૩માંથી જે શરીર હોય તેને પ્રાયોગ્ય પુદ્ગલોને જ તે જીવ શ્વાસોચ્છ્વાસરૂપે પરિણમાવીને છોડે છે' એવો જે કેટલાક આચાર્યોનો મત છે એને અનુસરીને શ્વાસો૦વર્ગણાઓને સૂત્રકારે પૃથગ્ બતાવી નથી એવો ખુલાસો કમ્મપયડી ચૂર્ણિના ટીપ્પણકાર શ્રીમુનિચંદ્રસૂરિમહારાજે આપ્યો છે.

(T) મૂળ અને ઉત્તરપ્રકૃતિઓમાં આ **પ્રદેશવહેંચણી** માત્ર સકષાયબંધની અપેક્ષાએ છે એ જાણવું. અન્યથા ઉત્તરપ્રકૃતિઓમાં ઉત્કૃષ્ટપદે શાતાવેદનીયકર્મને અશાતા કરતાં વિશેષાધિક ન કહેતાં સંખ્યાતગુણ કહેત, કારણ કે અશાતાના બંધકાળે મૂળ ૭પ્રકૃતિઓનો બંધ લેવોનો છે, એટલે કે એને લગભગ ૭મા ભાગનું દલિક મળે છે. જ્યારે શાતા માટે તો વીતરાગ જીવોને એક જ પ્રકૃતિનો બંધ લઇ શકવાથી સંપૂર્ણદલિક મળવાના

કારણે લગભગ ૭ગણું મળી શકે છે. પણ તે ન લેતાં ૧૦મે ગુણઠાણે મૂળ છ પ્રકૃતિઓનો બંધ લીધો છે અને તેથી વિશેષાધિક કહેલ છે.

**શંકા** :- જો સ્થિતિબંધને અનુસરીને દલિક મળતું હોય તો આયુષ્ય કરતાં નામગોત્રનો સ્થિતિબંધ સંખ્યાતગુણ હોવાથી દલિક પણ **S** મળવું જોઇએ, **V** નહીં.

**સમાધાન** :- આયુષ્યના ઉદયને અનુસરીને જ નરકગતિ વગેરે કર્મોના ઉદય થતા હોવાથી આયુષ્યકર્મ પ્રધાન છે, ને, નામ-ગોત્ર એવા પ્રધાન નથી, માટે માત્ર **V** જ મેળવે છે.

બીજું કારણ વિચારવું હોય તો આવું પણ વિચારી શકાય છે કે સામાન્યથી નિષેક રચનામાં દલિક ગોપુચ્છાકારે ગોઠવાય છે, અર્થાત્ ઉત્તરોત્તર નિષેકમાં પડતું દલિક ઓછું ઓછું હોય છે. આ ઓછું ઓછું એવી રીતે થાય છે કે જેના કારણે **P/a** જેટલા નિષેકો પસાર થાય એટલે હવેના નિષેકમાં પ્રથમ નિષેકની અપેક્ષાએ અડધું જ દલિક હોય છે. આ નિષેકને દ્વિગુણહાનિસ્થાન કહેવાય છે. આ નિષેક પછીના નિષેકોમાં પણ દલિક ઓછું ઓછું થવાનું તો ચાલુ જ હોય છે. એટલે બીજા **P/a** જેટલા નિષેકો ગયા પછીના નિષેકમાં ઓર અડધું જ દલિક (અને પ્રથમનિષેકની અપેક્ષાએ ચોથાભાગનું જ દલિક) હોય છે. આમ **P/a-P/a** ના આંતરે ઉત્તરોત્તર અડધા-અડધા દલિકવાળા નિષેક હોય છે. ને એ નિષેકોને દ્વિગુણહાનિસ્થાન કહેવાય છે. **P/a**ના આંતરે આંતરે આવતા હોવાથી એક પલ્યોપમમાં આવા અસંખ્યદ્વિગુણહાનિસ્થાનો આવે છે. અર્થાત્ એક પલ્યોપમ જેટલી સ્થિતિ પસાર થાય ત્યાં સુધીમાં દલિક અસંખ્યવાર અડધું અડધું થઇ ગયું હોય છે, અર્થાત્ અસંખ્યાતમાં ભાગનું જ થઇ ગયું હોય છે. આનો અર્થ એ થાય છે કે કોઇપણ કર્મનું અસંખ્યબહુભાગ દલિક પ્રથમનિષેકથી લઇને એક પલ્યોપમ સુધીના નિષેકોમાં જ આવી જાય છે, અને ત્યાર પછીના ૩૩સાગરો૦, અંતઃકો૦કો૦, ૨૦-૩૦-૪૦ કે ૭૦કો૦કો૦સા૦ જેટલા નિષેકો હોય એ બધામાં પડતું કુલ દલિક પણ એક અસંખ્યાતમા ભાગ જેટલું જ હોય છે. એટલે ૩૩ સાગરોથી ૨૦કો૦કો૦સા૦ સુધી વધતી સ્થિતિમાં પણ દલિકોની વૃદ્ધિ તો એક અસંખ્યાતમાં ભાગ જેટલી જ હોય અને તેથી વિશેષાધિક કહેલી હોય એ સંભવિત છે.

જ્ઞાના૦ વગેરેનો સ્થિતિબંધ ૨૦કો૦કો૦સાગરોપમ છે. મોહનીયમાં મિથ્યાત્વમોહનીય ૭૦કો૦કો૦ અને ચારિત્રમોહનીયનો ૪૦કો૦કો૦સા૦ છે. આમાં મિથ્યાત્વ મોહનીય સર્વઘાતી હોવાથી એને તો માત્ર અનંતમો ભાગ દલિક જ મળે છે. તેથી મોહનીયકર્મને મળતાં કુલ દલિકમાં એ મહત્ત્વનો ભાગ ભજવતું નથી. સંજ્વ૦ ૪ દેશઘાતી છે અને એનો ૪૦ કો૦કો૦સા૦ સ્થિતિબંધ છે જે જ્ઞાના૦ના ૩૦કો૦કો૦ કરતાં વિશેષાધિક છે, માટે મોહનીયનો સ્થિતિબંધ જ્ઞાનાવરણીયાદિના સ્થિતિબંધ કરતાં સાધિક દ્વિગુણ હોવા છતાં એને મળતું કુલ દલિક વિશેષાધિક હોય છે. અલબત્ આ પણ એક દલીલ અપાતી હોવાથી અહીં જણાવી છે. મુખ્ય દલીલ તો પેજ નં. ૪૦૩માં નિષેક રચનાની જે વાત કરી છે એ.જ જાણવી.

(U) **પ્રશ્ન** :- પ્રદેશવહેંચણીમાં, સર્વઘાતીના ભાગે અનંતમા ભાગના જ પુદ્ગલ જે આવે છે એનું કારણ શું?

**ઉત્તર**:- તથાસ્વભાવે જ જેમ જેમ રસ વધતો જાય તેમ તેમ દલિકો ઓછા થતા જાય છે. ઉત્તરોત્તરસ્પર્દ્ધકોમાં દલિક વિશેષહીન-વિશેષહીન હોય છે. વળી જઘન્યદેશઘાતી રસસ્પર્દ્ધકથી લઇને ઉત્કૃષ્ટ દેશઘાતી રસસ્પર્દ્ધક સુધી પહોંચતા પહોંચતા જ દલિકોના અનંત દ્વિગુણહાનિસ્થાનો આવી જાય છે. તેથી ત્યારબાદના સ્પર્દ્ધકોને (કે જે સર્વઘાતી છે તેને) માત્ર અનંતમા ભાગનું જ દલિક મળે છે.

(V) **પ્રશ્ન** : પ્રદેશ વહેંચણીના ઉત્કૃષ્ટ અલ્પબહુત્વમાં દર્શનાવરણમાં પ્રચલા, નિદ્રા, પ્રચલાપ્રચલા, નિદ્રાનિદ્રા....વગેરે ક્રમે વિશેષાધિક-વિશેષાધિક કહેલ છે, પણ આ શી રીતે ઘટે? કારણ કે પ્રચલા અને નિદ્રા તો દર્શનાવરણના ષડ્વિધબંધકને પણ બંધાય છે જ્યારે પ્રચલાપ્રચલા વગેરે તો દર્શનાવરણના નવવિધબંધકને જ બંધાય છે. આશય એ છે કે પ્રચલાપ્રચલાના બંધકાળે દર્શનાવરણની નવેય પ્રકૃતિઓ બંધાતી હોવાથી એના ભાગે જે સર્વઘાતી દલિકો આવેલાં હોય છે એના નવભાગ પડતા હોવાથી પ્રચલાપ્રચલાના ભાગે લગભગ નવમો ભાગ આવતો હોય છે. નિદ્રાના બંધકાળે તો (ત્રીજા વગેરે ગુણઠાણે) દર્શનાવરણીયની છ જ પ્રકૃતિઓ બંધાતી હોવાથી નિદ્રાના ભાગે દર્શનાવરણ-

સંબંધી સર્વઘાતી દલિકનો લગભગ છઠ્ઠો ભાગ આવે છે. તેથી, જેમ મોહનીયકર્મમાં સંજ્વલન ક્રોધનો બંધક મોહનીયનો ચતુર્વિધબંધક મળતો હોવાથી અને સંજ્વલન માનનો બંધક ત્રિવિધબંધક મળતો હોવાથી સંજ્વલનમાનને વિશેષાધિક દલિક મળે છે તેમ પ્રસ્તુતમાં પ્રચલાપ્રચલા કરતાં નિદ્રાને વિશેષાધિક દલિક મળવું જોઈએ ને?

**ઉત્તર** :- સર્વઘાતી પ્રકૃતિઓ માટે નિયમ છે કે જે સર્વઘાતી પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય તેના ભાગના દલિકોનો અનંત બહુભાગ દેશઘાતી બની બંધાતી દેશઘાતી પ્રકૃતિઓને જાય છે અને શેષ અનંતમો ભાગ બંધાતી સર્વઘાતી પ્રકૃતિઓને જાય છે. એટલે થીણદ્ધિત્રિકનો બંધવિચ્છેદ થયા બાદ એ ત્રણેના ભાગના દલિકનો અનંત બહુભાગ તો અચક્ષુદર્શનાવરણ વગેરે ત્રણ દેશઘાતીને મળવાથી નિદ્રાદ્વિકને માત્ર અનંતમો ભાગ જ દલિક વધે છે.

સામાન્યથી કોઈપણ રસબંધકાલે પ્રચલા, નિદ્રા, પ્રચલાપ્રચલા, નિદ્રા-નિદ્રા અને થીણદ્ધિ આ ક્રમમાં જ રસ, ઉત્તરોત્તર વિશેષાધિક બંધાય છે. તે તે પ્રકૃતિની આવી વિશેષતાના કારણે, મળતું દલિક પણ આ જ ક્રમમાં વિશેષાધિક-વિશેષાધિક હોય છે. વળી આવી પ્રકૃતિ વિશેષતાના કારણે પ્રાપ્ત થતું દલિકનું આધિક્ય અસંખ્યાતમો ભાગ જેટલું હોય છે. એટલે જ્યારે પહેલે ગુણઠાણે પાંચે નિદ્રા બંધાતી હોય છે ત્યારે પ્રચલાને મળતાં દલિક કરતાં નિદ્રાને અસંખ્યાતમો ભાગ અધિક દલિક મળે છે અને નિદ્રા કરતાં પ્રચલા-પ્રચલાને અસંખ્યાતમો ભાગ અધિક દલિક મળે છે. વગેરે જાણવું. તેથી નવવિધબંધકને નવ પ્રકૃતિઓ બંધાતી હોવા છતાં પ્રચલાપ્રચલાને પ્રકૃતિ વિશેષતાના કારણે અસંખ્યાતમો ભાગ અધિક દલિક મળે છે જ્યારે ષડ્વિધબંધકને છ જ પ્રકૃતિઓ બંધાતી હોવા છતાં, પ્રકૃતિઅલ્પતા થવાના કારણે નિદ્રાને મળતાં દલિકનું આધિક્ય અનંતમો ભાગ જ હોય છે. આના કરતાં અસંખ્યાતમો ભાગ મોટો હોય એ સ્પષ્ટ છે. તેથી ષડ્વિધબંધકાળે નિદ્રાને મળતાં દલિક કરતાં પણ નવવિધ બંધકાળે પ્રચલાપ્રચલાને મળતું દલિક અધિક હોવામાં કોઈ અસંગતિ નથી.

આ જ કારણ છે કે મોહનીયકર્મમાં પણ અપ્રત્યાખ્યાનાવરણ માન, ક્રોધ, માયા, લોભ પછી પ્રત્યાખ્યાનાવરણમાન...વગેરેના ક્રમે ઉત્તરોત્તર

વિશેષાધિક દલિક કહેલ છે. અન્યથા અનંતાનુબંધીના બંધકાળે કષાય-મોહનીયની ૧૬ પ્રકૃતિઓ બંધાય જ છે જ્યારે અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણના બંધકાળે અનુક્રમે માત્ર ૧૨ અને ૮ પ્રકૃતિઓ પણ બંધાવી શક્ય છે. તેથી અનંતા૦ માન, ક્રોધ, માયા, લોભ, અપ્રત્યા૦ માન, ક્રોધ, માયા, લોભ, પ્રત્યા૦ માન, ક્રોધ, માયા લોભ આ ક્રમ દેખાડવો પડત પણ એ દેખાડયો નથી, કારણકે અનંતાનુબંધી ન બંધાતી હોય ત્યારે એના ભાગનું અનંતબહુભાગ દલિક તો દેશઘાતી થઇ ૪ સંજ્વલનને જ મળવાથી અપ્રત્યા૦ વગેરેને માત્ર અનંતમો ભાગ દલિક જ વધે છે જ્યારે અનંતાનુબંધીના બંધકાળે એનો અધિકરસ બંધાતો હોવાથી એને અપ્રત્યા૦ પ્રત્યા૦, કરતાં પ્રકૃતિવિશેષતાના કારણે અસંખ્યાતમો ભાગ અધિક દલિક મળે છે. એટલે કષાયમોહનીયની ૧૬ પ્રકૃતિઓ બંધાતી હોય ત્યારે અનંતાનુબંધીને જે દલિક મળે છે તે, ૧૨ પ્રકૃતિઓના બંધ વખતે અત્યા૦ને મળતાં દલિકથી અને ૮પ્રકૃતિઓના બંધકાળે પ્રત્યા૦ને મળતાં દલિકથી પણ અધિક હોવાથી અલ્પબહુત્વનો આવો ક્રમ આપ્યો છે.

**પ્રશ્ન** :- અપ્રત્યા૦ માન કરતાં અપ્રત્યા૦ ક્રોધને દલિક વિશેષાધિક મળે છે એમાં તથાસ્વભાવને હેતુ કહેલ છે. આ તથાસ્વભાવ એટલે પ્રકૃતિની પોતપોતાની વિશેષતા...આ પ્રકૃતિવિશેષતા શું છે?

**ઉત્તર**:- બંધાતા રસમાં આધિક્ય એ એક પ્રકારની પ્રકૃતિવિશેષતા છે જે પ્રાપ્ત દલિકનું અસંખ્યતમા ભાગે આધિક્ય કરે છે. અપ્રત્યા૦ માનનો ઉત્કૃષ્ટરસ જેટલો બંધાય છે એના કરતાં અપ્રત્યા૦ક્રોધનો ઉત્કૃષ્ટરસ વિશેષાધિક બંધાય છે. **જેમ સ્થિતિ અધિક બંધાતી હોય તો દલિક અધિક મળે છે તેમ સમાંનસ્થિતિબંધ હોવા છતાં, રસ અધિક બંધાતો હોય તો પણ દલિક અધિક મળે છે.**

કષાયમોહનીયમાં ઉત્કૃષ્ટરસનો ક્રમ અપ્રત્યા૦ માન-ક્રોધ-માયા-લોભ, પ્રત્યા૦માન-ક્રોધ-માયા-લોભ, અનંતા૦ માન-ક્રોધ-માયા-લોભ, મિથ્યાત્વ... આ રીતે છે, એટલે આ બધાનો બંધ થતો હોય ત્યારે આ ક્રમમાં વિશેષાધિક-વિશેષાધિક દલિકો મળે છે. શેષ પ્રકૃતિને દેશઘાતી હોવાથી અનંતગુણ દલિક મળે છે. એમાં પણ જુગુ૦, ભય, શોક, અરતિ, અને નપું૦વેદ આ ક્રમે ઉત્કૃષ્ટરસબંધ છે અને આ જ ક્રમે પ્રદેશવહેંચણી

છે. શોક-અરતિ અને નપું૦વેદના સ્થાને હાસ્ય-રતિ અને સ્ત્રીવેદ બંધાતા હોય તો પણ આ જ ક્રમે અધિક-અધિક દલિક .મળે છે. તેથી શોક અને હાસ્યને પરસ્પર તુલ્ય દલિક મળે છે. એમ અરતિ અને રતિને તેમજ નપું૦વેદ અને સ્ત્રીવેદને પરસ્પર તુલ્ય-તુલ્ય દલિક મળે છે. સમાન સંખ્યકપ્રકૃતિબંધકાળે પુરુષવેદને પણ નપુંસકવેદ જેટલું જ દલિક મળે છે. પણ એ એનું ઉત્કૃષ્ટ દલિક હોતું નથી.

પાંચમા કર્મગ્રન્થમાં તથા કમ્મપયડીમાં ઉત્કૃષ્ટપદે અલ્પબહુત્વમાં સ્ત્રી-નપું૦વેદ કરતાં સંજ્વ૦ ક્રોધને **V** કહેલ છે. આ **V**નો અર્થ સાધિક દ્વિગુણ સમજવો જોઈએ આશય એ છે કે, મોહનીયનો ચારનો બંધક હોય ત્યારે સંજ્વ૦ક્રોધને વધુમાં વધુ દલિક મળે છે, અને એ લગભગ ચોથા ભાગનું હોય છે. સ્ત્રી-નપું૦વેદને પ્રથમ ગુણઠાણે ૨૨ નો બંધક હોય ત્યારે જ ઉ૦દલિક મળે છે. તે વખતે ચારિત્રમો૦ના ભાગમાં આવેલા દલિકના બે ભાગ પડી પછી બીજાભાગના લગભગ પાંચમા ભાગ જેટલું દલિક સ્ત્રીવેદ, કે નપુંસકવેદને મળે છે. જેના કરતાં સં૦ક્રોધને મળતું ચતુર્થાંશ દલિક સાધિક દ્વિગુણ હોવું સ્પષ્ટ જ છે. તેમ છતાં અહીં એને **V** કહ્યું એમાં ત્રણગુણ કે તેથી વધુ હોય તો જ [સંખ્યાતગુણ] **S** કહેવું. નહીંતર **V** આવી વિવક્ષા માનવી પડે.

જ્ઞાના૦માં કેવલજ્ઞાન સર્વઘાતી છે. શેષદેશઘાતી ચારપ્રકૃતિઓમાં ઉત્કૃષ્ટરસબંધ મન:પર્યવ-અવધિ-શ્રુત-મતિજ્ઞાનાવરણના ક્રમે વિશેષાધિક-વિશેષાધિક છે. માટે દલિકો પણ આ ક્રમમાં ઉત્તરોત્તર વિશેષાધિક-વિશેષાધિક મળે છે.

દર્શના૦માં સર્વઘાતીમાં ઉત્કૃષ્ટરસનો ક્રમ પ્રચલા, નિદ્રા, પ્રચલા-પ્રચલા, નિદ્રા-નિદ્રા, થીણદ્ધિ અને કેવલદર્શના૦ આ રીતે છે. માટે નવના બંધે દલિકો પણ આ ક્રમે ઉત્તરોત્તર વિશેષાધિક-વિશેષાધિક મળે છે. દેશઘાતીમાં ઉત્કૃષ્ટરસનો ક્રમ અવધિદર્શના૦, અચક્ષુ અને ચક્ષુ આ ક્રમે હોવાથી દલિકો પણ એ ક્રમે મળે છે.

અંતરાયકર્મમાં દાના૦, લાભા૦, ભોગા૦, ઉપભોગા૦, અને વીર્યાન્તરાય આ ક્રમે ઉત્કૃષ્ટરસબંધ હોય છે અને તેથી એ ક્રમે ઉત્કૃષ્ટપ્રદેશો મળે છે.

આ બધા જ કર્મોમાં ઉત્કૃષ્ટ ભિન્ન રસ બંધાતો હોય ત્યારે પણ આ જ ક્રમમાં રસ બંધાતો હોવાથી એ વખતે પણ આ જ ક્રમમાં દલિકો મળે છે એ જાણવું. હંમેશ માટે રસબંધ આ જ ક્રમમાં અધિક-અધિક બંધાતો હોય છે એ જ એક કારણ બની રહે છે કે શ્રેણિમાં દેશઘાતી રસબંધનો પ્રારંભ પણ આ જ ક્રમમાં થાય છે. જેનો રસ ઓછો બંધાતો હોય તેનો રસબંધ વહેલો દેશઘાતી થઈ જાય એ સુગમ છે.

પાંચમા કર્મગ્રન્થમાં તથા કર્મપ્રકૃતિચૂર્ણિમાં જઘન્યપદે નામની જે પ્રકૃતિઓનું અલ્પબહુત્વ આપ્યું નથી, એમાંની આઠ પ્રત્યેક પ્રકૃતિઓનું અલ્પબહુત્વ આગળ કહેવામાં આવશે. એ સિવાયની પ્રકૃતિઓનું અર્થાત્ **બે વેદનીય, બે ગોત્ર, ૧૫ બંધન નામકર્મ, વર્ણાદિ ૨૦, ૨ ખગતિ, સ્થિરષટ્ક** અને **અસ્થિરષટ્ક...** આ **૫૩** પ્રકૃતિઓનું અલ્પબહુત્વ બાકી રહે છે. આમાંથી પરસ્પર પ્રતિપક્ષી એવી બન્ને વેદનીય, બન્ને ગોત્ર, બન્ને ખગતિ, તથા સ્થિર-અસ્થિર વગેરે છએ જોડકાં...આ બધી પ્રકૃતિઓને સપ્તવિધબંધક સર્વજઘન્યયોગી સૂક્ષ્મઅપર્યાપ્ત એકેન્દ્રિયજીવ ભવાદ્યસમયે ઉદ્યોત સાથે પંચે૦પ્રાયોગ્ય ૩૦પ્રકૃતિ બાંધે ત્યારે સમાન રીતે બાંધી શકે છે. એટલે જઘન્યપણે શાતાને જેટલું મળે છે એટલું જ અશાતાને પણ મળી શકે છે. એમ શુભખગતિને મળે છે. એટલું જ કુખગતિને મળી શકે છે. આવું જ આમાંની બધી બબ્બે પ્રતિપક્ષી પ્રકૃતિઓ માટે છે. માટે બધી તુલ્ય દલિક મેળવતી હોવાથી એમાં અલ્પબહુત્વ છે નહીં. વર્ણાદિ ૨૦ ધ્રુવબંધી છે. એટલે બંધવિચ્છેદ ન થાય ત્યાં સુધી સમાન રીતે બંધાયા જ કરે છે. એટલે ઉત્કૃષ્ટ કે મધ્યમપદે જે ક્રમે કૃષ્ણ-નીલાદિ પ્રકૃતિઓને દલિક મળે છે એ જ ક્રમે જઘન્યપદે પણ મળતું હોવું જોઈએ. માટે ઉત્કૃષ્ટપદે એનું જે અલ્પબહુત્વ છે એ જ જઘન્યપદે પણ માનવું ઉચિત લાગે છે. તથા બંધનનામકર્મ અંગે શરીર-સંઘાતનનામકર્મનું જઘન્યપદે જે અલ્પબહુત્વ કહ્યું છે એને અનુસરીને જ અલ્પબહુત્વ જાણવું જોઈએ. અર્થાત્ ઔદા૦ઔદા૦ અલ્પ, પછી ઔદા૦તૈ૦, ઔદા૦કા૦, ઔદા૦તૈ૦કા૦, તૈ૦તૈ૦, તૈ૦કા૦, કા૦કા૦ આ ૬ બોલ **V-V** પછી વૈ૦વૈ૦ **a** પછી વૈ૦તૈ૦, વૈ૦કા૦, વૈ૦તૈ૦કા૦ આ ૩ **V-V,** પછી આહા૦આહા૦ **a** ને પછી આહા૦તૈ૦, આહા૦કા૦, આહા૦તૈ૦કા૦ આ ત્રણે **V-V.** ટીકામાં,

"બાકીની નામકર્મની પ્રકૃતિઓનું અલ્પબહુત્વ નથી" આવું જે કહ્યું છે તેમાં (૧) ક્યાં તો બાકીની તરીકે વર્ણાદિ ૨૦ અને ૧૫ બંધન સિવાયની ખગતિ વગેરે પ્રકૃતિઓ જ અભિપ્રેત જાણવી અને (૨) ક્યાં તો વર્ણાદિ ૨૦ માટે "અલ્પબહુત્વ નથી" નો અર્થ "ઉત્કૃષ્ટ પદ કરતાં જુદું અલ્પબહુત્વ નથી." એવો કરવો, અને બંધન માટે "જઘન્યપદે શરીર-સંઘાતન માટે જે કહ્યું છે એનાથી જુદું અલ્પબહુત્વ નથી." એવો કરવો. તત્ત્વં કેવલિગમ્યમ્.

**પ્રશ્ન :** આઠ પ્રત્યેક પ્રકૃતિઓમાં પ્રદેશવહેંચણીનું અલ્પબહુત્વ શું છે?

**ઉત્તર :-** આઠે'ય પ્રકૃતિઓ સ્વતંત્ર છે, તેમજ એકબીજાની કોઇ પ્રતિપક્ષી પ્રકૃતિઓ નથી. એટલે એના ઓછાવત્તાપણાંની કોની સાથે વિચારણા કરવી? તેમ છતાં આતપ-ઉદ્યોત એકીસાથે બંધાતી કે ઉદયમાં હોતી નથી. એટલે એ અંશે પ્રતિપક્ષી જેવી ગણી એ બેનો વિચાર તો ગ્રન્થકારે કર્યો છે, શેષનો કર્યો નથી. પરંતુ એ શેષ ૬ પ્રકૃતિઓનો પણ પરસ્પર વિચાર કરવો હોય તો આવો વિચારી શકાય.

**ઉત્કૃષ્ટ પદે.....**

| | |
|---|---|
| જિનનામ | અલ્પ (દેવપ્રાયોગ્ય ૨૯/૩૧ના બંધે ૨૯ વિભાગે) |
| આતપ-ઉદ્યોત | V (એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૬ના બંધે ૨૬ વિભાગે) |
| પરાઘાત-ઉચ્છ્વાસ | V (એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૫ના બંધે ૨૫ વિભાગે) |
| અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ | V (એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૩ના બંધે ૨૩ વિભાગે) |

આમાં આતપ કરતાં ઉદ્યોતને તથા પરાઘાત કરતાં ઉચ્છ્વાસને પ્રકૃતિવિશેષાત્ વિશેષાધિક દલિક મળે છે. એ જ રીતે અગુરુલઘુ, ઉપઘાત અને નિર્માણને પ્રકૃતિ વિશેષતાના કારણે ઉત્તરોત્તર વિશેષાધિક દલિક મળે છે.

**જઘન્ય પદે.....**

| | |
|---|---|
| અગુરુલઘુ, ઉપઘાત<br>પરાઘાત, ઉચ્છ્વાસ<br>નિર્માણ, ઉદ્યોત | અલ્પ (સૂક્ષ્મ એકેન્દ્રિયને જઘન્યયોગે ઉદ્યોત સહિત ૩૦ના બંધે) |

આતપ  v (આતપ સહિત ૨૬ના બંધે)

જિનનામ  a (દેવને ભવપ્રથમ સમયે મનુષ્યપ્રાયોગ્ય ૩૦ના બંધે)

આમાં પણ, અગુરુલઘુ વગેરે ૬પ્રકૃતિઓને ઉત્તરોત્તર વિશેષાધિક મળતાં દલિકોનો ક્રમ આ મુજબ જાણવો. અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્‌વાસ, ઉદ્યોત અને નિર્માણ....

(W) શાસ્ત્રોમાં દેશોન અર્ધપુ૦પરા૦, ચરમપુદ્‌૦પરા૦ વનસ્પતિ-કાયસ્થિતિરૂપે આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા પુદ્‌૦પરા૦ વગેરે જ્યાં જ્યાં પુદ્‌૦પરા૦નો ઉલ્લેખ હોય ત્યાં ત્યાં તે કાળ પુ૦પરા૦ સમજવાનો છે. અન્યત્ર ગ્રન્થમાં ક્ષેત્ર અને કાલ બન્ને પુદ્‌૦પરા૦ની વાત કહી છે. ક્ષેત્ર પુદ્‌૦પરા૦ લેવામાં પણ વિશેષ હરકત નથી. દ્રવ્ય પુદ્‌૦પરા૦ની પણ ક્યાંક વાત કરી છે. અલબત્ જે રીતે દ્રવ્ય પુદ્‌૦પરા૦ની વ્યાખ્યા આપણે સમજીએ છીએ એ રીતે આજ સુધીમાં એક પણ દ્રવ્યપુદ્‌૦પરા૦ પૂરો થયો નથી કે ભવિષ્યમાં પણ થશે નહીં. તે આ રીતેઃ-

૬ મહિનામાં એક જીવ અવશ્ય મોક્ષે જાય છે. ધારો કે હાલ જેટલા સિદ્ધાત્મા છે એ બધા ૬-૬ મહિનાના આંતરે જ ગયા હોય તો પણ અતીતકાળ=સિદ્ધના જીવો×૬ મહિનાના સમયો.. આટલો જ પસાર થયો છે, અર્થાત્ અતીતકાળ=સિદ્ધ×a

એકજીવ એક સમયમાં સિદ્ધના અનંતમા ભાગના (અને અભવ્યથી અનંતગુણ) પુદ્‌ગલો જ લે છે. એટલે એકજીવે અત્યાર સુધીમાં લીધેલા પુદ્‌ગલો=અતીતકાળ × સિદ્ધનો અનંતમોભાગ, અર્થાત્

સિદ્ધ×a× સિદ્ધ÷A

તેથી સર્વજીવોથી અત્યાર સુધીમાં ગૃહીત પુદ્‌ગલો

=સિદ્ધ$^2$×a÷A× સર્વજીવ.

આ રકમ સર્વજીવથી અનંતગુણ જેટલી છે, પણ સર્વજીવના વર્ગ જેટલી નથી, કારણ કે સિદ્ધ×a÷A એ સર્વજીવથી નાની રકમ છે. પુદ્‌ગલાસ્તિકાયમાં તો સર્વજીવના વર્ગ કરતાં પણ અનંતાનંતગુણા પુદ્‌ગલો છે. એટલે સર્વજીવોથી પણ આખા પુદ્‌ગલાસ્તિકાયના એક

અનંતમાભાગ જેટલા જ પુદ્ગલો આજ સુધીમાં ગૃહીત થયા છે, તો એકજીવથી સર્વપુદ્ગલો ગૃહીત થઈને છોડવાની વાત જ ક્યાં રહે? એટલે આમાં અન્ય જ કોઈ વિશેષ પ્રકારની વિવક્ષા જાણવી જોઈએ.

ભાવ પુદ્૦પરા૦ માટે પણ અધ્યવસાયસ્થાનો દ્વારા જે વ્યાખ્યા છે તે પણ પૂર્ણ થવાની શક્યતા નથી, કારણ કે યથાપ્રવૃત્તકરણ-અપૂર્વકરણના બધા શ્રેણિના અધ્યવસાયસ્થાનને કોઈપણ એકજીવ સ્પર્શી શકતો નથી. પણ વર્ણાદિની અપેક્ષાએ જે વ્યાખ્યા છે તે રીતે ભાવ પુદ્૦પરા૦ પૂર્ણ થાય છે.

**(X) જિનનામના જઘ૦પ્રદેશબંધક :-**

જિનનામકર્મનો જઘન્યપ્રદેશબંધ સંભવિત જઘન્યયોગી અનુત્તરસુરને ભવના પ્રથમ સમયે મનુ૦પ્રાયોગ્ય ૩૦ના બંધે કહ્યો છે. આમાં કારણ એવું અપાયું છે કે શેષ દેવો તથા નારકી કરતાં અનુત્તરને યોગ ઓછો હોય છે માટે પ્રદેશબંધ ઓછો થાય છે.

આમાં વિચારીએ તો શેષ દેવ તથા નારકીને પણ જિનનામનો જઘન્યપ્રદેશબંધ હોવામાં કશો વાંધો જણાતો નથી, કારણકે અનુત્તરની જેમ આ જીવોને પણ જઘન્યયોગ તો સંભવિત છે જ. અનુત્તર કરતાં શેષ દેવાદિને યોગ અસંખ્યગુણ જે કહ્યો છે તે ઉત્કૃષ્ટયોગ જાણવો. જઘન્યયોગ તો બધાને સમાન હોય છે. જો એ પણ અસમાન હોત તો, અલ્પબહુત્વમાં ઉત્કૃષ્ટયોગના બોલ જેમ અલગ-અલગ બતાવ્યા છે, એમ જઘન્યયોગના બોલ પણ જુદા-જુદા બતાવ્યા હોત.

આ જ કારણ છે કે દેવદ્વિક-વૈ૦દ્વિક માટે દેવપ્રાયોગ્ય ૨૮નો બંધક ન કહેતાં દેવપ્રાયોગ્ય ૨૯નો બંધક કહ્યો છે. આશય એ છે કે જે સંજ્ઞીનો ઉત્કૃષ્ટયોગ ઓછો કહ્યો હોય એનો જઘન્યયોગ પણ જો ઓછો જ હોય તો સંખ્યાતવર્ષાયુષ્ક સામાન્યમનુષ્ય કરતાં યુગલિકોનો ઉત્કૃષ્ટયોગ ઓછો હોવાથી જઘન્યયોગ પણ ઓછો સંભવે. એટલે, ૨૮ના બંધક સમ્યક્ત્વી યુગલિકને ભવપ્રથમસમયે જે જઘન્યયોગ હોય એના

કરતાં જિનનામ સહિત ૨૯ના બંધક સામાન્યમનુષ્યનો જઘન્યયોગ અસંખ્યગુણ હોવાથી દલિક ઘણું જ વધારે મળવાના કારણે, ૨૯ ભાગ પડતા હોવા છતાં દેવદ્વિકાદિના ભાગે જે દલિક આવશે તે યુગલિકને ૨૮મા ભાગે મળતા દલિક કરતાં તો ઘણું જ વધારે રહેવાનું. માટે દેવદ્વિક-વૈ૦દ્વિકના જઘન્યપ્રદેશબંધક યુગલિકને જ કહેવા ઘટે. પણ એ કહ્યા નથી. માટે માનવું પડે કે યુગલિકને પણ જઘન્યપણે સામાન્ય મનુષ્ય જેટલો જ યોગ હોય છે. એટલે બન્નેને દલિક સમાન મળે છે. પણ યુગલિકને જિનનામનો બંધ ન હોવાથી ૨૮ ભાગ જ પડે છે, જ્યારે સામાન્ય મનુષ્યમાંથી જે જિનનામ બાંધે છે એને ૨૯મા ભાગનું દલિક દેવગતિનામકર્મ વગેરેને મળે છે, માટે એને જ આ પ્રકૃતિઓનો જઘન્યપ્રદેશબંધ કહ્યો છે.

આમ, ઉત્કૃષ્ટયોગ ભિન્ન હોવા છતાં, જેમ યુગલિકનો જઘન્યયોગ શેષદેવાદિને તુલ્ય જ માનવો પડે છે, એમ, અનુત્તરનો પણ જઘન્યયોગનો બોલ અલગ કહ્યો ન હોવાથી એનો જઘન્યયોગ પણ શેષદેવાદિને તુલ્ય જ માનવો આવશ્યક બને છે. અને તો પછી શેષદેવો તથા નારકીઓ પણ જિનનામના જઘન્યપ્રદેશબંધક હોવામાં કશો વાંધો જણાતો નથી. છેવટે તત્ત્વં તુ કેવલિગમ્યમ્.

(Y) **શંકા** :- દર્શનત્રિક વગેરેનો ક્ષય કરવાની પ્રક્રિયાને 'ક્ષપણા' કહેવાય છે, તો અનંતાનુબંધી ૪ના સત્તાગત સર્વ દલિકોનો ક્ષય કરવાની પ્રક્રિયાને 'વિસંયોજના' કેમ કહેવાય છે?

**સમાધાન** :- 'ક્ષપણા' શબ્દનો અર્થ 'સત્તાગત કર્મદલિકોનો સંપૂર્ણ ક્ષય' એટલો છીછરો નથી. કર્મદલિકો તો આહારકસપ્તક વગેરેની ઉવેલનામાં પણ નિર્મૂળ થાય છે ને છતાં એ 'ક્ષપણા' નથી જ કહેવાતી. અચરમશરીરી મનુષ્યને પરભવાયુના બંધ પૂર્વે શેષ ૩ આયુનું એક પણ દલિક સત્તામાં નથી હોતું. તેમ છતાં એની સંભવસત્તાનો ક્ષય નથી કહેવાતો. અને ચરમશરીરી જીવ ક્ષપકશ્રેણી માંડતી વખતે છેલ્લીવાર સાતમે ગુણઠાણે યથાપ્રવૃત્તકરણ કરે ત્યારે જ એની

સંભવસત્તાનો ક્ષય કહેવાય છે. આનો અર્થ આવો વિચારી શકાય છે કે જીવમાં અનાદિકાળથી ચારે આયુના બંધની જે યોગ્યતા હતી તેનો, અને ૩ આયુના ઉદય-સત્તાની જે યોગ્યતા હતી એનો જીવ વિચ્છેદ કરે છે. આ જ ત્રણ આયુની ક્ષપણા=સંભવસત્તાનો ક્ષય છે. એમ પ્રસ્તુતમાં, અનાદિકાળથી જીવમાં મિથ્યાત્વ વગેરે પરિણામરૂપે પરિણમવાની જે યોગ્યતા હતી એ યોગ્યતાનો નિર્મૂળ નાશ કરવો એ ક્ષપણા છે. આ ક્ષપણાની સાથે યોગાનુયોગ સત્તાગત સર્વ દલિકો પણ ક્ષીણ થઇ જાય છે, માટે સત્તાગતદલિકોનું ક્ષીણ થવું એ તો ક્ષપણાનું આનુષંગિકફળ છે એ જાણવું. જીવ જ્યારે ક્ષાયિકસમ્યક્ત્વ પામવા માટે ઉદ્યત થયો હોય છે ત્યારે પૂર્વે અનંતા૦૪ની યોગ્યતા પણ નિર્મૂળ કરે જ છે, માટે એ પ્રક્રિયાને જરૂર ક્ષપણા કહી શકાય છે. આવા જીવને ફરીથી ક્યારેય પણ અનંતાનુબંધી ક્રોધાદિ પરિણામ થતો ન હોવાથી અનંતાનુબંધી ક્રોધ મોહનીય વગેરે કર્મોનો બંધ-ઉદય કે સત્તા સંભવતા નથી. પણ, આ સિવાય પણ ચારે ગતિના જીવો અનંતા૦ કર્મોને શુભ અધ્યવસાયો-સત્પુરુષાર્થ દ્વારા જે ક્ષીણ કરે છે, એ પ્રક્રિયામાં આત્મામાંથી અનંતાનુબંધી ક્રોધ વગેરે પરિણામોની યોગ્યતા નષ્ટ થતી નથી, અને તેથી એ જીવ કાળાન્તરે મિથ્યાત્વે જઇને પુનઃ અનંતાનુબંધી ક્રોધાદિ પરિણામરૂપે પરિણમી શકે છે તેમજ અનંતાનુબંધી ક્રોધમોહનીય કર્મ વગેરેનો બંધ-ઉદય-સત્તા બધું જ પામી શકે છે. માટે એ પ્રક્રિયાને 'ક્ષપણા' કહી શકાતી નથી, અને તેથી એને 'વિસંયોજના' કહેવાય છે.

**શંકા** :- જો એ પ્રક્રિયામાં યોગ્યતા દૂર થતી નથી તો એને પણ 'ઉવેલના' જ કહો ને?

**સમાધાન** :- આહારકસપ્તક વગેરેની ઉવેલનામાં જીવનો કોઇ યથાપ્રવૃત્તકરણાદિસ્વરૂપ સત્પ્રયત્ન હોતો નથી, માત્ર અવિરતિ વગેરે અવસ્થાવશાત્ ઉવેલનાની પ્રક્રિયા થતી હોય છે, તથા એમાં **P/a** કાળ લાગે છે, અને તન્નિમિત્તક કોઇ ગુણશ્રેણી પણ થતી નથી. જ્યારે અનંતાનુબંધીની વિસંયોજનામાં કરણાત્મક સત્પ્રયત્ન હોય છે, માત્ર

અંતર્મુહૂર્તકાળમાં જ થઇ જાય છે, અને તન્નિમિત્તક ગુણશ્રેણિ પણ રચાય છે, માટે આ બન્ને પ્રક્રિયાઓ અલગ છે અને તેથી અનંતાનુબંધીની વિસંયોજના કહેવાય છે, ને આહારકસપ્તક વગેરેની ઉવેલના કહેવાય છે.

અલબત્ અનંતાનુબંધી વિસંયોજનામાં પણ ઉદ્વેલના સંક્રમ હોય જ છે, પણ એની સાથે ગુણસંક્રમ પણ ચાલુ હોય છે. એટલે જેમ ક્ષપકશ્રેણીમાં સંજવલન ક્રોધાદિનો ઉદ્વેલના સંક્રમ થતો હોવા છતાં આખી પ્રક્રિયા 'ક્ષપણા' જ કહેવાય છે. એમ આ આખી પ્રક્રિયા 'વિસંયોજના' જ કહેવાય છે, એ જાણવું.

(Z) હવે આ કષાયોના ક્ષયોપશમ અંગે કંઇક વિચારી લઇએ-

અસત્કલ્પનાથી ધારો કે કર્મદલિકોમાં ૧ પાવર (માત્રા)થી ૧લાખ પાવર સુધીનો રસ સંભવે છે. એમાંથી ૧થી૧૦૦૦૦ સુધીનો રસ એકઠાણિયો છે. ૧૦૦૦૧ થી ૩૦૦૦૦ સુધીનો રસ બેઠાણિયો છે. ૩૦૦૦૧ થી ૬૦૦૦૦ સુધીનો રસ ત્રણઠાણિયો છે અને ૬૦૦૦૧ થી ૧લાખ સુધીનો રસ ચારઠાણિયો છે.

૧થી૧૨૦૦૦ સુધીનો રસ (૧ઠા૦ બધો+મંદ બે ઠા૦) દેશઘાતી છે. એની ઉપરનો રસ સર્વઘાતી છે. ૧૦૦૦૧થી૧૨૦૦૦ સુધીના મંદ દ્વિસ્થાનિક કહેવાય અને ૧૨૦૦૧થી૨૫૦૦૦ મધ્યમ દ્વિસ્થાનિક તથા ૨૫૦૦૧થી૩૦૦૦૦ ઉત્કૃષ્ટ તરફનો દ્વિસ્થાનક રસ છે.

કેવલજ્ઞાનાવરણ વગેરે પ્રકૃતિઓ એવી છે કે એના ભાગે આવેલા દલિકોમાં ૧૨૦૦૧, ૧૨૦૦૨... વગેરે માત્રાવાળો, સર્વઘાતી રસ પેદા થાય છે, પણ ૧થી ૧૨૦૦૦ સુધીનો રસ (દેશઘાતી રસ) કોઇક જ દલિકમાં ઉત્પન્ન થતો નથી. અર્થાત્ એના દેશઘાતી સ્પર્દ્ધકો હોતા નથી. આવી પ્રકૃતિઓને સર્વઘાતી પ્રકૃતિ કહેવાય છે.

મતિજ્ઞાનાવરણ વગેરે પ્રકૃતિઓ એવી છે કે એનો ૧થી૧૨૦૦૦ સુધીનો દેશઘાતી રસ પણ બંધાય છે અને ૧૨૦૦૧થી ઉપરનો ઠેઠ ૪ઠા૦ સુધીનો સર્વઘાતી રસ પણ બંધાય છે. (કેટલાક દલિકોમાં

દેશઘાતી રસ અને એના અનંતમાભાગ જેટલા અન્ય બધ્યમાન દલિકોમાં સર્વઘાતી રસ પેદા થાય છે.) અર્થાત્ એના દેશઘાતી અને સર્વઘાતી બન્ને પ્રકારના સ્પર્દ્ધકો હોય છે. આવી પ્રકૃતિઓને દેશઘાતી કહેવાય છે.

દર્શનમોહનીયમાં એક વિશેષતા છે. બંધકાળે એનો ૧૫૦૦૧ અને એની ઉપરનો જ રસ બંધાય છે, ૧થી૧૨૦૦૦ સુધીનો દેશઘાતી રસ તો નહીં, પણ ૧૨૦૦૧થી૧૫૦૦૦ સુધીનો સર્વઘાતી રસ પણ ક્યારેય બંધાતો નથી. બંધાતું બધું દલિક મિથ્યાત્વમોહનીય કહેવાય છે. પણ જીવ જ્યારે સમ્યક્ત્વ પામે છે ત્યારે વિશુદ્ધિવશાત્ કેટલાક દલિકોમાંથી રસ હણીને ૧થી૧૨૦૦૦ સુધીનો સર્વવિશુદ્ધ કરી નાખે છે. આ દેશઘાતી રસ છે ને એ સમ્યક્ત્વમોહનીય પુંજ કહેવાય છે. દેશઘાતી હોવાથી એનો ઉદય સમ્યક્ત્વને સર્વથા હણી શકતો નથી, અને તેથી સમ્યક્ત્વગુણ પ્રગટ રહે છે, પણ દેશથી તો એ હણે જ છે. અર્થાત્ સમ્યક્ત્વની પૂર્ણ નિર્મળતા પ્રાપ્ત થવા દેતો નથી. દર્શનમોહનીયના અન્ય કેટલાક દલિકોમાંથી રસ હણીને ૧૨૦૦૧ થી ૧૫૦૦૦ સુધીનો કરી નાંખે છે. આ સર્વઘાતી રસ છે ને એ મિશ્રપુંજ કહેવાય છે. ૧૫૦૦૧ થી ઉપરનો બધો અશુદ્ધપુંજ મિથ્યાત્વપુંજ કહેવાય છે. આનાથી જણાય છે કે બંધથી તો માત્ર મિથ્યાત્વ મોહનીયપુંજ જ અસ્તિત્વમાં આવે છે, અર્થાત્ મિથ્યાત્વમોહનીય જ બંધાય છે. પણ પછી વિશુદ્ધિના કારણે રસ ઘટવાથી સમ્યક્ત્વપુંજ અને મિશ્રપુંજ અસ્તિત્વમાં આવે છે. અર્થાત્ એ બેનો બંધ હોતો નથી.

તે તે દલિક પોતાના સ્વરૂપે જ ઉદયમાં આવે અને તેથી સ્વઆવાર્ય ગુણનો સર્વથા કે આંશિક ઘાત કરવા રૂપ સ્વકાર્ય કરે તો એ વિપાકોદય કહેવાય છે, અને જો દલિક સ્વસ્વરૂપે ઉદયમાં ન આવે ને તેથી સ્વઆવાર્યગુણનો સર્વથા કે આંશિક પણ ઘાત ન કરે, તો એ પ્રદેશોદય (સ્તિબુકસંક્રમ) કહેવાય છે.

સર્વઘાતી સ્પર્દ્ધકોનો વિપાકોદય હોય ત્યાં સુધી આંશિકગુણ પણ પ્રગટ થઇ શકતો નથી, તેથી ક્ષયોપશમ હોતો નથી, પણ ઔદયિકભાવ જ હોય છે. (જેમકે અવધિશૂન્યજીવને અવધિજ્ઞાનાવરણનો) સર્વઘાતી

સ્પર્દ્ધકોનો વિપાકોદય તો ન હોય, પણ વિપાકોદયની યોગ્યતા પણ ન હોય તો ગુણ સર્વથા હણાયેલો ન હોવાથી આંશિકરૂપે પ્રગટ થયેલો હોય છે. આ **ક્ષયોપશમ** કહેવાય છે. એ વખતે જો એના દેશઘાતી સ્પર્દ્ધકનો વિપાકોદય ચાલુ હોય, તો એ **ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ** કહેવાય છે (જેમકે મતિજ્ઞાનાવરણાદિ) અને દેશઘાતી સ્પર્દ્ધકોનો પણ વિપાકોદય ન જ હોય (કારણ કે દેશઘાતી સ્પર્ધકો હોય જ નહીં) તો એ **શુદ્ધક્ષયોપશમ** કહેવાય છે, (જેમકે સમ્યક્ત્વીને અનંતાનુબંધીનો).

કેવલજ્ઞાનાવરણ અને કેવલદર્શનાવરણ આ બે પ્રકૃતિઓ એવી છે કે જ્યાં સુધી ક્ષય ન પામે ત્યાં સુધી એનો સતત સર્વઘાતી સ્પર્દ્ધકોનો વિપાકોદય જ હોય છે. ક્યારેય પ્રદેશોદય હોતો નથી. માટે એનાથી આવાર્યકેવલજ્ઞાન-દર્શન ગુણો ક્યારેય આંશિકરૂપે પ્રગટ થતા નથી. અર્થાત્ આ પ્રકૃતિઓનો ક્ષયોપશમ થઇ શકતો નથી.

પાંચ નિદ્રાનો પણ ક્યારેય ક્ષયોપશમ હોતો નથી. અલબત્ આ ધ્રુવોદયી પ્રકૃતિઓ નથી. એટલે એનો પ્રદેશોદય મળે છે. પાંચેમાંથી એકેયના ઉદય ન હોય ત્યારે પાંચેનો પ્રદેશોદય પણ મળે છે. તેમ છતાં, એ વખતે પણ સર્વઘાતી રસના વિપાકોદયની સતત યોગ્યતા તો હોય જ છે. અને તેથી પ્રદેશોદય હોવા છતાં ક્ષયોપશમ કહેવાતો નથી.

**શંકા** :- જે મત ક્ષપકશ્રેણીમાં નિદ્રાદ્વિકના રસોદયની અયોગ્યતા માને છે, એ મતે તો ક્ષપકશ્રેણીમાં એનો ક્ષયોપશમ માનવો પડશે ને?

**સમાધાન** :- જેમ અત્યંત ક્રોધાદિની અવસ્થામાં નિદ્રાનો ઉદય થઇ શકતો નથી. અર્થાત્ રસોદયની અયોગ્યતા હોય છે, ને તેમ છતાં, એનો ક્ષયોપશમ કહેવાતો નથી. કારણકે નિદ્રાનો ઉદય ન થાય. એ અંગે જીવનો કોઇ પ્રયત્ન હોતો નથી, માત્ર એવી અવસ્થાના કારણે જ એ ઉદયની અયોગ્યતા થાય છે. એમ શ્રેણીમાં જીવની અત્યંત અપ્રમત્ત અવસ્થા જે હોય છે એના કારણે નિદ્રાના ઉદયની અયોગ્યતા થઇ હોય છે. માટે એને 'ક્ષયોપશમ' કહેવાતો નથી. એમ દેવગતિમાં થીણદ્ધિ ત્રિકના રસોદયની અયોગ્યતા હોય છે. પણ એ પણ અવસ્થાવિશેષકૃત

હોવાથી ક્ષયોપશમરૂપે ગણાતી નથી.

**શંકા :-** એમ તો ભવપ્રત્યયિક અવધિજ્ઞાનવાળાને દેવ-નરકના ભવરૂપ અવસ્થાને કારણે જ અવધિજ્ઞાનાવરણના સર્વઘાતી રસના ઉદયની અયોગ્યતા થઇ હોય છે, તો એનો પણ ક્ષયોપશમ ન કહેવો જોઇએ.

**સમાધાન :-** દેવ-નરકના જીવને તો અવધિજ્ઞાનસ્વરૂપ ફળ જોવા મળે છે, માટે ક્ષયોપશમ માનવો જ પડે છે. થીણદ્ધિત્રિકના ઉદયની અયોગ્યતા-અનુદયથી કોઇ સ્વતંત્રફળ જોવા મળતું નથી. એટલે અવસ્થાકૃત એ અયોગ્યતા ક્ષયોપશમ તરીકે લેખાતી નથી. વળી એની પ્રતિપક્ષી એવી નિદ્રાદ્વિકનો તો સર્વઘાતી ઉદય કે એની યોગ્યતા હોય જ છે. એટલે પહેલે વગેરે ગુણઠાણે પુરુષવેદનો સર્વઘાતી ઉદય હોવાથી, સ્ત્રીવેદાદિના અનુદયકાળે પણ સ્ત્રીવેદાદિનો ક્ષયોપશમ જેમ કહેવાતો નથી, એમ પ્રસ્તુતમાં સમજવું. એટલે જ દેવગતિમાં નપુંસકવેદનો કે નરકગતિમાં સ્ત્રી-પુ૦ વેદનો અનુદય હોવા છતાં, એમ દેવમાં પહેલા અન્તર્મુ૦માં અરતિ-શોકનો અનુદય હોવા છતાં કે કેટલાક નારકીને આખા ભવ દરમ્યાન અરતિ-શોકનો જ ઉદય રહેવાથી, હાસ્યરતિનો અનુદય હોવા છતાં, નપુંસકવેદાદિનો ક્ષયોપશમ કહેવાતો નથી, કારણકે પ્રતિપક્ષીનો સર્વઘાતી ઉદય હોય છે.

**મતિજ્ઞાના૦, શ્રુતજ્ઞાના૦, અચક્ષુદર્શના૦ તથા પાંચ અંતરાય..** આ પ્રકૃતિઓ એવી છે કે એનો જ્યાં સુધી ક્ષય ન થાય ત્યાં સુધી સતત ક્ષયોપશમ હોય છે. આશય એ છે કે આ પ્રકૃતિઓનો બંધ ભલે ચારઠા૦, ૩ઠા૦ વગેરે સર્વઘાતીરસનો પણ થયો હોય. છતાં, જ્યારે ઉદયમાં આવે છે ત્યારે એ અધિક રસવાળા દલિકોનો રસ ક્ષીણ થઇને દેશઘાતીરૂપ (૧થી૧૨૦૦૦ સુધીનો) થઇને જ ઉદયમાં આવે છે. તેથી મતિજ્ઞાનાદિગુણો સર્વથા આવરાતા નથી. પણ કંઇક અંશે તો પ્રગટ રહે જ છે. આમાં દેશઘાતી રસનો વિપાકોદય હોય છે ને સર્વઘાતીરસનો ક્ષયોપશમ હોય છે, માટે આ ઉદયાનુવિદ્ધક્ષયોપશમ કહેવાય છે. 'ક્ષયોપશમ' શબ્દનો અર્થ આગળ સમજીશું. એકેન્દ્રિય વગેરે જીવોને

મતિજ્ઞાનના રાસનપ્રત્યક્ષાદિ પેટાભેદો આંશિક પણ પ્રગટ હોતા નથી. અર્થાત્, એની આવારક રાસનમતિજ્ઞાનાવરણાદિ પેટાપ્રકૃતિઓના સર્વઘાતી રસનો વિપાકોદય હોય છે, તેમ છતાં, એ વખતે પણ સ્પાર્શનમતિજ્ઞાનાવરણાદિના સર્વઘાતીરસનો વિપાકોદય કે વિપાકોદયની યોગ્યતા હોતા જ નથી. અને તેથી ક્ષયોપશમ અક્ષત હોય છે.

**શંકા** :- જો એકે૦ને રાસનમતિજ્ઞાનાવરણીયાદિનો સર્વઘાતી રસોદય છે ને તેથી ક્ષયોપશમ નથી, તો શ્રી વિશેષાવશ્યકભાષ્ય વગેરે ગ્રન્થમાં એકે૦ને પણ ભાવથી પંચેન્દ્રિય જે કહ્યા છે-મદિરાનો રસાસ્વાદ માણી જલ્દીથી ફળવું... વગેરે જે કહ્યું છે તેનું શું?

**સમાધાન** :- સર્વઘાતીનો ગમે તેવો પ્રબળ ઉદય હોય તો પણ જીવ પોતાના તથાસ્વભાવે, જ્ઞાનનો સર્વથા અભાવ થઇ જાય. એ રીતે, જ્ઞાનને આવરાવા દેતો નથી-આવું જે પૂર્વે સમાધાન આપેલું તે જ અહીં યોગ્ય લાગે છે. એટલે રસ વગેરેનો પણ સંજ્ઞારૂપે બોધ અક્ષત માની શકાય છે.

**શંકા** :- મતિજ્ઞાનાવરણીયાદિનો ઉદયાનુવિદ્ધક્ષયોપશમ તમે કહ્યો. આનો અર્થ તો એ થાય કે સર્વાક્ષરસંનિપાતી-ઉત્કૃષ્ટ શ્રુતધર ૧૪ પૂર્વીને પણ શ્રુતજ્ઞાનાવરણના કેટલાક દેશઘાતી રસસ્પર્દ્ધકોનો રસોદય ચાલુ જ હોય છે, ને તેથી એનું પણ કેટલુંક શ્રુત આવરાયેલું જ રહે છે. શું આ બરાબર છે?

**સમાધાન** :- હા, બરાબર છે, શ્રુતજ્ઞાનના જેટલા વિષયો છે, એ સર્વવિષયક શ્રુત કોઇપણ એક જીવને ક્યારેય હોતું નથી. ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાની પણ વધુમાં વધુ અસંખ્યાતકાળના ભાવોને જ જાણી શકે છે. એટલે અનંતકાળ પૂર્વે જે અભિલાપ્ય પદાર્થો હતા અને તેથી જે શ્રુતજ્ઞાનના વિષયભૂત હતા, એને વર્તમાન શ્રુતજ્ઞાની જાણી શકતા નથી. એટલે જ અભિલાપ્ય પદાર્થોનો પણ અનંતમો ભાગ જ શ્રુતનિબદ્ધ છે એમ શાસ્ત્રોમાં કહ્યું છે, કારણકે કોઇપણ કાળના શ્રુતસમુદ્રમાં તે કાળના પૂર્વે કે પશ્ચાદ્વર્તી અનંતકાળભાવી પદાર્થો નિબદ્ધ હોતા જ નથી. બીજી રીતે પણ આની સંગતિ કરવી હોય તો શ્રી ભગવતીસૂત્રમાં લબ્ધિ-આવરણ અને ઉપયોગઆવરણ એમ બે કહ્યા છે. લબ્ધિ-આવરણનો

ક્ષયોપશમ હોવા છતાં, ઉપયુક્ત પદાર્થ સિવાયના અભિલાપ્ય પદાર્થો અંગેના ઉપયોગ-આવરણનો તો રસોદય હોય જ છે, ને તેથી એનો ઉપયોગાત્મક બોધ હોતો જ નથી.

**અવધિજ્ઞાના૦, મનઃપર્યવજ્ઞાના૦, ચક્ષુદર્શના૦ અને અવધિદર્શના૦**

આ ચારનો જ્યારે અવધિજ્ઞાનાદિ ગુણો પ્રગટ્યા ન હોય ત્યારે સર્વઘાતી રસનો વિપાકોદય હોય છે. અને જ્યારે અવધિજ્ઞાનાદિ પ્રગટે છે ત્યારે સર્વઘાતીરસ ક્ષીણ થઈને દેશઘાતીરૂપે ઉદયમાં આવે છે. દેશઘાતીરસનો વિપાકોદય હોય છે. માટે એ ઉદયાનુવિદ્ધક્ષયોપશમ હોય છે.

**હવે મોહનીયકર્મ અંગે :**

**દર્શનમોહનીય** : અનાદિ મિથ્યાત્વીજીવોને મિથ્યાત્વમોહનીયનો જ (૧૫૦૦૧ અને એની ઉપરનો જ) રસ બંધમાં, સત્તામાં અને ઉદયમાં હોય છે. આ સર્વઘાતીરસ છે, માટે સમ્યક્ત્વગુણ આંશિક પણ પ્રગટ હોતો નથી. જીવ જ્યારે યથાપ્રવૃત્તાદિ ૩ કરણો કરી પ્રથમ ઉપશમસમ્યક્ત્વ પામે છે. ત્યારે વિશુદ્ધિવશાત્ ત્રણ પુંજ બને છે અને હવે સત્તામાં ૧થી૧૨૦૦૦ (સમ્ય૦મો૦), ૧૨૦૦૧ થી૧૫૦૦૦ (મિશ્રમો૦) તથા એની ઉપરનો (મિથ્યા૦મો૦) એમ બધા પ્રકારનો રસ પ્રાપ્ત થાય છે. ઉપશમસમ્યક્ત્વનું અંતર્મુહૂર્ત પૂર્ણ થાય ત્યારે જીવ જો વિશુદ્ધ અધ્યવસાયવાળો હોય, તો ત્રણ પુંજમાંના સમ્યક્ત્વમોહનીય પુંજનો વિપાકોદય થાય છે અને શેષ બેનો પ્રદેશોદય થાય છે. સમ્યક્ત્વ-મોહનીય દેશઘાતી હોવાથી એનો વિપાકોદય સમ્યક્ત્વગુણને આવરી શકતો નથી. તેથી જીવ ક્ષાયોપશમિકસમ્યક્ત્વ પામે છે. આમાં **'ક્ષયોપશમ'** એટલે શું? એ વિચારીએ.

ધારો કે દસમો સમય એ વિવક્ષિત સમય છે. આ સમયે ઉદયમાં આવવાની યોગ્યતાનું ત્રણે પુંજનું જે દલિક છે તે નવમો સમય વર્તતો હતો ત્યાં સુધી તો એમ જ હતું, અર્થાત્ સમ્ય૦મો૦નું ૧થી૧૨૦૦૦ રસવાળું, મિશ્રમો૦નું ૧૨૦૦૧થી૧૫૦૦૦ રસવાળું, અને મિથ્યા૦મો૦નું

૧૫૦૦૧થી ઉપરનો જેટલો રસ સત્તામાં હોય ત્યાં સુધીના રસવાળું હતું. પણ જેવો દસમો સમય આવ્યો ને આ વિવક્ષિત નિષેક ઉદય પામ્યો કે તરત જીવની વિશુદ્ધિના કારણે ત્રણેનો રસ ક્ષય પામે છે. આ ક્ષય વિશુદ્ધિને અનુસરીને થાય છે. ધારો કે વિવક્ષિત સમયે વિશુદ્ધિ એવી છે કે જેથી ૧થી૮૦૦૦ સુધીનો રસ ઉદયમાં રહી શકે છે, એનાથી વધુ નહીં, તો સમ્યક્ત્વપુંજના વિવક્ષિત નિષેકના ૮૦૦૧થી૧૨૦૦૦ સુધીના રસવાળા દલિકો, મિશ્રના ૧૨૦૦૧થી૧૫૦૦૦ સુધીના રસવાળા દલિકો તથા મિથ્યાત્વના ૧૫૦૦૧ અને ઉપરના રસવાળા દલિકો...વિવક્ષિત નિષેકમાં (વર્તમાન નિષેકમાં= દસમા સમયે ઉદયપ્રાપ્ત નિષેકમાં) રહેલા આ બધા દલિકોનો રસ વિશુદ્ધિવશાત્ હણાઇ જાય છે અને ૧થી૮૦૦૦ સુધીનો થઇને જ ઉદયમાં આવે છે. અર્થાત્ મિશ્ર અને મિથ્યા૦નું દલિક પણ સમ્ય૦ મો૦ના દલિકરૂપે જ ઉદયમાં આવે છે. એટલે કે મિશ્ર૦ અને મિથ્યા૦નો વિપાકોદય નથી થતો પણ પ્રદેશોદય થાય છે અને સમ્ય૦મો૦ પણ ૧થી૮૦૦૦ સુધીના રસ તરીકે જ વિપાકોદય પામે છે. વર્તમાનનિષેકના ૮૦૦૧ થી ૧૨૦૦૦, ૧૨૦૦૧થી ૧૫૦૦૦ અને ૧૫૦૦૧ થી ઉપરના સત્તાગત બધા રસનું ૧થી૮૦૦૦ સુધીના રસ સુધી આ રીતે હણાઇ જવું એ **ક્ષય** કહેવાય છે. આ જ રીતે ઉદીરણાથી જે દલિક નીચે આવે છે તેનો રસ પણ ૧થી૮૦૦૦ સુધી રહી બાકીનો હણાઇ જાય છે આ પણ ક્ષય છે. ત્રણે પુંજનું ઉદયાવલિકાની બહાર જે દલિક રહ્યું હોય છે તે પણ જો અપવતનાદિથી સ્વસ્વરૂપે જ નીચે આવી જાય તો સમ્યક્ત્વગુણને આવરી જ લે. એટલે વિશુદ્ધિવશાત્ જીવ એ દલિકોના વિપાકનો ઉપશમ કરે છે. અર્થાત્ એ દલિકો નીચે આવે તો પણ એનો ૮૦૦૦થી વધુ રસ ઉદયમાં ન જ આવી શકે એ રીતે દબાવી રાખે છે. આ **ઉપશમ** કહેવાય છે. આ ક્ષય નથી, કારણ કે ઉપર રહેલા દલિકોમાં અધિકરસ હણાઇ ગયો નથી. સત્તામાં તો પડ્યો જ છે. તે પણ એટલા માટે કે પછી અશુદ્ધિ આવે તો એ અધિક રસ ઉદયમાં પણ આવી શકે છે, હણાઇ જ ગયો હોય તો ઉદયમાં આવી ન શકે. માટે આ ઉપશમ કહેવાય છે. આ ક્ષય અને ઉપશમના પ્રભાવે મિશ્ર અને મિથ્યા૦મો૦ સ્વકાર્ય કરી શકતા નથી. અર્થાત્

સમ્યક્ત્વગુણને આવરી શકતા નથી. અને તેથી સમ્યક્ત્વગુણ પ્રગટ થાય છે. આમ ક્ષય+ઉપશમના કારણે સમ્યક્ત્વ પ્રગટ્યું હોવાથી એ **ક્ષાયોપશમિક** કહેવાય છે. પણ સમ્યક્ત્વમોહનીયનો ઉદય હોવાથી ઔદયિકભાવ નથી કહેવાતું. કારણકે એના ઉદયના કારણે કાંઇ આ ગુણપ્રગટ્યો હોતો નથી. ઉલટું એનો ઉદય તો સમ્યક્ત્વને મલિન પણ કરે છે.

વિવક્ષિત વિશુદ્ધિએ ૮૦૦૦ સુધીનો રસ ઉદયમાં આવે છે એ જોયું. ધારોકે પછી વિશુદ્ધિ ઘટતી જાય ને અશુદ્ધિ વધતી જાય તો ઉદયપ્રાપ્તરસ ૮૦૦૧, ૮૦૦૨...એમ વધતો જાય છે, ને એથી સમ્યક્ત્વ વધુ મલિન થતું જાય છે-અતિચારો વધતા જાય છે અશુદ્ધિ ઓર વધી જાય ને ઉદયપ્રાપ્તરસ ૧૨૦૦૦ કરતાં વધી જાય તો જીવ સમ્યક્ત્વ ગુમાવે છે ને મિશ્રગુણઠાણે આવે છે. એ વખતે મિશ્રમોહનીયનો વિપાકોદય છે, ને એ સર્વઘાતી હોવાથી સમ્યક્ત્વગુણ સર્વથા આવરાયેલો છે. માટે મિશ્રગુણઠાણાની અવસ્થાને કેટલાક ઔદયિકભાવ કહે છે. તેમ છતાં, અશુદ્ધિ એટલી નથી વધી કે જેથી ૧૫૦૦૦થી ઉપરના રસનો (મિથ્યાત્વમોહનીયનો) વિપાકોદય થઇ શકે. આ અધિક રસનો ક્ષય તથા ઉપશમ ચાલુ જ છે. માટે શાસ્ત્રકારો મિશ્ર અવસ્થાને ક્ષાયોપશમિક ભાવરૂપે ગણે છે. જ્યારે અશુદ્ધિ ઘણી વધી જાય અને વિપાકોદયપ્રાપ્ત રસ ૧૫૦૦૦થી અધિક થઇ જાય, ત્યારે જીવ મિથ્યાત્વ પામે છે, આ તો મિથ્યાત્વ મોહ૦નો ઔદયિકભાવ જ છે.

૮૦૦૦ના વિપાકોદય વખતે જે વિશુદ્ધિ હતી, એના કરતાં વિશુદ્ધિ ઉત્તરોત્તર વધતી જાય તો ઉદયપ્રાપ્તરસ ૭૯૯૯, ૭૯૯૮...વગેરે રૂપે ઘટતો જાય છે. ને તેથી સમ્યક્ત્વ નિર્મળ થતું જાય છે અને વિશુદ્ધિ ખૂબ વધી જાય તો બધો જ રસ ક્ષય પામી જાય છે ને જીવ ક્ષાયિકસમ્યક્ત્વ પામે છે.

''ઉદયપ્રાપ્ત દલિકોનો ભોગવીને ક્ષય કરવો અને અનુદીર્ણનો ઉપશમ કરવો એ ક્ષયોપશમ'' આવી કેટલાક પંડિતો પણ જે વ્યાખ્યા કરે છે તે અધૂરી જાણવી, કારણકે મિથ્યાત્વ અવસ્થામાં પણ એના

દલિકોનો ભોગવીને ક્ષય થતો જ હોય છે. ભોગવીને ક્ષય એટલે જ 'એ સમ્યક્ત્વને આવરવાનું સ્વકાર્ય કરે જ છે.' એવો અર્થ પ્રાપ્ત થાય છે. એટલે વાસ્તવિક વ્યાખ્યા આ જાણવી કે ઉદયપ્રાપ્ત અધિકરસનો વિશુદ્ધિથી ક્ષય કરી નાખવો (હણીને ઓછો કરી નાખવો) અને અનુદીર્ણદલિકોના (ઉદયાવલિકા બહારના દલિકોના) અધિક રસને દબાવી રાખવો (ઉપશમ કરવો) એ **ક્ષયોપશમ.**

ક્ષાયોપશમિક સમ્યક્ત્વકાળે સમ્યક્ત્વમોહનીયના અમુક રસનો તો વિપાકોદય હોય જ છે, માટે આ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ છે. ઉદયપ્રાપ્તરસની તરતમતાના કારણે ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં તરતમતા હોય છે, નિર્મળતા-મલિનતા હોય છે. ઉપશમસમ્યક્ત્વકાળે ત્રણમાંથી એક પણ પુંજનો વિપાકોદય હોતો નથી. માટે ઉપશમસમ્યક્ત્વમાં તરતમતા હોતી નથી. તથા એ સમ્યક્ત્વકાળે ત્રણમાંથી એકેનો પ્રદેશોદય પણ હોતો નથી. (કારણકે જીવ અંતરમાં વર્તતો હોય છે) એ જાણવું. ક્ષાયિકસમ્યક્ત્વકાળે તો ત્રણે પુંજ ક્ષીણ થઇ ગયા હોવાથી જ પ્રદેશોદય કે વિપાકોદય કશું હોતું નથી, ને તેથી એમાં પણ તરતમતા હોતી નથી, બધાને એક સરખું હોય છે એ જાણવું. એટલે જ ઉપશમ તથા ક્ષાયિકસમ્યક્ત્વને અતિચાર પણ લાગતા નથી, કારણકે અતિચારઆપાદક એવો સમ્યક્ત્વમોહનીયનો વિપાકોદય હોતો નથી.

**હવે ચારિત્રમોહનીય અંગે....**

**અનંતા૦૪.** આ સર્વઘાતી પ્રકૃતિ છે. અર્થાત્ એના દેશઘાતી (૧થી૧૨૦૦૦ પાવરવાળા) સ્પર્દ્ધકો હોતા જ નથી. સર્વઘાતીનો વિપાકોદય હોય ત્યાં સુધી તો ગુણ પ્રગટ થઇ શકતો જ નથી. તેથી સર્વઘાતીનો વિપાકોદય થવાની અયોગ્યતાના કારણે થયેલો પ્રદેશોદય એ **ક્ષયોપશમ** છે. અલબત્, પહેલા ગુણઠાણે અનંતાનુબંધી ક્રોધના ઉદયકાળે માનાદિનો પ્રદેશોદય હોય છે ખરો, પણ એ પ્રદેશોદય પરાવર્તમાનતાના કારણે થયેલો હોય છે, નહીં કે વિપાકોદયની અયોગ્યતાના કારણે, કારણકે વિપાકોદયની તો યોગ્યતા જ પડેલી છે, માટે એ 'ક્ષયોપશમ'

રૂપ નથી. તથા આના દેશઘાતી સ્પર્દ્ધકો તો હોતા જ નથી. માટે ક્ષયોપશમકાળે દેશઘાતી સ્પર્દ્ધકોનો વિપાકોદય હોવાનો કોઈ પ્રશ્ન જ ન હોવાથી ઉદયાનુવિદ્ધક્ષયોપશમ નથી. પણ **શુદ્ધક્ષયોપશમ** છે. વળી રસોદય હોય તો એની મંદતા-તીવ્રતા પર ગુણની વધઘટ થાય. પણ એ તો છે નહીં. તેથી ગુણમાં વધઘટ હોતી નથી. તેમ છતાં જીવના પરિણામની વિશુદ્ધિ, આચારપાલન, યતના, અનાચારવર્જન વગેરે દ્વારા, સર્વઘાતી રસ ઉદયમાં ન આવી જાય એ માટેની દઢતા થાય છે. આને ક્ષયોપશમની વૃદ્ધિ કહી શકાય. જેના પરિણામ એટલા વિશુદ્ધ નથી એને આવી દઢતા હોતી નથી. આને ક્ષયોપશમની મંદતા કહી શકાય. એટલે જ સમાનનિમિત્ત મળતાં એકને (મંદક્ષયોપશમવાળાને) રસોદય થઈ જવાથી ગુણનાશ થઈ જાય છે. જ્યારે અન્યને (તીવ્રક્ષયોપશમવાળાને) રસોદય અટકેલો રહેવાથી ક્ષયોપશમગુણ જળવાઈ રહે છે: ક્ષાયિક-ઔપશમિક ભાવમાં તો આવી પણ હાનિ-વૃદ્ધિ હોતી નથી. તથા એમાં પ્રદેશોદય પણ હોતો નથી એ જાણવું..

પ્રથમ ઉપશમસમ્યક્ત્વકાળે અનંતા૦૪નો ક્ષયોપશમ હોય છે.

**૯નોકષાય-૪સંજ્વ૦ :** આના દેશઘાતી સ્પર્દ્ધકો પણ હોય છે. તેથી એનો ક્ષયોપશમ શુદ્ધ નથી હોતો, પણ ઉદયાનુવિદ્ધ હોય છે. આ ક્ષયોપશમથી ક્રમશઃ દેશવિરતિ-સર્વવિરતિ પ્રગટ થાય છે. આ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ હોવાથી એમાં દેશઘાતી સ્પર્દ્ધકનો જે રસોદય હોય છે એની તરતમતાના કારણે દેશવિરતિ અને સર્વવિરતિમાં તરતમતા આવે છે ને તેથી બન્નેના અસંખ્ય અસંખ્ય સંયમસ્થાનો થાય છે એ જાણવું. અપ્રત્યા૦ પ્રત્યા૦નો તો અંશમાત્ર પણ રસોદય ન હોવાથી એના કારણે સંયમસ્થાનમાં વધઘટ થઈ શકતી નથી. માટે જ એનો રસોદય ગુણનો મૂળથી ઘાત કરનારો છે ને સંજ્વલનનો (ઉપલક્ષણથી નોકષાયોનો પણ) રસોદય અતિચાર આપાદક છે એમ શાસ્ત્રોમાં કહ્યું છે.

મિથ્યાત્વમો૦નો ક્ષયોપશમ ૩થી૭ ગુણઠાણા સુધી હોય છે.
અનંતા૦૪નો ક્ષયોપશમ ૩થી૭ ગુણઠાણા સુધી હોય છે.

મિશ્ર, સમ્યમોનો ક્ષયોપશમ ૪થી૭ ગુણઠાણા સુધી હોય છે.
અપ્રત્યાનો ક્ષયોપશમ ૫થી૯ ગુણઠાણા સુધી હોય છે.
પ્રત્યા૦૪નો ક્ષયોપશમ ૬થી૯ ગુણઠાણા સુધી હોય છે.
સંજવ૦૩નો ક્ષયોપશમ ૬થી૯ ગુણઠાણા સુધી હોય છે.
સંજવલોભનો ક્ષયોપશમ ૬થી૧૦ ગુણઠાણા સુધી હોય છે.
૯નોકષાયનો ક્ષયોપશમ ૫થી૯ ગુણઠાણા સુધી હોય છે.

કેટલાક આચાર્યના મતે સંજવ૦૪નો પાંચમે ગુણઠાણે પણ ક્ષયોપશમ હોય છે. વળી કેટલાક આચાર્યો વિશુદ્ધ્યમાન અવસ્થામાં ૧લે (સમ્યક્ત્વ-પ્રાપ્તિકાળે) તથા ૪થે (વિરત્યભિમુખ અવસ્થામાં) પણ નવ નોકષાયોનો ક્ષયોપશમ માને છે. માટે ચોથે પણ અસંખ્યવિશુદ્ધિસ્થાન હોય છે.

વેદનીયાદિ ચાર અઘાતીકર્મોથી આવરાયેલા અવ્યાબાધસુખ, અક્ષયસ્થિતિ, અરૂપીપણું અને અગુરુલઘુપણું આ ચાર ગુણો ક્યારેય પણ આંશિક રૂપે પ્રગટ થતા નથી અને તેથી એની માત્રામાં ક્યારેય વધઘટ થતી નથી. તેથી અઘાતીકર્મોનો ક્ષયોપશમ હોતો નથી. (આ કાર્યની અપેક્ષાએ જણાવ્યું). બીજી રીતે કહીએ તો અઘાતીકર્મોનો રસ એક જ પ્રકારનો હોય છે. અર્થાત્ એનો જઘન્યરસ પણ સર્વઘાતી રસ જેવો જ હોય છે. તેથી કેવલજ્ઞાનાવરણની જેમ એનો ક્ષયોપશમ હોતો નથી (આ સ્વરૂપાપેક્ષયા કહ્યું).

**પરિશિષ્ટ સમાપ્ત**

# મૂળગાથા

नमिय जिणं धुवबंधोदयसत्ताघाइपुन्नपरियत्ता ।
सेयर चउहविवागा वुच्छं बंधविह सामी य ॥ १॥
वन्नचउतेयकम्मा-गुरुलहुनिमिणोवघायभयकुच्छा ।
मिच्छकसायावरणा, विग्घं धुवबंधि सगचत्ता ॥ २॥
तणुवंगागिइसंघयण-जाइगइखगइपुव्विजिणुसासं ।
उज्जोयायवपरघा, तसवीसागोयवेयणियं ॥ ३॥
हासाइजुयलदुगवेय-, आउ तेवुत्तरी अधुवबंधा ।
भंगा अणाइसाइ, अणंतसंतुत्तरा चउरो ॥ ४॥
पढमबिया, धुवउदइसु, धुवबंधिसु तइयवज्जभंगतिगं ।
मिच्छंमि तिन्नि भंगा, दुहा वि अधुवा तुरियभंगा ॥ ५॥
निमिणथिरअथिरअगुरुय-सुहअसुहतेयकम्मचउवन्ना ।
नाणंतरायदंसण-, मिच्छं धुवउदय सगवीसा ॥ ६॥
थिरसुभियर विणु, अधुवबंधी मिच्छ विणु मोहधुवबंधी ।
निद्दोवघायमीसं, सम्मं पणनवइ अधुवुदया ॥ ७॥
तसवन्नवीससगतेयकम्म, धुवबंधी सेस वेयतिगं ।
आगिइतिगवेयणियं, दुजुयलसगउरलसासचउ ॥ ८॥
खगईतिरिदुगनीयं, धुवसंता सम्ममीसमणुयदुगं ।
विउव्विक्कारजिणाऊ-, हारसगुच्चा अधुवसंता ॥ ९॥
पढमतिगुणेसु मिच्छं, नियमा अजयाइ अट्ठगे भज्जं ।
सासाणे खलु सम्मं, संतं मिच्छाइदसगे वा ॥ १०॥
सासणमीसेसु धुवं, मीसं मिच्छाइनवसु भयणाए ।
आइदुगे अण नियमा, भइया मीसाइ नवगंमि ॥ ११॥
आहारसत्तगं वा, सव्वगुणे बितिगुणे विणा तित्थं ।
नोभयसंते मिच्छो, अंतमुहुत्तं भवे तित्थे ॥ १२॥

केवलजुयलावरणा, पणनिद्दाबारसाइमकसाया ।
मिच्छंति सव्वघाई, चउनाणतिदंसणावरणा ॥ १३ ॥
संजलण नोकसाया, विग्घं इय देसघाइ य अघाई ।
पत्तेयतणुट्ठाऊ, तसवीसागोयदुगवन्ना ॥ १४ ॥
सुरनरतिगुच्चसायं, तसदसतणुवंगवइरचउरंसं ।
परघासगतिरियाऊ, वन्नचऊपणिंदिसुभखगई ॥ १५ ॥
बायाल पुन्नपगई, अपढमसंठाणखगइसंघयणा ।
तिरिदुगअसायनीओ-वघायइगविगलनिरयतिगं ॥ १६ ॥
थावरदस वन्नचउक्क, घाई पणयाल सहिय बासीई ।
पावपयडित्ति दोसु वि, वन्नाइगहा सुहा असुहा ॥ १७ ॥
नामधुवबंधिनवगं, दंसणपणनाणविग्घपरघायं ।
भयकुच्छमिच्छसासं, जिण गुणतीसा अपरिअत्ता ॥ १८ ॥
तणुअट्ठवेयदुजुअल-, कसायउज्जोअगोअदुग निद्दा ।
तसवीसाउ परित्ता, खित्तविवागाऽणुपुव्वीओ ॥ १९ ॥
घणघाइ दुगोय जिणा, तसिअरतिगसुभगदुभगचउसासं ।
जाइतिगजिअविवागा, आउचउरो भवविवागा ॥ २० ॥
नामधुवोदय-चउतणु-वघायसाहारणियरुजोअतियं ।
पुग्गलविवागि बंधो, पयइट्ठिइरसपएसत्ति ॥ २१ ॥
मूलपयडीण अडसत्त, छेगबंधेसु तिन्नि भूगारा ।
अप्पतरा तिअ चउरो, अवट्ठिआ न हु अवत्तव्वो ॥ २२ ॥
एगादहिगे भूओ, एगाईऊणगम्मि अप्पतरो ।
तम्मत्तोऽवट्ठियओ पढमे समये अवत्तव्वो ॥ २३ ॥
नव छच्चउ दंसे दुदु, ति दु मोहे दु इगवीस सत्तरस ।
तेरस नव पण चउ ति दु, इक्को नव अट्ठ दस दुन्नि ॥ २४ ॥
तिपणछअट्ठनवहिआ, वीसा तीसेगतीस इग नामे ।
छस्सगअट्ठतिबंधा, सेसेसु य ठाणमिक्किक्कं ॥ २५ ॥

वीसऽयरकोडिकोडी, नामे गोए अ सत्तरी मोहे ॥
तीसियर चउसु उदही, निरयसुराउम्मि तित्तीसा ॥ २६॥
मुत्तुं अकसायठिइं, बार मुहुत्ता जहण्ण वेयणिए ।
अट्ठऽट्ठ नामगोएसु, सेसएसुं मुहुत्तंतो ॥ २७॥
विग्घावरणअसाए, तीसं अट्ठार सुहुमविगलतिगे ।
पढमागिइसंघयणे, दस दुसुवरिमेसु दुगवुड्ढी ॥ २८॥
चालीस कसाएसुं मिउलहुनिद्धुण्हसुरहिसिअमहुरे ।
दस दोसड्ढसमहिआ, ते हालिद्दंबिलाईणं ॥ २९॥
दस सुहविहगइउच्चे, सुरदुगथिरछक्कपुरिसरइहासे ।
मिच्छे सत्तरि मणुदुग, इत्थी साएसु पन्नरस ॥ ३०॥
भयकुच्छअरइसोए विउव्वितिरिउरलनिरयदुगनीए ।
तेयपण अथिरछक्के, तसचउ थावर इग पणिंदी ॥ ३१॥
नपुकुखगइसासचउगुरुकक्खडरुक्खसीयदुग्गंधे ।
वीसं कोडाकोडी, एवइआबाह वाससया ॥ ३२॥
गुरु कोडिकोडीअंतो, तित्थाहाराण भिन्नमुहु बाहा ।
लहुठिइ संखगुणूणा, नरतिरिआणाउ पल्लतिगं ॥ ३३॥
इगविगल पुव्वकोडी, पलियासंखंस आउचउ अमणा ।
निरुवकमाण छमासा, अबाह सेसाण भवतंसो ॥ ३४॥
लहुठिइबंधो संजलणलोह, पणविग्घनाणदंसेसु ।
भिन्नमुहुत्तं ते अट्ठ, जसुच्चे बारस य साए ॥ ३५॥
दो इग मासो पक्खो, संजलणतिगे पुमट्ठवरिसाणि ।
सेसाणुक्कोसाओ, मिच्छत्तट्ठिईइ जं लद्धं ॥ ३६॥
अयमुक्कोसोगिंदिसु, पलियाऽसंखंसहीण लहुबंधो ।
कमसो पणवीसाए पन्नासयसहस्ससंगुणिओ ॥ ३७॥
विगल असन्निसु, जिट्ठो, कणिट्ठओ पल्लसंखभागूणो ।
सुरनिरयाउ समा दस-सहस्स सेसाउ खुड्डभवं ॥ ३८॥

सव्वाण वि लहुबंधे, भिन्नमुहु अबाह आउजिट्ठे वि ।
केइ सुराउसमं जिण-मंतमुहू बिंति आहारं ॥ ३९॥
सत्तरस समहिया किर, इगाणुपाणुम्मि हुंति खुड्डभवा ।
सगतीससयतिहुत्तर, पाणू पुण इगमुहुत्तम्मि ॥ ४०॥
पणसट्ठि सहस पणसय, छत्तीसा इगमुहुत्त खुड्डभवा ।
आवलियाणं दो सय, छप्पन्ना एगखुड्डभवे ॥ ४१॥
अविरयसम्मो तित्थं, आहारदुगामराउ य पमत्तो ।
मिच्छद्दिट्ठी बंधइ, जिट्ठट्ठिइ सेसपयडीणं ॥ ४२॥
विगलसुहुमाउगतिगं, तिरिमणुआसुरविउव्विनिरयदुगं ।
एगिंदिथावरायव, आ ईसाणा सुरुक्कोसं ॥ ४३॥
तिरिउरलदुगुज्जोयं, छिवट्ठ सुरनिरय सेस चउगइआ ।
आहारजिणमपुव्वो, नियट्ठि संजलण पुरिस लहुं ॥ ४४॥
सायजसुच्चावरणा, विग्घं सुहुमो विउव्विछ असन्नी ।
सन्नी वि आउबायर पज्जेगिंदी उ सेसाणं ॥ ४५॥
उक्कोस जहन्नेयर, भंगा साई अणाइ धुव अधुवा ।
चउहा सग अजहन्नो, सेसतिगे आउचउसु दुहा ॥ ४६॥
चउभेओ अजहन्नो, संजलणावरणनवगविग्घाणं ।
सेसतिगि साइअधुवो, तह चउहा सेसपयडीणं ॥ ४७॥
साणाइ अपुव्वंते अयरंतो कोडिकोडिओ नऽहिगो ।
बंधो न हु हीणो नय, मिच्छे भव्वियरसन्निम्मि ॥ ४८॥
जइ लहुबंधो बायर, पज्ज असंखगुण सुहुमपज्जऽहिगो ।
एसिं अपज्जाण लहु, सुहुमेअर अपज्ज पज्ज गुरू ॥ ४९॥
लहु बिय पज्ज अपज्जे, अपजेयर बिय गुरू हिगो एवं ।
ति चउ असंन्निसु नवरं, संखगुणो बिय अमणपज्जे ॥ ५०॥
तो जइजिट्ठो बंधो, संखगुणो देस विरयहस्सियरो ।
सम्मचउ सन्निचउरो, ठिइबंधाणुकमसंखगुणा ॥ ५१॥

सव्वाण वि जिट्ठठिई, असुहा जं साऽइसंकिलेसेणं ।
इयरा विसोहिओ पुण, मुत्तुं नरअमरतिरियाउं ॥५२॥
सुहुमनिगोयाइखणऽप्पजोग, बायर य विगलअमणमणा ।
अपज्ज लहु पढमदुगुरू, पज्ज हस्सियरो असंखगुणो ॥ ५३॥
असमत्त तसुक्कोसो, पज्ज जहन्नियरु एव ठिइठाणा ।
अपजेयर संखगुणा, परमपजबिए असंखगुणा ॥ ५४॥
पइखणमसंखगुणविरिय, अपज्जपइठिइमसंखलोगसमा ।
अज्झवसाया अहिया, सत्तसु आउसु असंखगुणा ॥ ५५॥
तिरिनरयतिजोयाणं, नरभवजुय सचउपल्ल तेसट्ठं ।
थावरचउइगविगलायवेसु, पणसीइसयमयरा ॥ ५६॥
अपढमसंघयणागिइ, खगईअणमिच्छदुभगथीणतिगं ।
निय नपु इत्थि दुतीसं, पणिंदिसु अबंधठिइ परमा ॥ ५७॥
विजयाइसु गेविज्जे, तमाइ दहिसय दुतीस तेसट्ठं ।
पणसीइ सययबंधो, पल्लतिगं सुरविउव्विदुगे ॥ ५८॥
समयादसंखकालं, तिरिदुगनीएसु आउ अंतमुहू ।
उरलि असंख परट्ठा, सायठिई पुव्वकोडूणा ॥ ५९॥
जलहिसयं पणसीयं, परघुस्सासे पणिंदि तसचउगे ।
बत्तीसं सुहविहगइ, पुमसुभगतिगुच्चचउरंसे ॥ ६०॥
असुखगइजाइआगिइ, संघयणाहारनरयजोयदुगं ।
थीरसुभजसथावरदस, नपुइत्थी दुजुयलमसायं ॥६१॥
समयादंतमुहुत्तं, मणुदुगजिणवइरउरलुवंगेसु ।
तित्तीसयरा परमो, अंतमुहु लहू वि आउजिणे ॥ ६२॥
तिव्वो असुहसुहाणं, संकेसविसोहिओ विवज्जयओ ।
मंदरसो गिरिमहिरय-जलरेहासरिसकसाएहिं ॥ ६३॥

चउठाणाई असुहा, सुहऽन्नहा विग्घदेसघाइआवरणा ।
पुमसंजलणिगदुतिचउ-ठाणरसा सेस दुगमाई ॥ ६४॥
निंबुच्छुरसो सहजो, दुतिचउभागकड्डिइक्कभागंतो ।
इगट्ठाणाई असुहो, असुहाण सुहो सुहाणं तु ॥ ६५॥
तिव्वमिगथावरायव, सुरमिच्छा विगलसुहुमनिरयतिगं ।
तिरिमणुआउ तिरिनरा, तिरिदुगछेवट्ठ सुरनिरया ॥ ६६॥
विउव्विसुराहारदुगं, सुखगइवन्नचउतेयजिणसायं ।
समचउपरघातसदस, पणिंदि सासुच्च खवगाउ ॥ ६७॥
तमतमगा उज्जोयं, सम्मसुरा मणुयउरुलदुगवइरं ।
अपमत्तो अमराउं, चउगइमिच्छा उ सेसाणं ॥६८॥
थीणतिगं अणमिच्छं, मंदरसं संजमुम्महो मिच्छो ।
बियतियकसाय अविरय, देस पमत्तो अरइसोए ॥ ६९॥
अपमाइ हारगदुगं, दुनिद्दअसुवन्नहासरइकुच्छा ।
भयमुवघायमपुव्वो, अनियट्टी पुरिससंजलणे ॥ ७०॥
विग्घावरणे सुहुमो, मणुतिरिया सुहुमविगलतिग आउ ।
वेउव्विछक्कममरा, निरया उज्जोयउरलदुगं ॥ ७१॥
तिरिदुग निअं तमतमा, जिणमविरय निरयविणिगथावरयं ।
आसुहुमायव सम्मो, व सायथिरसुभजसा सिअरा ॥ ७२॥
तसवन्नतेयचउमणु-खगइदुगपणिंदिसासपरघुच्चं ।
संघयणागिइनपुंथी-सुभगियरति मिच्छ चउगइया ॥ ७३॥
चउतेयवन्नवेयणिय, नामणुक्कोसु सेसधुवबंधी ।
घाईणं अजहन्नो, गोए दुविहो इमो चउहा ॥ ७४॥
सेसम्मि दुहा इग दुग-णुगाइ जा अभवणंतगुणियाणू ।
खंधा उरलोचिय वग्गणा उ, तह अगहणंतरिया ॥७५॥
एमेव विउव्वाहार, तेयभासाणुपाणमणकम्मे ।
सुहुमा कमावगाहो, उणूणंगुल असखंसो ॥ ७६॥

इक्किक्कहिया सिद्धाणंतंसा, अंतरेसु अग्गहणा ।
सव्वत्थ जहन्नुचिया, नियणंतंसाहिया जिट्ठा ॥ ७७ ॥
अंतिमचउफासदुगंध-पंचवन्नरसकम्मखंधदलं ।
सव्वजियणंतगुणरस, मणुजुत्तमणंतयपएसं ॥ ७८ ॥
एगपएसोगाढं, नियसव्वपएसओ गहेइ जिओ ।
थोवो आउ तदंसो, नामे गोए समो अहिओ ॥ ७९ ॥
विग्घावरणे मोहे, सव्वोवरि वेयणीय जेणप्पे ।
तस्स फुडत्तं न हवइ, ठिई विसेसेण सेसाणं ॥ ८० ॥
नियजाइलद्धदलिया-णंतंसो होइ सव्वघाईणं ।
बज्झंतीण विभज्जइ, सेसं सेसाण पइसमयं ॥ ८१ ॥
सम्मदरसव्वविरई, अणविसंजोय दंसखवगे य ।
मोहसमसंतखवगे, खीणसजोगीयर गुणसेढी ॥ ८२ ॥
गुणसेढी दलरयणा-, णुसमयमुदयादसंखगुणणाए ।
एयगुणा पुण कमसो, असंखगुणनिज्जरा जीवा ॥ ८३ ॥
पलियासंखंसमुहू, सासण इयरगुण अंतरं हस्सं ।
गुरू मिच्छि बे छसट्ठी, इयरगुणे पुग्गलद्धंतो ॥ ८४ ॥
उद्धार अद्ध खित्तं, पलिय तिहा समयवाससयसमए ।
केसवहारो दीवो-दहि आउ तसाइ परिमाणं ॥ ८५ ॥
दव्वे खित्ते काले, भावे चउह दुह बायरो सुहुमो ।
होइ अणंतुस्सप्पिणि-परिमाणो पुग्गलपरट्टो ॥ ८६ ॥
उरलाइसत्तगेणं, एगजिओ मुयइ फुसिय सव्व अणू ।
जत्तिय कालि स थूलो, दव्वे सुहुमो सगन्नयरा ॥ ८७ ॥
लोगपएसोसप्पिणि-समया अणुभागबंधठाणा य ।
जहतह कममरणेणं, पुट्ठा खित्ताई थूलियरा ॥८८ ॥

अप्पयरपयडिबंधी, उक्कडजोगी य सन्निपज्जत्तो ।
कुणइ पएसुक्कोसं, जहन्नयं तस्स वच्चासे ॥ ८९॥
मिच्छ-अजयचउ आउ, बितिगुण विणु मोहि सत्तमिच्छाई
छण्हं सतरस सुहुमो, अजया देसा बितिकसाए ॥९०॥
पण अनियट्टी सुखगइ-नराउसुरसुभगतिगविउव्विदुगं ।
समचउरंसमसायं, वइरं मिच्छो व सम्मो वा ॥ ९१॥
निद्दापयलादुजुयल-भयकुच्छातित्थ सम्मगो सुजई ।
आहारदुगं सेसा, उक्कोसपएसगा मिच्छो ॥९२॥
सुमुणी दुन्नि असन्नी, निरयतिग सुरविउव्विदुगं ।
सम्मो जिणं जहन्नं, सुहुमनिगोयाइखणि सेसा ॥ ९३॥
दंसणछगभयकुच्छा-बिति तुरियकसायविग्घनाणाणं ।
मूलछगेऽणुक्कोसो, चउह दुहा सेसि सव्वत्थ ॥ ९४॥
सेढिअसंखिज्जंसे, जोगट्ठाणाणि पयडिठिइभेया ।
ठिइबंधज्झवसाया-णुभागठाणा असंखगुणा ॥ ९५॥
तत्तो कम्मपएसा, अणंतगुणिया तओ रसच्छेया ।
जोगा पयडिपएसं, ठिइ अणुभागं कसायाओ ॥ ९६॥
चउदसरज्जू लोओ, बुद्धिकओ होइ सत्तरज्जुघणो ।
तद्दीहेगपएसा, सेढी पयरो य तव्वग्गो ॥ ९७॥
अण दंस नपुंसित्थी, वेय छक्कं च पुरिसवेयं च ।
दो दो एगंतरिए, सरिसे सरिसं उवसमेइ ॥ ९८॥
अणमिच्छमीससम्मं, ति आउ इगविगलथीणतिगुज्जोयं ।
तिरिनरयथावरदुगं, साहारायव अड नपुत्थी ॥ ९९॥
छगपुमसंजलणा दो, निद्दाविग्घावरणखए नाणी ।
देविंदसूरि-लिहिअं, सयगमिणं आयसरणट्ठा ॥ १००॥

પંચમ કર્મગ્રંથ

# શતક

રમ્યરેણુ

